શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

*આત્માને બચાવો !*

आय सक्खियमेवेह,
पावगं जो वि वज्जते।
अप्पे व दुट्ठ संकप्पं,
रक्खा सा खलु धम्मतो ॥

(શ્રી વ્યવહાર ભાષ્ય, ગા. ૨૭૫૬)

આત્મસાક્ષીથી પણ પાપ માત્રનો ત્યાગ કરો. આત્માના દુષ્ટ સંકલ્પોનું પણ ધર્માચરણથી નિવારણ કરવું જોઈએ.

વર્ષ ૧૫

અંક ૨૩

**શ્રી જૈન શાસન કાર્યાલય**

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# જૈન શાસન

અઠવાડિક




ન્યુયોર્કમાં તો હું પચ્ચીસમે માળે રહેતો હતો પણ વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ધડાકો થતાં ભારત આવી ગયો ને અહીં.. પચ્ચીસ ફૂટ ઊંડા ભોંયરામાં જ મેં રહેઠાણ બનાવી લીધું છે જેથી વિમાન અથડાવાનું બને જ નહીં.

સાચુ રક્ષણ ધર્મજ છે.



આ ફોટામાં છે તેમ દાઢી મૂછ રાખી, માથે સાફો ને નીચે લાંબો ઝભ્ભો પહેરી હું સાધુ મહારાજા તરીકે ઘણાં ડોલર કમાતો હતો પણ મિત્રોએ કહ્યું "લાદેન સમજી કોઈ ગોળી મારશે" કે તરત આ સાદા પહેરવેશમાં આવી ગયો. જોયું?

ભયથી બચવા પ્રયત્ન થાય. પાપથી બચવા પ્રયત્ન ખરો છે.




મારી વાત સાંભળો! અહીં પેટલાદના મકાનના બાથરૂમમાં જ એ લપસી પડયા ને આટલું પ્લાસ્ટર કરવું પડયું છે પણ તમે એમને પૂછશો તો કહેશે, "વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં મેં પંચોતેરમા માળેથી નીચે કૂદકો મારેલો એમાં જરા વાગી ગયેલું."

દુ:ખમાં પણ મિથ્યાભિમાન છુંટતું નથી.




મારો પોતાનો તો ખૂબ અનુભવ છે એટલે હું તમારી પરેશાની બરોબર સમજી શકું છું. પણ સોરી! અહીં તો મોટા પાયા પર થતા ત્રાસવાદને નાથવા જ નામ નોંધાય છે. ઘરમાં પત્નીના ત્રાસવાદને અટકાવવા અમે કંઈ કરવાના નથી. સમજ્યા!?

સાચો ત્રાસ સંસાર ભ્રમણ છે.

ગુજરાત સમાચાર - આચાર્ય

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

## (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫) ✳ સંવત ૨૦૫૯ ચૈત્ર સુદ-૬ ✳ મંગળવાર, તા. ૦૮-૪-૨૦૦૩ (અંક : ૨૩

## પ્રવચન

## સાઈઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો સુદિ-૪ , રવિવાર, તા. ૨૭-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦૦૦૬.

**પૂ.આ. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

सुनिउणमणाइनिहणं भूयहियं भूयभावणमहग्घं ।
अमियमजियं महत्थं महाणुभावं महाविसयं ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા સહસ્રાવધાની સુવિહિતશિરોમણિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુન્દરસૂરીશ્વરજી મહારાજા હવે ભગવાનની તારક આજ્ઞાનું મહત્ત્વ સમજાવી રહ્યા છે. અત્યાર સુધીમાં એ વાત સમજાવી આવ્યા કે, ભગવાનનો ધર્મ એક માત્ર મોક્ષને જ માટે કરવાનો છે પણ સંસારની સુખ સામગ્રી, સાહ્યબી માટે કરવાનો જ નથી. ધર્મ કરનારો જીવ પણ જો આ સંસારના સુખનો, સંપત્તિનો રસિયો બની જાય તો પામેલો ધર્મ પણ હારી જાય. એટલું જ નહિ સારામાં સારો ધર્મ કરે પણ આ સુખ-સંપત્તિનો રસ ન ઘટે તો સંસારમાં ભટકવું પડે. તે ધર્મના પ્રતાપે જે કાંઈ સુખ આદિ મળે તે મહાદુ:ખને માટે બને છે.

ધર્મ કરનારા જીવને એક જ વાત સમજાવવાની છે કે, ધર્મ તો કેવલ મોક્ષ માટે જ થાય, આલોકના કે પરલોકના સુખ માટે ન થાય. જેનામાં સમજ શક્તિ હોય તો સમજ્યા વિના પણ ન થાય. જાણવા છતાં, સમજવા છતાં ય આ લોકના કે પરલોકના સુખ માટે ધર્મ કરે તેનું કદિ કલ્યાણ થાય ? આજે મોટોભાગ અજ્ઞાન તો એવો છે કે, આ લોકમાં ય મોજમજાદિથી જીવાય અને પરલોકમાં ય મોજમજાદિ થાય તે માટે ધર્મ કરે છે. દુનિયાનું બધું જ સમજવાની શક્તિ છતાં ય ધર્મને સમજવાની ઈચ્છાવાળા કેટલા ? મોટાભાગને ધર્મનાં સૂત્રો પણ આવડે નહિ, સૂત્રો આવડે તો અર્થ સમજે નહિ, અર્થ સમજે તેનો ઉપયોગ બીજે હોય. આવી હાલત ધર્મ વિના બીજે જોવા મળે ખરી ? આજના ધર્મ કરનારા લગભગ સંમૂચ્છિમપણે ક્રિયા કરે છે. ક્રિયાની જે શુદ્ધિ, ઉમંગ અને ઉલ્લાસ દેખાવો જોઈએ તે મોટેભાગે દેખાય નહિ.

મોટોભાગ જાણે મોક્ષ છે તેમ માનતો નથી. તેને તો આ દુનિયાના સુખમાં જ મજા આવે છે. તે માટે જેટલાં પાપ કરવાં પડે તે પાપ કરવામાં ભય નહિ. તેને માટે ધર્મ બતાવે તો સારામાં સારી રીતે કરે. આટલો ધર્મ આ આ રીતે કરો તો આ સુખ મળે તો નબળા પણ સારી રીતે ધર્મ કરે. દેવ-દેવીના ભક્તો દોઢ પગે દોઢ કલાક ઊભા રહે, ત્યાં સારી રીતના બધી ક્રિયા વગેરે કરે. તેવી રીતે ભગવાનની ભક્તિ કરનારા કો'ક જ મલે ને ?

ધર્મ ભગવાનની આજ્ઞામાં કહેલો છે. ભગવાનની આજ્ઞા

કારનો ધર્મ, ધર્મ થઈ શકતો નથી. માટે જ્ઞાનિઓએ 'આણાએ ધમ્મો' કહ્યો. આ આજ્ઞા સમજાઈ જાય તો કામ થઈ જાય. આજ્ઞા ક્યારે સમજાય ? 'પુણ્યથી મળતું એવું પણ દુનિયાનું સુખ ભૂંડું છે અને પાપથી આવતું દુ:ખ તે સારું' આવું સાંભળતા આનંદ આવે તો. દુનિયાનું સુખ ભૂંડું છે તે વાત સમજી શકો તેમ નથી તે સુખ ક્યારે મળે છે ? કેટલાં પાપ કરો તો મળે તેવું છે ? મલ્યા પછી ભોગવવા પણ કેટલાં કેટલાં પાપ કરવાં પડે છે ? તે સુખ માટે કોની કોની ગુલામી કરવી પડે છે ? આ તમારા અનુભવની બહાર છે ? સારામાં સારું ભણેલા મૂર્ખ શેઠને ત્યાં નોકરી કરે છે. તે શેઠ 'મૂરખ' 'બેવકૂફ' કહે તો મજેથી સાંભળે છે. તેવી રીતે કોઈ ધર્મ કરે ખરો ? ધર્મ કરનારને કહે કે, ધર્મ સમજીને કરવો જોઈએ તો ત્યાં મોટોભાગ કહે કે, 'સમજીએ જ છીએ !' તે વાતની ઝાઝી અસર નહિ. મોક્ષની વાત કરે તો કહે કે, કોણે જોયો ? કોણે ભાળ્યો ?

માટે શાસ્ત્ર કહે છે કે, આજ્ઞા સમજાઈ જાય તો કલ્યાણ થાય. આજ્ઞા સમજવા માટે આ સુખ પરથી આંખ ઊઠવી જોઈએ અને સમજશક્તિ હોય તો જે ધર્મ કરે તે સમજી સમજીને કરે. તેની કોઈ ધર્મક્રિયામાં ખામી ન આવે.

આજે બધું બદલાઈ ગયું, માણસને રાખવાની પરીક્ષા પણ બદલાઈ ગઈ. આગળ શેઠીયા નોકરી કરવા આવે તેના અક્ષરની પણ પરીક્ષા કરતા. આગળ તો મોતીના દાણા જેવા અક્ષર હતા. આજે પોતે લખેલું પોતે ય વાંચી ન શકે. શેઠ મુલાકાત આપે તો તે સમજે કે, તે શેઠ છે, હું નોકર છું. પાણીનો લોટો લાવો તેમ કહે તો કેવી રીતે લાવે તે જોતા ! મોં બગાડીને લાવે છે કે પ્રેમથી લાવે છે ? આગળ પરીક્ષા આ રીતના કરતા. શું ભણ્યા તે ન હતા જોતા. પાણીનો લોટો લેવા પ્રેમથી જાય તો રાખી લેતા. તેવા નોકરો નોકરી કરતા કરતા શેઠ બની ગયા. આજે ઘણું ભણ્યા, નોકરી પણ કરે, પણ હજી શેઠ બન્યા નથી અને બને તેમ લાગતું નથી. શેઠના પ્રત્યે સદ્‌ભાવ વિનયાદિ ન હોય તે નોકર ગમે તેટલું ભણ્યો તો ય શું કામનો ? શેઠ આવે તો ઉભા થવું, હાથ જોડવા તેમ તમારા મનમાં છે ખરું ? હું ઘણું ભણેલો છું તેમ કહે તેને આગળના શેઠીયા નોકરી ન રાખે. આજની વાત જુદી છે. આજે તમને નોકરીમાં રાખે તો ઉપકાર માનો ? જે મા-બાપનો ઉપકાર ન માને તે શેઠનો ઉપકાર માને ?

આજે ભણેલા-ગણેલાને પણ નોકરી મલતી નથી. જે કાંઈ નોકરી મલી જાય અને શેઠ ગમે તેમ બોલે તો ય મજેથી સાંભળે છે અને કામમાં ભલીવાર લગભગ નહિ. આગળ તો શેઠની આજ્ઞા માને, શેઠના કહ્યા મુજબ કરે તે નોકર સારો ગણાતો. તે શેઠને નુકશાન થાય તેમ કદિ ન કરે. આજે તો નોકરના વિશ્વાસ ઉપર શેઠ જીવી શકે ખરો ? આજે ઘણા શેઠીયા કહે કે, અમે ધ્યાન ન રાખીએ તો ઘર-પેઢી ઊઠી જાય. નોકરો અમને આખાને આખા ખાઈ જાય. આગળ નોકરને ચાવી સોંપી નચિંતપણે જીવતા. આવું બધું કેમ બની ગયું ? ભણતર વધ્યું પણ ગણતર સાવ જ ગયું. ખરેખર ભણેલો પણ કોણ ? અક્કડ ચાલે તે કે નમ્ર બને તે ?

ભગવાન ઉપર જેને શ્રદ્ધા હોય તે જ ભગવાનની આજ્ઞાને માને. ભગવાન ઉપર શ્રદ્ધા ન હોય તે આજ્ઞાને માને શેનો ? ભગવાન ઉપર શ્રદ્ધા ક્યારે જન્મે ? ભગવાને કહેલી વાત ગમે તો. જેના રાગ, મોહ અને અજ્ઞાન નાશ પામ્યા તેમને ખોટું બોલવાનું કારણ હોય ખરું ? ભગવાને જગતના જીવમાત્રની જે સાચી હિતચિંતા કરી છે તેવી કોઈએ કરી નથી. માટે ભગવાન જ મારા સાચા ઉપકારી છે આવું હૈયાથી થાય તો જ ભગવાન ઉપર શ્રદ્ધા જન્મે. આપણા બધા જ શ્રી અરિહંત પરમાત્માઓ, જગતના જીવોને મોક્ષ માર્ગ બતાવીને, મોક્ષે આવવાનું આમંત્રણ આપીને ગયા છે. આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષમાં ગયા, તેમની આજ્ઞા સમજી, પરિપૂર્ણપણે પાળીને બીજા અનંતા આત્માઓ મોક્ષમાં ગયા. માટે મારે પણ મોક્ષમાં જ વહેલામાં વહેલા જવું હોય તો તેમની આજ્ઞાને સમજવા પ્રયત્ન કરવો જોઈએ. **ભગવાનની આજ્ઞાને સમજવાનો પ્રયત્ન કરવો તે જ બુદ્ધિનો સદુપયોગ કહેવાય. તેમની આજ્ઞાને સમજવા શક્તિ છતાં પણ પ્રયત્ન ન કરવો તે તો બુદ્ધિનો દુરુપયોગ કહેવાય.** બુદ્ધિનો સદુપયોગ કરો છો કે દુરુપયોગ ?

જે લોકો પરદેશના માણસો સાથે વેપારાદિ કરે. લેવડ-દેવડાદિ કરે તો શાના આધારે કરે ? વિશ્વાસન.. જેની પેઢી સાથે વ્યવહાર હોય. તેના માલિકને ય ઓળખતા ન હોય તોય વેપારાદિ કરો ને ? શાથે ? તેની આબરૂ-શાખ હોય તો કામ ચાલે. તેની જેમ અહીં પણ ભગવાન ઉપર શ્રદ્ધા રાખે તો આજ્ઞા સમજાય.

ધર્મ કરનારા તમારે બધાને શું જોઈએ, એમ પૂછે તો 'મોક્ષ જ જોઈએ' એમ કેટલા બોલે ? મોક્ષ મેળવવા માટે અમારે સાધુધર્મ જ જોઈએ એમ પણ કેટલા બોલે ? સાધુ ધર્મ જ એવો છે કે જ્યાં કશું પાપ કરવાની જરૂર નહિ. કદાચ સાધુ ન થઈ શકીએ તો શ્રાવકધર્મ પણ એટલા માટે જોઈએ કે સાધુપણું લેવાની શક્તિ આવે. આ વાત જે સમજે અને શક્તિ પ્રમાણે જીવનમાં જીવે તે અભણ હોય તો ય સંસારના પારને પામે. આ વાત સારી રીતના સમજાય છે ને ? **ધર્મ મોક્ષ માટે જ કરાય, સમજપૂર્વક જ થાય, સમજ ન હોય તો શ્રદ્ધાપૂર્વક થાય.** તેમાં કોઈ જ વિકલ્પ ઉઠાવવાનો જ નહિ.

જેમ જેમ સમજશક્તિ આવે તેમ તેમ તે સમજતો જાય તો આજ્ઞા ઉપર સાચો પ્રેમ જાગે. પ્રેમ જાગ્યા પછી અજ્ઞાની પણ જ્ઞાની બને, સમજુ બને અને આજ્ઞામય જીવન બનાવી પોતાનું ય કલ્યાણ કરે અને જે કોઈ પરિચયમાં આવે તેનું ય કલ્યાણ કરે. આજ્ઞા ઉપર પ્રેમ જાગ્યો છે ખરો ? પ્રેમ જગાડવાનું પણ મન છે ખરું ? પ્રેમ જગાડવા શું કરવું જોઈએ ? દુનિયાનું સુખ અને પૈસાનો લોભ એ જ બધા પાપનું મૂળ છે માટે તેનાથી દૂર થવા પ્રયત્ન કરવો જોઈએ. દુનિયાના સુખનો અને પૈસાનો લોભ છૂટી જાય તો એક દોષ ન આવે. તમે જૂઠ મજાથી બોલો કે દુઃખથી ? શ્રદ્ધાળુને જૂઠ બોલવું ગમે નહિ, કદાચ બોલવું પડે તો તે હૈયાથી દુઃખી હોય. આવી હાલત છે ?

ભગવાને જે માટે ધર્મ કરવાનો કહ્યો તે માટે જ ધર્મ કરાય. ભગવાનને પોતાનો મત કાઢવો હતો ? આખા જગતના બધા જીવોને સાચા સુખી બનાવવાની ઈચ્છા હતી, તે માટે મોક્ષે મોકલવાની ઈચ્છા હતી. મોક્ષે જવાની ઈચ્છા કોને થાય ? દુનિયાનું સુખ અને સંપત્તિ ભૂંડામાં ભૂંડી ચીજ છે. તે બેની જરૂર પડે તે જ મોટામાં મોટો પાપોદય છે. ચાલે તો તે બે ચીજ લેવા જેવી નથી, મેળવવા જેવી નથી, ભોગવવા જેવી નથી, સાચવવા જેવી નથી, છોડી જ દેવા જેવી છે. કદાચ તે બેની સાથે રહેવું જ પડે તો સાચવી-સંભાળીને રહેવા જેવું છે-આવી શ્રદ્ધા બેસે તેને. આ શ્રદ્ધા થાય તેને જ ભગવાનની આજ્ઞા સમજાય. શ્રદ્ધાળુ પણ અભણ જેવી આજ્ઞા સમજે, તેવી ભણેલા પણ શ્રદ્ધાહીન આજ્ઞા નથી સમજતા. ભણેલા તો તેમાંથી ય સો બારી કાઢે. અજ્ઞાની અને મૂરખને સમજાવવો હજી સહેલો પણ દોઢ ડાહ્યાને સમજાવવો બહુ મુશ્કેલ. સમજુ પણ સારો અને અજ્ઞાની પણ સારો. પણ કયો અજ્ઞાની સારો ? જે અજ્ઞાની આગ્રહી ન હોય પણ સરળ હોય તો તેને જલ્દી સમજાવી શકાય. તેને ન સમજાય તો ય ફરી ફરી આવે પણ અકળાય નહિ કે ગુસ્સે પણ ન થાય. પણ મારામાં બુદ્ધિ નથી તેમ કહે. માટે કહ્યું છે કે-'અજ્ઞાનં સુખમારાધ્યતે'-અજ્ઞાનીને સારી રીતે સમજાવી શકાય. કાં ભણેલા અને નમ્ર બનો. ન ભણ્યા તો શ્રદ્ધાસંપન્ન તો બનો.

આજનું ભણતર જરાપણ વખાણવા જેવું છે જ નહિ. જે ભણતર દેવ-ગુરુ-ધર્મને તો ભૂલાવે પણ સગા મા-બાપને ય ભૂલાવે તે ભણતર વખાણાય ખરું ? આજે તો માબાપે ભણાવેલ છોકરાં મા-બાપને ય બેવકૂફ કહે છે, અંધશ્રદ્ધાળુ કહે છે. પત્થરને પૂજવાથી શું ફાયદો તેમ કહે છે. આવાઓને ભણાવ્યા તે મા-બાપે ભૂલ જ કરી કહેવાય ને ? આગળ ભણાવવાનું શિક્ષકને આધીન હતું, આજે વિદ્યાર્થીઓને આધીન છે. આગળ સ્કૂલમાં તોફાન કરે, સામુ બોલે તો કાઢી મૂકતા. તેના માબાપ અને તે માફી ન માગે તો દાખલ કરતા ન હતા. આજે જે રીતે કરે છે તેવાને ભણાવાય ખરા ? એવા ભણેલા કેવા પાકે ? ભણાવનારનો ઉપકાર પણ ન માને, સન્માન, બહુમાન ન હોય તે ગમે તેટલું ભણે તો ય ઊંધું જ પરિણામ પામે.

પ્ર.- ભણાવે તે પગાર લઈને ને ?

ઉ.- પગાર કેમ લેવો પડે છે ? લોકો સાચવતા નથી. આગળ શિક્ષકોની ચિંતા મા-બાપ કરતા, તેના ઘરની ચિંતા તેને ન કરવી પડે. આજે શિક્ષકની નોકરી કરનારા રોવે છે. આ કાંઈ જિંદગી છે. ક્લાસમાં વિદ્યાર્થીઓ શેઈમ...શેઈમ...પોકારે. આજે જ્ઞાન કેમ પરિણામ પામતું નથી ? મોટોભાગ સમજુ પણ નથી અને શ્રદ્ધાળુ પણ નથી...

(ક્રમશઃ)

# પૂ. પાદ આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. નો પત્ર

## પૂ. હેમ ભૂષણ સૂ. મ., પૂ. કીર્તિયશ સૂ. મ. માનશે ?

ગુરુ પ્રતિમા - પ્રતિકૃતિના પૂજન વગેરેના ચઢાવાની આવક શાસ્ત્રીય પાઠ - પ્રણાલિકા મુજબ દેવદ્રવ્યમાં લઇ જવી જોઇએ. વર્તમાનમાં આ અંગે નિરર્થક વિવાદ ઊભો કરી એ આવકને ગુરુ સ્મારકમાં વાપરવાનો જોરશોરથી પ્રચાર થઇ રહ્યો છે, અને એ ઉન્માર્ગને સન્માર્ગ તરીકે સ્થાપવાના કુટિલ પ્રયત્નો ચાલી રહ્યા છે. અગાઉ આ અંગે વડિલ મહાપુરુષોના અભિપ્રાય, પત્ર - પત્રિકાના રૂપમાં આપણે પ્રકાશિત કરી ગયા છીએ. એ જ સંદર્ભમાં એક અત્યંત મહત્ત્વનો વધુ એ પત્ર આ સાથે પ્રગટ કરીએ છીએ. સ્વ. સુવિશાલ ગચ્છાધિપતિ શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા તરફથી લખાયેલા આ પત્રમાંની વિગત ધ્યાનમાં લેવાની જરૂર છે. આનંદ - કામદેવ વગેરે શ્રાવકોની પ્રતિમાના બગીમાં લઇને ફરવા વગેરેના ચઢાવાની આવક સાધારણ ખાતાની ગણાય - એમ ફરમાવીને પછી પૂજ્ય શ્રી વિશેષ સ્પષ્ટતા કરતાં ફરમાવી રહ્યા છે કે જો એ પ્રતિમા ગુરુભગવંતના સામૈયાની શોભામાં ફરવાઇ હોય તો તે આવક સાધારણમાં ન લઇ જતાં દેવદ્રવ્યમાં લઇ જવી જોઇએ. શ્રાવકની પ્રતિમાની આવક પણ, માત્ર ગુરુભગવંતના સામૈયાના નિમિતને પામીને દેવદ્રવ્ય બની જતી હોય તો પછી ગુરુભગવંતની ખુદની મૂર્તિના ચઢાવાની આવક દેવદ્રવ્યમાં અને દેવદ્રવ્યમાં જ જવી જોઇએ. એમાં કોઇ શંકાને સ્થાન જ રહેતું નથી. પોતાને 'સૂરિ રામના વારસદાર' ગણાવનારા આ અંગે વિચાર શે ? સ્વ. પૂજ્યશ્રીજીના સમુદાયના સંચાલક તરીકે ઓળખાતા મહાત્માના હસ્તાક્ષરમાં લખાયેલો આ પત્ર તો 'બનાવટી' નહિ જ હોય ને ?

૧૩૫૩

શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, અમદાવાદ-૭

૨૦૪૧ ના આસો વદ ૯ ને ગુરુવાર

પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક સુવિશાલગચ્છાધિપતિ વ્યા. વાચ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા તરફથી

વિનયાદિગુણગણયુત પંન્યાસજી શ્રી રાજેન્દ્ર વિજયજી ગણિવર્ય યોગ - અનુવંદના સુખશાતા સાથે લખવાનું જે - તમારો વદ ૫નો પત્ર મળ્યો. તમારા પ્રશ્નોના ખુલાસા નીચે મુજબ જાણશો.

૧- સાધર્મિક દેવ-દેવી અંગેની રકમ દેરાસર સાધારણ,

આશ્રય સાધારણ, સાધુ-સાધ્વી વૈયાવચ્ચ - જીવ સાધારણ સાધર્મિક - ના ઉપયોગમાં લઈ શકાય. પ્રભાવના કે જમણવારમાં તેનો ઉપયોગ ન કરાય. સાધુ-સાધ્વીના ઉપકરણો - દવા - ઔષધિ - ડોળી - વગેરે ખાતા-માં પણ વાપરી શકાય.

૧૩૫૪

શ્રાવક પણ જો તે ખાતામાં પ્રામાણિક પણે કામ કરતો હોય તો તેને તેમાંથી પગાર આપી શકાય.

આજ કાલ એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે તે દેવ-દેવીની મૂર્તિ જે ગોખલામાં કે દેરીમાં પધરાવેલ હોય તે ગોખલાનું કે દેરીનું નિર્માણ દેવ-દ્રવ્યમાંથી થયેલ હોવું ન જોઈએ. જો દેવદ્રવ્યમાંથી નિર્માણ થયેલ હોય તો પ્રથમ તેનું પૂરું ભાડું દેવદ્રવ્ય ખાતે જમા થવું જોઈએ તે સ્થાનના જાળવણીની બધી જ દેવદ્રવ્યને સોંપી દેવી જોઈએ.

સાધુ-ગુરુદેવ કે શ્રાવકની મૂર્તિ પધરાવવાના, તેના તિલક ચડાવવા, ફુલની માળા પહેરાવવાના, કે ચૈત્ય પરિપાટીમાં ગામમાં લઈને લોકોના ઘરોના બોલીની ઉપજ સાધારણ ખાતે લઈ જઈ શકાય અને તેનો ઉપયોગ દેરાસર-આશ્રય સાધારણમાં, સાધુ-સાધ્વી વૈયાવચ્ચમાં, ગરીબ સાધર્મિક માં કરી શકાય. પ્રભાવ-

૧૩૫૫

ના કે જમણવારમાં તેનો ઉપયોગ કરી ન શકાય.

ભગવાનના વરઘોડામાં કે ગુરુના સામૈયામાં સાંબેલા તરીકે બાળી રાખીને તેમાં જો તે મૂર્તિ વરઘોડાની શોભા તરીકે પધરાવવી હોય તો તેની બોલીની ઉપજ દેવદ્રવ્ય ખાતે લઈ જવી જોઈએ..

રત્નત્રયીની આરાધનામાં અવિરત ઉજમાળતા સુંદર સ્વાધ્યાય અને તપોમય સંયમજીવન જીવી સ્વ-પરની મુક્તિને ખૂબ નજીક બનાવો એજ એકની એક

ભાવના– [illegible]

દ: સેવક [illegible]

વંદનાવલી

અનુવંદનાદિ ઉપરાંત સદા શાસન ઝળહળતું સુંદર આરાધના કરી સ્વ-પરની મુક્તિ નજીક બનાવો એજ એકની એક ભાવના– [illegible]

**જરા હસીએ**

એક સ્ત્રી : (સ્કૂલમાં છોકરીને પ્રવેશ આપવવા માટે મુખ્યાધ્યાપિકા બાઈને ) :- જુઓ આ અમારી મિંટુ લાખોમાં એક છે. તમને ખુબ ગમશે. બોલવું પોપટ જેવું. રંગ હંશ જેવો, આવાજ કોયલ જેવો, આંખો હરણી જેવી, ચાલવું અને દોડવું બિલાડી જેવું...

મેડમ : - જુઓ બેન, આ તમારી મિંટુમાં કાંઈ માણસનો ગુણધર્મ છે કે નહિ.

# અશાસ્ત્રીય માર્ગો સામે બ્રેક કોણ લગાવશે ?

પૂ. મુનિરાજ હાલ પ. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ

૧ આ શતાબ્દિ વર્ષને અહિંસા તરીકે સરકાર જાહેર કરવાની છે, તો તે વર્ષ દરમ્યાન અઢાર રાજ્યોમાં વારાફરતી લગાતાર વીસ વીસ દિવસ કતલખાનાં બંધ રાખવાનું અથવા છેવટે નવાં કતલખાનાં ઉભા કરવાથી માંડીને હુંડિયામણ કમાવવા અંગેની જાહેરાત કરવી તે ઉજવણીની મશ્કરી નથી?

૨. વૈશાલીના પરારૂપે જે ક્ષત્રિયકુંડ છે, તે દિગંબરોને પરમાત્મા વીરના જન્મ સ્થાન તરીકે માન્ય છે. ઉજવણી વર્ષમાં તેને જ વિકસાવવાનું કમિટી તરફથી ઠરાવવામાં આવ્યું છે. શ્વેતાંબરોને માન્ય પરંપરાગત ક્ષત્રિયકુંડ વૈશાલીથી ચાલીસ માઇલ દૂર છે. દિગંબરોના વધુ પડતાં વર્ચસ્વના કારણે આ ભૂમિની શતાબ્દિ વર્ષમાં જ ઉપેક્ષા કરીને તેને ખંડીએર બનાવાની ભૂમિકા થવા દેવી ?

૩. સરકારને વૈશાલીમાં વોટર પાઇપ લાઇનની જરૂર છે. અનેક રાજ્યોમાં બાલ કેન્દ્રોની જરૂર પડે છે અને દિલ્હીમાં વિશાળ બગીચાની જરૂર છે. આવા બધા સ્વાર્થોને સિદ્ધ કરવા શતાબ્દિ વર્ષમાં પરમાત્મા મહાવીરદેવના સ્મારક તરીકે વોટર પાઇપ લાઇન વગેરે ઊભાં કરવા તે શું વ્યાજબી છે?

૪. આ ઉજવણી નિમિત્તે રાષ્ટ્રીય કમિટીએ ભારતભરના ચારે ફીરકાના જૈનોની રાષ્ટ્રીય કાઉન્સીલ ઉભી કરવાનો ઠરાવ કર્યો છે. આજના જમાનવાદી બુદ્ધિજીવી જૈનોની એ સભા સમસ્ત જૈન ધર્મ માટે ભાવિમાં જોખમ રૂપ નહીં બને શું? તે સભા ઉપર પ્રધાન સુહિવિત જ્ઞાની શ્રમણોનું આધિપત્ય રહે તો જમાનાવાદી રીતરસમોથી થનારાં અશાસ્ત્રીય કાર્યો અટકે એ હેતુથી તે રાષ્ટ્રીય સભાના કાર્યો ઉપર પ્રધાન- નિયુકત આચાર્યોની સર્વસંમતિ માગવામાં આવે તો તેમાં ખોટું શું છે?

૫. આ રાષ્ટ્રીય સભાના અન્વયે જૈનોલોજીકલ રીસર્ચ સોસાયટી સ્થાપવાની છે. સંસાર વ્યવહારથી સમાધિના પાપિષ્ઠ રિસર્ચો કરતાં આ જમાનામાં આચાર્યોના કબજામાંથી મુક્ત એવી સોસાયટીઓની સ્થાપના જૈન શાસ્ત્રોનું રિસર્ચ કરવાના બહાને ભયંકર નુકસાન નહિં કરે? વળી આ રિસર્ચ સો.માં નિમાયેલ મહામંત્રી ડો. ગોકુલચન્દ્ર જૈને બહાર પાડેલા પરિપત્રમાં જે કહ્યું છે કે - અમે જૈન ધર્મને નવી દિશા અને નવી પ્રગતિ આપશું, ફિલ્મો વગેરેના નવીનત્તમ માધ્યમોથી આજ સુધીમાં કોઇએ ન કર્યો હોય તેવો જૈનધર્મનો પ્રચાર કરશું - આ બધા શબ્દો શું પડકાર કરવા લાયક નથી?

૬. રાષ્ટ્રીય કમિટીના અન્વયે જે ગ્રન્થો લખાઇ રહ્યા છે, તે જમાનાવાદી લેખકોને હાથે લખાતા હોવાથી ઘણી અશાસ્ત્રીયતાથી ભરેલા છે. તેમાં ડો. એ. એન. ઉપાધ્યાયે લખેલા અને વીરેન્દ્રકુમારો જૈને અનુવાદિત કરેલા એક લેખમાં જણાવવામાં આવ્યું છે કે 'જ્યારે અંગ્રેજો આપણા ઉત્તરાધ્યયન સૂત્રને ઘણી વિસંગતિઓથી ભરપૂર કહે છે ત્યારે તે આગમ સૂત્રમાં સમગ્રપણે સત્ય તરીકેનો વિશ્વાસ રાખવો એ આપણો અંધ વિશ્વાસ છે' આવા નિવેદનોવાળા ગ્રંથો લખાય તે શું ઉજવણીના તરફદારોને માન્ય છે?

૭. સોળ રાજ્યોમાં જે સોળ મહાવીર બાલકેન્દ્રો થવાનાં છે તે નેહરૂ યુવક કેન્દ્રોના સહયોગમાં રાખવાનું અને સરકાર હસ્તક ચાલતાં અરવિંદ બાળ કેન્દ્રોનાં ઢાંચા પ્રમાણે ચલાવવાનું ઠરાવાયું છે. મહાવીરના નામ સાથેનાં બાલકેન્દ્રોને સુવિહિત શ્રમણોના સહયોગમાં રાખવાની અને શાસ્ત્રીય ઢાંચા પ્રમાણે ચલાવવાની માંગણી કરવી એમાં ખોટું શું? એ વિના બાલકેન્દ્રોને મહાવીરનું નામ આપવામાં મહાવીરદેવની મશ્કરી જ નથી?

૮. રાષ્ટ્રીય કમિટીના તમામ જૈન શ્રીમંત અગ્રણીઓ શતાબ્દિ વર્ષ દરમ્યાન વેપાર ધંધામાં જે કોઇ કમાણી કરે તે બધા કમાણી સાત ક્ષેત્રોમાં તથા દીનદુઃખિતો અને અબોલ પ્રાણીઓની અનુકંપામાં વાપરી નાખીને એક વર્ષ પૂરતું આ પ્રકારનું અપરિગ્રહવ્રત પણ ન લે તો પારકે પૈસે પરમાનંદ કરતી ઉજવણીને ઝાંખપ નહીં લાગે કે?

૯. સરકાર પાસેથી પચાસ લાખ રૂપિયા મેળવવામાં આવતી કાલે એના એહસાનમાં દબાઇને દેરાસરો આદિના પાંચ- દસ કરોડ રૂપિયા આપી દેવાની એ શ્રીમંતોને ફરજ પડશે ત્યારે પોક મૂકીને રડવાનો અવસર નહીં આવે?

૧૦. ઉપરના બધા ભયો મને તદ્દન વાસ્તવિક લાગે છે. છતાં જો ઉજવણીના તરફદારોને એ ભયો કાલ્પનિક લાગતા

...ય તો મારી માંગણી છે કે-રાષ્ટ્રીય કાઉન્સીલ, રીચર્સ ...સાયટી, મેમોરીઅલ, બાલકેન્દ્રો, પાંચ ગ્રંથો વગેરે લેખનની ...ાવિ તમામ કારવાહી ઉપર નીચે લખેલા શ્વેતાંબર સંઘના ...ંચ પૂજનીય શ્રમણ ભગવંતોની સર્વાનુમતિથી તે તમામ ...રવાહી અમલમાં મૂકવાનો રાષ્ટ્રીય કમિટી સર્વાનુમત્તે ઠરાવ ...રી આપે. (અન્ય ફિરકાઓ આ રીતે પોતાની નામાવલી ...ાપી શકે.)

૧. પૂ. પાદ આ. શ્રી રામસૂરીશ્વરજી મ. શ્રી (ડેલાવાળા)

૨. પૂ. પાદ આ. ભ. શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજી મ. શ્રી (પૂ. નેમિસૂરિજીના સમુદાયના)

૩. પૂ. પાદ આ. ભ. શ્રી ભદ્રંકરસૂરિજી મ. શ્રી (બાપજી ...હારાજના સમુદાયના)

૪. પૂ. પાદ પં. શ્રી અભયસાગરજી ગણી (પૂ. ...ાગરાનંદસૂરિજી મ.ના સમુદાયના)

૫. પૂ. પાદ પં. શ્રી જિનેન્દ્રવિજયજી ગણી (પૂ. ...મૃતસૂરિજી મ.ના સમુદાયના)

(ઉપરના પાંચ પૂજયની સંમતિ લેવાનું જરૂરી રહેશે.)

ઉજવણીના તરફદારો! મારો વિરોધ માત્ર વિરોધ માટે નથી. પરંતુ ઉજવણીના રાષ્ટ્રીય કાર્યક્રમની દેખીતી તથા સંભવિત અશાસ્ત્રીયતાઓનું નિવારણ કરવા માટે જ છે. ખૂબ શાંત ચિત્તે વિચાર કરશો તો તમને પણ સમજાશે કે આવું નકારાત્મક વલણ અપનાવ્યા વિના હાલ તુરત બીજા કોઇ ઉપાય છે જ નહિં, (ભાવિમાં 'કુંડલપુર કા રાજકુમાર' એ નામનો પરમાત્મા મહાવીરદેવનો સિનેમા ઉતરવાનો છે તે અંગે સખ્ત વિરોધનું નકારાત્મક વલણ લીધા વિના બીજો કોઇ ઉપાય છે ખરો? તમે જ જણાવો.)

માટે દીર્ઘદ્રષ્ટિથી રાષ્ટ્રીય કાર્યક્રમોની જે અશાસ્ત્રીયતાઓ મારા તરફથી વારંવાર રજૂ કરાઇ છે તેને પક્ષીયભાવથી જોવા કરતાં જો શાન્ત ચિત્તે નજરમાં લેશો, તો આપણે બધા વિરોધના એક મંચ ઉપર આવી જશું, અને શાસ્ત્રીય પદ્ધતિના ખૂબ રચનાત્મક રીતે વર્ષો વર્ષ પાંચેય કલ્યાણકોના મહોત્સવ કરવાને ભાગ્યવાન બનીશું.

મારો વિરોધ કોઈ વ્યકિત પ્રત્યે નથી કે નિર્વાણ- કલ્યાણક મહોત્સવ પરત્વે પણ નથી, કિન્તુ રાષ્ટ્રીયસ્તર ઉપર ઘડાયેલ અશાસ્ત્રીય કાર્યક્રમો પરત્વે છે તે વાતની ખૂબ જ સ્પષ્ટ રીતે સહુ નોંધ લે.

# પુણ્ય તો આનું નામ

માંડવગઢના મંત્રીશ્વરનું સ્વપ્ન આજે સંપૂર્ણતઃ સિદ્ધ થયું હતું. દેવગિરિ નગરીમાં કરોડો સોનમહોરો ખર્ચીને ગગનચુંબી જિનાલયનું નિર્માણ થયું. આજે તેમાં પરમાત્માની પ્રતિષ્ઠા થઇ. છેલ્લે મંત્રીશ્વર પેથડ મંદિરના શિખર ઉપર ધજા ફરકાવવા સજ્જ બન્યા.

ધજા ફરકાવી અને ગગનમાં ફરફર ફરકતી એ ધજાને જોઇને પેથડનો મન-મોરલો નાચી ઊઠ્યો. રે ! એ સ્વયં ત્યાં જ નાચવા લાગ્યા !

વાંસડાઓના મંચ ઉપર મન મૂકીને, ભાન ભૂલીને નાચતા પેથડને નીચેથી ગુરુદેવે જોયા. એમને થયું ''અરે! આ ભાવાવેશમાં જ મંત્રી પેથડ પગ ચૂકે અને નીચે પટકાય તો ?''

તરત જ બે ધર્મીજનોને એમણે ઉપર મોકલ્યા, અને મંત્રીશ્વરને આ પુણ્યવંતા ભાવાવેશમાંથી મુકત કરવાનું સૂચન કર્યું.

બે ધર્માત્માઓ ચડ્યા. આનંદવિભોર બનેલા મંત્રી પેથડના બે ય હાથ ઝાલી લીધા એમને સંભવિત પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો.

સ્વસ્થ બનેલા મંત્રીશ્વરે કહ્યું, ''ગુર્વાજ્ઞા પ્રમાણ છે. બાકી નીચે પડત તો ય મારે તો ઊંચે જ જવાનું થાત ને ? અહો ! ત્રણ લોકના નાથની ગગને લહરતી ધજાના દર્શનનો આ આનંદ મારા ઉરમાં સમાતો નથી.''

(પુણ્ય-કાર્ય કરીને પસ્તાનારાઓએ આ પ્રસંગ ખૂબ વિચારવા જેવો છે.)

*(ટચુકડી કથાઓ - પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.)*

# આત્મ પ્રબોધક પ્રસંગો

-પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રીપાલચરિત્ર કે રાસ આપણે બધા વર્ષમાં બે વાર તો વાંચીએ કે સાંભળીએ છીએ. તેમાં પ્રસંગે પ્રસંગે એવા આત્મપ્રબોધક પ્રસંગો જાણવા મળે છે, તેનો જો પરમાર્થ બરાબર વિચારાય અને જીવનમાં આત્મસાત્ કરાય તો જીવનમાં ધર્મની ભાવના વધ્યા વિના રહે જ નહિ. જેમ કે, શ્રી પ્રજાપાલ રાજા હજી ધર્મને માનતો નથી. પણ પોતાની બંન્ને દીકરી પ્રત્યે તેનો સમાન ભાવ છે. જેમ શ્રી સુરસુંદરીએ ઇચ્છિત વરની માગણી કરી અને રાજાએ તે પૂર્ણ કરી. તેમ શ્રીમતી મયણાસુંદરીના પુણ્યના ફલ તરીકે મલતી વસ્તુઓના જવાબથી રાજા નારાજ હોવા છતાં પણ વરપ્રદાન માટે જરાય ભેદભાવ બતાવતો નથી.

આ એક વાત આપણે વિચારવી છે કે આજે આપણને બધાને આપણું કામ કરે તે બધા વહાલા અને દવલા લાગે છે. આપણને સાચવી લે એટલે તે બધા સારા ! સંસારીઓ પણ ચાર-ચાર દીકરા હોય તો જે વધુ કમાઉ હોય તેના પ્રત્યે જે હેત વરસાવે અને જે ઓછો કમાઉ હોય તેના પ્રત્યે જે ભાવ રાખે છે-તે નજરે દેખાય છે. આ પ્રસંગ જો સમજાઇ જાય તો કમમાં કમ પક્ષપાત પણાની ભાવના ચાલી જાય.

શ્રી પ્રજાપાલ રાજાની દુનિયાભરમાં જે નામના હતી કે તેમની પાસે ગયેલો યાચક ક્યારે પણ ખાલી હાથે પાછો જાય નહિ.

તેના પરથી આપણે વિચારવું છે કે, જૈનો તો જગતથી નોંખા છે. જૈનોની-ધર્માત્મા માત્રની પણ આ જ આબરૂ હોય કે-તેના આંગણે આવેલો કોઇ દીન-દુઃખી-યાચક ક્યારે પણ ખાલી હાથે પાછો જાય જ નહિ. તે પોતાની શક્તિ અનુસાર દરેકને કાંઇને કાંઇ આપી સંતોષ-પ્રસન્નતાથી પાછો મોકલે. કદાચ ચીજ-વસ્તુ આપવાની શક્તિ ન હોય તો મીઠાં-મધુરાં આશ્વાસનનાં બે વચન તો આપે જ ! જૈનપણાની આ જ ઉત્તમતા છે. તેને બદલે આજે આપણને શું જાવો-જાણવા મળે તે સૌના અનુભવમાં છે. બધા જૈનો આવા સમજુ-વિવેકી બની જાય તો કોઇપણ ગામ-નગર કે શહેરમાં કોઇપણ ભુખ્યો-તરસ્યો કે વસ્ત્ર વગરનો ન રહે. તેથી જે ધર્મની શાસનની પ્રભાવના થાય તે અદ્ભૂત થાય.

લોકોના હૈયામાં ભગવાનનું શાસન વસી જાય, ઘર કરી જાય. નગર-મકાન કે રસ્તા સુધારવા કરતાં જો જાત સુધરે તો કામ થઇ જાય. સૌ આ વાતનો ગંભીર-પુખ્ત વિચાર કરી અમલ કરે તો જૈન શાસનનો સાચો અભ્યુદય થઇ જાય.

શ્રીપાલ નિરોગી થયા પછી રોજ ધર્મારાધનામાં લાગી ગયા છે. એકવાર પૂજા કરી શ્રી શ્રીપાલ અને મયણા પોતાના આવાસ તરફ આવી રહ્યા છે અને માર્ગમાં પોતાની માતાને જોતાં જ 'આજે વાદળ વિનાના વરસાદની જેમ માતાનું દર્શન થયું' બોલી માર્ગમાં જ પોતાની માતાના પગમાં પડે છે.

જ્ઞાનિઓએ વિનયને ધર્મનું મૂળ કહ્યું છે. બધા ગુણોની ઉત્પત્તિ ભૂમિ વિનય કહેલ છે. ભરરસ્તામાં અણધારી રીતે માતાનું દર્શન સુપુત્રને કેવો આનંદ ઉત્પન્ન કરે ! તેમાં તેને શરમ નથી આવતી કે આ રીતના કે નમસ્કાર થાય ?

આજે જૈન કુળોની કે સારા ઘરોની હાલત વિચારો કે, માત-પિતાદિ વડિલો સાથે આવો ઉચિત વિનય વર્તન કરાવનારા જૈનો વધારે કે માતા પિતાને પગમાં પાડે તેવો ધર્મી વર્ગ વધારે ? આવા પ્રસંગો વર્ષમાં બે-બે વાર વાંચવા-સાંભળવા છતાં પણ જો અંતરની આંખ ના ઉઘડે તો આત્મામાં સારાપણું ક્યાંથી આવે ? કાનને સારી લાગે માટે કથા નથી સાંભળવાની કે વાંચવાની પણ આત્માને સારો બનાવવા કથા સાંભળવાની અને વાંચવાની છે. જો દષ્ટિ બદલાય તો સૃષ્ટિ પણ બદલાશે. પણ.....

# અક્ષત પૂજા પર શુકરાજની કથા

શ્રી પુરનગરની બહાર ઉદ્યાનમાં આદેશ્વર ભગવાનના પ્રસાદની પાસે એક આમ્રવૃક્ષ પર પોપટનું યુગલ રહેતું હતું. મેનાને દોહદ ઉત્પન્ન થવાથી પોપટને કહ્યું. કે "મને શાળીની સિંગ લાવી આપો." પોપટે કહ્યું કે " તે ખેતર રાજાનું હોવાથી લેવામાં જાનનું જોખમ છે. મેનાએ કહ્યું" મારો દોહદ નહિ પુરો તો હું બચીસ નહિ એટલે મેના પરના સ્નેહથી તે ખેતરમાંથી કણસલું લાવી દોહદ પૂર્ણ કર્યો. એવી રીતે રોજ કણસલું લાવી બન્ને તેનું ભક્ષણ કરતા હતા. એકદા શ્રી કાંત રાજા ડાંગરનું ખેતર જોવા આવ્યા તો એક બાજુ પક્ષીઓએ તેનો નાશ કરેલ જોઈ રક્ષકોને પુછતાં તેઓએ કહ્યું કે એક પોપટ દરરોજ ચોરની જેમ આવી કણસલું લઈને ભાગી જાય છે. રાજાએ કહ્યું તેને જાળમાં પકડી મારી પાસે લાવો નહિતર તેની સજા તમોને થશે. રાજસેવકો જાળમાં પકડીને પોપટને રાજા પાસે લઈ ગયા. મેના પણ પતિની પાછળ પાછળ રાજદરબારે ગઈ. રાજા પોપટને મારવા જાય છે તેવામાં પોપટીએ કહ્યું. " મારો દોહદ પૂરનાર મારા પતિને મારશો નહિ તેના બદલામાં મને મારો." રાજાએ પોપટને કહ્યું. કે " સ્ત્રીને માટે તારો જાન જોખમમાં નાખનાર તું મૂર્ખ છે. " પોપટીએ કહ્યું " શ્રી દેવી રાણી માટે તમે કેમ જીવીતનો ત્યાગ કર્યો હતો." આ સાંભળી રાજાને વિસ્મય થવાથી પોપટીને તે વાત કહેવા કહ્યું. પોપટીએ કહ્યું કે "તમારા રાજયમાં પૂર્વે એક જોગણ રહેતી હતી તે મહાકપટી મંત્ર તંત્ર જાણવામાં ચાલાક હતી. તમારી શ્રી દેવી રાણીએ તેને કહ્યું કે. " રાજા મારા પર પ્રિય બને, હું જીવુ ત્યાં સુધી તે જીવે અને હું મરૂં ત્યારે તે મરે એવું કરો" જોગણે કહ્યું કે. રાજપત્નિઓને સેંકડો સંપત્નિઓમાં રહેવું પડે. પુત્રોત્પત્તિ ન થાય અને સ્વેચ્છાપૂર્વક ગમન પણ ન કરી શકે તેવા જીવતરને ધિક્કાર છે. કુભાવથી આપેલ દાનનું આવું ફળ મળે છે. એમકહી તેને ઔષધી આપી કહ્યું કે તારા પતિને ખવડાવજે એટલે તે તને વશ થશે શ્રી દેવીએ કહ્યું કે "તેઓ મારા ઘરે આવતા જ નથી તો ખવડાવું શી રીતે ? એટલે જોગણે એક મંત્ર આપી જપવાનો વિધિ કહ્યો. તે મુજબ જાપ કરતાં રાજા તેના પર તુષ્ટમાન થયો અને તેને પટ્ટરાણી બનાવી. હવે એક વખતે પેલી જોગણ રાણી પાસે આવી. પટ્ટરાણીએ કહ્યું " આપે મારા પર મહાન ઉપકાર કર્યો છે. તેવો જ બીજો ઉપકાર કરો કે હું ગાઢ સ્નેહ સમજું. જોગણે એક મુળીકા આપી કહ્યું કે આ સુંઘવાથી તું મૃતપ્રાય થઈશ પછી અવસરે બીજી મૂળીકા સુંઘાડી તને સજીવન કરીશ. એટલે તને રાજાના સ્નેહની ખાત્રી થશે બીજે દિવસે રાણીએ તે મૂળીકા સુંઘી તેથી મૃતપ્રાય બની રાજા તેને મરેલી જાણી તેની પાછળ મરવા તૈયાર થયો. સ્મશાનમાં આવી રાણી સહિત જેટલામાં ચીતામાં પ્રવેશ કરવા જાય છે તેટલામાં જોગણે આવી કહ્યું કે " ક્ષણવાર રાહ જુઓ."

હું બધા લોકોની સમક્ષ રાણીને સજીવન કરૂં છુ એમ કહી બીજી મુળીકા સુંઘાડતાં તે સજીવન બની, રાજા પણ જીવીતદાન આપનાર જોગણે પર ખુશ થયો અને તેને વરદાન માગતા કહ્યું. જોગણે કહ્યું " મારે વસ્તુનો ખપ નથી. તેથી વિશેષ ખુશ થઈ જોગણને રહેવા એક સુંદર મઢી બનાવી આપી. જોગણ ત્યાં રહી સુખે કાળ નિર્ગમન કરે છે. પછી આયુ પુરૂ થતાં આર્તધ્યાથી મરીને પોપટી થઈ તેજ હુ પોપટી છું. તારી રાણીને જોવાથી મને જાતિ સ્મરણજ્ઞાન થયું છે, તેથી આ તરિત્ર કહ્યું છે. રાણીએ કહ્યું કે " હે પૂજય ? તમે કેમ પક્ષી બન્યા. " પોપટીએ કહ્યું કે ભદ્રે ? ખેદ નકર જીવો પોતપોતાના કર્મને વશ સુખે દુઃખ ભોગવે છે. રાજાને કહ્યું કે " પુરૂષો વિષયને આધીન બની સ્ત્રીના દાસને રહે છે. " રાજાએ કહ્યું કે " તે કહ્યું કે તે કહ્યું તે બધુ સત્ય છે. માટે હવે તું જે માગે તે આપીશ. પોપટીએ કહ્યું કે " મારા પ્રિય પોપટને જીવીતદાન આપો બીજુ કંઈ મારે જોઈતું નથી. રાણીએ રાજાને કહ્યું કે "તેને પતિ અને ભોજન બન્ને આપો' રાજાએ શાળી રક્ષકને કહ્યું કે તમારે તે બે પક્ષીને ડાંગરમાં દાણાં

ભેગા કરીને આપવા." મહાપ્રસાદ ? કહી બન્ને પક્ષી ઉડી ગયા. કેટલાક કાળ વ્યતિત થતાં જેનો દોહદ સંપૂર્ણ થયો છે. એવી પોપટીએ ઈંડા પોતાના માળામાં પ્રસવ્યાં. તેની સપત્નિ પોપટીએ તેજ વૃક્ષની બીજી શાખા પર માળે બાંધી એક ઈંડુ પ્રસવ્યું. એકદા ચણ માટે તે સપત્નિ પોપટી બહાર જતાં ઈર્ષ્યાથી પેલી પોપટીએ તેનું ઈંડુ બીજે મુકી દીધું. ચણા લઈ પાછી આવતાં ઈંડુ ન જોવાથી તે દુઃખથી ભૂમિ પર આળોટવા લાગી. તેને વિલાપ કરતી જોઈ, તેનું ઈંડુ ફરી ત્યાં મુકી દીધું. સપત્નિ પોપટી માળો જોવા આવતાં ઈંડુ જોઈ રાજી થઈ પેલી પોપટીએ પાશ્વતાંપ કરી ઘણું કર્મ ખપાવ્યું. છતાં એક ભવમાં ભોગવવા યોગ્ય કર્મ બાકી ગયુ. હવે તે બે ઈંડામાંથી પોપટ અને પોપટી ઉત્પન્ન થયા. શાળીક્ષેત્રમાંથી હંમેશા ચોખા લાવી. તે પોપટનું જોડું પોતાના બચ્ચાઓને ખવરાવવા લાગ્યા. એકદા તે આદીનાથ પ્રાસાદમાં પ્રભુને વંદન કરવા કોઈ જ્ઞાની ચારણ ઋષિ પધાર્યા તે વખતે રાજા તેમને વંદન કરવા આવ્યો. અને પુજાનું ફળ પુછવા લાગ્યો. મુનિએ કહ્યું કે જિનેશ્વરની આગળ અક્ષતના ત્રણ ઢગ કરતાં અક્ષય સુખ પ્રાપ્ત થાય છે. તે સાંભળી ઘણા લોકો અક્ષતપૂજામાં પ્રવર્ત્યા. તે અક્ષતપૂજાનું ફળ સાંભળી પોપટી પોપટને કહેવા લાગી કે" આપણે પણ અક્ષપના પ્રણ પુંજથી જિનેશ્વરની પૂજા હંમેશા કરીએ જેથી અલ્પકાળમાં સિદ્ધિ સુખને પામીએ. પોપટે તે વાત સ્વીકારી પોતાના બચ્ચાંને પણ તે શિખવ્યુ. ચારે પક્ષીઓ પ્રતિદિન શુદ્ધ ભાવથી આક્ષાત પૂજા કરવા લાગ્યા. આયુ પૂર્ણ થતાં તે ચારે જીવો દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને પોપટનો જીવ હેમપુર નગરમાં હેમપ્રભ નામે રાજા થયો, અને

પોપટીનો જીવ તેની જય સુંદરી નામે પત્નિ થઈ. બીજી પોપટી પણ સંસારમાં ભમીને હેમપ્રભરાજાની રતી સુંદરી નામે રાણી થઈ તે રાજાને બીજી પણ પાંચસે રાણીઓ હતી પણ પૂર્વભવના સંસ્કારથી આ બે રાણીઓ વધારે વહાલી હતી. એકદા તે રાજાને દાહજવર થયો. અનુક્રમે અંગભંગ, ભ્રમ, સ્ફોટક, સોફ (સોજો) મસ્કત પીડા દાહ અજેજવર એ સાત પ્રચંડ રોગ થયા. ઘણા ઔષધોપચાર કરતાં પણ વેદના શમી નહિ. ત્યારે દેવદેવીની માનતાઓ કરી એક રાત્રે કોઈ રાક્ષસ પ્રગટ થઈ રાજાને કહેવા લાગ્યો કે " તારી કોઈ સ્ત્રી પોતાના દેહનું તારા પર અવતારણ કરી અગ્નિમાં પડે તો તું જીવી શકીશ." રાજાએ સવારે પ્રધાનને આ હકકીત કહી. પ્રધાને રાજાની ઈચ્છા નહિ છતાં બધી રાણીઓને તે હકીકત કહી જયારે બધી રાણીઓ નીચું મુખ કરી બેસી રહી ત્યારે રતી સુંદરીએ એ કહ્યું કે " જો રાજાજી જીવતા હોય તો અગ્નિમાં પડવા હું કબુલ છું. પ્રધાને અગ્નિ કુંડ તૈયાર કરાવ્યો. રાણી સ્નાન વિલેપન કરી રાજાને પ્રણામ કરી કહેવા લાગી કે " હે નાથ ? મારા જીવીતવ્યના બદલામાં તમે ચિંરજીવો. હું અગ્નિ કુંડમાં પ્રવેશ કરૂં છું" રાજાએ કહ્યું કે " મારા કર્મો હું જ ભોગવીશ. મારા માટે તારે મરવું યોગ્ય નથી. છતાં રાણીએ રાજા ઉપરથી પોતાનું ઉતારણ કરી અગ્નિ કુંડમાં પોતે કુદી પડી તે વખતે રાક્ષસે પ્રસન્ન થઈ રાણીને વરદાન માગવા કહ્યું. રાણીએ કહ્યું કે " મારા પતિને રોગમાંથી મુકત કરો." પછી રાક્ષસે રાજાને રોગ મુકત કરી રાણીને સિંહાસન પર બેસાડી સ્વસ્થાને ગયો. રાણીએ રાજાને પુષ્પ અને અક્ષતથી વધાવ્યા રાજાએ તેને વરદાન આપ્યું" તેણે કહ્યું "અવસરે માગીશ" એમ કહી રાજાનું મન શાંત કર્યું. હવે એક વખત રતી સુંદરીએ પૂર્વ કર્મથી પ્રેરાઈ કુળદેવીને પ્રાર્થના કરીકે હે માતા ? જો તું મને પુત્ર આપીશ તો હું જય સુંદરીના પુત્રનું બલીદાન આપીશ. દેવયોગે બન્નેને પૂત્રો થયા. રતી સુંદરીને રાજાએ આપેલું વરદાન યાદ આવતાં રાજા પાસે પાંચ દિવસનું રાજય માગ્યું. રાજાએ ખુશી થઈ પાંચ દિવસનું રાજય આપ્યું. પછી શુભઅવસરે રૂદન કરતી જય સુંદરી પાસેથી તેના પુત્રને જબરજસ્તીથી મંગાવી બલીદાન દેવા સુંડલામાં મુકાવી પરિવાર સાહત વાજતેગાજતે કુળદેવીના મંદિરે ગઈ. તે અવસદે કાંચનપુરના સ્વામી સૂર વિદ્યાધર આકાશ માર્ગે જતો હતો. તેણે સૂર્ય જેવા તેજસ્વી બાળકને જોઈ તે બાળક લઈ લીધો ને સુંડલામાં

બીજો મૃત બાળક લાવી મુકયો. ઘેર જઈ પુત્ર વિનાની તેની સ્ત્રીને સોપ્યો. તે ત્યાં વૃદ્ધિ પામવા લાગ્યો. આ બાજુ રતીસુંદરીએ સુંડલામાંથી બાળકને લઈ દેવીના શિરપર ફેરવી નારીએળ ની જેમ વધેર્યો. પછી ખુશી થતી ઘેર આવી. જયસુંદરી પુત્રના દુઃખથી દુઃખી બની દિવસો ગાળવા લાગી.

હવે વિદ્યાધરે તે બાળકનું મદનાંકુરનામ પાડયું. યૌવનવય પામતાં આકાશ માર્ગે જતા તે કુમારે ગોખમાં બેઠેલી પોતાની માતાને જોઈ. સ્નેહથી તેને ઉપાડીને પોતાના વિમાનમાં બેસાડી–રાણી પણ સ્નેહ દ્રષ્ટિથી તે કુમારને વારંવાર જોવા લાગી. નગર લોકો ઉંચા હાથ કરી કહેવા લાગ્યા કે " કોઈ વિદ્યાધર આપણા રાજાની રાણીને લઈ જાય છે." પુત્રના મરણથી અને રાણીના અપહરણથી રાજા બહુ દુઃખી થઈ ગયો. એવામાં દેવ થએલ પૂર્વ ભવના પોપટીના જીવે અવધિ જ્ઞાનથી અનુચિત કાર્ય થતું જાણી વિચાર્યુ કે " મારો ભાઈ પોતાની માતાને સ્ત્રી બુદ્ધિથી હરણ કરી જાય છે તે ઠીક થતું નથી. મારે તેને સમજાવવો જરૂરી છે.

એમ વિચારી જયાં મદનાંકુર જય સુંદરી સહિત આમ્રવૃક્ષ નીચે બેઠો હતો ત્યાં વાનરને વાનરીનું રૂપ લઈને આવ્યો છતો. વનારીને કહેવા લાગ્યો કે આ તીર્થ અભિતેષ્ઠદાયક હોવાથી તેના જળમાં પડવાથી તિર્યંચ મનુષ્ય બને છે અને મુનષ્યદેવ બને છે. તો આપણે પણ આ સ્ત્રી પુરૂષ જેવા થઈએ. ત્યારે વાનરીએ કહ્યું કે તે પુરૂષનું નામ લેવા જેવું નથી. તે પોતાની માતાની માતાને સ્ત્રીની બુદ્ધિથી લાવેલો છે. આ સાંભળી બન્ને વિસ્મય પામ્યા. કુમારે વિચાર્યુ કે મને પણ માતૃ બુદ્ધિ તો થાય છે. છતાં વાનરીને પૂછવાથી સત્ય સમજાશે તેથી વાનરીને પુછયું કે તું કહે છે તેની ખાત્રી શી ? વાનરીએ કહ્યું કે " આ વનમાં જ્ઞાની મુનિ છે તેમને પૂછીને ખાત્રી કર હવે તે મદનાંકુરે મુનિને શોધી કાઢી પુછતાં મુનિએ કહ્યું કે 'હે ભદ્રે ? તે બધુ સત્ય છે વિશેષ જાણવું હોય તો હેમપુર નગરમાં કેળવી ભગવંત બીરાજે છે તેમને પૂછવાથી સઘળું જણાવશે.

કુમારે હર્ષ ભેર ઘેર જઈ માતા પિતાને મળ્યો ને કહ્યું કે " મને જન્મ આપનાર માતા પિતા કોણ છે ? વેદ્યાધરે બધી સાચી હકીકત જણાવી. પણ નામની ખબર ન હોવાથી કહ્યું નહિ. તેથી કેવળી ભગવંત પાસે જઈ પુછવાથી ખાત્રી થશે. એમ વિચારી મદનાંકુર માતા પિતા ત્થા જય સુંદરીને લઈને હેમપુર નગરમાં જયાં કેવળી ભગવંત દેશના આપતા હતા ત્યાં આવ્યો. તે વખતે હેમપ્રભ રાજા પણ દેશના સાંભળ વા આવ્યા હતા. દેશનાને અંતે હમપ્રભ રાજાએ ભગવંતને પુછયું કે " મારી સ્ત્રીનું હરણ કોણે કર્યુ ? ભગવંતે કહ્યું કે" તેના પુત્રે કર્યું છે રાજાએ કહ્યું કે " તેનો પુત્ર તો મરી ગયો હતો. બીજો પુત્ર તો થયોજ નથી ત્યારે ભગવંતે બધી વાત વિસ્તારથી કહી બતાવી. તે સાંભળી મદનાંકુર કુમાર પિતાને નમી પડયો. સમસ્ત પરિવાર મળવાથી આનંદ વર્તાયો. જયસુંદરીએ ભગવંતને પુછયું કે " કયા કર્મના યોગે મને પુત્રનો સોળ વર્ષ સુધી વિયોગ થયો ? ભગવંતે કહ્યું કે " પૂર્વે પોપટીના ભવમાં તે સપત્નિ પોપટીનું ઈંડુ હરી બીજે મુકેલ. સોળ મુહુર્ત પછી પાછું ત્યાં મુકેલ તેથી સોળ વર્ષનો તેને વિયોગ થયો. જીવ હસતાં કર્મ બાંધે છે તે રોતાં પણ છુટતાં નથી. આ સાંભળી રતી સુંદરીને પાશ્ચાતાપ થતાં ઉઠીને જયસુંદરીને પગે પડી. પોતાનો અપરાધ ખમાવ્યો. જયસુંદરીએ પણ પોપટીના ભવમાં તેનો કરેલો અપરાધ ખમાવ્યો પછી રાજાએ પુછયું કે હે ભગવંત ? મે શું સુકૃત કર્યુ કે મને રાજય મળ્યું ? ભગવંતે કહ્યું કે " તમે પોપટના ભયમાં ચારે જણાએ અક્ષતથી જિનપૂજા કરેલી તેના પ્રતાપે રાજય મળ્યું છે. પોપટના ભવમાં તમારે પુત્રપુત્રીનું જોડલું થયેલ. અને અમો બધા દેવગતિને પામેલ ત્યાંથી ચ્યવી. તમે રાજા થયા. તમારી બન્ને પત્નીઓ આ ભવામાં પણ તમારી રાણી થઈ પણ પુત્ર તે મદનાંકુર પુત્રપણે ઉત્પન્ન થયો. અને પુત્રી હજુ દેવલોકમાં છે. તેના ઉપદેશથી મદનાંકુર જયસુંદરીને લઈ અહિં આવ્યો હતો.

# ચેત, ચેત ચેતન ! તું ચેત

-'પ્રજ્ઞરાજ'

✳ હે આત્મન્ ! જો તારી મોહનિદ્રા ઊડી હોય, તારી આત્મિક ચેતના કાંઇ જ જાગી હોય, તને તારો આત્મધર્મ પ્રગટ કરવાની ઇચ્છા પેદા થઇ હોય તો રોજ જાતને જો. જાતની સાથે વિચારણા કર કે, પુણ્યના યોગે તો દુનિયાનો મોટો માણસ ગણાતો હોય, પદ-પ્રતિષ્ઠાને પામ્યો હોય, હજારો લોકો તને ખમ્મા..ખમ્મા..કરતા હોય, તને નમવા પડાપડી કરતા હોય, તારા આર્શીવાદ લેવા તલસતા હોય તો વિચારજે કે, તારી જીવનનૈયાની સલામતી આ માન-પાનાદિમાં નથી પણ તેં જીવનમાં જીવેલી તારક આજ્ઞા પર છે. તું કરોડોનો ભલે સ્વામી ગણાતો હોઇશ પણ તારી સાથે તો તેં 'દઇશું તો મલશે' તે ભાવનાથી નહિ પણ 'દઇશું તો લક્ષ્મીની મમતાથી છૂટાશે' તે ભાવનાથી જે દાન કર્યું હશે તે જ આવશે. દુનિયાના લોકોને આકર્ષિત કરવા તું ગમે તેટલો દંભ કરીશ, દિલમાં કાંઇ નહિ છતાં દેખાડો કરીશ, જરા બોલતા સારું આવડ્યું અને લોકોના ટોળા ભેગા કરીશ પણ જો તું ગુર્વાદિ વડિલોની આજ્ઞાનો સ્વીકાર નહિ કરે અને માત્ર તારી જ મહત્તા ગાઇશ તો તારું શું થશે તે જ્ઞાની જાણે ?

✳ તું ગમે તેવો મોટો વકતા બનીશ પણ વાહવાહમાં મૂંઝાઇશ તો તારી હવા ક્યારે નીકળી જશે તે જ્ઞાની જાણે ? માટે બહુ ફુલણજી દેડકો ના બનીશ. ધર્મના ઓઠા હેઠળ તારા અધર્મના કાળાં કારસ્તાનો ચલાવીશ, સાચા માર્ગના નામે તારા મનકલ્પિત માર્ગને પ્રચારીશ અને લોકોને સન્માર્ગના નામે તારા ઉન્માર્ગમાં જોડીશ તો કર્મ સમા તારી એવી ખબર લેશે કે ચોર્યાશીના ચક્કરમાં ખો ભૂલાવી દેશે. તું ગુર્વાદિ વડિલોનો સાચો ભગત બનજે પણ તારા ભગતોનો ભગત ના બનશો. માન-પાનાદિને જીતવામાં - પચાવવામાં જ સાચી બહાદૂરી-શૂરવીરતા છે, બીજાને ભક્તોના ટોળાથી દબાવવામાં નહિ-આ શિખામણ તારી છાતીમાં કોતરી રાખજે.

✳ તું શાસ્ત્રોના વેત્તા અને વકતા ગણાતો હોઇશ પણ તેના પરમાર્થને પામ્યા વિના માત્ર તારા માર્ગને, તેં માનેલા સાચાને જ સાચું ઠરાવવા પ્રયત્ન કરીશ તો તારું જ્ઞાન સ્વ-પરને અહિત કરનારું થશે. તારો વર્ગ કદાચ તું વધારીશ, તારા અનુયાયીઓ તારી 'જે' પણ બોલાવશે પણ અંતે તો તારી હાલત ગોશાળા કરતાં ય ભૂંડી થશે તે ભૂલતો નહિ, ખોટા ભ્રમમાં પડતો નહિ.

✳ તું આજે માન-પાન-સન્માનનો ભિખારી બન્યો છે. આજના રાજકારણીઓની સ્ટાઇલ તેં પણ બરાબર અપનાવી છે. તારા મુખપત્રોમાં તું તારી જાતને જે રીતના ચમકાવી રહ્યો છે, તારા ભક્તો આગળ તારા ફોટાઓની અનાવરણ વિધિ કરાવી રહ્યો છે. પણ તને શું ખ્યાલ નથી કે આ બધા મને લટકાવીને મારી વાહવાહ બોલાવીને તારી જાહેરમાં ફજેતી કરાવી રહ્યાં છે કે- હવે અમે તમને લટકાવી દીધા છે આમ જ લટક્યા કરજો ! આવી રીતના લટંકવાથી તારા આત્મા ઉપર લાગેલાં આઠે કર્મો દૂર થવાના કે આઠે કર્મોનો ભાર વધવાનો ? આઠે કર્મોનો ભાર વધે તો જન્મ-મરણાદિ દુ:ખોની પરંપરા વધે કે ઘટે ? ચાર દિનની ચાંદની સમાન પ્રસિદ્ધિના લોભ-મોહે તને જાહેરમાં ફાંસીએ લટકાવી દીધો તેમ તને લાગે છે ખરું ? કે તારા આ લટકાયેલ રૂપથી તું અંદરથી આનંદ આનંદ પામે છે ? બીજાને નિસ્પૃહતા-નિર્મોહી-નિર્દંભી બનવાનો ઉપદેશ આપનાર તું તે તે ગુણોને પામ્યો છે કે માત્ર તેના મહોરા પહેર્યા છે ? વિચાર આવે છે ખરો ?

✳ હે આત્મન્ ! મહા પુણ્યોદયે આ સંસાર સમુદ્રમાં રખડપટ્ટી કરતાં તને આવી લોકોત્તમ દેવ-ગુરૂ-ધર્મની સામગ્રી સંપન્ન દોહિલો માનવભવ મલ્યો, ઇન્દ્રિયોની પટુતા, બુદ્ધિની બાદશાહી મલી. તો માત્ર માન-પાન, વૈભવ-વિલાસની પાછળ મદોન્મત્ત બનવું છે કે [illegible] તારા આત્માનો ઉદ્ધાર કરવા [illegible] તો શું હાલત થશે તે વિચાર ના [illegible] !

✳ હે જીવ ! 'મારે તરવું છે, મારે બચવું છે, તારી જાતને બચાવવી છે' આવા ગાના તો તું સૂફીયાણોથી બીજાની આગળ ગાય છે. પણ એકાન્તમા તારી જાત સાથે પ્રેમથી વાત કરી કે-આ સંસારની અસારતા, લક્ષ્મીની ચંચલતા,

આયુષ્યની અસ્થિરતા, સ્નેહીઓની સ્વાર્થ પરાયણતા, કષાયોની કુરતા, વિષયોની વિષમતા, કર્મની ગહનતાથી મારા આત્માની હાલત કેવી દયામણી, શોચમય બની છે. આ બધાના પનારે પડેલા મેં મારી જાતને જ ઘણું નુકશાન કર્યું. લાભના ધંધાને બદલે નુકશાનીનો ધંધો કર્યો. જો હવે જાતને બચાવવી હોય તો શરીર-કુટુંબ-પૈસા ટકાદિના મમત્વભાવને દૂર કરી, પાપારંભોથી બચી, એક માત્ર આત્મકલ્યાણકર ધર્મની આરાધના કર. જેથી તારી ફતેહ થાય.

✳ હે ચેતન ! તું એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે. તારું કોઇ નથી તેમ તું પણ કોઇનો નથી. 'હું અને મારું-મારું' કરી ફોગટ મૂંઝાવ નહિ. 'અહં મમ' આ ચાર અક્ષરી સંસારનો મંત્ર છે. આ સંસારમાં કોઇ કોઇનું નથી. બધા જ સ્વાર્થના સગા છે. જ્યાં સુધી તારાથી બીજાનો સ્વાર્થ સરતો રહેશે ત્યાં સુધી તે બધા તને પંપાળશે, ફુલાવશે, ચઢાવશે 'તમારા વિના તો અમે રહી જ નહિ શકીએ' તેમ કહેશે. પણ જે દિવસે તું કામનો ન રહ્યો તે દિવસે ચૂસાઇ ગયેલી કેરીના ગોટલાની જેમ તને ક્યાંય નાંખી દેશે કે તું શોધ્યો પણ નહિ જડે. તારા નામ પર ધુત્કાર કરશે. શું તને આ બધાનો અનુભવ નથી ? જો અનુભવ છે તો શા માટે મારું મારું કરી મૂંઝાય છે, પાગલ બને છે. જે પત્નીને પ્યારી માને છે તે પણ તારા પડકા ક્યાં સુધી સેવશે ? છોકરાને તારા માને છે તે પણ પાંખ આવી અને ઉડી ગયા પછી તને પાણીનો ભાવ પણ નહિ પૂછે. માટે મોહાંધતાનો ત્યાગ કર. તારું શું છે તેનો વિચાર કર. એક માત્ર તારો આત્મા જાતે તારા આત્માના ગુણો, તેમાં સહાયક સામગ્રી તે જ તારી છે. તે વિનાનું કશું તારું નથી. 'નાહં ન મમ' આ પાંચ અક્ષરી મોહને મારનાર મંત્રનો જાપ કર તો તારો બેડો પાર અને મોક્ષ તારા હાથમાં.

✳ ઓ મારા મનના માનીગર ચેતનજી ! જરા સ્વસ્થ થઇ શાંતચિત્તે વિચારો. હું તમારી કામણગારી કામિની તમારા પાય પડી વિનવું છું કે-લોકસંજ્ઞાની હેલીમાંથી બહાર આવો. તમારા ચિત્તને નીહાળો. તમારા આતમરામને ઢંઢોળો. રોજ તમારા જ સોહણામાં રાચતી મને એક અબળા માની મારી વાતને દૂર ન હડસેલો. ગમે તેમ પણ હું તમને જ વરી છું તમારા જ પડખા સેવું છું. લાડી-વાડી-ગાડીની પાછળ પાગલ બની, અઢારે પાપસ્થાનકોને સેવી મેળવેલો તમારો સઘળો વૈભવ-વિલાસ અહીં જ રહેવાનો છે. તમારા મરણ બાદ માત્ર પુણ્ય-પાપના બે પોટલાં જ તમારી સાથે આવશે. લોકોની હાયથી, લોહી ચૂસી મેળવેલો વૈભવ સ્વાર્થી કુટુંબી ભોગવશે અને તારે તો માત્ર તેને મેળવવા કરેલાં પાપોના ફળનો ભોગવટો કરવો પડશે. તારા દુઃખમાં તારો કોઇ સ્નેહી-સંબંધી પણ ભાગ પડાવવા નહિ આવે. તારા મડદા પર પણ મજેથી ચા-ચેવડાનો ટેસ્ટ કરશે અને તારા વીલના ચૂરેચૂરા કરશે.

માટે મારી વિનંતિ સ્વીકારી હજી ચેતાય તો ચેતો. જ્ઞાન પ્રકાશથી ઝગમગતો માનવ જન્મ પામી ક્યાં સુધી અજ્ઞાનના અંધકારમાં અથડાવું છે ? પુણ્ય યોગે મળેલા જ્ઞાની સદ્ગુરુનો સંગ કરી સમ્યગ્જ્ઞાનની પાવની ગંગામાં સ્નાન કરી પાપોથી ખરડાયેલા અને મલીન બનેલા તારા આત્માને નિર્મલ કર. ને તારો જન્મ સુધાર. બહેરા કાને જ વાત સુણીશ તો તારી દશા ભૂંડી થશે. મારા બેહાલ થશે...

✳ મારા પ્યારા પિયુજી ! આતમરાજા ! તમો જો હવે જાગ્યા છો તો જાગરણને સફળ બનાવવા જીવનમાં કરેલાં સત્કાર્યોની સાચા ભાવે અનુમોદના કરો, અજ્ઞાનથી-મોહાધીનતાથી-રાગાદિની પરવશતાથી પાગલ બની જીવનમાં કરેલા અશુભ કાર્યોની, ફરી નથી કરવાંના દૃઢ નિશ્ચયથી હૈયાથી પશ્ચાત્તાપ કર, શ્રી અરિહંત દેવાદિનું સાચા ભાવે શરણું સ્વીકાર. આ સંસારમાં તેઓ જ અનાથોના નાથ છે, સાચા બંધુ છે, સાચા તારણહાર છે, સાચા રક્ષણહાર છે. નાનું બાળક માતાની ગોદને સલામતી માની તેનું શરણું સ્વીકારે તેવા જ ભાવથી પરમાત્માનું શરણું સ્વીકાર. અને હવે આજથી નક્કી કર કે, ગમે તેવી પરિસ્થિતિ સંયોગોમાં ધર્મને છોડીશ જ નહિ, મારા પ્રાણ કરતાં પણ ધર્મને પ્યારો-કિંમતી માનીશ. કદાચ ધર્મ ઓછો-વધતો થાય તેની ચિંતા ના કરતા પણ અધર્મનો ઓછાયો અભડાવી ન જાય તેની કાળજી રાખજો. જો આમાં ભાન ભૂલ્યો તો ભવોભવ રૂલવું પડશે. મારાથી આ તારક શાસન છે તેમ ભૂલે ચૂકે ના માનતા પણ તારક શાસનથી જ હું છું. આવા તારક શાસનની સેવા નહિ કરો તો શાસનને જરા પણ નુકશાન નથી, જાતને જ નુકશાન થવાનું એવું જે ક્યારે ભરપાઇ કરાશે તે જ્ઞાની જાણે. માટે હવે તમો જાગો...જાગો... આરાધનાના કુમકુમ પગલાથી અમારું આંગણું પાવન કરો.

# બંધુદત્તની કથા

*(ગયા અંકથી ચાલુ...)*

તું આવાં દુર્વચનો બોલવાથી મરીને બકરો થયો. પૂર્વ કર્મના દોષથી તારી જીભ કુંઠીત થઇ, ત્યાંથી મરીને તું શિયાળ થયો. જીભ સડી જવાથી મૃત્યુ પામીને સાકેતનગરમાં રાજમાન્ય વેશ્યાને ત્યાં પુત્રપણે જન્મ થયો. યુવાન થતાં મદિરાપાનથી ઉન્મત્ત થએલો તું રાજમાતા પર આક્રોશ કરવા લાગ્યો. રાજપુત્રે તને વાર્યો, તેને પણ તું ઉચ્ચસ્વરે આક્રોશ કરવા લાગ્યો. તેથી રાજપુત્રે તારી જીભ છેદી નાખી. તું લજ્જા પામી અનશન કરી મૃત્યુ પામી આ ભવમાં બ્રાહ્મણપુત્ર થયો. હજુ પણ પૂર્વ ભવનું થોડું કર્મ ભોગવવાનું બાકી છે. એટલે આવું બોલે છે. આ સાંભળી મને વૈરાગ્ય થયો અને સંન્યાસી બન્યો. ગુરૂસેવામાં તત્પર બનવાથી ગુરૂએ મને તલોદ્ઘાટીની વિદ્યા સાથે આકાશગામીની વિદ્યા આપી કહ્યું કે ધર્મ અને શરીરના રક્ષણ સિવાય આ વિદ્યાનો ઉપયોગ કરવો નહિ. પ્રમાદથી અસત્ય બોલી જવાય તો નાભિ સુધી જળમાં રહી ઉંચા હાથ કરી આ બે વિદ્યાનો એક હજારને આઠ વાર જાપ કરવો. વિષયની આશક્તિથી ગુરૂશિક્ષા ભુલી ગયો. મેં અનેક વિપરીત કાર્યો કર્યા ઘણી વખત મૃષા બોલ્યો તેનું પ્રાયશ્ચિત પણ કર્યું નહિ. એક રાત્રે સાગર શ્રેષ્ઠિના ઘરમાં ચોરી કરીને બહાર નિકળતાં રાજસેવકોએ મને પકડી લીધો. તે વખતે મે આકાશગામિનિ વિદ્યા સંભારી પણ યાદ આવી નહિ. આ બધું સાંભળ્યા પછી મંત્રી એ કહ્યું કે "તે ચોરેલી બધી વસ્તુ મળી પણ તાંબાનો ઘડો કેમ ન મળ્યો. તેણે કહ્યું 'જ્યાં મેં દાટયો હતો ત્યાંથી કોઇ લઇ ગયો લાગે છે. આ સાંભળી મંત્રીએ સંન્યાસીને છોડી મુકયો અને મામ ભાણેજને બોલાવી કહ્યું કે તમે સાચી વાત કરશો તો તમને પણ છોડી દેશું. તેઓએ યથાર્થ હકીકત કહેતા તેઓને પણ છોડી દીધા. ત્યાંથી તેઓ બન્ને આગળ ચાલ્યા તો રસ્તામાં ચંડસેનના માણસો બલીદાન માટે પુરૂષોને શોધતા હતા. તે બન્ને મામા ભાણેજ ને પકડી ચંડસેન પાસે લઇ ગયાં. ચંડસેન દાસી અને પુત્ર સહિત પ્રિયદર્શનાને લઇને ચંડસેન દેવી પાસે આવ્યો. પ્રિયદર્શના બલીદાન જોઇ શકશે નહિ તેમ ધારી તેની આંખે પાટા બાંધી પુત્રને લઇને બલીદાન દેવા માટેના એક પુરૂષને તેડાવ્યો. દૈવયોગે પ્રથમ બંધુદત્તને જ લાવવામાં આવ્યો. ચંડસેને પ્રિયદર્શનાને કહ્યું કે દેવીની પૂજા કરો. પ્રિયદર્શના વિચારવા લાગી કે મારા માટે દેવીને પુરૂષનું બલીદાન અપાય તે ઠીક નથી. બંધુદત્ત મોટેથી નવકારનું સ્મરણ કરવા લાગ્યો.

તેના શબ્દો પતિના જેવા લાગતાં પ્રિયદર્શનાએ પાટા છોડી જોયું તો બંધુદત્ત હતો. તેથી ચંડસેનને કહ્યું કે, 'હે ભાઇ ? તમારી પ્રતિજ્ઞા સત્ય થઇ આ તમારા બનેવી બંધુદત્ત જ છે. પછી ચંડસેન બંધુદત્તને પગે પડ્યો અને ક્ષમા માંગવા લાગ્યો. બંધુદત્તે હર્ષ પામી પ્રિયદર્શનાને ઉદ્દેશી કહ્યું કે "આપણો મેળાપ કરાવનાર ચંડસેનનો કંઇ પણ અપરાધ નથી. ઉલટા આપણા ઉપગારી થયા છે. પછી બંધુદત્તે ચંડસેનને કહીને બલીદાન માટે લાવેલા બધાં પુરૂષોને છોડી મુકયા. ચંડસેનને પુછ્યું કે તમે આવું કામ કેમ કર્યું ? ચંડસેને દેવીની માનતાની બધી હકીકત કહી. ત્યારે બંધુદત્તે કહ્યું કે 'દેવીની પૂજા જીવતાઘાતથી થાય નહિ, પણ પુષ્પાદિકથી કરવી જોઇએ. આજથી જતમે હિંસા, જૂઠ, ચોરી, પર સ્ત્રી અને પર ધનનો ત્યાગ કરો. ચંડસેને તેનું કહેવું કબુલ કર્યું. એટલે દેવી પ્રત્યક્ષ થઇ બોલી કે "હવે તમે બધા બંધુદત્તના કહેવા મુજબ મારી પુષ્પથી પૂજા કરજો. આ સાંભળીને ઘણા જીવો ભદ્રક પ્રકૃતિવાળા બની ગયા.

પ્રિયદર્શનાએ બાળપુત્ર બંધુદત્તને અર્પણ કર્યો. બંધુદત્તે તે પુત્ર પોતાના મામા ધનદત્તને આપ્યો અને પ્રિયદર્શનાને મામાની ઓળખાણ આપતાં તે લાજ કાઢી મામાને પગે લાગી. ધનદત્તે આશીષ આપી પુત્રનું નામ બાંધવાનંદ પાડ્યું. ચંડસેને બધાને પોતાને ત્યાં લઇ જઇ ભોજન કરાવ્યું અને તેમનું લુંટી લીધેલું ધન પાછું અર્પણ કર્યું. તેમ જ ચિત્રકનું ચર્મ ચમરી ગાયના વાળ, હાથીદાંત, મુક્તા ફળ વગેરે ભેટ આપ્યાં, બંધુદત્તે કેદ કરેલા બંધુઓને છોડાવી દાન આપી વિદાય કર્યા અને મામાને પણ ઘણું દ્રવ્ય આપી તેમના ઘરે પહોંચાડી દીધા-પછી ચંડસેનને સાથે લઇ પુત્ર અને પત્નિ સહિત બંધુદત્ત પોતાના નગર નાગપુરીમાં આવ્યો. રાજાએ હાથી પર બેસાડી તેનો નગર પ્રવેશ કર્યો. પુષ્કળ દાન આપતો બંધુદત્ત પોતાને ઘેર આવ્યો.

ભોજન કર્યા પછી બંધુઓને પોતાનો સર્વ વૃતાંત

જણાવ્યો અને કહ્યું કે જૈનધર્મ ના પસાયે હું સુખી થયો છું. તેમ તમો બધા પણ જૈન ધર્મ પાળી સુખી થાઓ. ચંડસેનનું સારૂ સન્માન કરી વિદાય કર્યા પછી પોતે બાર વર્ષ સુધી સુખમાં રહ્યો. એક વખતે પાર્શ્વનાથ પ્રભુ વિહાર કરતાં તે નગરીમાં સમોવસર્યા. બંધુદત્તને વધામણી મળતાં સપરિવાર પ્રભુના દર્શનાર્થે આવ્યો. પ્રભુની દેશના સાંભળી બાદ પોતાને બે વખત બંદિવાન થવું પડ્યું પત્નિનો વિરહ પડ્યો. અને મારી સ્ત્રી પરણતાં જ કેમ મૃત્યુ પામી તે પુછતાં પ્રભુએ તેનો પૂર્વભવનીચે મુજબ કહી બતાવ્યો. પૂર્વ ભવે તું શિખાસન નામે ભિલ્લપતિ હતો અને પ્રિયદર્શના તારી શ્રીમતી નામે પત્નિ હતી તું હિંસા કરનાર અને વિષયાધિન હતો. એક વખત કેટલાક સાધુઓ માર્ગ ભુલી જવાથી ત્યાં આવ્યા. તેમને જોઈને તને દયા આવી. શ્રીમતીએ તને કહ્યું કે "તમે ફળાદિનું ભોજન કરાવી તેઓને માર્ગે ચઢાવો. તે ફળ લાવી મુનિઓને આપવા માંડયાં. મુનિઓએ કહ્યું આવા સચિત ફળો અમારે લેવાય નહિ. પરંતુ બી વિનાનાં બે ઘડી પછી અચિત થએલાં લઈ શકાય. પછી તેં નિર્દોષ આહાર પાણી વહોરાવી માર્ગ બતાવ્યો. તેઓએ તને ભાવ માર્ગ આપવા પંચ પરમેષ્ટિ નવકાર મંત્ર આપ્યો અને કહ્યું કે પાક્ષીક પૌષધ કરી એકાંતે આ મંત્રનું ધ્યાન કરવું.

તે વખત કોઈ તારો દ્રોહ કરે તો પણ તેના પર ક્રોધ કરવો નહિ. તેં તે મુજબ ધર્મ સ્વીકાર્યો. એક વખત તું તે મંત્રનું સ્મરણ કરતો હતો તેવામાં ત્યાં એક કેશરીસિંહ આવ્યો. તેને જોઈ શ્રીમતી ભય પામી. તેં તારી સ્ત્રીને કહ્યું કે 'ભય પામીશ નહિ' એમ કહી ધનુષ ગ્રહણ કર્યું. શ્રીમતીએ તેં લીધેલ નિયમને સંભારી આપ્યો તેથી તું મૌન અને સ્થિરપણે ત્યાં ઉભો રહ્યો. સિંહ તમારા બન્નેનું ભક્ષણ કરી ગયો તમો બન્ને સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી તું અપર વિદેહ ક્ષેત્રમાં ચક્રપુરીના રાજા કુરૂમૃગાંકની બાલચંદ્રા રાણીથી પુત્રપણે ઉત્પન્ન થયો. તારૂં શબરમૃગાંક નામ પાડ્યું. શ્રીમતી તારા મામાની દીકરી વસંતસેના નામે થઈ. વસંતસેના સાથે તારૂ લગ્ન થયું તારો પિતા તાપસ થયો પછી તું રાજા થયો. તે જ વિજયમાં જયપુર નગરનો વર્ધન નામે રાજા મહાપરાક્રમી હતો. તેણે તને કહેવરાવ્યું કે "તું મારો ખંડીઓ રાજા બની તારી સ્ત્રી વસંતસેના મને સોંપી રાજ્ય કર નહિતર યુદ્ધ કરવા તૈયાર થા. તમારૂ બન્નેનું ભયંકર યુદ્ધ થયું. વર્ધન રાજા પરાભવ પામી નાસી ગયો પણ બીજો તત્પ નામનો બળવાન રાજા તારા પર ચઢી આવ્યો. તેણે તારી સેનાની સાથે તને પણ મારી નાખ્યો. રૌદ્ર ધ્યાનથી મરીને તું છઠ્ઠે નરકે ગયો. તારી સ્ત્રી અગ્નિપ્રવેશ કરી મરી ગઈ. તે પણ નરકમાં ગઈ.

ત્યાંથી નીકળી તું પુષ્કરદ્વીપના ભરતક્ષેત્રમાં નિર્ધન કુળમાં ઉત્પન્ન થયો. વસંતસેના નરકમાંથી નીકળી ઘણા ભવ ભમી તારી સ્ત્રી થઈ. તમો બન્નેએ સાધ્વીઓને શુદ્ધ આહાર પાણી વહોરાવ્યાં. બાલચંદ્રા ગણિની પાસે શ્રાવક ધર્મ અંગીકાર કરી આરાધનાપૂર્વક મૃત્યુ પામી પાંચમા દેવલોકમાં નવસાગરોપમના આયુષ્યવાળા તમો બન્ને દેવ થયા. ત્યાંથી ચ્યવી તમો બન્ને અહિં ઉત્પન્ન થયા છો. ભીલ્લના ભવમાં તિર્યંચ પ્રાણીઓનો વિયોગ કરાવ્યો હતો. તેની અનુમોદના તારી સ્ત્રીએ પણ કરી હતી. તેથી આ ભવમાં પરણેલી સ્ત્રીનો વિનાશ, વિરહ, બંધન અને દેવીના બલીદાન વગેરે વેદના પ્રાપ્ત થઈ છે. બંધુદત્તે પોતાના પૂર્વ ભવોનું વર્ણન સાંભળી ફરી પ્રભુને પુછ્યું કે "હવે પછી અમારી શું ગતિ થશે અને કેટલા ભવ કરવા પડશે," પ્રભુએ કહ્યું કે "તમે બન્ને અહિંથી મૃત્યુ પામી સાતમા દેવલોકે દેવપણે ઉત્પન્ન થશો. ત્યાંથી ચ્યવીને તું પૂર્વ વિદેહમાં ચક્રવર્તી થઈશ. આ સ્ત્રી તારી પટ્ટરાણી થશે, તે ભવમાં ચિરકાળ સુધી વિષયભોગ ભોગવી દીક્ષા લઈને કેવળ જ્ઞાન પામી મોક્ષે જશો. આ સાંભળી બંધુદત્તે પ્રિયદર્શના સાથે તત્કાળ દીક્ષા ગ્રહણ કરી.

પાર્શ્વનાથ પ્રભુ ત્યાંથી વિહાર કરી નવનિધિના સ્વામી એવા રાજાના નગરમાં સમોસર્યા. વધામણી મળતાં રાજા વંદન કરવા આવ્યો. પ્રભુની દેશના સાંભળી તેણે પૂછ્યું કે, પૂર્વ જન્મના ક્યા કર્મથી હું આવી સમૃદ્ધિ પામ્યો ? પ્રભુએ કહ્યું કે, પૂર્વે મહારાષ્ટ્ર દેશમાં હેલ્લુર ગામે તું માળી હતો. પુષ્પો વેચીને તું ઘેર જતો હતો ત્યાં રસ્તામાં કોઈ શ્રાવકને ત્યાં અર્હંતની પ્રતિષ્ઠા થતી હતી તે જોવા તું તેના ઘરમાં પેઠો. અર્હંતનું બિંબ જોઈ તું છાબડીમાં ફુલ શોધતાં નવપુષ્પો હાથમાં આવ્યાં. તે પુષ્પો તેં ઘણા સારા ભાવથી પ્રભુને ચઢાવ્યાં. એક વખતે તે પ્રિયંગુવૃક્ષની મંજરી લઈને રાજાને ભેટ ધરી. તેથી પ્રસન્ન થએલા રાજાએ તને પ્રધાનની પદવી આપી. ત્યાંથી મૃત્યુ પામી તું એલપુર નગરમાં નવ લાખ દ્રવ્યનો સ્વામી થયો. ત્યાંથી મૃત્યુ પામી તેજ નગરમાં નવકોટિ દ્રવ્યનો સ્વામી થયો. ત્યાંથી મૃત્યુ પામી સ્વર્ણ પથનગરમાં નવ લાખ

સુવર્ણનો સ્વામી થયો. ત્યાંથી મૃત્યુ પામી તેજનગરમાં તું નવ કોટી સુવર્ણનો સ્વામી થયો. ત્યાંથી મૃત્યુ પામી રત્નપુર નગરમાં નવ લાખ રત્નનો અધિપતિ થયો. ત્યાંથી મૃત્યુ પામી તેજનગરમાં નવ કોટી રત્નનો સ્વામી થયો. ત્યાંથી મૃત્યુ પામી તું વાટીકાનગરીમાં વલ્લભ નામે રાજાનો પુત્ર તું નવ લાખ ગામનો અધિપતિ થયો. ત્યાંથી મૃત્યુ પામી તું આ ભવમાં નવનિધિનો સ્વામી થયો છે. હવે અહિંથી અનુત્તર વિમાને ઉત્પન્ન થઈશ. પ્રભુની આવી વાણી સાંભળી રાજાના મનમાં અત્યંત શુભ ભાવના ઉત્પન્ન થઈ. તેથી તત્કાળ તેણે પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. ઉપરાઉપરી મનુષ્યના સાત ભવ થાય અને આઠમો થાય તો યુગલીકનો થાય. માટે અહિં વચમાં દેવના ભવ થવા જોઈએ, તેમ સમજી લેવું જેથી પરસ્પર વિરોધ વચન ન આવે. આ કથાની મતલબ કે જિનપૂજાથી જીવ ઉતરોત્તર ઉંચામાં ઉંચું સુખ પામી છેવટે અપવર્ગને સાધે છે.

*(સમાપ્ત)*

## ઘર વંઠ્યું ત્યાં ભગતડું પેઠું

✍……. કુ. મિતલ શાહ

### રશિયન કહેવતો

- ◆ જેવું રાંધો તેવું જમો.
- ◆ માથું અફાળવાથી કાંઈ ભીત ન તુટે.
- ◆ જીભ લપસે તેના કરતાં પગ લપસે તે સારું.
- ◆ જ્યાં જે પાતળું ત્યાં તે ઝટ ફાટે.
- ◆ કામ શરૂ કરતાં પહેલાં પોતાના વખાણ ન કરો, કામ પૂરું થાય પછી કરજો.
- ◆ ઈંડું મરઘીને કશું શીખવી ન શકે.

### આયરીશ કહેવતો

- ◆ લગ્ન તો બધાં સુખી જ હોય છે, મુશ્કેલી શરૂ થાય છે સવારે નાસ્તો કરવા સાથે બેસો ત્યારથી.
- ◆ ભેટ લેતાં વખતે, એક નિસાસો નાખવાનું ભૂલશો નહિં. ઘણાખરા લોકો ભેટના બદલાની આશા રાખતાજ હોય છે.
- ◆ સાંકડા મોંવાળી બાટલી ઝટ ખાલી થતી નથી.
- ◆ ઘડો ભલે ગમે તેટલી વાર પાણી પાસે જાય, એક દિવસ તો તે તુટવાનો જ.
- ◆ અખરોટ ખાતાં પહેલા તેને તોડવાની મહેનત કરવી પડે.
- ◆ ધીરજ રાખવાથી ઘણી મુશ્કેલી આપોઆપ દૂર થાય.
- ◆ મરેલા સિંહ કરતાં જીવતો કૂતરો સારો.
- ◆ ગરીબીને આવતી જોઈ ભલભલા દોસ્તો પણ ભાગી જાય છે.
- ◆ અભિમાનની પાછળ પાછળ આવે છે પતન.
- ◆ દર્દી મરી થયા પછી ડૉકટરને બોલાવવાથી શો ફાયદો ?
- ◆ પસ્તાવો કરવાનું કામ ક્યારેય કાલ પર ન રાખવું.
- ◆ જે માણસ તમને એક ખાનગી વાત કહેવા આવે છે, તે ખરેખર તો તમારી પાસેથી બે ખાનગી વાત જાણવા આવ્યો હોય છે.
- ◆ મોટા માણસની ખુરશીમાં બેસવા કરતાં તેની બાજુની ખુરશીમાં બેસવું વધું સારું.
- ◆ તમારી જીભ તમારું ગળું ન કાપે તેનું ધ્યાન રાખવું.
- ◆ માંદા માણસની હાજરીમાં મોત વિશે વાત ન કરાય.

### અફઘાન કહેવતો

- ◆ તમે ભલે તમારું ગામ છોડો, ગામ તમને છોડે નહિ એ જોજો.
- ◆ આંધળો ઝવેરી હીરા અને પથરાનો ભેદ કઈ રીતે કરે ?
- ◆ મા-દીકરીના ઝગડામાં ક્યારેય બીજાએ વચ્ચે પડવું નહિં.
- ◆ કાગડો હોય છે તો હોશિયાર, પણ તે ખાય છે કેવું ?
- ◆ તમારા પગમાં જેટલી તાકાત હોય તેનાથી વધુ આશા આંખમાં ન રાખવી.

### ગુજરાતી કહેવતો

- ◆ કામ કરે કોઠી ને જશ પામે જેઠી.
- ◆ કણબીની મત થોડી, બળદ વેચીને લીધી ઘોડી.
- ◆ કૂવો વંઠચો ત્યાં કબૂતર પઠું, ઘર વંઠચું ત્યાં ભગતડું પેઠું.
- ◆ કરવી ખેતી તો જોડ ગાડું, કરવી વઢવાડ તો બોલ આડું.
- ◆ ખાતરના ગાડા સાથે ચોકીદાર ન શોભે.
- ◆ ખીચડી હલાવી બગડે ને દીકરી લડાવી બગડે.
- ◆ ખરી ખોટી ખુદા જાણે, મફતનો ભાર મૂલ્લા તાણે.
- ◆ ગધેડી ગંગા નહાય તોય ગાય ન કહેવાય.
- ◆ ઘોડી - જોબન દસ વર્ષ ને ગદ્ધા - જોબન પચ્ચીસ.
- ◆ હાથનાં કર્યાં હૈયે વાગ્યાં.
- ◆ પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિં.
- ◆ પહેલું સુખ તે જાતે નર્યા.
- ◆ ભરમ ભારી ને ખિસ્સા ખાલી, માગવી ભીખ ને રાખવા થોભા.
- ◆ આપ મૂઆ વિના સ્વર્ગે જવાય નહિ.
- ◆ કૂકડા વિના ય વહાણું વાય.
- ◆ ધીરજના ફળ મીઠાં. ◆ વા વાયા ને નળિયું ખસ્યું.
- ◆ ઘેર ઘેર માટીના ચૂલા. ◆ એક સાંધતા તેર તૂટે.
- ◆ ગઢનો ગોલો બધે પૂજાય. ◆ ગાય દોહીને કૂતરી પાવી.
- ◆ પાડાને વાંકે પખાલીને ડામ.

*(શાસન પ્રગતિ)*

# બહુરૂપી

મેવાડની હરિયાળી ભૂમિ પર, અરવલ્લીની આભ ઊંચી ગિરિમાળાની પડખે,એક નાનીશી ટેકરી આવેલી છે. મેવાડની વીરભૂમિ પર હજારો શહીદોનાં ને સતીઓનાં સ્મારકો ખડાં છે, પણ આ ગરીબ નાનીશી ટેકરી પોતાના સાદા વૈભવથી નોખી તરી આવે છે. અને સહુ 'મનવા ભાણની ટેકરી' કહે છે. પણ મનવો ભાણ કોણ ને એની ટેકરી એટલે શું – એનો કોઈ ખુલાસો કરતું નથી. ઈતિહાસ ચૂપ છે. પુરાતત્ત્વના જાણકારોને એના નામવાળો એકે પથરો – પાણો મળ્યો નથી.

**'નૂરઅલી શેઠ ! તમે મારા સાચા દોસ્ત છો. હવે તો પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ. એવું થયું છે.' –નથમલજી**

ફકત ત્યાં આજુબાજુ વસેલાં ઝૂંપડાનાં વાસીઓ અને પોતાનો માલ લઈને પડેલા નેસના રબારીઓ એના વિષે પૂરેપુરું જાણે છે. આપણે પૂછીએ તો તેઓ તરત પોતાની મોરપીંછવાળી પાઘડી હવામાં ડોલાવતા કહે છે : 'અરે, મનવા ભાણની કથા અમે જાણીએ છીએ. ભાણ નહિ પણ ભાંડ–બહુરૂપિયો, એ મનવા ભાંડને અમારા દાદાબાપુએ નજરોનજર નિહાળ્યો હતો.'

'કો હતો એ ભલા ?'

'દુનિયા આખીની નકલ કરનારો. પણ સહુની નકલ કરતાં કરતાં એક દહાડો એ અસલ થઈ ગયો –ભમરીનું ધ્યાન કરતાં કીડો ભમરી થઈ જાય તેમ. હતો તો સાવ પિત્તળ, પણ એને કોઈ અજબ રસાયન લાધી ગયું ને સો ટચનું સોનું બની ગયો. ઘંટીએ બેઠેલી ગોવાલણ રોજ એ ગીત ગુંજે છે. રસ્તે જતી મહિયારણને કોઈ વૃક્ષ–ઘટા નીચે વિશ્રામ લેતી જુઓ, તો જાણજો કે એ ત્યાં ઊભી ઊભી મનવાનું જ ગીત ગણગણતી હશે ! પણ તમે તો રહ્યા શહેરી–અમારી દુનિયાથી દૂર ! અમારાં જંગલી ગીતોમાં તમને શો સ્વાદ !

'ભાઈ, અમને મનવા વિષે જે જાણવા હો તે કૃપા કરીને કહો !'

વડો ગોવાળિયો લહેરમાં આવી ગયો. એણે બંસી કેડે ખોસી ; મૂછે તાવ દીધો ને ખોંખરો ખાઈ વાત શરૂ કરી. એણે જે વાત કરી તે અહીં ઉતારીએ છીએ :

(૨)

મનવો ભાણ મેવાડનો જાણીતો બહુરૂપિયો હતો, એને ત્યાં સાત પેઢીથી આ વિદ્યા ઊતરી આવી હતી. બાપીકી કળામાં મનવો પાવરધો બન્યો હતો. જે વેશ લેતો એને અનુરૂપ બની જતો, એને યોગ્ય ભાષા બોલતો. નિશાળ તો એણે કયાંથી દીઠી હોય. પણ ગમે તે ભાષા કહો ને – મેવાડી, મરાઠી, મરાવાડી, હિંદી, અરબી, ગુજરાતી – એ ચપચપ બોલે, વેશ પણ અજબ અજબ લે. કોઈ દહાડો સિદ્ધ સંન્યાસી વેપારી, તો કોઈવાર વણજારો. તો કોઈવાર મહાકાલી કે ભૈરવ થાય. વાઘના કે વાનરના વેશ તો એના જ. જે વેશ લે, જે નકલ કરે, એ અસલને પણ ઝાંખું પાડે એવી. એ હતો તો નકલ કરનારો, પણ રૂપકળાનો સ્વામી હતો.

એક વાર એક ગામના ઠાકોરને જાચવા ગયો. જુવાનીનું જોમ કોઈવાર વિવેક ભૂલી જાય છે. એણે ખુદ એ ઠાકોરનો જ વેશ કાઢયો. એ જ મુગટ, એ જ હીરચીરના વાઘા ! બનીઠનીને એ રાજા જે અબલખ ઘોડો વાપરતા, એવા અશ્વ પર ચઢયો. ચઢીને દરવાજે આવી ઊભો રહ્યો ને ખોંખારો ખાધો. દરવાને રાજાજીની સામે જોયું ને નમસ્કાર કરીને દરવાજો ખોલી નાખ્યો.

રાજાએ તો ઘોડો સીધો રાજમહેલનાં પગથિયાં સુધી હાંકયો ને ચડપ લઈને છલાંગ મારી નીચે ઊતર્યા. તરત ચોપદાર આવ્યો. રાજાજીએ ઘોડાને ચારો નીરવા હુકમ કર્યો. પછી તેણે ખજાનચીને બોલાવ્યો. ખજાનચીને રૂકથી કહ્યું કે 'રાતોરાત ખજાનાની સિલક મેળવી સવારમાં રૂપિયા, આના, પાઈ સાથે આંકડા રજૂ કરો. કામ સમયસર પુરું ન કર્યું તો

પછી તમે છો ને હું છું."

ખજાનચી તો બીકનો માર્યો, વધુ વિચાર કર્યા વગર, તરત ખજાના ઉઘાડીને કામે લાગી ગયો. પછી રાજાજીએ રાણીને બોલાવ્યાં અને કહ્યું કે, 'પહાડની ગાળીમાં વાઘ ભરાયો છે. આજ રાત ત્યાં ગાળીશ. વાઘ મારીને સવારે આવીશ.

રાણી કહે : 'નાથ, આવી સુંદર રાત.... ને તમે જશો ?' પણ રાજાજી કંઈ સાંભળ્યા વગર ઘોડે ચડી ચાલી નીકળ્યા. ક્ષત્રિયપૂતર કોનું નામ !



આમ મનવો ભાણ વેશ ભજવીને ગયો ને થોડીવારે બહાર ગયેલા ઠાકોર ખુદ આવ્યા. દરબારગઢની દેવડીએ આવી ખોંખારો ખાધો. દરવાન એમને તાકી રહ્યો. રાજા કહે : 'અલ્યા, આંખો ફાડીફાડીને શું જુએ છે?'

'હજુર, હમણાં ઘડી પહેલાં તો આપ અહીંથી બહાર ગયા છો.

'અરે મૂર્ખ, હું તો વીસ માઈલ ફરતો આંટો દઈને સાંજનો નીકળેલો અત્યારે આવ્યો છું. તને અફીણનો અમલ વધુ ચઢ્યો લાગે છે.' અને ઠાકોર અંદર ગયા. ચોપદાર સુવાની તૈયારી કરતો હતો, ત્યાં તેણે ઘોડાની હણહણાટી સાંભળી, ઠાકોર આટલા જલદી પાછા ફર્યા જોઈને એને આશ્ચર્ય થયું. એણે આગળ આવીને ઘોડો ઝાલી લીધો. રાજાજી કહે : 'અલ્યા, ચાલીશ ગાઉનો પંથ ખેડીની જાનવર આવ્યું છે. ભૂખ્યું-તરસ્યું છે. ચારોપાણી બરાબર નીરજે.

ચોપદાર કહે : 'હજૂર ! આ અબલખ ઘોડાને તો મેં હમણાં જ ચારો પાણી નીર્યા છે. ચંદી ચઢાવી છે.'

રાજા કહે : 'અલ્યા, તમારા બધાંના મગજ ખસી ગયાં છે કે શું ?' ચોપદારના મનમાં થયું કે ઠાકોર છાંટોપાણી કરી આવ્યા લાગે છે. હશે, મોટા માણસ છે. વાઘને કોણ કહે કે તારું મોં ગંધાય છે ! બાકી મારે સગે હાથે હમણાં જ ચારોપાણી નીર્યા છે ! પણ અમીર પાસે ગરીબની તો ભલી ચૂપ !

રાજાજી આગળ વધ્યા, તો તિજોરીખાતામાં દિવાળી જેવો ઝગમગાટ જોયો. તેઓ તરત ત્યાં જઈને ઊભા. ખજાનચીને તો માથું ઊંચુ કરવાનો સમય ન હતો. રાત થોડી હતી, વેશ ઝાઝા હતા. રાજાજીએ ખજાનચીને હાક મારીને કહ્યું, 'આટલી રાતે આ શું માંડયું છે ?'

'હજૂર ! આપના હુકમની તાબેદારી !'

'કોનો હુકમ ? કેવો હુકમ ? શાનો હુકમ ?'

'હાજૂર ! આપે સવારે આખા ખજાનાનો હિસાબ રજૂ કરવાનું ફરમાન આપ્યું છે ને ! શું એટલી વારમાં વીસરી ગયા ? આપ વીસરી જાઓ તો પાલવે, પણ મારાથી હજૂરનો હુકમ કેમ વીસરાય !' ખજાનચીએ નમ્રતાપૂર્વક કહ્યું ને ઉમેર્યું : 'હજૂર ! સવાર થતાં કામ તો પુરું થઈ જ જશે. કદાચ કલાક બે કલાકની મહેતલ આપવી પડે !'

'હુકમની વાત સદંતર જૂઠી છે ! ખજાનચી, આ કામમાં તમારી કોઈ હાથચાલાકી છે. ' રાજાએ તલવારની મૂઠ પર હાથ મૂકતાં કહ્યું.

'હજૂર ! રાણીસાહેબા એનાં સાક્ષી છે !' ખજાનચીએ કહ્યું.

'તમે બધાં મને ગાંડો ઠેરવવા માગો છો કે શું ? બોલાવો રાણીજીને !'

થોડીવારમાં રાણી આવીને હાજર થયાં. આવતાંની સાથે જ એમણે કટાક્ષમાં કહ્યું. : 'કાં, વાઘ મારવાનું મુલતવી રાખ્યું કે શું ? તમે પુરુષો તો વાર્યા ન માનો, હાર્યા જ માનો.'

'વાઘ કેવો ને વાત કેવી ? હું તો વીસ માઈલ ફરતો ફેરો મારી હમણાં આવુ છું. પેલો ભૂખ્યો ને તરસ્યો ઘોડો તો જુઓ !'

'શું કહો છો ? કોણ ભૂખ્યો ને કોણ તરસ્યો. અરે.

અબલખ તો હમણાં ચારો ચરી, પાણી પીને, આપને લઈને ગયો છે. એક પ્રહર પણ પૂરો વીત્યો નથી !' રાણી બોલી, 'એ વેળા મેં પોતે આપને કહ્યું કે...'

'રાણી ! બધું જૂઠું ! નક્કી કોઈ ઈંદ્રજાળ ! કોઈ બનાવટ ! બોલાવો મંત્રી ચતુરસુજાણને ! આ વાતનો ભેદ શોધી કાઢે !'

મંત્રી ચતુરસુજાણ તેડાની સાથે આવીને ઊભા રહ્યા. એમણે બધી વાત સાંભળી. એકે એકનાં નિવેદન લીધાં. બધું સાંભળીને ઘડીભર એ પણ વિમાસણમાં પડી ગયા. આખરે એમણે ઢંઢેરો પિટાવ્યો કે જે કોઈ આનો ભેદ કહેશે, એને રાજાજી મોંમાંગ્યું ઈનામ આપશે.

બીજે દહાડે ભરી સભામાં મનવો હાજર થયો. એની સાથે એનો પુત્ર ચતુરો પણ હતો. મનવાએ કહ્યું : 'હજૂર ! હું બહુરૂપી છું. રાતે મેં જ આપનો વેશ કાઢેલો. હું ઈનામનો હકદાર છું !'

રાજાજીના મનમાં આ વાત ન બેઠી. એમણે કહ્યું : 'વાહ ! તેં મારો વેશ લીધો, પણ મારો અબલખ ઘોડો કયાંથી લાવ્યો ? શું તારી પાયગામાં એવો ઘોડો છે ?"

'હજૂર ! મારે પાયગા કેવીને ઘોડો કેવો ? રહેવા જર્રીપુરાણું એક ઘર પણ નથી.' મનવો બોલ્યો.

'વાત માનવામાં આવતી નથી. આજે રાતે મને ફરી તારો વેશ ભજવી બતાવ. ' રાજાએ હુકમ કર્યો. એ રીતે ફરી મનવો બનીઠનીને આવ્યો. એ જ અબલખ ઘોડો, એ જ રાજાજી, એ જ રોફ, એ જ અદબ ! એ જ સીનો ને એ જ સિક્કો ! અબલખ મનવાની રાંગમાં હણહણી રહ્યો છે. આવીને છલાંગ મારીને મનવો દેવડીએ ઊતર્યો. ચોપદારને બોલાવી ઘોડાને ચારો પાણી નીરવા ફરમાવ્યું. ઘોડો પણ બટક બટક ઘાસ ખાવા લાગ્યો.

રાજાજી તો આંખો ફાડીને જોઈ રહ્યાં. એક નોકરને પાયગામાં દોડાવ્યો ને જોવરાવ્યું કે પોતાનો વહાલો ઘોડો અબલખ ત્યાં છે કે નહિ ? નોકરે કહ્યું કે ઘોડો તો બાંધેલો છે. રાજાજી કંઈ સમજી ન શકયા. પૂરી ઈંદ્રજાળ ! એ દોડયા મનવા પાસે ! ત્યાં જાય ત્યાં તો બનાવટી પૂછડું દૂર નાખી, ઘોડાનું મહોરું અળગું કરી, મનવા ભાણનો પુત્ર ચતુર સલામ કરીને ઊભો રહ્યો. કહે 'ખમ્મા બાપુને.'

રાજાજી ખુશ થઈ ગયા. મનવાને પાંચસો રૂપિયા ઈનામમાં આપ્યા. આ વખતે રાણીએ કહ્યું : 'બહુરૂપિયો જરૂર કુશળ છે, પણ મર્યાદા જાણતો નથી, એણે સ્ત્રીજાતની મશ્કરી કરી. માટે અને દેશનિકાલ કરો.'

રાજાએ મનવાને ઈનામ આપી, પોતાના રાજમાંથી દેશનિકાલ કર્યો. મનવાએ એ દિવસથી સ્ત્રીજાતની મશ્કરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

આવાં તો લોકજીભે મનવાનાં અનેક પરાક્રમો ગવાતાં. એનો પુત્ર ચતુરો એક વાર વાઘનો વેશ લઈ ને જાચવા નીકળેલો. શિકારે નીકળેલા કોઈ રાજાએ એને સાચો વાઘ સમજી અચાનક ગોળી મારી દીધી. એ બિચારો મરણ પામ્યો. મનવાનો ગૃહસંસાર ભાંગી ગયો. એક વાર મનવો વાનરનો વેશ લઈને એક શેઠના બગીચામાં પેઠેલો. ચોકીદારે તીર મારી ઘાયલ કરેલો. પણ મનવો એ મનવો. લોકરંજનનો રાજા, સાજો થયો કે પાછો એનો એ.

(૩)

એક વાર આ મનવો ફરતો ફરતો એક શહેરમાં આવી પહોંચ્યો. આ શહેરમાં બે શેઠ બહુ જાણીતા. એક તો નથમલજી ગુલેચ્છા ને બીજા શેઠ નૂરઅલી. નથમલજી અને નૂરઅલી શેઠ વચ્ચે ગાઢી પ્રીત હતી. બંને મિત્રોને દિવસમાં એક વાર મળ્યા વગર ન ચાલે, ને વારપરબે એકબીજાની દિલ્લગી કર્યા વિના ચેન ન પડે. બંનેની હવેલીઓ વચ્ચે બહુ છેટું ન હતું.

મનવો આ શહેરમાં અરબ સોદાગરનો વેશ લઈને આવ્યો. સાથે એ એના ચામડાના ભારે પાકીટમાં ભરીને કંઈ રંગબેરંગી માળાઓ, મશરૂના રૂમાલો, પેશાવરની હિંગ ને બસરાનાં મોતી લાવ્યો.

સવારના પહોરમાં એ નથમલ શેઠની હવેલીએ જઈ ઊભો રહ્યો. એણે તો એવી છટાથી વાત કરી કે શેઠ અંજાઈ ગયા. એણે એને અંદર બોલાવ્યો, ગાલીચા પર બેસાડયો, વેપાર–વણજની વાત કરી, ને છેવટે સોદો નક્કી કરવા કાલ બજારમાં આવીશ, એમ કહી મનવાએ વિદાય લીધી.

*(ક્રમશઃ)*



# મહેમાન થતાં પણ આવડવું જોઇએ

**આ**જે મહેમાનો આટલા અળખામણા થઇ પડયા છે તેનું કારણ માણસને મહેમાન બનતાં આવડતું નથી તે છે તેમ કહેવું પડશે. સૌરાષ્ટ્રમાં એક પ્રચલિત વાત છે. આજે પણ તે ખૂબ જ બોધદાયક છે. એક ગૃહસ્થ તેમની મહેમાનગતિ માટે આખા પંથકમાં પંકાઇ ગયેલા. જે કોઇને પૂછો તે કહે- 'હા, તેઓ મહેમાનની ઉત્તમ આગતા- સ્વાગતા કરે છે. પણ એમાં એક જ મુશ્કેલી હોય છે. ગૃહસ્થ મહેમાનને ખૂબ સારી રીતે રાખવાના, પણ મહેમાન ત્રણ ચાર દહાડા રોકાઇને જયારે રજા માગે ત્યારે ગૃહસ્થ તેના માથા પર ખાસડું (પગરખું- બુટ) હળવેથી મારવાના! મારે એટલે વાગે એવું નહિં- જરાક માથા પર અડાડે.' એક માણસને આ વાત સાંભળીને નવાઇ લાગી. એને થયું કે આવા અતિથિપ્રેમી ગૃહસ્થ મહેમાનને જતી વખતે આવો ટુચકો શું કામ કરે છે તે જાણવું પડશે. નરી જિજ્ઞાસાવૃત્તિથી આ ભાઇ તો એ ગૃહસ્થના મહેમાન બન્યા. એક દહાડો, બે દહાડા, ત્રણ દહાડા રોકાયા. મહેમાનગતિ ઉત્તમ પ્રકારની હતી. માણસ ખુશ થઇ ગયો. એને થયું કે હવે વિદાય માગું અને ગૃહસ્થ જેવા પગમાંથી જોડો કાઢવા જાય એટલે પૂછી નાખું, 'શેઠ, તમારે જેટલાં ખાસડાં મારવા હોય તેટલાં મારવાની તમને છૂટ, પણ આ વાતનું રહસ્ય કહો. આટલી સરસ આગતા - સ્વાગતા કર્યા પછી મહેમાન તમારા માટે અંતરમાં ઊંચા આદરની લાગણી સાથે રવાના થવાની તૈયારી કરે છે ત્યારે તમે આવું અપમાન શું કામ કરો છો?'

પેલા માણસે ગૃહસ્થની વિદાય માગી. ગૃહસ્થે વધુ રોકાવા આગ્રહ કર્યો. પેલા માણસને તો જવું જ હતું. ગૃહસ્થે હાથ જોડીને રજા આપી. ખાસડું ના માર્યું! પેલા માણસે પૂછયું કે 'શેઠ, કંઇ વિધિ બાકી તો રહી જતી નથીને? તમે કંઇક ભૂલી તો જતાં નથીને?'

ગૃહસ્થ કહે: 'ના, સુખેથી પધારો. આ તરફ આવવાનું થાય ત્યારે ફરી જરૂર પધારજો.'

પેલો માણસ મૂંઝાયો. આ ગૃહસ્થ ખાસડાની સજામાંથી મને શું કામ બાકાત રાખતા હશે? હિંમત કરીને એણે પૂછી જ નાખ્યું : 'માફ કરજો, શેઠજી! એક સવાલ કરૂં છું, મેં સાંભળ્યું છે કે તમે મહેમાન વિદાય થાય ત્યારે તેને જરા ખાસડું મારો છો! તમારે આ વિધિ કરવી હોય તો કરો! મને ખરાબ નહિં લાગે!'

પેલા ગૃહસ્થ હસ્યા અને કહ્યું કે, 'ના, તમને ખાસડું નથી મારવું! બાકી વાત સાચી છે કે હું મહેમાનને વિદાય ટાણે ખાસડું મારૂ છું ખરો!'

પેલા મહેમાને પૂછયું : 'પણ હું અપવાદ કેમ?'

પેલા ગૃહસ્થે કહ્યું : 'કારણ કે તમને મહેમાન થતાં આવડે છે, મહેમાન થવું એ પણ એક ખૂબી છે. મહેમાનની પણ એક આચારસંહિતા છે. કેટલાક મહેમાન દૂધમાં સાકર ભળે તેમ ભળી જાય અને બહારની હાજરી જેવા નથી લાગતા. આવા મહેમાન તમને બોજા જેવા ના લાગે - તમને તમારી પાઘડીના છોગા જેવા લાગે! મુગટના પીંછા જેવા લાગે! એ ઘરમાં હોય કે બહાર ગયા હોય, ગૃહસ્થી તેમના પગની એડી નીચે દબાયેલી ના લાગે. આવા મહેમાન ખરાબ હવાની જેમ અંદર ના આવે, ઘરનું વાતાવરણ એવું ને એવું રહે, કદાચ વધુ સુગંધી બને. આવા મહેમાન આંખ- માથા ઉપર. પણ માણસોને મહેમાન બનતાં આવડતું જ નથી. આવા મહેમાન ઘરને માથે લેવાના- બધો વહેવાર અસ્તવ્યસ્ત કરી નાખવાના. જાણે કોઇના તંબુમાં ઊંટ પેસી ગયું!'

પેલા માણસે કાનની બુટ પકડી. મહેમાન થતાં પણ આવડવું જોઇએ. ખરાબ મહેમાન એવી રીતે વર્તશે કે જાણે આ ઘરમાં મહેમાન થવાનું ગયા ભવનું લાઇસન્સ તેની પાસે હોય. એ હુકમો છોડશે, ખામીઓની યાદી મોટેથી બોલશે- 'તમે ફલાણો સાબુ નથી વાપરતા? નહાવાનો સાબુ તો બસ એ જ! તમે આવી ટૂથ-પેસ્ટ કયાંથી લઇ આવ્યા? આ તો નકામું આવે છે! તમારે ફલાણી ટૂથ-પેસ્ટ જ વાપરવી! દાતણ તમે નથી લાવતા? દાતણ લાવવા! બ્રશ ભલે કરીએ છતાં દાતણ હોય તો ઠીક કહે છે! સાહેબ, કહું તો ખરાબ નહિં લાગેને? બાકી તમારી ચા ધૂળ જેવી છે હોં! હા, ચા વાપરો તો ફલાણા નંબરની..! અને તમે કયા ચોખા વાપરો છો? જીરાસર ત્રણ પાંખડીમાં કંઇ દમ જ ના હોય! મારૂં માનું તો -'

મહેમાન થવું હોય તો મહેમાન થવાની ત્રેવડ રાખીને થવું જોઇએ. લોકકવિ સ્વ. દુલાભાઇ કાગે એકવાર કહ્યું હતું કે મહેમાન થવું એટલે યજમાનની ઇજ્જત વધારવી. ઇજ્જત લેવી નહિં.

મહેમાન થવાની હિંમત હોય, અદબ હોય, વિવેક હોય, યજમાનના ઘરકુટુંબને પોતાના ગણવા જેવી દરિયાવદિલી હોય તો મહેમાન થવું - નહીંતર લોજ- વીશી વધુ સલામત જગ્યા છે.

**હલચલ** - *ભૂપત વાડદોરિયા*

"श्री शंखेश्वर पार्श्वनाथाय नमः"

# "श्री भाण्डवपुर तीर्थ राजेन्द्र गुरु मंदिर में"

# "स्तुती-प्रमाण"

देखी जगत में तीन थुई सुखकारी, इण विन न हो भवपारी,
हरिभद्र सूरी ग्रंथ प्रसाचक, अभय देवार्य टीकारी,
चतुर्थ स्तुती किलार्वाचीना बोले, प्रत्यक्ष पाठ दिखारी ॥ १ ॥

आवश्यक सुत्ररु टोप्पणी चूरणी, निर जुत्ती जयकारी,
उत्तराध्ययनी पाई टीका, तीनज थई उंचारी ॥ २ ॥

बृहत्कल्प भाष्य ज देखो, वली टीका हितकारी,
पूर्वानुयायी तीन ज थुई, आगम लेख विचारी ॥ ३ ॥

पद्मसूरी समाचारी पेखी, परंपरागम धारी,
चरित्र करणी मोक्ष निसरणी, तीन थुई ज लखारी ॥ ४ ॥

भद्रबाहु श्रुत केवली सरखा, निषेध कर दिल धारी
देव देवानी थुई रे बोलता, जाय धर्म हारी ॥ ५ ॥

दश पूर्व श्री वज्रसूरी, शासन ना उपकारी
देव आराधना कारणे किनी, तीन में दोष न लगारी ॥ ६ ॥

अरिहंत अनोपम देव ने छंडी, याचे देव धुतारी
जिन शासनमां कलंकी जाणो, ए तो संसार वधारी ॥ ७ ॥

योग शास्त्र धर्म संग्रह ग्रंथे, प्रवचन सारे उध्धारी
प्रतिक्रमण गर्भ हेतु निरखी, ललित विस्तरा कारी ॥ ८ ॥

विचारामृत संग्रहकारी, संघी चार विचारी,
कारणे देवनी क्षुइज भाषी, लेवो तत्व विचारी ॥ ९ ॥

तीन स्तुति प्रतिपादक जगमें, दिसे ग्रंथ अपारी,
उल्लेख कहां करीये, यहां पर लिखता न पारी ॥ १० ॥

देश पासक कुमटी-कुटील ने, मोह कोह भरारी,
उन्मत्त प्रलापे बोले पापी, रुले दीर्घ संसारी ॥ ११ ॥

सूत्र मर्म न जाणे किचिंत्, गर्व करे महामारी
हित नहि पण अहितथी भरिया, जाने नरक मझारी ॥ १२ ॥

सदारम भी वेश विडबंक, पेट भरण हुशीयारी,
भद्र जीवो ने भर्ममां नाखी जाए जमारो हारी ॥ १३ ॥

पडिकमण देव वन्दन मांहे, देव थुई नित्यकारी,
श्रुतदेव भवनदेव मनावी, संवर कार्य बिगरी ॥ १४ ॥

सम्मतस्सय शुद्धि पद छे, सूत्र वन्देतु मजारी,
तेहने उत्थापी कल्पित बोले, समदिट्ठी दिवारी ॥ १५ ॥

सूत्र तणो इक वर्ग उत्थापे, होवे अनंत संसारी,
कल्पित पाठ जो मलवे तेहनी, शी गति थाय विचारी ॥ १६ ॥

प्रबल्य पूण्य ना योग ज मलीयो, जैन धर्म शणगारी
सुगुरु संयोगे बोधने पामी, तीन तत्व लो धारी ॥ १७ ॥

शिष्ट परंपराये तीन ज थुई अर्वाचीन थुई सारी,
जिन आणा जो उरमां धरशी, वरशी शुभ नारी ॥ १८ ॥

तपगच्छमण्डन महियल राजे, सूरी राजेन्द्र जितारी
तस पद पंकज आणा रंगी, कथन यतिन्द्र जयकारी ॥ १९ ॥

॥ समाप्त ॥

नोटः- आ लेख श्री भाण्डवपुर तीर्थमें राजेन्द्र गुरु मंदिर में पेसता सामेना आरसना थांभला ऊपर लखेलो छे।

ચાર થોઈની ટીકા કરનારા પોતાના આત્માનું નિરીક્ષણ કરે તે જરૂરી છે. - સં.

## સમાચાર સાર

# તપસ્વી બહુમાન ભક્તિ ઉત્સવો– લાભ આપશો

ૐ કાર જૈન તીર્થે પૂ. આ. શ્રી પૂણ્યાનંદસૂરિજી મ., પૂ. આ. શ્રી વારિષેણ સૂરિજી મ.ની નિશ્રામાં ૐ કારમાં પંચ પરમેષ્ઠિની ભવ્ય પ્રતિષ્ઠા અંજન શલાકા ઉત્સવ ,૧૨ દિવસના પૂજા પૂજન કલ્યાણક વર ઘોડા, ત્રણે સમયના સ્વામિવાત્સલ્યો સાથે અનેરા ઉત્સાહથી ઉજવાયો. સોનામાં સુગંધ કુમારી કોકિલાબેનનો દીક્ષા ઉત્સવ ને ૧૦ હજાર આયંબિલના વિશ્વ વિક્રમી તપસ્વી તથા વારિષેણસૂરિજી મ.ની ઠામ ચોવિહારી, એક ૧૦૮મી ઓળીની પારણા સુંદર ભાવોલ્લાસ સાથે ઉજવાયો. પારણા પ્રસંગે લાભ હેમરાજ પ્રેમરાજ સોની ટ્રસ્ટ હિંગોળીવાળાએ બોલી લાભ લીધેલ. છાણી કુ. શીલ્પાની દીક્ષા ઉજવાયેલ. છાણી નિજામપુરા આદિ સ્થળે ૧૦૦ ઓળી નિમિત્તે સામાયિક આયંબિલો થયેલ. સુ-શ્રાવિકા કમલાબેન સોમચંદ શ્રેયાર્થે છાણી દીક્ષા દાતા શન્તિનાથ જિનાલયે ૨૭ પાર્શ્વનાથ પૂજન, સમૂહ આયંબિલ સામાયિક થયેલ. મકરપુરા વિમલકુમાર તરફથી શાંતિસ્નાત્ર ઉત્સવ, પ્રતાપનગર ઉપાશ્રય, ખનન સંઘ પૂજનો, પૂ આ. પૂણ્યાનંદ સૂરિજી ૫૬મા સંયમ પ્રવેશ ઉત્સવ, સમુહ સામાયિક, ભવ્ય સામૈયું, પ્રભાવના, પ્રવચનો, સંઘ પૂજનો સાથે ઉજવાયેલ હતો. છાણી ડભોઈના ૪ દીક્ષાર્થીના બહુમાન સુંદર થયા હતાં.

**લાભ આપશો**- વર્ધમાન તપની ૧૦૦ ઓળી પારણું તથા સળંગ આયંબિલ ૫૦૦ પારણાના આરાધક, પૂજ્યો સાધુ સાધ્વીજી તથા શ્રાવક શ્રાવિકાના નામ સરનામા અમોને જણાવવા આગ્રહપૂર્ણ આમંત્રણ છે. તપસ્વીઓને જરૂરથી વિનંતી ને માન આપવા આગ્રહ છે. પૂણ્યાનંદ ભકિત સેન્ટર, રાજેશ સી. શાહ, કાપડના વેપારી, છાણી ૩૯૧૭૪૦ ગુજ.

**ૐકાર જૈન તીર્થમાં** ધર્મશાળા, ભોજનશાળાની વ્યવસ્થા સુંદર છે. ૐકાર પાર્શ્વનાથ પંચપરિમિષ્ઠીમાં શંખેશ્વર પાર્શ્વનાથ કલ્પસૂત્ર આર્ટ ગેલેરી આદિ સુંદર દર્શનીય ભાવવર્ધક છે. યાત્રાર્થે પૂજ્ય સાધુ - સાધ્વી, શ્રાવક-શ્રાવિકા સંઘોનો લાભ સાથે મળે છે.

**ભેટ મળશે**- અડસઠ તીરથ યાત્રા કરીએ. સુંદર ભાવ વર્ધક અડસઠ અક્ષર નવકાર પર તીર્થના પ્રભાવને દર્શાવતું પુસ્તક છે. ૨૭ રૂ.ના સ્ટેમ્પથી ભેટ મેળવો. ૐકાર તીર્થે.

*પદમલા - છાણી - (વડોદરા)*

## ■ કલ્યાણ – સંસ્કારધામ સોસાયટી શ્રી અજીતનાથ ભગવાનના નૂતન જીનાલયમાં અંજન શલાકા તથા ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

- અત્રે સોસાયટીમાં કોલ્હાપુરવાળા હાલ મુંબઈ શ્રી મોહનલાલ હિંદુમલજી રાઠોડ તરફથી પૂ. આ. શ્રી વિજય અમરગુપ્ત સૂરીશ્વરજી મ.ના ઉપદેશથી શ્રી અજીતનાથજી જિન મંદિર બન્યુ અને તેની અંજન શલાકા પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ભવ્ય મહોત્સવ સાથે થઈ. અંજન શલાકા મહોત્સવનો લાભ શેઠશ્રી અરવિંદભાઈ વાડીલાલ શાહે લીધો હતો. પૂજય શ્રી પધારતાં પોષ વદ-૩નાં ભવ્ય સામૈયું થયું.

પૂજનો અને કલ્યાણકોના કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાયાં. વિધિકાર શ્રી ભીખુભાઈ તથા સંગીતકાર ડોમ્બીવલીવાળા શ્રી વિજયભાઈ દોશીએ ભકિત રસ જમાવ્યો હતો. બોલીની રકમ રવિવારે પ્રતિષ્ઠા થઈ અને બુધવારે આવી ગઈ. તે ન આવે તો બોલી ઉત્સવ થાય અને બીજા નંબરનાને લાભ મળે એવું નકકી થયું હતું. ઉત્સાહ ખુબ હતો. પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ.ને મલાડ - ઈસ્ટ, રત્નપૂરી સંઘ ચાતુર્માસની વિનંતી કરવા આવેલ. પૂ. આ. શ્રી વિજય વિચક્ષણ સૂરીશ્વરજી મ. ની અનુમતિ પૂર્વક ચાતુર્માસ વિનંતીનો સ્વીકાર કર્યો હતો. તા. ૧૯-૦૧-૨૦૦૩નાં પૂ. આ. શ્રી ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શા છોટાલાલ જગજીવનદાસ મલાડવાળાએ પોતાની સંસારી પુત્રી પૂ. સા. શ્રી અપૂર્વ રત્નાશ્રીજી મ.ની સંયમ જીવનની આરાધનાનાં અનુમોદનાર્થે સ્વ દ્રવ્ય વિનિયોગથી શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી આરાધના ભવનનું ઉદ્ઘાટન સવારે ૧૦-૦૦ વાગ્યે પૂજ્યો શ્રીની નિશ્રામાં છોટાલાલભાઈના શુભ હસ્તે કરવામાં આવ્યું હતુ.

## ગ્રંથ સમાલોચના

૧. પ્રતિમા શતક ભા - ૧ (શ્લોક ૧ થી ૨૯) વિવેચન
૨. પ્રતિમા શતક ભા - ૨ (શ્લોક ૩૦ થી ૬૦) વિવેચન
૩. પ્રતિમા શતક ભા - ૩ પૂર્ણ વિવેચન
૪. કૂપ દષ્ટાંત વિશદી કરણ - વિવેચન

કર્તા - ન્યાય વિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. વૃત્તિ ચારે ઉપર તેમણે જ રચી છે. એટલે સ્વોપજ્ઞ વૃત્તિ છે.

વિવેચન કરનાર પંડીતશ્રી પ્રવિણચંદ ખીમજી મેતા. સંશોધિકા પૂ. સા. શ્રી ચંદનબાળાશ્રીજી મ. પ્રકાશિકા શ્રી ગીતાર્થ ગંગા ૫ - જૈન મરચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી - અમદાવાદ - ૭.

ડેમી ૮ પેજી, મૂલ્ય ભાગ-૧, પેજ ૩૫૬ રૂા. ૭૫-૦૦, ભાગ -૨ પેજ ૩૫૭ થી ૭૬૦ રૂા. ૯૦-૦૦, ભાગ -૩ પૂર્ણ રૂ. ૮૦-૦૦. કૂપદષ્ટાંત મૂલ્ય રૂા. ૨૫-૦૦.

અતિ અદ્દભુત સ્વોપજ્ઞવૃતિ સહિતની અણમોલ કૃતિ પ્રતિમા શતક ગ્રંથ રત્ન છે. આ પ્રતિમાં શતકમાં ૧૦૦ જેટલા આગમ માઠો ૨૦૦-૨૫૦ જેટલી શાસ્ત્ર પાઠોની સાક્ષિઓ છે. અનેક યુકિતઓ પૂર્વક પ્રતિમાની પૂજ્યતા સ્થાપન કરી છે. સાથે સાથે અનેક પ્રાસંગીક પદોર્થોનું પણ અપૂર્વ નિરુપણ કર્યું છે.

તે રીતે અનેક નાનીશીકૃતિ કૂપ દષ્ટાંત વિશદીકરણ ગ્રંથરત્ન છે. નાની છતાં આ મહાન કૃતિમાં અનેક આગમ માઠો, શાસ્ત્ર માઠો, અને યુકિતઓ પૂર્વક દ્રવ્ય સ્તવમાં કૂપ દષ્ટાંતનું યોજન કર્યું છે. તેની વાસ્તવિકતા બતાવી છે. આનુષંગિક બીજા પણ તત્વિક પદાર્થો બતાવેલ છે. આવા અદ્દભુત ગ્રંથરત્નો મલ્યા છે તે આપણું સૌભાગ્ય છે. નવ્ય ન્યાયની ભાષા કલિષ્ટ પડે તે માટે સુગમતાથી વાંચન થઈ શકે તે રીતે ગુજરાતી વિવેચન કર્યું છે. ચારેય કૃતિઓ અવશ્ય વાંચવા વંચાવવા યોગ્ય છે

---

■ **જામનગર** - અત્રે ઓસવાળ કોલોનીમાં શાહ ઝવેરચંદ લાધાભાઈ નાગડા હસ્તક શ્રી લાલજી હેમરાજ તથા શ્રીમતી રમાબેન લાલજીભાઈ લંડનથી આવતાં તેમના લગ્નની ૫૦મી સંવત્સરી પ્રસંગે સામૂહિક આંબેલ તથા સમૂહ સામાયિક તા. ૧૬-૨-૨૦૦૩ના રાખેલ. પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના. ઉપદેશથી તપ અને સામાયિક રાખેલ. પાંચ જગ્યાએ દેરાસરો આદિએ બોર્ડમાં લખાવ્યું હતું. આંબેલ ૫૧ થઈ હતી. દરેકને ૫૦-૫૦ રૂા.ની પ્રભાવના કરી હતી. આંબેલ કરનાર ઉપરાંત સગાવહાલા પણ આવેલ. તે આંબેલનું જમણવાર તથા દેરાસરના સ્ટાફ તથા રસોઈ કરનારને ચાર્જ ઉપરાંત ૫૦ રૂા.ની પ્રભાવના કરી હતી. સમૂહ સામાયિકમાં ૧૬૦ની સંખ્યા થઈ હતી. દરેકને ૨૦ રૂા.ની પ્રભાવના કરી હતી. એ નિમિત્તે બીડમાં પૂ.આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પ્રતિષ્ઠા ઉત્સવમાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન રાખ્યું હતું. શ્રીફળની પ્રભાવના કરી હતી.

---

## વેરની વસુલાત

ઈસ્વીસન ૧૯૭૧ની ઘટના છે.

જગદ્‌ગુરુ શંકરાચાર્યનું શિવગંજમાં આગમન થયું હતું. ભવ્ય શોભાયાત્રાની તાડામાર તૈયારીઓ ચાલી.

હાથી ઉપર બિરાજીને શંકરાચાર્યજી શિવગંજની બજારમાંથી પસાર થયા ત્યારે ઢોલ-ત્રાંસા અને જયનાદોથી આકાશ ગાજી ઉઠેલું.

ચિકકાર મેદની વચ્ચેથી ગજરાજ ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો. અચાનક એની નજર એક દુકાનમાં બેઠેલા હંસરાજ નામના શ્રાવક ઉપર પડી અને...

ડાહ્યા ડમરા અને શાંત-સ્વસ્થ હાથી ઉપર વેરનું ઝનુન સવાર થયું. કયા જનમનું વેર હશે એ તો જ્ઞાની જાણે પણ બીજા કોઈને હેરાન ન કરતાં હાથીએ સૂંઢ લંબાવી હંસરાજજીને પકડયા.

મહાવતે હાથીને વારવા મરણિયા પ્રયાસો કર્યા. અંકુશો મારી મારીને હાથીના ગંડસ્થળને રકતભીનું કરી નાખ્યું. પણ વેરનો બદલો લેવાનો નિર્ણય ગજરાજે કરી નાંખ્યો હતો. અંકુશ અને મહાવતને બિલકુલ ગણકાર્યા વિના પગ નીચે દબાવી નિર્દય રીતે કચડી નાખ્યા.

થોડી વારમાં પ્રાણ પંખેરુ ઉડી ગયું.

વેરની વસુલાત કરીને હાથી આગળ વધ્યો.

વેરના વિપાકો કેટલા ભયંકર હોય છે. અને કયારે કયાં અને કઈ ગતિમાં એનો ભડકો થાય છે. તે ખબર પડતી નથી.

વેર ન બાંધવા તે ઉત્તમ છે. બંધાઈ ગયા તો ક્ષમાપના કરી લેવી એજ શ્રેષ્ઠ માર્ગ છે.

*(પ્રસંગ કલ્પલતામાંથી)*

*- લેખક : પૂ. આ. શ્રી વિજય મુનિચંદ્ર સૂરીશ્વરજી મ.*

# શ્રી મહાવીર શાસન (માસિક)

## ૫૦ વર્ષ ગોલ્ડન જ્યુબિલી કાયમી ફંડ

**શ્રી વિરશાસન** અઠવાડીક બંધ થવાથી શાસન રક્ષા માટે **શ્રી મહાવીર શાસન વિ.સં ૨૦૦૯**માં શ[illegible] થયું. **પૂ.આ. [illegible]ી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના ઉપદેશથી તેઓશ્રીજીની પુનીત **નિશ્રામાં રાસંગપુર** (હ[illegible]ર)માં તેનો પ્રારંભ થયો હતો. તંત્રી તરીકે **ખેતશી વાઘજી ગુઢકા** લાખાબાવળવાળા રહ્યા હતાં. તેમણે વિ.સં. ૨૦૧૦માં દીક્ષા લીધી અને [illegible]**હેતા મગનલ[illegible]લ ચત્રભુજભાઈ** તંત્રી તથા **શાહ કાનજી હીરજી મોદી** સહતંત્રી રહ્યા હતા. મગનલાલભાઈના ગયા પ[illegible] તંત્રી **શ્રી કાન[illegible]જીભાઈ** અને સહતંત્રી **શાહ રતિલાલ દેવચંદ ગુઢકા** રાસંગપુરવાળા હાલ લંડન છે.

[illegible]ત જોતામાં **૫૦ વર્ષ** પુરા થયા અને તે શાસન રક્ષાના મહાન કાર્યોને ૫૦ વર્ષ સુધી કરીને જૈન શાસનમાં આગવું સ્થાન ધ[illegible]વે છે. મોંઘવારી[illegible] . કારણે ખર્ચ વધવાથી તોટો રહેતો હોય છે તો આ પ્રસંગે એક ફંડ નકકી કર્યું છે.

## [illegible]ી મહાવીર શાસન ૫૦ વર્ષ ગોલ્ડન જ્યુબીલી કાયમી ફંડ

**આ યોજનામાં નીચે મુજબ રકમ સ્વીકારવામાં આવે છે.**

**૫૧ હજાર ગોલ્ડન જ્યુબીલી જીવનદાતા**

**૨૫ હજાર ગોલ્ડન જ્યુબીલી સૌજન્યદાતા**

**૧૧ હજાર ગોલ્ડન જ્યુબીલી સહાયકદાતા**

આ નામો સ્વીકારવાનું નકી કર્યું છે. અને દર વર્ષે નૂતન વર્ષના અંકમાં આ નામો છપાશે

તથા આ દાન દેનારને શ્રી મહાવીર શાસન કાયમી જશે.

આપશ્રીને આ નામોમાં આપનું શુભ દાન આપી સહકાર અપવા નમ્ર વિનંતિ છે.

**શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ**

C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર (ગુજરાત) ૩૬૧૦૦૫ ફોન : ૨૭૭૦૯૬૩

## શ્રી મ[illegible]હાવીર શાસન ૫૦ વર્ષ ગોલ્ડન જ્યુબીલી જૈન શાસન રક્ષા વિશેષા[illegible]ક

આ પ્રસંગે શ્રી મહાવીર શાસન ૫૦ વર્ષ ગોલ્ડન જ્યુબીલી જૈન શાસન રક્ષા વિશેષાંક પ્રગટ કરવાનું નકકી કર્યું છે. **જે વિ.[illegible]. ૨૦૬૦ [illegible]ાગશર સુદ-૮ સોમવાર તા. ૧-૧૨-૨૦૦૩**ના પ્રગટ થશે

શાસન રક્ષાના લેખો પ્રસંગો વિગેરે **આસો સુદ-૧૫ શુક્રવાર તા. ૧૦-૯-૨૦૦૩** સુધી મોકલવા **પૂજ[illegible] આચાર[illegible] દેવો** આદી, **પૂ. સાધુ-સાધ્વીજી** તેમજ **લેખક શ્રાવક-શ્રાવિકાઓ**ને નમ્ર વિનંતી છે.

### જૈન શાસન રક્ષા વિશેષાંક યોજના

**ટાઇટલ પેજ ૧ રૂા. ૨૫ હજાર : ટાઇટલ પેજ ૪ રૂા. ૨૧ હજાર**

**ટાઇટલ પેજ ૨ રૂા. ૧૫ હજાર : ટાઇટલ પેજ ૩ રૂા. ૧૧ હજાર**

**શુભેચ્છા એક પેજ રૂા. ૨૦૦૦ : અડધું પેજ રૂા. ૧ હજાર**

**શુભેચ્છા ૧/૪ માં રૂા. ૫૦૦**

**શુભેચ્છક રૂા. ૨૫૦-૦૦ તેમનું નામ પણ વિશેષાંકમાં છપાશે અને વિશેષાંક ભેટ મળશે.**

આપશ્રી આ કાર્યમાં સહકાર આપીને વિશેષાંકને સમૃદ્ધ બનાવશો તેવી વિનમ્ર વિનંતિ છે.

શ્રી મહાવીર શાસનના માનદ પ્રચારકો, હિતેચ્છુઓ તથા વાંચકો[illegible] સહકાર આપવા નમ્ર વિનંતી છે.

તા. ૧-૪-૨[illegible]૦૩
લાખાબાવળ
(જામનગર)

લી.

**શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ**

ટ્રસ્ટીઓના પ્રણામ

# પરિમલ

- સ્વ. પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

● 'સંસારનો રસ ઉડે અને ઝટ મોક્ષે જવું છે.' તેમ નક્કી થાય પછી ધર્મમાં મજા આવે.

● શરીરની મમતા જ બધાં પાપનું મૂળ છે.

● સદ્ધ્યાનના પ્રતાપે સંસાર ઝેર જેવો લાગે અને ધર્મ અમૃત જેવો લાગે.

● 'મારે મારા પુણ્ય પ્રમાણે જે મળે તેમાં મજેથી જીવવાનું છે.' આ-તે જોઈએ.' માટે પાપ કરવું નથી - આવો વિચાર પણ કેટલા ધર્મી જીવોને આવે?

● 'મારી શરીરની મમતા ન ઘટે, મને સાચવે તેના પર પ્રેમ થાય, મને સાચી શિખામણ દે તેના પર રોષ થાય, તો મારામાં યોગ્યતા ક્યાંથી પેદા થાય? સાધુપણાની આ વિચારણા છે.

● તમને પણ જે પૈસા - ટકા સુખ - સામગ્રીમાં સહાય કરે, અનુકુળ બને તેના પર પ્રેમ થાય અને જે કહે કે - 'આટલા બધા પૈસાનું શું કામ છે.' તો થાય કે દોઢ ડાહ્યો પાકયો, વેવલો થયો તો ધર્મધ્યાન ક્યાંથી આવે?

● અમારે માટે પણ શાસ્ત્રે કહ્યું છે કે, અમે સૂત્ર પોરિસી કે અર્થ પોરિસી ન કરીએ અને પચ્ચીસસો (૨૫૦૦) નવકાર ન ગણીએ તો મોંઢામાં પાણી પણ ન મૂકાય. મૂકે તો ઉત્સર્ગ માર્ગે પ્રાયશ્ચિત્ત આપવાનું કહ્યું છે. આ કાળમાં સૂત્ર પોરિસી કે અર્થ પોરિસી નથી તેમ બોલવું તે ઉત્સૂત્ર ભાષણ છે.

● આજે સંસારના રસે બધી સ્થિતિ પલટાવી દીધી. સાધુ અને શ્રાવક પણ પલટાઈ ગયા. આજનો શ્રાવક વર્ગ પણ કહેવા લાગ્યો કે - 'માત્ર મોક્ષની કે એકલા પરલોકની વાતો ન કરો પણ પહેલા અમારો આ લોક સુધારો, અમારા આ લોકની ચિંતા કરો, પછી બીજી વાત!' તમે પણ સંસારના સુખના જ ભુખ્યા છો માટે સાધુઓ પણ સમાજ સેવાના કામ કરે તે ગમે છે. જો તમે માત્ર મોક્ષ સુખના જ ભૂખ્યા હોત તો તમને અટકાવત અને કહેત કે 'આ ન થાય. તમારે તો અમારા તમારા બધાના આત્માની જ ચિંતા કરવાની છે પણ અમારા શરીરની કે સંસારની ચિંતા કરવાની નથી.'

● આજે પરસ્પર મેળ કોને? જે એક-બીજાને વખાણે તેને. જે સાચી હિત શિક્ષાની વાત કરે તેની તો જગ્યા જ નથી. બહુમતિ અમારે ત્યાં કે તમારે ત્યાં આવાની છે.

● જેને શાસ્ત્રની શ્રધ્ધા ન હોય, શાસ્ત્રાનુસારી સાધુઓ પર શ્રધ્ધા ન હોય, ભગવાનના વચન પર શ્રધ્ધા ન હોય તે પૂજા કરે તો ય શું કલ્યાણ થાય?

● સુદેવ - ગુરુ - ધર્મની સાથે ય બેસવું છે અને પાપની પુષ્ટિ પણ ચાલુ રાખવી છે - તો તે બેનો મેળ ખાય નહિ?

● આત્માના સુખોના - ગુણોનો અનુભવ થાય તે જ આત્માનો અનુભવ. આત્માનો સ્વભાવ જુદો છે. પુદ્ગલનો સ્વભાવ જુદો છે.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા - ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

**અઠવાડિક**

## શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

PAPURAM

*પરિણામની સ્થિરતા ક્યારે ?*

परिणामाणवत्थाणं, सति मोहे उ देहिणं।
तस्सेव उ अभावेण, जायते एगभावया ॥

**(શ્રી વ્યવહાર ભાષ્ય, ગા. ૨૭૫૯)**

મોહની વિદ્યમાનતામાં જ પ્રાણિઓને પરિણામની અસ્થિરતા - ચંચલતા થાય છે. મોહના અભાવમાં પરિણામની એકરૂપતા-સ્થિરતા પ્રાપ્ત થાય છે.

**વર્ષ ૧૫**

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર,
(સૌરાષ્ટ્ર) INDIA. PIN-361 005
PHONE: (0288) 770963

**અંક** ~~૨૦~~ 25/26



મેં તો 'રામજી'ને કહી દીધું કે ''તમે તો 'સર્વ શક્તિમાન' છો, તો હવે બધા પક્ષો વચ્ચે એવું સમાધાન કરાવી નાંખો કે અયોધ્યામાં તમારું મંદિર ઉભું થઈ જાય, માર્ચની દસમી સુધી રાહ જોઈશ. નહિ તો પછી હું 'દર્શન' કરવા પણ અહીં નહી આવું... હા.''



મારી મમ્મીએ જ કહ્યું છે કે બાબલાને એક મિ‧ ટ પણ તારી નજરથી દૂર ન કરીશ... એટલે પછી એને આમ- ટી.વી. પર જ સુવાડી રાખું છું.' જેથી સોફા પર બેસી, ‌ારાથી મનગમતી ટી.વી. સિરિયલ અને બાબા... બંને ઉપ  નજર રાખી શકાય.



હું મૂળભૂત કોંગ્રેસી જ છું. ને અમારા પક્ષમાં તો નિયમ જ છે કે મતભેદ થાય કે તરત જ 'ફાઈનલ- નિર્ણય' લેવાનું સોનિયાજી પર છોડી દઈએ છીએ.... એમ કૌટુંબિક મતભેદોનું નિરાકરણ પણ હું મારી પત્ની- આ 'સોનલ' પર જ છોડી દઉં છું એટલે ખૂબ 'નિરાંત' રહે છે.



કૃષ્ણાજી! આ શું? સાત વાગે તો આરતિ શરૂ કરવાની છે... ને છેલ્લી ત્રીસ મિનિટમાં તમારા પર આ પંદરમી 'રાધા'નો ફોન આવ્યો... તો આપણે બદનામ થ‌ જઈએ એવા કોઈ લફરામાં તો નથી સંડોવાયાને? હૈં!

ગુજરાત સમાચાર - આચાર્ય

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫) * સંવત ૨૦૫૯ વૈશાખ સુદ - ૫ * મંગળવાર, તા. ૦૬-૫-૨૦૦૩ (અંક : ૨૫

## પ્રવચન સાઈઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો સુદિ-૪ , રવિવાર, તા. ૨૭-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

सुनिउण मणाइनिहणं भूयहियं भूयभावणमहग्घं ।
अमियमजियं महत्वं महाणुभावं महाविसयं ॥

ભગવાનની આજ્ઞા બધા પ્રાણીઓનું-ભૂતોનું હિત કરનારી છે અને સત્યની ભાવના કરાવનારી છે. મારાથી શું શું થાય અને શું શું ન થાય તે વિષયમાં કેવા છો ? નિશ્ચિત છો ને ? અમારે પાપમાંથી એક પાપ ન થાય. કરવું પડે તો તે દુઃખી હૈયે કરે પણ મજેથી તો ક્યારે ય કરે નહિ. ઘરમાં રહેવું તે પાપ ને ? શ્રાવક ઘરમાં રહે તે ન છૂટકે, વેપારાદિ કરે તે ય ન છૂટકે. શ્રાવક લોભથી વેપાર કરે નહિ. કદાચ લોભ આવી જાય તો લોભ ઉપર ગુસ્સો હોય કે આવો લોભ ! આ લોભ પણ ક્યારે ઘટે, ક્યારે ઘટે તે જ ચિંતા કરતો હોય. આવી મનોહર આજ્ઞાને પામેલા અને સમજેલા ઘોર પાપી આત્મા એવા સારા થયા કે જેનું નામ સાંભળતાં હાથ જોડવાનું મન થાય. જે દૃઢપ્રહારી ભયંકર મહાહિંસક જાગી ગયો, સંસાર છોડ્યો, સાધુ થયો, તે સાંભળતાં હાથ જોડાઈ જાય ને ? ખરાબમાં ખરાબ માણસ આ આજ્ઞા સમજે અને આજ્ઞાનું આરાધન કરે તો સારો થાય ને ? આજ્ઞાનું ધ્યાન નહિ રાખનારો ગમે તેટલો ધર્મ કરે તો ય ક્યારે શું નાટક કરે તે કહેવાય ? અવસર આવે તમે ઘર છોડો કે ધર્મ છોડો ? તમે કહો કે, ઘર-પેઢીને સાચવીને ધર્મ કરીએ. તેને વાંધો પડે તો ધર્મ છોડી દઈએ. ગમે તેટલું કષ્ટ આવે તો પણ ધર્મ ન છોડે તેવા કેટલા મળે ?

ઘરમાં કેમ રહ્યા છો ? પાપી છીએ માટે. વેપાર કેમ કરો છો ? પાપનો ઉદય છે માટે. જરૂર નથી પણ લોભ કાનપટ્ટી પકડી બેસાડે છે, તેને જીતી શકતા નથી, તે અમારી ખામી છે- આમ કહેવાની તૈયારી છે ?

પ્ર.- મોટું જૂઠ અને મોટી ચોરી નથી કરતા.

ઉ.- સરકારના ટેક્ષની ચોરી નાની છે કે મોટી છે ?

આ બધા અધિકારીઓ સારા હોત તો એક શેઠીયો અહીં હોત ! ઘણા શ્રીમંતો મજા કરે તે ઘણાને મજા કરાવે છે માટે. આજે તમારે બોલવા જેવું રહ્યું નથી. જે નોકર તમારી પેઢીની તપાસ કરવા આવે તે તમારો નોકર થઈ ગયો સમજો. લગભગ આજે આવું ચાલુ છે. તેમાં જે બચી ગયા હોય તેના દર્શન કરવા છે. એક આદમી ઊભો ન થાય. કેટલી હીન કક્ષા આવી ગઈ. ઉપરથી અમને કહે કે, આ કાળમાં તે વાત બને તેમ નથી. 'ચોરી ન કરો તો ભુખ્યા જ મરી જાવ' આ વાત

સાચી છે કે મહાજૂઠ છે ? આવું મહાજૂઠ અમારી આગળ બોલો છો ને ? હું નીતિ-અનીતિની વાત કરું તો ઘણીવાર ઘણા મને કહી જાય કે-ક્યા જમાનામાં જીવો છો ? દેશકાળ સમજો તેમ કહે છે. તમારા દેશ-કાળને સમજુ તો મારું ય સત્યાનાશ જાય.

પ્ર- ધર્મોપદેશકનો ગુણ કહ્યો છે ને કે દેશકાલભાવજ્ઞ !

ઉ- આ કાળમાં દેશ-કાલ-ભાવને જાણનાર, ધર્મીઓને કહે ને કે, આજીવિકાનું સાધન હોય તો વેપાર તો કરતા જ નહિ. વેપાર કરવો પડે તો ટેક્ષની ચોરી કરતાજ નહીં. આ બધી વાતો આ કાળમાં તો ભારપૂર્વક કહેવી પડે ને ?તેવો ઉપદેશક દેશ-કાળ-ભાવનો જાણ કહેવાય. દેશ-કાળ અને ભાવ ધર્મ સાચવવા જોવાના કે ધર્મ મૂકવા જોવાના ?

ભગવાનની આજ્ઞા માનનારો જીવ, ગમે તેટલું સુખ મળે તો ય વિરાગી હોય અને દુ:ખ આવે તો સમાધિમાં હોય. શ્રી ખંધક મહામુનિની ખાલ ઉતારવા, રાજાની આજ્ઞાથી માણસો આવ્યા તો મુનિ કહે કે, 'ભાઈથી ભલેરા'. જે આ શરીરને છોડવું તેને છોડાવવા સહાય કરવા આવ્યા. આમ કોણ બોલે ? ચામડી ઉતરતી ગઈ, મુનિ સમત્તા રસમાં ઝીલતા થયા, કર્મ કાઢી કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા. દુ:ખ કેમ વેઠાય? સુખ કેમ છોડાય ? સુખ વિના ચાલે કેમ ? આમ ધર્મી બોલે? 'સુખ ન હોય તો ચાલે, હોય તેને છોડાવામાં જ મજા આવે, દુ:ખ ગમે તેવું આવે, તે મજેથી ભોગવવું જ જોઈએ' આવી માન્યતા ધર્મીની હોય. સમાધિ ન રહે તો દુ:ખ થાય માટે એવા સ્નેહીને પાસે બેસાડે જે સમાધિને સાચવે. સાધુ-સાધ્વી વિરાગપૂર્વકના ત્યાગી હોય અને શ્રાવક-શ્રાવિકા ત્યાગની ભાવનાવાળા છતાં ય વિરાગપૂર્વકના દેશથી ત્યાગી હોય. અમને આહારની છૂટ આપી પણ સ્વાદની મના કરી. તેમ તમને શું કહ્યું છે ? જેટલાં સુખના સાધનો છે તે તમારે પણ ધીમે ધીમે તજવાના છે, તજવાનો અભ્યાસ કરવાનો છે.

આજ્ઞા સમજાઈ હોય તો આજ્ઞા નહિ સમજેલા માતા-પિતાદિ પણ ભૂંડું કરનારા લાગે. સંસારમાં બધાથી સાવધ રહે. ઝટ મોક્ષે જવું હોય, મોક્ષસાધક ધર્મ કરવો હોય, તેને બધાથી સાવધ રહેવું જ પડે. ભાગ્યશાલિ આત્માને જ ધર્મ કરાવનારા મા-બાપ મળે, પ્રેરણા આપનારા મળે, તમને ઘરમાં ધર્મ કરાવનારા કેટલા ? ક્યાં સુધી પેઢીનું પાપ કરવું છે તેમ કહેનાર ઘરમાં કોઈ છે ? તમારા દીકરા છે ? તે પેઢી પર તમને બોલાવે છે ? છોકરા ના પાડે તો ય પેઢી પર ગયા વિના રહો છો ? આજના ડોસા-ડોસીને પેઢીમાં કે ઘરમાં રહે તે કોઈ ઈચ્છતું નથી. ટકટક કર્યા જ કરે. આ તમારી આબરૂ છે ? આજ્ઞા સમજો તો કામ થાય.

દુ:ખ ના આવે તો ગમે ? સુખ ના આવે તો ગમે ? સુખ ભોગવવું નથી તેવું મન ખરું ? સુખ ભોગવવું પડે તો કમને ભોગવો ? સારું સારું ખાવા-પીવા મળે તો સ્વાદથી નહિ ખાવું તે બને ? આ આજ્ઞા સમજાય તો તે જીવ સંસારની પ્રવૃત્તિ કરે તો ય ધર્મી કહેવાય. આજ્ઞા સાથે હોય તેને ખાવું પડે તો ય ખાય પણ ખાવામાં મજા નહિ. ખાવા માટે ઘરમાં કજીયો થાય ખરો ?

એક શ્રાવક જમવા બેઠો ત્યારે ભાણામાં ખીચડી પીરસી. ભારોભાર મીઠું હતું. તે બોલ્યા વિના ખાઈ ગયો. જમ્યા પછી ઊભો થઈને કહે કે, આ ખીચડી કોઈને પણ પીરસતા નહિ. પછી તે કામે ગયો. પછી તેની સ્ત્રીએ ખીચડી ચાખી. પોતાની ભૂલ સમજાઈ ગઈ. ત્યારપછી ક્યારે ય રસોઈમાં ફેરફાર થયો નથી. રસોઈ બરાબર ન બની હોય તો ય બોલ્યા વિના ઉભા થાય તેવા કેટલા મળે ? તમને તો સ્ત્રી પણ એવી મલી છે કે જે પૂછો તેનો ઊંધો જવાબ આપે. છતાં ય તમને ઘર છોડવાનું મન થતું નથી. તમે ઘરનાને અનુકૂળ કે ઘરવાળા તમને અનુકૂળ છે ? ભગવાનની આજ્ઞા ન માને તેને ઘણા ઘણા ખરાબ જીવોની આજ્ઞા ધારવી પડે. **આશાધારી તે જગતનો દાસ હોય. આશા વગરનો જગતનો માલિક હોય.**

સાધુ થવાની ભાવનાવાળા આવા હોય. સાધુને દુનિયાના સુખનો ખપ નથી, આપવા આવે તો લેવું નથી. મોક્ષની સાધના કરવા શક્તિ બની રહે માટે કેવળ શરીરને આપવું પડે તો આપે. શરીરને કસીને જ મોક્ષે ગયા છે પણ શરીરને સાચવીને કોઈ મોક્ષે ગયું નથી.

આત્મા ઉપર કર્મનું જે જોર છે તેનો નાશ કરનારી આજ્ઞા છે. જેમ કર્મ યોગે સુખ ભોગવવું પડે છે તેમ દુ:ખ પણ મજેથી ભોગવો તો કલ્યાણ થાય. આજ્ઞા સમજેલો અને આજ્ઞા પાળવાની ઈચ્છાવાળો જીવ કેવો હોય ? દુશ્મન પણ કહે કે, ગમે તે કારણે તેની સાથે દુશ્મનાવટ છે પણ મિલ્કતની

રક્ષા તેને સોંપું. તેના પર જેવો વિશ્વાસ છે બીજે થતો નથી. આવી આબરૂ તમારી છે ? ઘણા શ્રાવકને ત્યાં વિધવાઓ પોતાના અલંકારના ડબ્બા મૂકી જાય તો નામ લખાવીને મૂકાવે પણ ખોલીને કદિ જૂએ નહિ આવું મે મારા જીવનમાં જોયું છે. શ્રાવકની કેવી આબરૂ હોય ?

આજ્ઞા સમજાય તો અમારામાં સાધુપણું આવે અને પાળી શકીએ. તેમ તમે ય શ્રાવકપણું પામો ને પાળી શકો. આજ્ઞા તે જ ધર્મ. અહિંસા પણ આજ્ઞા મુજબ કરવાની. તમે માનો તે અહિંસા નહિ. તમને ઘર બંધાવવામાં મજા આવે, મંદિર બંધાવવામાં હિંસા લાગે તેમ માનનારા કેટલા ? બંગલા જોઈને વખાણ કરે અને મંદિર જોઈને આંખો બાળે, નિંદા કરે તેવા પણ જૈનો છે ને ? બોલવામાં પણ હિંસા છે. સ્વાર્થ માટે બોલે એ તો પાપ ! તમારા ભલા માટે હિત અને કલ્યાણ માટે બોલે એ તો ધર્મ ! ફરવા માટે ગામે ગામ ફરીએ તો પાપ, ધર્મ સાચવવા ફરીએ તો ધર્મ ! આજ્ઞા સમજ્યા વિના સાધુ, સાધુપણું ન પાળી શકે, શ્રાવક, શ્રાવકપણું ન પાળી શકે. આજ્ઞા એવી ઉપકારક છે કે વર્ણન ન થાય.

આપણા ઉપર કર્મનું ઋણ છે તો સુખમાં વિરાગ અને દુ:ખમાં સમાધિ રહેવી જોઈએ. ભગવાને સુખને છોડવાનું અને દુ:ખને હાથે કરીને ઊભા કરીને વેઠવાનું કહ્યું છે. સુખ સુખ ન કરો. સુખશીલિયા ધર્મ ન કરી શકે. ધર્મ કરવા દુ:ખ વેઠવાની અને સુખ છોડવાની તૈયારી જોઈએ.

આજે નવકારશી ગઈ, ચોવિહાર ગયો. રાત્રિભોજન અને અભક્ષ્ય આવી ગયા, શાથી ? આજ્ઞા સમજાઈ નથી માટે. ગમે તેટલો ધર્મ કરનારો પણ આજ્ઞા વિરુદ્ધ વર્તે તો દુર્ગતિમાં જ જાય. દુર્ગતિમાં દુ:ખ જ હોય ને ? તમારે દુર્ગતિમાં જવું નથી માટે પાપ કરતા નથી ને ? પાપ કરવું પડે તો રોતા રોતા દુ:ખી હૈયે કરો છો તેમ કહું ને ? આવા થશો તો કર્મનું ઋણ ચૂકવાશે.

તમારે ઘરમાં કેમ બેસવું પડ્યું છે ? કહો કે, કર્મે બેસાડ્યા છે પણ અમારે બેસવું નથી. જેલમાં રહેલો કહી શકે કે, જેલમાં પૂર્યો છે પણ રહેવું નથી. ભગવાનની આજ્ઞા મુજબ જીવે તો કર્મનું ઋણ પતી જાય.

ખરેખર, તમારા પર કર્મનું ઋણ છે. પુણ્ય યોગે સુખ મળે તો તે સુખને મજાથી ન ભોગવો, પાપ યોગે દુ:ખ આવે તો તે દુ:ખને લહેરથી - મજાથી ભોગવો. સુખ મેળવવા અને દુ:ખ કાઢવા પાપ કરવું જ નથી આવી ભાવનાવાળા બનો. પાપ રહિત જીવન જીવવું તો સાધુ જ થવું પડે. આ મનુષ્યપણામાં સાધુ ન થયા તો આ જનમ હારી ગયા. મારે આ જન્મ હારવો નથી આ વિચારણાવાળા બનો તો ય કામ થાય. આજ્ઞા સમજાય તો આવી વિચારણા આવે. આજ્ઞા કેવી છે તે વાત હવે અવસરે. *(ક્રમશઃ)*

---

પાના નં. ૫

## गुरु निमित्त समी बोलीयां देवद्रव्य है।

गुरुद्रव्य :- पंचमहाव्रतधारी, संयमी, त्यागी महापुरुषो के आगे गहुली की हो या गुरु की द्रव्यादि से पूजा की एवं गुरुपूजा की बोली की रकम जीर्णोद्धार या नवीन मंदिर बनाने में खर्च करनी चाहीए। ऐसा द्रव्य सप्ततिका १३वीं गाथा की स्वोपज्ञ टीका में स्पष्ट रुप से बताया है। जो इस प्रकार हैः- स्वर्णादिकं तु गुरुद्रव्यं जीर्णोद्धारे नव्यचैत्यकरणादौ च व्यापार्यम्- गुरु प्रवेश महोत्सवमें रथ, हाथी, घोड़ा आदि की बोली या नकरा तथा गुरु महाराजको कामली (कंबुल) आदि बोहराने की बोली भी गुरुद्रव्य कहलाती है। यह रकम जीर्णोद्धारादि देवद्रव्यमें ही इस्तेमाल कर सकते है। गुरु वैयावचमें इस्तेमाल कर नहीं सकते। जीर्णोद्धारादि देवद्रव्य खातेमें ये पैसे जाते है। गुरुनिमित्त सभी बोलियां देवद्रव्य है।

- પૂ. આ. શ્રી વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ.
'देवद्रव्यादिका संचालन कैसे हो?' પુસ્તકમાંથી (વિ.સં.૨૦૫૨)

જેમ જિન નિમિત્તની બધી બોલીઓ દેવદ્રવ્ય છે તેમ ગુરૂ નિમિત્તની બધી બોલીઓ દેવદ્રવ્ય છે તેમ માન્યતા છે. પછી તે ગુરૂ કે ગુરૂના ફોટા કે ગુરૂની મૂર્તિ કે ગુરૂમૂર્તિની પૂજા આદિની બોલીઓ દેવદ્રવ્ય છે. આ વિચાર સ્પષ્ટ છે છતાં ગુરૂના ભેદ કરીને એક બોલી અહીં એક બોલી તહીં લઈ જવાનો વિચાર તે સિદ્ધાંતની અપલાપ છે. અને તેમાંય દેવદ્રવ્યના મહાન રક્ષક પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂ.મ.સા.ના સમુદાયમાં.

# સમજુને શિખામણ શાનમાં

-અભ્યાસી

મહાપૂણ્યોદયે આવું પરમ તારક શાસન મલ્યું છે તેની પરમતારક શ્રી જિનાજ્ઞા મુજબ આરાધના કરવાથી આત્માની મુક્તિ થાય છે. પણ આજ્ઞાનુસાર આરાધના કરવી બોલવા જેટલી સહેલી નથી. જ્ઞાનિઓએ ધર્મારાધનામાં અવરોધક- અંતરાયક- બાધક અનેક દોષો બતાવ્યા છે. અનાદિથી આત્મા સુખનો અનુકુળતાનો અર્થી બન્યો છે. તેથી દોષોનો દોસ્ત અને ગુણોનો દુશ્મન બન્યો છે. સદ્‌ગુરુ સંગે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિથી આત્માને પોતાની વાસ્તવિક પરિસ્થિતિનું ભાન થાય પછી તેની આરાધના પ્રગતિમાર્ગે ચઢે છે.

આરાધના કરવામાં અંતરાય કરનાર અનેક પરિબળોમાંનું એક પરિબળ છે અજ્ઞાન અને કદાગ્રહ. જ્ઞાનીઓના પરમાર્થને સમજવા નહિં દેનાર અજ્ઞાન છે અને પોતાની મરજી- ઇચ્છા મુજબ, મારા કહ્યા પ્રમાણે જ કરવું- આવો જે આગ્રહ તેનું નામ કદાગ્રહ છે. સ્વચ્છંદતા તે કદાગ્રહની જનેતા છે અને સૌના અનુભવની વાત છે કે પોતાની ઇચ્છા પ્રમાણે બધા જ ચાલે,- થાય. તેમાં મજા આવે છે. ઇચ્છાનુસાર લુખ્ખો રોટલો પણ આનંદ આપે અને બીજાની ઇચ્છા પ્રમાણેનું મિષ્ટાન્ન પણ દુઃખદાયક બને છે. આ વૃત્તિ આરાધનામાં પણ કેડે પડી દેખાય છે. પોતાની મરજી પ્રમાણે - ઇચ્છાનુસાર, કોઇની પણ રોકટોક વગર ધર્માનુષ્ઠાન કરાય તો મજા આવે અને આજ્ઞાનુસાર કરવાનું કહેનાર હિતેષી મળે તો મોઢું બગડે છે! આ આનંદ સ્વચ્છંદતાના ઘરનો છે. પછી હા જી હા કરનારા ગમે પણ સાચી હિતકારી વાત કરનારા પ્રત્યે અણગમો સ્પષ્ટ દેખાઇ આવે. ભગવાને જે જે કરવાની ના પાડી હોય તેમાં પણ વિકલ્પો શોધાય. જેમ કે 'અમુક વસ્તુ ભલે વિહિત નથી કરી તો તેનો નિષેધ પણ કયાં કર્યો છે' જેમ કે વર્તમાનમાં ચાલતો વિવાદ કે 'ગુરૂમૂર્તિ સંબંધી દ્રવ્ય દેવદ્રવ્યમાં જ જાય' તેમ કયાં કહ્યું છે? 'અમે દેવદ્રવ્યમાં ન જાય તેમ નથી કહેતા' પણ 'જાય જ' તેમ કયાં કહ્યું છે? આવી ખોટી દલીલો- કુતર્કો કરી ભોળા-ભદ્રિક જીવોને ફસાવનાર હોય, ભગવાનનાં તારક વચનોનો પરમાર્થ સમજવા કે માનવા ન દેનાર હોય તો આત્મામાં ઘર કરી ગયેલ કદાગ્રહ નામનો દોષ! પછી તે રોગ વ્યાપક રીતે છેક નીચેથી માંડી ઉપર સુધી જોવા મળે. જે પોતે પણ અટવાય અને બીજાને પણ ભ્રમિત કરી અટવાવે. એટલું જ નહિં જેમના માથે સકલ શ્રી સંઘ- સમુદાય- શાસનને સાચા યથાર્થ મોક્ષમાર્ગે દોરવાની જવાબદારી છે તે પણ આનાથી મુકત નથી તેમ પણ દેખાય ત્યારે શું થાય તે કલ્પી શકાય તેમ નથી. આજે બધા મને સાચવે છે માટે સારા લાગે છે પણ સાચી હિતશિક્ષા કહે તો તે કેવા લાગે?

જવાબદારીનું સ્થાન તો નિષ્પક્ષ અને ન્યાયી છે. પણ દરેક ક્ષેત્રની જેમ ધર્મના ક્ષેત્રમાં પણ આજની હવાએ પગપેસારો કર્યો છે, 'મારા-તારા' વહાલા દવલા'ની નીતિનું પરિણમ સૌ સમજી શકે છે. જ્ઞાનિઓએ જ્ઞાનનું, ક્રિયાનું, તપનું અજીર્ણ બતાવ્યું તેમ અધિકારીપણાના અપચાનું પણ અજીર્ણ બતાવ્યું છે. ગુર્વાદિ વડિલોએ જેમને ખરેખર જવાબદારીના સ્થાને બેસાડયા હોય તે તો દેવ-ગુરૂ અને પોતાના (પોતાની હા એ હા કરે, પોતાના દરેકમાં મત્તુ મારે, અંગૂઠા છાપ, રબ્બર સ્ટેમ્પ બને તે નહિં) વડિલોની આજ્ઞામાં રહેતાં હોય પણ જેમને જવાબદારીના સ્થાનનો અપચો થયો હોય કે તે સ્થાન પચાવી પાડયું હોય તેમની વાત જ જુદી જોવા મળે. ભગવાનની- ગુરુની- વિશ્વાસુઓની આજ્ઞાને કોરે મૂકી, મનમાની કરવી અને અવસર આવે અણગમતા પ્રત્યે બતાવી દેવાની, મારી સામે પડવાનું ફળ ચખાડવાની વૃત્તિ દેખાય તો તે સ્થાન પચાવી પાડયું કહેવાય, તે વાત બધા સારી રીતના સમજે છે અને અનુભવે છે આવા અનુભવો(!) થવા છતાંય તેમને 'માર્ગદર્શક' માનવા તેમાં કદાગ્રહ કે પોતાની સ્વચ્છંદ વૃત્તિ વિના બીજું શું નથી.

આ તો સ્વયં ભૂલા પડયા છે અને બીજાઓને પણ ભૂલા પાડવાનું કામ કરે છે. શાસ્ત્રના નામે પોતે મનમાની કરવા, પોતે માનેલા માર્ગે બધાને ચલાવવા સંગઠનો, નિયમો બંધારણો ઘડે છે. ખરેખર કોઇ એમ કહેવા પણ તૈયાર નથી કે શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં શ્રી તીર્થંકર પરમાત્માઓ જયારે પણ શાસનની સ્થાપના કરે છે ત્યારે શાસનનું બંધારણ ઘડે છે. શાસ્ત્રકારોએ જે વાત આપણા માટે ઘડી આપી છે તેને વળગી રહેવાનું છે. તેમાં સ્વચ્છંદતાને પોષવા

છૂટછાટો આપવાની નથી. આ તો 'કૃષ્ણ કરે તે લીલા, અને બીજા કરે તે ભવાઇ' જેવો ઘાટ દેખાય છે. **ધર્મ ઇચ્છા મુજબ કરવાનો હોત તો શ્રી ગણધરદેવાદિ શાસ્ત્રકાર પરમર્ષિઓને શાસ્ત્ર રચવાની જરૂર જ ન હતી. પણ ધર્મ તો આજ્ઞા મુજબ કરવાનો છે માટે શાસ્ત્રની રચના અનિવાર્ય છે.** ઇચ્છાની પૂર્તિ કરવી અને આજ્ઞા મુજબ જીવવું તે બેમાં આભ- જમીનનું અંતર છે. જેમ કે ભક્ષ્ય પદાર્થ પણ સ્વાદની પૂર્તિ માટે ખવાય તો તે ઇચ્છાપોષક બને. અને ભક્ષ્યથી સ્વાદની પૂર્તિ થાય છે તો તે ભક્ષ્યનો મારે ત્યાગ જ કરવો છે તો તે આજ્ઞાપોષક બને. આજે આજ્ઞા મુજબ જીવવાને બદલે, વિધાનોમાં પણ તડફોડ કરવી, ફાવતા અનુકુળ વિધાનો માનવા અને નહિ ફાવતામાં શંકાઓ કરવી તે એક 'ફેશન' થઇ છે. અને ઉપરથી બચાવ કરવો કે 'આ તો સ્યાદ્વાદ સિદ્ધાન્ત છે, દરેક પોતપોતાની અપેક્ષાએ વિચાર કરો!' ખરેખર શાસ્ત્રને શસ્ત્ર બનાવવાનું કામ આવી વિચારધારા છે. **શ્રી જૈન શાસનમાં પોતાની અપેક્ષાને સ્થાન જ નથી. પોતાની અપેક્ષાથી મનને અળગું કરી, શાસ્ત્રકાર ભગવંતોની અપેક્ષાઓ સમજવાનો પ્રયત્ન કરવાનો છે.** તો સાચું તત્ત્વ હાથમાં આવે. પોતાની અપેક્ષા પકડી રાખવી અને શાસ્ત્રકારોની અપેક્ષાઓની ઉપેક્ષા કરવી તે તો શ્રી જિનેશ્વર દેવોનું અપમાન છે. શાસ્ત્રકાર પરમર્ષિઓની વાત સમજવા જેટલી અપેક્ષાઓ લગાડાય તો ભલે લગાડાય તેનો વાંધો નથી પણ તેમની વાતને મારી મચડીને ગરડી નાખે એવી એકપણ અપેક્ષાને આ શાસનમાં સ્થાન નથી. **શાસન કરતાં પોતાની જાતને માને- મનાવે તે કેવી અપેક્ષા!**

આજના વિવાદનું મૂળ જ આ છે. નવી પણ પ્રવૃત્તિ મની- મસલ્સ પાવર્સના જોરે પોતાનો વર્ગ જમાવવા દેશ-કાળના નામે કરે અને કોઇ શાસ્ત્રીય રીતે વિરોધ કરે તો લોકોના હૈયામાંથી પોતાનું સ્થાન જતું ન રહે તે માટે વાત સમજવા કે વિચારવા પણ તૈયારી ન બતાવે. વર્ષોથી ગુરુકુલવાસના પડખા સેવ્યા છે, અમે કરીએ તે સમજી -વિચારીને જ કરીએ, તમારે ન માનવું તો તમારો રસ્તો લઇ લો- સામાને દબાવવા આજના રીઢા રાજકારણીઓને ય ભૂલાવે તેવા કાવાદાવા, રીતરસમો અજમાવે. પાછા તેમાં ફાવટ આવે તો 'હું કાંઇક છું', 'કેવું કરી બતાવ્યું' તેવો રોફ જમાવે - આ બધું કદાગ્રહનું તોફાન છે.

જૈન શાસને ગીતાર્થની ઓળખ, જવાબદારીનું જે સ્વરૂપ સમજાવ્યું છે તે પણ જો આંખ સામે આવે તો ય પાપભીરૂતા પેદા થાય. આજે સાચાને કઇ રીતના ખોટા પાડવા, ગોબલ્સ પ્રચારો કરવા તેમાં 'ગોલ્ડમેડલ' મેળવે તે 'ગીતાર્થ'! જ્ઞાનિની વ્યાખ્યા પ્રમાણે તો જે સ્વયં માર્ગનો જ્ઞાતા છે, પરમાર્થને પામેલો છે, સ્વયં તારક આજ્ઞા પાળે છે, બીજાઓને આજ્ઞા પળાવે છે અને આજ્ઞા પાળવાના ઉપાયો બતાવી બધાને તે માર્ગે ચલાવે છે તેને ગીતાર્થ કહ્યો છે. પોતે પણ દોષોથી દૂર રહે અને નિશ્રાવર્તી- આજ્ઞાવર્તી કે તેની પાસે આવેલાને પણ દોષોથી દૂર રાખે તે ગીતાર્થ છે. વાત વાતમાં અપવાદના નામે અનુકુળતાને પુષ્ટિ માટે બાંધછોડ કરે તે ગીતાર્થતા નથી. અવસરે 'કડક' અને 'નીમ' ગુણવાળા બનીને બધાને માર્ગે ચલાવે, જરાપણ ઉન્માર્ગનું પોષણ ન થઇ જાય તેની કાળજી રાખે. **આજે સિદ્ધાંત પ્રિયતાને બદલે સમાધાની પ્રિયતાની વૃત્તિ ઘર કરી જવાથી શાસ્ત્રીય સત્ય સિદ્ધાંત માર્ગમાં જે નુકસાન થયું છે તે ભરપાઇ થાય તેવું નથી.**

લોકોને માર્ગસ્થ બનાવવાની, માર્ગે ચાલવાની જવાબદારી લઇ બેઠેલા જ જો ટોપી ફેરવી લે તો પરિણામ શું આવે? ભોમિયો જ માર્ગ ભૂલી જાય, માર્ગમાં અટવાઇ જાય તો તેની પાછળ ચાલનારાની હાલત શું થાય? આજે માર્ગસ્થ આત્માઓ ભલે થોડા છે, પણ માર્ગને સમજનારાઓનો ઘણો જ અભાવ છે. તેથી જ 'આ શાસન મારૂં છે' તે વૃત્તિ નહિ પણ 'મારે શું' તેમનું તે જાણે તે વૃત્તિ થવાથી વિવાદો શમવાના બદલે વકરી રહ્યા છે.

મોક્ષ માર્ગ આરાધવો સહેલો નથી. સુખની આસક્તિનું વળગણ એવું છે કે માંડ માંડ કંઇક સાચું સમજાય અને માર્ગે ચાલવાનું મન થાય ત્યારે આવા અનેક અવરોધો નડે. આવાઓના ફંદામાં જાત ન ફસી જાય માટે ખૂબ જ સાવધ રહેવાની જરૂર છે. 'એકસીડન્ટ ઝોન' કે 'આગળ ખતરો છે' તે માર્ગે વાહન કેવી રીતે ચલાવો તે રીતે આપણે આપણા આત્માને બચાવવો છે. તે માટે અજ્ઞાન- કદાગ્રહ દશાથી મુકત બની સમ્યગ્જ્ઞાનીનું શરણું સ્વીકારી તેમનું પારતન્ત્ર્ય સ્વીકારીશું તો આ ભયાનક સંસારથી બચી, વહેલા મુક્તિ પુરીને પામીશું. 'સમજુને શિખામણ શાનમાં.'

❀ ❀ ❀

# 'इन्द्रियाणां जये शूरः ।'

**- પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.**

ભાગ ૩જો

માટે જ આલબેલ પોકારી - પોકારીને આમ પુરૂષો વારંવાર સાવધાનીના સૂર છોડે છે કે-

मत्तेभकुम्भदलने भुवि सन्ति शूराः,
केचित्प्रचण्ड मृगराजवधेऽपि दक्षाः ।
किन्तु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य,
कन्दर्पदर्पदलने विरला मनुष्याः ॥

મદોન્મત્ત હાથીઓના કુંભસ્થલને ભેદી નાખનારા શૂરવીરો પૃથ્વી ઉપર છે, પ્રચંડ એવા સિંહોનો વધ કરવામાં દક્ષ એવા પુરૂષો પણ વિદ્યમાન છે. છતાં પણ જગતના જાહેર ચોગાનમાં, બળવાનમાં બળવાન શૂરવીરોની આગળ હિંમતપૂર્વક કહું છું કે- કંદર્પમાન કામદેવનો દર્પ દળનારા-ચૂરનારા મનુષ્યો વિરલ જ છે.

આજે ખૂબીની વાત એવી છે કે વિષયોને વિરસ અને ખરાબ ચીતરનારાઓના હૈયામાં પણ વિષયોનો રસ એવો ભર્યો પડયો દેખાય છે કે, તે પ્રત્યેની તેમની ધૃણા - જુગુપ્સા ક્યાં ગાયબ થઇ જાય છે તે જ ખબર પડતી નથી! વિષયની અનુકુળ સામગ્રી મળી નથી અને પાગલ થયા નથી! મહાભારતમાં પણ શ્રી કૃષ્ણજીએ નારદની આગળ કહ્યું કે- માનવ ત્યાં સુધી જ સન્માર્ગમાં સ્થિર રહે છે, ઇન્દ્રિયોને કાબૂમાં રાખે છે, લજ્જાદિને ધારણ કરે છે, કે જ્યાં સુધી યૌવનરસથી છલકાતી- મદોન્મત્ત બનેલી માનીની ચરૂલોચનીની ભ્રૂકુટીરૂપી ધનુષ્યમાંથી કાન સુધી ખેંચાયેલા દ્રષ્ટિરૂપી બાણોની વર્ષા થઇ નથી. અર્થાત્ સ્ત્રીના મનોહર વિકારજનક દ્રષ્ટિબાણોથી વીંધાયેલો માણસ ક્ષણવારમાં હત-પ્રહત થઇ જાય છે, ઇન્દ્રિયોનો ગુલામ બની જાય છે અને લજ્જા- વિનય - વિવેક આદિ સદ્દગુણોને દેશવટો આપી દે છે.

શ્રી સંત કબીરે પણ કહ્યું છે કે,

*"નારી નસાવે તીન સુખ, જેહિ નર પાસે હોય;*
*ભક્તિ મુક્તિ અરૂ જ્ઞાનમેં, પૈઠિ શકે નહિ કોય    ૧*
*એક કનક અરૂ કામિની, દોઉ અગ્નિ કી ઝાલ;*
*દેખેહી તે પરજલે, પરસિ કરે પૈમાલ.    ૨*
*જહોં કામ તહોં રામ નહિ, રામ તહોં નહિ કામ;*
*દોઉ કબહૂં ના રહે, કામ રામ એક ઠામ.    ૩"*

અર્થાત્; જે નરના ચિત્તમાં નારીનો પ્રવેશ થાય છે તેના જ્ઞાન, ભકિત અને મુક્તિ એ ત્રણે સુખોનો નાશ થાય છે.

કનક અને કામિની એ બે એવી અગ્નિની જવાલાઓ છે કે જે દેખતાં આત્માને બાળે અને અને સ્પર્શ કરતાં આત્માને પાયમાલ કરે છે.

ભગવાનની ભકિત અને સ્ત્રીની પ્રીતિ એ બે એક જગ્યાએ કદી પણ વાસ કરી શકતી નથી. કેમકે જ્યાં કામ છે ત્યાં રામ હોતા નથી. અને જ્યાં રામ છે ત્યાં કામ હોતો નથી. કામ અને રામ એ બે એક સ્થાને કદી પણ રહી શકતાં નથી.

મોહ અને વિકારજનકની મુખ્યતાથી સ્ત્રીના વાસ્તવિક સ્વરૂપને જણાવતાં તત્વવેદીઓ કહે છે કે,

"स्मृता भवति तापाय, दृष्टा चोन्मादवर्द्धिनी ।
स्पृष्टा भवति मोहाय, सा नाम दयिता कथम् ॥"

જે સ્મરણ કરતાં જ તાપને આપનારી બને છે, દેખતાં જ ઉન્માદને વધારનારી થાય છે અને સ્પર્શ કરતાં મોહાંધ બનાવનારી બને છે તેને 'દયિતા' નામ 'સુખ આપનારી' કઇ રીતના કહેવાય?

મહાકવિ કાલીદાસ જેવાને પણ કહેવું પડયું કે-

"इयं व्याधाये बाला, भ्रूरस्याः कार्मुकायते ।

कटाक्षाश्च शरायन्ते, मनो मे हरिणायते ॥''

આ બાલા નામ અબલા મારા માટે વ્યાધનું કામ કરે છે, કારણ કે- તેણીની ભ્રૂકુટિ એ મનુષ્યનું અને કટાક્ષો એ બાણનું આચરણ કરે છે અને મારૂં મન તેને માટે હરણનું આચરણ કરે છે. અર્થાત બાણ જેમ હરણને વીંધે છે તેમ તેણીના નેત્રોથી હું વિંધાઇ જાઉં છું.

કહ્યું પણ છે કે - કામદેવરૂપી માછી માટે આ ભવ સમુદ્રમાં 'સ્રી' નામની જાળ પાથરી રાખી છે, જેની અંદર તે કામદેવ સ્ત્રીઓના અધરરૂપી આમિષના લોલુપી મનુષ્યોરૂપી માછલાંઓને પકડી પકડીને તેણીઓના અનુરાગરૂપી અગ્નિમાં પકાવે છે.

સ્રી એ જોવા માત્રથી ચિત્તને હરે છે, સ્પર્શથી બળને હરે છે, સેવવાથી વીર્યને હરે છે. અર્થાત રૂપ રૂપી અગ્નિથી પ્રજવલિત થયેલી મદન-કામ રૂપી જવાલામાં કામી આત્માઓ પોતાના યૌવન અને ધનને હોમે છે. તેનાથી બચાવવા આપ્તજનો કહે છે કે-

''धन्यास्त एव चपलायतलोचनानां,
तारुण्यदर्पघनपीनपयोधराणां।
क्षामोदरोपरिलसत् त्रिवलीलत्तानां,
दृष्ट्वाकृतिं विकृतिमेति मनो न येषाम् ॥''

ખરેખર તે જ પુરૂષોને ધન્ય છે કે જેઓ ચપળ અને દીર્ઘ એવા લોચનોને ધારણ કરનારી તારૂણ્યના અહંકારથી કઠીન અને પુષ્ટ એવા સ્તનોને ધારણ કરનારી તથા કૃશ ઉદર ઉપર દેદીપ્યમાન ત્રિવલીરૂપી લતાઓવાળી સ્રીઓની સુંદર આકૃતિને જોવા છતાં મનને વિષે લેશ પણ વિકારને કરતાં નથી.

આ સંસારમાં વિષયોની ઇચ્છા માત્રનો ત્યાગ એ જ સાચું અને વાસ્તવિક સુખ હોવા છતાં પણ મોહાધીન જીવો વિષયોમાં સુખ માને છે. સૌને અનુભવ છે કે તે સુખ પરાધીન, વિનશ્વર અને અતૃપ્તિનું જનક છે, ખુજલીની ચળના જેવું છે. છતાં પણ તેના ત્યાગમાં દુઃખ માને છે અને ભોગમાં મહાસુખ માને છે. આનું જ નામ દ્રષ્ટિનો વિપર્યાસ! તેવા આત્માઓ મોહાધીનતાના કારણે એમ જ માને છે કે-

''संसारे तु धरा सारं, धरायां नगरं मतम्।
आगारं नगरे तत्र, सारं सारङ्गलोचना ॥ १ ॥
सारङ्गलोचनायां च, सुरतं सारमुच्यते।
नान्तः वरतरं सारं, विद्यते सुखदं नृणाम् ॥ २ ॥
सारभूतं तु सर्वेषां, परमानन्द सोदरम्।
सुरतं ये न सेवन्ते, तेषां जन्मैव निष्फलम् ॥ ३ ॥

આ સંસારમાં પૃથ્વી એ સારભૂત છે, પૃથ્વીમાં નગર, નગરમાં ઘર અને ઘરમાં મૃગાક્ષી એવી સ્ત્રીઓ સારભૂત છે, સ્રીઓમાં સુરત- કામક્રીડા એ સારભૂત છે. એનાથી અધિક સારભૂત અને સુખ આપનારી બીજી એકપણ ચીજ મનુષ્યો માટે છે નહિં. સર્વ વસ્તુઓમાં સારભૂત અને પરમાનન્દના સગાભાઇ સમાન સુરત - મૈથુનનું સેવન જેણે કર્યું નથી, તેનો જન્મ ખરેખર નિષ્ફળ છે.

મોહની આધીનતાને વિચારી રહ્યા છીએ. ખરેખર મોહનું પ્રાબલ્ય કેવું અદ્દભૂત છે કે, સારા જીવો પણ આવી ચેષ્ટાને સારભૂત માને છે. તેના જ રસિક જીવો કહે- માને છે કે-

''यदि रामा च यदि रमा, यदि तनयो विनयगुणोपेतः।
तनयेन तनयोत्पत्तिः, सुरवरनगरे किमधिकम् ? ॥''

આ સંસારમાં જો એક સ્રી, બીજી લક્ષ્મી, ત્રીજે વિનયગુણયુકત પુત્ર, ચોથું પુત્રને ઘેર પણ પુત્ર એ ચાર વસ્તુ મલી જાય તો, દેવલોકમાં પણ એથી અધિક શું છે? મોહાધીનતા મલીન એવા મનુષ્યોના કામભોગોમાં પણ શું મનાવે છે તે સમજાય છે.

મોહમાં મૂંઝાનારાના પાગલપણાના પ્રલાપો પણ જોવા જેવા છે કે, ''Love converts the cottage in to a palace of gold.'' અર્થાત વૈષયિક પ્રેમ-સુખ એ ઘાસની ઝુંપડીને પણ સુવર્ણનો મહેલ બનાવી દે છે.

(ક્રમશઃ)

# વાસ્તવિક સુખી કોણ?

*પૂ. મુનિરાજશ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ.*

આજે અનેક પ્રકારના સુખોપભોગના સાધનો વધ્યા, સામગ્રી વધી, સગવડતાઓ વધી છતાં પણ મોટો ભાગ દુઃખી છે. કારણ? તૃષ્ણા નામની રાક્ષસીથી પીલાઇ રહ્યો છે. એક ઇચ્છા, કામના કે તૃષ્ણા પુરી થઇ ન થઇ ત્યાં બીજી સપરિવાર હાજર છે. પછી તે લાલસા ધનની હોય, સુખસામગ્રીની હોય કે ભોગોપભોગની હોય. આજના બધા દુઃખીનું નિદાન જ્ઞાનિઓના શબ્દમાં જોઇએ તો '**પ્રાપ્તિના આનંદ કરતાં પણ અપ્રાપ્તિની ઝંખના જીવને દુઃખી બનાવે છે અને અસંતોષની આંધિમાં અથડાયા કરાવે છે**' તેના કારણે પ્રાપ્ત ચીજવસ્તુનો ઉપભોગ પણ કરી શકતો નથી. 'મારી પાસે આ આ છે' તેનો આનંદ કેટલાને? આટલું આટલું વિદ્યમાન હોવા છતાં 'હજુ આ આ નથી', તેનું દુઃખ કયા સંસારી જીવને નહિં હોય તે જ નવાઇ! જે હોય તેમાં સંતોષ માનો, તેનાથી ચલાવી લો. આ ભાવના ધર્મીની હોય, 'આમાં તો સંતોષ મનાતો હશે?' 'આના વિના તે ચાલતું હોય', આ ભાવના તૃષ્ણા લુની હોય. પછી તે દુઃખી ન હોય, દુઃખના રોદણાં ન રોવે કે ગાણા ન ગાય તે નવાઇ!

એક ઇતિહાસ પ્રસિદ્ધ વાત છે કે, એક સૂફી સંત ભોજન પ્રાપ્તિ માટે ભિક્ષાએ નીકળ્યા હતાં. માર્ગમાં રાજાનો મહેલ આવ્યો. સાચા સંતને મન મહેલ શું કે ઝુંપડી શું? મહેલના પ્રાંગણમાં પ્રવેશી જે મળ્યું તેની સામે પાત્ર ધરી ભિક્ષા આપવા વિનંતી કરી. યોગાનુયોગ એવું બન્યું કે સામે મળેલો માણસ ખુદ સમ્રાટ પોતે હતાં. તે સમ્રાટે પણ ઉછળતા ઉમંગે સંતને વંદના કરી કહ્યું કે 'આજે મારા માટે સોનાનો દિવસ ઉગ્યો. તમારી સામે આ દેશનો સમ્રાટ ખુદ ઉભો છે. તમારી જે ઇચ્છા હોય તે માગી લો તે હું પૂર્ણ કરીશ.'

સંતને સમ્રાટની વાણીમાં અહંકાર સર્પનો રણકાર દેખાયો. તેથી વિનમ્રભાવે કહે કે 'મારે કોઇ ચીજનો ખપ નથી. છતાં પણ તમારી ઇચ્છા હોય તો આ ભિક્ષાપાત્રને કોઇપણ ચીજવસ્તુથી ભરી આપો. ચીજ ગમે તે આપો પણ મારૂં આ પાત્ર પૂરેપૂરુ ભરાવું જોઇએ. જરા પણ ખાલી રહેવું ન જોઇએ.'

તેથી સમ્રાટને પણ પૌરસ ચઢયું અને કોષાધ્યક્ષને બોલાવી સોનામહોરોથી આ પાત્ર ભરવા ફરમાન કર્યું. ભંડારીએ આખી સોનામહોરોની થેલી લાવી ભિક્ષાપાત્રમાં ઠાલવી, પણ આશ્ચર્ય કે પાત્ર ખાલીને ખાલી રહ્યું. સમ્રાટનો અહંકાર ઘવાયો. ખરેખર અધિકારી પદ તેમાં પણ આવેશ, અહંકાર ભળે પછી શું થાય? ભિક્ષાપાત્રમાં દસ-બાર સોનામહોરોની થેલીઓ ઠાલવી પણ પાત્ર ન ભરાયું. ભંડારી હોંશિયાર હતો. તુરત મંત્રીને બોલાવ્યો. મંત્રીએ પણ શાણપણથી સમ્રાટને સમજાવ્યું કે આપનો આખો રાજભંડાર ખાલી થશે તો પણ આ પાત્ર નહિં ભરાય તેમ લાગે છે. માટે ડાહ્યા વેપારીની જેમ અભિમાન છોડી, શાણા બની આ સંતને પૂછીએ કે આ પાત્ર શેનું બનેલું છે?

મંત્રીની વાત સમ્રાટના ગળે ઉતરી ગઇ. અભિમાનરૂપી અજગરની નાગચૂડમાંથી મુક્ત થઇ સંતના પગમાં પડી, માફી માગી વિનમ્રભાવે પોતાની અસમર્થતા બતાવી. સંતને

પણ સમ્રાટનું અભિમાન દૂર થયું તેથી આનંદ થયો, અને પોતાનું ભિક્ષા પાત્ર ઉંધુ કર્યુ તો બધી જ સોનામહોર નીચે પડી અને સંત પાછા જવા લાગ્યા. રાજાએ પાત્રમાં કેમ આવું થયું તેનું રહસ્ય જાણવાની ઈંતેજારી બતાવી.

મલકાતા એવા સંતે રહસ્યોદ્‌ઘાટન કરતાં કહ્યું કે 'રાજન! હજી પણ ન સમજયા. **આ પાત્ર તૃષ્ણા ભરેલી માનવ ખોપરીમાંથી બનાવેલું છે.** તૃષ્ણા કયારેય તૃપ્ત થતી નથી, મરતી નથી, અજરામર છે. તૃષ્ણાને તૃપ્ત કરવા ગમે તેટલી આહુતિ આપો પણ તે અતૃપ્ત જ રહેવાની. આપણાં સૌના જીવન અનુભવો પણ આ જ વાતની સિદ્ધિ કરે છે કે ગમે તેટલું મલો ઓછું જ લાગે. ત્રણે લોકનું સામ્રાજય મલો તો પણ મારી પાસે કાંઇ જ નથી.

તૃષ્ણા - ઈચ્છા- આશા- અપેક્ષા- આકાંક્ષા- આ બધા તૃષ્ણાવાચી શબ્દો છે. તૃષ્ણા જયારે સાજસજાવી સારા વાઘા વધારી સોલ શણગાર સજી આવે છે ત્યારે મહત્વાકાંક્ષા જેવું સોહામણું લોભામણું લલચામણું નામ ધરાવે છે. આ બધાના મૂળમાં બધા પાપોના મૂળ સમાન જીવનની લોભવૃત્તિ રહેલી છે. જે વિવિધ નામ-રૂપો કરી ચૌદ રાજ લોકમાં ફરે છે, જીવોને વશ કરી ફરાવે છે.

તૃષ્ણા કયારે પણ તૃપ્ત થતી નથી. જે આશાદાસી વશ પડયા તે જગતના દાસ તેમ દુનિયા પણ કહે છે. જો જગતના ગુલામીખતમાંથી મુક્તિ જોઇતી હોય તો આશાદાસીના રાક્ષસી પંજામાંથી આત્માને મુકત બનાવો. સંસ્કૃતમાં સુભાષિત આવે છે કે **'મને આપો'** તે કનિષ્ઠ વચન છે. પોતાની પાસે હોવા છતાં **'મારી પાસે કાંઇ નથી'** તે તો તેનાથી પણ વધારે કનિષ્ઠ વચન છે. **'આ લો'** તે વચનોનો રાજા છે. **'મારે કાંઇ જોઇતું નથી'** આ વાકય વચનોમાં રાજાધિરાજ છે.' બાકી તૃષ્ણા રાક્ષસીના પંજામાંથી મુકત થવું તે સહેલું કામ નથી. કારણ તૃષ્ણાનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. ચોમેર ફેલાયેલું છે. મોહ રાજા આ તૃષ્ણાના બળે જ આખા સંસાર ઉપર મજેથી રાજય કરે છે. પછી તે ધન-દૌલત, કીર્તિ નામના, પ્રશંસા- ખ્યાતિ, માન-પાન, સત્તા અધિકાર, સગા-વહાલા સંપત્તિ-સંતતિ, ભોગોપભોગ- આમ તૃષ્ણાનો વ્યાપ વધતો જ રહે છે. તૃષ્ણાને જીતવાનું કામ મોટા મોટા દેશોને જીતવા કરતાં ઘણું અઘરૂં - કપરૂં છે. દુનિયાના શહેનશાહ સમ્રાટ બનવા નીકળેલા સિકંદર- નેપોલિયન - હિટલર જેવા માધાંતાઓને પણ આ તૃષ્ણા ભરખી ગઇ છતાં પણ તે અતૃપ્ત જ રહી.

તૃષ્ણાનો ત્યાગ એ જ સાચી જીત છે. માટે જ્ઞાનીઓએ કહ્યું કે **'મનની જીતે બધી જીત'** તૃષ્ણાનો ત્યાગ દુર્લભ છે પણ અસંભવ - અશકય તો નથી. મોહ- માયા- તૃષ્ણાને ત્યાગી અનંતા આત્માઓ સિદ્ધપદને પામ્યા છે. 'મારે આ જોઇએ, આવા વિના તો ન જ ચાલે', આ ભાવનાથી પેદા થઇ, પેટમાં પેસી, પગ પહોળા કરનારી આ તૃષ્ણાને જીતવા 'મારે કાંઇ જ ન જોઇએ' 'જે મળે તેમાં આનંદ છે' આ ભાવનાને આત્મસાત્ કરી તૃષ્ણાનો મૂળમાંથી નાશ કરી સૌ પરમાત્માપદના ભોકતા બનો તે જ મંગલકામના.

◆ ◆ ◆

**શ્રી શંખેશ્વર - હાલારી વિશા ઓ. શ્વે. મૂ. તપાગચ્છ -જૈન**
**ધર્મશાળા મધ્યે (મોટા દેરાસર)**
શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથ ભગવાનની પહેલી સાલગીરી પ્રસંગે અઢાર અભિષેક રાખેલ...
તેમ સાથે સત્તર ભેદી પૂજા રાખવામાં આવેલ.
પૂજાનો લાભ લેનાર **શ્રી મોંઘીબેન સોમચંદ હેમરાજ હરીયા - ખીરસરા**
**હાલ લંડન** તરફથી

# ઝંખના – આત્મજ્ઞાનની''

- તિમિર કિરણ શિશુ

*(ગયા અંકથી ચાલુ)*

એટલે, સનતકુમારે રોગનો સાચો પ્રતિકાર શોધી કાઢવો. રોમેરોમે વ્યાસી ગયેલો વ્યાધિ રોગ અસહ્ય પીડા ઉપજાવે છે, તેઓએ દેહના રૂપનું નામનિશાન બદલી નાખ્યું, બહારનું રૂપ બદલાયું અને અંતરથી સનતકુમાર બદલાયા, હવે વ્યાધિની પીડા ન રહી, એના પ્રત્યે લક્ષ ન રહ્યું. હવે લગની લાગી આત્મભાવ રમણતામાં, આનંદમગ્ન બનવામાં, જે શરીરને રૃષ્ટ-પુષ્ટ, રૂપવાન બનાવવાના પ્રયત્ન હતા એ જ શરીર દ્વારા પાપ ખપાવવાના ચાલુ કરી દીધાં. પાપ ખપાવવાનું અમોધ સાધન શરીર જ છે, નહિં કે ભુખ ભોગવવાનું.

બસ, ધૂણી ધખાવી, દુષ્માકાળ રૂપી સખ્ય ઉનાળામાં સર્વ રાખ થઈ જાવ તેમ સનત્ કુમાર ચક્રી સર્વે પાપોને ખલાસ કરવા ઉધમશીલ બન્યા. સમય પસાર થવા લાગ્યો, અંતરાત્મા શુદ્ધ થવા લાગ્યો, સમતા પૂર્વક આવેલા રોગોની પીડાને ભોગવતાં તે બે દેવોએ એક વખત અવધિજ્ઞાનથી જોયા.

પરમોચ્ચ દશામાં અસહ્ય પીડાને ભોગવતાં સનત્ કુમારની પાસે એ બે દેવો રાજવૈદનું રૂપ લઈ હાજર થાય. બે હાથ જોડી નમસ્કાર કર્યા. પગની પાનીથી મસ્તકની શીખા સુધી વ્યાપેલા રોગને જોઈને રોગ દૂર કરવાની માંગણી કરી, સેવા-સુશ્રુષા કરવાની વિનંતી કરી.

સર્વ સાવદ્યયોગના ત્યાગ પૂર્વક મન્ પ્રવૃતિને કરનારા, પાંચ મહાવ્રતો, દશ પ્રકારનો યતિધર્મ, પડિલેહણ - પ્રમાર્જના, દર્શ પ્રકારની ચક્રવાલ રૂપ (પૃચ્છા - પ્રતિપુચ્છાદિ) સાધુ સમાચારીનું આ સેવન કરનારા, દશવિધ વૈયાવચ્ચ કરનારા, બ્રહ્મચર્યની નવ ગુપ્તિમાં, પિંડવિશુદ્ધિમાં, ત્રણ ગુપ્તિમાં, પાંચ સમિતિમાં, યથાશકિત અભિગ્રહ સ્વીકારમાં, ઈન્દ્રિયોનું દમન કરવામાં, ક્રોધ-કષોયાના નિગ્રહમાં જેઓ અપ્રમન્ત હતા અને અનિત્યત્ત્વા દિ બાર અને પાંચ મહાવ્રત સંબંધી પચીસ ભાવનાઓનું સમ્યગ્ પાલન કરનારા સનત્ ચક્રવર્તી હતા. દેહભાવથી મુકત હતા, ફકત આત્મ રમણનાના ભાવમાં લીન હતા, તેઓની સઘળી ચર્યા આત્મસમનાર્થે હતી. સ્મીત લાવી સનત્ ચક્રવર્તીએ પૂછ્યું, ભાઈઓ ! "તમે ભવરોગ ટાળવાનું ઓષધ લાવ્યા છો ?" તમારે મારો રોગ દૂર કરવો છે તો લાવો ભવૌષધ. તે લઈને મારા ભવનો નિસ્તાર કરું.

દેવો શું જવાબ આપે ? નત્મસ્તકે તે ઉપચારની લાચારી બતાવી. નથી ભાવ ઔષધ કે નથી ભવ નિસ્તારનું ઔષધ્ય. પોતે જ બંધન યુકત છે તો બીજાને ક્યાંથી બંધન મુકત કરશે.

અરે ભાઈઓ ! દેહભાવનાની આળપંપાળ જ કરવી હોય તો એ સઘળી માયાજાળ છોડીને ન નીકળત, હવે તો આત્મભાવ ખીલવવો છે. તેની સારસંભાળ લઈશ તો જ મારો ભવ રોગ છૂટશે. દેહારાગ ટાળવાનો યત્ન - પ્રયત્ન નિરર્થક છે. સારભૂત તો આત્મશુદ્ધિ છે.

આત્મશુદ્ધિથી સનત કુમારને કેવી કેવી લબ્ધિઓ પ્રગટ થઈ છે તેનો ખ્યાલ છે ? દેવોને ઉપદેશ - આશ્વાસન આપવા માટે તેઓએ પોતાની એક આંગળીનો અગ્રભાગ મુખમાં નાખી બહાર કાઢવો. આંગળી રોગ મુકત બની. કાબરચીતરી કાયાની વચ્ચે આ કંચન વર્ણી આંગળી સુંદર રીતે શોભવા લાગી. અનુપમ લબ્ધીનો ઉપયોગ દેહશુધ્ધિ

માટે ન કર્યો કારણકે તેઓ જાણતા હતાં કે દેહનો આ સ્વભાવ છે, દેહ રોગનું ઘર છે. રોમે રોમે રૂંવાડે - રૂંવાડે રોગ થવાની શક્યતા છે, તેથી શો ઉપાય યોજવો ? શુભ કર્મ પ્રકૃતિના ઉદયમાં આ રોગો ઢંકાય રહે છે. અશુભના વાયરસમાં તેઓ પ્રગટ થાય છે. આ કાયમી ઘટમાળની જંજાળમાંથી છૂટવા માટેનો ઉપાય ઔષધ નથી. પરંતુ દેહનો ત્યાગ એ જ સર્વોચ્ચ ઉપાય છે. દેહને માટે પાપાચાર કર્યો તે યોગ્ય નથી. આવી પરપ્રવૃત્તિથી દૂર રહેવું જોઇએ. જો દૂર રહીશ તો જ મુકિત મળશે.

ભાઇઓ, મારે મંત્ર - તંત્ર - ઔષધિ આદિ કોઇની પાલ પંપાળ જોઇતી નથી, ફકત શ્રી વિતરાગ દેવની વાણી મલી જાય તો અર્થાત શ્રી વીતરાગ દેવ ઉપર અડગ શ્રધ્ધા થઇ જાય તો તેના જેવો કોઇ શ્રેષ્ઠ ઉપાય નથી.

શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત,

મનનું દુઃખ ધન-ધાન્યાદિ મળવાથી મટી જતું હોય તો, અને બાહ્ય સંસર્ગ - સંબંધોનું દુઃખ મનને કાંઇ અસર ઉપજાવતું ન હોય તો દુઃખ મટાડવાના જે જે ઉપાયો કરવામાં આવે તે સઘળા પ્રયત્ન જીવોને માટે સફળ થાત, પણ જ્યારે જ્યારે તેમાં વિપરીત પરીણામ જોવામાં આવે ત્યારે ત્યારે જ વિચારવાનો પ્રશ્ન ઉભો થાય કે દુઃખ મટાડવા માટે અન્ય - બીજો કોઇ ઉપાય હોવો જોઇએ. એ પ્રયત્ન કરવાથી સર્વે જીવો સફળતાને પ્રાપ્ત કરે.

ભાઇઓ તમારે યત્ન અયથાર્થ છે. બધો શ્રમ વૃથા છે. જો તમે દુઃખ મૂળ શોધી યથાર્થ પ્રયત્ન કરશો તો જ દુઃખ મટશે. નહિ તો નહિ જ મટે. શરીરનું દુઃખ જો તમારા ઔષધથી જ મટતું હોત તો કોઇ વૈદ્ય, હકીમ કે તબીબીનું મૃત્યું થાત નહિ. તેમજ દુઃખી જે તેઓનું ઔષધ ગ્રહણ કરે તે પણ મૃત્યુ ન પામે.

પણ ભૂદેવો ! દર્દ મટવું તે શરીરના શાતાવેદનીય કર્મ પર અવલંબે છે હવે વિચારો ! ઉહાપોહ કરો ! મંથન કરો ! આ સર્વ દુઃખનું કારણ શું ? ઔષધ - ધનાદિ ઉપાયો વ્યર્થ કેમ ? માનવ જીવ માત્ર દુઃખી કેમ ?

જીવ માત્ર બહાર સંયોગોનાં નિમિત્તોથી દુઃખી થાય છે. તેનો ઉપાય જાણવામાં નથી આવતો તેથી પોતાના વલણને ફેરવવાને બદલે બહારના સંબંધોને દોષ દઇ અથવા તે સંયોગો ફેરવવાનો પ્રયત્ન કરે છે.

જેમ કોઇ મિત્ર, પુત્ર, પત્નિ કે પતિના પૂર્વના ઋણાનુબંધ એવા છે કે ઇચ્છે છે સુખ અને સંપ પણ નથાં સાથે બેસે કે તાપ અને ઉપાતમાં ફસાઇ જાય. આ સર્વે સંબંધો સુખની અપેક્ષા રાખે છે, ઇચ્છે છે છતાં વારંવાર દુઃખમાં પરિણમે છે, ઇચ્છા-અપેક્ષા પ્રમાણે બનતું નથી ત્યારે દોષ, તે સર્વેને અપાય છે. તેઓ સુધરો તો સારૂં એવું વિચારાય છે પણ તે સંબંધોનું દુઃખ ટળતું નથી.

એ માટે વાસ્તવિક સંશોધનની જરૂર છે. કદાચ કંઇક અંશે શોધ પણ કરી ઉપાય મળ્યો કે "ધર્મથી દુઃખ મટે" પરંતુ અલ્પ કાલિન ધર્મ કર્યો, અંત સુધી કહી ન શકયા. કારણ કે કડવી દવા કોને ભાવે ? સંજીવની પ્રાપ્ત કરવાની ઇચ્છા વાળાઓએ કડવા ઘૂંટડા તો પીવા જ પડશે.

સનત્ કુમારે દુઃખના મૂળને ઉચ્છેદવા માટે શ્રી સર્વજ્ઞ વીતરાગ ભગવંતોએ અને અનંત જ્ઞાનીઓએ સુંચવેલા સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રના ઉપાય આદર્યો. તેમ આપણે પણ સુખી બનવા માટે દુઃખથી છૂટવા માટે આ જ ઉપાયનું શરણું લઇ એ બરાબરને ! *(સમાપ્ત)*

❖ ❖ ❖

❖ One Becomes a Brahmana by his ACTION, a Kshatriya bt this action, a Vaisya bt his action and Sudra bt his action and not by his birth.

-Uttradhyan

# કહેવાતા સંસ્કૃતિ રક્ષકોના વિચારોની સમાલોચના

*લેખક: ચરણ કિંકર*

વિભાગ-૧

વર્તમાનમાં ભગવાન ઋષભદેવ સ્વામીએ સ્થાપેલી ૭૨-૬૪ કળાઓ, શતશિલ્પાદિની જીવન વ્યવસ્થા નામશેષ થતી જાય છે ત્યારે સાધુ ભગવંતોએ તે વ્યવસ્થાને પુનર્જીવિત કરવી જોઇએ એવું કેટલાક સંસ્કૃતિ રક્ષકો માની રહ્યા છે. પણ તેમની આ વાત શાસ્ત્ર નિરપેક્ષ છે. કારણ કે અવસર્પિણીના પ્રથમ જિનનો તે કલ્પ હોય છે. લોકસ્થિતિ અને કાળમર્યાદા પ્રમાણે સ્થપાતી અને નાશ પામતી એ વ્યવસ્થાઓને અવસર્પિણીમાં પ્રથમ તીર્થંકર અને ઉત્સર્પિણીમાં કુલકરો પોતાની જવાબદારી સમજીને સ્થાપતા હોય છે. ભાવશ્રાવક પણ પોતાનો પુત્ર મર્યાદાભંગ ન કરે તે માટે પોતાની જવાબદારી હોવાથી લગ્ન કરાવતો હોય છે. તેથી લગ્ન ઉપાદેય બની જતું નથી. તે સાવદ્ય જ છે તેમ પ્રથમ તીર્થંકર જ્યારે લોકો અજ્ઞાન હતાં ત્યારે પ્રથમ રાજા તરીકેની પોતાની જવાબદારી સમજીને વ્યવસ્થાઓ સ્થાપતા હોય છે. તેથી વ્યવસ્થાઓ નિરવદ્ય બની જતી નથી. અને "सावद्यारंभेषु शास्त्रृणां वाचनिक्यप्यनुमोदना न युक्ता" અર્થાત સાવદ્ય, આરંભ ક્રિયાઓમાં શાસ્ત્રકારોની વાચનીક પણ અનુમોદના યુકત નથી. આ શ્રાદ્ધવિધિના વિધાન દ્વારા, "તે વ્યવસ્થાની પુનઃસ્થાપના, રક્ષા કરવી જોઇએ તેમાં ધર્મ છે. શ્રાવકોનું કર્તવ્ય છે" આવું સમજાવવું શાસ્ત્રવિરૂદ્ધ પ્રરૂપણા છે તે સ્પષ્ટ સિદ્ધ થાય છે.

વળી કાલસપ્તતિકા, ત્રિષષ્ટી ચરિત્રમાં ૨૮મી અષ્ટકમાં પ્રથમ તીર્થંકરનો કલ્પ હોવાના કારણે વ્યવસ્થાઓ સ્થાપે છે તે સ્પષ્ટ જણાવેલ છે. અષ્ટાપદજીની પૂજાની ઢાળમાં **"અવસર્પિણીમાં રે પ્રથમ જિણંદનો જીત, ઉત્સર્પિણીમાં રે કુલગરની એ રીત;"** આ ગાથા દ્વારા સ્પષ્ટ જણાવેલ છે.

આ ઉપરથી સ્પષ્ટ છે કે જીવન વ્યવસ્થા આત્મ સાધનાના ઉપાય તરીકે સ્થપાયેલી નહોતી પણ તે કાળના અજ્ઞાન લોકોને વધુ અનર્થથી બચાવવા જીવન વ્યવસ્થાના અંગ તરીકે સ્થપાઇ હતી. (આ વાત ૨૮ અષ્ટકમાં સ્પષ્ટ છે.)

વળી પરમ પવિત્ર આગમ નંદી સૂત્રના ૪૧માં સૂત્રમાં ૭૨ કળાને મિથ્યાશ્રુત જણાવી છે.

પ્રથમ તીર્થંકરે રાજ્ય વ્યવસ્થા સ્થાપી અને તે ઉપાદેય હોય તો, દીક્ષા લીધા બાદ કેવલ જ્ઞાન પામ્યા ત્યારે પોતાના પુત્રોને શા માટે "राज्यं नरकान्तं" સમજાવ્યુ ?

આથી સ્પષ્ટ છે કે ભગવાને કળાઓ, શતશિલ્પ, અસિ-મસિ- કૃષિની વ્યવસ્થા સ્થાપી હોવા માત્રથી ઉપાદેય બનતી નથી. તે વ્યવસ્થાઓ પુનર્જીવિત કરવાનો ઉપદેશ / માર્ગદર્શન આપવાનું સાધુની મર્યાદામાં આવતું નથી અને શ્રાવકને પણ તે વ્યવસ્થાઓ પુનર્જીવિત કરવાનો પ્રચાર કરવો અનુચિત છે.

વિભાગ-૨

શ્રાદ્ધવિધિ ગ્રંથના નામે કેટલાક કુતર્કો ચાલે છે, તેની સીમક્ષા :-

એક જગ્યાએ સંસ્કૃતિ રક્ષકો લખે છે કે... 'શ્રાદ્ધવિધિ' ગ્રંથ આદિ ગ્રંથોમાં ચીંધેલા માર્ગ મુજબ જીવન જીવવાની તમામ સગવડો નાશ પામતી જતી હોય તો?

ત્યારે પણ એ સુવ્યવસ્થા અને તેના અંગોની રક્ષા કરવા માટેનો ઉપદેશ / માર્ગદર્શનને સાવદ્ય ઉપદેશ ગણી તેની રક્ષાની ઉપેક્ષા થઇ શકે?

તેમનો આ કુતર્ક શ્રાદ્ધવિધિ ગ્રંથના અમુક અંશો પકડીને પેદા થયો છે. ગ્રંથકારશ્રીએ આહાર, સ્નાન, દંતધાવન, અર્થોપાર્જન આદિ વિધિઓ બતાવતાં જે વર્ણન કર્યું તે વર્ણન ઉપદેશપરક નથી પણ અનુવાદપરક છે તેવું સ્પષ્ટ લખેલ છે. ત્યાં લખેલ છે કે "लोकसिद्धो हययमर्थ इति नोपदेशपरं अप्राप्ते हि शास्त्रमर्थवत्" અર્થાત; દંતધાવન ઈત્યાદિ ક્રિયાઓનું જે વર્ણન છે તે આ લોકસિદ્ધ અર્થ ઉપદેશપરક નથી કારણ કે અલ્પાંશે પાપથી નિવૃત્તિમાં કારણભૂત યતના કે જે અપ્રાપ્ત છે તેનું વિધાન કરવાનું શાસ્ત્રનું કાર્ય છે.

સ્નાન, મલોત્સર્ગ, દંતધાવન આદિ સાવદ્ય પ્રવૃત્તિમાં સ્વયં પ્રવર્તેલા ગૃહસ્થને અલ્પાંશે પણ પાપની નિવૃત્તિ જયણા દ્વારા થવાની છે. તેથી તે સાવદ્ય ક્રિયાઓમાં રાખવાની જયણા ગ્રંથકારશ્રીએ સ્વયં બતાવી છે તેમાં તે સાવદ્યક્રિયા અનુવાદપરક છે અને તેમાં રાખવાની યતના વિધિ પરક - ઉપદેશપરક છે.

આથી સ્પષ્ટ છે કે ગ્રંથકારશ્રીએ સાવદ્યપ્રવૃત્તિઓમાં સ્વયં પ્રવર્તેલા ગૃહસ્થને કઈ જયણા રાખવી તેનું વિધાન કરવું તે જ જણાવ્યું છે. પણ તે તે ક્રિયાઓને ઉપાદેય જણાવી નથી. આથી નિર્વાણ કલિકામાં 'સ્નાન કરવું', આચારોપદેશ ગ્રંથમાં 'મોઢાની શુદ્ધિ અર્થે પાન-સોપારી ખાવા જોઈએ' જે વિધાનો કર્યા છે તે શ્રાદ્ધવિધિ ગ્રંથના "एवमन्यत्रापि ज्ञेयं" અર્થાત; આ રીતે આખાય ગ્રંથમાં જ્યાં જ્યાં સાવદ્ય ક્રિયાઓનું વર્ણન છે તે, તે તે કાલે ચાલતા વ્યવહારોનો અનુવાદ છે. પણ તે રીતે કરવાનો ઉપદેશ નથી. પણ તેમાં અલ્પાંશે પાપથી નિવૃત્તિ જયણા દ્વારા શકય બનવાની છે, તે જયણાનું વિધાન, તે અમારો ઉપદેશ છે. આ વિધાન દ્વારા ફલિત થાય છે કે અનુવાદ પરક છે. અને (सावद्यारम्भेषु....) વિધાન પણ સ્પષ્ટ રીતે ગૃહસ્થની સાવદ્ય ક્રિયાઓમાં અનુમોદનાનો નિષેધ કરે છે. જો વાચનિક પણ અનુમોદનાનો નિષેધ હોય તો, તે ક્રિયાઓનું સ્પષ્ટ વિધાન તો કઈ રીતે કરી શકાય?

શ્રાદ્ધવિધિ ગ્રંથમાં આજીવિકાના જે સાત ઉપાયો બતાવ્યા છે તેમાં વણિકો (વર્તમાનમાં મોટાભાગે વણિકો જ જૈનધર્મ પાળે છે) વેપાર દ્વારા જ આજીવિકા પૂર્વે (તે ગ્રંથ બન્યો ત્યારે) કરતા હતા તે જણાવેલ છે. एषु च वणिजां वाणिज्यमेव मुख्यवृत्यार्थार्जनोपायः અર્થાત; આ આજીવિકાના ઉપાયોમાં વણિકોને વેપાર મુખ્ય વૃત્તિએ અર્થ (ધન) ઉપાર્જનનો ઉપાય છે.

જયારે અત્યારે સંસ્કૃતિરક્ષકો શ્રાવકને પશુપાલન ખેતી આદિ કર્માદાનના ધંધા કરવાનું જણાવી રહ્યા છે તે અનુચિત છે. કારણ કે વેપારમાં રાખવાની દ્રવ્યથી વ્યવહાર શુદ્ધિમાં પંદર પ્રકારના કર્માદાનને ત્યાજ્ય કહેલા છે. તે વાત આ રહી... तत्र द्रव्यतः पञ्चदशकर्मादानादिनिदानं भाण्डं सर्वात्मना ताज्यं ॥

આજીવિકા અર્થે સ્વયં પ્રવર્તેલા શ્રાવકને માટે પણ ક્યો ધંધો પ્રાયઃ નિર્દોષ છે તે ગ્રંથકારશ્રીએ સ્વયં જણાવેલ છે. "निष्पन्नवस्त्रसूत्रनाणक स्वर्णरुप्यादि पण्यं प्रायो निर्दोषः" અર્થાત; તૈયાર બનાવેલા વસ્ત્રાદિ વેચાતા લઈને ધંધો કરે તો પ્રાયઃ નિર્દોષ છે.

દુકાળ આદિમાં બીજું કોઈ નિર્વાહનું સાધન ન હોય અને ખરકર્માદિ કરે છે, તો પણ તે ખરકર્માદિને નહીં ઈચ્છતો પોતાના આત્માની નિંદા કરતો (આરંભ વિનાનું જીવન જીવતાની અનુમોદના કરતો) દયા સહિત કરે છે. दुर्भिक्षादावनिर्वाहहेतु यदि बहवारम्भं खरकर्माद्यपि करोति, तदानिच्छः स्वं निन्दन् सशूकतयैव करोति ।

વળી શ્રાદ્ધવિધિમાં કહ્યું છે કે विक्रायकैः स्वयं निष्पाहितां, न तु तत्पार्श्वात् स्वकृते कारितं, महारंभदोषापत्तेः અર્થાત; (જીવન વ્યવહાર સંબંધી ચીજ) વેચનારાઓ વડે સ્વયં બનાવેલી (શ્રાવકે ખરીદી લેવી) પણ તેની પાસે પોતાના માટે નવી ન બનાવડાવવી કારણ કે તેવું બનાવડાવવાથી મહારંભના દોષની આપત્તિ આવે છે.

(ક્રમશઃ)

# ચેત ચેત ચેતન ! તું ચેત

-'પદ્મરાજ'

○ હે ચેતન ! અનાદિ અનંતકાળથી આ ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં તને કોઇક શુભ પુણ્યોદયે અનુકૂળ વિષયોની સામગ્રી, રાજ્ય-ઋદ્ધિ આદિ સુખ સંપદા-વૈભવોની પ્રાપ્તિ, દેવલોકના સુખોની પ્રાપ્તિ પણ થઇ. છતાં પણ જ્યારે મળે ત્યારે તને નવી જ લાગી અને તેમાં જ અતૃપ્તિની ઝંખનામાં તેની જ આસક્તિથી પાછો તું કેટલું ભમ્યો તે જરા શાંતચિત્તે અંતરના ઓરડામાં દષ્ટિ કરી વિચાર ! મહાપુણ્યોદયે આવી સુંદર ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યભવ મળ્યો, સદ્‌ગુરુ સંગ કાંઇક ચેતના જાગી તેમ માને છે તો હવે તપ-ત્યાગમય જીવન જીવ, કારણ કે તપ-ત્યાગ-આત્મસંયમ વિના જીવનનું ક્યારે પણ શ્રેય-પ્રેય થવાનું જ નથી. જેને તું તારા પૂજ્ય પરમેષ્ઠિઓ માને છે તે શ્રી તીર્થંકરપરમાત્માદિએ મળેલી સુખ વૈભવની સામગ્રી તૃણના તણખલાની જેમ છોડી દીધી તો કમમાં કમ તેમના સાચા સેવક પણ ગણાવવું હોય તો તું સામગ્રી ક્યારે છૂટે, ક્યારે હું આસક્તિને છોડી વિરક્તિને પામું, ક્યારે હૈયાથી બધાનો ત્યાગ કરી સર્વત્યાગના માર્ગે ચાલું-આ ભાવનાથી તારા આત્માને ઓતપ્રોત કરી દે જે. કારણ અંતે તો ઇચ્છાએ કે અનિચ્છાએ પણ આ બધાનો એક દિવસ તો ત્યાગ કરવાનો જ છે, તો હૈયાપૂર્વક શા માટે હું જ તેનો ત્યાગ ન કરું ? દુનિયામાં પણ ખોટી ખટપટોના કારણે સ્વમાનપૂર્વક પદપ્રાપ્તિનો ત્યાગ કરે તે પ્રશંસનીય બને છે તો આત્મધર્મને પામવા-ખીલવવા તેનો ત્યાગ કરે તે તો વધારે જ સારો ઉત્તમ ગણાય તેમાં નવાઇ છે ? માટે ખોટી મોહજાળમાં ફસાઇ ભાન ભૂલો બની આ જન્મને વેડફી ન નાંખીશ. 'શિવાસ્તે પન્થાન:'।

○ હે ચેતન ! તું મરણથી શા માટે ડરે છે ? ડરવાથી શું મરણ નહિ આવે. માટે મરણનો ભય કાઢી, સારી રીતે મરવા માટે ધર્મરાજાના શરણે ચાલ્યો જા. જન્મેલાએ તો અવશ્ય મરવાનું છે માટે હવે મારે એવું મરણ જોઇએ જે મારા જન્મ-મરણને ઘટાડે અને એવું બળ પ્રાપ્ત થાય કે મર્યા પછી ફરી જન્મવું જ ન પડે. માટે તારે તારા જીવનને પાપોથી બચાવવું જોઇએ. જીવનમાં જેટલી પાપની નિવૃત્તિ તેટલી આત્માની નિવૃત્તિ નગર તરફની પ્રવૃત્તિ. માટે જ્ઞાનિઓએ સમાધિ મરણની પ્રાપ્તિના ઉપાયો બતાવ્યા. જીવન જેનું સમાધિમાં-જેને જીવવાનો લોભ નથી, મરવાનો ડર નથી, ધર્મમય જીવવું છે-તેને મરણ પણ સમાધિનું અને પરંપરાએ મુક્તિ. આવા પ્રયત્નને કર.

○ હે આત્મન્ ! તારા જીવનમાં જે કાંઇ સારું-નરસું બને તેનો જરા પણ હર્ષ કે વિષાદ ન કર. કોઇનો પણ દોષ ન કાઢ. તે જ કરેલાં શુભાશુભ કર્મોનું આ પરિણામ છે. બીજા તો બિચારા નિમિત્ત માત્ર છે. અશુભકર્મોદયે આવેલા દુ:ખો-વિપત્તિ-વેદનાને મજેથી સહન કરવા માં જેથી તારા જીવનમાં સદૈવ સમાધિનો સૂર્યોદય પ્રગટી ઉઠશે. હસતાં હસતાં દુ:ખોને વેઠીશ તો તને લાભનો પાર નથી અને નુકશાનનું નામ નથી. તો ડાહ્યો જીવડો લાભનો જ પ્રયત્ન કરે ને ? દુ:ખ આપનાર ઉપર મનથી પણ દુર્ભાવ લાવીશ-દ્વેષ કરીશ તો તેનું તો બગડતાં બગડશે પણ તારું હૈયું તો બગડી જ ગયું ને ? માટે શાણો બની જા.

○ હે ચેતન ! જીવન, યૌવન, લક્ષ્મી, રૂપ, સંપત્તિ, સ્નેહીજનોનો સમાગમ એ બધુ પવનથી પ્રેરાયેલાં સમુદ્રના તરંગોની જેમ ચંચલ-અસ્થિર-નાશવંત છે. માટે તેની પાછળ પાગલ બની, નાહક ગાંડા ઘેલા કાઢી આત્માની ખાના ખરાબી ના કરીશ !

○ પુણ્ય યોગે મળેલા ધન-સ્વજન,હાર-હવેલી, હાથી-ઘોડા-મોટર, જર-જમીન-જોરૂ-છોરૂ બધું અનિત્ય છે. માટે તેની પાછળ પાપો કરી દુર્ગતિ ના ખરીદતો પણ ભવોભવમાં સાથ સહકાર આપે તેવા ધર્મના જ ભાથાને બાંધવાનો પ્રયત્ન કરજે. હોને !

O હે આત્મન ! તું એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે. સુખ-દુ:ખ પણ તારે એકલાએ જ ભોગવવાના છે. કર્મની પરવશતાથી બધા જીવો તારા સ્વજન પણ બન્યા છે અને પરજન પણ બન્યા છે, મિત્ર પણ બન્યા છે અને દુશ્મન પણ બન્યા છે, બધા સાથે માતા-પિતા-પતિ-પત્ની-પુત્ર-પુત્રી આદિ બધા જ સંબંધો થઇ ચૂક્યા છે તો આ 'મારો' આ 'પારકો' આવી ક્ષુદ્રતા-તુચ્છતાનો ત્યાગ કરી, સઘળી વસ્તુઓમાં મમત્વ ભાવનો ત્યાગ કરી, 'હું કોઈનો નથી, કોઈ મારું નથી'-આ એકત્વ ભાવનાનો આદર કર તો તને જીવનમાં સુખ-શાંતિ-સમાધિ છે.

O હે ચેતન ! તારા આત્માએ અનંતા ભવોમાન અનંતા ઘર કર્યા અને છોડ્યા. તેની જેમ ભાડે રાખેલા ઘરની જેમ લાલન-પાલન કરાયેલું આ વિનશ્વર શરીર પણ વહેલું-મોડું તારે છોડવાનું છે. તો એક માત્ર જીભના સ્વાદ માટે અભક્ષ્ય-અપેય પદાર્થો ખાઇ શરીરની પુષ્ટિ સાથે પાપની પુષ્ટિ શા માટે કરે છે ? બીજાની વિષ્ટા જોઇ મોં બગાડે છે તો તારી વિષ્ટાથી મોં મલકાવે છે ? માટે અશુચિમય શરીરનો સ્વભાવ જાણી આ શરીરથી સઘળા શાશ્વત ધર્મને આરાધી શાશ્વતપદનો ભોક્તા બની જા.

◆ ◆ ◆

# શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનનો વૈરાગ્ય

*(શ્રી સંઘપતિ ચરિત્ર- સર્ગ ૩જામાંથી)*

' અરે! આશ્ચર્યની વાત છે કે શાણા-સુજ્ઞ મનુષ્યો પણ મોહરાજાથી મૂંઝાય છે- જીતાય છે; કારણ કે જેમ ભૂખ્યા માનવીઓ ભોજનને જેમ અપૂર્વ માને છે તેમ પ્રાણીઓ પણ અનંત ભવથી સેવાતા વિષયસુખને કદી પૂર્વમાં ન સેવ્યું હોય તેવું માને છે. ઝેરને અમૃત માનવાની માફક દુ:ખના કારણભૂત વિષયોમાં સુખની ઇચ્છા રાખવી તે વાસ્તવમાં તો મોહરાજાનું જ માહાત્મ્ય છે. મદોન્મત્ત હાથીની જેમ વિષય સમૂહ પણ પ્રાર્થના કરવા છતાં પણ પ્રાપ્ત થતો નથી, કદાચ મળે તો સ્થિર રહેતો નથી, કદાચ ટકી જાય તો પણ તે સુખ આપતો નથી. વળી મળ અને મૂત્રના સ્થાનરૂપ એવા અવયવોમાં - ગાત્રોમાં વિચક્ષણ પુરૂષોની વાસ્તવિક આ કઈ જાતિની વાંછા હશે? વળી તેઓ હાડકાના કટકારૂપ દાંતોને મોગરાની મનોહરતાને, મળના સ્થાનરૂપ નેત્રોમાં નીલકમળના પત્રની ભ્રાંતિને, શ્લેષ્માદિ દોષરૂપ વૃક્ષોના વન સમાન વનિતાના મુખમાં ચંદ્રની કાંતિને માને છે તેઓ ખરેખર મોહથી મૂંઝાયેલા હોવાથી ધિક્કારને પાત્ર છે. ચક્રવર્તી અને ઈંદ્રાદિથી અપરાજિત, સ્વેચ્છાચારી અને વૈરી એવું મૃત્યુ સદાય સજજ હોવા છતાં, સંપૂર્ણ રૂપરાશિને હરનાર, ધોળા વાળના બહાનાથી વનની જેમ યૌવનને ભસ્મ કરતી, એકધારી લાગુ પડેલી વૃદ્ધાવસ્થા હોવા છતાં, સમગ્ર સુખરૂપી અરણ્યને છેદવામાં વજ્ર સમાન, વિધ વિધ વ્યાધિના કારણરૂપ, કષ્ટમાં પાડનાર, વિઘ્ન સમૂહને વિદારવામાં અસમર્થ, પવનથી હાલતી ધજાના છેડા જેવી ચંચલ લક્ષ્મી હોવા છતાં, સંસારરૂપી કારાગૃહમાં સપડાયેલ, મહામોહાંધકારથી હણાયેલ અને જ્ઞાનશૂન્ય આ લોકો ક્રીડારસમાં કેમ મગ્ન બન્યા છે? તો હવે આ સંસાર રૂપી કેદખાનાના વાસથી વિરાગી બનીને મોક્ષ માર્ગને માટે મારે પ્રયત્નશીલ બનવું જોઈએ.'

❄ ❄ ❄

# વસ્તુપાલના તથા તેજપાલના સુકૃતો

-પ્રેષક પૂ.સા.શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.

- સવાલાખ જિનબિંબો કરાવ્યા:-
- ૧૮ ક્રોડ ૯૬ લાખ દ્રવ્ય શત્રુંજય તીર્થ પર.
- ૧૨ ક્રોડ ૮૦ લાખ દ્રવ્ય ગિરનાર તીર્થ પર.
- ૧૨ ક્રોડ ૫૩ લાખ દ્રવ્ય આબુ પર્વત પર.
- લૂણિગ વસહીમાં પધાર્યા. ૯૮૪ પૌષધશાળાઓ.
- દરેક સૂરિભગવંત પાસે ૫૦૦ દંતમય સિંહાસનો.
- શ્રી કલ્પની વાચના સમયે માંડવા માટે ૫૦૫ જાદરમય સમવસરણો.
- ૭૦૦ બ્રહ્મશાળાઓ. ૭૦૦ સત્રાગારો.
- ૭૦૦ તપસ્વી કાપાલિકોના મઠો તથા તેમની ભિક્ષા માટેનું ભોજન.
- ૩૦૦૨ મહેશ્વરાયતનો. ૧૩૦૨ શિખરબદ્ધ જૈન મંદિરો.
- ૨૩૦૦ જૈન મંદિરોના જીર્ણોદ્ધારો.
- ૧૮ ક્રોડના ખર્ચે ધોળકા, ખંભાત અને પાટણમાં ત્રણ મોટા જ્ઞાનભંડારો તથા અન્ય સ્થળે જ્ઞાનભંડારો.
- ૫૦૦ વેદપાઠી બ્રાહ્મણોના કુટુંબોનો નિર્વાહ.
- દર વર્ષે ત્રણવાર સંઘપૂજન.
- ૧૫૦૦ શ્રમણી દરરોજ ઘેર વિહરતા.
- ૧૦૦૦ થી વધુ તટિક અને કાપડી લોકો દરરોજ જમતા.
- સંઘપતિ થઇને ૧૩ યાત્રાઓ.
- પ્રથમ સંઘમાં શય્યાપાલક સહિત ૪૫૦૦ ગાડા, ૭૦૦ સુખાસનો, ૧૮૦૦ વાહિની, ૧૯૦૦ શ્રીકરી, ૨૧૦૦ શ્વેતાંબર સાધુઓ, ૧૧૦૦ દિગંબર સાધુઓ, ૪૫૦ જૈન ગવૈયા, ૩૩૦૦ બંદિજનો, ૪૦૦૦ ઘોડાઓ, ૨૦૦૦ ઉંટો, ૧૩૪ દેવાર્યો, સાત લાખ માણસો, આટલો રસાલો હતો.
- બીજા સંઘોમાં એથી વધુ સમજવો.
- ૮૪ તળાવો, ૪૬૪ વાવો, ૩૨ પત્થરના કિલ્લા, ૬૪ મસ્જીદો વગેરે લૌકિક કાર્યો પણ મન વિના કર્યા.
- ૨૪ દંતમય જૈન રથો, ૨૦૦૦ શાક ઘટિકા, ૨૧ આચાર્ય પદવીના મહોત્સવો.
- ઉતરમાં કેદાર સુધી, દક્ષિણ દિશામાં શ્રી પર્વત સુધી, પૂર્વમાં વારાસણી સુધી અને પશ્ચિમમાં પ્રભાસ સુધી વસ્તુપાલના કીર્તિનો સંભળાતા હતાં.
- બધું મળીને ૩૦૦ ક્રોડ, ૧૪ લાખ, ૧૮ હજાર અને ૮૦૦ દ્રવ્ય પુણ્ય સ્થાનોમાં ખર્ચાયું. યુદ્ધમાં ૬૩ વાર વિજય.
- મંત્રીપદનો કારભાર ૧૮ વર્ષ ચાલ્યો.
- ૧૨૮૬ માં આબુ પર મંદિર નિર્માણનો પ્રારંભ.
- ૧૨૮૭ માં આબુ પર મંદિરની પ્રતિષ્ઠા.
- ૧૨૮૮ ગિરનાર પર પ્રતિમા - પ્રતિષ્ઠા.
- ૧૨૮૯ માં ખંભાતમાં પૌષધશાળા.
- ૧૨૮૯ થી ૧૨૯૩ આબુ પર કેટલીક દેવકુલિકાઓ.
- ૧૨૯૨ માં આબુ - મંદિરનું કાર્ય પુરું થયું.
- ૧૨૯૭ માં આબુ પર તેજપાલે બે કુલિકાઓ બંધાવી.
- *વસ્તુપાલના માતાપિતાદિના નામો*

  માતા કુમાર દેવી,
  પિતા અશ્વરાજ,
  ભાઇ તેજપાલ,
  ભાઇ લુણિગ
  ભાઇ માલદેવ

❋ ❋ ❋

# જીવન જીવવાની કળા

*પ્રેષિકાઃ સૌ. રેખા સી. શાહ- અમરાવતી*

(વિવિધ વાંચનમાંથી આ સંગ્રહ કરેલો છે. પ્રે.)

જીવનને સુમધુર અને સુસંવાદી બનાવવું હોય તો જીવનના વ્યવહાર- વર્તન- વાણીમાં મીઠાશની જરૂર છે. અપરિપક્વ સંવેદનશીલતા ઘણી મુસીબતોનું કારણ બને છે. વાત વાતમાં વાદ વિવાદની કડવાશ જીવનમાં કલેશ- સંકલેશ અને કલહ પેદા કરે છે. વિસંવાદના બેસૂરા સૂરોના સ્થાને પરસ્પરની સમજણનો સેતુ સંવાદનું કામ કરે છે. દરેક માણસે કોઈપણ પ્રસંગમાં પહેલાં પોતાની ભૂલનો વિચાર કરવો જોઈએ.

જેમ કે 'હું' નાની નાની વાતમાં તરત કે ગુસ્સો થઈ જાઉં છું, એકદમ આવેશમાં આવી ચીડાઈ જાઉં છું, પછી થોડીવાર પછી પસ્તાવો થાય છે. ફરી આમ નહિં કરૂં તેવો નિર્ણય કરૂં છું પણ પ્રસંગ પામતા ગુસ્સો કરૂં છું. અને આપણે આપણો સ્વભાવ માનીએ છીએ કે સ્વભાવમાં થોડી 'ગરમી' ન રાખીએ તો કોઈ દાદ ન દે, બધા આપણાં ઉપર ચઢી બેસે અને કાયમ દબાઈને રહેવું પડે.

ભલે આપણે સ્વભાવદોષ માની બચાવ કરીએ પણ જો શાંતિથી વિચારીએ તો લાગે આ બધી નાની બાબત પાછળ મોટી ગરબડ છૂપાઈ લાગે છે. મોટા રોગના નાના લક્ષણ જેવું છે. આપણા સ્વજન-સંબંધી, મિત્રો, પરિચિતો કે અપરિચિતોની સાથેના વ્યવહારમાં આ કાંટા બહાર આવી જાય છે તો સમજવું કે જીવનરસના કે લાગણીના નિરોગી પરિભ્રમણમાં કાંઈક ખામી સર્જાઈ છે. ઘણા વ્યવહારો હૈયાથી સાવ જ શુષ્ક, નિરસ હોવા છતાં દેખાડામાં 'સરસ' બતાવાય છે. જેનું મોં પણ જોવું ન પડે ત્યાં મલકાવું પડે છે, હસીને વાતો કરવી પડે છે. હૈયાના વહાલ અને દેખાડાના વહાલનો ભેદ બધાય સમજે છે. આપણે ગરમીથી બચવા આંખ પર પાણી છાંટીએ, દાંત ચોકખા રાખીએ, શરીરનાં અંગોપાંગોની પૂરી કાળજી રાખીએ છીએ પણ મનમાં જમા કરાતા 'કચરા'ને દૂર કરવાનું વિચારતા નથી. જેના પર લાગણી છે તેના માટે તો બધું જ કરીએ, લાગણી નથી ત્યાં દેખાડો કરવાનું 'નાટક' સારૂં આવડે છે- તે જ મોટી 'બિમારી' છે. જીવનવહેણમાં 'કચરો' ભેગો કરવાનું કારણ તે બને છે તે દૂર કરવો હાથની વાત છે.

સુસંવાદી જીવન જીવવું તો 'હું જેવો છું તેવો દેખાવાનો પ્રયત્ન કરવો.' પરસ્પર બધા સ્નેહ- સદ્દભાવથી વર્તે, ઉદારતા અને ક્ષમાવૃત્તિથી જીવે તો જીવન નંદનવન સમાન સોહામણું સુંદર બને. મનની સાચી તંદુરસ્તી - પરિવકવતા બરાબર જળવાઈ રહે છે જે શરીરના સ્વાસ્થ્યની સુખાકારી આપે છે.

વિસંવાદિતાનું મૂળ એક જ છે કે માણસ પોતાના આત્મહિતને વિચાર કરતો નથી પણ પોતાના માની લીધેલા શરીર- કુટુંબ પરિવારના સુખનો વિચાર કરી બધાની સાથે 'બદલાના હિસાબે' વ્યવહાર કરે છે. આ મારી સાથે સારો રાખે છે, તો તેની સાથે સારો વ્યવહાર કરો. આ મારી સાથે સારી રીતના વર્તતો નથી, સ્વાર્થી છે તો તેની સાથે સારી રીતના વર્તાય નહિં, 'જેવા સાથે તેવા', 'જેવા દેવ તેવી પૂજા' આ જ મનની મોટી 'બિમારી' છે. 'હું પણ કંઈક છું' તેને ખબર પાડી દેવી જોઈએ.

આ માનસિક વિકૃતિના કારણે સીધી રીતના બગાડી શકે નહિં માટે જીભને ચાબુકની જેમ ચલાવે છે. પણ તે વખતે તે ભૂલી જાય છે કે મારો એક કઠોર શબ્દ સામી વ્યકિતને કેવો ઊંડો જખ્મ આપે છે. જેમ બીજાનો કઠોર શબ્દ મને પીડાજનક બને છે તો મારો કઠોર શબ્દ કેમ ન બને? માટે કહેવાય કે શરીરના ઘા રૂઝાઈ જાય છે પણ વાણીના ઘા રૂઝાતા નથી. તેથી વાણી અને પાણી વિવેકપૂર્વક વપરાય તો જીવનને સુમધુર- સંવાદી અને જીવવા જેવું બનાવે અને અવિવેકથી વપરાય તો તેના પરિણામો અનુભવ જન્ય છે.

વાણીની વિશુદ્ધિ માટે તો કેટલું બધું સર્જન કરાયું છે. જીવનની- મનની સ્વસ્થતા માટે જરૂરી છે.

માનવ એ માણસ છે, ચાવી દીધેલ રમકડું નથી કે રેકર્ડ કરેલી કેસેટ નથી કે માત્ર માહિતીઓનું 'કોમ્પ્યુટર' નથી. તેને ગુસ્સો પણ આવે, ચીડ પણ ચઢે, અણગમો પેદા થાય તો પણ જાત ઉપર કન્ટ્રોલ રાખી સમતુલા પામવાની કળા હસ્તગત કરવી જોઇએ. જીવનમાં મન ગમતાં અને અણગમતા પ્રસંગો ઉભા થવાના છે તે મનગમતામાં મહાલવું નથી અને અણગમતાથી અકળાવું નથી પણ 'સ્થિતપ્રજ્ઞ' દશા કેળવવી છે. સ્વભાવદોષનો બચાવ કરવાને બદલે 'સ્થિરતા' પ્રાપ્ત કરી, આ વિસ્ફોટના સાચાં કારણોની જાંચતપાસ કરી, તેનાથી બચવા પ્રયત્ન કરીએ તો કલ્યાણ થાય.

આપણે બીજાના મિત્ર ન બનીએ તો પણ જાતના મિત્ર તો બનવું જોઇએ. આજે આપણે પોતાની જાતના હિતેચ્છુ માનવા છતાં પણ કરણી કરીએ છીએ હિતશત્રુની! આજે આપણે બાહ્ય સુખોપભોગની સામગ્રી પાછળ એવા 'દિવાના' થઇ પડયા છીએ કે આપણને આપણી જાતની 'અમીરી' દેખાતી જ નથી.

દુનિયા ખૂબ પ્રગતિશીલ બની, વિજ્ઞાનની હરણફાળ વિચારાય તેવી નથી, માહિતીઓના ઢગલે ઢગલા મનમાં ઠાલવીએ છીએ, દેશ-વિદેશના ખૂણે-ખાંચરે બનતાં બનાવોની ખબર રાખીએ છીએ પણ મારા આત્મામાં જે રાગાદિની મોહજન્ય ઉથલપાથલો થઈ રહી છે તેની ખબર છે? 'હું કોણ છું, કયાંથી આવ્યો છું', 'કયાં જવાનું છે' અને 'મારૂં સ્વરૂપ શું છે?' જો આ વિચારણા તાત્ત્વિક થઇ જાય તો કસ્તૂરીયા મૃગની દશા વિરામ પામે. સુખ કયાંય બહાર નથી પણ આત્મામાં છે, તેને માટેનો પ્રયત્ન કરાય તો આ જીવન સફળ બને. પછી વિસંવાદી વાજા ન વાગે પણ સંવાદિતાનું સુમધુર સંગીત જીવનમાં ગુંજ્યા કરે. અને ક્રમે કરીને આત્મા પરમાત્મા બની જાય. સૌ આવી દશાને પામો તે જ મંગલકામના.

❋ ❋ ❋

## " ભાઇ ! મરતાં સુધી તો જીવતો રહે "

"ઓ જીવ !

તું મરતાં સુધી તો જીવતો રહે.

દર ચોવીસ કલાકમાં તું કેટલી બધી વાર મરી જતો હોય છે !

તારા ઘરમાંથી તારું બહાર નીકળી જવું તે તારું મોત છે.

વારંવાર તું પરપદાર્થોમાં ઘસી જાય છે : ત્યાં ખૂંપી જાય છે. ત્યાંથી સ્વઘરે પાછા ફરતાં તારો દમ નીકળી જાય છે.

હાથે કરીને આવાં હજારો સંભવિત મોતને તું હવે સ્થગિત કર. કાયાથી તું બધે દોડ પણ તારા ઘરમાં તારું કલેજું રાખીને જ દોડ."

પળે-પળે રાગદ્વેષનાં પરઘરોમાં ઘસી જવું એ જ બધાં પળપળનાં મોત છે. આ મોતનાં બીજા નામો છે, સંકલેશ, સંઘર્ષ, ઝઘડા, લાલસા, વાસના, કામના, મૂર્ચ્છા, મોહ વગેરે.

બાકી નથી તે જન્મતો, નથી તે મરતો : તે માત્ર કયાંયથી અહીં આવ્યો છે અને એક દી કયાંક ચાલ્યો જવાનો છે.

## મરતાં મરી જતા પ્રશ્નો

પાંચ લાખ રૂ. કયાંક ફસાયા છે. *દીકરી ૨૮ વર્ષની થઇ મુરતીઓ મળતો નથી.* રોગોથી શરીર ઘેરાયું છે. *જુવાન દીકરો આડો ફાટયો છે.

આવા ઢગલાબંધ પ્રશ્નો છે : લમણામાં હથોડાની જેમ વાગે છે. આ ચિન્તાઓ જીવને જીવતો સળગાવે છે પણ સબૂર! મૃત્યુ થતાં આ બધા પ્રશ્નો ઊકલી ન જાય તો ય ઓગળી તો જવાના જ છે, તે વ્યકિત પૂરતા.

એક જ પ્રશ્ન એવો છે જે મોત પછીની દુનિયા અંગેનો છે.

" What next ? મર્યા પછી મારું શું થશે ? કયાં જન્મ થશે ?" ઘણા બધા કુકર્મો કરી ચૂકેલા જીવને તો આ પ્રશ્ન જ ખૂબ સતામણો બને છે.

આ પ્રશ્ન ઉપર ખૂબ ચિન્તન કરવું જોઇએ; કે જે મર્યા બાદ જીવતો થવાનો છે. જો આ ચિન્તન થાય તો ઘણાં કુકર્મો બંધ થઇ જાય; સેવેલા પાપો ઉપર તીવ્ર પશ્ચાતાપ પણ થાય; એથી એ પાપો ધોવાઇ જાય.

*લેખક : પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિજયજી મ.* (ચિન્તનોનાં તેજ કિરણો માંથી)

# વસ્તુપાલનું તત્વ ચિન્તન

- સા. પ્રેષક પૂ.સા.શ્રી સુવર્ણપ્રભાશ્રીજી

વસ્તુપાળ ત્યાંથી ઘેર આવ્યો. પ્રભુની પૂજા કરી તત્વ ચિંતનમાં પરોવાઇ ગયો. હે જીવ! અત્યારે તને સત્તા મળી છે તો પૂર્વના કોઈ પ્રકૃષ્ટ પુણ્યોદયથી મળી છે. પણ એ સત્તાનો ઉપયોગ તું કોઇને પીડવામાં કરીશ નહિં, સત્તા પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી માણસ પ્રાયઃ નમ્ર હોય છે પણ સત્તા મળતાંની સાથે જ એ નમ્રતા કયાંય ચાલી જાય છે. અને માણસ એકદમ ઉદ્ધત બની જાય છે. હે આત્મન! તું અત્યારે સત્તાધીશ થયો છે... પણ સત્તામાં આંધળો થઈશ નહિં, જો સત્તા પામીને અભિમાની થયો તો એક દિવસે તારે દીન થવું જ પડશે. કારણ કે દીનતા એ બીજું કશું જ નથી પણ અભિમાનનું જ શીર્ષાસન છે. અત્યારની દીનતા ભૂતકાળના અભિમાનને સૂચવે છે અને અત્યારનું અભિમાન ભવિષ્યની દીનતાને સૂચવે છે. ઘણું કરીને માણસ દીનતા અને અભિમાનમાં ઝૂલ્યા કરતો હોય છે. પણ સત્તાના કારણે મદ કરનારા માનવો તો ખરેખર અંદરથી ખાલી જ હોય છે. જે અંદરથી ખાલી હોય છે તે જ બહારની સત્તા મેળવી અંદરનું ખાલીપણું પૂરવા માંગે છે, પરંતુ આંતરવૈભથી ભરેલા માણસો સત્તાની પાછળ કયારેય દોડતાં નથી. પણ સત્તા એમની પાછળ દોડે છે. તેવાંઓને પામીને સત્તા પણ ધન્ય બની જાય છે. ઉંચું સ્થાન મળવાથી કોઈ મહાન બનતો નથી. પણ પોતાની યોગ્યતાથી જ મહાન બને છે. આકાશ જેવું ઉંચું સ્થાન મળવાથી કાંઇ સૂર્ય મહાન નથી. પણ તેના પ્રકાશથી મહાન છે. બગીચા જેવું સુંદર સ્થાન મળવાથી કાંઇ ફુલ મહાન નથી. પણ સુવાસના કારણે તે મહાન છે. માણસ સત્તાથી નહિં, પણ પોતાની યોગ્યતાથી મહાન બને છે.

હે ચેતન, આજે તને સત્તા મળી છે હવે એનો શો ઉપયોગ કરવો તે તારા હાથની વાત છે, આ સત્તાના માધ્યમથી લોકોને પીડી પણ શકાય છે. અને સુખી પણ કરી શકાય છે. લોકોની આંતરડી બાળી પણ શકાય છે અને ઠારી પણ શકાય છે. લોકોના આશીર્વાદ પણ લઇ શકાય છે અને અભિશાપ પણ લઇ શકાય છે. શું કરવું? તે તારા હાથની વાત છે. આ જગતના ઇતિહાસમાં તને બંને મતના સત્તાધીશો જોવા મળશે, પ્રજા-પીડન દ્વારા બદનામ બનેલા સત્તાધીશો પણ તારી નજર સમક્ષ છે અને પ્રજાને સુખી કરવા દ્વારા પ્રખ્યાત બનેલા સત્તાધીશો પણ તારી આંખ સામે છે. બંને માર્ગમાંથી કયો માર્ગ પકડવો તે તારા હાથની વાત છે. પણ રે જીવ! એક વાત ભૂલીશ નહિં કે બીજાને અપાયેલી હેરાનગતિ અનેકગણી થઇ આપનારને જ પાછી મળે છે. બીજાને હેરાન કરવા એટલે જાતને જ હેરાન કરવી. આ જગતમાં કોણ બીજું છે? જીવતત્ત્વના નાતે આખું જગત એક છે. તો કયો ડાહ્યો માણસ જાણી જોઇને પરપીડનમાં રાચે? જાણી જોઇને કોણ પોતાના માટે નરકનો માર્ગ તૈયાર કરે?

હે ચેતન? જે ધર્મે તને આ સત્તાના સિંહાસન પર બેસાડયો છે, એ ધર્મને તું કદી ભૂલીશ નહિં. જો તું ધર્મને ભૂલી જઇશ તો તારા જેવો વિશ્વાસઘાતી આ જગતમાં બીજો કોઈ નહિં હોય. જેના પ્રભાવથી આગળ વધવું તેની જ ઉપેક્ષા કરવી એ કૃતઘ્નતા નથી તો બીજું શું છે? જો તું ધર્મમાં સ્થિર રહીશ તો તારી ચિત્ત- પ્રસન્નતા સદા માટે જળવાઇ રહેશે. આવતી કાલે કદાચ સત્તાભ્રષ્ટ થવું પડે તો પણ તારી ચિત્તની પ્રસન્નતા નંદવાશે નહિં.

આમ વસ્તુપાલે પોતાના આત્માને ખૂબ જ ઢંઢોળ્યો, ખૂબ જ ચીમકી આપી અને પૂછી લીધું તને આ સત્તાની મધલાળ તો નહિં લાગે ને?

વસ્તુપાલ ખરેખર એક જાગૃત આત્મા હતો. દરેક પળે એ આત્મા નિરીક્ષણ કર્યા કરતો અને એના દ્વારા અત્યારે કયું કર્તવ્ય અપનાવવું? તે નક્કી કરતો.

આમ વસ્તુપાલે પહેલે જ દિવસે પૂજાના સમયે ભગવાનની સામે જબરદસ્ત આત્મમંથન કર્યું અને પછી વસ્ત્રો બદલી ભોજન કરી ફરી રાજકુલમાં ગયો.

__વસ્તુપાલના ૨૪ બિરૂદો__

(૧) પ્રાગ્વાટ (પોરવાળ) જ્ઞાતિ ભૂષણ, (૨) સરસ્વતી કંઠાભરણ, (૩) સચિવ ચૂડામણિ, (૪) કૂર્યાલ સરસ્વતી, (૫) સરસ્વતી ધર્મપૂત્ર, (૬) લઘુ ભોજરાજ, (૭) ષડેશનુ, (૮) દાતાર ચક્રવર્તી, (૯) બુદ્ધિમાં અભયકુમાર, (૧૦) રૂપમાં કંદર્પ, (૧૧) ચતુરાઈમાં ચાણકય, (૧૨) જ્ઞાતિ વારાહુ (૧૩) જ્ઞાતિ ગોપાલુ, (૧૪) સૈદ વંશક્ષયકાલ, (૧૫) સાંખુલારાય મદ મર્દન, (૧૬) મનજા ઠોન, (૧૭) ગંભીર, (૧૮) ધીર, (૧૯) ઉદાર, (૨૦) નિર્વિકાર, (૨૧) ઉત્તમ જન માનનીય, (૨૨) સર્વ જન માનનીય, (૨૩) શાન્ત, (૨૪) ઋષિપુત્ર

■ ■ ■

## સંતો સર્વત્ર વસો

લેખક : પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ

ગુરુ-શિષ્યની એ જોડી હતી. તેઓ ગામેગામ ફરતા અને ધર્મદેશના દેતા. એમાં એક વાર એવું ગામ આવ્યું જેના લોકોએ આ સંન્યાસીઓને પથ્થરો માર્યા. સાવ મૌન રહીને પથ્થરોનો માર ખાધા બાદ પછી ગુરુજીએ ગ્રામજનોને આશિષ દેતાં કહ્યું "તમારું ગામ ખૂબ સમૃદ્ધ થાઓ, જેથી તમારે ધંધાર્થે બહાર કયાંય જવું ન પડે !"

એક વખત બીજે ગામ આથી સાવ ઊલટું થયું. એ ગામના લોકોએ તો આ સંતોનું 'સુસ્વાગતમ્' કર્યું. ત્યાં થોડા દિવસ રહીને વિદાય થતી વખતે ઉપસ્થિત ગ્રામજનોને ગુરુજીએ કહ્યું "તમારું ગામ ભાંગી પડે; જેથી તમારે ધંધાર્થે ચારે બાજુ વસવા જવું પડે !"

આ બેય વાતો સાંભળીને શિષ્યને ખૂબ આશ્ચર્ય થયું. તેણે ગુરુજીને મર્મ જણાવવાની વિનંતી કરી. ગુરુજીએ કહ્યું : "સાંભળ ! દુષ્ટ લોકો જો બીજાં ગામોમાં જાય તો એ લોકોને દુષ્ટ બનાવે; માટે મેં ગામની સમૃદ્ધિની કામના કરી.. પણ સજ્જનો જો ચારે બાજુ ફેલાય તો એમના સમાગમે અનેક ગામો સજ્જનોથી ઊભરાઈ જાય; માટે મેં બીજા ગામની તારાજીની કામના વ્યક્ત કરી."

શિષ્યને હવે વાતની ગડ બરોબર બેસી ગઈ.

*(ટચુકડી કથાઓ – ભાગ-૧ માંથી)*

* * *

શ્રી વિમલનાથ જિનેન્દ્રાય નમઃ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજ્યામૃત સૂરિભ્યોનમઃ

**પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**

**આદિ પૂ. મુનિરાજો તથા પૂ. સાધ્વીજી મહારાજો**

**બેંગલોર ચાતુર્માસ માટે પધારતા હોઈ**

## નગર પ્રવેશ તથા પૂજ્ય આ. દેવશ્રીની ૪૯મી દીક્ષા તિથિ ઉજવણી પ્રસંગે

## પધારવા ભાવભર્યું આમંત્રણ

સુજ્ઞ ધર્મબંધુ,

પ્રણામ સાથ જણાવવાનું જે ધર્મનું આરાધન પૂ. ગુરુદેવોના માર્ગદર્શનથી થાય છે. અમારે ત્યાં હાલારી વીશા ઓશવાળ જૈનોનાં અઢીસો ઘર છે અને ધર્મની ભાવના છે. પરંતુ આલંબન મળે એ હેતુથી અમે વર્ષોથી હાલાર દેશોદ્ધારક **પૂ. આ. શ્રી. વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટધર પ્રાચીન સાહિત્યોદ્ધારક **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ને પધારવા વિનંતી કરતા હતા. અમારી આગ્રહ ભરી વિનંતીથી બેંગલોર તેઓશ્રી પધારી રહ્યા છે. અમોએ બીડ પ્રતિષ્ઠા પ્રસંગે વિનંતી કરીને ચાતુર્માસની જય બોલાવી છે. તેઓશ્રી તથા તપસ્વી **પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિજયજી મ., પૂ. બાલમુનિ નમ્રેન્દ્રવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી વિશ્વેન્દ્રવિજયજી મ.** ઠા. ૪ તથા પૂ. પ્રવર્તિની સા. શ્રી **સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.** ના શિષ્યા પૂ. સા. શ્રી **સ્વયં પ્રભાશ્રીજી મ.**, પૂ. સા. શ્રી **કૈવલ્ય પ્રભાશ્રીજી મ.**, પૂ. સા. શ્રી **પ્રશમ પ્રભ શ્રીજી મ.**, પૂ. સા. શ્રી **કૌશલ્ય પ્રભાશ્રીજી મ.** ઠા. ૪ અમારા સદ્ભાગ્યે પધારી રહ્યા છે.

તેમનો **ચાતુર્માસ નગર પ્રવેશ** ભવ્યતાથી કરવાનો નિર્ણય કર્યો છે. તે સાથે પૂ. આચાર્યદેવશ્રીજીને દીક્ષાના ૪૯ વર્ષ પૂર્ણ થાય છે. તો તેમની ૪૯**મી દીક્ષા તિથિ**ના પ્રસંગે પણ અત્રે ઉત્સાહથી ઉજવવાનું નક્કી કર્યું છે.

卐 **નગર પ્રવેશ તથા દીક્ષા તિથિ ઉજવણીનો કાર્યક્રમ** 卐

વિ. સં. ૨૦૫૯ જેઠ સુદ - ૯, સોમવાર તા. ૯-૬-૨૦૦૩

સવારે ૯-૦૦ વાગ્યે રાજાજીનગરથી **નગર પ્રવેશ મહોત્સવ**

વિ. સં. ૨૦૫૯ જેઠ સુદ -૧૦ + ૧૧મંગળવારતા. ૧૦-૬-૨૦૦૩

પૂ. આચાર્યદેવશ્રીની જેઠ સુદ-૧૧ના **૪૯મી દીક્ષાતિથિની ઉજવણી**

*આ પ્રસંગે વિશ્વના હાલારી વીશા ઓસવાળ સકલ સંઘને તથા સમસ્ત જૈન સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.*

લી. **શ્રી હાલારી વિશા ઓસવાળ**

**તપાગચ્છ જૈન સંઘના પ્રણામ**

**ચાતુર્માસ સ્થળ :**

**C/o. ચંદ્રેશ હીરજી નગરીયા**

242, Ashirwad, 7th D Main Road, 3rd Block,
4th Stage, Bashaveshwarnagar,
BANGALORE - 560 079.
Phone : R. 34 06 038 O. 33 85 043

**સંપર્ક સ્થળ :**

**દિનેશચંદ્ર કાલીદાસ શાહ**

No. 56, III C Crose, 2nd Block, III Stage,
Bashaveshwarnagar, BANGALORE - 560 079.
Phone : : R. 32 20 678 / 32 22 137 O. 33 85 043
Mobile : 31853286



# આજે એને ગળેથી છોડી શકાતો નથી

વર્ષો પછી એક મિત્ર મળવા આવ્યા. કોલેજમાં અમે સાથે ભણ્યા અને પછી કામધંધે લાગી ગયા.

કોઇ કોઇ વાર મળવાનું બનતું, પણ પછી તો અમે બંને સંપર્ક ગુમાવી બેઠા.

મિત્ર અચાનક આવી પહોંચતાં હૃદયમાં આનંદ આનંદ થઇ ગયો. એના ચહેરા પર કાંઇક ઉદાસી અને નિરાશા જેવું જોઇને પૂછયું, 'છો તો મજામાંને? કંઇ મુશ્કેલી તો નથીને?

મિત્રે હસીને કહ્યું: 'આમ તો કંઇ મુશ્કેલી નથી. વર્ષોથી અમેરિકા હતો. બધા અમેરિકા જ છે. બંને દીકરા અને બંને દીકરીઓ. હું અહીં બે મહિના માટે આવ્યો છું. વહેવારના કામે આવ્યો છું. અહીંથી અમેરિકા જવું કે નહીં એની દ્વિધામાં છું. કોણ જાણે કેમ હું ત્યાં રહી શકતો જ નથી. ત્યાં સગવડો બધી જ છે, પણ ત્યાં જીવને ચેન પડતું નથી. મારી પત્નીને પણ ત્યાં ગમતું નથી, પણ પૌત્રોને ઉછેરવાની જવાબદારી એના માથે આવી પડી છે. તેને પણ એ મોહ છૂટતો નથી, પણ મને તો જાણે એવું જ લાગે છે કે કોઇકે ધક્કો મારીને મને કંટાળાના અતળ કુવામાં ફેંકી દીધો.

તમે કહેશો કે તો પછી અહીં જ શાંતિની રહોને, દીકરા-દીકરી ભલે પરદેશમાં લહેર કરે. વચ્ચે ત્રણ વર્ષ પહેલાં આ અખતરો કરી જોયો. પણ અહીં થોડા દહાડા ગમ્યું પણ પછી રાત-દિવસ દીકરા-દીકરી યાદ આવવા માંડયા. પાછા ત્યાં ગયા. અમેરિકાના સમાજશાસ્ત્રીઓએ સારૂં નામ શોધી કાઢયું છે ખાલી થઇ ગયેલા 'માળા'નો ખાલીપો કે ખટકો. તમે લેખક એટલે સારો શબ્દ શોધી લેજો. પણ આ 'એમ્પ્ટીનેસ્ટ સિન્ડ્રોમ'નો અર્થ એટલો જ છે કે દીકરા-દીકરી ચાંચાળાં-પાંખાળાં થાય અને ઉડી જાય પછી માળામાં- ઘરમાં પ્રૌઢ કે વૃદ્ધ મા-બાપને ખાલીપણાની લાગણી સતાવ્યા કરે છે. ભાવનગર જઇને અહીં આવ્યો. ત્યાં આપણા મિત્ર દિનકરનો કેસ આવો જ છે. દીકરીઓ સાસરે ગઇ અને દીકરાની વહુઓ દૂર જવા માગતી હતી. એટલે પોતપોતાના પતિદેવોને સમજાવીને દૂરના સ્થળે નોકરીઓ લઇ લીધી. એક જણે કાનપુરમાં નોકરી લીધી, બીજાએ બેંગલોરમાં. હવે વૃદ્ધ પતિ-પત્નીને 'ઘરનો માળો' ખાલી ખાલી લાગે છે. મને લાગે છે કે આનો કંઇ ઇલાજ નથી. તમે શું માનો છો? આજના જમાનામાં દીકરા બધા ભેગા મળી સંયુકત કુટુંબમાં રહે, મા-બાપની સાથે રહે - એ શકય જ નથી લાગતું. આવડાં મોટાં ઘર કયાંથી કાઢો? કદાચ ઘર મળી જાય તો ય આવડાં મોટાં મન કયાંથી કાઢો? એ જમાનો તો ગયો. હવે એ શકય જ નથી અને એક રીતે જુઓ તો ભારતના પ્રૌઢો- વૃદ્ધોએ, મારા જેવાએ જરા વિચારવા જેવું છે કે દીકરાઓને તેમનું પોતાનું જીવન ન હોય? તેમને સ્વતંત્ર રીતે જીવવું છે. તેમની પત્નીઓ જૂની કૌટુંબિક મર્યાદાઓની બહાર રહીને આઝાદીથી જીવવા માગે છે. મને લાગે છે કે અમારાં જેવાં માબાપોએ દીકરા- દીકરીનો આવો મોહ હવે છોડવો જોઇએ. દીકરાઓને મા-બાપનો આર્થિક ભાર ઉપાડવામાં વાંધો નથી, પણ મા-બાપ છાતી ઉપર ખમાતાં નથી. પ્રૌઢ અને વૃદ્ધ પતિ-પત્નીઓએ એકલા રહેતાં શીખવું જોઇએ. બે-ચાર દહાડા માટે દીકરા- દીકરીને મળવા જાય તો ઠીક- બાકી તો તેમણે ઊડી ગયેલા પંખીઓને પોતાના જૂના જર્જરિત માળામાં પાછા બોલાવવાની આ તદ્દન ઘેલી રમત બંધ કરવી જોઇએ.

આટલું કહેતાં તો મિત્રની આંખમાં આંસુ આવી ગયા. એ આંસુ ઢાંકતા હોય એમ એકદમ હસ્યા અને બોલ્યા : 'મારી વાત બરાબર છે ને? મા-બાપની ફરજ દીકરા- દીકરીને ઉછેરીને- ભણાવીને- ગણાવીને પરણાવી દેવાની કે શકય હોય તો કયાંક કામધંધે લગાડી દેવાની. બસ, પછી તેમને તેમની રીતે તેમના રસ્તે જવા દેવા જોઇએ.'

અમારા મિત્રે તો ગળગળા થઇ જતાં પોતાના મોટા દીકરાનું બાળપણ યાદ કર્યું. એ સમયના ભાવનગરની તદ્દન શાંત ગલીમાં એ ટ્રાઇસિકલ ચલાવતાં ડરતો હતો અને આજે અમેરિકામાં ધસમસતા પૂરની ગતિએ મોટર હંકે છે. નાનો હતો ત્યારે તો ગળેથી છૂટતો જ નહોતો. મારા ગળા ફરતે એના નાનકડાં હાથ જ બરાબર ભીડી દે.' મારાથી પૂછાઇ ગયું : 'અને આજે હવે?'

મિત્રથી કહેવાઇ ગયું : 'આજે હવે હું એને મારા ગળેથી છોડી શકતો નથી. તે દહાડે હું એને 'છોડ, છોડ' એવું કહ્યા કરતો હતો. આજે હવે જાણે વગર કહ્યે એ મને કહી રહ્યો છે - છોડો- છોડો પપ્પા, હવે અમને છોડો' વળી મિત્રના ગળે ડુમો ભરાયો.

દંપતીજીવનની પણ આ આખરી ને આકરી કસોટી છે. શરીરના આકર્ષણો અને સંતાનોની સાંકળો છૂટી ગયા પછી હવે સમાન રસના વિષયો શોધીને મિત્રાચારીને વધુને વધુ ગાઢ અને ઉષ્માભરી બનાવવાનો એક જ માર્ગ વૃદ્ધ દંપતીઓ માટે ખુલ્લો રહે છે.

*(હલચલ) ભૂપત વડોદરીયા*

# સમાચાર સાર

## ઓશવાળ યાત્રિક ગૃહ - પાલીતાણામાં કાયમી આયંબીલ ખાતું - અલગ વિભાગનું ઉદ્‌ઘાટન

કાયમી આંબેલ ખાતું - અલગ વિભાગનું મંગળવાર તા. ૮-૪-૦૩, ૨૦૫૯ ચૈત્ર સુદ-૬ ના ઉદ્‌ઘાટન પ્રસંગે સવારના ૧૦ થી ૧૨-૩૮ સુધી સમારંભ ચાલેલ. સવારના ૧૦ વાગ્યે પ. પૂ. આચાર્ય ભગવંત રવિપ્રભ સૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી મહાબલ સૂરીશ્વરજી મ. સા. આદિઠાણા-૯ તથા અચલગચ્છ ૫ મુખ્યા સાધ્વીજી પ. પૂ. હરખશ્રીજી મ.સા. આદિ તથા પૂ. સા. શ્રી લબ્ધગુણાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી રવિચંદ્રાશ્રીજી આદિઠાણા ૨૦ ઓશવાળ યાત્રિક ગૃહમાં પધારેલ હતા. પ. પૂ. આચાર્ય ભગવંતોના મંગલાચરણ બાદ આયંબીલ તપ અંગે મહાત્મ્ય અંગે પ્રેરક પ્રવચન આપેલ.

મંગલાચરણ બાદ સવારના ૧૧ વાગ્યે લાભ ચોઘડીયે પ. પૂ. આચાર્ય ભગવંત આદિ તથા સાધુ-સાધ્વીજી ની નિશ્રામાં કાયમી આયંબીલ ખાતાની જનરલ તકતીની અનાવરણ વિધિ ઓશવાળ ચેરીટીઝ ટ્રસ્ટના ટ્રસ્ટીઓના વરદ્‌હસ્તે કરવામાં આવેલ. ત્યારબાદ આયંબીલ ખાતાના રૂા. ૧૧ લાખના ફંડના દાતાશ્રીઓની તકતીઓની અનાવરણ વિધિ નીચે મુજબ વિગતે કરવામાં આવેલ હતી. તકિતઓની અનાવરણ વિધિ કરતા પહેલા સૌએ નવકાર મહામંત્રનું સ્મરણ કરેલ હતું.

(૧) રૂા. ૧૧ લાખના કોપર્સ ફંડના દાતા શ્રીમતી જયાબેન ગુલાબચંદ ફુલચંદ મારૂ પરિવાર વતી તેમના પરતિનિધિ બ્હેન શ્રી મૃદુલાબેન શામજી ગુઢકાના વરદ્‌હસ્તે તકતીની અનાવરણ વિધિ કરવામાં આવેલ.

(૨) રૂા. ૧૧ લાખના કોપર્સ ફંડના દાતાશ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળના સભ્ય-ભાઈઓ અને બ્હેનોની તકતીની અનાવરણ વિધિ સત્સંગ મંડળના સભ્ય લંડનથી ઉદ્‌ઘાટન પ્રસંગે ખાસ પધારેલ શ્રીમતી દેવકુંવરબેન ફુલચંદ લાલજી નગરીયા તથા બહેનશ્રી મૃદુલાબેન શામજી ગુઢકાના વરદ્‌હસ્તે તકતીની અનાવરણ વિધિ કરવામાં આવેલ.

(૩) રૂા. ૧૧ લાખના કોપર્સ ફંડના દાતા શ્રીમતી દેવકુંવરબેન ફુલચંદ લાલજી નગરીયાની તકતીની અનાવરણ વિધિ કરવામાં આવેલ.

(૪) રૂા. ૧૧ લાખના કોપર્સ ફંડના દાતાશ્રી કપુરચંદ દેવશી (લાલજી) વ્રજપાર હરણીયા પરિવારની તકતીની અનાવરણ વિધિ તેમના ભત્રીજીઓ અને જમાઈઓ શ્રીમતી ઈન્દુબેન જયેન્દ્ર ગુલાબચંદ હરીયા તથા શ્રીમતી હંસાબેન વસંતકુમાર શામજી મારૂના વરદ્‌હસ્તે તકતીની અનાવરણ વિધિ કરવામાં આવેલ.

ત્યારબાદ આંબેલ કરવા માટે તપસ્વીઓ જયાં બેસવાના છે તે આંબેલ ગૃહ (નૌકારશી ગૃહ) સંસ્થાના ટ્રસ્ટી સોમચંદ પેથરાજ ગોસરાણી તથા દાતા બહેન શ્રીમતી દેવકુંવરબેન ફુલચંદના વરદ્‌હસ્તે રીબન કાપી ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. ત્યારબાદ ઉદ્‌ઘાટન સમારંભ સભાગૃહમાં દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, બહારથી પધારેલ મહેમાનો તથા પાલીતાણાના આમંત્રિત મહેમાનો પધારેલ. સંસ્થાના ટ્રસ્ટીશ્રી સોમચંદ પેથરાજ ગોસરાણીએ પધારેલા સર્વેને હાર્દિક આવકાર આપતું પ્રવચન કરેલ અને સંક્ષિપ્તમાં સંસ્થાનો રજું કરેલ. દિવસો દિવસ સંસ્થાની ધીમે ધીમે પ્રગતિની આગેકુચ જારી રહેલ છે તે અંગે આનંદ વ્યકત કરેલ. આવતા વર્ષોમાં ઓશવાળ યાત્રિક ગૃહમાં એક સારૂ પુસ્તકાલય, લાયબ્રેરી તથા યાત્રિોકોના બાળકો માટે બાલક્રીડાંગણનું આયોજન કરવામાં આવશે.

ત્યારબાદ દરેક દાતાશ્રીઓનું ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ અને બહુમાન કરી દાતાઓને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.

સંસ્થાના ટ્રસ્ટીશ્રી શાંતિલાલ લીલાધર શાહ તથા ઓશવાળ શિક્ષણ રાહત સંઘના માન. પ્રમુખશ્રી મગનલાલ લખમણ મારૂ તથા પાલીતાણા ધર્મશાળા મંડળ એસોસીએશનના ઉપપ્રમુખશ્રી ભરતભાઈ રતીલાલ શેઠે સંસ્થાની પ્રગતિ અંગે આનંદ વ્યકત કરી પ્રાસંગિક પ્રવચન આપેલ.

ત્યારબાદ દાતાશ્રીઓએ અને તેમના પ્રતિનિધિઓએ પોતાનો પ્રતિભાવ વ્યકત કરતા શ્રીમતી દેવકુંવરબેન ફુલચંદ નગરીયાએ તથા બહેનશ્રી મૃદુલાબેન શામજી ગુઢકાએ કાયમી આયંબીલ ખાતાઓ દાન આપવાની જે તક તેઓને આપેલ તે બદલ સંસ્થાનો ખાસ આભાર માની આયંબીલ ગૃહ માટે શુભેચ્છા વ્યકત કરેલ. શ્રી કપુરચંદ દેવશી હરણીયા વતી ભાઈશ્રી વસંતકુમાર શામજી મારૂએ પણ આવા શુભ કાર્યો માટે દાન આપવાની તક આપી તે બદલ સંસ્થાનો આભાર માની શુભેચ્છા વ્યકત કરેલ.

અંતમાં આ સંસ્થાના ટ્રસ્ટીશ્રી ચંદુલાલ દોઢીયાએ દાતાશ્રીઓ ઊદ્‌ઘાટન પ્રસંગે જેઓ ખાસ પધારેલ છે તેમનું તથા આ પ્રસંગે બહારગામથી પધારેલ સર્વે મહેમાનો તથા પાલીતાણાના આમંત્રીત મહેમાનોએ પ્રસંગમાં હાજરી આપેલ છે તેઓશ્રીનો આભાર માનેલ અને સંસ્થાને ત્રીસ વર્ષ પુરા થઈ રહ્યા છે તે પ્રસંગે દાતાશ્રીઓએ સંસ્થાને દાન આપીને પ્રોત્સાહન આપેલ છે તે સર્વે પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ.

આયંબીલ ગૃહના ઊદ્‌ઘાટન પ્રસંગે શુભેચ્છાઓ વ્યકત કરતા સંદેશાઓ મળેલ છે તેની જાણ કરવામાં આવેલ.

(૧) શ્રી મનુભાઈ પ્રેમચંદ પોપટ ચંદરયા - નાઈરોબી
(૨) શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ વતી
શ્રી વેલજી મેઘજી નાગડા - લંડન
(૩) શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજ - ઈન્દોર
(૪) શ્રી નરેશકુમાર સોમચંદ પેથરાજ ગોસરાણી - મુંબઈ.

આજના આયંબીલ ખાતાના મંગળ ઊદ્‌ઘાટન દિવસે આયંબીલની ઓળી કરનાર - ૩૬, તપસ્વીઓ, ૩૨ છુટ્ટા આંબેલ કુલ - ૬૮ આંબેલ તથા આયંબીલની ગોચરી વહોરવવા માટે પ. પૂ. સાધુ - ભગવંતો તથા સાધ્વીજી મ. સા. આદિઠાણા-૫૩ પધારેલ.

આ રીતે સંસ્થાને પહેલાજ દિવસે ઉત્કૃષ્ટ અને અમુલ્ય ભકિતલાભ મળેલ છે.

● ● ●

**જાલોર :-** પૂ. નૂતન મુ. શ્રી કિરણ રત્ન વિજયજી મ. ની વડી દીક્ષા પૂ. આ. શ્રી વિજય દર્શનરત્ન સૂ. મ. આદિની નિશ્રામાં ફા. સુ. -૨ ના થઈ છે.

**સાણંદ :-** અત્રે પૂ. આ. શ્રી વિજયવારિષેણ સૂ. મ. ની નિશ્રામાં પૂ. આ શ્રી વિજયભદ્રંકર સૂરીશ્વરજી મ. ની ૧૧ મી પૂણ્યતિથિ તથા સિદ્ધચક્ર મહાપૂજન ચૈત્રી ઓળીમાં ભણાવાયું

**તિખી (રાજ.)** - અત્રે પૂ. આ. શ્રી વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ચૈત્રી ઓળી તથા ૧૮ અભિષેક, શાંતિસ્નાત્ર તથા ચૈત્ર સુદ ૧૩+૧૪નાં શ્રી મહાવીર જન્મ કલ્યાણક તથા વરસીદાનનો વરઘોડો વિગેરે કાર્યક્રમ સુંદર થયા.

**પાલીતાણા :-** મહારાષ્ટ્ર ભવનમાં પૂ. આ. શ્રી વિજયરવિપ્રભ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયમહાબલ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ.નાં શિષ્ય રત્ન પૂ. પ. શ્રી ભવ્યરત્ન વિજયજી મ. ને ગણી પંન્યાસ પદ પ્રદાન નિમિતે ચૈત્ર સુદ-૧૫ થી ચૈત્ર વદ -૫ સુધી શાંતિસ્નાત્ર આદિ ભવ્ય મહોત્સવ યોજાયો. વદ-૪નાં પૂ. પાદ આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ.ની સ્વર્ગ તિથિ પ્રસંગે ગુણાનુંવાદ થયા. વદ-૫નાં ગણી પંન્યાસ પદ પ્રદાન થયા. તે દિવસે શાંતિસ્નાત્ર ખંભાત નિવાસી જયંતિલાલ કેશવલાલ શાહ પરિવાર તરફથી થયા. ઉત્સવમાં સાધર્મિક ભક્તિ શાહ છોટાલાલ જગજીવન પરિવાર - મુંબઈ તથા ડીસા નિવાસી મફતલાલ જેસંગલાલ પરિવાર હસ્તે ભરતભાઈ નવસારી વાળા તરફથી થયું.

**વીરા (મહા.) :-** અત્રે પૂ. મુ. શ્રી કીર્તિ દર્શન વિજયજી મ.ની નિશ્રામાં પિતાશ્રી ચતુરલાલ ગણપતચંદ તથા માતુશ્રી પુતળીબેનશ્રીની આરાધનાની અનુમોદના માટે ચૈત્ર વદ-૫ થી ચૈત્ર વદ -૧૦ સુધી શાંતિસ્નાત્ર આદિ મહોત્વ યોજવાયો.

**પાલીતાણા :-** મહારાષ્ટ્ર ભવનમાં પૂ. તપસ્વી વેયાવચ્ચી મુનિરાજશ્રી શાસનરતિ વિજયજી મ.ની વર્ધમાન તપની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગ પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મહાબલ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય અજીતસેન સૂ. મ.ની નિશ્રામાં રસિકલાલ લક્ષ્મીચંદ મહેતા - રાધનપુર વાળા તરફથી ચૈત્ર વદ - ૮ થી વદ - ૧૧ સુધી શ્રી સિદ્ધચક્ર મહા પૂજન આદિ મહોત્સવ ઠાઠથી ઉજવાયો. પારણા ચૈત્ર વદ દ્વિ. દશમનાં થયા.

મુક્તિ નિલય ધર્મશાળામાં પૂ. બાપજી મ.ના પૂ. સા.શ્રી યતિયશાશ્રીજી મ. ની વર્ધમાન તપની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે ચૈત્ર વદ દ્વિ. ૧૦ થી વદ-૧૨ સુધી સિદ્ધચક્ર મહા પૂજન, શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ ઉજવાયો.

પૂ. સા. શ્રી મદનરેખાશ્રીજી મ. ની ૬૨ વર્ષના સંયમ જીવનની અનિમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન યોજાયું.

### બિજાપુર (કર્ણાટક) નગરે શાશ્વતી ઓળીની ભવ્ય આરાધના

ગોલગુંબજના નામથી સમગ્ર વિશ્વમાં ઐતિહાસિક સુપ્રસિદ્ધ શ્રી બિજાપુર નગરે જિનશાસન જ્યોતિર્ધર સૂરી **'રામ'** સમુદાયીવર્તી પૂ. મુ. શ્રી. પુણ્યરક્ષિત વિ. મ. તથા પૂ. મુ. શ્રી આત્મરક્ષિત વિ. મ. ની પાવન નિશ્રામાં શ્રી સંઘના ઉપક્રમે શાશ્વતી ઓળીની આરાધના ખૂબ જ સુંદર થવા પામી. શ્રીપાળ -મયણાના ઐતિહાસિક - માર્મિક જીવન પ્રસંગો સમેત "નવપદ-પ્રવચનશ્રેણી" ના પ્રવચનોમાં ભાવિકોએ ખૂબ જ સારી સંખ્યામાં લાભ લીધેલ. ચૈત્ર સુદ ૧૩+૧૪ મંગળવારના રોજ શ્રી મહાવીર જન્મ કલ્યાણકનો વરઘોડો ખૂબ જ ઠાઠમાઠથી નીકળેલ. ઓળીના પારણા શ્રી સંઘના ઉપક્રમે જ થવા પામેલ. ૯૦ જેટલા આરાધકો ઓળીની આરાધનામાં જોડાયા હતા. શ્રી સંઘ તરફથી પ્રભાવના પણ સુંદર થયેલ. ઓળીના છેલ્લા બે દિવસોમાં સંઘના પુણ્યોદયે, શાસન પ્રભાવક **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજા** તથા પરમ વિદુષી પૂ. સાધ્વીજી શ્રી સ્વંયપ્રભાશ્રીજી મ. સા. આદિની પધરામણી થતાં શ્રી સંઘમાં હર્ષોલ્લાસનું વાતાવરણ છવાઈ ગયેલ. પૂ. આ. ભ.શ્રીનો સામૈયા સહ પ્રવેશ થયેલ. પ્રવેશ નિમિતે રૂા. **૧૦** નું સંઘપૂજન થયેલ

એકંદરે બિજાપુર નગરે શ્રી સંઘના ઉપક્રમે ઓળીની આરાધના યાદગાર થવા પામેલ.

### બિજાપુર - મહાવીર કોલોની મધ્યે અંજન શલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તક ચઢાવાનો સુંદર કાર્યક્રમ

શ્રી મહાવીર કોલોની ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત શ્રી સુમતિનાથ જિનપ્રસાદની જેઠ સુદ-૯ના રોજ થનારી મંગલ પ્રતિષ્ઠા નિમિત્તક મહોત્સવમાં પૂજા - પૂજનો નવકારશી - પ્રભુજી ભરાવવા આદિના ચઢાવાનો કાર્યક્રમ **પૂ. આ.ભ.શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. તથા પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. મ.** આદિની નિશ્રામાં ખૂબ જ સુંદર થવા પામેલ. ચઢાવા પ્રસંગે સુપ્રસિદ્ધ સંગીતકાર વિનીત ગેમાવત એન્ડ પાર્ટી - મુંબઈથી પધારેલ. બે દિ ચઢાવાના કાર્યક્રમ દરમ્યાન શ્રી સંઘ તરફથી બન્ને દિવસે સવાર - સાંજે સ્વામીવાત્સલ્યનું આયોજન થયેલ. આ ચઢાવા પ્રસંગે પૂ. આ.ભ.શ્રી ની અણધારી નિશ્રા મળી જતાં સોનામાં સુગંધ જેવું થવા પામેલ. શ્રી સંઘે પૂજ્યશ્રીનો ખૂબ જ ઉપકાર માનેલ.

# આભાર દર્શન

## *Appreciation*



## *Late Mr. Meghji Virji Dodhia*

*Birth : 1919, Kansumra, India.*
*Demise : 9th February 2003, Nairobi, Kenya.*

*આજે વરસી પડે છે આંખો અમારી, તસ્વીર જોઈને તમારી*
*હસ્તી તમારી ઓગળી ગઈ હવામાં*
*એ સુગંધ રહી ગઈ જીવનમાં*
*તમે ગયા જ્યાં, ત્યાં આખરે સૌને જવાનું છે*
*તમે ઘણી કરી ઉતાવળ જવામાં*
*દુઃખ દેખાડયું નહીં, સુખ છલકાવ્યું નહી*
*હસતું મુખડું હંમેશા રાખી, લીધી હસતી વિદાય*
*કર્મયોગી તમ આત્માને, પ્રભુ હસતો રાખે સદાય*

અમારા કુટુંબ ઉપર આવી પડેલ અણધાર્યા દુઃખદ સમયે સગાંસબંધીઓ તથા મિત્રો તરફથી અમોને આશ્વાતન તેમ જ સ્વર્ગસ્થને ભવ્ય શ્રદ્ધાંજલી આપવા - રૂબરૂ તેમજ તારટપાલ અને ટેલિફોન દ્વારા જેમ જ અતિમ સંસ્કાર ક્રિયા વખતે હાજર રહી અમારા દુઃખમાં સહભાગી બન્યા, તે માટે સૌનો વ્યકિતગત આભાર માનવો મુશ્કેલ હોઈ, આ પત્રિકા દ્વારા અમે આપ સર્વનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

**ગં. સ્વ. ડાઈબેન વેલજી વીરજી**

**Kenya Canvas Limited & Dodhia Family**
**P.O. Box 49606, Nairobi, Kenya.**
**Tel: +254 2 3751748 Fax : +254 2 335192**

# પરિમલ

- સ્વ. પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

● દુનિયાથી ઊંધું સમજાવે તેનું નામ શાસન ! દુનિયા સુખ મેળવવાનું - ભોગવવાનું કહે. ભગવાનનું શાસન સુખ છોડવાનું કહે.

● 'મને નુકશાન કરનાર મારા જ કર્મો છે, બીજાં કોઈ જ નથી.'

● શુભ અનુબંધ એટલે શુભ સંસ્કાર જાગૃત થવા તે. મુક્તિ સાધક ધર્મ મુક્તિની ઈચ્છાથી જ કરો તો શુભ અનુબંધ પડે.

● ધર્મનું ફળ શું ? ક્ષયોપશમ ભાવની વૃદ્ધિ અને ક્ષાયિક ભાવની પ્રાપ્તિ.

● ઊંધી પરિણતિ જીવતી રહે ત્યાં સુધી ભગવાન ઓળખાય નહિ.

● રાત પડી સંથારો યાદ આવે, દા'ડો ઉગે ખાવા-પીવાનું યાદ આવે તો ધ્યાન ક્યાંથી આવે ?

● શારીરિક - સંસારિક ધર્મોમાં મન લાગે છે, આત્મિક ધર્મોમાં મન નથી લાગતું તેનું દુઃખ થાય છે ? શારીરિક ધર્મોમાં આનંદ આવે છે, આત્મિક ધર્મોમાં આનંદ નથી આવતો તો મારો સંસાર વધી જશે - આમ થાય છે ?

● લોભીયા અર્થ-પૈસાની ચિંતામાં છે, અતિ ભોગના ભુખ્યા ભોગની ચિંતામાં છે. તેમ 'મને તો ધર્મની જ ચિંતા છે' - આવા જીવો કેટલા મળે ?

● આવા આવા પરિણામથી આત્મા કર્મથી બંધાય છે. તો પોતાના પરિણામને પોતે જ ઓળખી શકે ને ? ક્યાં પરિણામમાં છો ? આપણે અજ્ઞાન રહ્યા તેનું દુઃખ થયું છે ? જ્ઞાન મેળવવાનું મન થયું છે ? સંસારમાં નોકરી - ધંધા - ધાપા, મોજમજાહિ [illegible] ગયા, સીનેમા - નાટક ચેટકમાં, વાત-ચીતોમાં ટાઈમ કાઢીએ છીએ, તો આ જ્ઞાન માટે પણ સમય કાઢીએ તેમ થયું છે ?

● અન્યનું દુઃખ જોઈને એને દૂર કરવાની જેને ભાવના ન જાગે, એ મોટે ભાગે અન્યનું સુખ જોઈને ઈર્ષ્યાળું બન્યા વિના ન રહે.

● લક્ષ્મી તો બહુ ભયંકર ડાકણ છે. લક્ષ્મીના મોહે તમારી પાસે કેટલા ખરાબ કામ કરાવ્યા અને કેટલા કેટલા સારા કામ કરતા તમને રોક્યા, આનો તમે જો શાંત ચિત્તે વિચાર કરવા માંડો, તો લક્ષ્મી પરનો મોહ ઉતરી ગયા વિના ન રહે.

● આ સંસાર અનેક પ્રકારના પાપોથી ભરપૂર છે. પાપ-પ્રચુર આવો સંસાર દુઃખમય અને દોષમય હોય, એ તો સહજ જ છે. આવા પાપમય, દુઃખમય અને દોષમય સંસારને સમજુ માણસ સારો માને નહિ.

● ભગવાને જે શિવસુખ મેળવ્યું, એ મેળવવા જ પ્રભુ પાસે જે જાય, એ ભક્ત ગણાય. ભગવાને જે સંસાર સુખ છોડી દીધું, એ મેળવવા જે ભગવાન પાસે જાય, એ ભક્ત નહિ, એ તો ભિખારી !

● આજે ગરીબ પણ સુખી નથી. એની ફરિયાદ છે કે, આટલી આટલી સગવડનો અભાવ છે. તેમજ શ્રીમંત પણ સુખી નથી. એની ફરિયાદ છે કે, આટલા આટલા વિષયમાં શાંતિ નથી.

જૈનશાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

*સંક્લિષ્ટ પરિણામોની ઉત્પત્તિ ક્યારે ?*

जधा य कम्मिणो कम्मं, मोहणिज्जं उद्विज्जति।

तधेव संकिलिट्ठो से, परिणामो विव द्रढ ती ॥

**(શ્રી વ્યવહાર ભાષ્ય, ગા. ૨૭૬૧)**

જયારે મોહકર્મ પ્રબલ બને છે. ત્યારે આત્મામાં

સંક્લિષ્ટ પરિણામોની વૃદ્ધિ થાય છે.


## શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.

(સૌરાષ્ટ્ર) INDIA. PIN-361 005

PHONE: (0288) 770963

વર્ષ ૧૫

અંક ૩૧



જાહેરાતમાં કમ્પોઝ કરવાનું હતું કે અમારો પુત્ર ગ્રીનકાર્ડ ધરાવે છે. પણ હાલના અહેવાલો જાણીને કમ્પોઝિટરને લાગ્યું હશે કે અમેરિકામાં હવે જોખમ ખેડીને, રેડ એલર્ટ વચ્ચે વસવાટ કરવા જેવું થઇ ગયું છે. તેથી એવું ટાઇપ સેટ કરી નાખ્યું કે અમારો પુત્ર રેડ કાર્ડ ધરાવે છે.

*'સ્વાર્થી ક્યારે શું કરે તે કહેવાય નહિં.'*



હોનારત થાય તો સલામતીનાં કેવા પગલા લેવ . એની તાલીમમાં સુધરાઇ કર્મચારીઓને અમે કહ્યું કે ધરતં કંપ થાય તો ટેબલ નીચે બેસી જવું. તેમા પાલિકાવાળાને રસમજ થઇ લાગે છે કે આદત મુજબ તેમણે લાંચ મેળવ ા ટેબલ નીચેથી કેવી રીતે હાથ ધરવો, તેની આ તાલીમ અ પાય છે.

*'દંભીને બોલવું જુદુ અને કરવું જુદું'*



અમે તો ત્રાસવાદીઓને શોધવામાં બધાને સહકાર આપતા રહ્યા છીએ. એવું દર્શાવવા પાડોશી દેશના નેતાઓ હાથમાં સૂક્ષ્મદર્શક કાચ લઇને જઇ રહ્યા છે. પણ તેમાં દેખાવ એવો થઇ જાય છે કે એ બધાના હાથમાં અરીસા છે, જેમાં આડકતરી રીતે આંતકવાદને ઉત્તેજન આપવાના એ નેતાના ચહેરા દેખાઇ જાય છે.

*'મુખમાં રામ બગલમે છૂરી એવું પણ બને'*



પહેલા આપ રૂપિયો, એટલે કે સો નવા પૈસાની દક્ષિણા આપતાં ત્યારે હું શતાયુનાં આશીર્વચન આપતો. ણ હવે રૂપિયાનું મૂલ્ય જેટલું ઓછું થતું જાય છે, એટલો ઘટા અમારે આશીર્વચનમાં પણ કરવો પડે, એવા સંજોગો . આપ વિચારી જુઓ બહેન.

*'ઉત્તમના હૈયા ઉત્તમ હોય સ્વાર્થના હૈયા (સ્તક) ઠેકાણા ન હોય'*

કાર્ટૂનિસ્ટ - રમેશ બૂચ

आज्ञाराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫ * સંવત ૨૦૫૯ જેઠ સુદ - ૫ * મંગળવાર, તા. ૧૦-૬-૨૦૦૩ (અંક : ૩૧

## પ્રવચન એકસાઈઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો સુદિ-૫, સોમવાર, તા. ૨૮-૯-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

सुनिउणमणाइणिहणं भूयहियं भूयभावणमहग्घं।
अमियमजियं महत्वं महाणुभावं महाविसयं॥

ગમે તેવું દુઃખ આવે તેને મજેથી વેઠે તેનું જ કલ્યાણ થાય કે બીજાનું? આપણને દુઃખ આવે તો મજેથી ભોગવવાનું મન થાય ખરૂં? તાવ આવે તો મજેથી ભોગવીએ ખરા? વૈદ્ય ડોકટરની કેડે પડે તો મરતા સુધી દવા ખાય તો ય લગભગ સારા ન થાય. આજે તો જે ડોકટરને ત્યાં ગયો તેને મરતાં સુધી જવું જ પડે. આવા અનુભવ હોવા છતાં ય તમને સમજાતું નથી કે, આ અમારી જ ભૂલ છે. કેમ કે, દુઃખ મજેથી વેઠવાનું શીખ્યા જ નથી. તાવ આવે તો કેટલા દિવસ રહે? ત્રણ દિવસ. આગળના વૈદ્યો ચઢતા તાવને ઉતારે નહિં. આજે ઉતાર્યા વિના રહે નહિં. ચઢતા તાવને ઉતારે તે કાયમનો રોગી બને. રોગના અનુભવ છતાંય માનતા નથી. તેનું કારણ ભગવાનની આજ્ઞા ગમી નથી.

જેને આજ્ઞા બેસી જાય, ઓત-પ્રોત થઈ જાય તેનામાં વાસ્તવિક ગુણો આવવા માંડે અને દોષો ભાગવા માંડે. દઢપ્રહારી શું ભણેલો? પણ ભગવાનની આજ્ઞા તેના હૈયામાં જચી ગઈ કે, 'મેં પાપ કર્યું તો દુઃખ આવે જ તે મારે સહન કરવું જ જોઈએ. ઘણાંને હેરાન કર્યા છે તો તે બધા મને હેરાન કરે તેમાં હરકત શી?' આ ભાવનાથી છ મહિનામાં કામસાધી ગયો. આજે તો લેણદાર લેવા આવે તો તેને ય મારનારા પાકયા છે ને? લેવા જાય ત્યારે શું શું કહીને લાવેલો?

'દુઃખ વેઠવા જેવું જ છે. મેં કરેલા પાપની સજા છે માટે મારે વેઠવું જ જોઈએ' - આ ભગવાનની આજ્ઞા બહુ જ સારી છે. દુઃખ આપણા પાપથી જ આવે છે. આપણે પાપ ન કર્યું તો ઈન્દ્ર પણ દુઃખ આપી શકે નહિં - તે શ્રદ્ધા પાકી છે? નબળો આદમી ય દુઃખ આપે તો સમજી લેવું કે, પાપનો ઉદય આવ્યો. સહન કરો તો કામ થઈ જાય, વૈર પણ બંધ થઈ જાય. આપણી ભૂલ હોય, ખોટાને ખોટો કહે તો કહેવું કે તારી વાત સાચી છે, રોજ યાદ કરાવજે, પછી કોઈ નિંદા કરે? આજે તો ભૂલ હોય અને કહે તો કહે કે, 'કેમ કહી? રોજ કરીશ' બેયને દુશ્મનાવટ થાય. જેને મિત્ર

બનાવવો હતો તેને શત્રુ બનાવ્યો. પાપી આત્મા સમજી ગયા તો સુધરી ગયા. તેમને ભગવાનની આજ્ઞા ગમી ગઇ, દુ:ખ મજેનું વેઠવા જેવું લાગી ગયું અને કામ સાધી ગયા.

તમે રોજ કેટલા જીવોને દુ:ખ આપો છો તો તમને દુ:ખ ન આવે તેમાં નવાઇ છે ખરી? તમે બધા સંજ્ઞી છો કે સંમૂર્ચ્છિમ? સમજી શકો છો કે સમજી શકતાં નથી? આ સંસારમાં જીવવું હોય તેને અસંખ્ય જીવોની હિંસા કરવી પડે. તેની હિંસા કરતી વખતે દુ:ખ થાય છે? ભગવાને શ્રાવકોને સંઘમાં કેમ રાખ્યા? બધાને સંઘમાં કેમ ન લીધા? **ભગવાનનો શ્રી સંઘ જગતમાં રહે પણ જગતથી જુદો!** જૈનો જો આજ્ઞા મુજબ જીવે તો જૈનોની જગતમાં વાહ વાહ થઇ જાય. જૈનના પૈસા કોઇ લઇ ગયું અને કદાચ ન આપી શકે તો તેને ભય નહિં. જૈન દાવો ન કરે. તે તો માને કે, મેં કયારેક તેના લીધા હશે માટે નહિં આપતો હોય, જે પૈસા લઇ ગયો તેની પાસે કદિ ઉઘરાણી ન કરો તો તેને ય ઊંડે ઊંડે થાય કે 'જબરો છે, સામો મળું તોય પૂછતો નથી' તે તેને ઘેર જઇને પાછા આપી આવે. તમારે કસોટીમાં મૂકાવું નથી. બધા ખરાબ જ છે તેમ માનો છો. તમે જ માત્ર સારા તેની આ બધી મોંકાણ છે! શ્રાવક લુખ્ખો રોટલો ખાઇને જીવે પણ કોઇની પાસે માગે નહિં, અનીતિ આદિ કરે નહિ. ભગવાનની આજ્ઞા જચે તેની વાત ચાલે છે.

આજ્ઞા જચેલા કેવા હોય તેની આ વાત ચાલે છે. શ્રી ખંધક મહામુનિની વાત પણ જાણો છો. લાંબી વાત કરવી નથી. પ્રસંગ પુરતી વાત કરવી છે. પ્રસંગ પામી રાજાએ હુકમ કર્યો કે, ''મુનિની જીવતા ખાલ ઉતારી લાવો'', ખાલ ઉતારવા આવનારને મુનિ કહે કે, 'ભાઇ ભલા છો' જે શરીરને છોડવું તે છોડવામાં સહાય કરો છો, જેમ જેમ ચામડી ઉતારતા ગયા, મુનિ ધ્યાનમાં આરૂઢ થઇ કેવલજ્ઞાન પામી કામ સાધી ગયા.

મુનિની આવી સમતા જોઇ ખાલ ઉતારનારાને પણ થયું કે, 'બહુ જબરા છે' આવા મહાત્માઓએ કેટલું સહન કર્યું છે? આવું બળ કયાંથી મળ્યું? ભગવાનની આજ્ઞા હૈયામાં જચી ગઇ તેમાંથી.

પૂર્વના જે આત્માઓ હતા તે કેટલા સુખી હતાં, સુખ મૂકીને ગયા તમારી પાસે શું સુખ છે? ઘરમાં કે બજારમાં પણ કાંઇ કિંમત છે ખરી? આબરૂ પણ છે ખરી? કોઇ એવો શેઠ મળે ખરો કે જેને ત્યાં જે કોઇ દુ:ખી કે જરૂરિયાત વાળો જાય તે ખાલી હાથે પાછો આવે જ નહિં. આવી આબરૂ છે ખરી? સુખીને ઘેર દુ:ખી જાય તો તે દુ:ખી રહે ખરો? માગનારને તમે કેવી દ્રષ્ટિથી જૂઓ છો? માગવા આવનારો ગમે તેટલો સારો હોય તો પણ તેને ખોટો કહ્યા વિના રહો નહિ ને? માગનારને આજના લોકો જે રીતે આપે છે, તે આનો માગનારો જ લઇ શકે!

પ્ર. - માગણવૃત્તિ વધી ન જાય.

ઉ. - દરેક વસ્તુમાં એવા હોંશિયાર છો કે દરેકમાં દોષ જ જૂઓ છો, તમને ના કહેવાની કુટેવ પડી તેનું શું?

પ્ર. - કઇ રીતના કુટેવ કહો છો?

ઉ. - ઝટ 'ના' કહો તે કુટેવ નથી !!

ધર્મને જે જે પ્રકારો બતાવું તેમાંથી વાંધા જ કાઢો છો, કોઇ વાત રાજીથી સ્વીકારતા નથી.

ભગવાનની આજ્ઞા કર્મરૂપી દેવાને ટાળનારી છે. કયારે? આજ્ઞા જચે તેને. તો દુ:ખ વેઠવામાં મજા આવે, સુખ ભોગવવામાં નહિ. સુખ ભોગવતાં તો દુ:ખ થાય, **સુખ કમને ભોગવે પણ મજેથી ન ભોગવે તેનું નામ ધર્મી!** સુખ મળ્યું છે તો મજેથી ભોગવો. 'આ લોક મીઠા તો પરલોક કોને દીઠાં?' આવું માને- બોલે તે તો અધર્મી મન્યા વિના રહે ખરો? પછી તે મરીને કયાં જાય?

ધર્માત્માને તો દુનિયાનું સુખ લેવું પડે, રાખવું પડે, સ્વીકારવું પડે, ભોગવવું પડે તેનું તો ઘણું દુ:ખ હોય. અવિરતિ મારી પાસે ન કરવા જેવા કામ કરાવે છે તેમ લાગે. આવું જાણનારો અવિરતિને લઇને ઘરમાં રહેવું પડે તો રહે, પણ મજાથી રહે ખરો? તમને બધાને ઘરમાં રહેવું પડે છે તે યાદ છે પણ ઘરમાં મજાથી ન રહેવાય તે યાદ નથી, તેથી જ ઘર ગમે છે પણ છોડવા જેવું લાગતું નથી. શ્રાવક માત્ર ઘરમાં રહે પણ રહેવાની ઇચ્છા જરાય ના હોય, મજાથી તો

રહે જ ન હેં, ઘર છોડવાની જ ઈચ્છા હોય. મજાથી ઘરમાં રહે તે શ્રાવક કહેવાય? મરીને કયાં જાય?

આજે તો મજેથી પાપ થાય છે, અનીતિ- અન્યાય થાય છે, મોટામાં મોટી ચોરી થાય છે. 'આજે જે મોટામાં મોટા સુખી છે તે જ મોટામાં મોટા ચોર છે' આવું આજે બોલીએ તો ય કોઈ વિરોધ કરી શકે તેમ નથી. આજે મોટામાં મોટી ચોરી કોણ કરે છે? તેમને તે ચોરી, ચોરી લાગે છે ખરી? દેશ-કાળ ખરાબ થયો છે તેમ કહો છો અને હોંશિયારો સારામાં સારી રીતે ગોઠવી ગોઠવીને મજેથી ચોરી આદિ પાપો કરે છે, હૈયામાં જરાપણ કંપારી આવતી નથી.

પ્ર. - કાયદામાં રહીને કરે છે!

ઉ. આવા બધાને 'નફફટ' ન કહેવાય તો શું કહેવાય? આજે ભણેલા પાપ વધારે કરે છે કે અભણો? આ અપલક્ષણ, આજ્ઞા સમજાઇ નથી તેનું છે. વધારે બુદ્ધિ આવે તે વધારે ખોટા કામ મજેથી કરે છે. અભણ કામ કરીને કમાશે, ભણેલાને કામ કરવું નથી અને કમાવવું છે, આજે બધે આવી હાલત છે. ભકિત અને વૈયાવચ્ચ પણ કોણ કરે? ભણેલો?

પ્ર. - ભણેલો દેશની પ્રગતિ કરે છે ને?

ઉ. - આજે દેશ પ્રગતિમાં છે કે અવગતિમાં? એક માણસ પણ પ્રામાણિક ન મળે તે પ્રગતિ કહેવાય કે અવગતિ કહેવાય? આજે તો પરદેશવાસીઓ કરતાં તમે ભૂંડા છો તેમ કહેવાય છે. પરદેશમાં જેટલી નીતિ છે તેટલી અહીં નથી તેમ કહે છે. આજે તમારા બધાની આબરૂ પણ રહી નથી.

પ્ર. - અહીં નીતિ ન પળે, ત્યાં (પરદેશમાં) નીતિ પળે તો વેપાર કરવા જવાયને?

ઉ. - નીતિ પાળવા જાવ છો કે કમાવા જાવ છો? તમે તો ત્યાં પણ આબરૂ બગાડી છે. લોભીયા બધે જ આવા હોય.

ભગવાનની આજ્ઞા ખરેખર કલ્પવેલડી જેવી છે, યોગ્યતા આવે તેને જ સમજાય. **આજ્ઞાની વાતો કરી શકાય પણ આજ્ઞા પાળવી કઠીન છે. આજ્ઞા પચે કોને? દુઃખ સારૂ અને સુખ ભૂંડુ લાગે તેને.** આ આજ્ઞા પચી જાય તો આજે પણ કલ્યાણ થઇ શકે. આજ્ઞા પાળનારો ધર્મ માટે જેટલા કષ્ટ પડે તે મજેથી ભોગવે- વેઠે. આજે દુનિયાનાં કામ માટે ઘણાં ઘણાં દુઃખ વેઠો છો પણ ધર્મ માટે નાનું સરખુંય કષ્ટ વેઠવા તૈયાર છો? તમે દુનિયાના માનેલા સુખ માટે જેટલા કષ્ટ વેઠો છો, તિરસ્કાર- અપમાન વેઠો છો તેટલા જો અમે વેઠતા થઇએ તો અમારૂ કલ્યાણ થઇ જાય! ગૃહસ્થપણામાં મજાથી જીવવા ઘણું કષ્ટ સહન કરો છો. આટલું જો ધર્મ માટે સહન કરતાં થાવ તો આજ્ઞા પચી ગઇ કહેવાય. આજ્ઞા પચે તેને દુઃખ, દુઃખ ન લાગે, તે સુખથી ગભરાય. સુખ ભાન ભૂલાવનાર છે તેમ માને તે કર્મ કાપી દેવાથી મુકત થાય. પાપીમાં પાપી આત્મા એવો દઢપ્રહારી આ વાત સમજી ગયો તો તે જ ભવમાં આજ્ઞા પાળી મોક્ષે ગયો.

આજ્ઞા ઉપર જોઇએ તેવું બહુમાન જાગ્યું નથી માટે જ આપણાથી દુઃખ વેઠાતું નથી. જયાં આપણું કામ થતું હોય ત્યાં બધા જ દુઃખો મજેથી વેઠીએ છીએ. દુઃખ વેઠવાની શકિત તો આત્મામાં પડી છે. ત્યાગ કરવાની શકિત પણ આત્મામાં છે. તમે બધા બધો ત્યાગ કેમ કરી શકતાં નથી? ત્યાગ કરેલા પણ ત્યાગને કેમ બરાબર પાળતા નથી? 'સુખનો ત્યાગ કરવો' તેમ બોલીએ છીએ પણ ત્યાગ કરવાનો અભ્યાસ પણ કરતાં નથી. આજે ત્યાગ કરેલા જે સુખ ભોગવે છે તે ભોગી લોકો પણ નથી ભોગવતાં. ત્યાગી કહેવરાવીએ અને ત્યાગ ન હોય તો તે પાપ ખરૂને? ભોગી એવા છે જે ભોગ માટે જ પાપ કરે છે, ત્યાગી એવા છે જે મજા કરવા માટે જ પાપ કરે છે. આખી દુનિયાનો ન્યાય ઉંધો થયો છે. કેમ કે, આજ્ઞા હૈયાને વસી નથી. આજ્ઞા તે અમૃત જેવી છે. આ ભગવાનની આજ્ઞા એવી છે જેનો જે વિચાર કરે તેને કદિ તેના પર અરૂચિ થાય જ નહિં. મીઠાઇ રોજ ન ખાઇ શકો પણ આ મીઠાઇ એવી છે જે જિંદગીભર ખાયા કરો તોય કદિ ઓછું થાય નહિં. તૃપ્તિ પણ થાય નહિં. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ધર્મ કરનારો કેવો ઉદ્યમી હોય? આજે તો થોડું કર્યું તે ય ઘણું કર્યું તેમ લાગે છે.

*(ક્રમશઃ)*

## પૂજ્યપાદ આ. શ્રી વિજય રવિપ્રભ સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય અજિતસેન સૂ.મ. તરફથી લખાયેલા પત્રને

# પૂ. આ. હેમભૂષણ સૂ. મ., પૂ.આ. શ્રી વિજય કીર્તિયશ સૂ. મ. માનશે?

સાબરમતી મધ્યે પૂજ્યપાદશ્રીના બનેલ સ્મૃતિ મંદિરમાં ગુરૂ મૂર્તિ પ્રતિષ્ઠાની આવક શાસ્ત્રીય પાઠ તથા પ્રણાલિકા મુજબ દેવદ્રવ્યમાં લઈ જવી જોઈએ તેના બદલે તે આવકને ગુરૂ સ્મારકમાં લઈ જવાનો નિર્ણય કરેલ અને તેનો પ્રચાર કરેલ, અને તે ઉન્માર્ગને સન્માર્ગ તરીકે સ્થાપવાના કુટિલ પ્રયત્નો થઈ રહેલ છે. તેની સામે સમુદાયના વડિલ પૂજ્યોનો વિરોધ ખૂબ જ છે. તે માટે જૈન શાસનમાં અગાઉ પૂ. ગચ્છાધિપતિ શ્રી મહોદય સૂરીશ્વરજી મ.સા.ની સહીવાળા પત્રો, પૂ. આ. શ્રી વિજય વિચક્ષણ સૂ.મ.ની પત્રિકારૂપે થયેલ ઉગ્ર વિરોધ અને છેલ્લે પૂ.આ.ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના નામે વિ.સ. ૨૦૪૧માં લખાયેલ પત્રો પ્રકાશીત કરી ગયેલ છીએ. ગચ્છસ્થવિર પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂ.મ., પૂ. અજિતસેન સૂ.મ.સા.એ પણ આ પત્ર દ્વારા પોતાની માન્યતા સ્પષ્ટ કરી દીધી છે. આ ગુરુ મૂર્તિનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જ જવું જોઈએ તેવું બીજા પણ પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂ.મ. સા., પૂ. આ. શ્રી વિજય લલિત શેખર સૂ.મ. સા., પૂ. આ. શ્રી વિજય રાજ શેખર સૂ.મ., પૂ. આ. શ્રી વિજય વીર શેખર સૂ.મ., પૂ.આ. શ્રી વિજય નરવાહન સૂ. મ.સા. આદિ ઘણા માને છે તે આ બાબતમાં સમુદાયનું સંચાલન કરનારા વિચારીને જાહેરમાં ખૂલાસો કરે તે જરૂરી છે. (સં.)

## પૂ.આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના સમુદાયના વડિલ પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય રવિપ્રભ સૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ. શ્રી વિજયઅજિતસેન સૂરીશ્વરજી મ.નો અભિપ્રાય

# ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠાની બોલી દેવદ્રવ્યમાં

**વડિલોને છોડી નાના મુનિનો આચાર્યપદ વડિલોની સંમતિથી આપ્યાની વાત ખોટી છે. અમે જાણતા પણ નથી. પૂ.આ. શ્રી વિજયહેમભૂષણ સૂરીશ્વરજી મ.ને તેમનો પત્ર**

*વિનયાદિ ગુણગણાલંકૃત આચાર્ય શ્રી વિજય હેમભૂષણ સૂરિજી યોગ્ય*

*અનુવંદના સુખશાતા*

*વિશેષમાં છેલ્લા લગભગ દોઢ વરસથી આપણા સમુદાયમાં ગુરૂદ્રવ્ય અને તેના ઉપયોગ અંગે વિચાર ભેદ પ્રવર્તી રહેલ છે. આ અંગે આપણા મહાત્માઓમાં વચ્ચે વ્યાપક ચર્ચા વિચારણા થઈ છે એક સર્વ સંમત ઉકેલ આવશે એવી આશા રાખીને આ વિષયમાં મારા વિચારો પ્રગટ કરવાનું અત્યાર સુધી ટાળતો*

રહ્યો છું, પણ છેલ્લા કેટલાક સમયથી આ વિષયનો સર્વ સંમત ઉકેલ લાવવાના પ્રયત્નોની ઉપેક્ષા કરી માત્ર પોતાની માન્યતાના સમર્થનમાં અનેક રીતે એક તરફથી પ્રચાર કરવા દ્વારા એ જ માન્યતા સાચી અને સર્વમાન્ય ગણાવવાનો પ્રયત્ન તમારા સહિત અન્ય મહાત્માઓ દ્વારા થતો જોઈને સાચો સર્વસંમત ઉકેલ આવવાની આશા હવે નબળી પડતી જાય છે.

અને તેથી આ પત્ર લખી રહ્યો છું.

ગયા પર્યુષણ પછી પાલીતાણા ખાતે થયેલી ત્રણ દિવસની વાચના દરમ્યાન વાચના દાતાઓ પોતાની માન્યતા આગ્રહપૂર્વક પ્રદર્શિત કરી. વાચના પહેલાં કે પછી પણ આપણા એ મહાત્માઓએ મારી સાથે આ વિષયમાં કશી જ વિચારણા કરી નહતી અને છતાં પોતાના મુખપત્રમાં એ વાચનાનો એક તરફી અહેવાલ છાપ્યો, તેમાં મારી નિશ્રાનો બીનજરૂરી ઉલ્લેખ કર્યો. આના કારણે એ મહાત્માની પ્રરૂપણામાં મારી સંમતિ સમજીને અનેક મહાત્માઓએ અને સુશ્રાવકોએ મને એ અંગે સવાલ પૂછેલા. વિવાદ વધે નહિ એ આશયથી આજ સુધી મેં એનો ખુલાસો જાહેર કર્યો નથી. એ પછી કારતક માસમાં પાલીતાણા ખાતે ત્રિભુવન તારક તીર્થાધિરાજ ચાતુર્માસ સમિતિના નામે આયોજિત પ્રતિનિધિ સંમેલનની નિમંત્રણ પત્રિકામાંય મારી સંમતિ લીધા વિના મારી નિશ્રાનો ઉલ્લેખ કરવામાં આવ્યો. સમુદાયની શોભા ખાતર મેં એ પ્રસંગે હાજરી તો આપી પરંતુ આ સભામાંય ગુરુદ્રવ્ય વિષયના જિજ્ઞાસુ પ્રશ્નકારોના પ્રશ્નોને આવેશપૂર્વક ટાળવામાં આવ્યા.

આપણા બધા મહાત્માઓ આ વિષયમાં એકમત નહિ હોવા છતાં પોતાના માર્ગદર્શનથી સ્થપાતા સ્થાનોના બંધારણોમાં પોતામાન્યતા ખોટી રીતે દાખલ કરી દેવાઈ. તેની સામે ઉઠાવાયેલા વાંધાઓના જવાબ જ આપવામાં ન આવ્યા. વગેરે બધું આપણા સમુદાયના ગૌરવને ઘટાડનારૂં હતું, છતાં મારે મૌન રહીને ઉપેક્ષા સેવવી પડી. એ પછી માગસર માસમાં આ વિષયે તમારાથી જુદા વિચારો ધરાવતાં પક્ષ તરફથી વચગાળાના સમાધાનની એક યોજના પણ તમને લખી આપવામાં આવી હોવાનું મને જાણવા મળ્યું છે, અને તમે આજ સુધી તેનો જવાબ નહિ આપ્યાનું પણ મને જાણવા મળ્યું છે, તે પછી તાજેતરમાં કાવી ખાતેની વાચનામાં તમે પ્રસંગ વગર આ વિવાદને લગતાં વિધાનો કર્યાનું પણ મને સાંભળવા મળ્યું છે. આ બધું લક્ષ્યમાં લેતાં હવે મૌન રાખીને, આ વિષયમાં ખોટી માન્યતા પ્રરૂપણા અને આચરણાને સમર્થન આપવાના દોષમાં મારે પડવું નથી. આ વિષયમાં આપણા સમુદાયના મહાત્માઓ સર્વાનુમતે નિર્ણય લે - તે જરૂરી છે, અને એવો નિર્ણય ન આવે ત્યાં સુધી એક તરફી પ્રચાર વગેરે ન થાય એ પણ અતિ જરૂરી છે.

મારો અભિપ્રાય આ પત્ર દ્વારા તમને જણાવવાનો કે સ્વ. સુવિશાલ ગચ્છાધિપતિશ્રીજીએ ફરમાવેલ અને સ્વ. ગચ્છાધિપતિ શ્રી મહોદય સૂરીશ્વરજી મહારાજાએ સ્વીકારેલા નિર્ણય પ્રમાણે, ગુરૂભક્તિ નિમિત્તે આવેલી સઘળી આવક (ગુરૂદ્રવ્ય)ને દેવદ્રવ્યમાં લઈ જઈ તેને જીર્ણોધ્ધારાદિમાં વાપરવી જોઈએ. એમાંથી ગુરૂમંદિર, ગુરૂમૂર્તિ કે ગુરૂસ્મારક વગેરે ન બનાવવા જોઈએ. આ બધા કાર્યો સ્વદ્રવ્યથી, સાધારણ દ્રવ્યથી કે એ મહાત્માના અગ્નિ સંસ્કારાદિના દ્રવ્યથી કરવા– એ જ શાસ્ત્રાનુસારી છે.

હાલ એ જ – પત્રોત્તર તરત જણાવશો. રત્નત્રયીની આરાધનામાં ઉજમાલ રહેશો.

આ.વિ.રવિપ્રભ સૂ. (પ.પૂ. આ.ભ. રવિપ્રભ સૂ.મ.સા. તરફથી)

*તા.ક.:- સુરત ખાતે વૈ. સુ. ૭ના તમારા હસ્તે આપણા એક મહાત્માની આચાર્ય પદવી થવાની છે. આ પદવીનો (અને બીજા પણ એવા કેટલાક અગત્યના) નિર્ણય 'પૂજ્યો' કે 'વડિલો'ના નામે હાલ જાહેર થતાં હોય છે. પણ તે પૂજ્યો કે વડિલોના નામ જાહેર થતાં નથી. આ પદવીનો નિર્ણય લેતાં પહેલાં, મને ખ્યાલ છે ત્યાં સુધી મને જાણ કરાઈ ન હતી. આપણા સૌના પૂણ્યોદયે, શક્તિશાળી અને પ્રભાવક મહાત્માઓ આપણા સમુદાયમાં મોટી સંખ્યામાં છે. એમાંના કોઈની આચાર્ય પદવીનો નિર્ણય લેવાય ત્યારે તેમનાથી મોટા રત્નાધિકોનો વિચાર કરાય – તે જરૂરી છે.*

*કોઈ ખાસ સબલ કારણ વિના, રત્નાધિકોને બાકી રાખી નાના મહાત્માની મોટી પદવીનો નિર્ણય લેવાય તે ઊચિત નથી.*

*સ્વ. પૂજ્ય પરમારાધ્યપાદશ્રીજીએ વિ.સં. ૨૦૨૯માં આ ખ્યાલ રાખીને જ સમુદાયમાં મોટી સંખ્યામાં પદવીઓ આપેલી. પત્રમાં આ અંગે વધુ લખવું યોગ્ય નહિ લાગવાથી માત્ર તમારૂં ધ્યાન દોરૂં છું.*

આ.વિ. રવિપ્રભ સૂ. મા. સાહેબ તરફથી અનુવંદના
સુખશાતા જાણશો.
અજિતસેન સૂરિ આદિની
બધાને યથાયોગ્ય વંદનાનુવંદના
સુખશાતા જાણશો.

*ચૈત્રવદ ૧૩ મ.બુ. પાલિતાણા,*

*અત્રે પ.પૂ.આ.ભ. મહાબલ સૂ.મ.સા. આદિ શાતામાં છે.*

(સમુદાયના પૂ. આચાર્યદેવો આદિ આ અશાસ્ત્રીય વિચારણામાં સંમત નથી. તેમણે પણ પોતાના વિચારો લખીને મોકલી દેવા જોઈએ અને જાહેરમાં મૂકવા જોઈએ જેથી એકપક્ષીય અશાસ્ત્રીય પ્રચારને સૌ ઓળખી સમજી શકે.

*– સંપાદક – શ્રી મહાવીર શાસન)*

---

**શંખેશ્વર :-** હાલારી ધર્મશાળામાં શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથજી જિન મંદિરની ચોથી વર્ષગાંઠ નિમિત્તે ૧૮ અભિષેક આદિ મહોત્સવ યોજાયો હતો. મૂળ શિખરની ધજા શાહ ઝવેરચંદ રણમલ માલદે- લાખાબાવળ વાળા હઃ કિશોરભાઈ મુલુંડ વાળાએ કાયમી લાભ લઈ તેમણે ચડાવી હતી. રંગમંડપની ધજા શ્રીમતિ રમીલાબેન લાલજી હેમરાજે રૂા. ૧૮૦૧-૦૦ બોલીને ચડાવી હતી. પ્રભુજીની ૧ લી પૂજા રૂા. ૯૯૯-૦૦ બોલી કિશોરચંદ ઝવેરચંદ માલદે- મુલુંડવાળાએ લાભ લીધો હતો. આરતી રૂા. ૬૧૧-૦૦ ઝવેરચંદ લાધાભાઈ નાગડા - જામનગર, મંગલ દીવો રૂા. ૬૧૨-૦૦ શ્રીમતી વેલુબેન ઝવેરચંદ હેમરાજ દ નાઈરોબી વાળાએ લાભ લીધો હતો.

# पूजा निमित्त आया गुरु द्रव्य देवद्रव्यमें जाना चाहिए

गुरुकी पूजा में आया हुआ सुवर्णादि द्रव्य रजोहरणादि उपकरण के जैसा गुरुद्रव्य नहीं है। क्योंकि गुरुका वह द्रव्य निश्रित नहीं है। गुरु द्रव्य भी दो प्रकारका है। निश्चित और अनिश्चित याने गुरुकी मालिकी का और बीन मालिकीका.

रजोहरण मुहपत्ति, वस्त्र पात्रादि वगेरे श्रावकादिने वहराये हुए उपकरण साधुकी मालिकीके होते है और गुरुकी अंग पूजा या अग्रपूजा में जो द्रव्य आता है उसकी मालिकी गुरुकी नहीं होती है अतः उसका उपयोग, रजोहरणादि उपकरणकी माफक अपने उपयोगमें लेकर नहीं कर सकते उस कारण पूजा निमित्त से आया द्रव्य गुरुसे भी पूज्यस्थान जिनमंदिर तथा जिनमूर्ति के क्षेत्रमें (देवद्रव्यमें) जाना चाहिए।

गुरुपूजा निमित्तका द्रव्य गुरुवैयावचमें लेवे तो वह लेने वाला और जिसकी वैयावच मे यह द्रव्य का उपयोग होवे व गुरु महाराजभी देवद्रव्य के भक्षण करने वाले बनके दुर्गति में डुबने वाले होते है।

(देवद्रव्यादि व्यवस्था विचार)

આમાં ગુરુમૂર્તિની પૂજા કે ત્યાં ધરાતી રકમ પણ ગુરુ દ્રવ્ય છે ગુરૂના ફોટાની પૂજાની રકમ પણ તે ગુરુદ્રવ્ય છે. તે દેવદ્રવ્યમાં જાય પણ તે સિવાય બીજે લઈ જવાય નહિં.

આ પુસ્તકનું સંપાદન પૂ.પં. શ્રી વિચક્ષણવિજયજી ગણીએ સને ૧૯૮૧માં કર્યું છે અને શા શાંતિલાલ જાવરાવાલા - (રતલામ) એ પ્રગટ કર્યું છે.

આ પુસ્તકના સંપાદક પૂ. શ્રીએ આ પુસ્તકનું શુદ્ધિકરણ પુ.મુ.શ્રી હેમભૂષણવિજયજી મ., પૂ. મુ. શ્રી કીર્તિયશ વિજયજી મ. પાસે કરાવ્યું છે તેના ' दो शब्द'માં લેખક તેઓશ્રી લખે છે કે-

*लेखक पू.पं. श्री विचक्षण विजयजी गणी*

शास्त्रादिकी द्रष्टि से इस पुस्तकमें कोइ क्षति न रहने पाये इसलिए गच्छाधिपति आचार्यदेव श्रीमद् विजयरामचंद्र सूरीश्वरजी म.सा.की पुनित निश्रावर्ती विद्वद्वर्य मुनिराज श्री हेमभूषण विजयजी को इस में लिखे साहित्य का मेटर देखने के लिए भेजा गया। गच्छाधिपति आचार्य देवकी अनुज्ञा से उन्होंने तथा मुनिराज श्री विद्वद्वर्य कीर्तियश विजयजी इन दोनों महात्माओने सारे साहित्यको कालजीपूर्वक पढ़कर भाषा आदि की द्रष्टि से जो क्षतियां थी उसका सुधार करने का तथा जरूरी वस्तुकी पूर्ति करने का सहयोग दिया। वह कमी भी भूला नही जा सकता।

આ લખાણથી સ્પષ્ટ છે કે ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની અનુજ્ઞાથી પૂ. હેમભૂષણ વિજયજી મ.,પૂ. કીર્તિયશ વિજયજી મ.એ આ પુસ્તિકાની શુદ્ધિ કરી છે અને અનિશ્રિત ગુરુદ્રવ્ય દેવદ્રવ્યમાં જાય તે સ્પષ્ટ થાય છે.

આજે તેઓ બંને ગુરુદ્રવ્યને સ્મારકમાં લઈ જવાનું વિધાન કરે છે તે તેમણે આ પુસ્તિકામાં શુદ્ધિ વૃદ્ધિ કરી છે તેમાં 'મૂર્તિની પૂજાનું દ્રવ્ય દેવદ્રવ્યમાં ન લઈ જતાં સ્મારકમાં લઈ જવું જોઈએ' એવું કેમ ઉમેર્યું નથી? તે જ બતાવે છે કે ગુરુ દ્રવ્યને દેવદ્રવ્ય સિવાય લઈ જવાનો વિચાર જ પૂ. ગચ્છાધિપતિ અને પૂ. હેમભૂષણ વિ.મ., પૂ. કીર્તિયશ વિ.મ. પાસે હતો જ નહિં.

આ વિપરીત પ્રરમપણા તેમણે કરી છે અને પૂ. મુ. શ્રી હિતપ્રજ્ઞ વિજયજી મ. જેઓ શાસન અને પૂજ્યોને પરમ સમર્પિત છે તેમના નામે વારંવાર સુધારા કરીને હવે ગુરુમૂર્તિનું, ગુરુ ફોટાની પૂજા વિ.નું દ્રવ્ય સ્મારકમાં લઈ જવાનું ઉભું કર્યું છે. તેમાં પણ તે બુકમાં જીવતા અને સ્વર્ગસ્થ મહેલા ગુરુના બે ભેદ કરીને બંનેના રસ્તા જુદા કર્યા છે તે ખરેખર સિદ્ધાંતને ભારે નુકસાન કરનારૂ છે.

તેઓ બંને પોતે કરેલ શુદ્ધિ વૃદ્ધિવાળા પોતાને જ માન્ય પુસ્તક પ્રમાણે વર્તશે તો સિદ્ધાંત અને સમુદાયના ભેદથી બચી શકશે. બાકી જો ઘણાં સમજનારા મૌન બેઠા છે તે જ તે બંનેના પૂણ્યનો પ્રભાવ છે.

● ● ●

(૨૦૩૨ના કારતક સુદ ૨ ને બુધવાર, તા. ૫-૧૧-૧૯૭૫ના પ્રવચન બાદ, વડીદીક્ષા અને ચતુર્થવ્રત ગ્રહણ પ્રસંગે આપેલ હિતશિક્ષા:)

# ધર્મ જ આધાર

- પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.

આજે બે પ્રસંગ ચાલુ છે. એક વડી દીક્ષાનો અને બીજો ચતુર્થવ્રત ગ્રહણનો. તેમની ઉપબૃંહણા કરવાથી પણ નિર્જરા થાય. જેઓએ ભગવાનના શાસનની દીક્ષા લીધી તે ભાગ્યશાળી છે. દીક્ષા શું છે તે વાત સમજવી છે. **ષટ્કાય જીવની રક્ષા વિના સાધુપણું પળાતું નથી.** ષટ્કાયની શિક્ષા મેળવ્યા બાદ તેનું જ્ઞાન થયા પછી પાંચ મહાવ્રતો ઉચ્ચારવામાં આવે છે તેનું નામ જ વડીદીક્ષા છે. હવે જીવનભર દોષ ન લાગે તે માટે ભગવાનની આજ્ઞા મુજબ, સદ્ગુરુની નિશ્રામાં જીવન પસાર કરવાનું છે. સ્વતંત્રપણે જીવવાની આજ્ઞા નથી. આ રીતે મહાવ્રત પાળી, બરાબર અભ્યાસ કરી, એકચિત્ત બની જાય તેના માટે આ સંસાર સાગર નહિં પણ ગોસ્પદ જેવો બની જાય છે. તેને માટે ભગવાનની અને સદ્ગુરુની આજ્ઞાને ત્રણ યોગ સોંપવાના છે. વિચારવાનું, બોલવાનું અને વર્તવાનું આજ્ઞા મુજબ જ.

જે જીવો હજી એકદમ સંસાર ત્યજી શકતા નથી, સંસારમાં રહેવા છતાં વિષયવાસના દૂર કરી, ચોથું અણુવ્રત સ્વીકારે છે તે પણ ભાગ્યશાળી છે. તેઓ પણ સંસાર સાગરને તરી જવાના છે. ચોથા વ્રતને ઉંચી ઉપમાઓ આપી છે. વિષય પ્રત્યે દ્વેષ પેદા થયો, નફરત થઈ, વિરાગ જન્મ્યો તેને લઈને ચોથું વ્રત ગ્રહણ કરે તેમની પણ શકિત મુજબ ભકિત કરવી જોઈએ. આવા પ્રસંગો પામી, તે ગ્રહણ કરવાની શકિત ન હોય પણ હૈયાથી સાચા ભાવે અનુમોદના કરવાનું મન થાય તે ય ધન્ય છે. 'સંસારમાં રહેવા છતાં, સુખની સામગ્રી-ભોગની સામગ્રી હોવા છતાં તેનો ત્યાગ કરે છે, ધન્ય છે તેમને. અમારો પણ આવો ધન્ય દિવસ કયારે આવે'- આવી ભાવના જન્મે તેટલા માટે આવા પ્રસંગોનો જાહેર મહોત્સવ કરવામાં આવે છે. ઉચ્ચારનાર આત્માના ભાવોની વૃદ્ધિ થાય અને બીજાઓને તેમ કરવાની અભિલાષા જન્મે- તો જ્ઞાની કહે છે કે, તેના વિચાર કરવાથી પણ ઘણી નિર્જરા થાય.

જે કોઈ પુણ્યાત્માને સંસારથી નીકળવાનું મન થાય તેના માટે આ પ્રસંગો આલંબનરૂપ છે. જેને કાંઈ જોઈતું નથી તેના માટે તો ખુદ ભગવાન પણ ફાવ્યા નથી. આજ સુધીમાં અનંતા આત્માઓ મોક્ષે ગયા અને આપણે રહી ગયા તો શું આપણને ભગવાન નહિં મલ્યા હોય' તેમ નહિં, પણ તે વખતે માથું ઠેકાણે નહિ હોય, સંસારની ઈચ્છા ગઈ નહિં હોય, મોક્ષની સાચી ઈચ્છા જાગી નહિં હોય, સુખોપભોગમાં જ મજા માનતા હોઈશું. હવે આપણે 'સંસાર નથી જોઈતો, મોક્ષ જ જોઈએ છે' આવો ભાવ હોવો જોઈએ, ન હોય તો પેદા કરવો છે.

ચારે ગતિરૂપ સંસાર દુ:ખરૂપ, દુ:ખફલક, દુ:ખાનુબંધી કહ્યો છે. **આ સંસારથી છૂટીએ, ઝટ મોક્ષે જઈએ તે માટે સાધુ થઈએ, વ્રતધારી બનીએ, તપ-જપ- ત્યાગ કરીએ તેવી ઈચ્છા પેદા થાય તે બધા ભગવાનના ભગત છે. શ્રી અરિહંત દેવોએ આ જ ઈચ્છયું છે, તેના માટે જ ધર્મશાસન સ્થાપ્યું છે. જેને મોક્ષ જોઈએ નહિં, સંસારનું સુખ જ જોઈતું હશે તેના માટે આ શાસન ઉપકારક નહિં થાય પણ અપકારક થશે.** જ્ઞાનીઓએ કહ્યું છે કે, આ શાસન પામી જેમ અનંતા તર્યા તેમ અનંતા ડૂબ્યા પણ ખરા.

''આ સંસાર રહેવા જેવો નથી, મોક્ષ જ મેળવવા જેવો છે. ધર્મ જ કરવા જેવો છે''- તે માટે આ શાસન સમજી શ્રદ્ધા કરે તેના માટે આ સંસાર એક પુદ્ગલ પરાવર્ત્તથી વધુ નથી. દર્શન- પૂજનાદિ સંસારના હેતુથી નહિં પણ મોક્ષના જ હેતુથી જ કરનારા માટે અર્ધા પુદ્ગલ પરાવર્ત્તથી વધુ નથી. હવે મારો પણ સંસાર પ્રત્યેનો રાગ ઘટે, મોક્ષ પ્રત્યેનો રાગ વધે અને આજ્ઞા મુજબ આરાધના કરી આવી દશાને પામું તે જ ભાવનામાં રચી વહેલામાં વહેલા મોક્ષપદને પામો તે જ શુભાભિલાષા.

❋ ❋ ❋

# ક્ષમાદિ કન્યાનું પાણિગ્રહણ- પ્રવ્રજ્યાની પરિણતિ

(શ્રી વિમલનાથ ચરિત્રના આધારે)

પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.

સંસારથી ઉદ્વેગ પામેલા શ્રી પદ્મસેન રાજાએ પૂ.આ. શ્રી બ્રહ્મગુપ્તસૂરિજીની પાસે દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા વ્યક્ત કરી કે 'હે ક્ષમાપતિ! સુખના ખોટા આભાસરૂપ આ ગૃહવાસ પર મને નિર્વેદ પેદા થયો છે, માટે અનંતસુખના કારણરૂપ એવું અનગારપણું મને આપો.' ત્યારે સદ્‌ગુરૂએ કહ્યું- 'મહાભાગ! તું પહેલાં દસ કન્યાઓને પરણીશ અને તે કન્યાઓમાં જ તારો પ્રેમબંધ થશે તો જ હું તને દીક્ષા આપીશ, અન્યથા નહિં'. તે વાતના પરમાર્થને નહિં જાણતા રાજાએ આશ્ચર્યથી પૂછયું, 'ભગવંત! હું તો મારી પોતાની પરણેલી સ્ત્રીઓનો પણ ત્યાગ કરવા માંગું છું તે સંસારના કારણરૂપ નવી સ્ત્રીઓનો પરિગ્રહ શા માટે કરૂં? ત્યારે ગુરૂ - 'રાજન! એ ચેતના સહિત દસ કન્યાઓ તારી અર્ધાંગિની બનશે તો જ તારી દીક્ષા સફળ થશે' ત્યારે અતિ આશ્ચર્ય પામેલા રાજાએ તેનો પરમાર્થ જણાવતાં ગુરૂએ કહ્યું.

પૂણ્યકર્મથી યુક્ત એવા આ મનુષ્યક્ષેત્રરૂપી શરીરમાં, રત્નોએ અંધકારનો નાશ કર્યો છે એવું **સ્વાંત - હૃદય** નામે નગર છે. તે સ્વાંત રૂપ નગરમાં **રૂચિર અધ્યવસાય**- શુભ અધ્યવસાય- નામે એક લોકસમૂહને પ્રિય એવો રાજા છે. તે રાજાને ઘણી પ્રિય સ્ત્રીઓ છે તેમની સાથે ક્રીડા કરતાં તે પોતાનો સમય પસાર કરે છે. તેમાં મુખ્ય જે દસ સ્ત્રીઓ છે તેનાથી તેને દસ પુત્રીઓની પ્રાપ્તિ થઇ છે. પહેલી શાંતિ નામની સ્ત્રીથી ક્ષમા નામે પુત્રી છે. બીજી રૂચિ નામની સ્ત્રીથી દયા નામે પુત્રી છે, ત્રીજી વિનયતા નામની સ્ત્રીથી મૃદુતા નામની કન્યા છે, ચોથી સમતા નામની સ્ત્રીથી સત્યતા નામે પુત્રી છે. પાંચમી શુદ્ધતા નામની સ્ત્રીથી ઋજુતા નામની કન્યા છે. છઠ્ઠી પાપભીરૂતા નામની સ્ત્રીથી અવૈરતા નામે પુત્રી છે. સાતમી નિરાગતા નામની સ્ત્રીથી બ્રહ્મરતિ નામે કન્યા છે, આઠમી નિર્લોભતા નામની સ્ત્રીથી મુકતતા નામે પુત્રી છે, નવમી પ્રજ્ઞા નામની સ્ત્રીથી વિદ્યા નામે કન્યા છે અને દસમી વિરતિ નામની સ્ત્રીથી નિરીહતા નામે પુત્રી છે. તેથી જો તારા હૃદયમાં દીક્ષા લેવાની તીવ્ર ઇચ્છા હોય તો તું આ દશે કન્યાનું પાણિગ્રહણ કર. ત્યારે આનંદિત થયેલા રાજાએ કહ્યું કે તે કન્યાઓની પ્રાપ્તિનો ઉપાય બતાવી તેનો પ્રભાવ જણાવી મારી પર અનુગ્રહ કરો.

ગુરૂએ કહ્યું કે- હે રાજન! તું આ કન્યાઓના પિતા રૂચિર અધ્યવસાયને તારા હૃદયરૂપી નગરમાં સ્થાપન કર. તારી વિનય- સેવા- ભક્તિથી સંતુષ્ટ થઇને તેઓ તને ઇચ્છિત ફળ આપશે. વળી વિવાહના કામમાં પુરૂષો સ્વભાવથી જ પોતાની સ્ત્રીના કહ્યા પ્રમાણે ચાલે છે, માટે તારે પ્રથમ તે કન્યાઓની માતાને વશ કરી લેવી. તેમને વશ કરવાના ઉપાયને સાંભળ.

ક્ષમા- કન્યાને ઇચ્છનાર તારે તેની શાંતિ નામની માતાને વશ કરવા તેણીનું સદા સન્માન કરવું, સર્વસાથે મૈત્રી કરવી, પરાભવને સહન કરવો, અપકાર કરનાર શત્રુને પણ ઉપકારી માનવો કેમ કે તે કર્મક્ષય સહાયક છે. કોઇની ઉપર કોપ કરવો નહિં. કોઇ આપણી પર કોપ કરે તો આપણા પોતાના કર્મોને જ કારણ માનવા. મત્સરનું મર્દન કરવું. સહસ્રમલ- ગજસુકુમાલ આદિ મહામુનિઓનું હૃદયમાં ચિંતન કરવું, નરકાદિમાં પરવશપણે સહન કરેલી પીડાને યાદ કરવી અને પોતાનું વાનર જેવું ચંચળ મન સ્થિર કરવું. આ પ્રમાણે હંમેશા કરવાથી, તારા ગુણો વડે ખેંચાયેલી એવી ક્ષાંતિ-ક્ષમા નામની કન્યા સ્વયંવશ થઇને તારી પાસે આવશે.

બીજી દયા નામના કન્યાને મેળવવા તારે પવિત્ર એવી રૂચિ નામની તેની માતાને હંમેશા માન્ય કરવી. પાપી એવા પરોપતાપથી દૂર જ રહેવું. મિથ્યાત્વીનાં શાસ્ત્રો કદિ પણ સાંભળવા નહિં. મન- વચન- કાયાથી છયે કામના જીવોની વિરાધના કરવી નહિં. અભક્ષ્ય- અનંતકાય આદિ પદાર્થોનો ત્યાગ કરવો, સઘળાય જીવોને પોતાના આત્મા- જીવની

જેમ વિચારી શકય પરોપકાર કરવો. આરંભને આદરપૂર્વક વર્જવો, પાપકર્મોમાં પ્રચંડ એવો અનર્થદંડ છોડી દેવો, હંમેશા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવું. બીજાનું દુઃખ જોઈ આનંદ પામવો નહિં પણ પોતાથી બીજાને દુઃખ ન થાય તેમ જીવવું. આ પ્રમાણે કરવાથી તારા ગુણોથી આકર્ષાયેલી દયા નામની કન્યા સ્વયંવશ થઈને તારી પાસે આવશે.

ત્રીજી મૃદુતા નામની કન્યાને મેળવવા તેની માતા વિનયતાને હંમેશા માન આપવું. તેમાં વિદ્વાનોએ વખોડેલો- ધિક્કારેલો અનાર્ય અને અસાર એવો અહંકાર નિવારવો. પોતાની ઉચ્ચ જાતિનો મદ કરવો નહિં. કારણ કે, દ્વૈતના અભાવથી પૂર્વે એક જ વર્ણ હતો. આ અંગે અન્ય લોકોએ પણ કહ્યું છે કે 'હે યુધિષ્ઠિર! રાજન્! પહેલાં આ સર્વ એક વર્ણવાળું હતું. ક્રિયાકર્મના વિભાગથી ચારે વર્ણોની વ્યવસ્થા થઈ છે. બ્રહ્મચર્ય વડે બ્રાહ્મણો થયા છે, હાથમાં હથિયાર રાખવાથી ક્ષત્રિયો થયા છે, વેપારથી વૈશ્યો થયા છે અને પ્રેષણ- સેવા કરવાથી શુદ્રો થયા છે. પ્રથમ જન્મ વડે શુદ્ર ઉત્પન્ન થાય છે પછી સંસ્કાર કરવાથી દ્વિજ કહેવાય છે, જ્યારે તે વેદ ભણે ત્યારે વિપ્ર કહેવાય છે, બ્રહ્મને જાણે ત્યારે બ્રાહ્મણ કહેવાય છે. જે શ્રીમાળી ઉપકેશ આદિ જાતિઓ થઈ છે, તે તે ગામના નામ પરથી થઈ છે એમ વિદ્વાનોને જાણી લેવું. કદિ તે જાતિ ઉચ્ચ માતાથી ઉત્પન્ન થઈ હોય તો પણ મદ કરવો યોગ્ય નથી. કારણ તે જાતિમાંથી ઉત્પન્ન થયેલા બધા કોઈ સમાનશીલ હોતા નથી. તે વિષે પણ કહ્યું છે કે 'એક જ ઉદરમાંથી ઉત્પન્ન થયેલા અને એક જ નક્ષત્રમાં જન્મેલા મનુષ્યો બોરડીના કાંટાની જેમ સમાન શીલવાળા હોતા નથી' તેમ કુશલ પુરુષોએ કુલનો મદ પણ ન કરવો જોઈએ. તેમાં પણ જાતિની જેમ સમજી લેવું. બુદ્ધિમાન પુરૂષે લાભનો મદ પણ કરવો નહિં કારણ કે, લાભાંતરાય કર્મ શ્રી જિનેશ્વર દેવોને પણ છોડતું નથી. લાભાંતરાય કર્મનો ક્ષય થાય તો ધનની પ્રાપ્તિ થાય છે અને ઉદય થાય તો ધનવાનને પણ ધન મળતું નથી તેમ ઐશ્વર્યનો પણ મદ કરવો નથી. કારણ રાજા પણ મુંજની જેમ રાંક બની જાય છે. આ લોકમાં બાહુબલિ આદિના ઉગ્ર બળનો વિચાર કરી પોતાના બલનો પણ મદ કરવો નહિં. શ્રી સનતકુમાર ચક્રી આદિના રૂપની અનિત્યતા જાણી પોતાના રૂપનો પણ મદ કરવો નહિં. ભગવાન શ્રી મહાવીર દેવના નંદન મહામુનિના ભવનો શ્રેષ્ઠત્તમ તપ જાણીને પોતાના તપનો મદ પણ કરવો નહિં. તે જ રીતે શ્રુત- શાસ્ત્રજ્ઞાનનો મદ પણ કરવો નહિં, કારણ કે ચૌદપૂર્વીઓ પણ પ્રમાદથી પતિત થઈ છેક નિગોદમાં પણ ચાલ્યા જાય છે. મનુષ્યોના સર્વમદો શ્રુત- શાસ્ત્ર વડે જીતાય છે, તે શાસ્ત્રનો જ જે મદ કરે છે, તેને માટે તો અમૃતમાંથી વિષ ઉત્પન્ન થવા જેવું થાય છે- આ આઠ મદમાંથી જે પ્રાણી જેનો જેનો મદ કરે છે, તેને બીજા ભવમાં તે તે વસ્તુઓની હિનતા પ્રાપ્ત થાય છે. તેથી તે આઠે મદનો સર્વથા ત્યાગ કરવો. તત્વોનો વિચાર કરી આત્માને ભાવિત કરી તત્ત્વમય બનાવવો. શ્રી અરિહંતાદિ દસ પદનો હંમેશા હર્ષથી વિનય કરવો. પોતાના હૃદયને હંમેશ નવનીતના પિંડ જેવું મૃદુ કરવું અને લઘુવયવાળા એવા જ્ઞાની પાસેથી પણ હંમેશા વિનયપૂર્વક જ્ઞાન સંપાદન કરવું. આ રીતના કરવાથી તારા ગુણોથી સ્વયં ખેંચાયેલી એવી મૃદુતા નામે કન્યા સ્વયંવશ થઈ તારી પાસે આવશે.

ચોથી સત્યતા નામની કન્યા મેળવવા તારે તેની માતા સમતાનું સદા સેવન કરવું. ક્રોધ, લોભ, ભય અને હાસ્યનો યત્નથી ત્યાગ કરવો. જેનાથી બીજાને દુઃખ થાય, જેથી વાણી કઠોર ગણાય, જેથી નિંદા અને પિશુનતા - ચાડી ચૂગલી થાય તેવું વચન બોલવું નહિં. વિચક્ષણ પુરૂષે સત્યામૃષા- સાચી ખોટી, અસત્ય, બીજાનો ઘાત કરનારી વક્ર અને મર્મભરેલી ભાષા બોલવી નહિં. આ રીતે હંમેશા કરતા તારા ગુણોથી ખેંચાયેલી સત્યતા નામની કન્યા સ્વયંવશ થઈને તારી પાસે આવશે.

પાંચમી ઋજુતા- સરલતા નામની કન્યાને મેળવવા તારે તેની માતા શુદ્ધતાનું સદા આરાધન કરવું. હંમેશા કુટિલતાનો ત્યાગ કરવો, સરળતા રાખવી, વંચના વગરનું વચન બોલવું, હૃદય નિર્મલ રાખવું, કોઈપણ ઠેકાણે માયા કરવી નહિં, તેમાં પણ ધર્મના કામમાં તો ખાસ કરીને માયા

ન કરવી. આવી રીતે હંમેશા કરવાથી ઋજુતા નામની કન્યા તારી બનશે

છઠ્ઠી અવૈરતા કે અચૌરતા નામની કન્યાને મેળવવા તેની માતા પાપભીરતાનું કહ્યું હંમેશા માનવું. પડેલું ઘાસતૃણ પણ માલિકને પૂછયા વિના લેવું નહિં. લોભવૃત્તિને ત્યજી સંતોષવૃત્તિને ધારણ કરવી. માલિકની રજા લઈને તેની વસતિ- સ્થાનમાં રહેવું. આવી રીતના હંમેશા કરવાથી અચૌરતા નામની કન્યા તારા ગુણોથી ખેંચાઈ સ્વયંવશ થઈને તારી પાસે આવશે.

સાતમી બ્રહ્મરતિ નામની કન્યાને મેળવવા તેની માતા નિરાગતાને હંમેશા તારા ચિત્તમાં ધારણ કરજે. દેવ, મનુષ્ય અને તિર્યંચની સ્ત્રીઓને માતા સમાન માનજે. સ્ત્રીઓના વાસ સ્થાનમાં રહેવું નહિં, સ્ત્રી સંબંધી કથા કરવી નહિં, સ્ત્રીઓની બેઠક સેવવી નહિં, સ્ત્રીઓની ઈન્દ્રિયોને આંગોપાંગોને જોવા નહિં, દિવાલના આંતરામાં રહેલા સ્ત્રી-પુરૂષના યુગલને જોવા નહિં, મનમાં રતિનું સુખ ચિંતવવું નહિં, પ્રણીત- સ્નિગ્ધ આહારનો તેમજ અતિશય આહારનો ત્યાગ કરવો, શરીરની ટાપ-ટીપ કે શોભા કરવી નહિં. આ પ્રમાણે હંમેશા કરવાથી તારા ગુણોથી આકર્ષાયેલી બ્રહ્મરતિ નામની કન્યા તારી પાસે સ્વયંવશ થઈને આવશે.

આઠમી મુકતતા કન્યાને માટે તેની માતા નિર્લોભતાનું પ્રયત્નથી સેવન કરવું. હૃદયમાં વિવેક ધારણ કરવો, અનાર્યોનો સંગ કરવો નહિં, બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારના પરિગ્રહથી આત્માને અલિપ્ત રાખવો, સ્વભાવ વડે પણ ગ્રન્થ- પરિગ્રહની તૃષ્ણા રાખવી નહિં. બાહ્ય-અભ્યંતરથી અનાસકત એવું અંતઃકરણ રાખવું, કમલની જેમ નિર્લેપ રહેવું, શિષ્ટાચારમાં તત્પર રહેવું, આ દેહ વગેરે સર્વ પુદ્ગલ વસ્તુઓ સંબંધી આત્માને યોગ્ય એવી અનિત્યતાદિનું ચિંતવન કરવું- આ રીતે નિત્ય કરવાથી તારા ગુણોથી ખેંચાયેલી એવી મુકતતા નામની કન્યા તારી પાસે સ્વયંવશ થઈને આવશે.

નવમી સુવિદ્યા કન્યાને માટે તેની માતા પ્રજ્ઞાદેવીનું હંમેશા આરાધન કરવું. હંમેશા શાસ્ત્રનો અભ્યાસ કરવો. પ્રમાદ ટાળવો. જ્ઞાન અને જ્ઞાનીની હર્ષપૂર્વક ભકિત કરવી, સદા શાસ્ત્રનું સ્મરણ કરવું, સદ્ગુરુના વચન સાંભળવા, આત્મસાત કરવા અને તે પ્રમાણે જીવવા પ્રયત્ન કરવો. આ રીતના કરવાથી તારા સદ્ગુણોથી આકર્ષાયેલી એવી સુવિદ્યા કન્યા સ્વયંવશ થઈ જલદીથી તારી પાસે આવશે.

દશમી નિરીહતા નામની કન્યા મેળવવા તેની માતા વિરતિદેવીનું પ્રેમથી આરાધન કરજે. લોભનો ત્યાગ કર, જગતની સઘળીય વસ્તુઓના યથાર્થ સ્વરૂપનો વિચાર કરી આત્માને ભાવિત કર. આ દેહ દુઃખના ઉપભોગ માટે છે, ધન બંધનનું કારણ છે, ઈચ્છાઓ હૃદયને તાપ આપનારી છે, જન્મ મૃત્યુનું કારણ છે. પ્રિયાનો સંગ કે પ્રિય વસ્તુઓનો સંગ વિયોગને માટે છે, સંગ્રહ કલેશને મારે છે, ભોગનો અભિલાષ રોગને માટે થાય છે. માટે ભોગતૃષ્ણાની પ્રીતિને છોડી દે, સઘળાય પદાર્થો પરના મમત્ત્વને છોડનારા તારી પાસે તારા ગુણોથી આકર્ષાયેલી નિરીહિતા નામની કન્યા સત્વર આવશે.

આ રીતે સદ્ગુરૂના યોગે દશે કન્યાની સાથે પાણિગ્રહણ કરનારા પૂણ્યાત્મા, તેનું ભાવથી પાલન કરી અલ્પ સમયમાં અજરામર પદનો ભોકતા બને છે. આપણે સૌ પણ આ રીતના આત્માને ભાવિત કરી આત્મસુખના ભોકતા બનીએ તે જ મંગલ કામના.

---

**જયાં આ ચાર નથી ત્યાં ધર્મ જામતો નથી.**

**જો**

*જીવનમાં શાન્તિ ન હોય, ચિત્તમાં પ્રસન્નતા ન હોય, કુટુમ્બમાં સંપ ન હોય, શરીરે આરોગ્ય ન હોય.*

ત્યાં ધર્મ કદાચ થતો હોય તો ય તેમા ઝાઝો ભલીવાર આવે નહિ.

અશાન્ત અને અપ્રસન્ન બિચારો ! શી રીતે ધર્મ કરી શકે ?

કુસંપથી ગ્રસ્ત કે રોગોથી ઘેરાએલો પણ શી રીતે ધર્મ કરી શકે ?

મોટા સત્વશાળી આત્માઓની વાત ન્યારી છે.

# શંખેશ્વર તીર્થ – હાલારી ધર્મશાળામાં ૨૭ ફૂટ ૯ ઈંચના શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથજીની પ્રતિષ્ઠાની

# પહેલી શાલગીરીની ભવ્ય ઉજવણી

શ્રી શંખેશ્વર તીર્થમાં હાલારી ધર્મશાળામાં વિશ્વમાં સૌથી મોટી ૨૭ ફૂટ ૯ ઈંચના શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથજીની પ્રતિષ્ઠા ચૈત્ર સુદ - ૪ ની પહેલી સાલગીરીની ભવ્ય ઉજવણી થઈ હતી.

૧૮ અભિષેક તથા ધજા રોપણનો કાર્યક્રમ ઉલ્લાસ પૂર્વક થયો હતો. તે સાથે શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ મંદિર પાછળ શ્રી વાસુ પૂજયસ્વામી ગૃહમંદિરની ૪૧ ધજાઓ પણ તે તે દાતાઓ તરફથી ઉત્સાહથી ચડાવાઈ હતી. ૨૫૦ જેટલા ભાવિકો આ પ્રસંગે પધાર્યા હતા. બોલીઓ ઉત્સાહથી થઈ હતી.

## : અઢાર અભિષેકની બોલીઓ :

૧૬૨૦૦-૦૦ : શાહ ગોવિંદજી મેપાભાઈ મારુ - સિકાવાળા હઃ હરખચંદ ગોવિંદજી મારૂ - ઘાટકોપર
પુરુષાદાનીય પાર્શ્વનાથજી ૧૮ અભિષેક

૬૦૦૧-૦૦ : શાહ નથુભાઈ દેવાભાઈ સાવલા - નવાગામ, હઃ ચુનિલાલ નથુભાઈ - ગોરેગાંવ
પીઠીકાના પ્રભુજીના ૧૮ અભિષેક

૮૦૫૧-૦૦ : શાહ લખમશી ખીમજી દોઢીયા- ખીરસરા, હઃ વિનોદભાઈ લખમશી - મુલુંડ
બે બાજુના સ્ફૂટીકના પ્રભુજીના ૧૮ અભિષેક

૫૦૦૧-૦૦ : શ્રી બાબુલાલ ચંદુલાલ શાહ - સુરત
ગૃહ મંદિરમાં જતા સન્મુખ બધા પ્રભુજીના અભિષેક

૪૦૦૧-૦૦ : શ્રી રજનીકાંત વાડીલાલ શાહ - સુરત
ગૃહ મંદિરમાં જમણી બાજુના પ્રતિમાજીનાં ૧૮ અભિષેક

૨૦૦૧-૦૦ : શાહ વિરચંદ લખમશી ગડા - ટીંબડી, હાલ માટુંગા
ગૃહ મંદિરમાં ડાબી બાજુની લાઈનનાં બધા પ્રતિમાજીના ૧૮ અભિષેક

૫૦૧-૦૦ : શાહ કેશવજી ભગવાનજી ચંદરીયા - ચાંપાબેરાજા
જમણાં હોલમાં બે પ્રભુજીના ૧૮ અભિષેક

૧૨૧૨ : શાહ લખમશી વિરપાર મારૂ - સોળસલા
બે બાજુ ઉભી ગરુમૂર્તિના અભિષેક

## : ૨૭ ફૂટ ૯ ઈંચના પુરુષાદાનીય પાર્શ્વનાથજીના મંદિરની ૧લી સાલગીરીની ધજારોપણના ચડાવા-બોલી :

| | | |
|---|---|---|
| ૧૧૧૧૧-૦૦ | : | શાહ લાધાભાઈ પૂંજાભાઈ નાગડા - લાખાબાવળ, હાલ જામનગર,<br>મૂલનાયક ઉપરની ધજા ચડાવવાની બોલી |
| ૧૫૦૧-૦૦ | : | શાહ કાનજી હિરજી મોદી - નવાગામ, જામનગર<br>રંગ મંડપ ઉપર ધજાની બોલી |
| ૨૦૦૧-૦૦ | : | શાહ સવાયલાલ ચુનીલાલ પારેખ - પડાણા, જામનગર<br>સન્મુખ ચોકી ઉપરની ધજા |
| ૧૧૧૧-૦૦ | : | શાહ લખમણ વિરપર મારૂ - સોળસલા<br>જમણી બાજુની ચોકી નં. ૧ ની ધજા |
| ૧૧૧૧-૦૦ | : | શાહ લખમશી ખીમજી દોઢીયા - ખીરસરા, હાલ મુલુંડ<br>જમણી બાજુની ચોકી નં. ૨ ની ધજા |
| ૧૧૧૧-૦૦ | : | શાહ સુરેશચંદ્ર રાયચંદ વોરા, હઃ પ્રમીલાબેન - ચેલા, જામનગર<br>ડાબી બાજુની ચોકી નં. ૧ ની ધજા |
| ૧૧૧૧-૦૦ | : | શાહ પદમશી વાઘજી ગુઢકા, હઃ રતિલાલભાઈ - લાખાબાવળ, થાન<br>ડાબી બાજુની ચોકી નં. ૨ની ધજા |
| ૧૧૧૧-૦૦ | : | શાહ દેવચંદ હરગણ હરિયા - પડાણા, જામનગર<br>સન્મુખ સીડી ઉપર ધુંમટ, જમણી બાજુ ધુંમટની ધજા |
| ૧૧૧૧-૦૦ | : | શાહ રસિકલાલ વિરચંદ - અમદાવાદ<br>સન્મુખ સીડી ઉપર ધુંમટ ડાબી બાજુ ધુંમટની ધજા |

**સત્તર ભેદી પૂજા અભિષેક સાથે ભણાવાઈ હતી. સત્તર ભેદી પૂજાનો લાભ શ્રીમતિ મોંઘીબેન સોમચંદ હેમરાજ હરિયા - ખીરસરા, હાલ લંડન વાળાએ લીધો હતો.**

| | | |
|---|---|---|
| ૮૦૧-૦૦ | : | ડો. જ્યોત્સનાબેન હીંમતલાલ - સાબરમતી<br>ચંદ્રદર્શન દેરાસરમાં |
| ૧૧૧૧-૦૦ | : | શાહ ખીમજી વીરજી ગુઢકા - મીઠોઈ, થાન<br>સૂર્યદર્શન દેરાસરમાં |
| ૫૧૧-૦૦ | : | શ્રમિતિ ચંદનબેન શાંતિલાલ -ડીસા<br>ચંદ્રદર્શન ગૃહમંદિરમાં |
| ૭૦૧-૦૦ | : | શાહ ખીમજી વીરજી ગુઢકા - મીઠોઈ, થાન<br>સૂર્યદર્શન ગૃહમંદિરમાં |
| ૩૦૦૧-૦૦ | : | એક સદ્ગૃહસ્થ, હઃ શ્રી હરખચંદ મારૂ, શ્રી ચુનિલાલ નથુભાઈ, શ્રી પ્રભુલાલ ખીમજી<br>બરાસ - ચંદન - કેશર - ફુલ પૂજા |

૬૦૧-૦૦ : શાહ લખમણ વિરપાર મારૂ - સોળસલા
અષ્ટપ્રકારી પૂજા

૮૫૨-૦૦ : શાહ લખમશી ખીમજી દોઢીયા - ખીરસરા
આરતી - મંગલ દીવો

૪૦૧-૦૦ : શ્રી કલ્યાણભાઈ જગજીવનદાસ - મલાડ, મુંબઈ
શાંતિ કલશ

૮૨-૦૦ : ગૃહમંદિર આરતી - મંગલ દીવો - શ્રીમતી માળાબેન

૨૫૧-૦૦/૨૫૧-૦૦ : ગૃહ મંદિર ધજાના બે ધજાનો નકરો - સુરેખાબેન

૧૨૬૪-૦૦ : આગલા દિવસે સાંજે આરતી - ૫૦૧-૦૦ ચુનીલાલ નથુભાઈ - મંગલ દીવં, શ્રી નિરાલબેન પંકજકુમાર - દેરાસરમા અને ગૃહમંદિરમાં આરતી, ૨૦૧-૦૦ મીલેન નરેશભાઈ - આરતી, ૧૬૧-૦૦ મગનલાલ લખમણ મારૂ, મંગલ દીવો

આ પ્રસંગે જીવદયાની ટીપમાં પણ ભાવિકોએ સારો લાભ લીધો હતો,

શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથજી તેમજ તેમાં રહેલ સ્ફુટીકના પ્રતિમાજી ગૂરુમૂર્તિઓની પ્રતિષ્ઠા તથા શ્રી વાસુ પૂજ્ય સ્વામી ગૃહમંદિરમાં ૪૧ પ્રતિમાજીની પ્રતિષ્ઠા ગત સાલ પૂજ્ય **આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** આદિના હસ્તે થઈ હતી. બાદ તેઓશ્રી વિહાર કરી ભીવંડી ગોપાલ નગર ચાતુર્માસ પધારેલ હતા.

૨૭ ફૂટ ૯ ઈંચની પ્રતિમાં જોઈ ભાવિકો ભાવ વિભોર બની જાય છે. અને જયાં જાય તેનું વર્ણન કરે છે અને ભાવિકોની દર્શન માટે સંખ્યા વધ્યા કરે છે.

## બહુમતી ફારસ

જંગલમાંથી પસાર થતાં ચાર બ્રાહ્મણોને અસહ્ય તરસ લાગી. આમતેમ નજર કરતાં એક કૂવો મળી ગયો. પણ પાણી કાઢવું શી રીતે ? છેવટે પગમાં પહેરેલાં જોડાને માથે પહેરેલું ફાળિયું બાંધીને કૂવામાં ઉતારવાનું નક્કી કરવામાં આવ્યું.

પણ આ નિશ્ચય જાણીને એક બ્રાહ્મણ કંપી ઊઠ્યો. 'રે ! ચામડામાં પાણી ભરી મોંએથી પીવાનું ! અહો ! અધર્મ !'

તેણે તો પેલા ત્રણને ઠપકો આપતાં જણાવી પણ દીધું કે, ગામમાં પહોંચીને બધાને તે આ વાત કહી દેશે.'

પાણી પીને સ્વસ્થ થયેલા ત્રણ બ્રાહ્મણો ઝપાટાબંધ ગામમાં પહોંચી ગયા. ચોથો તૃષાર્ત બ્રાહ્મણ ઘણો મોડેથી ગામ ભેગો થયો. પેલા ત્રણ બ્રાહ્મણોએ જાહેર કર્યું કે, ''પાછળ આવતા બ્રાહ્મણે તરસ છિપાવવા માટે ખાસડાંથી પાણી પીધું છે !''

ગામના વિપ્રો તેની ઉપર રોષે ભરાયા. તેના આવતાંની સાથે જ તેની ઉપર પસ્તાળ પડી. તેણે સાચી વાત કરી કે, ''આવું તો મેં નથી કર્યું પણ પેલા જ ત્રણે કર્યું છે !''

સહુએ કહ્યું, ''બસ ! તું એકલો કહે તે જ સાચું અને પેલા ત્રણ કહે તો ય ખોટું એમ જ ને ? તારી વાત તદ્દન ખોટી છે. શુદ્ધિ કર. પછી જ બીજી વાત.'' પેલો બિચારો બ્રાહ્મણ ઠઘાઈ ગયો.

– પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિજયજી મ.

(ટચૂકડી કથાઓમાંથી)

❊ ❊ ❊



*Late Mr. Meghji Virji Dodhia*

## જૈન ધર્મના સત્કાર્ય કર્તા દાનેશ્વરી

# શ્રી મેઘજી વીરજી દોઢીયા – નાઈરોબી

શ્રી મેઘજી વીરજી દોઢીયા દેશમાં કાનસુમરાના વતની હતા. શ્રી મેઘજીભાઈ અને વેલજીભાઈની જોડી પ્રસિધ્ધ હતી તેમણે ધર્મના અનેક સત્કાર્યો કર્યા છે. જામનગરથી પાલિતાણા સંઘમાં મુખ્ય દાતા હતા. ભીવંડી ઉપધાન, અંજનશલાક સૌ પ્રથમ તેમણે કરાવ્યા હતા. શંખેશ્વર હાલારી ધર્મશાળામાં તથા ત્રણ માળના ભવ્ય જિનાલયના તેઓ મુખ્ય દાતા હતા તેમની ભાવનાથી જ આ બંને આયોજન થયા હતા. જામનગર શ્રુત જ્ઞાન ભવન તેમના પ્રયત્નથી થયુ અને વેલજીભાઈન સ્વર્ગવાસ પછી તે નિમિત્તે મેઘજીભાઈ તથા ડાહીબેન શ્રુત જ્ઞાન ભવનના મુખ્ય દાતા બન્યા હતા.

શ્રી મેઘજીભાઈ સરળ, ઉદાર અને ધર્મપ્રેમી તથા ઉદાર દાતા હતા. તેમણે ઘણા સત્કાર્યો કરીને રવિવા તા. ૯-૨-૨૦૦૩ સવારે ૧૧-૪૫ કલાકે જીવનને પૂર્ણ કરી પરલોકની વાટ પકડી.

મૃત્યુ સમયે કોઈ તકલીફ પડી ન હતી. અશકિત રહેતી હતી. તબિયત નરમદગરમ રહેતી. પોતે પોતાનું કાર્ય કરી લેત હતા. રવિવારે સવારે જાતે ઉઠી ગયા અને કહે મને સારું છે. નાસ્તો કરી ૧૦-૦૦ વાગ્યા સુધી બેઠા પછી આરામ કરવાનુ કહ્યું. જયંતિ ભાઈએ કહ્યું જ્યુસ લો. તે પી પછી રૂમમાં સૂઈ ગયા. ૧૧-૩૦ કલાકે જયંતિભાઈને બોલાવ્યા. બાથરૂમ જવુ છે. જઈને પાછા વળતા નમી ગયા. જયંતિભાઈ પૂત્ર પ્રશૂલને બોલાવ્યો. વજન ઓછું થયેલ તેથી તેમને પલંગમાં સૂવડાવ્યા હાથ પગ ઠંડા પડવા લાગતા ડાહીબેન વેલજી તથા જયંતિભાઈ મેઘજી આદિ સૌ ઘરના ભેગા થઈ ગયા. અને નવકા મહામંત્ર સંભળાવવા લાગ્યા. ૧૧-૪૫ થઈ તેમનું માથું જયંતિભાઈના હાથમાંજ હતું લાંબા ચત્તા થઈ ગયા. ડૉ. ને બોલાવ્યા તેમણે તપાસીને કહ્યું, બાપુજીએ રજા લઈ લીધી છે.

આમ તેમનો આત્મા માત્ર ૧૫ મીનીટમાં જ શાંતિથી નવકાર મહામંત્ર સાંભળતા દેહનો ત્યાગ કરી સ્વર્ગની વાટે ચાલ્યા ગયા અને પરીવારમાં વેલજીભાઈના પત્ની તપસ્વી ધર્મમય શ્રી ડાહીબેન તથા સાત પૂત્ર-પુત્રવધુઓ અને મોટ પરીવારને મૂકી ગયા.

તેમના જીવનમાં અનેકાનેક ધર્મ કૃત્યો કર્યા છે અને જીવનની સુવાસ ફેલાવી છે. તેઓ જ્યાં હોય ત્યાં જૈન ધર્મ પામી મોક્ષને માર્ગે આગળ વધે એજ તેમના પ્રત્યે હાર્દિક શ્રધ્ધાંજલી છે.

# ચેત ચેત ચેતન! તું ચેત

- પ્રજ્ઞરાજ

હે આત્મન! તારા જીવનમાં પ્રશંસાના શબ્દો કાને પડે તો તને સુખનો પગરવ લાગે છે અને નિંદાના વચનો શ્રવણપથમાં આવે તો તને દુઃખ નખ્ખોરિયા ભરતું લાગે છે. આનો અર્થ એ થયો કે તારૂ સુખ-દુઃખ બીજાના હાથમાં હોય એવી મજબૂરીનો તું માલીક બની ગયો છે. આજના રિમોટ કન્ટ્રોલ જેવી જો તારી હાલત હશે તો સંસારનું ગુલામીખત તારૂં કાયમ રહેશે. તારે ગુલામ બન્યા રહેવું છે કે તારા જાતના માલક બનવું છે?

◆ હે આત્મન્ ! વરસાદી વાતાવરણમાં તારા કપડાં અને દિન બગડે તેના માટે તું 'છત્રી' રાખે છે. તેમ તારૂ જીવન, પરલોક ન બગડે તેના માટે કોઈ 'છત્ર' તે માથા પર રાખ્યું છે? કદાચ 'છત્ર' નામ ધારવા પૂરતું છે કે તેને સમર્પિત છે? છત્રીના અભાવથી તેવું નુકસાન નહિં થાય પણ 'છત્ર'ના અભાવથી જે નુકસાન થશે તે કયારે ભરપાઈ પણ નહિ થાય. માટે વિચારજે.

◆ હે આત્મન્ ! તું સાધુ છે તો તારો સ્વભાવ સંસારી જીવોના જેવો છે કે સાધુપણાને ખીલવનારો છે! સંસારી જીવો તો દુઃખના અંતને શોધે છે અને સાધુપણાને પામેલા દુઃખના કારણને શોધી તેને નિર્મૂળ કરે છે. તું સુખને માટે ફાંફાં મારે છે અને દુઃખમાં હાયવોય કરે છે કે તારા આત્મિક સુખને પામવા દુઃખોને મજેથી વેઠી, વિદાય આપે છે?

◆ હે આત્મન! આમ તો તું ઘણો વ્યવહાર કુશલ-વિચક્ષણ છે. કપડું મેલું ન કરવું તે શાણપણ છે, મેલુ કપડું ધોઈ નાંખવું તે ડહાપણ માને છે અને કપડું મેલું જ રાખે તેને ગાંડપણ મનાવે છે. તેમ તે મારા મન માટે આ ન્યાય વિચાર્યો છે ખરો? મન મલીન ન કરવું તે જ શાણપણ છે. કદાચ મનમાં મલીન ભાવો પ્રવેશી ગયા તેને તરત જ દૂર કરવા તે જ સાચું ડહાપણ છે અને મનને મલીન ભાવોમાં જ રમાડયા કરવું તે જ ગાંડપણ છે! તારી દશાનો વિચાર કર તો તારૂ મન પવિત્ર સુંદર બનશે.

◆ હે ચેતન! એકાંતમાં તે વિચાર કયારે પણ કર્યો છે ખરો કે મને આ સંસારમાં બાંધનાર છે કોણ? દુનિયાની કોઈ વાતમાં હું નહિં બંધાનાર, સો સો ગરણે પાણી ગરનાર મારા આત્માનું બંધન કયું છે? તું તે વાત તો સારી રીતના સમજે છે કે સુતરના બંધન કરતાં કાથીનું બંધન મોટું છે, કાથીનાં બંધન કરતાં દોરડાનું બંધન મોટું છે, દોરડાના બંધન કરતાં સાંકળનું બંધન મોટું અને મજબૂત છે. તે બધા બંધનોને પણ ટપી જાય તેવું જો બંધન જીવ માત્રનું હોય તો રાગનું (અને દ્વેષનું) છે. જેમ કમળની કેદમાં ભમરો સુગંધના રાગથી બંધાઈ જાય છે તેમ સંસારની કેદમાંથી ન છૂટવા દેનાર હોય તો એક માત્ર રાગ છે અને તે પાછો ત્રણ ત્રણ રૂપે બધાને રમાડે છે, નચાવે છે! તો તેને ઓળખી તેનાથી બચવાનો પ્રયત્ન કર.

◆ હે આત્મન્ ! જ્ઞાનીઓ આ મનુષ્ય જન્મનો દુર્લભ મહામૂલો મોધેરો કહે છે. આ સંસારમાં કયાં પણ સુખ છે જ નહિં, જે સુખ દેખાય છે તે નજરે લોભાવે છે અને અનુભવે અકળાવે છે. નજરે જોતાં ખાંડ જેવું મં ઠું મધ લાગે છે અને મોમાં મૂકતાં રેતીના જેવું છે. છતાં પણ તારો મોહ કેવો છે? જીવનની પ્રગતિ માટે તું કેટલો સાવધ રહે છે. તને ખબર પણ છે કે સરિતાનું વહી ગયેલું પાણી ગુમાવેલી તક અને સરકી ગયેલો સમય પાછો નથી આવતો, તેમ આ મહામૂલી માનવ જિંદગી જો ચાલી ગઈ તો પાછી મલશે નહિં અને ચોર્યાશીના ચક્કરમાં ખોવાઈ ગયો તો તું પણ જડીશ નહિં. માટે હવે સાવધ થઈ પ્રાપ્ત સમયની તકોને ઝડપી લે અને સાધી- અજવાળી લે જેથી તારા જીવનમાં પ્રજ્ઞાનો પ્રકાશ ખીલી ઉઠે!

◆ આ જ સંસારની વિચિત્રતા કે વિગહનતા છે. જેના ઉપર અગન વરસતી હતી તેની એક દિન લગન લાગે છે

અને જેની સાથે ચમન કર્યા તેની ઉપર દમન કરે છે. કેમ કે પુણ્યોદયે અજાણ્યો પણ આદર-આવકાર આપે છે અને પાપોદયે જાણીતા- માનીતા ઘરોમાંથી પણ જાકારો મળે છે, માટે જ સુખ-દુઃખમાં મુંઝાવા જેવું નથી. જીવનમાં કદાચ પુણ્યાઇ ઓછી હોય તો ચલાવી લેવાય પણ સચ્ચાઇ ઓછી તો ન જ ચાલે. પુણ્યાઇ ઓછી હશે તો હજી સહન કરવું પડશે. બીજું નુકસાન બહુ નહિં થાય પણ સચ્ચાઇ ચાલી ગઇ તો સંસારમાં ભમવું પડે. વેદના- વ્યાધિનું ઘર તે સંસાર. જયાં હંમેશા અશાંતિ- ઉપાધિના અંગાર જલ્યા કરે છે. તારી જાતનો વિચાર કરી લે જેથી તારૂ જીવન ખુવાર ન થાય.

◆ આજે દંભની ચારે બાજુ વાહવાહ- બોલબાલા છે- દંભ- માયા તે મુત્સદ્દીગિરિમાં ગણાય છે. તેમાંથી હવે તો ભગવાન પણ બાકી રહ્યા નથી. જેમને ઘરના માણસોની સામે જોવાની ફુરસદ નથી તે બધા આજે મંદિરમાં જઈ પ્રભુ આગળ મોટા અવાજે પ્રાર્થના કરે છે કે - 'આ જ મારા પ્રભુ સામુ જૂઅને'! પણ જે માતા-પિતાદિ, ગુર્વાદિ વડીલજનોના પૂજક ન બને તે દેવનો પૂજક બની શકે ખરો? માટે હે આત્મન્! તું આ માયા દંભનો આંચળો છોડી દે. તો તારૂં કલ્યાણ સુનિશ્ચિત છે!

◆ જ્ઞાનીઓ કહે છે કે જો તારે ખરેખર તારા આત્માનું શ્રેય સાધવું હોય, જીવનનો ઉત્કર્ષ પામવો હોય તો સદ્ગુરુ મુખે શ્રી જિનવાણી શ્રવણ કર. કારણ ભાવ પરિવર્તનનું બીજ શ્રી જિન પ્રવચન છે. જેમ વર્ષાનું પાણી ઉકળાટ ઠારે તેમ શ્રી જિનવાણી અંતરનો કકળાટ ઠારે છે. જીવન જીવવાની કલા જાણવા મળે છે. તેથી સમજાય છે કે જીવનમાં શાંતિનો અનુભવ કરવો હોય તો ચીજ વસ્તુ વિના ચલાવી લેવાય, કદાચ ચીજવસ્તુ આજુબાજુની લઇને કે ભાડેથી મેળવી પણ કામ ચાલી જાય પણ ચિત્ત તો 'ભાડુતી' ન જોઇએ પોતાનું જોઇએ. ચીજ અપસેટ થાય તે ચલાવી દો પણ ચિત્તને જરાપણ અપસેટ ન થવા દો. ચીજ નાશ પામી તો કદાચ બીજી પણ મળશે પણ ચિત્ત જો બગડયું તો જીવનમાંથી સુખ- શાંતિ- સમાધિને હરી લેશે. સમસ્યાઓનો સરવાળો, ઉપાધિઓનો ઉકરડો, સ્વાર્થનું સમરાંગણ અને દાવપેચના કાવાદાવા રૂપ સંસારથી બચાવનાર આ જિનવાણી શ્રવણ છે તો તેના સુયોગને સફળ કરી સ્વાર્થી સંસારથી તારી જાતને બચાવી લે. વધુ શું કહેવું!

◆ હે આત્મન્! આ સંસારમાં ક્યાં પણ સુખ છે જ નહિં સંસાર કડવો નહિં પણ ઝેર જેવો છે. કડવી વસ્તુ મોં બગાડે ઝેર તો પ્રાણ હરે. કોઈપણ ચીજ -વસ્તુ - વ્યકિત કે પદાર્થમાં સુખ છે જ નહિં, તેમાં સુખ માનવું તે મોટું અજ્ઞાન છે. તે જ મોહ છે. આ વાત વહેલી કે મોડી જ્યારે પણ આત્મસાત્ કરીશ તો જ તારા આસકિતનાં બંધન તૂટશે. બાકી તો બંધન એવા મજબૂત બનશે કે પરમાણુ બોંબ પણ તે તોડી શકશે નહીં.

◆ ભૌતિકક્ષેત્રે સિદ્ધિ પૂણ્યોદયે પ્રાપ્ત થાય છે પણ આધ્યાત્મિક ક્ષેત્રની સિદ્ધિ તો નિસ્પૃહતા અને નિર્મોહતા આવે ત્યારે થાય. બોલ તને કયો માર્ગ પસંદ છે?

◆ સ્વાભિમાન અને સ્વાવલંબીપણું જીવન જીવવામાં સાચી મસ્તી- ખુમારી છે. પરાવલંબી અને પરાશ્રયી જીવનમાં ડગલે પગલે અપમાન અને નકામા માથે પડેલાનો ભાવ છે. તારે કયો માર્ગ જોઇએ? સ્વતંત્રતાનો કે ગુલામીનો!

◆ આ જગતમાં ત્રણ પ્રકારના માનવો છે. એક વર્ગ ખુશામતખોરોનો છે જે બધે હા--એ હા કહે, બીજો વર્ગ ખોટા ને ખોટું સમજે છે પણ વિરોધ ન કરે, 'મારે શું' માની મૌન રાખે અને જોયા કરે. ત્રીજો વર્ગ સત્યનો- સન્માર્ગનો શાસ્ત્ર સિદ્ધાંતનો જ પક્ષ કરે, શાસ્ત્રને જ વફાદાર રહે આજ્ઞાને આધીન બને. 'મારૂ છે' માની જાતને ગૌણ બનાવે શાસનને જ પ્રધાન માને અને શાસનના સત્યો ખાતર બધુ જ સહન કરે. કોઇની ય શેહશરમમાં ન તણાય. આત્મન્! તારો નંબર શેમાં આવે તે વિચારજે. ત્રીજા વર્ગનો માલીક જ જાતનો માલીક.

◆ દારૂનો નશો હજુ અમુક સમયે ઉતરે જયારે પદ પદવી- પ્રતિષ્ઠાનો સત્તા- સંપત્તિનો નશો એવો છે કે દિન પ્રતિદિન વધે અને સ્વ-પરને અપકારક બને. તું આવા નશાનો કેફ ન ચઢાવીશ નહિં તો સંસાર તારી રાહ જોઇને બેઠો છે. ચક્રવાતમાં ચકરાવે ચઢાવી સત્યાનાશ કાઢશે.

(ક્રમશઃ)

# 'इन्द्रियाणां जये शूरः ।'

**- પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.**

*ગયા અંકથી ચાલુ...*

વિષયરૂપ મદિરાના મદમાં મદોન્મત્ત બનેલો જીવ યોગ્યાયોગ્યને, ગમ્યાગમ્યને જાણતો નથી. પરન્તુ જ્યારે તેના ફળ ભોગવવા પડે છે ત્યારે દયામણો લાચાર બની દીનસ્વરે રુદન કરી કરીને ઝૂરે છે.

વિષયાધીનતાના આવા કટુ પરિણામ નજરે જોવા, સ્વયં અનુભવવા છતાં ય જીવો તેમાં જ કેમ મગ્ન બને છે, તેને ત્યાગતા પણ નથી, તો તેના સમાધાનમાં જ્ઞાનીઓ કહે છે કે - જેમ લીમડાના વૃક્ષમાં ઉત્પન્ન થયેલો કીડો તે વૃક્ષને કડવું છતાં મીઠું માને છે, તેમ મુક્તિ સુખથી પરાંગમુખ બનેલા જીવોને સંસારના દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી એવા પણ સુખો સુખરૂપ લાગે છે. તેથી જ તેમાં મુંઝાઇ નરકાદિમાં લઇ જનારા પાપોને મજેથી કરે છે. જેમ અગ્નિ કાષ્ઠોથી કે સમુદ્ર નદીઓથી તૃપ્ત થતો નથી તેમ વિષયાગ્નિ દેવો- મનુષ્યોના કામભોગોથી બુઝાતો નથી પણ ઉપરથી વધે છે અને જયારે મળે ત્યારે એમ લાગે કે, જાણે જીવનમાં ક્યારે જોયા પણ ન હોય! કિંપાકના ફળ જેવા વિપાકોને આપનારાં સુખોમાં મોહમૂઢતા વિના કોણ મુંઝાય!

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવાયું કે સર્વે ગીતો એ વિલાપતુલ્ય છે. નૃત્ય- નાચો એ વિટંબણાને કરનાર છે. સર્વે આભુષણો ભાર રૂપ છે, સ્પર્શેન્દ્રિયને સુખાકારી ચેષ્ટાઓ પણ કર્મરૂપી ભારથી ભારે બનાવનારી છે. રસનાની લાલસા તો સૌના અનુભવમાં છે અને ઘ્રાણેન્દ્રિયની પ્રિયતા પણ અને રડાવનારી છે. અનંતીવાર સર્વે પ્રકારના અનુકુળ સ્પર્શ- રસ- ગન્ધ- રૂપ અને શબ્દોને ભોગવવા છતાંય આપણને તૃપ્તિ તો ન થઇ પણ તેની આસકિતનું ફળ અનંત સંસારની ખરીદી આપણે કરી છતાં પણ આપણને તૃપ્તિ ન જ થઇ. નદીઓ વડે સમુદ્ર તૃપ્ત થાય તો કામભોગો વડે વિષય તૃષ્ણાની તૃપ્તિ થવી અશકય- અસંભવ છે. ભોગ તૃષ્ણા એવી અપૂર્વ છે કે જે કયારેય પૂરાઇ નથી, પૂરાતી નથી કે પૂરાવાની પણ નથી. માટે કહ્યું કે

*''को लोभेण न निहओ,*
*कस्य न रमणीहिँ भोलिअं हिययं ।*
*को मच्चुणा न गहिओ,*
*को गिद्धो नेव विसएहिँ ॥''*

આ જગતમાં લોભથી કોણ હણાયો નથી? સ્ત્રીઓ વડે કોનું હૃદય ભોળવાયું નથી? મૃત્યુ વડે કોણ ગ્રસિત કરાયું નથી? અને વિષયો વડે કોણ આકર્ષાયું નથી? સંસાર રસિક આત્માઓ આ પાશથી બચે એ અશકય છે.

જ્યારે જેઓ મોક્ષ રસિક બન્યા છે તેઓ વિષયોના વિરાગરૂપ સંવેગરસનું પાન કરી તેનાથી મુકત બનવા પ્રયત્નશીલ બને છે. સંવેગરસમાં મગ્ન આત્માઓ હંમેશા ભાવે છે કે-

*''सिद्धंत जलहि पारंगओवि,*
*विजिइंदिओवि सूरोवि ।*
*दढचित्तोवि छलिज्जइ,*
*जुवइविसाइहिँ खुड्डाहिँ ॥''*

સિદ્ધાંત સાગરના પારને પામેલા, જિતેન્દ્રિય, પરાક્રમી અને મક્કમ મનોબળવાળા એવા પણ આત્માઓ યુવતિઓ રૂપી ક્ષુદ્ર પિશાચણીઓથી છલાઇ જાય છે, માટે હંમેશા સાવધ રહેવું. કેમ કે, અગ્નિની પાસે રહેલું મીણ અને માખણ ક્ષણવારમાં દ્રવિત જાય છે- ઓગળી જાય છે. તેમ રમણીનું સાનિધ્ય મુનિઓના મનને પણ ચલિત કરે છે અને આમાં વાદથી આવેલા સિંહ ગુફાવાસી મુનિની વાત પ્રખ્યાત છે. મૃગનયણીના કામ કટાક્ષ બાણોના સપાટામાંથી બચનારા પૂણ્યાત્માઓ તો શ્રી સ્થૂલિભદ્રજી જેવા વિરલ જ હોય છે.

માટે કહેવાયું કે-

*''सिंगार तरंगाए, विलासवेलाए जुघणजलाए।*
*के के जयंमि पुरिसा, नारीनइए न बुड्डंति ॥*

શ્રૃંગારરૂપી તરંગોવાળી, વિલાસરૂપી વેલાઓવાળી અને યૌવનરૂપી જલવાળી સ્ત્રીઓ રૂપી નદીમાં, આ જગતમાં કયા કયા પુરૂષો નથી ડૂબ્યા? અર્થાત વિરલ પુરૂષો જ બચી શકે છે.

અન્ય રીતના પણ નદીની ઉપમાથી કહે છે કે-

*''निअंगमाहि सुपओहराहिं उप्पिच्छमंथरगइहिं।*
*महिलाहिं निमग्गा इव, गिरिवरगुरुओवि भिज्जंति ॥''*

નીચે ગમન કરતી, સુંદર જલને ધારણ કરતી, પ્રેક્ષણીય મંદ મંદ ગતિએ ચાલતી નદીઓ જેમ મોટા પર્વતોને પણ ભેદી નાખે છે, તેમ નીચ પુરૂષો સાથે ગમન કરવાના સ્વભાવવાળી, સુંદર સ્તનોને ધારણ કરવાવાળી, દ્રષ્ટિને આકર્ષિત કરતી મંદ મંદ ગતિએ ચાલતી સ્ત્રીઓ પણ પર્વત જેવા મોટા માણસોના અંતરને પણ ભેદી નાખે છે. અર્થાત મોહ પમાડે છે. મોહથી બચવા માટે સ્ત્રીના યથાર્થ સ્વરૂપને જણાવતા કહ્યું છે કે,

*''सोअसरी दुरिअदरी,*
*कवडकुडीं महिलिया किलेसकरी।*
*वइरविरोयण अरणी,*
*दुक्खखाणी सुक्खपडिवक्खा ॥''*

શોકની નદી, પાપની હરી-ગુફા, કપટની કુંડી, કલેશને કરનારી, વૈરરૂપી અગ્નિને માટે અરણી-કાષ્ઠ સમાન, દુઃખની ખાણ અને સુખની શત્રુ એવી સ્ત્રીઓ છે.

સ્ત્રીઓમાં મોહ ઉત્પાદકતા વધારે છે માટે તેનાથી બચવા આ વાત છે. આમાં કોઈના પણ પ્રત્યે પક્ષપાત કે પૂર્વગ્રહ નથી, માટે જ શ્રી વ્યવહાર સૂત્રમાં પણ કહ્યું કે 'પુરૂષને માટે સ્ત્રી અને સ્ત્રીને માટે પુરૂષ એ વિષ સમાન છે.' પરસ્પરના રાગથી બચવા બચાવવા આ વિચારણા જરૂરી છે. મોહાધીન આત્માઓની હાલત અનુભવજન્ય છે કે બાહ્યરૂપ અને સૌંદર્યમાં મુંઝાઈ પતંગિયાની જેમ કૂદનારા પોતાની જાતને સદા માટે શોકની નદીમાં ડુબાડે છે. સ્ત્રીઓના હાવ-ભાવ, વિલાસ વિભ્રમને જોઈ પાણી પાણી થઈ જનારો આત્મા, પોતાની જાતને પાપના ખાડામાં શું નથી ફેંકી દેતો? સ્ત્રીઓના રૂપમાં પાગલ અને લટ્ટુ બનનારો અનેક વિટંબણાઓને પામી શું પાયમાલ નથી બનતો? પરસ્ત્રીમા પ્રેમમાં મદોન્મત્ત બનેલો ધન- યૌવનથી ખુવાર થઈ, વૈર-વિરોધ અને કલેશરૂપી અગ્નિના તાપથી દિન-રાત નથી સળગ્યા કરતો? આત્માને બચાવવા આ બધી વિચાણા છે. પણ આમાં સ્ત્રીઓની નિંદા નથી પણ વાસ્તવિક સ્વરૂપ સ્થિતિનું દિગ્દર્શન છે. શ્રી તીર્થંકર પરમાત્માદિ મહાપુરૂષોની માતાઓના ગુણગાન ગાવામાં પણ શાસ્ત્રકારોએ બાકી રાખ્યું નથી. 'રત્નદીપિકા, જગન્માતા... ઈત્યાદિ શીલવંતી સ્ત્રીઓના પણ ગુણગાન ગાવામાં આવ્યા છે એટલું જ નહિં પણ શ્રી ભરહેસરની સજઝાયમાં પ્રાતઃકાલે પ્રતિક્રમણ કરનારા રોજ બાવન (૫૨) મહાપુરૂષો અને અડતાલીસ (૪૮) મહાસતીઓને યાદ કરે છે.

અન્ય લોકોએ પણ શીલધારિણી સ્ત્રીઓની પ્રશંસા કરવામાં બાકી રાખ્યું નથી.

**``Earth's noblest thing a woman perfected."**

અર્થાત- પવિત્ર સ્ત્રી - શીલવ્રતધારિણી સ્ત્રી એ દુનિયાની ઉમદામાં ઉમદા વસ્તુ છે.

પારમાર્થિક ભાવદયાથી પ્રેરાઈને આ બધી વાત વિચારણા છે, અનર્થથી બચાવવા, દુરાચારોથી દૂર રહેવા અને સદાચારના માર્ગે ગમન કરવા માટેનો આ પ્રયત્ન છે. દરેક વસ્તુમાં સારી-નરસી બંને બાજુ હોય, ગુણ અને દોષ બંને વસ્તુ હોય. સારને ગ્રહણ કરનાર અને અસારથી બચનારને આ બધું ખૂબ જ ગમે, વિચારણીય- મનનીય લાગે.

**``Woman, money and wine have their blessing and blame"**

અર્થાત સ્ત્રી, પૈસો અને દારૂને પોતા તરફથી ગુણ પણ છે અને દોષ પણ છે.

એક વિદ્વાન પાદરીએ પણ લખ્યું છે કે,

**``Beauties, invains, their pretty eyes may roll; charms strike the sight but merit wine the soul."**

અર્થાત ખૂબસુરત સ્ત્રીઓ પોતાની સુંદર આંખોને ફોગટ ભટકાવે છે, તેની મોહકતા માત્ર આંખને જ ખેંચે

છે, પણ હૃદયને જીતવાનું સામર્થ્ય તેનામાં નથી, એ સામર્થ્ય તો માત્ર સદ્‌ગુણમાં જ અર્થાત તેના શીલ ગુણમાં છે.

સદાચારનો પ્રેમ અને સદાચારનો મહિમા દરેકને માન્ય રાખવો પડે છે. સદાચારીના ગુણગાન સૌને ગાવા પડે છે.

લેબર નામના એક વિદ્વાને પણ કહ્યું છે કે,

"A Chaste wife nequires an influence over her husband by obeying him."

પતિવ્રતધારિણી સ્ત્રી પતિની આજ્ઞાને માનીને પતિને વશ રાખે છે.

બેકન નામના વિદ્વાને પણ કહ્યું છે કે,

"Wives are youngmen's mistreanes, companion for middle age and old men's nurses."

સમજુ અને વિવેકી પતિવ્રત પરાયણા સ્ત્રી યુવાન વયમાં પતિની દાસી તરીકે રહે, મધ્યમ વયમાં પતિના મિત્રની ગરજ સારે અને વૃદ્ધ વયમાં પતિની પરિચારિકા બને.

સદાચારના પાલન માટે તત્ત્વજ્ઞાનીઓએ બતાવેલો આ માર્ગ ઈન્દ્રિયોના જય માટે ખૂબ જ જરૂરી છે. આ માર્ગે જેઓ ચાલશે તેમનું કલ્યાણ સુનિશ્ચિત છે અને આ માર્ગ બંધનરૂપ લાગશે તેઓ સ્વતંત્રતા અને સ્વચ્છંદતાના માર્ગે ચાલી કયારે શું કરશે અને કયાંના કયાં પહોંચી જશે તે જ્ઞાની જાણે!

વિષયોનો રાગ તોડવા, મમતા- માયાને મારવા આ વિચારણા કરી છે, તો શાંત ચિત્તે વાંચી વિચારી સૌ ઈન્દ્રિયોના સાચા વિજેતા બની આત્માની સાચી શૂરવીરતાને પામો તે જ અભિલાષા સાથે મહામહોપાધ્યાય પૂ. શ્રી યશોવિજયજી મહારાજાએ અધ્યાત્મ સારમાં જણાવેલી માર્મિક વાત સાથે પૂર્ણ કરૂં છું.

*विषयैः किं परित्यक्तैर्जागर्ति ममता यदि ।*
*त्यागात्कञ्चुकमात्रस्य, भुजङ्गो न हि निर्विषः ॥*

"જો હૈયામાં વિષયો પ્રત્યેની મમતા જાગ્રત છે તો વિષયોનો પરિત્યાગ કરવા માત્રથી શું લાભ થાય? કારણ કે કાંચળી માત્રનો ત્યાગ કરવાથી સર્પ કાંઈ નિર્વિષ - ઝેર વિનાનો બની જતો નથી."

○ ○ ○

# સૂરિ રામના લાલ બાગના આંગણીયે મહોદય સ્મૃતિ મહોત્સવ

ચૈત્ર વદ બીજ શુક્રવાર તા. ૧૮-૪-૦૩

વર્તમાનમાં વિશાળ શ્રમણ શ્રમણીના સમુદાયના અધિનાયક પ્રશાંતમૂર્તિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાની પ્રથમ સ્વર્ગારોહણ તિથી ગુરૂવંદના મહોત્સવ રૂએ ઉજવાયેલ.

સવારે ૯-૩૦ કલાકે પૂ. ગચ્છાધિપતિ શ્રીજીની છબી સન્મુખ ગુરુગુણ સ્તવના, સ્તુતી થયેલ, સ્વાધ્યાય મગ્ન તપસ્વી પૂ. આચાર્ય ભગવંત શ્રી ચંદ્રોદય સૂરીશ્વરજી મહારાજાએ મંગલાચરણ કરેલ. દક્ષેસભાઈ ગુરૂવંદના-વીરહ ગીત લેવડાવેલ. દિનેશભાઈએ પ્રસંગાનુરૂપ ગુણાનુવાદ કરેલ. પૂ.આ. શ્રી કનકશેખર સૂરીશ્વરજી મહારાજાએ ગુણાનુવાદ કરેલ. પૂજયપાદશ્રીજી માટે ચોક્કસ કહી શકાય,

*શીખ્યા- સમજ્યા- જીવ્યા જે ગહન,*
*પાળ્યું જીવનભર જિનાજ્ઞાનું સાચું શરણ,*
*વર્ષ વિત્યુ, થયું શરીરનું મરણ, રહ્યું શાશ્વતુ સ્મરણ...*

દક્ષેશભાઈએ ગુરૂવંદનાનું બીજું ગીત લેવડાવેલ. ઉપાશ્રયમાં સતત આરાધકોની હાજરી રહી હતી. ગુણાનુવાદની સભા બાદ ગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાના ગુણ સ્મરણ રૂપે મિઠાઈના બોકસની પ્રભાવના અલગ અલગ આરાધકો તરફથી સંયુકત કરવામાં આવેલ. બપોરના ૧-૩૦ કલાકે શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવેલ. બંને જિનાલયમાં ભવ્ય અંગરચના દીવાની રોશની કરવામાં આવેલ. આજના દિવસે વિશેષ અનુકંપાનું કાર્ય થયેલ.

*-દિલીપભાઈ દીવાળા*

# પૂ. સ્વ. ગચ્છાધિપતિ આ.મ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી ભવ્યરત્ન વિજયજી મ.ને ગણિપન્યાસ પદ પ્રદાન

ચૈત્ર વદ ૧૨ પાલીતાણા :

સાક્ષાત હાજર હોય તેવી અદ્દભૂત અનુમતિ સાથે દેવ ગુરૂ કૃપાથી શ્રી પદ પ્રદાન મહોત્સવ શાસન પ્રભાવક કાર્યો દ્વારા સંપન્ન થયેલ છે. વિવિધ પૂજનો સાથે અલંકૃત શ્રી જિનેન્દ્ર ભકિત મહોત્સવ મંગલમયી રીતે પૂર્ણ થયેલ છે. પૂજ્યપાદ પરમ તારક ગુરુદેવ શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ.શ્રીની પ્રથમ વાર્ષિક તિથિ નિમિત્તે સવારે ગુણાનુવાદ સભાનું આયોજન થયેલ, જેમાં પૂજ્ય મહાત્માઓએ જીવન પ્રસંગોને યાદ કરાવવા દ્વારા ભાવિકોને ભાવવિભોર બનાવેલ. સભા બાદ ગુરુપૂજન અને રૂા. ૪૦નું સંઘપૂજન થયેલ. બપોરના શ્રી સિદ્ધચક્ર પૂજન શ્રી આદીનાથ જિનાલયમ ભવ્ય અંગરચના જયતળેટીનો ભવ્ય શણગાર ભાવિકો તરફથી કરવામાં આવેલ. ચૈત્ર વદ-૪ના દિવસે વિજય મુહુર્તે શ્રી લઘુ શાન્તિ સ્નાત્ર પૂજનનો ઉત્સાહભેર પ્રારંભ થયેલ.. પૂજ્યોની નિશ્રામાં જીવદયાની સુંદર ઉપજ થયેલ. જયતળેટીને ભાવિકો તરફથી રજતમય- પુષ્પમય અલંકૃત કરવામાં આવેલ. સાંજના ૬-૧૫ કલાકે પૂજ્યોની સાથે સાજન મહાજનની વિશાલ ઉપસ્થિતિ સાથે વાજતેગાજતે પૂજ્યપાદ ગુરુદેવશ્રીની પ્રતિકૃતિને બગીમાં લઇ ગરવા ગિરિરાજને જુહારવા- સામુહિક ગિરિવંદના કરવા જવાનું થયેલ. ભવજલ પાર ઉતાર...ની ધ્રુવ પંકિતના ગુંજન સાથે ભાવિકો ભાવનામયી બની ગયેલ.

ચૈત્ર વદ પના પ્રાતઃ સમયે પ્રભાતિયા સાથે શુભ શરૂઆત થઇ. ગામે ગામથી અત્રે ભાવિકો પ્રસંગને માનવા ઉપસ્થિત થયેલ. શુભ સમયે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિ. રવિપ્રભ સૂ.મ., પૂજ્ય આ. શ્રી વિ. મહાબલ સૂ.મ., પૂ. આ. શ્રી વિ. અજિતસેન સૂ.મ. આદિ મુનિ ભગવંતોની નિશ્રામાં શ્રી ગણિ પન્યાસપદ પ્રદાન અને સાધ્વીજી શ્રી જિનપ્રિયાશ્રીજીની વડીદીક્ષા ક્રિયાનો પ્રારંભ થયેલ. સારી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી ગુરુ ભકિતનો આદર્શ ઉભો કરેલ.

મહોત્સવ પ્રારંભથી આજે પદપ્રદાન પ્રસંગથી અંતર એકવાતને સૌ વારંવાર યાદ કરતું હતું કે, 'પૂજ્યપાદ ગુરુદેવશ્રીની નિશ્રા હોત અને સાક્ષાત ઉપસ્થિતિ સાથે અંતરના આશિષ આપતાં હોત અને 'ભવ્યરત્ન' કહીને એક વાર બોલાવ્યો હોત, તો આ પ્રસંગ કાંઇ અનેરી જ શોભા પામત... સર્વે કામના - ભાવના -મનોરથો કદાપિ પૂર્ણ થતાં નથી છતાં તેઓશ્રીનો નિઃસ્પૃહ વાત્સલ્ય ભાવ કયારેય નહિં ભૂલાય. શુભ મુહૂર્તે શ્રી પદપ્રદાનની ક્રિયા કરવા સાથે આગળ વધવાનું થયેલ. શ્રી વર્ધમાન વિદ્યાપટ, નવકારવાળી, કાંબલી વહોરવાનો ગુરુપૂજન આદિના ચઢાવા ખૂબ જ સુંદર થયેલ. ભાવિકો સાચા હૃદયથી સહજભાવે સારો લાભ લીધેલ. તે દિવસે રૂા. ૩૦નું સંઘપૂજન અને શ્રીફળની પ્રભાવના થઇ હતી. પૂજ્યોની અનુજ્ઞાથી બે શબ્દો બોલવાનો અવસર મળતાં પૂ. નૂતનગણી પન્યાસજી મ.એ કહેલ કે વડીલોના ઉપકારને યાદ કરી માથે આવેલ જવાબદારીને નિષ્ઠાપૂર્વક પાલન કરવા શાસનદેવ બળ આપે તેવી પ્રાર્થના કરેલ. તે દિવસે ૨૦૫૯નું વર્ષનું ચાર્તુમાસ લંડનવાળા ભાગ્યશાળીની વિનંતીથી પૂજ્યોની અનુજ્ઞા- આજ્ઞા- સહમતિથી શ્રી ઓસવાળ યાત્રિક ગૃહ પાલીતાણા કરવાનું સ્વીકારેલ છે. પૂ. મુનિરાજશ્રી ક્ષમા વિ.મ. મુનિશ્રી વિરાગ દર્શન વિ. મ., મુનિશ્રી રમ્યદર્શન વિ.મ. સાથે ચાર્તુમાસ કરશે.

❑ ❑ ❑

# સમાચાર સાર

*બોરીવલી ચંદાવરકર લેનમાં*

## શાશ્વતી ઓળીની જાનદાર આરાધના...

**મુંબઈ :-** બોરીવલી (વે.)ના ચંદાવરકર લેન પર આવેલા શ્રી તપગચ્છ ઉદય કલ્યાણ જૈન સંઘ માટે વર્તમાન વર્ષની ચૈત્ર માસીય શાશ્વતી ઓળીની આરાધના ચિરસ્મરણીય બની જવા પામી હતી.

વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ. ભ. વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ્રવચનપ્રભાવક પૂ. પન્યાસપ્રવર શ્રી નયવર્ધન વિ. ગણિવર્યના શિષ્ય- પ્રશિષ્ય રત્નો, પૂ. મુનિરાજ શ્રી ભવ્યવર્ધન વિ.મ., પૂ.મુ. શ્રી મંગલવર્ધન વિ.મ. તેમજ પૂ.મુ. શ્રી હિતવર્ધન વિ.ને સંઘજનોએ નવપદજી ભગવંતની ઓળીની આરાધના કરાવવાની સાગ્રહ વિનંતી કરતાં એ વિનંતીનો પૂજ્યોએ સ્વીકાર કર્યો હતો.

ચૈત્ર સુદ ૨ના રોજ મંગળવાદ્યો સાથે પૂ. મુનિવરોનો નગરપ્રવેશ થતાં એ જ દિવસથી 'નવપદ માહાત્મ્ય' પર પ્રવચનોનો શુભારંભ થયો હતો. ઓળી પૂર્વેના દિવસોમાં 'ધર્મતીર્થ' તેમજ ધર્મતીર્થનો નવપદજીમાં સમવતાર એ વિષય પર વિગતવાર વિશ્લેષણ થતાં દિન-પ્રતિદિન શ્રોતાજનોનો ઉલ્લાસ વધતો જતો હતો.

ચૈ.સુ. ૪ના રોજ મૂળ સાવરકુંડલાના નિવાસી દોશી પ્રભુદાસ સોમચંદ તરફથી શાશ્વતીઓળીની આરાધના સ્વરૂપે શ્રી સિધ્ધચક્રપૂજન ભારે દબદબાપૂર્વક ભણાવાયું હતું.

ત્રણ વર્ષ પૂર્વે પૂ. મુનિવર્યોનું સાવરકુંડલા ચાતુર્માસ થયું હતું. એ જ ચાતુર્માસથી શાશ્વતી ઓળીની અને બાર વ્રતોની આરાધના શરૂ કરનારા પ્રભુદાસભાઈએ સંપૂર્ણ ચૈત્રી ઓળીની આરાધના કરાવવાનો લાભ સંઘ સમક્ષ માંગ્યો હતો. એવી જ વિનંતી જામનગર નિવાસી રમેશભાઈ શાહ પરિવારની પણ આવતાં ઉભય પરિવારોએ અત્યંત ઉદારતાપૂર્વક ઓળીની આરાધના કરાવી હતી.

ઓળીના દિવસોનો આરંભ થતાં જ અલગ અલગ પદ પર પૂ.મુ. શ્રી હિતવર્ધન વિ.મ. દ્વારા એવું તત્ત્વમય છતાં જાનદાર નિરૂપણ થયું હતું કે વિશાળ પ્રવચન ખંડમાં ક્યાંય ખાલીપો વર્તાતો નહિં.

આચાર્યપદના તૃતીયદિને ગચ્છસ્થવિર પૂ.આ.ભ.વિ. મિત્રાનંદ સૂ.મ.નો કાળધર્મ થતાં ચતુર્વિધ સંઘના સમૂહ દેવવંદન થયા હતાં. તેમજ સૂરિપદના વર્ણનની સાથે પૂ.સ્વ. આચાર્ય ભગવંતના ગુણાનુવાદ પણ થયા હતાં.

ચૈ.સુ. ૧૩+૧૪ના સત્યતિથિની તેમજ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી થઈ હતી. સવારે જન્મ કલ્યાણકની રથયાત્રા વિવિધ રાજમાર્ગો પર ફરી સભા સ્વરૂપે ગોઠવાતા પૂ. મુનિશ્રીએ પરમાત્માના જન્મ કલ્યાણકની વિશિષ્ટ અસરો સમજાવતું પ્રભાવક પ્રવચન કર્યું હતું. જેના અંતે (૧) ધન્યચરિત્ર- સંસ્કૃતપ્રત તેમજ (૨) તપા-ખરતરભેદ, આમ બે ગ્રંથરત્નનું સંઘવી કાંતિલાલ ગીરધરલાલ વોરાના હસ્તે વિમોચન થયું હતું.

સાંજે પરમાત્માની અંગરચના પણ વિશિષ્ટ કોટીની થઈ હતી.

ચૈત્રી પૂર્ણિમાના દિને ચતુર્વિધ સંઘે શત્રુંજય પટ સમક્ષ, પરમાત્માની સાક્ષીએ શત્રુંજય ગિરિરાજના દેવવંદન કર્યા હતાં. પાંચ- પાંચ કલાક ચાલેલી દેવવંદનની ક્રિયામાં ઘામ છતાં કંટાળ્યા વગર સહુએ અપૂર્વ આરાધ્યાનો સંતોષ અનુભવ્યો હતો.

રોજ પ્રવચનોમાં અને આયંબિલમાં અનેક સંખ્યક સંઘપૂજનો, પ્રભાવનાઓ પણ થવા પામી હતી. આમ શાશ્વતી ઓળીની આરાધના બોરીવલી - ચંદાવરકર લેન જૈન સંઘ માટે યાદગાર બની ગઈ હતી.

❊ ❊ ❊

*સિધ્ધાંત સંરક્ષક સ્વ. ગચ્છાધિપતિ પૂ.આ.ભ.વિ. મહોદય સૂરીશ્વરજી મહારાજાની પ્રથમ વાર્ષિક પૂન્યતિથિ નિમિત્તે*

## બોરીવલીમાં યોજાયેલી ગુણાનુવાદ સભા

પોતાના જ પરમગુરૂવર્યશ્રીને અનુસરી જે મહાપુરૂષે સિધ્ધાંતોના રક્ષણની બાબતમાં કદીય પીછેહઠ ન હતી કરી અને પોતાના અનુગામીનો નિર્ણય પણ ભાવી શ્રમણ પેઢિના ભરોસે જ છોડી દીધો હતો એવા પરમ કરૂણામૂર્તિ પૂ. સ્વ. ગચ્છાધિપતિ આ.ભ. મહોદય સૂરીશ્વરજી મ.ની પ્રથમ વાર્ષિક પૂન્યતિથિ નિમિત્તે બોરીવલી ચંદાવરકરલેનમાં પૂજ્યશ્રીને શ્રધ્ધાંજલી અર્પતી એક ગુણાનુવાદ સભા યોજાઈ હતી.

આ સભામાં પૂ.મુ. શ્રી હિતવર્ધન વિ.મ.એ પૂ. સ્વ. ગચ્છપતિ શ્રી ના જીવનની અનેક જાણી-અજાણી ખૂબીઓનું નિરૂપણ કર્યું હતું. પ્રાંતે સંઘપૂજન- પ્રભાવના થયા હતાં.

પરમાત્માને વિશિષ્ટ અંગરચના પણ થઇ હતી.

**વિજયવાડા (આંધ્ર) :-**

પૂ. અ . શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી વિજય જિનોમલ સૂરીશ્વર મ.ઠા. ૨૧ તથા સા. શ્રી ભવ્યગુણાશ્રીજી મ.ઠા. ૨૧ નાગપુર વિ. થઇ વિજયવાડામા ૯ જુલાઇ બુધવાર ચાતુમાસાર્થે પ્રવેશ કરશે.

**અમદાવાદઃ** પૂ.આ. શ્રી વિજયપ્રભાકર સૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી ધર્મદાસવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી કુમુદ્ચ વિ.મ. તથા પૂ. સા.શ્રી વિપ્રભાશ્રીજી મ. આદિની નિશ્રામાં કુસુમબેન ઇન્દ્રકુમારની ૧૦૦ ઓળી, ૧૩ સળંગ ૧૦૦૮ આંબેલની પૂર્ણાહુતિ નિમિત્તિ નવપદ પૂજા ચૈત્ર વદ ૯ના ભવ્ય રીતે વેજલપુરમાં ભણાવાઇ.

**અમદાવાદઃ** શ્રી શાસન સેવા સમિતિ નવા શારદા મંદિર રોડ અમદાવાદ તરફથી ભાવિકો તરફથી સહકાર મળતાં સાધર્મિકજનને વસ્ત્રો તથા યાત્રા કરાવવામાં આવેલ. ૩૭વખત ફ્રી યાત્રા કરાવવામાં આવી છે. સમેતશિખર આદિ ૭૭ કલ્યાણકભૂમિઓની યાત્રા ટોકન ૨૦૦૦/- રૂા. ચાર્જ લઇને કરવામાં આવી હતી.

**પ્રભાસપાટણઃ-**

પૂ.અ . શ્રી વિજયજયંત શેખર સૂરીશ્વરજી મ.ના તપસ્વી શિષ્યરત્ન પૂ મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી મ.ને ૨૦૦+૩૯ ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે અત્રે ચૈત્ર વદ ૧૧ના દિવસે જામનગરથી ભાવિકોની બે બસ આવી. સવારે ૭ વાગ્યે સમૂહ ચૈત્યવંદન બાદ વ્યાખ્યાન. ૨૪ રૂા.નું સંઘપૂજન થયું. પાટણવાળા હાલ મુંબઇવાસી શ્રી નગીનભાઇ તરફથી મહેમાનો તથા ગામના બધાની નવકારશી કરાવી. ૧૦વાગ્યે સમુહ સ્નાત્ર બાદ પંચકલ્યાણક પૂજા અને બાદ જામનગરથી આવેલ ભાવિકો તરફથી રસ-પુરીનું જમણ જેમાં ગામના પણ બધાની સાધર્મિક ભક્તિ થઇ હતી. બાદ ૪ વાગે નીકળી યાત્રિક ચોરવાડ, માંગરોળ બળેજ થઇ જામનગર પધાર્યા હતાં. પૂ. મુ.શ્રી વેરાવળ થઇ જૂનાગઢ ચાતુર્માસ માટે અષાઢ સુદ ૩ના પ્રવેશ કરશે.

## પ્રવર્તિની સાધ્વીજી ખાન્તિશ્રીજીની જીવન ઝરમર

પ.પૂ. સિદ્ધાંત મહોદય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રે સૂરીશ્વરજી મ.સા.ના સંસારી બેન હતાં, જન્મ પીપડવાડ સંસારી નામ હસુબેન, પિતાનું નામ સરેમલજી, પતિનું ના છગનલાલજી, ગુરૂનું નામ પૂ. સાધ્વીજી રોહિતાશ્રીજી મ., દીક્ષ ૨૦૦૬ સ્થળ પીપડવાડા, કાળધર્મ ચૈત્ર વદ પહલી દશમ. વિક્ર સંવત ૨૦૫૯ ચૈત્ર વદ પહલી દશમ સવારે ૧૧-૩ કલાકે, દિનાં ૨૫-૪-૨૦૦૩, શિષ્યા- પ્રશિષ્યા નિશ્રાવર્તી ઠાણા ૮.

ચતુર્વિધ સંઘની હાજરીમાં નમસ્કાર મહામંત્રની ધૂન સા પરમ સમાધિપૂર્વક પ્રવર્તિની સાધ્વીજી ખાંતિશ્રીજી પીપડવાડ મુકામે કાળધર્મ પામ્યા છે. હમણાં મહિનાથી સંથારાવશ હતાં સ્વાસ્થ્ય નરમગરમ ચાલતું હતું. એમાં પણ એમને બી.પી ઓછું હતું. તાવ, શ્વાસ અને સૂજનતો રહેતો જ હતો પિપડવાડાના સંઘે સંઘના ટ્રસ્ટીગણે ડો. નૂરમહજુર, ડો. પ્રદ્યુમ્ વિગેરે અવારનવાર સેવામાં હાજર રહી ભક્તિ કરતાં હતાં. ચૈ વદ પહલી દશમના દિવસે વોઉસીનું પચ્ચક્ખાણ કરેલ. ડો પ્રદ્યુમ્ન ૫ મિનિટ પહેલાં આવી ગયા હતાં. બી.પી. પલ્સ વગે નોરમલ છે. પૂ. ગુરૂદેવ એકદમ સ્વસ્થ છે. ચિન્તા જેવું નથ અને જેવા ડો. હોસ્પિટલે પહોંચ્યા એવામાં પૂ. ગુરૂદેવશ્રીએ ગંભીર અવસ્થા ધારણ કરી, શ્વાસની માત્રા વધી, પૂ. ગુરૂદેવશ્ર એકદમ ભાનમાં હતાં, બોલી શકાતું નહોતુ, સાધ્વીજી શ્ર હર્ષિતપ્રજ્ઞા શ્રીજીએ અંતિમ નિર્યાપણા કરાવી અને ચતુર્વિધ સં નમસ્કાર મહામંત્રની ધૂન જગાવી, ૧૧-૩ કલાકે ગુરૂદેવશ્ર પાર્થિવ દેહને છોડી સ્વર્ગની વાટે અમને સહુને છોડીને ચાલ્ય ગયા. ગુરૂદેવનો આત્મા જ્યાં હોય ત્યાંથી અમીધારા વરસાવત રહે. ૯૮ વર્ષની વયોવૃધ્ધ અવસ્થામાં પણ ક્રિયાની શુદ્ધિ અજો હતી. જ્યારે જોઇએ ત્યારે નવકાર મંત્ર ગણતાં જ હોય, એમન પાસે જે આવે એને પણ નવકાર ગણવાની વાત- ઉપદેશ કરત હતાં. પ્રવર્તિની સાધ્વીજી ખાંતિશ્રીજીના પ્રશિષ્યા પ.પૂ પ્રેમરામચંદ્ર સૂરિસામ્રાજયવર્તી, પ.પૂ. વર્ધમાન તપોનિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ.સા.ન સંસારી સુપુત્રી પ.પૂ. સાધ્વીજી હર્ષિતપ્રજ્ઞાશ્રીજીનો પ્રવર્તિન પદ હવે પ્રાપ્ત થયું છે.

▼▼▼



# પ્રવર્તિની પૂ. સાધ્વીજીશ્રી દેવેન્દ્રશ્રીજી મ.નો કાળધર્મ

અમદાવાદ (રંગસાગર): પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, તપાગચ્છાધિરાજ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તી તપસ્વીરત્ના વાત્સલ્યનિધિ પ્રવર્તિની પૂ. સાધ્વીજી શ્રી દેવેન્દ્રશ્રીજી મ. ચૈત્રી પૂર્ણિમા તા. ૧૬-૪-૨૦૦૩ બુધવારના મંગલદિને ૮૦ વર્ષની વયે ૭૧ વર્ષનો દીર્ઘ સંયમ પર્યાય પાળી અપૂર્વ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

મૂળ લીંબડીના વતની પિતા ખેતશીભાઈ અને માતા પુરીબેનની રત્નકુક્ષિએ જન્મેલા રૂક્ષ્મણીબેને ૯ વર્ષની બાલ્ય વયમાં પૂજ્યપાદ આ. ભ. શ્રી વિ. સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા (બાપજી) મ.ના વરદહસ્તે સંયમ સ્વીકારી પૂ. સાધ્વીજીશ્રી શાંતિશ્રીજી મ.ના શિષ્યા તરીકે પૂ. સાધ્વીજી શ્રી દેવેન્દ્રશ્રીજી મ. બન્યા.

સંયમજીવનના સ્વીકારની જ વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય આદિ અભ્યંતર ગુણો અને અનેક પ્રકારની વિવિધ તપશ્ચર્યાઓ દ્વારા બાહ્ય તપની સાધના કરી.

પૂજ્યપાદ પરમ ગુરૂદેવ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા પ્રત્યે અનન્ય નિષ્ઠા દ્વારા જિનાજ્ઞાના કટ્ટર પક્ષપાતી બન્યા.

સરળતા, નમ્રતા, પરોપકાર પરાયણતા, સદા માટે પ્રસન્નતા આદિ ગુણો દ્વારા સ્વસમુદાય અને પરસમુદાય બંનેમાં આદરણીય બન્યા.

છેલ્લા ૧૦-૧૨ વર્ષથી શારીરિક અસ્વસ્થતાના કારણે સમ્યગ્દર્શન આરાધના ભુવન, અરણી એપાર્ટમેન્ટ, રંગસાગરમાં સ્થિરવાસ કરેલો. બ્લડપ્રેશર, ડાયાબીટીસ, હાર્ટ પહોળુ થવું, શ્વાસની તકલીફ આદિ અનેક વ્યાધિઓની વચ્ચે પણ સમાધિ એમને હસ્તગત હતી. ગમે તેવી વ્યાધિમાં પણ ચિત્તની પ્રસન્નતા અકબંધ હતી. અનેક પૂ. આચાર્ય ભગવંત આદિ મુનિરાજો પણ પૂ. સાધ્વીજી મ.ની સુખશાતા પૃચ્છા માટે પધારતા ત્યારે તેઓની સમાધિ નિહાળી આનંદ અનુભવતાં.

અંતિમ દિવસોમાં પણ સવારના ૩-૩૦થી માંડીને છ-સાત કલાક સ્વાધ્યાય, જાપ, આદિમાં અપ્રમત્ત રહેતાં.

ચૈત્રી પૂર્ણિમાના દિવસે સવારના પણ જાપ, સ્વાધ્યાય આદિની આરાધનાઓ સાથે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની પ્રતિકૃતિ સમક્ષ ખમાસમણા, કાઉ. ચૈત્યવંદનાદિ આરાધના... પુંડરીક સ્વામિની આરાધના-સુંદર કરી. ચોવિહાર ઉપવાસનું પચ્ચકખાણ કર્યું. સવારના ૭-૪૦ કલાકે જોરદાર હાર્ટએટેક આવતાં ભાવ ઉપચારમાં લીન બની ગયા. પૂ.પા. આ.ભ. શ્રી વિ. પ્રભાકર સૂ.મ. આદિ પધારી ગયા. પૂ. આચાર્યભગવંતને પણ અંતિમ ક્ષણોમાં કહ્યું 'મને મોક્ષ મળે એવું કાંઈક કરો' સતત અરિહંતનો જાપ અને મોક્ષની લગન વચ્ચે ૮-૪૦ કલાકે અપૂર્વ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા...!

પૂજ્યશ્રીના કાળધર્મના સમાચાર મળતાં જ સેંકડો ભાવિકો અંતિમદેહના દર્શનાર્થે ઉમટી પડયા. બીજે દિવસે અંતિમ યાત્રાનો પ્રસંગ પણ ભવ્ય ઉજવાયો. તેમોશ્રીજીના નિશ્રાવર્તી સા.હર્ષપ્રભાશ્રીજી, સા. અનંતગુણાશ્રીજી આદિ સાધ્વીગણે અપૂર્વ વૈયાવચ્ચ કરી.

પૂ. સાધ્વીજી મ.ના કાળધર્મથી શાસન અને સમુદાયને જબરજસ્ત આરાધક આત્માની ખોટ પડી છે. તેમણે જીવનને ધન્ય બનાવ્યું, સંયમ ધન્ય બનાવ્યું, મૃત્યુને પણ મહોત્સવ સ્વરૂપ બનાવ્યું.

❖ ❖ ❖

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ દ્વારા

# અત્યંત ઉપયોગી સાહસ

## સચિત્ર

**(૧) જૈન બાલ શાસન સચિત્ર માસિક હિંદીમાં**
**(૨) જૈન બાલ શાસન સચિત્ર માસિક અંગ્રેજીમાં**

અમારી સંસ્થાએ બાળકોમાં જૈન ધર્મના સંસ્કાર સીંચવા માટે **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની** કૃપાથી અને **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**ના શિષ્ય રત્ન પૂ. પ્રવર્તક **મૂનિરાજશ્રી યોગીન્દ્ર વિજયજી મ.** ની પ્રેરણાથી **જૈન બાલ શાસન માસિક** ચાલુ કર્યું છે. અને તેનો **થાનગઢ**થી પ્રારંભ થતાં **થાનગઢ** આદિના ભાવિકોએ ખૂબ સારો સહકાર આપ્યો છે.

હવે ઘણાં ભાવિકો કે જેઓ ગુજરાતી જાણતા નથી તેઓ **જૈન બાલ શાસનને હિન્દી**માં માંગે છે અને ઘણાં ભાવિકો કહે છે કે બાળકો અંગ્રેજીમાં ભણે છે તો **અંગ્રેજીમાં** પ્રગટ કરો.

આમ આ વિચારણાને લક્ષમાં લઈને **પૂ. આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ના માર્ગદર્શન મુજબ હવે **જૈન બાલ શાસન હિન્દીમાં તથા અંગ્રેજીમાં** પ્રગટ કરવાનું નક્કી કર્યું છે.

તો જેઓને આ બાળકોના સંસ્કારમાં રસ હોય તેઓ તેમાં જોડાય તેવી અમારી નમ્ર વિનંતી છે.

**હિન્દી તથા અંગ્રેજીનાં લવાજમ**

**પાંચ વર્ષના રૂા. ૨૫૦/-**

**આજીવન રૂા. ૭૫૦/-**

વહેલી તકે આપ આપના વર્તુલમાં ૫-૨૫ નામો નોંધી સરનામા સાથે ડ્રાફ્ટ મોકલી આપો. માનદ્ પ્રચારકોને પણ આ કાર્યમાં સહકાર આપવા વિનંતી છે.

દશથી વધુ નામો મોકલશે તેમના નામ પણ તે નામ સાથે છપાશે.

**ઓગસ્ટ ૨૦૦૩થી હિંદી અને અંગ્રેજીમાં જૈન બાલ શાસન પ્રથમ અંક અમારી ધારણા મુજબ પ્રગટ થશે.**

આ નમુનાંનો અંક જોઈ આપના વર્તુલમાં બાળકોના સંસ્કાર માટે પ્રેરણા કરવામાં લાગી જાવ તેવી નમ્ર વિનંતી છે.

નમુનાનો અંક મંગાવો : વિગત સાથે પત્ર ડ્રાફ્ટ મોકલવાનું સરનામું :

**શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ**
C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૧ ૦૦૫.
ફોન : (૦૨૮૮) ૨૭૭૦૯૬૩

**હિંદી અને અંગ્રેજી અંકના ગ્રાહક બનો અને બનાવો. અમારા આ સાહસમાં સાથ આપો.**

# પરિમલ

- સ્વ. પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

- ધર્મી એટલે કર્મનો વૈરી જીવ! કર્મની આજ્ઞા વેઠ લાગે અને ભગવાનની આજ્ઞામાં આનંદ આવે.
- નાનું બચ્ચું અશુચિ મોંઢામાં ઘાલે તે ગમે? તેના જેવી આ સંસારની પ્રવૃત્તિ છે તે ધર્મીને કેમ ગમે?
- ભગવાનની પૂજા- ભક્તિમાં મારા સારામાં સારી ચીજ ઉપયોગમાં આવવી જોઇએ. સારામાં સારી ચીજ વસ્તુનો ભગવાનની પૂજા ભક્તિમાં ઉપયોગ કર્યા વિના વાપરૂ નહિં, તેવા વિચાર અંતર્ગત ખરા?
- માનસિક પરિવર્તન, વાચિક અને કાયિક પરિવર્તન કર્યા વિના રહે નહિં.
- 'કબહીક કાજી કબહીક પાજી' બધે ડહાપણ ડોળે તે કાજી! કોઇનું કાંઇ ન સાંભળે તે પાજી!
- કર્મને બાળવાનું મન તે જ મોટામાં મોટો આત્માનો ગુણ છે. શુભ કર્મ ગમી જઇ ખરાબ કરે છે, અશુભ કર્મ ન ગમી ખરાબ કરે છે.
- 'મને ધર્મમાં રસ ન આવવા દેતું હોય, સંસારની પાપ પ્રવૃત્તિમાં જ રસ પેદા કરતું હોય, તે દ્વારા મારૂ અહિત કરનાર હોય તો કર્મ વિના બીજું કોઇ જ નથી'- આવું જો ન થાય તો ધર્મશ્રવણ ફળે શી રીતે?
- મોક્ષે જવું એટલે મેલો આત્મા વિશુધ્ધ થયો.
- સંસાર માટે પૂણ્યની મૂડી જોઇએ, ધર્મ માટે ક્ષયોપશમભાવની મૂડી જોઇએ.
- સંસારની અસારતા લાગ્યા વિના ભગવાન હૈયામાં પેસે? ભગવાનના સાધુ ગમે? શાસ્ત્રો ગમે? ભગવાનની વાણી ગમે? ધર્મ કરવાનું ગમે?
- બળવાન એટલે સંસારની કોઇ સ્મૃતિ ન રહે અને ધર્મની સ્મૃતિ રહ્યા જ કરે.
- કર્મ, સંસારમાં સહાયક છે, ધર્મમાં બાધક છે.
- શરીરને સારૂ રાખવું, ઘર-બારાદિને પ્રધાન માનવા તેનું નામ જ સંસાર!
- ભગવાનનું દર્શન આત્મદર્શન માટે છે, ભગવાનનું પૂજન. આત્મપૂજન માટે છે, બધો ધર્મ આત્માને ચોકખો.બનાવવા માટે છે, આત્મા મેલો થયો છે, તે મેલની ખબર નથી માટે સંસારના કર્તવ્યો 'ફરજ' લાગે છે અને ધર્મનું કર્તવ્યો 'વેઠ' જેવાં લાગે છે.
- સ્વાધ્યાય એટલે આત્માની જ ચિંતા કરવી. આખી દુનિયા ભૂલાય ત્યારે સ્વાધ્યાય થાય.
- સમકિત આવ્યા પછી સાધુપણું અને સિધ્ધપણું બે જ યાદ આવે.
- સમકિત જીવો મનોપાતિ નથી. કાયપાતિ છે.
- સંસારના સુખ માત્ર પર અભાવ થાય, આત્માના સુખો પર સદ્ભાવ થાય ત્યારે વિરતિ આવે.
- આ સંસારથી છૂટીએ, ઝટ મોક્ષે જઇએ ને માટે સાધુ થઇએ, વ્રતધારી બનીએ, તપ- જપ- ત્યાગ કરીએ. તેવી ઇચ્છા પેદા થાય તે બધા ભગવાનના ભગત છે.
- જેને મોક્ષ જોઇએ નહિં, સંસારનું સુખ જ જોઇતું હશે તેના માટે આ શાસન ઉપકારક નહિ થાય પણ અપકારક થશે.

જૈનશાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિધ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

**અઠવાડિક**

## શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

*મોહનો વૈરાગ્યથી જીતો*

उक्कड्ढंतं जधा तोयं, सीतलेण झविज्जती ।

गदो वा अगदेणं तु, वेरग्गंण तहोदओ ॥

**(શ્રી વ્યવહાર ભાષ્ય, ગા. ૨૭૬૮)**

ઉકળતા પાણીમાં શીતલ જલને છાંટવાથી તે શાંત થઈજાય છે,

રોગ ઔષધથી શાંત થાય છે,

તેમ મોહનો ઉદય વૈરાગ્યથી ઉપશાંત થઇ જાય છે.

**વર્ષ ૧૫**

**શ્રી જૈન શાસન કાર્યાલય**

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર,

(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005

PHONE : (0288) 770963

**અંક ૩૩**

# અષ્ટકારી પૂજાના રહસ્યો

પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.

**(૧) જલપૂજા : દુહો**

જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ
જલપૂજા ફલમુજ હોજો, માંગો એમ પ્રભુ પાસ
જ્ઞાનકળશ ભરી આતમા, સમતારસ ભરપુર
શ્રી જિનને નવરાવતા, કર્મ હોય ચકચૂર.

હે નિર્મલ દેવાધિદેવ ! આપનો તો દ્રવ્યમેલ અને ભાવમેલ ઉભય ધોવાઈ ગયાં છે. આપને અભિષેકની કોઈ જરૂર નથી, પણ મારા નાથ ! તને નવરાવીને મારા કર્મમેલ ધોઈને હું નિર્મલ થાઉં છું.

**(૨) ચંદનપૂજા : દુહો**

શીતળ ગુણ જેમાં રહ્યો, શીતલ પ્રભુમુખ રંગ
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ.

હે પરમાત્મન્ ! મોહનો નાશ કરીને આપે આપના આત્મામાં શીતલતા પ્રસરાવી દીધી છે. પરંતુ હે મારા નાથ ! મારો આત્મા તો વિષયની-કષાયની અગનજ્વાળાઓથી સળગી રહ્યો છે તે માટે આ ચંદનની શીતલતા આપને અર્પિત કરીને હું આત્મિક શીતલતા અને સૌરભતાની યાચના કરું છું.

નવાંગી પૂજાનો ક્રમ નીચે મુજબ સમજવો :

(૧) જમણો અંગુઠો-ડાબો અંગુઠો
(૨) જમણો ઢીંચણ-ડાબો ઢીંચણ
(૩) જમણા કાંડે-ડાબા કાંડે
(૪) જમણા ખભે-ડાબા ખભે
(૫) મસ્તક શિખાને
(૬) લલાટે
(૭) કંઠે
(૮) હૃદયે
(૯) નાભિએ - કુલ અંગ નવ, કુલ તિલક તેર.

**(૩) પુષ્પપૂજા : દુહો**

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ
સુમ જંતુ ભવ્ય જ પરે કરીએ સમકિત છાપ.

હે પરમાત્મન્ ! આપને સુમન એટલે પુષ્પ અર્પિત કરી હું આપની પાસે સુમનસ એટલે સુંદર મન માગી રહ્યો છું. આપના અંગે ચડતાં પુષ્પને જેમ ભવ્યત્વની છાપ મળે છે તેમ મને પણ સમ્તકૃત્વ મળો.

**(૪) ધૂપપૂજા :**

(હવેની પાંચેય અંગપૂજાઓ જિનાલયના રંગમંડપમાં કરવાની છે. ગભારામાં ઉભા રહીને ન કરવી.)

**દુહો :** ધ્યાન ઘટા પ્રગટાવીએ, વામ નયનજીન ધૂ ।,
મિચ્છત દુર્ગન્ધ દૂર ટળે, પ્રગટે આત્મસ્વરૂપ

હે પરમાત્મન્ ! આ ધૂપની ઘટાઓ જેમ ઊંચે ઊંચે જઈ રહી છે તેમ મારે પણ ઊર્ધ્વ ગતિ અને સિદ્ધશિલાને પ્રાપ્ત કરવી છે, માટે આપની ધૂપપૂજા કરી રહ્યો છું. હે તારક ! આપ મારા આત્માની મિથ્યાત્વ રૂપી દુર્ગંધ દૂર કરીને શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટ કરનારા થાઓ.

**(૫) દીપકપૂજા : દુહો**

દ્રવ્ય દીપક સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક
ભાવ પ્રદીપ પ્રકટ દુએ, ભાસિત લોકાલોક.

હે પરમાત્મન્ ! આ દ્રવ્યદીપકનો પ્રકાશ ધરં ને હું તારી પાસે મારા અંતરના જ્ઞાનરૂપી ભાવદીપક પ્રગટે અને અજ્ઞાનનો અંધકાર ઊલેચાઈ જાય એવી યાચના કરું છું.

**(૬) અક્ષરપૂજા : દુહો**

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી નંદાવર્ત વિશાળ,
ધરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકળ જંજાળ

હે પરમાત્મન્ ! શુદ્ધ અખંડ અક્ષતનો સ્વસ્તિક આલેખીને આપની પાસે અક્ષત-ક્યારેય નાશ ન પામે તેવું-શિલ્દા લાનું પરમ ધામ મને પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરું છું.

આ અક્ષત જેમ વાવ્યા પછી ઊગતા નથી તેમ મારે પણ આ સનસારમાં પુનઃજન્મ પામવો નથી.

**(૭) નૈવેદ્યપૂજા : દુહો**

અણહારી પદ મેં કર્યાં, વિગ્રહ ગઈય અનંત
દૂર કરી તે દિજીયે, અણાહારી શિવસંત.

હે પરમાત્મન્ ! જન્મમરણની જંજાળમાં જકડાયેલા મને પરભવ જતાં અનંતવાર અણાહારી રહેવાની ફરજ કર્મસત્તાએ પાડેલી પરંતુ એ ફરજ પૂર્ણ થતાં જ સીધી જન્મની ને જા શરૂ થઈ હવે સંસારમાં પરિભ્રમણ કરાવતી આકાર સંજ્ઞાને જવા માટે અણાહારી પદ મોક્ષ મેળવવા માટે આપના ચરણે આ નૈવેદ્ય ધરું છું. જેના પ્રભાવે મારી આહારસંજ્ઞા નાશ પામો, એવી અભિલાષા વ્યક્ત કરું છું.

**(૮) ફળપૂજા : દુહો**

ઈન્દ્રાદિક પૂજા જાણી, ફૂલ લાવે ધરી રાગ
પુરુષોત્તમ પૂજા કરી, માગે શિવ ફળ ભાગ.

હે પરમાત્માન્ ! વૃક્ષનું અંતિમ સંપાદન ફળ હોય છે તેમ આપની ફળપૂજાના પ્રભાવે મને પણ મોક્ષરૂપ અંતિમ ફળ પ્રાપ્ત થાવ.

आज्ञाराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (જામનગર)

વર્ષ : ૧૫) * સંવત ૨૦૫૯ જેઠ વદ - ૧૦ * મંગળવાર, તા. ૨૪-૬-૨૦૦૩ (અંક : ૩૩

## પ્રવચન
## એકસાઈઠમું
પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો સુદિ-૫, સોમવાર, તા. ૨૮-૯-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

सुनिउणमणाइणिहणं भूयहियं भूयभावणमहग्घं ।
अमियमजियं महत्वं महाणुभावं महाविसयं ॥

ભગવાનની આજ્ઞાની વાત સમજાવી રહ્યો છું. તમે બધા ધારો તો ચોવીશેય કલાક આજ્ઞાના વિચારમાં રહી શકો. 'આજ્ઞા વિચાક' નામનો ધર્મધ્યાનનો પહેલો પાયો છે. ધર્મના વિચારમાં જ એકતાનતા આવે તેનું નામ ધ્યાન! હાલતા- ચાલતા એક જ વિચાર કે 'દુઃખથી ગભરાવવું નહિં, અને સુખમાં લેપાવું નહિં'. આવો આત્મા જ પાંચે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને સારી રીતના પાળી શકે. સાધુ-સાધ્વીની આઠ માતા કહી છે, તે આઠે માતાઓ જીવતી હોવા છતાં આજે અમારામાંના ઘણા પર કશી અસર કરી શકતી નથી દુઃખથી ગભરાનારો અને સુખનો લાલચુ કદિ સારી રીતના સમિતિ કે ગુપ્તિ પાળી શકે જ નહિં.

સાચા ભાવે ધર્મ કરવો તો આત્મા સાથે આજ્ઞા એકમેક કરવી જ જોઈએ. કોઈ મતથી પરાભવ ન પામે એવી આજ્ઞા છે, જે વર્ણન અહીં છે તે બીજે કશે જ નથી, મહાવિષયવાળી છે, બધા જ પદાર્થોના જ્ઞાનવાળી છે, આની જોડી કશે મળે તેવી નથી, આવી આ આજ્ઞા છે. આજ્ઞાનું ચિંતન કરે તેને ધર્મની પ્રાપ્તિ થયા વિના ન રહે તેવું બને? 'આણાએ ધમ્મો' કહ્યો તેનો આ પરમાર્થ છે. ધર્મ કરનારો આજ્ઞાનો ખપી હોય. મંદિરે જવાથી ધર્મ છે તો તે તરત જ પૂછે કે, 'મંદિરે કેવી રીતે જવાય? શું લઈને જવાય?' તમને આવું પૂછવાનું મન થાય ખરૂ?

મંદિરમાં પેસતા પહેલાં નિઃસિહી બોલવાની છે તો નિઃસિહી શું છે? મંદિરમાં સંસારની કોઈ જ વાત ન થાય. સંસારની વાત ન થાય તો સંસારનું સુખ મંગાય ખરૂ? શ્રી શ્રીપાલ મહારાજા અને શ્રીમતી મયણાસુંદરીનો પ્રસંગ યાદ છેને? શ્રીમતી મયણાસુંદરીની માતા રૂપસુંદરીને લાગ્યું કે મારી દીકરી કોઢિયાને છોડી અન્યને વરી છે બહુજ ભયંકર અકાર્ય કરી નાખ્યું. તેથી મંદિરમાં પેસતા જ જોરથી રોવાઈ ગયું. શ્રીમતી મયણાસુંદરીએ માતાને જોતાં જ આખી વાત સમજી ગઈ તેથી સમાધિ આપવા ખાતર જ કહ્યું કે 'મા! હર્ષના સ્થાને વિષાદ કેમ?' માતાજીએ જયારે વિગતવાર વાત પૂછી તો કહે કે, બીજી વાત પછી. માનું દુધ્યાન અટકાવવા પૂરતુ જ બોલેલી. આજે મંદિરમાં જનારા વિધિના જાણકાર ખરા?

ભગવાનની આજ્ઞા પ્રમાણે જ ધર્મ કરવાનો છે આ વાત હૈયામાં ન બેસે ત્યાં સુધી કલ્યાણ ન થાય. વેપારાદિ કરો તો કેવી રીતે કરો? મરજી મુજબ કરનારા ઘણા ડુબી ગયા અને અનુભવીને પૂછનારા ટકી ગયા. વર્ષોથી ધર્મ કરનારા ભોટ કેમ રહ્યા? વર્ષોથી ધર્મ કરનારા નવા આવનારાને 'ધર્મ કેમ કરાય' તે સમજાવી શકે નહિં તેવા કેમ રહ્યા? ધર્મમાં આજ્ઞાનું મહત્વ છે ખરૂં? આજ્ઞા કાઢી નાખો તો ધર્મ ગયો કે રહ્યો? આજ્ઞા મુજબ ધર્મ કરતા હોત તો આજે મંદિર માટે કેશર-સુખડની ટીપ કરવી પડત! ટીપ કેમ કરવી પડે છે? પૂજા કરનારાને પૂજા કેમ કરવી તે ખબર નથી માટે. આજે પૂજા કરનારા વધે તેમ મંદિરને ઉપાધિ વધે. કેમ? આજ્ઞા મુજબ નથી કરતા માટે. જે મંદિરમાં પાંચસો હજાર માણસ પૂજા કરનારા હોય તો ત્યાં ટીપ કરવી પડે? પૂજારીને પગાર દેવદ્રવ્યમાંથી આપવો પડે ખરો? દર્શન પૂજનાદિ કરનારા સમજુ હોય કે અણસમજુ હોય?

ધર્મ ઉંચી કક્ષાનો છે. ધર્મ કરવા ભગવાન કશું કહી ગયા તે સમજવું પડે. ભગવાન મોક્ષે ગયા, મોક્ષ આવવાનું આમંત્રણ આપીને ગયા તે માટે ધર્મ બતાવી- સમજાવીને ગયા. મોક્ષે જવું તો ધર્મ કેવી રીતે કરાય? મોક્ષે જવું છે તો સંસારમાં ફાવતું નથીને? સુખ છોડવાનું મન પણ થાય છે ખરૂં? ધર્મી દુઃખની ફરિયાદ કરે કે દુઃખ મજેથી વેઠે? **દુઃખ મજેથી વેઠે તો કર્મ ખપે અને સુખ મજેથી ભોગવે તો કર્મ બંધાય.** દુનિયાનું સુખ જ આત્માને ભૂલાવનાર છે. ધર્મ નહિ સમજેલા માતા-પિતાદિ પણ ધર્મ કરનારની પ્રત્યે વૈરી બને. તે માટે ભૃગુ પુરોહિતની વાત પણ આપણે જોઈ આવ્યા છીએ. આજે તો મોટેભાગે તમારા ઘરમાં જન્મે તે સદ્ગતિમાં ન જાય. તમારે ઘેર જન્મ્યો એટલે દુર્ગતિનો પટ્ટો મલી જ ગયો. તમે પોતે પણ મરીને દુર્ગતિમાં ન જવું પડે તેની ચિંતામાં છો? રોજ સંતાનોને- પરિવારને સમજાવો છો કે, દુનિયાની સુખ સંપત્તિની પાછળ જ પડશો, તેને મેળવવા, ભોગવવા અને મોજમજાદિ કરવા જેમ તેમ જીવશો તો દુર્ગતિમાં જ જવું પડશે. 'દુનિયાના સુખ માટે પાપ ન થાય, દુઃખ મજેથી ભોગવાય'- આવી શિખામણ આપી છે? આજના જૈન ઘરોમાંથી આ વાત કેમ નીકળી ગઈ? આજ્ઞા સમજાઈ નથી તેથી. ઘરમાં રહેવું પડે તે પાપનો ઉદય કે પૂણ્યનો? હું ફસાઈ ગયો છું તમારે ફસાવા જેવું નથી તેમ પણ કહ્યું છે? આ જન્મમાં સાધુ જ થવા જેવું છે તેમ પણ કોઈ મા-બાપે કહ્યું છે? જૈન ઘરમાં જન્મેલો કોઈ પણ આત્મા દીક્ષાનો વિરોધી હોય જ નહિં. દીક્ષા લેવા જ તડપડતો હોય, દીક્ષા ન લઈ શકે તેનું અનહદ દુઃખ થાય, અને મરતા મરતા ય કહે કે- આ જન્મમાં પામવા જેવી દીક્ષા ન પામી શક્યો. મારે તમને સૌને આવા ભાવનામાં રમતા કરવા છે. તમે બધા દીક્ષા લેતાં નથી તેનું દુઃખ નથી પણ દીક્ષા લેવાનું મન પણ નથી તેનું દુઃખ છે. તે માટે ભગવાનની આજ્ઞાને સમજાવી રહ્યો છું. હજી પણ આ મહાપુરૂષ શું કહે છે તે બધી વાત હવે અવસરે

# પ્રવચન
# બાસઠમું
## પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદ-૨+૩, શુક્રવાર, તા. ૯-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦૦૦૬.

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पियमायऽवच्च भज्जा सयण धणा सबलतित्थिमंतिनिवा।
नायर अहम पमाया परमत्थ भयाणि जीवाणं ॥

અંનત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે, જ્યાં સુધી ધર્મ કરનાર જીવને આ સંસારથી છૂટીને મોક્ષ પામવાની ઈચ્છા પેદા થાય નહિ ત્યાં સુધી તેનો ધર્મ, વાસ્તવિક ધર્મ બનતો નથી. આ ધર્મની આરાધનામાં જેટલા જીવો સંસારના રાગી છે તેમને, જેઓને મોક્ષની ખબર પણ નથી અને જેઓને મોક્ષની ઈચ્છા પણ નથી તેવા બધા જીવોને માતા-પિતા, સ્નેહી-સ્વજનાદિ બધા મોક્ષ સાધક ધર્મની આરાધનામાં મોટામાં મોટા ભયરૂપ બને છે. મોક્ષસાધક ધર્મ જેને કરવો હશે તેને આ બધાને નારાજ

કરીને ધર્મ કરવો પડે.

જેટલા સંસારના રસિયા જીવો છે તેને તો કોઇ ધર્મ કરે તે ગમે જ નહિં ધર્મમાં અંતરાય કરનારા ઘણાં 'તારાથી આમ ન થાય, તેમ ન થાય' તેવું કહી ધર્મ કરવા દે જ નહિ, બળવાન આત્મા જ ધર્મ કરી શકે અને ધર્મમાં ટકી શકે, મરતા સુધી સંસારના જ કામ કર્યા કરે, શરીર ન ચાલે તો ય કરે, ભુખ્યા-તરસ્યા રહીને કરે તો ય તેની 'દયા' ન આવે પણ તેની પ્રશંસા કરતા કહે કે, 'ઉદ્યમી' છે, 'કામગરા' છે, કોઇ પણ કામમાં જરાપણ 'આળસ' કે 'પ્રમાદ' નથી. કામ સીદાવા દેતા નથી. આ વાત તમારા બધાના અનુભવની છે ને ? સામાન્ય રીતે સંસારનો અર્થી જીવ સંસાર માટે કેટલાં દુ:ખ વેઠે છે ? તે જ માણસ ધર્મની વાતમાં 'મારાથી થાય નહિ' 'મને આ તકલીફ થાય' તેમ પણ કહે છે ને ?

ધર્મ પણ સાચી રીતે કરનારો કોણ થાય ? ગુણઠાણાની શરૂઆત પણ કયાંથી થાય ? તો કહ્યું કે, મોક્ષની ઈચ્છાથી જે જીવને સંસાર અસાર ન લાગે, ખરાબ ન લાગે, મોક્ષની ઈચ્છા ન થાય તે પહેલું ગુણઠાણું પણ ન પામે. પહેલે નહિ આવેલો આગળ કઇ રીતે વધે ? માટે જ કહ્યું કે, અભવ્ય જીવો અનંતી વાર સાધુ થાય, સારામાં સારી રીતે સાધુપણું પણ પાળે, નવમા ગ્રૈવેયેકને ય પામે તો પણ તેમને ધર્મની પ્રાપ્તિ થઇ નથી, થતી નથી કે થશે પણ નહિં.

આ કાળમાં પણ મોક્ષસાધક ધર્મ સારામાં સારી રીતે એ કરી શકીએ તેવી બધી સામગ્રી મલી છે. આપણે મોક્ષે જ જવું છે ને ? મોક્ષે જવાની ઈચ્છા છે ને ? આપણે અભવ્ય પણ નથી કે દુર્ભવ્ય પણ નથી, કેમકે ઉંડે ઉંડે પણ મોક્ષે જવાની ઈચ્છા છે અને ભારે કર્મી ભવ્ય પણ નથી. કેમકે શાસ્ત્રે કહ્યું છે કે 'જેને આ સંસાર અસાર લાગે છે, મોક્ષમાં જ જવાની ઈચ્છા છે. કર્મયોગે કદાચ ધર્મ ન ય કરી શકતો હોય તો પણ ધર્મ જ કરવા જેવો માને છે, ધર્મ કરવા જ મહેનત કરે છે,' તે બધા લઘુકર્મી ભવ્ય જીવો છે.

આપણને આ સંસાર ફાવતો નથી ને ? સંસારનું સુખ ગમતું નથી ને ? સંસારનું સુખ મજેથી ભોગવીએ તો દુર્ગતિમાં જ જવું પડે તે વાત હૈયામાં લખાયેલી છે ને ? દુનિયાના સુખની જરૂર પડે, તેને મેળવવાની ઈચ્છા થાય, મેળવવા મહેનત કરીએ, મળ્યા પછી મજેથી ભોગવવાનું મન થાય, મજેથી ભોગવીએ તે બધો પાપનો ઉદય છે. જેને શાસ્ત્રે અવિરતિ નામનું મહાપાપ કહ્યું છે. જે ચીજ પાપના ઉદયથી મળે તે પાપરૂપ જ હોય અને તેનાથી નવાં નવાં પાપ બંધાય. અને પાપથી દુ:ખ જ આવે. દુનિયાનું સુખ મળે અને આનંદ થાય તે જ મોટું પાપ છે. તે સુખને મૂકીને જવું ન ગમે તેનું મરણ બગડે-આ વાતની ખબર છે ને ? તમે બધા સંસારમાં બેઠા છો પણ ઈચ્છા તો મોક્ષની જ છે ને ? સંસારના સુખની જરૂર પડે છે તે મેળવો છો અને ભોગવો પણ છો પણ હૈયાથી ગમતું નથી. કયારે આનાથી છૂટું, આની જરૂર જ ન પડે - તેવું મન થયા કરે છે. જો આનાથી સાવચેત ન રહું તો દુર્ગતિમાં જ જવું પડે, ફરી આવી ધર્મ સામગ્રી સંપન્ન મનુષ્યભવ કયારે મળે તેની ખબર નથી, આવી ચિંતા રોજ થયા કરે છે ને ?

આપણને આ મનુષ્યજન્મ એ બહુ સારો જન્મ મળ્યો છે તેની ના નથી. તે શા માટે મળ્યો છે તે જાણવું છે. આ જન્મ માત્ર પૈસા મેળવવા અને લહેર કરવા જ મળ્યો છે કે મોક્ષ સાધક ધર્મની આરાધના કરી મોક્ષે જવા માટે મળ્યો છે ? આ જન્મ જીવને મળ્યો હોય તો તેને લાગે કે, આ જન્મ પામી, સાધુપણું પામ્યા વિના મરીએ તો આપણો આ ભવ ગુમાવ્યો કહેવાય. આ દુર્લભ એવા મનુષ્યજન્મમાં મેળવવા લાયક શું છે ? તો શ્રી ઉત્તરાધ્યનન સૂત્રકારે કહ્યું છે કે, દશ દશ દષ્ટાન્તે દુલર્ભ એવા મનુષ્યજન્મમાં ત્રણ જ વસ્તુ દુર્લભ લાગે તે સમજુ જીવ કહેવાય. કઇ કઇ ત્રણ વસ્તુ દુર્લભ કહી છે ? સદ્‌ગુરુ મુખે ભગવાને કહેલ શાસ્ત્ર સાંભળવું અર્થાત શ્રી જિનવાણીનું શ્રવણ કરવું. તે પહેલી દુર્લભ ચીજ છે. સાંભળ્યા પછી સમજીને શ્રદ્ધા કરવી તે બીજી દુર્લભ ચીજ છે. શ્રદ્ધા કર્યા પછી સાધુધર્મને પામવા માટે ઉદ્યમ કરી, સાધુધર્મ પામવો તે ત્રીજી દુલર્ભ ચીજ કહી છે. દરિદ્રી પણ આ ત્રણ ચીજ પામે તો તેનો મનુષ્યભવ સફળ થાય અને મોટો શ્રીમંત પણ આ ત્રણ દુલર્ભ ચીજ પામ્યા વિના મરે તો તેનો આ ભવ એળે જાય. મોટે ભાગે દુર્ગતિમાં જાય અને સદ્‌ગતિમાં જાય તો વધુ મોટી દુર્ગતિમાં જવા માટે જાય- આ વાત મગજમાં બેસી છે ?

(ક્રમશઃ)

# ચેત ચેત ચેતન! તું ચેત

- પ્રજ્ઞરાજ

*ગયા અંકથી ચાલુ..*

◆ ઈચ્છા આકાશ જેવી અનંત છે. ઈચ્છાના ચકરાવે ચઢવા જેવું નથી. અનુકુળ વિષયોપભોગની ઈચ્છા જીવને દુઃખ, પીડા, વેદનાના ઘોડાપૂર આપે છે. જરાક સુખ મળે એટલે પાગલ બની નાચે-કૂદે છે અને સુખલોલુપી જીવ તૃષ્ણાના ચક્કરમાં તણાય છે અને તૃપ્તિનો ઓડકાર નવી નવી ઈચ્છાને જન્મ આપે છે. તૃષ્ણાને નાથવા પ્રયત્ન કર, બાકી આ તૃષ્ણા એવી છે જેની આગ કદી ન પૂરાય, જેની પ્યાસ કદી ન છીપાય પણ એવી વકરે જેનું વર્ણન ન થાય. વિષયની સ્પૃહામાં જીવ અટવાયા કરે છે તેમાંથી જન્મે છે શારીરિક વેદનારૂપ વ્યાધિઓ, માનસિક વેદનારૂપ આધિઓ અને તે બેમાંથી જન્મે છે બધી ઉપાધિઓ. આ ત્રણેનો ઉકરડો તેનું નામ જ સંસાર! આવા અસાર નિર્ગુણ સંસારમાંથી સુખ લેવાનો પ્રયત્ન કરવો એટલે પાણીના વલોણા જેવો નિષ્ફળ પ્રયત્ન છે. માટે હે આત્મન! કમમાં કમ તું મોહજન્ય ઈચ્છાઓનો નાશ કરવા પ્રયત્ન કર તો આ જીવન સફળ બનશે.

◆ હે આત્મન! તને ખરેખર પાપનો ડર પેદા થયો હોય, પાપથી બચવું હોય- નિવૃત્તિ જોઈતી હોય તો સવારના પાપનું મન થાય, તો ઝાકળબિંદુ જો, બપોરના પાપ કરવાનું ઈચ્છા થાય તો પાણીના પરપોટાને જો અને સાંજના પાપનું મન થાય તો સંધ્યાના રંગને જો, આ ત્રણના જેવું જીવન ચંચલ છે. કયારે પૂરૂં થઈ જશે તેનો વિચાર કર, તેના પર ખૂબ જ મનોમંથન કર તો જરૂર તને જીવનની દશા-દિશા બદલવાનું નવનીત પ્રાપ્ત થશે. અને ક્ષણ-વિનશ્વર નાશવંત- ચંચલ એવા જીવનનો ખ્યાલ તારી પાપની માત્રાને જરૂર તોડશે. પહેલાં જે રાચી-માચીને મજેથી પાપની વૃત્તિ -પ્રવૃત્તિ હતી તેમાં ફેર પડશે અને એક દિવસ જરૂર પાપની નિવૃત્તિ પામીશ.

◆ આજે આપણે માથાના અસહ્ય દુઃખાવા માટે કે શરીરની અસાધ્ય બિમારી માટે જેટલું રડીએ છીએ તેના કરતાં જો દુર્વિચાર, દુષ્ટભાષણ અને દુષ્ટપ્રવૃત્તિ માટે રડીએ તો દુર્વિચારાદિને દેશવટો મળશે. સમજુ જીવ હંમેશા પરિણામનો વિચાર કરીને પગલું ભરે. પરિણામના વિચાર વિનાનું પગલું તો પતનનું કારણ બને. માટે તું વિચારી લે.

◆ હે આત્મન! તારી સંસાર રઝળપટ્ટીનું કારણ કહું તારા કાનમાં. પોતાના ઘરના આંગણામાં કચરો નાખનારની સામે વાદ-વિવાદ, કલહ- કજીયા કંકાસ કરનારા, પોતાના કાનમાં કચરો નાખનારનું સન્માન- બહુમાન કરે છે. નિંદારસની પુષ્ટિ એ સંસારની પુષ્ટિ કરે છે. તો તે હવે સમજી ગયોને શાનમાં!

◆ મારા આતમરામ! તમારે પરમાત્મા બનવું છે ને તો માત્ર સંસારના સુખોપભોગની કલ્પનામાં રાચ્યા વિના સુકૃત્યોની ભાવનામાં રાચો અને શકિત પ્રમાણે જીવનમાં અમલ કરશો તો તે પરમાત્મા થવાનું પહેલું પગથિયું છે. સુખ માટેના કષ્ટો વેઠવા તે તો દુઃખોનું રીઝર્વેશન છે. જયારે સુકૃત માટેના કષ્ટો વેઠવા તે સદ્ગતિ અને પરમગતિનું રીઝર્વેશન છે. વળી આ સંસારમાં સ્વાર્થ માટે સુકૃત કરવામાં આપણે સૌ હોંશિયાર- પાવરધા છીએ. થોડું કરી ઘણું કમાવાની વાત તો આપણે માટે હસ્તગત કલા છે. પણ તે હોંશિયારી પણ અંતે તો આત્માની નુકશાની છે. જ્યારે સાચી હોંશિયારી આત્માના સદ્ગુણોનો વિકાસ સાધવા સહન કરવામાં છે. મળેલી શકિતનો સામનો કરવામાં નહિં પણ સહન કરવામાં સદુપયોગ કરે તો પરમાત્મા બને પૂણ્યયોગે પ્રાપ્ત સુંદર શકિતઓ દ્વારા જે અન્યોને સદ્ધર્મમ જોડે તે જ શકિતનું સાચું યોગદાન છે. માટે ચેતનજી! વસ્ત્ર પરિવર્તન તો ઘણા કર્યા, તે કરવું સહેલું છે પણ વૃત્તિ પ્રવૃત્તિનું પરિવર્તન કરવું કઠીન છે, તે કરી કાર્યસિદ્ધિને સાધો.

◆ હે પુણ્યાત્મા! પૂણ્યયોગે પ્રાપ્ત સંપત્તિનો જ્ઞાનીની આજ્ઞા મુજબ સદુપયોગ કર, જેથી તું તારા આત્મકલ્યાણનો રાહી બની અક્ષય સુખ સંપત્તિનો સ્વામી બની તારા જીવનને આબાદ બનાવીશ. બાકી જો સંપત્તિનો વૈષયિક સુખોના ભોગવટામાં ઉપયોગ કરીશ તો તારૂ જીવન બરબાદ બનશે. તારે આબાદ બનવું કે બરબાદ તે તારા હાથમાં છે. તું જ તારા જીવનનો સુકાની છે તો વિચારી લે.

◆ અજ્ઞાન એ જ આત્માનો મહાશત્રુ છે. બધા દુઃખોનું જનક છે. અજ્ઞાન હોય ત્યાં અકળામણ, અથડામણ, અંધકાર, મૂંઝવણ હોય છે છતાં આપણને આ બધું કોઠે પડી ગયું છે અને 'હું અજ્ઞાન છું' તેવો બચાવ પણ કરીએ છીએ અને આત્માને છેતરીએ છીએ. જીવો રિબાય છે અજ્ઞાનથી છતાં પણ તે દૂર કરવાનો ઉત્સાહ જાગતો નથી. 'હું બધું જાણું છું' તેમ ઓળખ આપીને પણ અજ્ઞાનનો સાથ છોડવો નથી તે કેવી અજાયબી! જીવનમાં જો સમ્યગજ્ઞાનની સલિલા કલકલ વહે તો સમાધિ-સુખશાંતિના ફૂલો ખીલી ઉઠે અને સંસાર કપાઈ જાય. જ્યારે અજ્ઞાનથી ભવનીના ફેરા વધે, ભોગસુખથી ભવ વધે અને જ્ઞાનનો અભાવ દુઃખ આપે. બોલ તારે કયા માર્ગે જવું છે ?

◆ આ મનુષ્ય જન્મની મહત્તા પુણ્ય ગોયે મળેલી સુંદર શકિતઓના સદુપયોગ કરવામાં છે. સામનો કરવા કરતાં સહન કરવામાં, સાચુ સ્વીકારવામાં, સાચી શુરવીરતા છે. 'મારું તે સાચું' નહિ પણ 'સાચું તે મારું' 'જે શ્રી જિનાજ્ઞાનુ સારી હોય' તે વૃતિ રાખવાથી આત્મ મંદિરમાં શુભભાવોની જ્યોતિ દેદીપ્યમાન બનશે અને જેનો પ્રકાશ સ્વ પર ને ઉપકારક બની, પરિચયમાં આવનારને પણ અસરકારક બનશે. માનવી કયાં છે તેના કરતાં તેની દષ્ટિ કયાં છે અને તે શું કરવા માગે છે તેનાથી જીવનનું શ્રેય નકકી થાય. માટે હે આત્મન્ ! તું તારા જીવનનું ધ્યેય નકકી કરી, તારી દષ્ટિને નિર્મલ કર તો તારા અંતર મનમાં પ્રજ્ઞાનો સાચો પ્રકાશ તને સન્માર્ગની કેડીએ લઈ જશે.

◆ આ જગતમાં જો તું દષ્ટિ અને હૈયાના વિવેકથી વિચાર કરીશ તો તને ડગલે-પગલે કર્મોની વિચિત્રતા વિષમતા અને વૈવિધ્યતા દેખાશે. એક બાજુ ગુણોની સુવાસ તો બીજી બાજુ તેનામાં જ દોષોના કાંટા દેખાશે જેમ રાવણની શ્રી જિનભક્તિ ગુલાબની સુગંધની જે સુંદર હતી તો તેનામાં વિષયાંધતા પણ તેને પામ બનાવનારી હતી. માટે જ જ્ઞાનિઓ આપણને વારંવા ચેતવણીના સૂર સંભળાવે છે કે - આ જગતમાં વિષયોની ઈચ્છા સમાન દુઃખ નથી તો કમમાં તેની આધીનતા પાગલતા - લોલુપતાથી તારી જાતને તો તું બચાવ !

◆ શ્રી જિન ભક્તિ એ તો મુકિતની દૂતી છે. ભક્તિ એ કાંઈ સોદો કરવાની ચીજ નથી. પણ આજે ભક્તિને વેપા બનાવી, છડે ચોકે તેનું વસ્ત્રાહરણ કરાઈ રહ્યું છે. જગતની બધી ચીજો કરતાં ભગવદ્ ભક્તિ શ્રેષ્ઠ કોટિની છે જે ખુ ભગવાન બનાવે છે. પણ સુખના લાલચુ અને દુઃખના કાય જીવો ભક્તિને પણ વેચી મારે છે. ભક્તિ કરતાં સંસાર વળગણ વળગી ન જાય પણ છૂટી જાય તેમ તું કરીશ તો ખુદ ભગવાન બની જઈશ, નહિ તો ભવમાં ભટકી મરીશ.

◆ રોગનું મૂળ પકડાય તો રોગ મૂળમાંથી જાય અને જો સાચું નિદાન ન થાય તો રોગો ઘર કરી જાય કે લાકડા સા જ જાય. તેમ દુઃખ કરતાં સુખોનો રાગ અને લોલુપતાથી કરેલો ભોગવટો વધારે ભયંકર છે. દુઃખ આવે પાપથી અ પાપ થાય સુખ માટે. પછી સુખ સારું કહેવાય ખરું ! જેની ઈચ્છા પણ અનેક દુઃખોની વણઝાર ખેંચી લાવે તેને સા કોણ કહે !

◆ જો તારે સાચા-સ્વાધીન-શાશ્વત સુખના સ્વામી બનવું હોય તો સંસાર પ્રતિ ઉદાસીનતા અને નિજ સ્વભાવની સંમુખતા કેળવ તો તારું મુનિપણું પણ સફળ થશે. સઘળાં ગ કલ્યાણો તારા ચરણો ચૂમશે. પછી તો તેની આવી ઉત્તમતા ખીલી ઉઠશે કે જગતા કોઈ અનિષ્ટો કે દુઃખો તેને પીડા નહિ આપી શકે અને જગતની સર્વશ્રેષ્ઠ સંપત્તિનો તે સ્વામી સદાને માટે બની જશે. તારે પણ આવી દશા પામવી તો આજથી જ પ્રયત્ન કર.

(ક્રમશઃ)

બેંગ્લોર બસવેશ્વર નગરમાં

# શ્રી હાલારી વીશા ઓશવાળ તપાગચ્છ જૈન સંઘને આંગણે શ્રી વિમલનાથજી આદિ ત્રણ જિન બિંબોના સામૈયા તથા

## પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ ઠા. ૪ તથા પૂ., સાધ્વીજી ઠાણા ૪ નો નગર પ્રવેશ

અત્રે પૂ. આ. શ્રી નું ચોમાસું નકી થતાં શ્રી સંઘે આ વિસ્તારમાં દેરાસર ન હોવાથી શંખેશ્વરજી હાલારી ધર્મશાળાથી શ્રી વિમલનાથજી, શ્રી પાર્શ્વનાથજી, શ્રી મહાવીર સ્વામી ત્રણ પ્રતિમાજી તથા ધાતુના શ્રી શાંતિનાથજી પંચતીર્થ આદિ લાવ્યે અને તેમનું સામૈયું તથા પૂ. આચાર્યદેવો આદિનું સામૈયું જેઠ સુદ - ૯ સોમવાર તા. ૯-૬-૨૦૦3 શ્રી રાજાજી નગરથી ચડયું હતું.

હાલારી સંઘમાં અનેરો ઉત્સાહ હતો. મોટી સંખ્યામાં ભાવિકો જાડાયા હતા. ઠેર-ઠેર ગહુલીઓ થઈ હતી. યુવનોનો પણ ઉત્સાહ ખૂબ હતો.

શ્રી ચંદ્રેશ હીરજી કાલીદાસ નગરીયાને ત્યાં સુંદર ગૃહમંદિર તૈયાર કર્યું હતું અને વિશાળ બંગલામાં પૂ. શ્રી આદિનું ચાતુર્માસ હતું. પૂ. સાધ્વીજી મ. નું ચાતુર્માસ લાલજીભાઈ પદમશી ગુઢકાના મકાનમાં નકી થયું હતું.

પ્રભુજી પધારતા પાંચ પોંખણાની બોલીઓ થઈ હતી.

| | | | |
|---|---|---|---|
| પહેલું પોંખણું | રૂા. ૨૫૦૦૦/- | શ્રી જીતેશ સોમચંદ માલદે | - મુંગણી |
| બીજું પોંખણું | રૂા. ૧૬૧૧૧/- | શ્રી કાળીદાસ હંશરાજ નગરીયા | - લાખાબાવળ |
| ત્રીજું પોંખણું | રૂા. ૧૫૧૧૧/- | શાહ કાલીદાસ હંસરાજ નગરીયા | - લાખાબાવળ, |
| ચોથું પોંખાણુ | રૂા. ૧૧૧૧૧/- | શ્રી પદમશી વાઘજી ગુઢકા | - લાખાબાવળ, |
| પાંચમું પોંખાણું | રૂા. ૧૨૧૧૧/- | શ્રી ગોવીંદજી મેપા મારૂ, સીકા | - ભીવંડી |

તે સાથે ત્રણ આરસના પ્રતિમાજીને મહેમાન તરીકે પધારવાની બોલીઓ થઈ હતી.

*બોલીઓમાં ઉત્સાહ સારો હતો.*

૧,૩૧,૧૧૧/- **મૂળનાયક શ્રી વિમલનાથજી પધરાવવાનું**
શ્રી પદમશી વાઘજી ગુઢકા પરિવાર - લાખાબાવળ
હઃ જીતેન્દ્ર શ્રી સોમચંદ જીવરાજ માલદે પરિવાર - મુંગણી હઃ જીતેશ

૭૧,૧૧૧/- **શ્રી પાર્શ્વનાથજી પધરાવવાના**
શ્રી કાલીદાસ હંસરાજ નગરિયા પરિવાર - લાખાબાવળ

૭૫,૧૧૧/- **શ્રી મહાવીર સ્વામી પધરાવવાના**
પ્રેમચંદ પોપટ બીદ પરિવાર - નાના માંઢા હઃ વિનોદભાઈ

૩૧,૧૧૧/- **ધાતુના પંચતીર્થ શ્રી શાંતિનાથજી તથા શ્રી સીદ્ધચક્રજી પધરાવવાના**
શ્રી કેશવજી નરશી કરણીયા પરિવાર - રાવળશર હઃ મનસુખભાઈ

ત્યાર બાદ ગુરુ પ્રવેશ તથા દીક્ષાતિથિ નિમિત્ત ગુરુ પૂજન આદિની બોલી થઈ હતી.

| | | |
|---|---|---|
| ૭૫,૧૧૧/- | ગુરુ પૂજન શ્રી રતિલાલ વીરપાર ગડા | - ચેલા, |
| | શ્રી ઝવેરચંદ નથુ ગલૈયા | - વડાલીયા સિંહણ |
| | શ્રી મહેન્દ્ર હેમરાજ હરણીયા | - ખીરસરા |
| | શ્રી પ્રેમચંદ દેવશી વોરા | - ચેલા |
| | શ્રી ભીમજી ખીમજી કરણીયા | - જોગવડ |
| | શ્રી રામજી લાલજી ખીમસીયા | - ચેલા |

પૂ. ગુરુ દેવને કામળી વહોરાવવાના

| | | |
|---|---|---|
| ૪૪,૪૪૪/- | શ્રી જયંતિલાલ દેવત જાંખરીયા પરિવાર | - જામખંભાળીયા હઃ રમેશભાઈ |

પોંખાણા થયા બાદ પ્રભુજીને દેરાસર પાસે પધરાવાયા હતા. બાદ મંડપમાં પ્રવચન થયું હતું. ત્યાં ગુરુ પૂજન તથા કામળી વહોરાવવાની વિધિ થઈ હતી.

બાદ દેરાસરે આવી ૐ પુણ્યાહં આદિ મંત્ર સાથે શ્રી વિમલનાથ પ્રભુજી આદિનો લાભ લેનાર ભાગ્યશાળીઓએ જિનમંદિરમાં પધરાવ્યા હતા. દર્શન કરી સૌ મંડપમાં પધાર્યા હતા. ત્યા નવ ભાવિકો તરફથી હા.વી. ઓ. તપગચ્છ સંઘ તથા પધારેલ સૌ ભાવિકોનું સાધર્મિક વાત્સલ્ય હતું. દરેકની રૂા. ૧૫-૧૫નું સંઘ પૂજન ભાવિકો તરફથી થયું હતું

સંઘમાં ઘણો ઉત્સાહ છે. જેઠ સુદ ૧૦/૧૧ મંગળવાર તા. ૧૦-૬-૨૦૦૩ના સુદ ૧૧ની **પૂ. શ્રી ને ૪૯ વર્ષ દીક્ષાના પુરા થતાં પ્રવચનમાં પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિ. મા.** એ તથા શ્રી રામજીભાઈ લક્ષ્મણ મારૂ - થાન વાળાએ તેમની દીક્ષા પ્રસંગનું વર્ણન કર્યું હતું. બાદ પૂ. શ્રી દીક્ષાની મહત્તાનું પ્રવચન આપેલ. શ્રી લાલજીભાઈ પદમશી ગુઢકાએ કહ્યું હતું કે અમારા કુળમાંથી દીક્ષા લઈ તેઓશ્રીએ કુળ અજવાળ્યું છે. શાસનને દીપાવ્યું છે. શ્રી સંઘ તરફથી તથા તેમના કુટુંબ વતી શુભેચ્છા પાઠવી હતી. શ્રી સંઘ તરફથી ૪૯-૪૯ રૂા. નું સંઘ પૂજન થયું હતું.

૪૯ મી દીક્ષા નિમિત્તે આજથી ત્રણ દિવસનો ઉત્સવ હતો. આજે શાહ કાલીદાસ હંસરાજ નગરીયા પરિવાર તથા શાહ પદમશી વાઘજી ગુઢકા પરિવાર તરફથી પંચકલ્યાણક પૂજા ભણાવાઈ હતી.

સુદ ૧૨ના શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણક પૂજા શ્રીમાન ઈશ્વરલાલ રાયચંદ ગુઢકા, શ્રીમતી કલાબેન ઈશ્વરલાલ પરિવાર પુત્ર હિતેન, પુત્રવધુ ભાવિકા, કુ. લીના - ચંગા હાલ લેસ્ટર તરફથી ચિ. પુત્ર હિતેનના લગ્ન નિમિત્તે હઃ ઝવેરચંદ લાધાભાઈ નાગડા - લાખાબાવળ હાલ જામનગર.

જેઠ સુદ ૧૩ના શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા

ગં. સ્વ. રળિયાતબેન રાયચંદ કુલચંદ ગુઢકા પરિવાર હઃ ઈશ્વરલાલ રાયચંદ, કલાબેન ઈશ્વરલાલ, હિતેન ઈશ્વરલાલ, કુ. લીના, પુત્ર વધુ ભાવીકા - ગામ ચંગા, હાલ લેસ્ટર તરફથી હઃ ઝવેરચંદ લાધાભાઈ નાગડા લાખાબાવળ હાલ જામનગર તરફથી ઠાઠથી ભણાવાઈ હતી.

જેઠ સુદ ૧૪ શાહ હીરજીભાઈ - ડબાસંગવાળા તરફથી તેમના ચિ. ધીરેનના સ્વર્ગવાસ નિમિત્તે અંતરાય કર્મ નિવારણ પૂજા તથા દુકાનના ઉદ્‌ઘાટન નિમિત્તે પૂજા ઠાઠથી ભણાવાઈ હતી.

દરરોજ સવારે પ્રવચન અને રાત્રે ભાઈઓ માટે પ્રવચન આદિમાં સારો લાભ લેવાય છે.

# જ્ઞાનગુણ ગંગા

- પ્રજ્ઞાંગ

છ પ્રકારના પુરૂષો (શ્રી તત્ત્વાર્થ સૂત્રના આધારે)

અધમાધમ- અધમ- વિમધ્યમ- મધ્યમ- ઉત્તમ અને ઉત્તમોત્તમ આ છ પ્રકારના પુરૂષોમાંથી પ્રથમના ત્રણ અધમાધમ- અધમ અને વિમધ્યમ પુરૂષોનું કર્મ 'અકુશલાનુંબંધ' કહેવાય છે. મધ્યમ પુરૂષોનું કર્મ 'કુશલાકુશલાનુંબંધ' કહેવાય છે.

ઉત્તમ પુરૂષોનું કર્મ 'કુશલાનુબંધ'વાળું કહેવાય છે. ઉત્તમોત્તમ પુરૂષોનું કર્મ 'નિરનુબંધ' કહેવાય છે.

અધમાધુમ પુરૂષો આ લોક- પરલોકમાં અહિત થાય તેવી હિંસાદિ ગર્હણીય સઘળીય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત બની નરકાદિના ભાજન બને છે.

અધમ પુરૂષો પરલોકાદિને નહિ માનતા, આ લોકમાં જ જેનું ફળ તેમને પ્રાપ્ત થયું છે તેવી હિંસાદિ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત બને છે.

વિમધ્યમ પુરૂષો આલોક- પરલોકના અર્થી હોવાથી ભદ્રક પરિણામી અને પૂણ્યકાર્યોમાં પ્રવૃત્ત થાય છે. પરંતુ તેમનો મુખ્ય આશય સાંસારિક સુખ જ હોવાથી આ ત્રણેનું કર્મ અકુશલાનુબંધી કહેવાય છે.

પરલોકને જ પ્રધાન ગણીને આલોકના સુખોનો ત્યાગ કરીને પરલોકમાં હિત થાય તેવી પ્રવૃત્તિઓમાં મધ્યમ પુરૂષો પ્રવૃત્તિ કરતાં હોવાથી 'કુશલાકુશલાનુબંધ'ના સ્વામી કહેવાય છે.

ઉત્તમ પુરૂષો મોક્ષને માટે જ સઘળી પ્રવૃત્તિ કરતાં હોવાથી અને સંસાર ભોગસુખોથી નિર્વેદ પામેલા હોવાથી તેમનું કર્મ કુશલાનુબંધી કહેવાય છે.

ઉત્તમોત્તમ પુરૂષ એવા શ્રી તીર્થંકર પરમાત્માઓ સ્વયં કૃતાર્થ હોવા છતાં બીજા અનેક જીવોના ઉપકારને માટે તીર્થની સ્થાપના કરે છે તેથી તેઓ 'નિરનુબંધ' કર્મના સ્વામી કહેવાય છે.

❖ ક્ષાયિક સમ્યક્ત્વ અંગે

यदा च दर्शन सप्तकं क्षपयित्वा प्राप्नोति

श्रेणिकादिः स आदिस्तस्य केवल प्राप्तावन्त इति ॥

(શ્રી તત્ત્વાર્થ. સૂત્ર ૭. ભાષ્ય ટીકા પૃ. ૯૦)

આના પરથી ફલિત થાય છે કે છદ્મસ્થ જીવનું ક્ષાયિક સમ્યક્ત્વ અને કેવલ જ્ઞાનીના ક્ષાયિક સમ્યક્ત્વમાં ભેદ છે.

કેવલજ્ઞાનીનું ક્ષાયિક સમ્યક્ત્વ આત્મગુણની રમણતા સ્વરૂપ હોય છે. જ્યારે છદ્મસ્થ જીવનું ક્ષાયિક સમ્યક્ત્વ શ્રી જિનેશ્વર દેવના માર્ગની અવિહડ શ્રદ્ધા- રૂચિરૂપ હોય છે.

* તિર્યંચગતિમાં પણ ક્ષાયિક- ક્ષાયોપશમિક એ બંન્ને સમ્યક્ત્વ હોય છે.

नरकगतौ क्षायिकक्षायोपशमिके स्यातां, तिर्यग्गतावायेते ॥ (શ્રી તત્ત્વાર્થ સૂત્ર-૮, ટીકા)

❖ સમ્યગ્દર્શન અને સમ્યગ્દ્રષ્ટિ અંગે:

(તત્ત્વાર્થ ભાષ્ય.)

ભાષ્યકાર પરમર્ષિ મતિજ્ઞાનનો રૂચિરૂપ જે અપાય અંશ (અપાય નામનો મતિ જ્ઞાનનો ત્રીજો ભેદ જે મિથ્યાત્વના દળિયાઓને શુદ્ધ કરી સમ્યગ્દર્શન રૂપે પરિણમાવે છે) તેને જ સમ્યગ્દર્શન માને છે. તેથી સમ્યગ્દર્શન પદથી ક્ષાયોપશમિક સમકિતી જીવોને અને સમ્યગ્દષ્ટિ પદથી ક્ષાયિક સમકિતી જીવોનું ગ્રહણ કરે છે. તેથી જ ભાષ્યમાં જણાવે છે કે- (પૃ. ૯૬)

"स्पर्शनम् । सम्यग्दर्शनेन किं स्पृष्टम्"

लोकस्यासङ्ख्येय भागः, सम्यग्दृष्टिना तु सर्वलोक इति । अत्राह - सम्यग्दृष्टि सम्यग्दर्शनयोः कः प्रतिविशेष इति ? । उच्यते- अवाय् सद्द्रव्यतया सम्यग्दर्शनम्, अपायः आभिनिबोधिकम् तद्योगात् सम्यग्दर्शनम् । तत् केवलिनो नास्ति । तस्मात् न केवली सम्यग्दर्शनी, सम्यग्दृष्टिस्तु भवति ॥"

* પ્રવચનને પણ સંઘ કહેવાય.

प्रवचनं द्वादशाङ्गं ततोऽनन्यवृत्तिर्वा संघः ॥

(શ્રી તત્ત્વાર્થ. ભા.)

દ્વાદશાંગીથી ભિન્નવૃત્તિ જેની નથી અર્થાત્ આગમાનુસારી છે સઘળી પ્રવૃત્તિ જેની એવું જે પ્રવચન તેને શ્રી સંઘ કહેવાય.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ભેદ :

(શ્રી તત્ત્વાર્થ. ભાષ્ય.)

भा. उत्पन्नाविनष्टार्थग्राहकं साम्प्रतकाल विषयं मतिज्ञानम, श्रुतज्ञानं तु त्रिकालविषयम्, उत्पन्नविनष्टानुत्पन्नार्थग्राहकमिति । मति ज्ञानमिन्द्रियानिन्द्रियनिमित्तम्, आत्मने ज्ञस्वाभाव्यात् पारिणामिकं, श्रुतज्ञानं तु तत्पूर्वकमाप्तोपदेशाद् भवतीति ॥ २० ॥

મતિજ્ઞાન ઉત્પન્ન અને અવનિષ્ટ-નાશ નહિં પામેલા અર્થનું ગ્રાહક હોવાથી વર્તમાનકાલના વિષયવાળું છે.

જયારે શ્રુતજ્ઞાન ઉત્પન્ન - નાશ કે નહિં પ્રાપ્ત થયેલા અર્થનું પણ ગ્રાહક હોવાથી ત્રણે કાલને જણાવનારૂં છે.

મતિજ્ઞાન ઈન્દ્રિય અને નોઈન્દ્રિયથી થનારૂં અને આત્માના જ્ઞ-જાણ સ્વભાવનું કારણ હોવાથી સંસારમાં સર્વકાલ હોવાથી પારિણામિક છે. નિત્ય છે. શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોવા છતાં પણ આપના ઉપદેશની અપેક્ષા રાખે છે માટે અનિત્ય છે.

श्रुतज्ञानस्य तु मतिज्ञानेन नियतः सहभावस्तत्पूर्वकत्वात् । यस्य श्रुतज्ञानं तस्य नियतं मतिज्ञानम् । यस्य तु मति ज्ञानं तस्य श्रुत ज्ञानं स्याद् वा न वेति ।

શ્રુતજ્ઞાન મતિ જ્ઞાનપૂર્વક જ હોવાથી જ્યાં શ્રુતજ્ઞાન છે ત્યાં મતિજ્ઞાન હોય જ છે પણ જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય પણ ખરૂં અને ન પણ હોય.

* જીવને એકી સાથે કેટલા જ્ઞાન હોય?

જીવને એકી સાથે એક મતિજ્ઞાન હોય, કાં મતિ અને શ્રુત એ બે જ્ઞાન હોય, કાં મતિ- શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હોય કાં મતિ- શ્રુત- અવધિ અને મનઃપર્યાય એ ચાર જ્ઞાન હોય.

પણ જીવને એકલું શ્રુતજ્ઞાન હોય નહિં, કેમ કે જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં મતિજ્ઞાન તો હોય જ, પણ જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય પણ ખરૂં અને ન પણ હોય.

કેવળજ્ઞાનની હાજરીમાં મતિ આદિ ચાર જ્ઞાનો હોય કે ન હોય તે અંગે : (તત્ત્વાર્થ. ભાષ્ય.)

જેઓ કેવળજ્ઞાનની હાજરીમાં મતિ આદિ ચારે જ્ઞાનોનો સદ્ભાવ માને છે તે મત જણાવતાં ભાષ્યકાર કહે છે કે-

"केचिदाचार्या व्याचक्षते- नाभावः, किन्तु तदभिभूतत्वादकिञ्चित्कराणि भवन्तीन्द्रियवद् ।

यथा वा व्यभ्रे नभसि आदित्य उदिते भूरितेजस्त्वादित्ये नाभिभूतान्यन्यतेजांसि ज्वलनमणिचन्द्र नक्षत्र प्रभृतीनि प्रकाशनं प्रति अकिञ्चित्कराणि । भवन्ति तद्वदिति ॥ "

કેટલાક આચાર્યો માને છે કે, કેવળ જ્ઞાનની હાજરીમાં મતિ-શ્રુત- અવધિ અને મનઃપર્યાય એ ચારે જ્ઞાનોનો અભાવ નથી હોતો. કારણ કે સત્ વસ્તુઓનો આત્યંતિક નાશ કેવી રીતે હોય? જો સત્ વસ્તુઓનો આત્યંતિક નાશ થાય છે એમ જો માનવામાં આવે તો જેવી રીતે કેવળજ્ઞાન પેદા થયે છતે મતિ આદિ ચાર જ્ઞાનનો અભાવ- નાશ થાય છે તેવી રીતે શમ-વીર્ય-દર્શન- સુખ આદિ ભાવો-ગુણોનો પણ નાશ થવો જોઈએ. પરન્તુ કેવળ જ્ઞાનની હાજરીમાં આ ગુણોનો નાશ નથી હોતો પણ તેની સાથે જ તે ગુણો પ્રગટ થાય છે. જો કેવળજ્ઞાનની સાથે જ શમ -વીર્યાદિ ગુણોનું અસ્તિત્વ માનવામાં આવે છે તેમ મતિ આદિ ચાર જ્ઞાનોનો પણ સદ્ભાવ માનવો જોઈએ.

જો કેવળજ્ઞાનની હાજરીમાં મતિ આદિ ચાર જ્ઞાનોનો સદ્ભાવ માનો છો તો તે મતિ આદિ ચાર જ્ઞાનો પોતાના અર્થને કેમ જણાવતાં નથી? આવી જો કોઈને શંકા પેદા થાય તો તેના સમાધાનમાં જણાવે છે કે- તે તે જ્ઞાનનો પ્રભાવ હણાવાથી પોત-પોતાનો અર્થ જણાવવા શકિતમાન થતાં નથી. જેમ કેવલજ્ઞાની ભગવંતને ચક્ષુ આદિ ઈન્દ્રિયો હોવા છતાં તે ઈન્દ્રિયો પોત-પોતાના વિષયના અર્થને ગ્રહણ કરતી નથી. કેમ કે, તેમને- કેવળજ્ઞાન વડે જ દરેક વિષયોનું જ્ઞાન

થાય છે તેથી તે અકિંચિત્કર રહે છે. તેમ કેવળજ્ઞાન રૂપી સૂર્ય પ્રકાશિત થયે છતે મતિ આદિ ચાર જ્ઞાનો પોત-પોતાના વિષયોને જણાવવા સમર્થ થતાં નથી, તેથી તેનો સદ્દભાવ નથી તેમ ન કહેવાય. વળી જેમ વાદળા વિનાના આકાશમાં સૂર્ય પ્રગટ થયે છતે, ચન્દ્ર- નક્ષત્ર સૂર્યકાન્તાદિ મણિ, અગ્નિ આદિનું તેજ અકિંચિત્કર- બાહ્ય પદાર્થોને પ્રકાશિત કરવા અસમર્થ બને છે તેવી જ રીતે કેવળજ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશમાં તેજહીન બનેલા મતિ આદિ ચાર જ્ઞાનો પોતાના વિષયને પ્રકાશિત કરવા સમર્થ બનતાં નથી. પરંતુ તે ચારનો અભાવ હોતો નથી.

હવે જેઓ કેવળજ્ઞાનની હાજરીમાં મતિ આદિ ચાર જ્ઞાનોનો અભાવ માને છે તે વાતને જણાવે છે- केचिदव्याहुः अवाय सद्द्रव्यतया मति ज्ञानं, तत्पूर्वकं श्रुतज्ञानम्, अवधिज्ञान- मनः पर्यायज्ञानं च रूविद्रव्यविषये, तस्मान्नैतानि केवलिनः सन्तीति ॥

શ્રી કેવલજ્ઞાની ભગવંતને મતિ આદિ ચાર જ્ઞાનો હોતા નથી કેમ કે, મતિજ્ઞાન અપાય- શ્રોત્રાદિ ઇન્દ્રિયોના કારણે અર્થનો નિશ્ચય કરનારૂ છે, તેમજ સદ્દ્રવ્ય સુંદર પ્રકારના સમ્યક્દલિકો હોય છે ત્યાં સુધી મતિજ્ઞાન હોય છે. તેથી અપાય અને સદ્દ્રવ્ય બંનેનો નાશ કર્યો હોવાથી કેવળ જ્ઞાનીને મતિજ્ઞાન પણ હોતું નથી અને મતિજ્ઞાનનો અભાવ હોતે છતે મતિપૂર્વકનું શ્રુત જ્ઞાન પણ હોય જ નહિં- અને અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન રૂપિદ્રવ્યના વિષયવાળુ છે અને આવો વિષય કેવળ જ્ઞાની હોતો નથી. કેમ કે અવધિ - મનઃપર્યવ જ્ઞાન માત્ર લોકાકાશ સીમિત છે જ્યારે કેવળજ્ઞાન તો સંપૂર્ણ લોકાલોકગ્રહી છે. આથી સારી રીતના સમજી શકાય છે કે મતિ આદિ ચાર જ્ઞાન કેવલ જ્ઞાનીને હોતા નથી.

આ રીતના બંને મતોને જાણ્યા પછી સંશયિત શિષ્યના મનની સ્થિરતા માટે શ્રી ભાષ્યકાર પરમર્ષિ પોતાના અભિપ્રાય પ્રગટ કરતાં જણાવે છે કે 'किञ्चान्यत् । मतिज्ञानादिषु चतुर्षु पर्यायेणोपयोगो भवति, न युगपत् । सम्भिन्न ज्ञान दर्शनस्य तु भगवतः केवलिनो युगवत् सर्वभावग्राहके निरपेक्षे केवलज्ञाने केवलदर्शने चानुसमयमुपयोगो भवति । किञ्चान्यत् ''

શ્રી ભાષ્યકાર પરમર્ષિ જણાવે છે કે, શ્રી કેવલજ્ઞાની ભગવંતને મતિ આદિ ચાર જ્ઞાન હોતા નથી. કારણ કે મતિ આદિ ચાર જ્ઞાનનો ઉપયોગ- પોતાના વિષયની ગ્રહણ શકિત - ક્રમસર હોય છે પરંતુ એકીસાથે નથી હોતો અર્થાત જ્યારે મતિ જ્ઞાનનો ઉપયોગ હોય ત્યારે શ્રુતજ્ઞાન આદિ બીજા ત્રણ જ્ઞાનનો ઉપયોગ ન હોય, શ્રુત જ્ઞાનનો ઉપયોગ હોય ત્યારે મતિજ્ઞાન આદિ બીજા ત્રણ જ્ઞાનનો ઉપયોગ ન હોય. જ્યારે શ્રી કેવળજ્ઞાની ભગવંતને કોઇપણ જાતની ઇન્દ્રિયાદિની અપેક્ષા વિના ત્રણે કાલના સઘળા ય દ્રવ્યો અને પર્યાયોને જણાવનાર કેવળજ્ઞાન અને કેવલ દર્શનના સમયે સમયે ઉપયોગ હોય છે. કેવળજ્ઞાન અને કેવળ દર્શનના ઉપયોગમાં બીજા ઉપયોગનો અભાવ હોવાથી મતિ આદિ ચાર જ્ઞાનનો પણ સહભાવ સિદ્ધ થતો નથી.

"क्षयोपशमजानि चत्वारि ज्ञानानि पूर्वाणि, क्षया देव केवलम् । तस्मान्न केवलिनः शेषाणि ज्ञानानि भवन्तीति ।"

વળી, વધુમાં પૂ. શ્રી ભાષ્યકાર મહારાજા જણાવે છે કે મતિ આદિ ચાર જ્ઞાન, તે તે જ્ઞાનના આવરણના ક્ષયોપશમથી પેદા થાય છે. જ્યારે કેવળજ્ઞાન તો સંપૂર્ણ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી પેદા થાય છે. આથી સુનિશ્ચિત થાય છે કે શ્રી કેવલજ્ઞાની ભગવંતને મતિ આદિ ચાર જ્ઞાન હોતાં નથી.

▼▼▼


**❖ જૈન શાસનમાં ખુશી ભેટના ❖**

રૂા. ૧૦૦૦/- રમાબેન લાલજીભાઇ હેમરાજ - મુ. ચંગા, હાલ લંડન

રૂા. ૧૦૧/- સ્વ. જીવીબેન ખીમજીભાઇ હધાભાઇ પરિવાર જામનગર

પ.પૂ. સા. શ્રી હર્ષીતશ્રેયાશ્રીજી મ. સા. તથા

પ. પૂ. સા. શ્રી સૌમ્યશ્રેયાશ્રીજી મસા.ના વર્ષિતપની સુંદર આરાધના નીમીતે ખુશીભેટના

# પૂ. શ્રી ધનેશ્વર મુનીશ્વર વિરચિત 'સુરસુંદરી ચરિયં'માંથી

(આઠમો પરિચ્છેદ શ્લો. ૭૩થી ૮૦)

## રાગની રમત

'હે મનુષ્યો! જૂઓ તો ખરા આ સંસારમાં દેવો પણ અનુરાગમાં પરવશ બનેલા. વિષયોમાં આસકત બનેલા વિવિધ પ્રકારની વિપદાઓ પામે છે.

પરલોકની વાત તો દૂર રહી પરંતુ રાગથી મોહિત થયેલા મનવાળા, કાર્યકાર્ય, ગમ્યાગમ્યને નહિ જાણતા જીવો આ લોકમાં પણ ઘણાં વિષમ દુઃખોને પામે છે.

ખરેખર આ લોક કે પરલોકને વિષે, સઘળા ય જીવોના શારીરિક કે માનસિક દુઃસહ દુઃખોનું પહેલું કારણ હોય તો એક માત્ર અતિરાગ જ છે.

દુર્લભ એવા મનુષ્યપણામાં, રાગાંધ એવા જીવો પરસ્પરમાં અતિઆસક્ત બનેલાં જે અસહ્ય દુઃખોને વેઠે છે, તે અપેક્ષાએ નારકીઓને પણ કયાંથી હોય? અર્થાત તેવા દુઃખો નારકી પણ નથી અનુભવતા.

પ્રિયના- ઈષ્ટના વિયોગથી પીડિત, અસમંજસ ચેષ્ટાઓ કરતાં રાગી જીવો, નરકમાં રહેલા નારકીઓની જેમ હંમેશના દુઃખી જ હોય છે.

રાગથી મોહિત જીવો આ લોકમાં વધ-બંધ- મરણાદિ દુઃખોને પામે છે અને પરલોકમાં દુર્ગતિમાં જઈ વિવિધ પ્રકારના અસહ્ય દુઃખોને સહે છે.

રાગ એ જ દુઃખરુપ છે, રાગ જ સઘળીય આપત્તિઓનું મૂળ છે, રાગથી પીડિત જીવો ભયાનક એવા ભવ સમુદ્રમાં ભમે છે.

જયાં સુધી મનમાં રાગના તરંગો ઉછળતા નથી ત્યાં સુધી જ પરમ સુખ છે. ખેદની વાત એ છે કે સરાગી મનમાં હજારો દુઃખો પ્રવેશે છે.

(બારમો પરિચ્છેદ શ્લો. ૧૩૭થી ૧૪૫)

## શ્રી જિનધર્મ જ શરણ

'આ સંસાર અસાર છે, ભયાનક, અતિદારૂણ અને દુઃસહ વેદનાઓ નરકમાં અનુભવી છે, કર્મનો પરિણામ વિચિત્ર છે.

લોકમાં ઈન્દ્રિયનો સમુદાય ચપળ- ચંચલ છે, રાગ અને દ્વેષ દુર્જય છે, મન પણ અસ્થિર - ચંચળ છે, વિષયો કિંપાકફલની ઉપમાવાળા છે- જોતાં મનોહર અને ભોગવતાં પ્રાણ હરનારા છે.

પ્રિયનો વિયોગ અતિદુઃસહ છે, કામની લલિત ચેષ્ટાના વિપાકો અતિકટુ છે, રાગાદિથી સેવાતી ભોગવાતી સ્ત્રીઓ નરકના માર્ગની વાટ સમાન છે.

કુશ નામના ઘાસના કે સોયના અગ્રભાગ પર રહેલા અને પવનથી હણાયેલા પાણીના બિંદુની જેમ જીવિત ક્ષણભંગુર છે, સંસારી સઘળાય જીવોને મરણ સર્વસામાન્ય છે.

વંચણ- ઠગવામાં તત્પર લોકો, દુષ્ટ કષાયોથી પીડિત લોક અને અશુભ છે ફલ જેનું તેવો આ ઘરવાસ છે અને મનુષ્યપણું ઘણું દુર્લભ છે.

સદ્ધર્મમાં મતિ થવી દુર્લભ છે, (સદ્ધર્મમાં) ઘણાં વિઘ્નવાળા દિવસ -રાત્રિઓ છે, સ્વભાવથી જ ચંચલ લક્ષ્મી છે અને પ્રેમ તે સ્વપ્ન સમાન છે.

મનુષ્યલોકમાં આર્યક્ષેત્રાદિની સામગ્રીની સંપત્તિ પ્રથમ થતી અતિદુર્લભ છે. (તે પામવા છતાં) મિથ્યાત્વથી વ્યામૂઢ અને અતિભયાનક અજ્ઞાનથી ઘેરાયેલા જીવો આ બધું હારી જાય છે.

દુષમા કાળના પ્રભાવે ધર્મમાં શુભ ભાવોની પણ હાનિ થઈ રહી છે, અતિનિંદિત ચાંડાલ જેવો પ્રમાદ ચઢી બેસે છે, શરીરનું સામર્થ્ય પણ ક્ષીણ થાય છે અને અલ્પ એવું આયુષ્ય હોય છે.

અતિદુઃસહ દુઃખોથી પીડિત- વ્યાપ્ત એવી નારક-

તિર્યંચ મનુષ્ય અને દેવગતિને વિષે રહેલાં જીવોને એકમાત્ર શ્રી જિનધર્મ વિના બીજું કોઇ જ શરણ નથી.

(સોલમો પરિચ્છેદ શ્લો. ૧૪૩થી ૧૪૬)

## રાગ-દ્વેષથી બચો

"રાગમાંથી જ દ્વેષની ઉત્પત્તિ થાય છે, (દ્વેષની યોનિ રાગ કહેલ છે) અને દ્વેષમાંથી વૈરની પરંપરા સર્જાય છે. વૈરના કારણે જીવો પરસ્પરના જીવઘાતમાં પ્રવર્તે છે, અને હિંસાના કારણે ગાઢ એવો કર્મબંધ થાય છે.

કર્મથી ગુરુ- ભારે બનેલા જીવો નરકાદિ દુઃસહ દુર્ગતિના દુઃખોમાં પડે છે. દુઃખોથી પીડિત, પાપોને કરતો જીવ વારંવાર નરકાદિમાં ભમે છે.

નરકમાંથી તિર્યંચપણામાં, તિર્યંચપણામાંથી ફરીથી નરકમાં, આ રીતે સેંકડો દુઃખોને પામતો જીવ સંસાર ચક્રમાં પરાવર્તન ભમ્યા કરે છે.

આ પ્રમાણે જાણીને હે જીવો! તમે રાગ અને દ્વેષનો ત્યાગ કરો, જેથી હજારો ભવો - જન્મોના કલેશથી વ્યાપ્ત આ સંસાર સાગરથી જલ્દી પારને પામો.

* * *

*પૂ. શ્રી દેવભદ્રાચાર્યકૃત શ્રી પાર્શ્વનાથ ચરિત્રમાંથી શ્રી અરવિંદ રાજાની સંસારની અસારતાની વિચારણા :*

(પ્રસ્તાવ ૧લો)

'અહો ! સુંદરીઓ ! આ જીવલોકને વિષે આશ્ચર્યને જૂઓ, કે જે તેવા પ્રકારનું મેઘમંડળ ઇન્દ્રધનુષથી વ્યાપ્ત હોવા છતાં પણ ક્ષણ માત્રમાં જ ગંધર્વનગરની જેમ જોતજોતામાં નાશ પામ્યું- વિખરાઇ ગયું. હું માનું છું કે જેવી અવસ્થાને આ મેઘમંડળ પામ્યું, તેવી અવસ્થાને જ આ સંસારમાં ઉત્પન્ન થયેલ સમગ્ર વસ્તુનો સમૂહ પામે છે.

જો કે આ સંસારમાં રૂપ, લાવણ્ય, વર્ણ, યૌવન, શરીર અને સ્વજન વગેરે સર્વ આવા પ્રકારનું અસ્થિર છે તો પછી મુગ્ધલોક વિવેક રહિત થઇને કેમ નિરંતર પરિતાપ પામે છે? એટલે કે ધનાદિકને મેળવવા માટે પ્રાણીઓની હિંસા કરે છે, અસત્ય બોલે છે, બીજાના ધનને લૂંટી લે છે, પરસ્ત્રીઓ સાથે ક્રીડા કરે છે, પ્રમાણ વિનાના પરિગ્રહને ધારણ કરે છે, નિવાસ કરેલા પિશાચની જેમ ક્રોધાદિ કષાયોને બહુ સારા માને છે. 'આ કામ મેં કર્યું, આ કામ હું કાલે કરીશ અથવા પરમ દિવસે કરીશ' આ પ્રમાણે સ્વપ્ન જેવા મનુષ્યલોકમાં કોઇપણ પ્રકારે ચિંતવન કરે છે. વળી આ પ્રમાણે પ્રત્યક્ષ જ દેખાય છે કે- જે પ્રાતઃકાળે દેખાય છે તે મધ્યાન્હે દેખાતું નથી, જે મધ્યાહને દેખાય તે સાંજે દેખાતું નથી અને જે રાત્રિએ- સાંજે દેખાય તે પ્રાતઃકાળે દેખાતું નથી. સમૃદ્ધિ અસમૃદ્ધિ થાય છે, સ્વજન પરજન થાય છે, સુખ- દુઃખરૂપ થાય છે, તે જ કાળે કરેલું કાર્ય પણ ઉલ્ટું થઇ જાય છે. અરે રે! સંસાર કેવો અસાર છે! જે બાળકોની સાથે ધૂળની ક્રિડાવડે વિલાસ કર્યો હતો, હાસ્ય કર્યું હતું, સાથે નિવાસ કર્યો હતો, આંખ મીંચાય તેટલો સમય પણ છૂટા પડયા ન હતાં. તેમનું અધમ યમરાજાએ મરણ કર્યું. અરે રે! દીર્ઘ, દુઃસહ અને અપાર વિરહ સહવો પડે છે. આ પ્રમાણે નાશવંત સર્વપદાર્થો દુઃખરૂપ છે એવી ભાવનાવાળા આ સંસારમાં હજુ પણ પ્રીતિ થાય છે, ખરેખર મોટા મોહરાજાનું માહાત્મ્ય કેવું આશ્ચર્યકારી છે! અરે પાપી જીવ! તું પોતાના શરીરને વિષે અવયવોના પરિણામનું જુદાપણું સાક્ષાત જૂએ છે છતાં વૈરાગ્ય પામતો નથી. જેમ કે પહેલાં કાજલની ભસ્મ જેવો સ્નિગ્ધ કોમળ જે કેશપાશ હતો તે હાલ ચિરકાળના વિકસ્વર કાસડાના પુષ્પ જેવો સફેદ - કઠણ થયો છે તે તું જાણ. પહેલાં જે દ્રષ્ટિ જોવાલાયક પદાર્થોને દૂરથી જોવામાં નિપુણ હતી, તે હમણાં જોવાના સઘળા માર્ગમાં અત્યંત થંભાઇ ગઇ છે. પહેલાં ડાહ્યા પુરુષોની રેખાને પામેલી જે જિહ્વા પ્રગટ વચનને બોલનાર હતી, તે હમણાં પથ્થર વડે વ્યાપ્ત ભૂમિને વિષે ગાડાની જેમ સ્ખલના પામે છે. પહેલાં દોડવું, કૂદવું, ચાલવું આદિ મોટા વ્યાપાર વડે સુંદર આ શરીર હતું તે હાલ માંદાની જેમ ગ્લાનિ- ખેદને પામે છે. કાન પણ પાસે સાંભળ્યા છતાં કાંઇ જાણી શકતા નથી, થોડા પ્રયાસમાં બંને જંઘા કંપી જાય છે. આ બધું જોવા

છતાં પાપી જીવ! તું જરાપણ ઉદ્વેગ પામતો નથી, આમાં જ મૂંઝાયા કરે છે તો ગુણરહિત જીવ! તને સંવેગ શી રીતે થશે? નિર્વેદના ઘણાં કારણો મળવા છતાં જેને વૈરાગ્ય થતો નથી, તેને શી રીતે વૈરાગ્ય થશે? અહો! આ મારો મોટો વ્યામોહ -મૂઢતા છે! હવે ઘણું કહેવા વડે સર્યું.

હવે હું આત્મહિત કરું, આ ગૃહવાસનો વ્યામોહ ઘણી વિડંબનાનો આડંબર છે. જે મૂઢ પુરુષો હજુ પણ આત્મહિત કરતા નથી, તે પુરુષો સંગ્રામ ભૂમિમાં હણાયેલા જેમ શોક કરે છે. ભવન, ધન, પરિવાર, અશ્વ, રથ, યોધાદિ સર્વસામગ્રીનો તું પોતે જ ત્યાગ કરી, જે જીવ! તું એકલો જ પરલોકમાં જઈશ. આ સર્વ સામગ્રી આ ભવમાં જ જીવતા પ્રાણીઓને ઉપકાર કરનાર છે, પરંતુ પરલોકમાં જનારાને તો માત્ર એક ધર્મ જ વાંછિતને આપનાર છે, તેથી હવે સર્વપ્રકારે સર્વ સંગનો ત્યાગ કરી સદ્ગુરુના ચરણકમળને વિષે મારે નિરવદ્ય પ્રવ્રજ્યા લેવી યોગ્ય છે.'

* * *

'હે પ્રિયાઓ! અત્યંત અનુચિત અને ધર્મરહિત વચન તમે કેમ બોલો છો? સંસારના સુખો પરિણામે વિરસ છે તે શું નથી જાણતી? પ્રિયનો સમાગમ કોના ચિત્તને આકર્ષણ કરતો નથી? કયો પુરુષ લક્ષ્મીની વાંછા કરતો નથી? વિષ જેવા પાંચ વિષયોને કોણ ઈચ્છતો નથી? પણ આ પ્રાણ, યૌવન, ઋદ્ધિ અને પ્રિયનો સંયોગ આદિ બધા પદાર્થો પ્રબળ વાયુ વડે હણાયેલા કમલિનીના પાંદડાની ટોચ પર રહેલાં જળબિંદુની જેમ અતિચંચલ છે. આવા સંસાર હોવા છતાં, મરણ નજીક હોવા છતાં, જીવોને જેમ અપથ્ય સેવવાની ઈચ્છા થાય છે, તેમ મૂઢ જીવોને અનુરાગની વાસના હોય છે. તેથી કરીને હે પ્રિયાઓ! હજુ પણ ખોડખાંપણ વિનાનું નિરોગી શરીર આદિ સામગ્રી છે ત્યાં સુધી ધર્મમાં જ ઉદ્યમ કરવો યોગ્ય છે. તેથી ઘણાં કષ્ટવાળા ગૃહવાસનો ત્યાગ કરનાર મને કેમ નિષેધ કરો છો? શું અગ્નિથી બળતાં ઘરમાંથી નીકળતાં માણસને પકડી રાખવો યોગ્ય છે? કેટલા સમય પછી પણ ભાગ્ય યોગે આ પ્રિયનો વિરહ અવશ્ય થવાનો છે તો તમો શુભ ભાવના ભાવો અને મારું હિત કરો. આ સંસારનું નિર્ગુણપણું ઘણીવાર સાંભળ્યું, જોયું અને અનુભવ્યું પણ છે, તો પણ જીવો આ સંસારમાં જ મોહ પામે છે, તે ખરેખર કેવું આશ્ચર્ય છે !!'

### *શ્રી અરવિંદરાજર્ષિની હાથીને હિતશિક્ષા : શ્રી જિનધર્મ જ શરણ!*

(પૂ. શ્રી દેવભદ્રાચાર્ય 'શ્રી પાર્શ્વનાથ ચરિત્ર' પ્રસ્તાવ-૧)

''દુઃખના સમૂહરૂપી વનને બાળવામાં અગ્નિ જેવા પૂર્વભવે પાલન કરેલા શ્રી જિનધર્મને જ એકાગ્ર ચિત્તવાળો થઈને તું અંગીકાર કર. તું પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતને ગ્રહણ કર. દુઃખરૂપી અગ્નિને શાંત પાડવા વરસાદ જેવા, સઘળા ય પ્રાણીઓના મનને તુષ્ટિ આપનાર મંત્ર સમાન શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કર. કષાયના વશથી ઉત્પન્ન થતાં દુષ્ટકર્મના વિલાસને તું જલ્દી મૂકી દે. શ્રદ્ધારૂપી જ્ઞાનના સારભૂત શુભ ભાવનાઓને ભાવ. વ્યામોહરૂપી મોટાગ્રહથી ઉત્પન્ન થતાં વિષયોના સંગનો સર્વથા ત્યાગ કર. કેમ કે તેં દેવ અને મનુષ્યના ભોગ ભોગવ્યા છે તો આમાં પ્રીતિ કેમ થાય? દિવસે દિવસે વૃદ્ધિ પામતા શુભભાવવાળા તારે સદ્ગુરુ અને જૈન ધર્મને વિષે મતિ રાખવી, જેનું ભાવિમાં કલ્યાણ થવાનું હોય તેને આ સંબંધ સંભવે છે, ચંચલ નેત્રવાળી સ્ત્રીજનોએ જેના ચિત્તમાં સંતોષ પેદા કર્યો છે, એવા ગૃહસ્થો ઈન્દ્રના વૈભવને જીતે તેવા વૈભવને પામતા દેખાય છે, લાખો શત્રુરૂપી લાક્ષારસનો ક્ષય કરનારા વિશાળ રાજ્યને પામે છે પરંતુ સંસારરૂપી કૂવામાં પડેલાનો ઉદ્ધાર કરવામાં સમર્થ એવો જિનધર્મ પ્રાપ્ત થવો દુર્લભ છે. મનોહર એવી દેવાંગનાઓ સહિત ઈન્દ્રના વૈભવને પમાય છે પરંતુ મોક્ષના ફળવાળો શ્રી જિનધર્મ પ્રાપ્ત થતો નથી. તેથી હે શ્રેષ્ઠ હાથી! સર્વ બાધાના સમૂહને મૂકીને વધતા એવા અનુપમ ઉત્સાહવાળો આવી અવસ્થાને પામેલો તું જિન ધર્મનો સ્વીકાર કર.' *(ક્રમશઃ)*

❖ ❖ ❖

॥ શ્રી શીતલનાથાય નમઃ ॥ ॥ શ્રી વિમલનાથાય નમઃ ॥

શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન સંચાલિતશ્રી

# વિમલનાથ સ્વામી જૈન પેઢી બલસાણા

બલસાણા તિર્થ, તા. જિ. ધુલિયા ફોન (૦૨૫૬૮) ७૮૨૧૪, ધુલિયા (૦૨૫૬૨) ૩૮૦૯૧

# ભારતભરના જૈન સંઘોને જાહેર નિવેદન

સાધર્મિક બંધુ

આથી નિવેદન દ્વારા જણાવવાનું કે શ્રી વિમલનાથ સ્વામી જૈન તીર્થ - બલસાણા, જેનો સંપૂર્ણ વહિવટ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય વિદ્યાનંદ સૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી તથા આદેશથી ધુલિયા શ્રી સંઘના વહિવટકર્તા શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાને- બલસાણા તીર્થની શરૂઆતથી વહીવટ કરે છે. આ સંસ્થાન રજીસ્ટર્ડ થયેલ છે. અને તેનો હિસાબ - કિતાબોનું કંપલીટ ઓડીટ દરવર્ષે રેગ્યુલર થાય છે.

ઉપરોકત બલસાણા તીર્થ છેલ્લા ઘણાં વર્ષોથી શ્રી વિમલનાથ ભગવાનના પ્રબળ પૂણ્ય પ્રભાવથી ભારતભરમાં જૈનોમાં પ્રભાવિત થયેલ છે. અને તેને કારણે ભારતભરમાં હજારો યાત્રિકો તેનો લાભ લે છે. વરસોવરસ તેનો મહિમા વધતો જાય છે. અને તેથી ઉપરોકત સંસ્થાએ યાત્રિકોના ધસારાને ધ્યાનમાં રાખીને તે તીર્થના વિકાસ માટે ત્યાં ધર્મશાળા -ભોજનશાળાની સુંદર વ્યવસ્થા કરેલ છે. તેમજ આ ધર્મશાળા- ભોજનશાળાના નિભાવ તથા નિર્માણનો તમામ ખર્ચ ધુલિયા જૈન સંઘના ઉદાર દાતાઓ દ્વારા પરિપૂર્ણ થયેલ છે તેમજ આ કાર્ય માટે નંદુરબારના દાતાઓનો પણ યોગ્ય સાથ-સહકાર મળેલ છે. તદઉપરાંત દેરાસરના નિર્માણમાં તેમજ પ્રતિષ્ઠા આદિ કાર્યોમાં અને કાયમી ધજા માટેનો લાભ પ.પૂ.પં. પ્રબળ ચંદ્રશેખર વિજયજી મ.સા.ની પ્રેરણાથી રાધનપુર નિવાસી શેઠ શ્રી મહેન્દ્રભાઈ રૂપસીભાઈ દોશી પરિવાર હાલ મુંબઈવાળાએ લીધેલ છે.

ઉપરોકત સંસ્થાનની કાયમી રૂપે સંમતી કે મંજુરી લીધા વગર તેમજ કોઈપણ જાતની જાણ કર્યા વગર અન્ય એક ટ્રસ્ટ શ્રી વિશ્વ કલ્યાણક જય વિમલનાથ તીર્થ ભૂમિ બલસાણા ડોનેશન ઉઘરાવી રહી છે. જે ઉચિત નથી. તેની સામે સંચાલિત શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન, ધુલિયાનો સખ્ત વિરોધ છે.

આ જાહેર નિવેદન દ્વારા સમગ્ર ભારતભરના જૈન સંઘોને અમારી નમ્ર અરજ છે કે શ્રી વિશ્વકલ્યાણક જય વિમલનાથ તીર્થભૂમિ બલસાણા જે ડોનેલન લે છે તેને ધુલિયા સંચાલીત શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન સાથે કોઈ લેવાદેવા નથી. ઉપરોકત તીર્થના તમામ વહિવટ શરૂઆતથી જ (જેમાં ભોજનશાળા- ધર્મશાળા તથા જિન મંદિરના સમાવેશ થાય છે.) ધુલિયા સંચાલિત શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન જ સંભાળે છે.

જાણવા મળ્યા મુજબ નવો ટ્રસ્ટ શ્રી વિશ્વકલ્યાણક જય વિમલનાથ તીર્થભૂમિ- બલસાણા હાલમાં શ્રી વિમલનાથ પ્રભુની મૂળ પ્રતિમાજી જે સ્થાન ઉપર વિરાજમાન છે ત્યાંથી ઉત્થાપન કરી બહાર નવું જિન મંદિર બનાવી ત્યાં લાવવા માટેનો ખોટો પ્રચાર કરી રહ્યું છે. હકીકતમાં આ વાત શકય જ નથી. અને તે કદાપી બનવાનું નથી.

તદઉપરાંત આ નવા ટ્રસ્ટએ ડોનેશન માટેની જે કુપનો ટિકિટો (રૂા. ૫૦૪/-, ૧૦૦૮/-, ૧૧૦૭/-, ૨૫૧૧/-, ૩૬૦૦૦/-) ના બહાર પાડેલ છે તેમાં સંપર્ક માટેના નામોમાં બલસાણા પેઢી ધુલિયા- દોંડાઈચા - નંદુરબાર વિ. ગામોના શ્રાવકોના જે નામ લખ્યા છે તે જે તે સંસ્થા અગર શ્રાવકોની સંમતી કે મંજૂરી લીધા વગર નવા ટ્રસ્ટે એમની મનમાફીક પ્રમાણે છાપી દીધેલ છે તે ઘણું અયોગ્ય છે.

પૂજ્ય ગુરુદેવના આદેશથી જ હાલમાં મૂળ સ્થાન પર રહેલ દેરાસરના વિસ્તારણનું કાર્ય ચાલી રહેલ છે, તેમજ ધર્મશાળા ઉપર ત્રીજો માળ બાંધવાનું કાર્ય તેવોની જ નિશ્રામાં અને આદેશથી ચાલે છે જે લગભગ પૂર્ણ થવાની તૈયારીમાં છે.

તો ઉપરોકત તમામ બાબતોને ધ્યાનમાં રાખી બલાસણા તીર્થના કોઈપણ કાર્ય માટે ધુલિયા સંચાલિત શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન- પેઢીનો જ સંપર્ક કરવો. તેવા સાથ સહકાર સાથે આગ્રહભરી વિનંતી.

લિખી

શ્રી વિમલનાથ સ્વામી જૈન પેઢી, બલસાણા

સંચાલિત શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન, ધુલિયાના ટ્રસ્ટી ગણના જય જીનેન્દ્ર!

નોટઃ શ્રી વિમલનાથ સ્વામી જૈન પેઢી, બલસાણા તરફથી શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાનનો કોઈપણ વ્યકિત ડોનેશન લેવા માટે બાહર ગામોગામ જતા નથી, આ નોંધ લેશો.

# "મારી કુખ અજવાળજે"

દશ ઉપાધ્યાયો કરતાં એક આચાર્ય ચઢે છે.

સો આચાર્યો કરતાં એક પિતા ચઢે છે.

હજાર પિતા કરતાં એક માતા ગૌરવ વડે ચઢિયાતી છે.

આર્ય માતા, જ્યારે ગોઝારા પાપ કરવા તૈયાર થાય ત્યારે નાભીમાંથી શબ્દ નીકળે...

ઓ મા ! તું સાચા અર્થમાં મા બનજે.

તારા નાનાકડા લાડકવાળાની મા બનજે

તારા બાલુડાને ક્ષણમાં ખોળામાં, ક્ષણમાં ખભા ઉપર, ક્ષણમાં મસ્તક ઉપર, ક્ષણમાં કેડ ઉપર, ક્ષણમાં પારણામાં રમાડજે.

તું ગર્ભપાતના મહાપાપથી દૂર રહેજે.

તું નોકરી-ધંધો કરવા ના જતી

મા તું મને ઘોડીયા ઘરમાં ના મુકતી

બલ્કે, માતા ત્રિશલા, માતા વામાદેવી આદિની જેમ ઘરમાં જ ઘોડીયું બાંધીને તારા ભૂલડાને ઝુલાવજે. અને હાલરડા ગાજે. શુરાતનનું અમીપાન કરજે.

હે માતા ! સ્તનપાન છોડાવીને તારા બાલુડાને બાટલીના દૂધ ઉપર ચઢાવતી નહિ.

જો બટલીએ ચઢાવ્યો તો તારો લાલ બાટલીથી ટેવાય જશે.

એ લાડકવાળો જીંદગી સુધી બાટલી છોડશે નહિ.

થોડો મોટો થશે એટલે પેપ્સી કોલા, કોકાકોલા, થમ્પસઅપ આદિની બાટલીઓ પકડશે.

કાંઇક સમજણો થશે, મોટો થશે એટલે બીયર-બારમાં જશે અને ત્યાં બીયરની બાટલીઓ પકડશે.

પુરી સમજણવાળો યુવાન થશે ત્યારે દેશી દારૂ-વિદેશી દારૂ વ્હીસકી આદિની બાટલીઓ પકડશે.

હે માતા ! તે જ પાડેલી આદત તને જ ભારે પડશે. તે આપેલા સંસ્કારનો સદુપયોગ તારો આ બાલુડો આવો કરશે એ તને ગમશે ને ! એમાં તારી અને તારા કુટુંબની શોભા અને આબરૂ વધશે. ને ?

હે માતા ! સમજણવાળો તારો દિકરો આરોગ્યમાં મીંડું વાળશે. હોસ્પીટલોના ચક્કરો ખાશે. જીંદગી સુધી લોહીના બાટલા ઉપર જીવશે

અને અંતે ઓક્સીજનના બાટલા ઉપર પ્રાણ છોડશે.

માટે જ હે મા !

તું ગૌરવવંતી છે. સર્વે કરતાં ચઢિયાતી છે.

તારા દિકરાને સ્તનપાન કરાવીને તારા બાળકને શુદ્ધ પ્રેમનું પ્રદાન કરજે.

તેને છાંતી સરખો ચાંપીને દુનિયા ભરનું વાત્સલ્ય આપજે.

તેની આંખોથી આંખો મિલાવીને અમૃતનું અમીપાન કરજે.

તેની સાથે કાલું ઘેલું બોલીને દુનિયાભરની મીઠાશ ઠાલવી દેજે.

ખોળામાં રમાડીને હેત વરસાવજે.

છેલ્લે,

હાલરડાં ગાઈને કર્ણ દ્વારા પણ શુરાતનનો ધોધ વહાવજે.

પૂર્વની માતાઓએ જાતે જ ઉપરોક્ત પ્રવૃત્તિ કરીને પોતાના બાળકોને મોટા કર્યા, સંસ્કારો આપ્યા અને શાસનને સમર્પિત કરી શાસન રક્ષા-સિદ્ધાંત રક્ષા-શાસન પ્રભાવના દિના કાર્યો છે એવા સત્ પુરુષો તું પકાવજે. એવા મહાપુરુષ કદાચ ન બની શકે પરંતુ હીન કોટીના ન બને તેની તું સતત કાળજી રાખજે.

આપેલા સંસ્કારો દ્વારા તારો બાળકો પોતાના ભવિષ્યને ઉજમાળ બનાવશે.

ત્યારે જ તારા રૂવાડે રૂવાડે ઝણઝણાટી થાશે અને રોમાંચ ખડા થઇ જશે ત્યારે મુખમાંથી નીકળી પડશે

"ધન્ય છે ! મારા લાડકવાયાને,

મારી કૂખ અજવાળી."

*તિમિર- કિરણ-શિ*

❊ ❊ ❊

## વિદ્વાન પૂ.આ. શ્રી વિજયમિત્રાનંદ સૂરીશ્વરજી મ.નો

# સમાધિપૂર્વક કાળધર્મ

ધર્મલાભ સાથે જણાવવાનું કે- આપણા સહુના તારણહાર તપોગચ્છાધિપતિ- સંઘસ્થવિર પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના ધર્મપ્રભાવક સામ્રાજ્યવર્તી અપ્રમત્તજ્ઞાનોપાસક- ધર્મતીર્થપ્રભાવક- ગચ્છસ્થવિર- વિદ્વદ્વર્ય ભવોદધિતારક ગુરૂદેવ પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા ચૈ. સુ. ૬ તા. ૮-૪-૦૩ મંગળવારે રાત્રે ૮-૩૦ કલાકે ખૂબ જ સમાધિ અને સ્વસ્થતા સાથે શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં કાલધર્મ પામ્યા છે. તેઓશ્રીની વિદાયથી જિનશાસનને એક શાસનસંનિષ્ઠ ચારિત્રપૂત સિદ્ધાંતરક્ષક આત્માની ખોટ પડી છે, એ સુનિશ્ચિત છે.

સ્વર્ગત પૂજ્યશ્રીએ સં. ૧૯૯૯ના મહા સુદ ૬ના દિને અમદાવાદ જ્ઞાનમંદિરના પ્રાંગણે ૧૫ વર્ષની નાની ઉંમરમાં, સિદ્ધાન્તમહોદધિ, કર્મસાહિત્યનિષ્ણાત, સચ્ચારિત્રચૂડામણિ પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે સંયમ સ્વીકારની પળથી લઇને જીવનની અંતિમ ક્ષણ સુધી અપ્રમત્તપણે જ્ઞાન- દર્શન- ચારિત્રની આરાધનામાં તલ્લીન બનેલા પૂજ્યશ્રી અનેક ગુણોના ભંડાર હતાં. અપ્રમત્તજ્ઞાનોપાસક હતાં. સંયમ અને સ્વાધ્યાયની મૂર્તિ હતાં. જિનાજ્ઞા- જયણા અને જિનભકિતના પરમ આરાધક હતાં. સૂરિપ્રેમ, સૂરિરામ અને સૂરિભુવનભાનુની નિરંતર વરસતી પૂણ્યકૃપાથી તેઓશ્રી ક્રમશઃ ગણી- પન્યાસ અને આચાર્યપદે આરૂઢ થયા ત્યારથી તેઓશ્રીની પુણ્યનિશ્રામાં શાસનની આરાધના- રક્ષા અને પ્રભાવનાનાં કાર્યોનો જે યશસ્વી માહોલ રચાયો, તે સાચે જ અનુમોદનીય હતો.

જ્યાં જ્યાં તેઓશ્રીનું પદાર્પણ થતું ત્યાં ત્યાં તેઓશ્રી પુષ્પ- સૌરભની જેમ પ્રસરાઇ જતાં. સિદ્ધાંતના પક્ષે રહીને શાસનની રક્ષાનો જે જ્વલંત ઇતિહાસ તેઓશ્રી દ્વારા સર્જાયો છે અને સમયે સમયે જાગૃતિનો શંખનાદ ફૂંકીને જૈન શાસનને જે બહુમૂલ્ય માર્ગદર્શન તેઓશ્રીએ આપ્યું છે તે આરાધક વર્ગને સદાય યાદગાર અને ઐતિહાસિક રહેશે.

ચારિત્રની તીવ્રશુદ્ધિ સાથે તેઓશ્રીમાં જોવા મળતી જ્ઞાનોપાસના- આગમોના પવિત્ર પદાર્થોનું પરિણતિપૂર્વકનું તલસ્પર્શી અવગાહન-છેદ સૂત્રોના મર્મગ્રાહી જ્ઞાનાવગાહન દ્વારા પ્રાપ્ત ગીતાર્થતા- સખત બીમારીમાં પણ સતત ભાવુકોને મોક્ષલક્ષી માર્ગદર્શન દ્વારા પરોપકારરકતા- કોઇનું પણ કરી છૂટવાની વૃત્તિ -પ્રાયશ્ચિત પ્રદાન દ્વારા ભાવુકોની જીવનશુદ્ધિ, પ્રબળ સ્મરણ શકિતપૂર્વકનું સૂક્ષ્મ પ્રજ્ઞાનું સ્વામિત્વ, લગભગ ૫૦ દીક્ષાઓ- ૮ અંજનશલાકાઓ- ૨૫ પ્રતિષ્ઠાઓ- અનેક ઉપાશ્રયોનું સર્જન- ઉજમણા- ઉધાપન- ઉપધાનમાં નિશ્રાપ્રદાન, સેંકડો દીક્ષિતોનું ગ્રહણ- આસેવન શિક્ષા દ્વારા કરેલું ઘડતર, બાળ મુનિઓનું કુશળ ઘડતર- ૪૦ ઉપરના શિષ્યો પ્રશિષ્યોનું શોભાવેલું ગુરૂત્વ- વાચનાકુશલત્વ- છેલ્લાં ૧૩-૧૩ વર્ષથી અસહ્ય બીમારીમાં જ્વલંત રાખેલી સમાધિની અપૂર્વજ્યોત, પોતાના અને બીજાના વૃદ્ધ મહાત્માઓને, પોતાની શારીરિક પરાધીન અવસ્થામાં શાતા- સમાધિ આપવાનું દુર્લભ કાર્ય પૂ.શ્રીએ કરી બતાવ્યું હતું. આ અને આવા બીજા અગણિત ગુણોનો સરવાળો એટલે જ પૂજ્યશ્રીનું જીવન!

પૂજ્યશ્રી જીવંત લાયબ્રેરી જેવા હતાં. પ્રવચનમાં શાસ્ત્રીય પદાર્થો પીરસતાં. પૂજ્યશ્રીના સંસારી માતુશ્રી બેન, ફોઇ, કાકી, કાકાની દીકરી તથા દાદાના ભાઇએ પણ દીક્ષા લીધી છે.

વિ. સં. ૨૦૪૨-૪૪ના પટ્ટક અને સંમેલન વગેરેમાં પણ પૂજ્યશ્રીએ શાસન અને સિદ્ધાંત નિષ્ઠાનો આદર્શ પૂરો પાડ્યો હતો. શાસન અને સૈદ્ધાંતિક પ્રશ્નોની બાબતમાં પૂજ્યશ્રીનું શાસ્ત્રીય માર્ગદર્શન ખૂબ જ વજનદાર ગણાતું. પૂજ્યશ્રીના મુખે પચ્ચકખાણ લેવા માટે દૂર દૂરના પૂણ્યશાળીઓ આવતા હતાં.

શાસન હિત માટે, શાસનપ્રભાવનાનાં કાર્યો માટે પૂજ્યશ્રીએ પોતાની શારીરિક પરિસ્થિતિનો વિચાર કર્યો નથી. ૪-૪, ૫-૫ કલાક પણ એક આસને બેસતાં.

પિતા છોટુભાઇના નન્દન, માતા સોનુબેનના લાડકવાયા સં. ૧૯૮૪ પ્રથમ શ્રા.સુ. ૧ના જન્મ પામેલા સંસારી અવસ્થાના મનુભાઇનું સંસારી વતન મસૂર (મહારાષ્ટ્ર) હતું. દીક્ષા સ્વીકાર્યા પછી મુનિ મિત્રાનન્દવિજયજી બનેલા અને અનેક ગુણોના ભંડાર પૂજ્યશ્રીને છેલ્લા ૧૩ વર્ષોથી બોચીના મણકાની પાછળ થયેલ ગાંઠના પરિણામે ગળાથી નીચેનું લગભગ આખું અંગ લકવાગ્રસ્ત જેવું બની જતાં છતાં મક્કમ મનોબળ અને સાધના દ્વારા પ્રાપ્ત મનઃ પ્રસન્નતાના કારણે જ્વલંત સમાધિમય જીવન તેઓશ્રી જીવતા હતાં. એમાં બે મહિના પહેલાં મહા સુદ ૫ના દિવસે બ્લડ સુગર વધી જતાં હોસ્પીટલમાં દાખલ કરવા પડ્યા હતાં. સારૂં થતાં સ્થાને પધારી ગયા હતાં. એમાં વળી ચૈ.સુ. ૫ની રાત્રે છાતીમાં ગભરામણ પરસેવો આદિની તકલીફ થઇ. અમે સહુ

ભેગા થયા. ડૉકટરને બોલાવવામાં આવ્યા. ચેકીંગ કરતાં કાર્ડિયોગ્રામ ચિંતાજનક આવ્યો. હાર્ટ એટેકના હુમલાના કારણે પૂજ્યશ્રીની ઈચ્છા ન હોવા છતાં ડૉકટરના સૂચનથી તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડયા. ત્યાં સેવાભાવી ડોકટરોની ટ્રીટમેન્ટથી પૂજ્યશ્રી સ્વસ્થ બન્યા. એ સમયે પણ પૂજ્યશ્રીની જાગૃતિ અનુમોદનીય હતી. પૂજ્યશ્રીને સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ ચૈ.સુ. ૬ સવારે ખૂબ જ સારૂં હતું. સંપૂર્ણ ભયમુક્ત હતાં. બપોરે ૨-૧૫ કલાકે પૂજ્યશ્રીના તમામ રીપોર્ટ કઢાવ્યા બાદ એન્જીઓપ્લાસ્ટનું ઓપરેશન કરવામાં આવ્યું. એ પણ ખૂબ સફળ રહ્યું. પણ કુદરતને એ ન ગમ્યું. સાંજે ૭-૧૫ કલાકે અચાનક પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય અસ્વસ્થ બન્યું. ડોકટરની પેનલ મળી. ખડા પગે રહીને મસાજ આદિ કરવામાં આવ્યા પણ બધા દ્રવ્યોપચારો નાકામિયાબ નીવડયા. દ્રવ્યોપચારની સાથે ભાવોપચારો પણ સતત ચાલુ હતાં. અખંડ નવકાર મહામંત્રનું શ્રવણ ચાલુ હતું. પૂજ્યશ્રી પોતે પણ પૂર્ણ જાગૃતિ અને અપૂર્વ સમાધિમાં રત હતાં. પણ અંતે જે થવાનું હતું તે થઈને જ રહ્યું. ૬૧ વર્ષ સુધી જિનશાસનના ગગનાંગણમાં એક ચમકતો તેજસ્વી સિતારો આમ આપણી વચ્ચેથી ચૈ.સુ. ૬ની રાતે ૮-૩૦ કલાકે ખરી પડ્યો અને અલખની વાટે વિદાય થયો. સકલ સંઘ શોકાતુર બની ગયો. પૂજ્યશ્રીને હોસ્પિટલમાંથી ટોળકનગર લાવવામાં આવ્યા. થોડા સમયમાં સેંકડો ભાવિકો પૂજ્યશ્રીના દર્શનાર્થે ઉમટી પડયા. રાત્રે ૧૨-૧ વાગ્યા સુધી એવો જ ધસારો રહ્યો. બીજા દિવસે પણ સવારથી જ દર્શનાર્થીઓનો પ્રવાહ ચાલુ થઈ ગયો. જીવદયા અગ્નિસંસ્કાર આદિની ટીપો તથા ચઢાવા પણ ખૂબ જ અનુમોદનીય બની રહ્યા. બરાબર ૧૧-૦૦ કલાકે મુંબઈ, સુરત, ઉમરગામ, નાસિક, ધુલિયા, મુરબાડ, મસૂર, કરાડ, પૂના, નાપાડ, આણંદ, બોરસદ, પેટલાદ, સુણાવ, ધર્મજ, છાણી-વડોદરા, નડીયાદ, માઢા, સાંચોર, ઈડર, સુરેન્દ્રનગર, વઢવાણ, ઓડ, આદિ અનેક ગામોના પૂજ્યશ્રીના ભક્તો તથા શ્રી સંઘો તેમજ અમદાવાદના આગેવાનો સંવેગભાઈ લાલભાઈ વગેરે તથા સ્થાનિક અનેક શ્રી સંઘો તથા ભક્તોની ઉપસ્થિતિમાં હજારોના માનવ મહેરામણ વચ્ચે પૂજ્યશ્રીની અંતિમયાત્રા પ્રારંભાઈ અને શહેરના રાજમાર્ગોએ ફરીને ટોળકનગરના કમ્પાઉન્ડમાં આવી હતી. પૂજ્યશ્રીના દેહને ત્યાં જ અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. એનો લાભ સંયુક્તપણે કલ્યાણભાઈ મણિભાઈ રાવ પરિવાર તથા જ્યોતીન્દ્રભાઈ જેઠાભાઈ શાહ પરિવારે સારી એવી ઉછામણી બોલીને લીધો હતો.

પૂજ્યશ્રીના કાળધર્મના સમાચાર મળતાં પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના સમુદાયના પૂ.આ.ભ. ગુણરત્ન સૂ.મ.ના શિષ્યો તથા પં. શ્રી ઈન્દ્રવિજયજી મ. અને મુ. શ્રી યશોવિજયજી મ. વગેરે પણ પધાર્યા હતાં.

ચતુર્વિધ શ્રી સંઘની વિશાલ ઉપસ્થિતિમાં વર્ધમાન તપપ્રભાવક પૂજ્ય આ. ભ. શ્રીમદ્ વિજય પ્રભાકર સૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં સ્વ. પૂજ્યશ્રીના સંયમ જીવનની અનુમોદનારૂપે દેવવન્દન થયું હતું. ત્યારબાદ પૂજ્યશ્રીના સંક્ષિપ્ત ગુણાનુવાદ પૂ. આચાર્યદેવે તથા મેં કર્યા હતાં.

પૂજ્યશ્રીની સેવા ભકિતમાં ખડે પગે રહેનારા, પડછાયાની જેમ સતત સાથે જ રહેનારા મુનિશ્રી ભવ્યદર્શન વિજયગણી તથા વૃદ્ધવયે પણ સતત વૈયાવચ્ચમાં નિરત મુનિશ્રી દેવરત્નવિજયજીની ભક્તિ અને સમર્પિતતા ખરેખર દાદ માંગી લે તેવી હતી. મારા પરમતારક ગુરૂદેવ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય મહાબલસૂરીશ્વરજી મહારાજ કે જેઓ પોતાની હાર્ટની થયેલી બીમારીના કારણે અહીં આવવાની તીવ્ર ભાવના છતાં પધારી ન શકયા પણ તેઓશ્રીએ સ્વ. પૂજ્યશ્રીની સેવામાં મને મોકલ્યો. મારૂં પરમ સૌભાગ્ય છે કે પૂજ્યશ્રીના અંતિમ દિવસોમાં યત્કિંચિત્ ભક્તિનો અનુપમ લાભ મળ્યો, જે જિંદગીનું સંભારાણું બની રહેશે. છેલ્લા પાંચ મહિનાથી આ. શ્રી વિ. કીર્તિયશસૂરિજીના શિષ્ય મુ. શ્રી દર્શનયશવિજયજી પણ પૂ.શ્રીની સેવામાં રોકાયા છે. એ સિવાય સેવાભાવી ડોકટરો સુધીરભાઈ શાહ- ભરતભાઈ શાહ- સુનીલભાઈ મહેતા, કિરીટભાઈ એમ. શાહ (ઓર્થો.) મનનભાઈ આર. શાહ, ડો. ધર્મેશભાઈ, વૈદ્યરાજ સુહાસભાઈ દેવાસકર વગેરેની સેવા તથા ભકિતપ્રિય સુશ્રાવકો ચન્દ્રકાન્તભાઈ રાવ- જ્યોતીન્દ્રભાઈ શાહ- રમણિકભાઈ એમ. શાહ ચશમાવાલા- હેમેન્દ્રભાઈ- નીતિનભાઈ- દિનેશભાઈ અચલદાસ વગેરે અનેક ભકિતવંત શ્રાવકોએ રાત-દિવસ કરેલી ભક્તિ ખૂબ જ અનુમોદનીય રહી હતી.

પૂજ્યશ્રીની વિદાયથી અંતર અપાર વેદના અનુભવે છે પણ તેઓશ્રીએ આપેલા આદર્શો અને સાધેલી સમાધિથી મન આશ્વસ્ત બને છે. તેઓશ્રીનો પૂણ્ય આત્મા જયાં હોય ત્યાંથી શીઘ્ર મુક્તિપંથે પ્રયાણ કરી શાશ્વત શાંતિને પામે એ જ... શુભેચ્છા.

તા.ક.: પૂજ્યશ્રીની ૬૦-૬૦ વર્ષની રત્નત્રયીની અખંડ સાધના- ઉપાસનાથી ભરપુર, સમાધિથી તરબતર જીવનયાત્રાને શબ્દદેહ આપતી ગુણાનુવાદ સભા ચૈ.સુ. ૧૧ રવિવારે થશે. જયારે મહોત્સવ વૈ. વદ કે જેઠ સુદમાં થશે.

*લિ. આ. શ્રી વિજયપૂણ્યપાલસૂરિશ્વરજી મ.*
*દ. મુનિ ભવ્યદર્શન વિજયજી ગણિવર*
*વન્દના! અનુવન્દના! ધર્મલાભ*

●●●

# મલાડ (ઇસ્ટ)માં ઉજવાયેલ ગૃહમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ

ગત ચૈ.વ.દિ. ૧૦ના દિને મલાડ (ઇસ્ટ)ની ગલીઓ પ્રભાત ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ ગૃહમંદિર પ્રતિષ્ઠા નિમિત્તે પ્રારંભાયેલી રથયાત્રાના મહેરામણથી છલકાઇ ગઇ હતી.

વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આ.ભ. વિ.રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ. પન્યાસ પ્રવર શ્રી નયવર્ધન વિ. ગણિવર્યના પ્રભાવક શિષ્ય- પ્રશિષ્યો પૂ. મુનિરાજ શ્રી ભવ્યવર્ધન વિ.મ., પૂ.મુ. શ્રી મંગલવર્ધન વિ.મ. તેમજ પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિ.મ.ની પ્રેરણાને ઝીલી લઇ સુશ્રાવક ધીરૂભાઇ પોપટલાલ ગાંધી પરિવારે ખૂબ જ ટૂંકા સમયમાં એક અગત્યની શાસ્ત્રાજ્ઞાને ચરિતાર્થ કરી પોતાના ફલેટના ટેરેસમાં રળીયામણા અને દર્શનીય ગૃહમંદિરનું નિર્માણ કરી દીધું હતું.

સમવસરણાકારથી વિશિષ્ટ બનેલા આ ગૃહમંદિરની ચલપ્રતિષ્ઠા પ્રસંગે ઉકત પરિવારે ગૃહમંદિરનું માર્ગદર્શન આપનારા મુનિવરોને જ વિનંતી કરી હતી. જેનો સ્વીકાર થતાં ચૈ.વ. ૯ના દિવસે પૂજ્યોને પોતાના ગૃહાંગણે પધરાવી ત્યાંથી સામૈયા સાથે રત્નપુરી- સંઘમાં પ્રવેશ કરાવ્યો હતો. જ્યાં સામૈયાને અંતે પૂજ્ય મુનિવર્યશ્રીનું પ્રવચન થતાં રૂા. ૭થી સંઘપૂજન પણ થયું હતું.

એમાં ચૈ.વ. દ્વિ.૧૦નો મુહૂર્તનો દિવસ આવી પહોંચ્યાં સવારે ૬-૦૦ કલાકે જ પરિવારજનો અને સંઘજનોની વિશાળ ઉપસ્થિતિ સાથે શ્રી ધીરૂભાઇ વાજતે ગાજતે રત્નપુરી જિનાલયમાં આવી પહોંચ્યા હતાં.

ગૃહમંદિરમાં પ્રતિષ્ઠિત થનારા પુરૂષાદાનીય પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુને તેમજ ગુરૂ ભગવંતોને વિનંતી કરી દેવ- ગુરૂનું સામીપ્ય મેળવી રત્નપુરીથી વાજતે ગાજતે વિશાળ સાજન- માજન સાથે પ્રભાવક રથયાત્રાનો આયોજક પરિવાર આરંભ કરાવ્યો હતો.

ઉપનગરના વિવિધ માર્ગો પર ફરી અંતે એ રથયાત્રા દ્વારકાદેવી સોસાયટી સ્થિત આયોજક પરિવારના નિવાસ સ્થાને પહોંચી હતી. જ્યાં સાચા મોતી, હીરા, સોના- ચાંદીના ફૂલથી પરમાત્માને પરિવારજનોએ વધાવ્યા હતાં. બેન્ડ, ઢોલ, ત્રાંસાના મંગલ નિનાદો વચ્ચે પૂજ્ય ગુરૂ ભગવંતોએ મન્ત્રધ્વનિ ઉચ્ચારતાં પૂજનીય પરમાત્માનો ગૃહમંદિર પ્રવેશ થયો હતો.

આ પ્રસંગે પરિવાર સાથે સંકળાયેલા એકાધિક ભાગ્યવાનોએ પરમાત્માના કંઠે સુવર્ણહાર અર્પિત કર્યા હતાં. ૐ પુન્યાહં - પુન્યાહંના ધ્વનિ શાંત થતાં જ ગૃહમંદિરમાં સકળસંઘે ચૈત્યવંદન કર્યું હતું.

ત્યારબાદ સોસાયટીના પરિસરમાં ખાસ સજાવટ કરાયેલા અને ગૃહમંદિર તેમજ જિનભકિતના વિશિષ્ટ માહાત્મ્યને વર્ણવતાં અનેક બેનરોથી અલંકૃત થયેલા સમિયાણામાં પૂજ્ય મુનિવર્યો સહિત ચતુર્વિધ સંઘ એકત્ર થતાં પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિ.મ.એ અનેક વિષયોને આવરી લેતું અસરકારક પ્રવચન ફરમાવ્યું હતું

પ્રવચન બાદ વિવિધ પરિવારોએ તેમજ આયોજક પરિવારે ગુરૂપૂજન કરી ઉપસ્થિત વિશાળ સંખ્યક સાધર્મિકોની રૂા. ૨૫ દ્વારા પહેરામણી કરી હતી. વધુમાં શા. ધીરૂભાઇ ગાંધી પરિવાર તરફથી સૌ સાધર્મિકોની નવકારશી ભકિતનો લાભ પણ લેવાયો હતો અને એ સાથે પ્રત્યેક સાધર્મિકને બુંદીના લાડુની પ્રભાવના પણ થઇ હતી.

આમ, મલાડ (ઇસ્ટ)માં ઉજવાયેલ ગૃહમંદિર પ્રતિષ્ઠાનો આ પ્રસંગ પ્રભાવક બની જવા પામ્યો છે.

## સમાચાર સાર

**દાન્તરાઈ નગરે :**

બાલમુમુક્ષુ કેવલકુમાર સુરેશચંદ્રજી ઉજ્જૈનવાલાની ૧૦ વર્ષની બાલવયમાં ચૈત્ર વદ ૧૧ દિ. ૨૭-૪-૨૦૦૩ના દિવસે ભાગવતી દીક્ષા થયેલ. દીક્ષિત નામ મુનિરાજશ્રી કેતકીરત્ન વિજયજી રાખી પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા. શિષ્યરૂપે જાહેર થયેલ. ચંદનબાલા (સોનાકુમારી) ગતાવરમલજી મુથાથી પણ આજે દીક્ષા થયેલ. એમનું નામ સાધ્વીજી ચરણપ્રજ્ઞાશ્રીજી અને ગુરૂણીનું નામ સાધ્વીજી લક્ષીતપ્રજ્ઞાશ્રીજી જાહેર થયેલ. આ દીક્ષા દાંતરાઈના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે સદાને માટે અંકિત રહેશે. આજે પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા.ને અજમેર, ઉદયપુર, જાલોર, કોટા, જોધપુર પાંચ જિલ્લાઓની વિનંતી હતી. પૂજ્યશ્રી કોટા ચોમાસાની ભાવના દર્શાવતાં જય જય શબ્દથી વાતાવરણ ગુંજી ઉઠેલ.

**ગાંધાર તીર્થ :**

અત્રે શ્રી અમીઝરા પાર્શ્વનાથ પ્રસાદે પૂ.પાદ શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ની દીક્ષાભૂમી નિમિત્તે ગુરૂભકતોએ પૂ.પાદશ્રીના ગુરુમંદિરનું નિર્માણ કરેલ છે જેમાં પૂ.પાદશ્રીની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાનો મહોત્સવ પ.પૂ. પ્રશાંતમૂર્તિ ગચ્છ સંચાલક પૂ. આચાર્ય દેવશ્રી હેમભૂષણ સૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં ચૈત્ર સુદ ૧૩-૧૪થી ત્રણ દિવસની ભવ્ય રીતે ઉજવાયેલ. પ્રથમ દિવસે શાહ ચંદુલાલ જેસંગભાઈ તરફથી અઢાર અભિષેક કરવામાં આવેલ. ચૈત્ર સુદ ૧૫ ભોરીલ તીર્થ નીવાસી વહોરા તારાચંદ મલુકચંદ તરફથી સિદ્ધચક્રપૂજન ભણાવવામાં આવેલ. ચૈત્ર વદી ૧ના સવારે નવગ્રહ પૂજન થયેલ બાદ ગુરૂમૂર્તિના અભિષેક થયેલ બાદ પ્રતિષ્ઠા થયેલ. બપોરે વિજયમુહુર્તે પાનેરા નીવાસી વોહોરા કકલચંદ હીરાચંદ અજવાળ પરીવાર તરફથી શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ. જીવદયાની ટીપ સુંદર થવા પામી. ત્રણ દીવસ સંઘજમણ થયેલ. ગુરુમૂર્તિ ભરાવાનો લાભ શેઠ માણેકલાલ મોહનલાલે લીધેલ. ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાનો લાભ ભોરીલ તીર્થ નીવાસી મહેતા નથુબેન દેવચંદ ઝવેરી પરીવાર હ. શાંતિભાઈએ લીધેલ. વિધિવિધાન જામનગરવાળા સુપ્રસિદ્ધ ક્રિયાકારક નવીનચંદ્ર બાબુલાલ શાહ તથા અમદાવાદ વાળા નાનુભાઈ બાવીસીએ સુંદર રીતે કરાવેલા. ધ્વજદંડ કળશની પ્રતિષ્ઠા અમદાવાદ નીવાસી શેઠ અરવિંદભાઈ પનાલાલ હ. શ્રીયકભાઈએ કરેલ.

**શ્રી ભોરોલતીર્થ :**

અત્રે પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદિવશ્રી વિજય ગુણયશ સૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. ભોરોલ તીર્થ ભૂષણ પ્રવચન પ્રભાવક પૂ.આ. દેવશ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં ચૈત્ર વદી ૧૪થી વૈશાખ સુદ ૮ સુધીનો દશાન્હિકા મહોત્સવ, બાર (૧૨) ભગવંતની અંજન શલાકા, તથા નૂતન સમવસરણ મંદિરમાં તેમજ મુખ્ય જિનાલયના ઉપર નીચેના ગવાક્ષમાં દશ (૧૦) જિનબિંબોની તથા બે ગણધર મૂર્તિ, તથા નૂતન ગુરુમંદિરમાં પ.પૂ. આચાર્યશ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા, પૂ. પંન્યાસ શ્રી બુદ્ધિવિજયજી મહારાજ, પૂ. પંન્યાસ શ્રી તિલકવિજયજી મ., પૂ. આ. શ્રી વિજયશાંતિચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. આચાર્યશ્રી વિજયકનકપ્રભ સૂરીશ્વરજી મહારાજા, ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા તથા પૂ. સાધ્વીજી મ.શ્રી મૈત્રી દર્શનાશ્રીજી મ.સા.ની વડી દિક્ષા તથા મુમુક્ષુ કુમારી કિરણબેન રાંભીયા તથા કુમારી ખુશલત્તાબેન ગુલેચાની ભાગવતી દિક્ષા તેમજ તીર્થની સાલગીરી ધજારોપણ નીમીત્તે નવાણુ અભિષેક મહાપૂજા, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, પરમાત્માને અંજનશલાકા પ્રતિષ્ઠાસહ બૃહદ અષ્ટોત્તરી શાંતિ સ્નાત્ર તેમજ વર્ષીતપના પારણા સહિત પરમાત્મા ભકિત મહોત્સવ ખૂબ જ ભવ્ય રીતે ઉજવાયો, દશે દિવસ જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી ત્રણ ટાઈમ સાધર્મિક ભકિત, સંઘજમણ, સંઘપૂજનો ઉલ્લાસપૂર્વક થયા. દેવદ્રવ્યની ચડાવાની ઉપજ તેમજ દીક્ષાર્થીના વસ્ત્રો - પાત્રો વહોરાવવાની ઉપજ ન ધારેલ થવા પામી. જીવદયાની ટીપ ખૂબ સુંદર થવા પામી, મહોત્સવના વિધિવિધાન જામનગર નિવાસી અંજન શલાકા પ્રતિષ્ઠાદી વિધિ વિધાનોના વિધાન અનુભવી કુશલ ક્રિયાકારક શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવ્યો. સંગીતમાં પાટણના પરિમલ રામીની મંડળી પધારતા સારી જમાવટ થવા પામી. દરરોજ પરમાત્માને નયનરમ્ય લાખેણી અંગરચના તેમજ સાંજે દિપક રોશની આદી સારી રીતે થતું હતું.

**પાંચોટઃ**

અત્રે પ્રથમ તીર્થપતિ શ્રી આદિનાથ ભગવંતની છત્રછાયામાં શાસન પ્રભાવક પૂ. આ. ભ. શ્રી વિ. ગુણશીલ સૂ.મ.સા., પૂ. મુ. શ્રી કુલશીલ વિ. મ. આદિ તથા પ્રવર્તક પૂ. મુ. શ્રી હરીશભદ્ર વિ.મ. તથા પૂ. સાધ્વીજી શ્રી ઈન્દુરેખા શ્રીજી

. આદિની નિશ્રામાં શ્રી મહેન્દ્રભાઈ બાબુલાલ શાહના ધર્મપત્ની અ.સૌ. અરૂણાબેનના વર્ષીતપના પારણા પ્રસંગે ભવ્યાતિભવ્ય પંચાન્હિકા જિનભકિત મહોત્સવ ઉજવાયેલ.

આયોજક પરિવારે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થના લેમેનેટેડ પ્રતિકૃતિ સહતિ અતિ આકર્ષક આમંત્રણ પત્રિકા બહાર પાડેલ. પૂ. આચાર્ય ભગવંત શ્રીજી આદિ આયોજક પરિવારની અતિઆગ્રહભરી વિનંતીથી બોરસદ મુકામે ચૈત્રી ઓળીની આરાધના કરાવી ઉગ્ર વિહાર કરી વૈ.સુ. ૨ના મંગલદિને પાંચોટમાં પધારેલ. પૂજયશ્રીનું સામૈયું અતિ ઉલ્લાસપૂર્વક કરેલ. મ્હેસાનું નવકાર બેન્ડ, બગી આદિ તથા વિશાલ સાજન માજન સહિત પૂજયશ્રીની પધરામણી થયેલ બાદ માંગલિક પ્રવચન થયેલ. પ્રવેશના દિવસથી જ ગામની જૈનેત્તર જનતા પણ પ્રવચન આદિમાં ખૂબ સુંદર રીતે લાભ લેતી હતી. અક્ષય તૃતીયાના મંગલ દિને સવારે પ્રવચન આદિ બાદ ૧૦-૦૦ કલાકે તપસ્વી અરૂણાબેનનું પારણું ખૂબ જ ઉલ્લાસપૂર્વક થયેલ. વિજય મુહુર્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન અતિ ઉત્સાહપૂર્વક ભણાવાયેલ. પ્રતિદિન સવાર અને સાંજ સામુદાયિક ચૈત્યવંદન દ્વારા પ્રભુભકિત, પ્રવચન, રાત્રે ભાવના, આદિમાં વિશાળ સંખ્યામાં ભાવિકો જોડાતા હતાં. વૈ.સુ. ૪ના દિવસે અરિહંત વંદનાવલીનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયેલ વૈ.સુ. ૫ના અઢાર અભિષેક, વૈ. સુ. ૬ના અત્રેના શ્રી આદિનાથ સ્વામિ જિનાલયની ૪૧મી સાલગિરિ પ્રસંગે ધ્વજારોહણ ખૂબ જ ઉત્સાહપૂર્વક થયેલ. ધ્વજારોહણની મોટી સંખ્યામાં ઉછામણી બોલી પાંચોટના વતની હાલ મુંબઈ વસતા પરિવારોએ સુંદર લાભ લીધેલ. તે દિવસે ત્રણે સમયનું સાધર્મિક વાત્સલ્ય સંઘ તરફથી ગોઠવાયેલ. વૈ.સુ. ૭ના દિવસે પૂ. આચાર્યદેવ શ્રી વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ.સા.ના આચાર્યપદ પ્રદાનના આઠમા વર્ષમાં પ્રવેશ નિમિત્તે સવારે પ્રવચનમાં 'જિન શાસનના ઘોરી પૂ. આચાર્ય ભગવંતો' એ વિષય પર પુ. મુ. શ્રી હર્ષશીલ વિ.મ.એ ખૂબ સુંદર પ્રકાશ પાથરેલ પ્રંતે ગુરુપૂજન, સંઘપૂજનો આદિ થયેલ તે જ દિવસે પૂજયશ્રીના આચાર્યપદ પ્રદાનની અનુમોદનાર્થે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ.

સમગ્ર મહોત્સવમાં વિધિવિધાન પાટણથી પધારેલા પંડિતપ્રવર શ્રી ચન્દ્રકાંતભાઈએ ખૂબ સુંદર રીતીએ કરાવેલ તેમજ પાટણના જ યુવા સંગીતકાર અંકુર શાહે પૂજા- પૂજન ભાવના આદિમાં અનેરી જિનભકિતની રમઝટ મચાવેલ. પાંચે દિવસ આયોજીત સાધર્મિક વાત્સલ્યમાં આયોજક પરિવારની અનુપમ ઉદારતાના કારણે પ્રસંગ ખૂબ જ શાસન પ્રભાવક બનવા પામેલ. આ પ્રસંગે અમદાવાદ, મુંબઈ, સુરત, મહેસાણા આદિ અનેક સ્થાનોથી ભાવિકો પધારેલા.

પૂ. આચાર્યભગવંત શ્રીજી આદિએ વૈ.સુ. ૯ની જ સાંજે અમદાવાદ તરફ વિહાર કરેલ. સીમંધર જિનમંદિરના ટ્રસ્ટી દિલીપભાઈ રમણલાલનીવિનંતીથી ત્યાં પધારેલ. રાત્રે પુરૂષો માટે પ્રવચન થયેલ.

વૈ.સુ. ૧૩ના જૈન સોસાયટીમાં બારેજા નિવાસી શ્રી શાંતિલાલ અંબાલાલ પરિવાર તરફથી અ.સૌ. પુષ્પાબેન જયેન્દ્રભાઈના વર્ષીતપની આરાધનાની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ. વૈ.સુ. ૧૫ના દિવસે રંગસાગરમાં પ્રવર્તીની પૂ.સા. શ્રી દેવેન્દ્ર શ્રીજી મ.ની પ્રથમ માસિક તિથિ પ્રસંગે તેઓશ્રીના સંયમ જીવનની અનુમોદનાર્થે શ્રી પંચકલ્યાણક પૂજા સુંદર રીતીએ ભણાવાયેલ. પૂજયશ્રીજીની નિશ્રામાં લક્ષ્મીવર્ધક જૈન સંઘ- શાંતિવન પાલડી ખાતે-પૂજયોની ૪૧મી દીક્ષાતિથિ તથા તપસ્વીરત્ન પૂ. પન્યાસજી શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરની ૧૦મી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે ભવ્ય પંચાન્હિકા જિનભકિત મહોત્સવ ઉજવાશે. જેઠ વદમાં પૂજયશ્રીનો મહેસાણા તરફ વિહાર થશે. જૈન શ્વે. મૂ.પૂ. સંઘ આઝાદ ચોક મહેસાણા ખાતે પૂજયશ્રીનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦ તા. ૯-૭-૨૦૦૩ના મંગલદિને થશે.

**રાયગઢ (મહા.)**

આ જીલ્લામાં પ.પૂ.મુ.શ્રી યોગીન્દ્રવિજયજી મ. તથા પૂ.મુ. શ્રી અવિચલેન્દ્ર વિ. મ. પેન, પોયનારા, અલીબાગ, રેવદંડા, રોહા, નારુઠાણા વિગેરે ગામોમાં ૨ માસ વેચર્યા, અને લાભ આપ્યો. પુના તરફ વિહાર કરતાં પાર્શ્વપ્રજ્ઞ લય પછી ૨ કિ.મી. જતાં પૂ. યોગીન્દ્ર વિ.મ.ને અકસ્માત થયો. ટેમ્પાએ ઝોટ લગાવી, તળે ગામ લઈ ગયા, ત્યાં એકસ-રે વિ. લીધા. ફ્રેકચર થયું હતું. થાણાથી મગનલાલ લક્ષ્મણ મારૂ આદિ આવી જતાં ભીવંડી લઈ જઈ નેશનલ હોસ્પીટલમાં ઓપરેશન કર્યુ, કોણીનું હાડકું ભાંગી ગયું હતું. હવે પાટો છૂટી ગયો છે. શાતા છે અને ભીવંડી છે. ચોમાસું પણ ભીવંડી શુભ શાંતિ કોમ્પલેક્ષ અંજુર ફાટા નકી થયું છે.

**સુરતઃ**

અત્રે અઠવાલાઈન્સ સમકીત બંગલા મધ્યે પૂ.પાદ આચાર્ય ભ. શ્રી હેમભૂષણ સૂરીશ્વરજી મ.સા.ની શુભ નીશ્રામાં ડો. ધનસુખભાઈ વી. શાહ તરફથી શ્રી શીતલનાથ સ્વામી ભ.ની ગૃહ જીનાલયનો ચલ પ્રતિષ્ઠા તથા પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી મહારાજ તથા પૂ.પાદ આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા નીમંતે ચૈત્ર વદી

૧૧થી ત્રણ દીવસની પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ ભવ્ય રીતે ઉજવાયેલ. ચૈત્ર વદી ૧૩ના શુભ મુહુર્તે પ્રતિષ્ઠા થયેલ. બપોરે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ. જીવદયાની ટીપ સુંદર થવા પામી. સંઘભ્રમણ થયેલ. પ્રતિષ્ઠાના દીવસે પ.પૂ. પ્રવચન પ્રભાવક પન્યાસપ્રવર શ્રી નયવર્ધન વિજયજી મ. આદી ઠાણા પધારેલ. વિધિવિધાન જામનગરવાલા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહના મંડળીએ ખૂબ સુંદર રીતે કરાવેલા. સંગીતમાં હેમેન્દ્રભાઇએ સારી જમાવટ કરેલ.

❖ **આચાર્ય કર્ણાટક કેશરિ ભદ્રંકરસૂરિજી પૂણ્યતિથી ઉત્સવ સાણંદ**- અત્રે લબ્ધિ ભુવન તિલક ભદ્રંકર પૂણ્યાનંદ સૂરિજી કૃપાપ્રાપ્ત તપસ્વી આચાર્ય વારિષેણસૂરિજી મ., પં. વિનયસેન વિ. મ., પ્રવર્તક વજ્રસેન વિ. મ., પ્રવચનકાર વલ્લભસેન વિ મ., ભકિત મગ્ન વિરાગસેન વિ. મ. અત્રે શંખેશ્વર યાત્રા કરી દશાડામાં છગાઉ ભાવયાત્રા કરાવી વિરમગામ સમુહ આયંબિલ, પ્રવચન, પાટડીમાં પ્રવચન, પધારતા સંઘે સામૈયુ ગહુલીથી વધાવ્યા હતાં. પ્રવચન થતાં નવપદ આરાધના પ્રભુવીર જન્મોત્સવ આચાર્યશ્રી ભદ્રંકર સૂરિજી મહારાજાની ૧૧મી પૂણ્યતિથિ ઉત્સવ ધામધુમથી મનાવવાનો નિર્ણય થયો. ૭૦ તપસ્વીઓએ પૂ. આચાર્ય સાથે નવપદ ઓળીનો પ્રારંભ કર્યો. પૂજા-આંગી -પ્રવચન પ્રતિક્રમણમાં આરાધકોએ ઉત્સાહથી સંઘપૂજન, પ્રભાવના, બહુમાન, તપસ્વી પારણા, ઉતર પારણામાં લાભ લેવા લાગ્યા.

પૂ.આ. શ્રી ભદ્રંકરસૂરિજી ગુણાનુવાદ સભા સમુહ સામાયિકથી પ્રારંભ થઇ. બાળકોના સ્તુતિ સ્તવન ગુણગાન થયા. પૂજન દ્વારા ગહુલીના ચઢાવા થયા, સંઘપૂજન થયા. મહાવીર જન્મોત્સવે પ્રભાતફેરી, રથયાત્રા અમદાવાદના હાથી, ઘોડા, રથ, બેન્ડ, શહનાઇ વાદન, બાળકોના ઇન્દ્ર ઇન્દ્રાણીથી વરઘોડો શોભાયમાન બની ગયો. સિદ્ધચક્ર મહાપૂજન ધામધુમથી સુંદર થયેલ. જીવદયા ટિપ, ચઢાવા થયેલ, સ્વામિ વાત્સલ્ય, અખંડ જાપ થયેલ. પૂર્ણીમાના પટ્ટદર્શન ભાવયાત્રા, ભાતું આપવા સાથે થયેલ. સંઘના પ્રત્યેક શ્રાવકમાં ભાવજાગૃતિ સારી આવી ગયેલ હતી. આંગી થયેલ. મણીનગર અમદાવાદ સ્ટેશન પાસે વાસુપુજય જિનાલયે પૂજ્યશ્રી ચાતુર્માસ પધારશે. ૐકાર તીર્થમ માંગલીક શ્રવણ ને ભાતા યોજના રવિવારે બેસતા મહિને પ્રારંભ થયેલ. છાણી આયંબિલ ઓળી આરાધના ભાવિકોએ ઉત્સાહથી કરેલ. તપસ્વી ભકિતનો લાભ આ. વારિષેણસૂરિજી મ. ની પ્રેરણાથી હસ્તીમલજી મદનલાલજી બેંગાણી પરિવાર મદ્રાસવાળાએ ભાવોલ્લાસથી કરેલ હતી.

**ભેટ મળશે** :- પૂણ્યાનંદ સ્વાધ્યાય બુક ૨૦૦ શ્લોકના હિન્દીમાં ભાવવર્ધક વૈરાગી ભાવાનુવાદ પૂ.શ્રી મહાવીર પરમાત્માના સ્વહસ્તે દીક્ષીત અવધીજ્ઞાની ધર્મદાસજી ગણીએ સ્વપુત્ર રણજીતકુમારના કલ્યાણાર્થે પ્રેરણામૃત પાન કરાવવા સર્જન કરેલ ૧૦૦ કથા પ્રસંગોવાળી બુક ૩ રૂપિયાનો M.O. કરીને ભેટ મેળવો. પતા- પૂણ્યાનંદ પ્રકાશન, રાજેશ એન. સી. શાહ, કાપડ બજારમાં પો. છાણી -૩૯૧૭૪૦, તુરન્ત મેળવશો. પૂ.આ. વારિષેણસૂરિ મ.ની ૧૦૦મી ઠામ ચૌવિહારિ એકદત્તી ઓળી નિમિત્તે ૧૦૦ ઓળી કે વધુ ૫૦૦ અખંડ આયંબિલ કે વધુ તપસ્વીના બહુમાન કાર્યક્રમ ચાલુ છે તો લાભ આપવા વિનંતી. પત્ર લખશો.

રાજેશ એન. શાહ, બજારમાં, છાણી - ૩૯૧૭૪૦,

**શીમોગા નગરમાં ભવ્ય દીક્ષા અને ચાતુર્માસ નિર્ણય**

પૂ.પા. આચાર્યશ્રી વિજયલબ્ધિ ભુવન તિલક સૂરિ પટ્ટધર પૂ.આ. શ્રી વિજય અશોક રત્ન સૂ.મ. પૂ. આ. શ્રી વિજય અમરસેન સૂ.મ. અને સાધ્વીજી શ્રી જિતેન્દ્ર શ્રીજી મ.ની પાવન નિશ્રાએ મુમુક્ષુ કવિતાકુમારી ધનરાજજી પારલેચાની દીક્ષા નિમિત્તે તેમના તરફથી ચૈત્ર વદ ૧૪થી પાંચ દિવસના મહોત્સવમાં પહેલાં બે દિવસ પૂજા આંગી પ્રભાવના વૈશાખ સુદ ૧ના શ્રી ઉવસ્સગહરં પૂજન પઢાયું હતું. શ્રી આદિનાથ જૈન સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય થયું હતું. વૈ.શુદ-૨ના ભવ્ય શાનદાર વર્ષીદાનના વરઘોડામાં કપડાં, વાસણ અને રોકડ નાણું આપવામાં આવ્યું હતું તે પછી સ્વામી વાત્સલ્ય થયું હતું. વૈશાખ સુદ ૩ના વિશાળ મંડપમાં પૂ.આ.મ. એ દીક્ષાની વિધિ કરાવી હતી. પૂ.આ.મ.ને અને પૂ.સા.મ.ને કાંબલ વ્હોરાવાના અને નવા સાધ્વીજી મ.ને ઉપકરણ વ્હોરાવાના સારા થયા હતાં. કવિતા કુમારીનું નામ સાધ્વીજી શ્રી જિનાજ્ઞાશ્રીજી મ. રાખી સાધ્વીજી શ્રી ભાગ્ય ચરણ શ્રીજી મ.ના શિષ્યા બનાવ્યા હતાં. પછી સ્વામી વાત્સલ્ય થયું હતું. દીક્ષા સમયે શ્રી લક્ષ્મેશ્વર જૈન સંઘની આગામી ચાતુર્માસની વિનંતીનો સ્વીકાર કર્યો હતો. મહોત્સવ પહેલાં અને પછી અનુકંપા અન્નદાનનો કાર્યક્રમ રખાયો હતો.

પૂ. આ.મ. આદિ વૈ. સુદ-૭ના ભદ્રાવતીમાં પધાર્યા હતાં ત્યાં ઘર મંદિરમાં વૈ. શુદ-૧૧ના શ્રી પાર્શ્વનાથ ભ.ની પ્રતિષ્ઠા નિમિત્તે શ્રી પાર્શ્વનાથ પદ્માવતી પૂજન અને સ્વામી વાત્સલ્ય સાથે ત્રણ દિવસના મહોત્સવ પ્રસંગે કળશની પ્રતિષ્ઠા વૈ.વદ-૩ના મહોત્સવમાં શાન્તિસ્નાત્ર સ્વામી વાત્સલ્ય સાથ પ્રસંગે સ્થિરતા કરીને પછી તુરત વિહાર કરીને ચિત્રદુર્ગ દાવણગિરી રાણી બેન્નૂર હીવેરી થઇ અષાડ સુદમાં લક્ષ્મેશ્વર ચાતુર્માસ અર્થે પ્રવેશ કરશે.

**નવસારી :**

આચાર્ય શ્રીમદ્‌વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજાના સમુદાયના નૂતન ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્‌વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજનું નવસારીમાં દબદબાપૂર્ણ સ્વાગત.

રત્નત્રયી આરાધક સંઘ, ર.છ. ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે એક વિશાળ સામૈયું ગોલવડ ગેટ (સીમંધર સ્વામી જૈન દેરાસર)થી નીકળી રાજમાર્ગ પર ફરી ઉપાશ્રયમાં વિરામ પામ્યું હતું. રસ્તામાં અનેકવિધ જગ્યાએ કલીંગર સરબત, શેરડીનો રસ, મેંગો જયુશ વગેરેની પરણ કરવામાં આવી હતી. ઉપાશ્રયમાં ૨૦૦ ગ્રામ મીઠાઈના બોકસની પ્રભાવના કરવામાં આવી હતી. ઉપાશ્રયમાં ગુરુપૂજન તથા આયંબિલ શાળાની ઉદ્‌ઘાટનની બોલી બોલાવવામાં આવી હતી.

પરમ પૂજય હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજાએ માંગલિક પ્રવચન ફરમાવતા વિરપ્રભુનો કેવલજ્ઞાન કલ્યાણક દિવસ વૈશાખ સુદી ૧૦નો દિવક શ્રાવકોએ કેમ ઉજવવો જોઈએ તે વિષય પર મનનીય પ્રવચન ફરમાવ્યું હતું. નરેશભાઈ શાહે સારી બોલી બોલી નૂતન ગચ્છાધિપતિનું નવાંગી ગુરુપૂજન કર્યું હતું. સંઘના પ્રમુખ અરવિંદભાઈ શાહે આયંબિલ શાળાના ઉદ્‌ઘાટન માટેની બોલી બોલી લાભ લીધો હતો.

શ્રી સંઘના એકટીવ કાર્યકર ડો. હેમંત શાહે વીરપ્રભુની ૭૭મી પાટે બિરાજનાર સુરિરામ - ૭૮મી પાટે બિરાજનાર સૂરિમહોદય તથા ૭૯મી પાટે બિરાજમાન સૂરિહેમભૂષણનો પ્રવેશ નવસારીમાં કયારે કયારે થયો હતો તેની વિશદ છણાવટ કરી હતી. આચાર્ય ભગવંતોનો કાળધર્મ થાય છે ત્યારે જૈન સમાજમાં કેવો સન્નાટો ફેલાઈ જાય છે તેના કરુણાભરી વાતો ખૂબ જ દર્દભરી ભાષામાં કરી હતી.

રસ્તામાં સુપર એપા.માં યોગેશભાઈના ઘર દેરાસરે પણ પૂ. સાહેબજીએ દર્શન કર્યા હતાં. માંગલિક પ્રવચન ફરમાવ્યું હતું. ત્યાં પણ લાડુ- ગાંઠીઆની પ્રભાવના થઈ હતી. પૂ. ગચ્છાધિપતિશ્રીને શોભે એ રીતે આખોયે કાર્યક્રમ બપોરે ૧-૨૦ કલાકે સંપૂર્ણ થયો હતો. સાંજે ૫-૩૦ કલાકે પૂજયશ્રીએ મુંબઈ તરફ વિહાર શરૂ કર્યો હતો.

❖ **વિજયવાડા (AP)** ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી વિજયસુશીલ સૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી વિજયજિનોત્તમ સૂ.મ. આદી ઉવસગ્ગહરં તીર્થ થઈ વિજયવાડા અષાડ સુદ ૧૦ ચાતુર્માસ પ્રવેશ કરશે.

**ચાંદરાઈ :**

અત્રે પૂ.પં. શ્રી રવિરત્ન વિજયજી મ.ની નિશ્રામાં ચાંદરાઈવાળા પિતાશ્રી રોકબીચંદજીના શ્રેયાર્થે તથા માતુશ્રી ભુરીબેન તથા શ્રાવિકા પ્યારીબેનના વિવિધ તપસ્યા નિમિત્તે પાંચ છોડ સહિત પંચાન્હિકા મહોત્સવ ઉજવાયો.

**તખતગઢ (રાજ.) :** માં શા દીપચંદજી કપૂરચંદજી તથા પાનીબેનનો જીવીત મહોત્સવ, સિદ્ધચક્ર મહાપૂજન આદિ સંઘે ઉજવાયો. શ્રી પુખરાજજી પ્રતાપજી તથા પરસનબેનની તપસ્યા નિમિત્તે પાંચ છોડ સહિત ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભણાવાયું. પૂ.પાદ આ.ભ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ની વૈ.વ.૧૧ની ૩૫મી પૂણ્યતિથિ જાપ ગુણાનુવાદપૂર્વક ઉજવાઈ. જૈન મરર્ચન્ટ પાલડી અમદાવાદ ચાતુર્માસર્થે પધારશે.

**સામાયિક સ્ફૂરણ :**

'ધર્મદૂત' એપ્રિલ ૨૦૦૩ના અંકમાં સામયિક સ્ફુરણ વાંચ્યું. પોતાની ભૂલ સમજવાની, સ્વીકારવાની અને સુધારવાની તૈયારી કેટલાકની પ્રકૃતિમાં જ હોતી નથી. તેથી ધર્મદૂત તેમ ન કરી શકે- એ સમજી શકાય એવું છે. પરંતુ કોઈ ભૂલ બતાવે તો તેની સામે ખોટા આક્ષેપો કરવાની ધર્મદૂતની રીત બરાબર નથી. 'જૈન શાસન'માં અગાઉ પ્રગટ થયેલ સ્વ. પૂ. ગચ્છાધિપતિશ્રી સાથેનો પત્રવ્યવહાર બોગસ હોવાનું લખનારે તેના પૂરાવા રજૂ કરવા જોઈએ. રજૂ ન કરી શકે તો મહાપુરૂષોની આવી ઘોર આશાતના કરવા બદલ માફી માંગી લેવી જોઈએ. પોતાની ઉન્માર્ગપોષક પ્રવૃત્તિ ખુલ્લી પાડનારને બોગસ કહેવા નીકળેલાએ માનસિક સમતુલા ગુમાવી લાગે છે.

(અ) સામયિક સ્ફુરણમાંની બીજી વિગતોનો ખુલાસો હાલ કરવાની જરૂર નથી. પોતાના વડિલોનો સમુદાય કોણે કેમ છોડયો- તેની ચર્ચા અમારે કરવાની હોય નહિં.

ધર્મદૂતમાં કારતિક માસના અંકમાં સામા પક્ષની તિથિ છપાવી તે શું આંખો બંધ કરીને છપાવી છે કે જેથી બીજે વાંચી લેવા ભલામણ કરી છે?

શું પૂ. પાદ મહોદય સૂરીશ્વરજી મ. ગયા પછી પૂ. હેમભૂષણ સૂ.મ. પૂ. કીર્તિયશ સૂ.મ. જુના લખાણને એક બાજુ મૂકી નવા લખાણ અને નવા સિદ્ધાંતો સ્થાપે છે. તેમાં ધર્મદૂત પણ કરવા માગે છે. કાર્તિક માસમાં સામા પક્ષની તિથિ અને માગસર માસમાં પૂ. રામચંદ્ર સૂ.મ.ની તિથિ છાપી છે. તો કારતક માસની લખતાં શું પૂ. રામચંદ્ર સૂ.મ.ની માન્યતા છોડી દીધી હતી?

## વયોવૃદ્ધ તપસ્વિની પ્રવર્તિની
# પૂ.સા. શ્રી ખાંતિશ્રીજી મ.નો સમાધિપૂર્વક કાલધર્મ

सा. श्र हर्षितप्रज्ञाश्रीजी तरफथी,

वंदना, अनुवंदना, धर्मलाभ साथे जणावानुं के परमशासन प्रभावक तपो च्छाधिपति पूज्यपाद आ.म. श्रीमद् विजय प्रेम-रामचन्द्र सूरी रजी महाराजाना अद्वितिय साम्राज्यवर्ती, मरूधर देशे सद्धर्मसंरक्षर पू.आ. म. श्रीमद् वि. कमलरत्न सूरीश्वरजी महाराजानी रणाथी सद्धधर्ममां स्थित, परम तपस्विनी प्रवर्तिनी वयोवृद्धा परम पकारी पू. गुरुदेवश्री श्वांतिश्रीजी म.सा.वै.व.प्र.१० ता. २५-४-२००३, शुक्रवारे सवारे ११.५ कलाके अद्‌भूत समाधि अने स्वस्थत सह श्री चतुर्विधसंघनी हाजरीमां श्री नमस्कार महामंत्रनुं श्रव ग करतां कालधर्म पाम्या छे, परम गुरूदेवश्रीनी विदायथी जि शासनने एक चारित्रनिष्ठ साध्वीजी भगवंतनी मोटी खोट पडी छे, आ निशंक छे।

स्वर्गत पू. गुरूदेवश्रीअे वि.सं. २००६ वै.व.६ना दिवसे श्री सिद्धगिरि मह तीर्थनी पावन भूमिमां बीजी वखत भागीने ४५ वर्षनी प्रौढवयमां सि द्धांत महोदधि, कर्मसाहित्य निष्णात, सच्चारित्र चूडामणि पूज्यपाद आ.म. श्रीमद् वि. प्रेमसूरीश्वजी महाराजाना (संसारीपक्षे भाई) वरदहस्ते संयम स्वीकारी जीवननी अंतिम पल सुधी रत्नत्रय साधनामां लयलीन बन्या, पू. गुरूदेव अनेकानेक गुणोना निधि तां, जिनाज्ञा- जिनभक्ति रोम-रोममां वसेली हती, दर्शन शुद्धि अ बनी हती, अमदावादमां दररोज ४०-५० देरासरना दर्शन करता तां, दीक्षित थतां पूर्वे पण वीरवाडाथी बामणवाडा तीर्थ दर्शन क वा दररोज २ कि.मी. चालीने जता हतां, अने प्रायः छेल्लां ३२ वर्ष प्रज्ञाचक्षु हतां, अेटले गुरूदेवश्रीने पूछवामां आवतुं के आप अहिं जे परमात्माने याद करी दर्शन करी लो ने। आप जोई तो शकत नथी, ते वखते गुरूदेव कहेतां के भलेने हुं ना जोई शकुं, पण परमात्मा तो मने जूअे छे ने। गुरूदेने नवकार मंत्र उपर अढलक श्रद्धा हती, ज्यारे जोईए त्यारे नवकार गणता ज होय जे कोइ अेमनी से आवे अेने नवकार गणवानी प्रेरणा करता, अने जयां जाओ त्यां मारा दर्शन करजो, अेम कहेता।

स्व. गुरुदेवना पू. गुरूदेव श्री रोहिताश्रीजी म.सा. पू.सा. श्री रोहिणाश्रीजी म.सा.नी परम कृपाथी ग्रहणशिक्षा अने आसेवन शिक्षा पामी ज्ञानोपा क बन्या, विनय - वैयावच्च- सरल आराधक- नम्र-निखालसता- गंभीरता आदि गुणो स्वाभाविक हता, गुजरात-सौराष्ट्र अने राजस्थान देशोमां शुद्ध संयम चर्याथी विचरी, चौमासा करी अनेक मुमुकोने संयमनी सन्मुख बनाव्या, उमर थतां जंघाबल क्षिण बन्या जे श्री अशकत होवाथी पुंजवानी शकित न हती ज्यारे ज्यारे उठता सता अने पग मूकता पहेला पूछता पूज्यु छे। क्रिया अने जयणामां अप्रमतता हती।

पू. गुरूदेव तपाचारना पालनमां शूरा हतां, त्रण मासक्षमण कर्या, त्रीजो मास क्षमण लगभग ८८ वर्षनी बुजुर्ग अवस्थाअे कर्यो, ३० वा उपवासे पण टेका विना नवकारवाली सतत आराधना. गुरूदेवमां एक खासीयत हती के जिन्दगीना अंत सुधी टेको नहीं लीधो, एक ज आसने ४-५ कलाक सुधी बेसतां बे वखत १९ उपवास ११-९-८ अने अठ्ठम् घणा कर्या, सिद्धितप चतारी अठ्ठ दस दोय तेर काठीयानी अठ्ठम्, ९२ वर्षनी उंमर सुधी लगभग पर्युषणमां अठ्ठाइनो तप, ५०० आयंबिल संलग, ६८ वर्धमान तपनी ओली, १०० ओली पूरी करवानी घणी भावना हती पण गुरुदेव टी.बी.ना रोगथी ग्रसित थया, भावना पुरी न थई, प्रशिष्याओं अे १०० ओली पुरी करी आपशुं अेवुं कह्युं तो खूबआनंदमां आवी अनुमोदना करवा लाग्या, नवपदनी ओली, अेकासणा अने बेसणा जयां सुधी शारीरिक स्वस्था रही त्यां सुधी कर्या, तपधर्मना आराधक बनी, अमारा सहुना परम आदर्श बन्या, दिक्षीत थया ते दिवसथी मिष्ठान्न अने बादाम सिवाय मेवानो त्याग हतो द्रव्य पण अल्पज वापरता।

पू. वडिल गुरूवर्यो साथे अजोड भकितभावना, अने नानाओ प्रत्ये अनराधार वात्सल्य भावना, स्व. गुरूदेवश्रीनी सुशिष्या, अमारा सहुना तारणहार सरलस्वभावी स्व. गुरूदेवश्री किरण प्रज्ञाश्रीजी म.सा. जीवन पर्यंत सतत गूरू सेवा करी अमारामां अेबुभकितनुं बीज बोयु के त्यारपछी १७ वर्ष एमने भकितनो लाभ मल्यो.

स्व.गुरूदेव आंखो नहिं जोवा छतां १० वर्ष सुधी हाथ पकडीने विहार कर्यो, जंघाबल थाकी जवाथी पिण्डवाडा श्री संघना अत्यंत आग्रहथी छेल्ला वीस वर्षथी पिण्डवाडा स्थिरवास हतां.

छेलुं आ वर्ष अमारा माटे भयजनक निवडयुं, बे त्रण वार गुरूदेवश्री एकदम सीरीयस थइ गयेला, छेल्ला अेक महिनाथी श्वास सुजन, ताव आदि रोगो अे घेरो घाल्यो, डो. नूरमहोम्मद, डो.प्रद्युम्ननी ट्रीटमेन्ट चालु ज हती। पिण्डवाला श्री संघ, प्रमुखश्री ट्रस्टीगण अने गुरूदेवश्रीना संसारी सम्बंधीओ सेवामां कटीबद्ध हतां, तबीयतनी स्वस्थता माटे अनेक द्रव्य अने भावोपचारो चालु छतां, गोझारा वै.व. प्रथम १०नादिवसे एक पण काम न लाग्या, सवारे अेक हाथे वधारे सुजन आव्युं, अमे सहु गभराइ गया के हवे शुं थशे? सवारे ५-११ वाग्याथी सतत नवकार संभलावानुं चालु ज हतुं, १० वागे डो. आवी तपास्युं, बी.पी. पल्स वि. नोरमल छे, गुरूदेव एकदम स्वस्थ छे, चिंता जेवुं नथी छतां अंतर हिम्मत धारण न्होतुं करतुं ते

दिवसे पोरिसिनुं पच्चकखाण करावेल पच्चकखाण परावी थोडुंक वपराव्युं पण उतर्यु नहीं वपराववानुं छोडी बधा पच्चकखाण कराव्या स्व. गुरूदेवश्री वडिल गुरू भगिनीने रोज कहेता छेल्ले नवकार तुं ज संभालवजे तो एमने ज अंतिम निर्याणमा करावी गुरूदेव एकदम जागृत अवस्थामां हता, नवकार संभालावानुं चालु ज हतुं, बराबर ११-५ कलाके गुरूदेवश्री नश्वर देहने छोडी स्वर्गनी वाटे सहुने छोडीने चाल्या गया, आम तूटी पडयुं होय एवुं दुःख थयुं, वज्रघातनी जेम आघात अनुभव्यो, शिष्या- प्रशिष्या निश्रावर्ति लगभग ८९ ठाणाना शिरछत्र चाल्या जवाथी सहु निराधार थई गया । सकल संघ शोकातुर थयो.

गुरूदेवना दर्शनार्थे मानव महेरामण उमटयो. रातना १२ वाग्या सुधी लोकोनुं आववुं चालु रह्युं बोम्बे, सुरत, अमदावाद, दिल्ली वि. गामोथी भक्तवर्ग संसारी सम्बधीओ आव्या,जीवदया अने अग्नि संस्कारनी उछामणी घणी सारी थई, पिण्डवाडा राजमार्गथी पालखी निकली गाम बहार पथराववामां आवी त्यां ज गुरूदेवश्रीना देहने अग्नि संस्कार करवामां आव्यो, एनो लाभ संयुकतपणे स्व. गुरूदेवना संसारी पुत्र जुहारमल भाइ, बाबुलालभाई, अने कुन्दनमलभाई शाह परिवारे सारी उछामणी बोलीने लीधो हतो पछी गुरूदेवश्रीना संयम जीवनन्नी अनुमोदना रूपे देववंदन थयुं, पू. गुरूदेवश्री हर्षितप्रज्ञा श्रीजी म. स्व. गुरूदेवश्रीना संक्षिप्त गुणानुवाद कर्या हतां.

स्व. गुरूदेवश्रीनी सेवा भक्तिमां खडे पगे रहेनारा अने आराधना अने समाधिमां सतत सहाय करनारा मारा गुरुदेवश्री एवं पू. लक्षित प्रज्ञा श्रीजी म.सा.नी भक्ति शब्दथी अवर्णनीय हती, अमारामां पण एवी भक्ति आवे एथी हमें परमात्मा पासे प्रार्थना करीअे छीअे।

पू. गुरूदेवना विरहथी हृदय अत्यंत वेदना अनुभवे छे, अने अेओश्रीअे साधेली परम समाधिथी अंतर धीरजजताना धारण करे छे,

तेओश्रीनो आत्मा जयां होय त्यांथी शीघ्र मुक्ति पंथे प्रयाण करी, शाश्वत सुखनो भोक्ता बने अेज.. शुभेच्छा

*द.सा. श्री लक्षित प्रज्ञाश्रीजी,*
*(पींडवाडा)*

स्व. पूज्य गुरूदेवश्रीनी जीवन तवारीख

जन्म सं. १९६७, पिण्डवाडा, पिताः सरेमलभाई, माताः केशरबेन, पोतानुं शुभ नामः कसुबेन, पतिनुं नाम छगनभाई, सासरू - वीरवाडा, दीक्षाः सं. २००६, पालीताणा तीर्थ, गुरुनुं नामः पू. रोहिताश्रीजी म.सा. स्वर्गवासः पिण्डवाडा सं, २०५९ वै.व.प्र.१० शुक्रवार

■ ■ ■

# ('શ્રી વિમલનાથ ચરિત્રમાં'થી શ્રી સૂરસેન રાજાની ભાવના)

"જેવી રીતે આ મેઘમંડલ નાશવંત છે, તેવી રીતે દ્રવ્ય, શરીર અને સ્ત્રી આદિ બધું નાશવંત છે. મારી નગરી હરિશ્ચંદ્રની નગરીની જેમ ચાલી જવાની છે. મારા સ્વજનો નાટકમાં લાવવામાં આવેલા અનેકરૂપી પાત્રોના જેવા છે. મારૂં કટક - સૈન્ય કાંટાવાલા સ્થાનના જેવું છે. મારૂં મંદિર યમરાજના મંદિરના જેવું ભયંકર છે. આ ક્ષિતિ- પૃથ્વી ક્ષતિ- ક્ષય- પામવાના જેવી છે. આ કમલા- લક્ષ્મી, કમળમાંથી ઉત્પન્ન થયેલી છે અને કમળને આશ્રિત છે તો તે કમળમાં પણ સ્થિર રહેતી નથી તો બીજે કયાં અલંકૃત થઇ સ્થિર થઇને રહે? કામના આરામ વડે સુંદર એવી તે સ્ત્રી તો કામને જ અનુસરનારી છે, નહિં તો તે કામ- ઇચ્છાઓમાં જ આરામ કરનારી થાય છે. તેથી સ્ત્રીની પક્કડ મુશ્કેલીથી છોડી શકાય તેવી છે. સંપત્તિઓનો અને સ્ત્રીઓનો ત્યાગ કરવો સારો છે. વળી આ પૃથ્વી ઉપર જે ભોગ છે, તે ભોગના- સર્પની ફણા- જેવા જ છે, તેનાથી સ્પર્શ થયેલો પુરૂષ પોતે શિષ્ટ હોય તો પણ તે કષ્ટને જ પામે છે. જેઓ આ લોકમાં યુદ્ધ કરીને શત્રુઓનો નિગ્રહ કરે છે, તેઓએ બીજાઓના સાર મેળવ્યો પણ તેમના પ્રધાન પુરૂષ -ધર્મરૂપી પુરૂષાર્થનો ક્ષય થાય છે. તો મને સદ્ગુરુની પ્રાપ્તિ થાય તો આ રાજયનો ત્યાગ કરી સમ્યક્ પ્રકારે સંયમનો આશ્રય કરૂં."

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામિને નમઃ ॥

॥ નમામિ નિત્યં ગુરુ રામચન્દ્રમ ॥

# આત્મશ્રેય પ્રકાશનનું..... નવું નજરાણું

# ઋદ્ધિ શાલિભદ્રની
# સિદ્ધિ સુપાત્રદાનની

સંપાદન : મુનિરાજ શ્રી કુલશીલ વિ.મ. (શાલિભદ્ર ચરિત્ર સચિત્ર)

લેખક : મુ. શ્રી હર્ષશીલ વિજય મ. કિંમતઃ રૂા. ૧૫૦

સુપાત્ર ાનના મહિમાને વર્ણવતું.... આ અદ્દભૂત સચિત્ર પ્રકાશન... આપના ઘરની... આપની પાઠશાળાની... આપની લાયબ્રેરીની અપૂર્વ શોભા બની રહેશે...

## જલ્દી વસાવો.

ગત વ ે અમારા તરફથી પ્રકાશિત થયેલ જૈન સમાજમાં અદ્દભૂત આવકાર પામેલ અપૂર્વ સચિત્ર પ્રકાશનો **ચોવીર તીર્થંકર ચરિત્ર અને શ્રમણ ભગવાન મહાવીર** આ બંને પુસ્તકોની જૂજ નકલો જ સ્ટોકમાં છે... તુરંત વ ાવો

### અમારા અન્ય સચિત્ર પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ધ ન્ય ચરિત્ર | રૂા. ૫૦ | પાલવે બાંધી પ્રીત | રૂા. ૮૦ |
| સ મરાદિત્ય ચરિત્ર | રૂા. ૮૦ | પૂણ્યે બાંધી પ્રીત | રૂા. ૮૦ |
| રૂ ાસેન સુનંદા ચરિત્ર | રૂા. ૬૫ | વચને બાંધી પ્રીત | રૂા. ૯૦ |
| અ જના સુંદરી ચરિત્ર | રૂા. ૬૦ | શ્રમણ ભગવાન મહાવીર | રૂા. ૧૫૦ |
| મ હેરામણના મોતી | રૂા. ૮૦ | ચોવીસ તીર્થંકર ચરિત્ર | રૂા. ૨૦૦ |
| ર પને તોરણ મોતીના | રૂા. ૮૦ | | |

<u>સંપર્ક :</u>

**આત્મશ્રેય પ્રકાશન - ઉમેશચંદ્ર ભોગીલાલ શાહ**

મેચ. ભોગીલાલ એન્ડ કું., દુ.નં. K-7/8 નવમી ગલી, મંગલદાસ માર્કેટ, મુંબઇ- ૪૦૦ ૦૦૨.

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

- જ્ઞાનીઓએ કહેલી મોક્ષસાધક ક્રિયાઓ મોક્ષના હેતુથી કરે તો તે સ્વરૂપ શુદ્ધ કહેવાય અને તેમાં તન્મયતા આવે તો અનુબંધ શુદ્ધ બને.
- ભગત જ તેનું નામ જેનું બધું દેવ- ગુરૂ - ધર્મનું હોય, શાસનનું હોય !
- સંસાર એટલે જ અર્થ અને કામ! મોક્ષ એટલે તે બેની જરૂર નહિં તે!
- ગુણઠાણું એટલે કષાયની મંદતા !
- ગુણઠાણું એટલે ગમે ત્યાં તમે બેઠા હો પણ તમારો બચાવ કર્યા જ કરે. સાચો રક્ષક છે તે આત્માનો !
- ગુણઠાણાવાળો જીવ એટલે ગુણનો રસિયો અને દોષનો દ્વેષી.
- ગુણઠાણાની હાજરીમાં નિર્જરા બળવાન, બંધ નબળો તે બંધ કાંઈ નુકસાન ન કરે.
- મોક્ષ માર્ગ પામવા સમજ જોઈએ. શ્રદ્ધા જોઈએ અને આરાધવા અચારિત્ર દૂર કરવું પડે, ચારિત્ર સ્વીકારવું પડે. તે લેતાં કષ્ટો વેઠવા પડશે, તેમાં અંતરાય કરનાર સુખની ભૂખ કાઢવી પડશે.
- દુઃખની ગભરામણ થાય તે મારી બેવકૂફી છે અને સુખનું મન થાય તે મારી મહાબેવકૂફી છે.
- સુખોનો સમજપૂર્વક ત્યાગ અને દુઃખોને મજેથી વેઠવા તેનું નામ જ સાધુપણું છે !
- ધર્મીમાત્ર સંસારને કૂટે- મારે, પણ તે સંસારથી ન કૂટાય !
- દુઃખને ભૂંડું માનવું અને સુખને સારૂ માનવું તે મોટા રિબામણ !
- દુઃખને સારૂ અને સુખને ભૂંડુ માનનાર હંમેશા મજામાં હોય,
- 'સુખ સારું નહિં, દુઃખ ભૂંડુ નહિં' - આ જ સમ્યગ્જ્ઞાનનો પાયો છે સમજની આદિ ભૂમિકા છે. આ બે વાત સમજાઈ જાય તે જંગલમાં ય સુખી! આ વાત ન સમજાય તે દેવલોકમાં ય દુઃખી !
- પારકી વસ્તુથી મલતું જેટલું સુખ તે બધું ભૂંડુ જ! જેમાં કોઈની પણ અપેક્ષા પડે તેવું બધું સુખ ભૂંડું જ !
- ધર્માત્માઓના ગુણની જાહેરાતો વિના ગુણ ગવાતા હોય ?
- આજના સુખી લોકો મોટેભાગે મનુષ્યપણામાં ફણીધર જેવા છે.
- તમે બધા આગેવાન લોકો છો, મોટા માણસો છો, આબરૂદાર છો તો તમને થયું કે અમે જ્યાં હોઈએ ત્યાં અધર્મકામ રોકવામાં અને ધર્મના કામ કરવામાં અમારી આગેવાની ન હોય તો અમે શેના સારા માણસો - તેમ તમને થયું છે? મને તો લાગે છે કે તમારી પાસે સારા કામની સલાહ લેવા આવે તો તે કામ નાશ જ પામે! કાં બગડે!

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received: 9698
12/07/03

# જૈન શાસન

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

श्रावक कुलनी श्रेष्ठता

सावयकुलं कुलाणं
निग्गंथं पवयणं पवयणाणं।
दाणाणमभयदाणं
समाहिमरणं च मरणाणं ॥
(શ્રી સુપાહનાહ ચરિઅં, ૧૨૧)

સઘળા કુલોમાં શ્રાવક કુલ, સઘળાય પ્રવચનોમાં નિર્ગ્રંથ પ્રવચન- જૈન શાસન, સઘળાય દાનોમાં અભયદાન અને સઘળાય મરણોમાં સમાધિ મરણની પ્રાપ્તિ તે શ્રેષ્ઠ છે.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## અઠવાડિક

વર્ષ ૧૫ | અંક ૩૫

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# સુખી થવાની માસ્ટર કી

- પૂ. મુ. શ્રી યોગીરત્નવિજયજી મ.

પ્રિય વાચકમિત્રો,

આ જગતમાં અનેક પ્રકારના ધર્મો છે પરંતુ દરેક ધર્મોમાં બીજાને મદદ કરવા અંગે ઘણું સમજાવ્યું છે. આપણે જો બીજાને મદદ કરીએ તો આપણને કયારેય કોઇ વસ્તુની કમી ન રહે અને કદાચ ક્યારેક ખરાબ કર્મને કારણે જરૂર પડે તો મદદ કરનારા અનેક જણ મળે. આજે જગતમાં ઘણાં બધા લોકો ગરીબ છે જેને ખાવાનું પૂરતુ મળતુંનથી, કપડાં પહેરવા માંડ મળે છે, ગમે તેમ જીવન ગુજારવું પડે છે. તેઓ કદાચ બીજા પાસે માંગવા જાય તો પણ કોઇ આપતું નથી. જયારે કેટલાક લોકો અત્યંત શ્રીમંત છે જેને કોઇ મુશ્કેલીઓ નથી. પૂર્વભવમાં અન્યને મદદ કરવી વગેરે સારા કાર્યો કર્યા હતાં તો આ ભવમાં અનેક સુખ મળ્યાછે. આથી, તમારે પણ જો સુખી થવું હોય તો બીજાને બને તેટલી મદદ કરો, દાન આપો.

વર્ષો પૂર્વેની વાત છે. બે દેશો વચ્ચે ભયંકર યુદ્ધ ચાલી રહ્યું હતું. ચારે બાજુ લોકોમાં યુદ્ધની વાતો ચાલતી હતી. ઘણાં માણસો મરી રહ્યા હતાં. એક ઓફિસરને ઓર્ડર આવ્યો કે 'હમણાં ને હમણાં તમે અમુક જગ્યાએ યુદ્ધ અંગેની મંત્રણા કરવા આવી જાવ.' ઓફિસર જીપ ને ડ્રાઇવર સાથે નીકળ્યા. રસ્તામાં આગળ વધતાં વધતાં ઓફિસર યુદ્ધ વિશે વિચારી રહ્યા છે ત્યાં જ એક જણ ઘવાયેલો રસ્તામાં પડયો હતો. તેની પરિસ્થિતિ ગંભીર હતી એટલે ઓફિસરને તેને સહાય કરવાનું મન થઇ આવ્યું. પરંતુ બીજીબાજુ મંત્રણા માટે જલદી પહોંચવાનું હતું. ઓફિસરે વિચાર કર્યો કે આવી રીતે કોઇને સહાય કરવામાં કેટલું સારૂ. કદાચ રસ્તામાં પંચર પડયું હોત તો આમ પણ ઘણો સમય બગડયો જ હોત! ડ્રાઇવરને કીધું કે જીપ લઇ ત્યાં કહેજે કે ઓફિસર થોડીક વારમાં આવે છે, અને પોતે ઘવાયેલા માણસની સારવાર કરવા માંડી. લોહી વગેરે નીકળતા હતાં ત્યાં પાટા વગેરે બાંધ્યા. સારી રીતે પાટાપીંડી વગેરે કરી. અડધો- પોણો કલાક થયો ત્યાં એક જણ સમાચાર આપવા આવ્યો કે, 'તમારી જીપ જે અહીંથી નીકળી હતી તેના પર દુશ્મનોએ બોંબ ફેંકતા જીપની હાલત સાવ નકામી થઇ ગઇ અને અંદરનો માણસ મરી ગયો.' હવે ઓફિસરને વિચાર આવ્યો કે જો હું મદદ કરવાને બદલે ત્યાં ગયો હોત તો મારો જાન બચી ગયો, ઓફિસરે નક્કી કર્યું કે આપણાથી થાય તો મદદ વધારેમાં વધારે કરવી.

આ દ્રષ્ટાંત પરથી આપણે પણ શીખવા જેવું છે કે રસ્તામાં બહાર જવા નીકળ્યા હોઇએ અને કોઇક આંધળા, લુલા, લંગડાને રસ્તો પાર કરવો હોય તો આપણે વિચાર કરીએ કે 'મારે મોડુ થઇ જશે' પરંતુ આપણે આવું ન વિચારતા, વિચારવું કે 'કદાચ રસ્તામાં ગાડી બગડે, ભાઇબંધ મળી જાય, એકસીડન્ટ થઇ જાય તો કેટલું મોડું થાય એના કરતાં આવા આંધળા, લુલા, લંગડાને મદદ કરીએ તો કેટલું પૂણ્ય મળે' આમ, શકય હોય તો જયારે પણ કોઇને જરૂર હોય તો તરત મદદ કરવા દોડી જવું.

સૌથી અગત્યની વાત એ છે કે આપણે ઘરમાં મમ્મી-પપ્પા વગેરેને કામમાં મદદ કરવી. આજે ઘણાં બધા બાળકો વેકેશનમાં કે સ્કૂલ ચાલુ હોય ત્યારે ટીવી વગેરે જોવું, રમવું વગેરે કરવા છતાં મમ્મી-પપ્પા જો કોઇ કામ બતાવે તો તરત ના પાડી દેતાં હોય છે. આ આપણા માટે સારૂ ન કહેવાય. મમ્મી-પપ્પાએ નાનપણથી આપણા અનેક કામો કરી, આપણા માટે ઘણું સહન કરી આપણને સુખો આપવા માટે પ્રયત્નો કર્યા છે. તો આપણે સામે તેમને શું આપ્યું? ટીવી જોવા બેઠા હોઇએ અને મમ્મી કામ બતાવે તો ટીવી જોવાનું મૂકી તરત કામ કરી આપવામાં આપણી પાત્રતા કહેવાય.

આ સિવાય પણ ઘરના વડીલોને, ભાઇ-બહેનને કોઇ પણ કામમાં આપણી જરૂર પડે તો સૌ પ્રથમ, તરત જ તેમની સહાય કરશો તો આપણે સારા કહેવાઇએ

અબ્રાહમ લિંકન નામના અમેરિકાના વડાપ્રધાનનું નામ કદાચ તમે સાંભળ્યું હશે. એક વાર પાર્લામેન્ટમાં જવા માટે અપ-ટુ-રેટ થઇ ગાડીમાં બેઠા. પાર્લામેન્ટ તરફ જતાં રસ્તામાં એક જગ્યાએ મોટા કાદવમાં એક ભૂંડ ફસાયેલું જોયું. લિંકને ગાડી ઉભી રખાવી. ડ્રાઇવરને તે ભૂંડને સહાય કરી બહાર કાઢવા કહ્યું. પરંતુ ડ્રાઇવરે ના પાડી દીધી કે મારા કપડાં બગડે, હવે લિંકને જાતે ઉતરી કાદવમાંથી ભૂંડને ખેંચીને બહાર કાઢી બચાવી લીધું. જો કે કપડાં કાદવવાળા થયા. પરંતુ સમય જોયો તો પાર્લામેન્ટનો સમય થઇ ગયો હતો અને હવે કપડાં બદલવા જાય તો મોડું થઇ જાય. કપડા બદલ્યા વગર પાર્લામેન્ટમાં પહોંચી ગયા. બધા વિચાર કરે કે 'આપણા વડાપ્રધાનના આવા ગંદા કપડા કેમ?' લિંકને બધા આગળ પાર્લામેન્ટમાં ખુલાસો કર્યો કે કપડાં બગડે એની કિંમત વધારે કે ભૂંડ જેવું એક પ્રાણી મરી જાય એની કિંમત વધારે? અને ખરેખર બધા જ સભ્યોને અબ્રાહમ લિંકન પ્રત્યે માન થયું કે ખરેખર આપણને કેવો પ્રમુખ મળ્યો?

જીવનમાં આટલું ખાસ યાદ રાખો કે 'તમે જેટલી બીજાને મદદ કરશો તેટલા વધુ સુખી બનશો.'

***

आज्ञाराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫) * સંવત ૨૦૫૯ અષાઢ સુદ - ૯ * મંગળવાર, તા. ૮-૭-૨૦૦૩ (અંક : ૩૫

## પ્રવચન બાસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદ-૨+૩, શુક્રવાર, તા. ૯-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पियमायः वच्च भज्जा सयण धणा सबलतित्थिमंतिनिवा।
नायर अहम पमाया परमत्थ भयाणि जीवाणं ॥

સંસારનું જીવન પસાર કરતાં પાપથી ખૂબ જ ડરો છો ? સંસારની પ્રવૃત્તિને પાપ માનો છો ? 'ક્યારે છૂટે' 'ક્યારે છૂટે' - તેમ થયા કરે છે ? જેને આ સંસાર અસાર લાગે, મોક્ષ જ મેળવવા જેવો લાગે, તે માટે સાધુપણું જ કરવા જેવું લાગે, તે માટે ધર્મ જ કરવા જેવો લાગે તેને સંસારના જ રાગી એવા મા-બાપ આડે આવે, સગી સ્ત્રી પણ આડે આવે. પિતા-માતાની વાત જોઈ આવ્યા. ધર્મપત્ની પણ જો ધર્મ ન સમજી હોય તો ય આડે આવે તેની વાત સમજાવવી છે. તે માટે પ્રદેશી રાજા તેની સૂર્યકાન્તા નામની રાણીની વાત કરવી છે.

શ્રી પ્રદેશી રાજા મહાનાસ્તિક હતો. તેણે તેના રાજ્યમાં કોઈ સાધુ ન આવી શકે તેવો કડક નિયમ રાખેલો હતો. તેના રાજ્યમાં વસનાર ધર્માત્માઓ દુઃખી હતા કે આ અધર્મી રાજા છે. ધર્મગુરુઓને પણ આવવા દેતો નથી. તેનો મંત્રી પણ તેના જેવો હતો. પણ ભવિતવ્યતા સારી કે, તે મંત્રી કાર્યવશાત્ કોઈ એક બીજા રાજાના રાજ્યમાં ગયો અને પ્રસંગ પામીને ચાર જ્ઞાનના ધણી એવી શ્રી કેશી મહારાજને સાંભળ્યા, ત્યાં તે ધર્મ પામ્યો. તેને થયું કે, બહુ જુલમ થઈ ગયો. આટલો કાળ આવા સદ્ધર્મથી વંચિત રહ્યો. મારે મારા રાજાને પણ ધર્મ પમાડવો જોઈએ. તેથી શ્રી કેશી મહારાજાને વિનંતી કરે છે કે - ભગવન્ ! મારા દેશમાં પધારો અને મારા રાજાને પણ પ્રતિબોધ કરો. તે પછી તે મંત્રી આચાર્ય મહારાજા પોતાના દેશમાં પધારે અને રાજાને જાણ ન થાય તેવી વ્યવસ્થા કરીને આવ્યો. વિહાર ના ક્રમે શ્રી કેશી મહારાજા પણ તેની રાજધાનીમાં આવ્યા. ધાર્મિક નગરજનો આનંદમાં આવી ગયા અને ધર્મદેશના ચાલુ થઈ. મંત્રીને પણ આ સમાચાર મલી ગયા.

મંત્રી પણ રાજાને લઈને ફરવા નીકળ્યો અને જે ઉદ્યાનમાં ધર્મદેશના ચાલી રહી છે તે પ્રદેશની નજીક આવી

ગયા. દૂરથી ધર્મદેશનાનો અવાજ સંભળાવા લાગ્યો. રાજા એકદમ ચમક્યો અને પૂછે કે, ''આ અવાજ કોનો આવે છે ? કોણ બોલ બોલ કરી રહ્યું છે ? આટલા લોક કેમ ભેગા થયા છે ?'' મંત્રી કહે હું તપાસ કરીને આવું. થોડે જઈ આવીને કહે કે, ''સાધુ મહાત્મા આવ્યા લાગે છે તેથી બધા ભેગા થયા લાગ છે.'' રાજા કહે કે - ''હમણાને હમણા તે સાધુડાને કાઢી મૂકો ! કોને પૂછીને આવ્યા છે ? મારા નગરને બગાડી નાખશે. અહીં સુધી આવી શી રીતે શકયા ?'' રાજાની આજ્ઞા શિરોધાર્ય કરી મંત્રી વીશ-પચ્ચીશ ડગલાં ગયો અને પાછો આવી રાજાને સમજાવતાં કહે કે - ''મહારાજ ! એકદમ આપની આજ્ઞા મુજબ કરીશું તો લોકમાં આપણું ખરાબ દેખાશે. મને એવો ઉપાય જડયો છે કે, આપણે તેમની પાસે જઈએ, તેમને સાંભળીએ અને એવા એવા પ્રશ્નો પૂછી તેમને બોલતા બંધ કરી દઈએ અને પછી કાઢી મૂકીએ તો આપનો લોકમાં યશ ફેલાશે.'' આ રીતના સમજાવી રાજાને છેક શ્રી કેશી મહારાજા પાસે લઈ ગયો. તેઓ ખુદ ચાર જ્ઞાનના ધણી છે અને એવી દેશના આપી રાજાના મનના બધા પ્રશ્નોનું સમાધાન થઈ ગયું. રાજાએ પણ આત્માના વિષયમાં જે જે સંદેશ જનક પ્રશ્નો પૂછ્યા તેના પણ એવા સંતોષકારક ઉત્તરો આપ્યા કે મહાનાસ્તિક એવો પ્રદેશી રાજા પણ આસ્તિક થઈ ગયો. તેને થઈ ગયું કે, આટલો કાળ મેં મોટી ભૂલ કરી. અને ભગવાનનો ધર્મ પામી ગયો.

ધર્મ પાસે તેનામાં શક્તિ હોય તો તેને સાધુ થવાનું જ મન થાય તેમ લાગે છે ને ? ધર્મ પામેલાને સાધુ થવાની ઈચ્છા ન થાય તેમ ત્રણ કાળમાં ય બને ? ધર્મ પામેલાને સાધુ થવાની ઈચ્છા હોય, હોય ને હોય જ. તેવી ઈચ્છા ન હોય તો લાગે કે, ભગવાનનો ધર્મ જેવો જચવો જોઈએ તેવો જચ્યો નથી, સમ્યક્ત્વ પણ આવ્યું નથી તો દેશવિરતિ પણું તો આવે શી રીતે ? વ્રત-પચ્ચક્ખાણ કરે શી રીતે ? આજે તપ કરનારને ખાવામાં મજા આવે છે, દાન કરનારને પૈસામાં મજા આવે છે, શીલ પાળનારને અબ્રહ્મ સેવતાં ગભરામણ થતી નથી. દાન કરનારને લક્ષ્મી કેવી લાગે ? મેળવવા જેવી ? રાખવા જેવી કે છોડવા જેવી ? ગમે તેટલું દાન આપે પણ લક્ષ્મી છોડવા જેવી છે તેવી ભાવના ન આવે તો તે દાન ધર્મરૂપ ન બને. ભદ્રિક પરિણામવાળાનું હજી ઠેકાણું પડી જાય. પણ સમજદાર ન સમજે તો તેનું કલ્યાણ ન થાય.

ધર્મ પામે તેને સાધુ થવાની ઈચ્છા હોય, હોય ને હોય જ. તેની આડે બધા આવનારા હોય. હૈયાથી બધાની મમતા છોડીને સાધુ બને તે જ સાધુધર્મ પામી શકે, પાળી શકે. આજે બહુ પરિચિત્ત સાધુપણું સારી રીતે પાળવા પણ ન દે.

શ્રી શાલિભદ્રજી સાધુ થયા પછી બાર વર્ષે રાજગૃહી આવ્યા છે. તપથી શરીર એવું થઈ ગયું છે કે, ઓળખી પણ શકાય નહિ. ભગવાનની આજ્ઞા લઈ ભદ્રા માતાને ત્યાં વહોરવા ગયા છે પણ કોઈ ઓળખી શકયું નથી અને પૂર્વભવની માતાએ જે દહીં વહોરાવ્યું તેનાથી પારણું કરી વૈભારગિરિ ઉપર આજ્ઞા લઈ અનશન કરવા ગયા છે. ભગવાનના વચનથી ભદ્રા માતાએ વાત જાણી તો પુત્રવધુઓ સાથે ત્યાં ગઈ અને જે વિલાપ કર્યો છે તેથી ભલભલા હચીમચી જાય. અને કાચો પાકો આત્મા તો ધર્મ પણ હારી જાય. પણ તે જ વખતે શ્રી શ્રેણિક મહારાજા પણ પાછળ ગયેલા અને ભદ્રમાતાને સમજાવે છે કે, તું તો જગતની માતા છે. મોક્ષમાર્ગે જઈ રહેલા પુત્રને અંતરાય કરે છે ? આ રીતના સમજાવીને શાંત પાડે છે. માને રોતી સાંભળવા છતાં ય મુનિએ ધ્યાન ન આપ્યું તો બચી ગયા. બાકી જો જરાક લેવાઈ ગયા હોત તો શું થાત ? ધર્માત્મા મા પણ જો મોહમાં મુંઝાઈને આડે આવી જાય તો બીજાની તો શી વાત કરાય ? સાચા ભાવે ધર્મ કરવો હોય તેને બધાથી સાવધ રહેવું પડે, ધર્મ કરતી વખતે ધર્મ કરનારને 'તારાથી આ આ ન થાય તેમ કહેનારા મળે' પણ 'ધારે તો ધર્મ કર' તેમ કહેનારા કેટલા મળે ? આજે તો પાઠશાળામાં કોઈ સારો માસ્તર આવી જાય અને પાપનો ડર સમજાવી,

પાઠશાળામાં જનારને રાતે ખાતા બંધ કરે તો તેના મા-બાપ માસ્તરને ઠપકો આપે. અવસરે પેલા માસ્તરને ય રજા આપી દે કાં છોકરાને મોકલવા બંધ કરી દે. આવી રીતે ઘણાની નોકરી ગઈ.

ધર્મ સમજ્યો કે ધર્મ પામ્યો તેનું જ નામ કે જેને સાધુ થવાની જ ઇચ્છા હોય. આજનો ધર્મ કરનારો વર્ગ, પોતાના સંતાનો ધર્મ ન પામે તેની ખૂબ કાળજી રાખે છે. તમને પૂછે કે રોજ વ્યાખ્યાને જાવ છો તો સાધુ થવાનું મન કેમ થતું નથી ? શું શું સાંભળીને - સમજીને આવ્યા તેમ પણ કોઈ પૂછનાર છે ? બધાને ખબર છે કે, આ તો ખોટો રૂપિયો છે પાછો આવવાનો જ છે. સાધુ મહારાજ ગમે તેટલો સારામાં સારો ઉપદેશ આપે તો પણ તેને આધીન થાય તેવા નથી જ. આજે આવી જ તમારી આબરૂ છે. તે કદિ એમ ન કહે કે, 'હું ફસી ગયો છું. દીકરા ! તું આ (સાધુપણાના) માર્ગે જાય તો સારું'. કોઈ બાપે આમ કહ્યું છે ? મોહ બહુ ભૂંડો છે. સંસારનું વળગણ ખરાબ છે. આવી ઇચ્છા થવી મુશ્કેલ છે. આવી ઇચ્છાવાળા શ્રાવકને મરતા સુધી સંસારમાં રહેવું પડે પણ હૈયાથી ઘણા જ દુઃખી હોય. કેવા ? સાધુપણું ન પામ્યો તેમ કર્યા જ કરતો હોય. આજે ધર્મ ગમે તેટલો કરે પણ સાધુ થવાનુ નહિ - આવા વિચારવાળા કેટલા ? છોકરો સાધુ થવાનું કહે તો તે ગમે ખરું ? દરિદ્ર બાપનો છોકરો શ્રીમંત પાકે તો બાપ ખુશ થાય કે નાખુશ થાય ? તેમ તમને આનંદ થવાની ભાવના ન થાય અને દીકરાને થાય તો ખૂબ આનંદ પામો ને ? શ્રાવક ધર્મ પાળતા હોય તે બધા સાધુ ધર્મ પામવા માટે ઇચ્છા કર્યા જ કરે, નથી થવાતું તેનું તેને ભારોભાર દુઃખ હોય.

તે શ્રી પ્રદેશી રાજા ઘેર આવ્યા તો તેની સૂર્યકાન્તા નામની પટ્ટરાણી હતી તે પતિની ખૂબ રાગિણી હતી તે સમજી ગઈ કે, રાજા બદલાઈ ગયો છે. ધર્મ પામેલો જીવ બધાથી જુદો પડી જાય. તે હવે સાધુ થવાના વિચારવાળા બની ગયા છે. સંસારના રાગી અને ધર્મના રાગી જીવોના કેવા કેવા વિચાર હોય છે તે અહીં જોવા મળવાના છે. રાજા સાધુ થવાના જ વિચારવાળા છે અને રાણીને સાધ્વી થવું નથી તેથી તેણી વિચારે છે કે, મારા પતિ સાધુ થાય અને હું સાધ્વી ન થાઉં તો કલંક લાગે. મારે સાધ્વી થવું નથી અને મારા પતિને સાધુ થવા દેવા નથી. પતિ સંસારના રંગરાગથી વિમુખ થઈ ગયા છે અને મારે રંગરાગ વિના ચાલતું નથી. રાજા તો સંસારના કાર્યોથી વિમુખ બની વ્રત-પચ્ચક્ખાણ, તપ-જપ આદિ કરે છે. એકવાર રાજાના ઉપવાસના પારણે સગી રાણીએ ઝેર આપી દીધું છે. આ રાજાને પણ રાણી ઉપર અત્યંત રાગ હતો ત્યારે એકવાર આ રાણી તરસી થયેલી અને પાણી ન હતું મલ્યું તો રાજાએ પોતાની નસ કાપી લોહી પીવરાવી તેની તરસ મટાડેલી. તે જ રાણી આજે રાજાને ઝેર આપે છે. રાજા પણ સમજી ગયો કે, ઝેર અપાઈ ગયું છે અને શરીરમાં પસરી રહ્યું છે. વૈદ્યોને બોલાવવાની તૈયારી ચાલી રહી છે તે જ વખતે રાણીએ એકદમ આવીને પ્રેમ થયો હોય તેમ પાડીને ધીમે રહીને તેનું ગળું દાબી દીધું. આ કથા ખબર છે ને ?

જેટલા સંસારના જ પ્રેમી છે અને મોક્ષના પ્રેમી નથી તે બધા પોતે તો ધર્મ ન કરે પણ બીજાને ય ધર્મ ન કરવા દે. આવી તો ઘણી કથાઓ છે પણ તમે તેમાંથી ફાવતું જ ગ્રહણ કરો છો ને ? ધર્મ પામેલા આત્માની વાત જ જુદી હોય. તમે બધા ધર્મ પામ્યા છો કે નહિ તે માટે આત્મા સાથે વાત કરો કે - તમને ધર્મ સમજવાનું મન થાય છે ખરું ? ધર્મ નથી સમજતા તેનું દુઃખ પણ છે ખરું ? ધર્મ સમજવાની ઇચ્છા પણ થતી નથી તેનું પણ દુઃખ થાય છે ખરું ? આજે ધર્મ કરનારો મોટોભાગ ધર્મને સમજતો પણ નથી અને સમજવાનું મન પણ નથી. સામાયિક કરનારને સામાયિક શું છે તે ખબર નથી. ઘણાને સામાયિકના સૂત્રો પણ આવડતા નથી. સૂત્રોના અર્થને સમજનારા પણ કેટલા ? સામાયિક એટલે બે ઘડી માટે બધા જ પાપથી નિવૃત્તિ. તો સામાયિક લેતા આનંદ હોય અને પાળતા દુઃખ હોય તેવા કેટલા મળે ? મારે સામાયિક ન પાળવું પડે તેવો દા'ડો આવે તો સારું - તેવી ઇચ્છા પણ કેટલાની ?

*(ક્રમશઃ)*

# પૂજાર્હ ગુરુ દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય

- પૂ. મુ. શ્રી કીર્તિયશ વિ. મ. (હાલ પૂ. આચાર્યશ્રી)

## આમાં ગુરુના અગ્નિ સંસ્કાર આદિની ઉપજ પણ આવી જાય. ગુરુના અગ્નિ સંસ્કારની બોલી : આ બધુ જ ગુરુ દ્રવ્ય ગણાય

- પૂ. પં. શ્રી પૂર્ણચંદ્ર વિ. મ. (હાલ પૂ. આચાર્યશ્રી)

## સંમેલનની ભીતરની પ્રસ્તાવના અને પુસ્તકમાં ખુલાસા તેની ઝેરોક્ષ વાંચો

## હવે ભ્રમમાં ક્યાં સુધી રહેશો ?

વિ. સં. ૨૦૪૪નું સંમેલન મલ્યું તેમાં તેમણે ગુરુ દ્રવ્યને વૈયાવચ્ચ અને જીવદયામાં લઈ જવાનો વિચારણા કરેલી.

તે ઠરાવો શાસ્ત્ર વિરુદ્ધ અને પરંપરા વિરુદ્ધ હતા. તેનો સચોટ વિરોધ પૂ. પાદ આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ. ના સાનિધ્યમાં મુંબઈમાં વાલકેશ્વર ચંદનબાળામાં થયો હતો. તે વખતે જે પ્રવચનો થયા તેના સંકલનનું પુસ્તક 'સંમેલનની ભીતરમાં' પ્રગટ થયું હતુ. તેમા પૂ. પાદશ્રી પૂ. મુ. શ્રી કીર્તિયશ વિજયજી મ. એ ગુરુદેવ દેવ દ્રવ્યમાં જ જાય તેવું શાસ્ત્ર આધારે જણાવ્યું હતુ. તે પુસ્તકમાં એ લખાણનું ઝેરોક્ષ અત્રેને મુકવામાં આવે છે. જેથી ભાવિકો સમજી શકશે કે કોઈપણ ગુરુદ્રવ્ય એ દેવદ્રવ્ય છે.

સંમેલનના ૧૪મા ઠરાવ અંગે માર્ગદર્શન આપતાં તેઓશ્રી ગુરુના ચરણે પૂજન ધન અને ગુરુની કામળી આદિની બોલીનું ધન એ બન્ને પ્રકારના દ્રવ્યને ગુરુદ્રવ્યરૂપ એક જ પ્રકારમાં ગણી તેને જીર્ણોદ્ધારાદિ અને ગુરુવૈયાવચ્ચમાં લઈ જવાની છૂટ આપે છે. નામ કરીને

તેઓ ધર્મસંગ્રહકાર, દ્રવ્યસપ્તતિકાર આદિ ગ્રંથકારોના ભોગાર્હ અને પૂજાર્હ એ બે પ્રકારના ગુરુદ્રવ્ય તથા પૂજાર્હ ગુરુદ્રવ્ય ગુરુના ઉપભોગમાં ન જાય પણ મંદિરના જીર્ણોદ્ધાર આદિમાં જાય. વગેરે શાસ્ત્રવચનોનો સ્પષ્ટપણે અપલાપ કરે છે. આગળ જઈને કોઈ રડયાખડયા ગામડા-ગામવાળા જાણે-અજાણ્યે દેવદ્રવ્યને વૈયાવચ્ચમાં વાપરી નાંખતા હોય અને તેની પછી માંડવાળ કરતાં હોય તો તેમને એ દોષમાંથી બચાવવા માટે આ રીતે જીર્ણોદ્ધારાદિમાં જવાલાયક ગુરુ-દ્રવ્યને વૈયાવચ્ચમાં લઈ જવાનો માર્ગ કરી આપીને મોટો ઉપકાર કર્યાનો યશ લે છે, ત્યારે તેમને વિનમ્રભાવે પૂછવાનું મન થાય છે કે એવા કોઈ રડયાખડયા ગામવાળાઓ આ રીતે કરતાં હોય તો, આજે ક્રોડોની-યોજનાઓ ઊભી કરી તે માટે ક્રોડો ભેગાં કરનાર આપ બધા આ

ગામડાવાળાઓને દોષથી બચાવવા માટે તમારા હિસાબે તદ્દન મામુલી ગણાય તેવી રકમ ઉપદેશ દ્વારા ન કરાવી શકો, એવું કોઈના માન્યામાં આવી શકે ખરૂં ? પોતાના આગ્રહને વશ બન્યા સિવાય આટલા જૈનાચાર્યો ભેગા મળી આવો ઠરાવ કોઈ કાળે કરી શકે નહિ.

## ▣ જીર્ણોદ્ધારાદિની આવકના ભંગનું દુઃસાહસ

અહિં તેઓશ્રી વધુમાં જે એવું માર્ગદર્શન આપે છે કે ગુરુના ચરણે મૂકેલું ધન ડોળી માણસોના પગાર વગેરે ગુરુના બાહ્યભોગમાં અને ગુરુની કામળી વગેરેની બોલીનું ધન, ગુરુના બાહ્ય પરિભોગ ઉપરાંત દવા વગેરે રૂપ અભ્યંતર પરિભોગમાં પણ જઈ શકે-આવું માર્ગદર્શન તેઓ કયા શાસ્ત્રાધારે કે કઈ સુવિહિત પરંપરાના આધારે આપે છે તે તો તેઓ જણાવે ત્યારે જ ખબર પડે. બાકી દ્રવ્યસપ્તતિકા, ધર્મસંગ્રહ આદિના ઉપલબ્ધ શાસ્ત્રપાઠો તો આવા પ્રકારના પૂજાર્હ ગુરુદ્રવ્યને સ્પષ્ટપણે જીર્ણોદ્ધાર આદિમાં જ લઈ જવાનું જણાવે છે. મોટે ભાગે આજ સુધી અનેક શ્રમણ સમુદાયોમાં તે રીતે જતું આવ્યું છે. આ રીતે ચાલી આવતી જીર્ણોદ્ધારાદિની આવક ભંગ કરવાનું દુઃસાહસ કરતાં તેઓ વહેલી તકે વિરામ પામે તો સારૂં કે જેથી સ્વપરનું સંભવિત કારમું અહિત થતું અટકી જાય.

**અત્યારે ગુરુ મૂર્તિનું દ્રવ્ય એ દેવદ્રવ્ય છે તે દ્રવ્યને સ્મારકમાં લઈ જવાની વાત નવી છે તે સ્પષ્ટ છે.**

**વળી તે 'સંમેલનની ભીતરમાં' પુસ્તકની પ્રસ્તાવનામાં પૂ. પ. શ્રી પૂર્ણચંદ્ર વિજયજી મ. એ સ્પષ્ટ લખ્યું છે કે ગુરુ સંબંધી કોઈ પણ આવક તે દેવ દ્રવ્ય છે અને તેમાં ગુરુના અગ્નિ સંસ્કારની બોલીનો પણ સમાવેશ થઈ જાય છે તે લખાણનું ઝેરોક્ષ અહીં નીચે આપવામાં આવે છે.**

— દ્રવ્યસપ્તતિકા આદિના પાઠો મુજબ ગુરુપૂજન વગેરેના ગુરુભક્તિ નિમિત્તક દ્રવ્યને જીર્ણોદ્ધાર-મંદિર નિર્માણ ખાતે જ લઈ જવાની શાસ્ત્રસિદ્ધ પરંપરાને પુષ્ટ બનાવવાને બદલે સંમેલને આ 'ગુરુદ્રવ્ય'ને ગુરુવૈયાવચ્ચ અને જીવદયામાં વાપરવાની છૂટ આપી છે. આ અર્થમાં જીર્ણોદ્ધાર આદિના ખાતાને પુષ્ટ બનાવતા આ આવક-દ્વારને સંમેલને તાળાં માર્યાં ગણાય. ગુરુભક્તિ નિમિત્તે જે કોઈ બોલી બોલાય; એ 'ગુરુદ્રવ્ય' જ ગણાય. આમાં ગુરુના અગ્નિસંસ્કાર આદિની ઉપજ પણ આવી જ જાય. આમ, ગુરુપૂજન, ગુરુભક્તિ નિમિત્તે કામળી આદિ વહોરાવવા બોલાતી બોલી, ગુરુના અગ્નિસંસ્કારની બોલી : આ બધું જ 'ગુરુદ્રવ્ય' ગણાય. છતાં આમાંની અમુક બોલીની ઉપજને ગુરુવૈયાવચ્ચમાં ને અગ્નિસંસ્કારની ઉપજને જીવદયામાં લઈ જવાનો સંમેલને કરેલો નિર્ણય આ દ્રષ્ટિએ અવ્યવહારૂ પણ છે અને એ અશાસ્ત્રીય તો છે જ.

**આ લખાણથી સ્પષ્ટ થાય છે. પૂ. આ. ભગવાન શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા અને પૂ. પં. શ્રી પૂર્ણચંદ્ર વિ. મ. તથા પૂ.મુ. શ્રી કીર્તિયશ વિ. મ. આદિ પણ ગુરુદ્રવ્ય દેવદ્રવ્યમાં લઈ જવાનું માને છે તેમાં પૂ. પં. શ્રી પૂર્ણચંદ્ર વિ. મ. એ સ્પષ્ટ ખુલાસો કર્યો છે કે અગ્નિ સંસ્કારની બોલી પણ ગુરુદ્રવ્ય છે તે આમાં આવી જાય છે. તે બોલી પણ દેવદ્રવ્યમાં જાય તેમ સ્પષ્ટ જણાવ્યું છે.**

આજે જે જુદી પ્રસ્તપણા થાય છે અને તે સ્વ. પૂ. પાદ ગચછાધિપતિ શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. ને નામ કારાય છે તો આ લખાણ તેમણે પાસ કર્યું છે અને તેમણે પણ દેવદ્રવ્યમાં જાય તેમ કહ્યું છે.

હવે અગ્નિ સંસ્કારની બોલી તેના ઉત્સવ સ્મારકમાં જાય અને વધે તો દેવદ્રવ્યમાં જાય આવી સ્થાપિત કરાય છે. દેવદ્રવ્યને કેટલી હીન કક્ષામાં મૂકયું છે ?

કદી દેવદ્રવ્ય સંરક્ષક પૂ. શ્રી આવી માન્યતા ધરાવે નહિ. વળી બીજા ગુરુપૂજન, અગ્નિ સંસ્કાર ની બોલી વેયાવચ્ચમાં લઈ જવાતું કહે છે અને પરંપરા છે તેવું બોલી છે તો અસત્ય છે. અને કદા ગ્રહથી જ તેવું નકકી કર્યું છે ને પરંપરાને નામે પ્રસ્થાપિત કરવા માગે છે. તેઓ તો તેમણે કરેલા મહાન કાર્યોને પણ દૂષિત બનાવે છે.

શ્રી ભેરુ તારક તીર્થ શ્રી પાવાપુરીતીર્થ (આબુ) જેવા મહાન તીર્થો તૈયાર કરનાર અને ઉદારતાનો ધોધ વહેવડાવનારા શ્રાવકો શું એવા કૃપણ છે કે જે આચાર્યો ત્યાં પ્રતિષ્ઠા કરવા આવ્યા તેમની વેયાવચ્ચ કે ઉપચારથી રહિત રહી પરેશાન થવું પડે ? કરોડોના કાર્યો જેમાનાં ઉપદેશથી થાય છે તે વેયાવચ્ચ વિના રહી જશે ? હીન બુદ્ધિએ શાસ્ત્રના પાઠોને અવગણી અને આવી દૂષિત પ્રવૃતિને પરંપરાને નામે આગળ ધરેલ છે. તેવી રીતે શ્રી સંઘમા જેમના ઉપદેશથી આપીને અયોધ્યાપૂરમ વિલ્હોલી, શાહપૂર શંત્રુજય ધામ જેવા તારક તીર્થો ઉભા થાય છે. તેઓ શું વેયાવચ્ચ શૂન્ય થઈ જાય છે તેમની કોઈ સેવા કરતું નથી ? કે જેથી દેવદ્રવ્યમાં જતા દ્રવ્યને વેયાવચ્ચમાં લઈ જવાનું કહે છે ? અગ્નિ સંસ્કારની બોલીઓ જે દેવદ્રવ્યમાં જાય તે સાધુના ઉપયોગમાં લઈ જાય આ બોલીઓ લાખોની સંખ્યામાં થાય છે તે શું તેના થી સાધુને નભવાનું છે ? દીક્ષાઓના ઉપકરણોની બોલીઓ પણ લાખોની થાય છે અને વેયાવચ્ચમાં જય જ છે. તો શું સાધુને એટલી બધી તાણ છે કે દેવદ્રવ્યના દરવાજા બંધ કરીને સાધુ વેયાવચ્ચના દરવાજા જ ખૂલા રાખવા છે ?

પૂ. પં. શ્રી પૂર્ણચંદ્ર વિ. મ. ના ઉપરોકત લેખને ધ્યાનમાં લઈને પૂ. પાદ આચાર્ય ભગવંત શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. નો સમુદાય માર્ગના વિનાશના દોષમાં ન ફસાય એ જરૂરી છે.

એકાદ આચાર્ય અગ્નિ સંસ્કારની બોલી દેવદ્રવ્યમાં જાય તેમ કહે છે તે બરાબર નથી એમ કહેનારા તેમના પુસ્તકમાં પૂ. પાદ ગચ્છાધિપતિશ્રીજીની આજ્ઞા અને અનુમતિથી થયેલા સિદ્ધાંતિક લખાણને અપનાવે અને પૂ. શ્રીની પાછળ સિદ્ધાંતનો વિપ્લવ કરીને દીવા પાછળ અંધારું તેવો સિદ્ધાંતિક કુવિકલ્પ ન સ્થાપે એ જરૂરી છે.

**પાપ અને પુણ્ય**

પાપની દુર્ગંધ જલ્દી પ્રસરી જાય છે.
પુણ્યની સુગંધ પ્રસરતા ઘણી વાર લાગે છે.

**માનવ અને પશુ !**

માનવ કર્તવ્ય સમજીને કર્તવ્ય કરે છે. જ્યારે-
પશુ ભય થી સંત્રસ્ત થઈને કરે છે.


**પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**

C/o. **દિનેશચંદ્ર કાલીદાસ શાહ**

No. 56, III C Crose, 2nd Block, III Stage, Bashaveshwarnagar, BANGALORE - 560 079.
Phone : : R. 32 20 678 / 32 22 137 O. 33 85 043
Fax : 338 5438
Mobile : 31853286

# સચોટ માન્યતા

## ગુરુમૂર્તિ આગળ ધરાયેલ ખપતું નથી.

**(શ્રી આગમોદ્ધારક પ્રવચન શ્રેણી પુષ્પ ૧૬મું)**

**પ્રવચનકાર : પ.પૂ. આગમોદ્ધારક આચાર્ય શ્રી આનન્દસાગરજી સૂરીશ્વરજી મ. સા.**
અવતરણકાર તથા સંપાદકઃ *આ. શ્રી હેમસાગરસૂરિ મહારાજ વિ. સં. ૨૦૨૮ ઈ.સ. ૧૯૭૨*

### એક ઈન્દ્રિયથી બીજી ઈન્દ્રિયના વિષયનું જ્ઞાન ન થાય

રાજાએ જમીનદારોને ભેળા કર્યા. રાજાએ મહેમાનગતિ કરવામાં ઊંચામાં ઊંચી જાતનું અત્તર હતું તે બધાને થોડું થોડું આપ્યું. એક માંદો હોવાથી જાતે ન આવવાથી છોકરાને મોકલ્યો છે. તે હાથમાં પરસાદી આપે તેમ માની મોંમા મૂકી દે. આપણામાં દેવદ્રવ્યનું ભક્ષણ કરે તે સાતમી નરકે જાય. બીજા લોકમાં એમ હોતું નથી, કારણ કે તેમણે ભાગી દેવ માન્યા છે. ત્યાગી દેવ માન્યા છે તેમણે બાહ્ય વૈભવના ત્યાગી, આત્મની પરિણતિના ત્યાગી નહિં. વિષ્ણું ભોગમાં ઠકુરાઈમાં વૈભવમાં, મહાદેવને સ્મશાનવાસી કહો, શિવ નિર્માલ્ય કહેવામાં આવે તો એથી તેમને તે પણ ખપતું નથી. ભોગપંથને માનનારા તે પણ છોડી દે છે. તો ત્યાગપંથને માનનારા ભોગ પંથમાં કેમ જવા લાગ્યા ? દેવને નામે જેની નિયમિતતા થઈ ગઈ. ભૂખી કુતરી બચો ગીયા ખાય પણ ત્યાગી માર્ગમાં દેવ ગુરૂ ધર્મને ચડાવેલું ખ વાનું નથી. **ગુરૂ મહારાજની મૂર્તિની આગળ ધરાવેલું ખપતું નથી.** બીજામાં દેવનો પરસાદ લઈ ચાટી જાય. જમીનદારના છોકરાએ જાણ્યું કે દેવનો પરસાદ છે, તેમ ધારી અત્તર ચાટી ગયો. તે મેળવડામાં પેલા છોકરાએ પિતાને અત્તર ચાટી ગયાનું કહ્યું - એટલે પિતાએ પેલા છોકરાને કહ્યું કે ઘેર લાવ્યો હોય તો રોટલામાં ચોપડીને ખવાત પણ ખરૂં, એ મનુષ્યને અક્કલ નથી કે સુગંધી પદાર્થની કિંમત જીભ દ્વારાએ કે નાક દ્વારાએ ? સોના રૂપા હીરા મોતી પાનાની કિંમત નાકથી સુગંધથી કરે તો ? વાજિંત્ર આંખે જોવા માંગે તો. ઈન્દ્રિયના વિષયમાં પણ તે તે ઈન્દ્રિયના સંબંધવાળો પદાર્થ લેવો જોઈએ, તો ધર્મ અધર્મ કોના માટેના ? ધર્મ અધર્મ આત્મા માટેના હોય તો સ્પર્શથી રસથી નાકથી આંખથી કાનથી સંબંધ કરાય નહિં, ને તે દ્વારાએ તેની પરીક્ષા પણ કરાય નહિં. જેઓ પહેલા કહી ગયા હતા કે-બે ને બે ચાર, ત્રણને ત્રણ છ, તેમાં વાંધો નથી. દારૂડીયા જેવા ત્રિદોષમાં સન્નેપાતવાળા છે, તે દોષથી સાચું સૂઝતું નથી. તેવી રીતે મિથ્યાત્વના ઉદયવાળો અજ્ઞાને ઘેરાએલો સાચાને સાચું ન જાણે, ધર્મને ધર્મ ન જાણે તેથી ધર્મ ધર્મપણાથી ચાલી જતો નથી. બાહ્ય પદાર્થ પોતપોતાની ઈન્દ્રિયો સુધી પહોંચે તો જ તેની કિંમત થાય. તેવી રીતે આત્માની શુદ્ધતાએ ધર્મની કિંમત.

પૂ. સાગરજી મ. સા. નું આ લખાણ કહે છે દેવ આગળ ધરેલું (મુકેલું) દેવદ્રવ્ય ગણાય તેમ ગુરુમૂર્તિ આગળ મુકેલું પણ દેવદ્રવ્ય ગણાય. કારણ કે તેઓએ પોતાના પ્રવચનમાં સ્પષ્ટ ઉલ્લેખ કરી દીધો છે કે ત્યાગી માર્ગમાં રહેલા દેવ, ગુરુ અને ધર્મનું દ્રવ્ય દેવદ્રવ્ય છે. તો ગુરુ ગુરુમૂર્તિ, ભંડાર આદિ સંબંધી આવેલું દ્રવ્ય દેવદ્રવ્ય - ગણાય ?

ઉપરોક્ત લખાણ કહેવાનો અને લખવાનો સાચો ભાવાર્થ સમજીએ તો ચોકકસ આપણને ખ્યાલ આવશે કે ગુરુમૂર્તિ સંબંધી કે ગુરુમૂર્તિ આગળ ધરેલું (મુકેલું) સઘળું દેવદ્રવ્ય કહેવાય.

આ લખાણ ઉપરથી ચોકકસ તારણ કાઢી શકીએ કે ગુરુને આશ્રયીને આવેલું કનકનાદિ દ્રવ્ય એ ગુરુનું દ્રવ્ય નથી પરંતુ દેવદ્રવ્ય છે.

જો ભવાંતરનું દુર્ગતિનું આયુષ્ય નહિ બંધાયું હોય તો ચોકકસ પાછા ફરાશે નહિંતર.....

લે. ખણખોદીયો

# મહાસતી - સુલસા

લેખાંક- ૧૫મો

પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મ.

દાસીઓની કોશિષ હતી, કેમેય કરીને અભયકુમાર પાસેથી નરનાથ શ્રેણિકનું ચિત્રપટ મેળવી લેવાની. અભયકુમારની ખ્વાહિશ હતી, ચિત્રપટ માટેની અને એ દ્વારા રાજવી શ્રેણિક માટેની એમની તડપનને બેહદ ભડકાવી દેવાની. દાસીઓની કોશિષ પર અભયકુમારે પરિપૂર્ણ અંકુશ મેળવી લીધો હતો. જયારે અભયકુમારની ખ્વાહિશ સમજી શકવામાં દાસીઓની બુદ્ધિ લથડીયું ખાઈ બેઠી હતી.

આમ, કોશિષ અને ખ્વાહિશ વચ્ચેનું દ્વન્દ્વ રસપ્રદ રીતે જામી પડયું. અભયકુમારની યોજનાની એ સફળતા હતી. સફળતા જ નહિં સફળતાની પણ સીમા હવે લાઘી ચૂકી હતી. કેમ કે ચાહે આસમાન તૂટે, ચાહે ધરતી ફાટે, પણ સુજયેષ્ઠાની દાસીઓ રાજવી શ્રેણિકનું ચિત્રપટ લીધા વિના આજે પાછી ફરવાની ન હતી. એ હદે રાજકુમારી સુજયેષ્ઠાની દાસીઓ રાજવી શ્રેણિકની રૂપમાધુરીમાં તલ્લીન બની ગઈ હતી. ભ્રમરની જેમ સ્તો.

આ રૂપમાધુરીનો મુખ્ય અધિકાર પોતાની પ્રાણપ્યારી સ્વામિની સુજયેષ્ઠાને સાંપડવો જ જોઈએ, એવી ભીંતરની છુપી લાલસાથી પણ આ દાસીઓ પીડાતી હતી, એનો ઈન્કાર શેં કરાય?

પોતાની સ્વામિની સુજયેષ્ઠાના ભવનમાં થયેલા પરિવ્રાજિકાના આગમનથી પણ તેઓ અવગત હતી. પરિવ્રાજિકા સાથે સુજયેષ્ઠાએ કરેલા વાણી સંઘર્ષથી પણ તેઓ પરિચિત હતી. ત્યારબાદ ચૂરાયેલા 'અહમ'નું દર્દ હટાવવા માટે આ જ પરિવ્રાજિકાએ રાજવી શ્રેણિકને સુજયેષ્ઠાનો આશુક બનાવ્યો છે, એનીય તેમને ખબર હતી તો રાજવી શ્રેણિક તરફથી જયારે પિતા ચેટકરાજ પાસે સુજયેષ્ઠાનો હાથ માંગવામાં આવ્યો ત્યારે રાજવી ચેટકે કરેલા હળહળતા અપમાનનો પણ તેમને ખ્યાલ હતો..

આ બધાય વચ્ચે એમનો સ્વતંત્ર મત કંઈક જુદો હતો. જે નિર્મુકત યૌવનના વળાંકને અનુરૂપ હતો. તેઓનો મત હતો, વંશની કે કુળની અસમાનતાને માપદંડ બનાવી પિતા ચેટકરાજે સુજયેષ્ઠા કુમારી માટે રાજવી શ્રેણિકનો ઈન્કાર કર્યો, તે યોગ્ય નથી. ખેર, આખરે સુજયેષ્ઠા કુમારી છે. ઉગતી વાસન્તીની કળી જેવી તે પ્રામયૌવના છે. સામે પક્ષે વાસંતીને વેલને દિલથી ઢાંકી દેવા મથતું એક સૌન્દર્ય પરિપૂર્ણ અને વૈભવવંત યૌવન છે. આવા સોનામાં સુગંધ જેવી સંયોગને શેં ઢાળી દેવાય?

યાદ રાખજો, આ મત સુજયેષ્ઠાની દાસીઓનો છે. નહિં કે કોઈ ધીમંત વ્યકિતનો. યૌવનના તોફાનમાં આજે પણ લાખ્ખો દિલો સમાજની અને વયની, કુટુંબની અને સંસ્કૃતિની, વડીલોની અને ધર્મની શૃંખલાઓ ધ્વસ્ત કરી રહ્યા છે. આ એક એવું તોફાન છે, જેને નાથવાની તાકાત રાજયના કાયદાઓમાં પણ નથી.

બેશક, હૈયાની કબુલાત ભલે મળે કે કાયદાના હાથ ભલે ટૂંકા પડે, એ માત્રથી જ્ઞાતિ, કુળ, સમાજ અને વડીલોની શૃંખલાઓ ફંગોળી દઈને ગમે તેનો સંગમાં જીવનની આહુતિ ધરી દેવી, એ પાગલપન છે. નિર્મુકત યૌવનનો તોફાની ચૂકાદો છે.

દાસીઓ ગમે તેમ સુજયેષ્ઠાને એકવાર શ્રેણિકના રૂપવૈભવનું દર્શન કરાવવા માંગતી હતી. એમાણે અભયકુમાર પાસે ભારે કાકલુદી કરી. હૈયું વલોવી દે એટલી આજીજી કરી. પણ અભયકુમાર ટસના મસ ન થયા.

"ના, મારા આ આરાધ્યદેવ છે. એનું ચિત્ર તમને

નહિં આપું. તમે એની તસુ જેટલી પણ આશાતના કરી બેસો તો'' મને દહેશત છે...'' અભયકુમારનો ઉત્તર હતો.

તમે જો ચિત્રપટ નથી જ આપવા માંગતા તો સાંભળી લો જ્યાં સુધી તમે ચિત્રપટ નહિં આપો ત્યાં સુધી અમે અન્ન-જળના ત્યાગની પ્રતિજ્ઞા કરીએ છીએ.' દાસીઓએ પણ એમનું સ્ત્રીચરિત્ર ભજવી જાણ્યું.

છેવટે પોતાના ધ્યેયની સફળતા માટેની ચોક્કસ આશા બંધાતા અભયકુમારે કહ્યું : જાઓ, ચિત્રપટ લઈ જાઓ અને તત્કાળ પાછું મને સોંપી જાઓ, પણ એ પહેલાં તમારે સોગંધ ખાવા પડશે.

અ ખાધા. ચિત્રપટ લઈને પાછા ન ફરીએ ત્યાં સુધી ભોજન નહિં કરીએ... દાસીઓએ સોગંધ ખાધા.

અ મ, પંકિતબદ્ધ વિનંતીઓ અને યુકિતઓને અંતે એમને ચિત્રપટ સાંપડયું.

અભયકુમારે આપ્યું. આથી એમની રોમ-રોમમાં સફળતાનો હર્ષ નાચી રહ્યો. દાસીઓ પળનોય વિલંબ કર્યા વિના સીધી જ સુજયેષ્ઠાકુમારી પાસે દોડી ગઈ.

સુજયેષ્ઠાના લોચન પણ ચિત્રપટનું પાન કરવા માટે પ્યાસા બન્યા હતાં. દાસીઓને સ્મિત વદન પાછી આવતી જોઈ તે ઉઠી, સામે દોડી. ચિત્રપટ ઝુંટવી લીધું.

એ પળે દાસીઓના જમણા હાથ ડાબા કર પર એ રીતે પીટાયા કે ખંડ તાળીઓના ગડ ગડાટથી ગુંજી ઉઠ્યો. એ ગડ ગડાટ હજી શમ્યો ન શમ્યો એ પહેલાં તો સુજ્યેષ્ઠા કોઈ જુદી જ સૃષ્ટિમાં પહોંચી ગઈ.

વૈશાલી અને વૈશાલીના રાજભવનો, સાત બહેનો અને પ્રિયસખીઓ, બધુજ જાણે અતીતનું વિસરાયેલું પાનું સમજી બેસી. ચિત્રમાં અંકિત બનેલા રાજકુમારના બારીકમાં બારીક અંગો -ઉપાંગો, એની શોભા-વિલક્ષણતાની દુનિયામાં આ હદે તે વિલીન થઈ ગઈ.

સુજ્યેષ્ઠાનું મન ચિત્રાંકિત કુમાર પર ઓવારી ગયું. ના, પણ આ કુમાર એટલેજ પિતાજી એ પોતાના માટે જે ભર્તા પર ચોકડીનું નિશાન જાહેર કર્યું છે એ જ રાજવી શ્રેણિક, એનો બોધ હજી કુમારીને લાધ્યો ન હતો. પોતાના સપનાનો રાજકુમાર અને ચિત્રમાં દેખાયો. એની આંખો જાણે એમાં ચિત્રત થઈ ગઈ. ગાત્ર અહ્લાદક ભાવના લખલખાથી વારંવાર ચપળ થવા માંડયું.

ત્યાં જ વિચાર ઝબુકયો. શું આ કોઈ વાસ્તવિક વ્યકિત છે કે માત્ર કોરી કલ્પના. જો કલ્પના પૂરતું જ આ ચિત્રનું અસ્તિત્વ હોય તો મારા જેવી અબુધ બીજી કોઈ નથી. અભાગી બીજી કોઈ નથી. હૈયાના ધબકારા હું ચૂકી રહી છું. ઉચ્છ્વાસની ગતિ વધી રહી છે, જેની પર અનુરંજિત બનીને, એનું અસ્તિત્વ તો પહેલાં જાણવું જ રહ્યું. જેનું અસ્તિત્વ જો કેવળ કલ્પના પૂરતું સીમીત હોય તો આટલાં આતુર બની જવાથી શું મળશે ? પણ જો એ વાસ્તવિક અસ્તિત્વ હોય તો મારા અહોભાગ્યની કોઈ અવધિ નથી એમ હું ચોકકસ માનીશ.

રહેવું પડે તેમ છે, સંસારમાં, તો મારી નૈયાનું અહોભાગ્ય આ ચિત્રજ બનશે.

સુજ્યેષ્ઠાના બીડાયેલાં હોઠો પર અથડાઈને કોઈ શબ્દનો ઘંટ પ્રગટે એ પહેલાંજ એના ચંચળમનમાં પૂરા ભવિષ્યનું આયોજન થઈ ચૂકયું.

સુજ્યેષ્ઠા બોલી : સખિઓ ! તમે સાચ્ચે જ મારી પર નિચ્છળ પ્રેમ ધારણ કરો છો. આ ચિત્રપટ તમને જેટલું ભાળ્યું હશે એથી સો ગણું વધુ મન ભાવન મને બન્યું છે. એ લઈ આવ્યા, તેનો આભાર. હવે, જરા તપાસ તો કરો કે આ વ્યકિત કોણ છે ? ચિત્ર વાસ્તવિક વ્યકિતનું છે ...કે..

સુજ્યેષ્ઠા વાકય પૂરૂં કરે એ પહેલાંજ દાસીઓ ખડખડાટ હસી પડી. એમની મનઃકામનાને વગર પ્રયત્ને વાચા મળી રહી હતી ને ? તેઓ બોલીઃ સ્વામીની, શાંત બનો. ધૈર્ય તો મનુષ્યની મોંઘી સંપત્તિ છે. એને ગુમાવશો નહિ. અમે આપની વિશ્વાસુ સખીઓ છીએ. આપને જે ઈષ્ટ હોય એ આપ જણાવો એ પહેલા જ અમે સમજી લઈએ છીએ. આશંકિત હૃદયને પહેલાં સ્વચ્છ કરો. આ કોઈ દેવકુમાર નથી. કોઈ ચિત્રકારની પીંછીનું કલ્પનાફળ

નથી. આ છે, વાસ્તવિક વ્યક્તિ. એથ જેના નામથી આપ પરિચિત છો તે. મગધેશ્વર રાજવી શ્રેણિક. જે રાજવીનું દિલ આપને સતત તલસે છે. ખ્યાલ જ હશે, પિતાજીએ આપના માટેની એમની માંગને ફગાવી દીધી છે.

આનું નામ સ્ત્રીસખ્યનો ઉત્તમ નમૂનો. ભારે સલૂકાઈ પૂર્વક વાત કરવી. સામી વ્યકિતની દૂઝતી રગને ઉશ્કેરવી અને પાછી એ માટેની અશકયતાનો આભાસ ઉભો કરવો. સરવાળે પોતાનું નિશાન નિશ્ચિતરીતે વીંધીને રહેવું.

સુજ્યેષ્ઠાના શરીરે ધ્રુજારી વ્યપી ગઈ. રકતધમનીઓ વેગ પૂર્વક ફૂલવા માંડી. તે ખિન્ન બની ગઈ. બોલી :- રાજવી શ્રેણિક જો આટલાં બધા ગુણવાન છે. સ્વ રૂપવંત છે છતાંય પિતાજીએ ના પાડી ? જાત હીરાની ચકાસવાની હોય. ચિંતામણિની નહિ. કદાચિત્ કાચની ખાણમાંથી ય ચિંતામણિ મળી જાય તો એનું તો સામૈયું જ કરવું જોઈએ. એના સ્થાને પિતાજીએ તો આ ચિંતામણિને જાતહીનતાનો ઉપાલંભ આપ્યો.

ખેર, દુર્ભાગ્ય જે થઈ ગયું એનો વિષાદ શેં કરવો.. ?

સખિ, પ્રિયસખિ, મનવલ્લભા, જા, તું જા. જો મારૂં જીવિત ટકાવવા માંગતી હોય તો અચૂક જા. ચિત્ર આપનારા વેપારીની સમીપ જા. મારો પ્રસ્તાવ આપવા જા કહી દે, તમે જ સર્વશક્તિમંત છો. અમારા સ્વામિની રાજવી શ્રેણિક વિના રહી શકે તેમ નથી. ગમે તેમ તેને રાજવી શ્રેણિકની અર્ધાંગિના બનાવી દો.

વિશ્વાસુ સખી ગુપ્ત રીતે દોડી ગઈ. જઈને અભયકુમારનો એકાંત ભાણી દોરી જઈ બધી જ વાત સાદ્યંત કરી. આજીજી કરી, કુમાર, ઓળખ ન છૂપાવો... ગમે તેમ રાજવી શ્રેણિકનું જે ઈષ્ટ છે અને અમારી સ્વામીનીનું પણ તે જ ઈષ્ટ છે.. એનો યોગ સધાવી દ્યો...

પણ, કુમારી પાછળથી ફરી નહિ જાયને ? અભયકુમારે પૂછ્યું...

કસમથી નહિ ફરે.. દાસીએ જણાવ્યું...

એ એના કુળ-પિતાજીથી અજ્ઞાત રહીને પતિમાં પરાયણ બની શકે છે ને ?

બેશક, બની શકે છે. શંકા ન રાખશો.

તો જા, તારી સ્વામીની ને કહેજે, બુદ્ધિનિધાન અભયકુમારનું તમારા મનોરથને પીઠબળ છે. એ સાકાર થઈને જ રહેશે.

ચોકકસ તિથિ, પળનો સમય આપ્યો. અભયકુમારે એ સાથે સૂચવ્યું, કુમારીના મહેલના ભૂગર્ભમાંથી જ સુરંગ તૈયાર થશે. એ સુરંગના દ્વારા પર રાજવી શ્રેણિક ચોકકસ દિવસે પધારશે. ત્યારે કુમારી કંકુ-ચોખા સાથે હાજર રહે.

દાસીનો ચહેરો હસી ઉઠ્યો. અભયકુમારના વદનપર કેવળ મુત્સદીની બે રેખા ઉપસી. જરૂરી વાતો ત્યાં આટોપવામાં આવી. ત્યારબાદ અભયકુમારે પોતાના ચુનંદા કારીગરોને કામે લગાડ્યાં પૂર્વથી આયોજિત કરી રાખેલા નકશા પ્રમાણે એ કર્મકરો દિવસ-રાત એક કરી રાજ્યેષ્ઠાના મહેલમાંથી સુરંગ બનાવવાના કામમાં જોતરાયા.

આ તરફ અભય કુમારે પોતાનું લક્ષ્ય પણ સિદ્ધ થઈ ચૂકયું હતું અને એ માટેનો તાલીમબધ્ધ પુરૂષાર્થ પણ શરૂ ગયો હતો એ જોયું. તેઓ રાજગૃહી તરફ પાછા ફર્યા. ગુટિકાના પ્રભાવ વડે જે રૂપ, આકાર અને ધ્વનિનાં પરિવર્તન કર્યા હતા એવી જ અન્યોન્ય ગુટિકા દ્વારા પાછું એ બધાયનું પુનરાવર્તન સાધ્યું.

એક દિવસ મગધાધિપતિની સેવામાં ઉપસ્થિત થઈ પૂરા વૃત્તાન્તથી રાજવી ને અવગત કર્યા. શ્રેણિકના જાનમાં જાણે જાન પુરાયો. દિવસોથી શોષાતા એમના શ્વાસોશ્વાસમાં જાણે આનંદનો વંટોળ ફૂંકાયા. એમણે પોતાના બાહપાશમાં અભયકુમારને જકડી લઈ આશીર્વાદથી નવડાવી દીધા.

બીજી તરફ આયોજિત સમય હવે નજીક સરકવા માંડ્યો. અભયકુમારે એક વિશાળ રાજરથ પર પસંદગી ઉતારી. જેમાં રાજવી શ્રેણિક આરૂઢ બન્યાં, પૂરા રથને દંડ, આયુધ, તોમર, ક્ષિપ્ર વિગેરે તીરો, ગદા, કુન્ત જેવા અસંખ્ય શસ્ત્રોથી આચ્છાદિત કરીને સુરક્ષા કવચ પૂરૂ પડાયું હતું.

*(ક્રમશઃ)*

# પૂ. શ્રી ધનેશ્વર મુનીશ્વર વિરચિત 'સુરસુંદરી ચરિયં'માંથી

(આઠમો પરિચ્છેદ શ્લો. ૭૩થી ૮૦)

## રાગની રમત

*ગયા અંકથી ચાલુ...*

### શ્રી ક્ષેમશંકર તીર્થપતિની દેશના

(પૂ. શ્રી દેવભદ્રાચાર્યકૃત શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, પ્રસ્તાવ-૨)

'હે ભવ્ય પ્રાણીઓ! છિદ્રવાળા હસ્ત સંપુટમાંથી ઝરતા પાણીની જેમ ક્ષણે ક્ષણે ક્ષીણ થતાં પ્રાણીઓના આ જીવિત - આયુષ્યને શું તમે જોતાં નથી? અથવા તો નિરંતર ઉત્પન્ન થતાં રોગ ને શોક વડે તથા ઈષ્ટ વિયોગ અને અનિષ્ટની પ્રાપ્તિ આદિ દુઃખોથી પીડા પામતા, શરણ રહિત, રક્ષણ રહિત, પ્રાણ રહિત, થોડા જળમાં માછલાની જેમ તડફડતાંને સારું કુળ અને સારી જાતિ આદિ સદ્ધર્મના કારણનો સમૂહ પ્રાપ્ત થવા છતાં પણ ભમત અરહટ્ટ-રેંટની ઘટીના સમૂહની જેમ વિવિધ પ્રકારે ઊંચે-નીચે ફરતા આ શરીરને શું તમે જોતાં નથી? કે જેથી વિશ્વાસથી મજેથી સૂઈ રહ્યા છો? તેના પ્રતિકારનો વિચાર કરતાં નથી. છેવટે તુચ્છ અને વિરસ વિષની જેવા વિષમ વિષયોની આસકિતમાં મોહ પામેલા જ રહો છો. વળી જૂઓ કે બળ ક્ષીણ થાય છે, અસાર શરીર પ્રગટ રીતે ક્ષીણ થાય છે, તથા વિજ્ઞાન, વર્ણ, લાવણ્ય અને રૂપની લક્ષ્મી- શોભા પણ નાશ પામે છે. તેથી હે મહાનુભાવો! હજુ પણ જ્યાં સુધી વજ્રના પડવા જેવી ભયંકર અનર્થની શ્રેણિ વિસ્તાર ન પામે ત્યાં સુધી શ્રી જિનેશ્વરની વંદના, પૂજા, સ્વાધ્યાય, ધ્યાન, વિનય અને સેવાનું આચરણ કરો, સદ્ધર્મ રહિત જીવોના સંગનો ત્યાગ કરો, હંમેશા મોટા ભવ વૈરાગ્યને ધારણ કરતાં તમે પરભવમાં સુખકારક વિશુદ્ધ ધર્મના કાર્યમાં જ ઉદ્યમ કરો.'

* * *

''કારણ કે વિષયાદિક પદાર્થો મોહરૂપી મહાપ્રકૃતિના પેટક- પેટીને આધીન છે. મોહ મહાદુઃખરૂપ છે. તથા મોહનું અલ્પપણું થાય તો અમૂલ્ય સુખ પ્રાપ્ત થાય. તેથી કરીને જ ક્રોધ, લોભાદિ મોટા દોષોથી અત્યંત ત્યાગ કરાયેલા જીવો જે મોટી સુખસંપદાને પામે છે. તે શું આશ્ચર્ય છે? કહ્યું છે કે- ''રાગાદિકથી રહિત જીવોને આ સંસારમાં પણ જે સુખ છે, તે સુખ ચક્રવર્તી, દેવેન્દ્ર અને બળદેવને પણ દુર્લભ છે. રાગ દ્વેષરૂપી અગ્નિથી તાપ પામેલા અને વધતી તૃષ્ણાવાળા જીવો વાંછિત વિષયોની પ્રાપ્તિ થયા છતાં પણ સુખને પામતાં નથી જે સુખ વિષયાદિક બહારના ઉપચાર વડે સાધવા લાયક છે તે સુખ સારું નથી. પણ પોતાને આધીન પરમાનંદ રૂપ જે સુખ છે તે જ પ્રધાન છે.''

* * *

### શ્રી ધર્મવર તીર્થપતિની દેશના

(પૂ. શ્રી દેવભદ્રાચાર્યકૃત ''શ્રી પાર્શ્વનાથ ચરિત્ર'', પ્રસ્તાવ-૩)

'' આ સંસારમાં એક ધર્મને મૂકી બીજું કાંઈ સારભૂત નથી, તેથી તમો લોકો નિરર્થક ખેદ કેમ કરો છો? સંસારના કાર્યોમાં જીવો અવશ્ય ઉદ્યમ કરે છે પણ ધર્મને વિષે તેવો ઉદ્યમ કરતા નથી. ધર્મમાં ઉદ્યમિત જીવોના દિવસો સફળ થાય છે, તેમના વાંછિત અર્થ સિદ્ધ થાય છે, અત્યંત દુઃખથી સહન કરી શકાય તેવા સંસારનો ભય પણ નાશ થાય પામે છે અને કેદખાનામાં બંધાયેલા કેદીની જેમ કામ અને કષાયો રૂપી પિશાચો પ્રાપ્ત થતા નથી, તથા ભયાનક ઈન્દ્રિયો રૂપી સુભરો પણ પોતાની ઉદ્ધતાઈને બતાવી શકતા નથી. અત્યંત દુર્જય, દુઃસહ મોહ રૂપી યોદ્ધો પણ હણાયેલી શક્તિવાળો થાય છે, અવળા માર્ગે લઈ જનાર અશુભ દુર્ધ્યાનનો સમૂહ પણ સમર્થ થતો નથી, ઉછળતું પ્રમાદરૂપી ચક્ર પણ પીડા કરવા સમર્થ બનતું નથી તેથી તેથી ભાવીમાં જેમનું અવશ્ય

ભદ્ર થવાનું છે, તેના વિના આવી સામગ્રી ક્યાંથી પ્રાપ્ત થાય ? મનુષ્ય જાતિ, ઉત્તમ કુળ, નિષ્કલંક રૂપની સંપત્તિ શ્રેષ્ઠ ગુરુની ઉત્તમ ભક્તિ, ધર્મ અને અર્થ ઉપાર્જન કરવાની શક્તિ તથા પરિપૂર્ણ આયુષ્ય - આવી બધી સામગ્રી પુણ્યરહિત જીવોને સંભવતી નથી. તેથી કોઇપણ પ્રકારે પ્રાપ્ત આ સામગ્રીનો સદાય ધર્મમાં જ ઉદ્યમ કરો. તુચ્છ અને પરિણામે ભયંકર એવા ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત થયેલા તમે કોટિ મૂલ્યવાળા આ ધર્મને એક કોડીને માટે થઇને હારી ન જાઓ. ઘણી સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે, સમગ્ર પૃથ્વીનું સ્વામીપણું પણ પ્રાપ્ત કર્યું છે, તથા લાવણ્ય, વર્ણ અને રૂપના અતિ સારવાળું શરીર પણ પ્રાપ્ત કર્યું છે, પરંતુ ભવચારક-જેલખાનાના બંધથી છોડાવવામાં સમર્થ અને શુદ્ધ આ પરમ બંધુ જેવો સદ્ધર્મ કરવાનો રાગ કર્યો નથી. કોઇ પણ રીતે આ ધર્મ મલી ગયા પછી વધતી એવી નિર્મલ શ્રદ્ધા વડે એવી રીતે આ ધર્મ આરાધવો જેથી તે અતિ પ્રકર્ષપણાને પામે. આ ધર્મ કરવા છતાં પણ સંસારની સુખ સમૃદ્ધિરૂપી એષણાના તથા પ્રકારના અનર્થરૂપી શસ્ત્રથી હણાઇને ફરીથી ભવરૂપી સમુદ્રમાં વહાણના પાટીયાથી રહીત થયેલાની જેમ ડુબી જાય છે. તેથી હજુ સુધી જરાવસ્થાએ અસાર શરીરરૂપી પિંજરાને જર્જરિત કર્યું નથી, વડવાગ્નિની જેમ દુઃસહ પ્રિયજન વિયોગ પ્રાપ્ત થયો નથી, જેનો પ્રચાર નિવારણ ન કરી શકાય તેવા રોગો પણ વ્યકુલ કરતા નથી, સમગ્ર ઇન્દ્રિયોનો સમૂહ પણ પોતાના વિષયો ગ્રહણ કરવા સજ્જ છે તથા ઉઠવું, ગમન કરવું, આમ તેમ ચાલવું, રમવું વગેરે ચેષ્ટા વડે શ્રેષ્ઠ આ દેહ વર્તે છે, ત્યાં સુધી સુખના અભિલાષી જનોએ ધર્મમાં ઉદ્યમ કરવો યોગ્ય છે.''

* * *

''તેવા રૂપવાળું શરીર, તેવું સુખ, તે મનોહર ઋદ્ધિ અને તે ઉત્તમભોગ દેવલોકમાં રહેલા મારે જે હતા, તે લેશ માત્ર પણ અહીં-મનુષ્ય લોકમાં નથી, કેમકે મોટા મળવાળા, અશુચિ, કલેશવાળા, દુર્ગંધવાળા તથા રૂધિર, અસ્થિ, માંસ અને પિત્તાદિક ધાતુથી અતિવ્યાપ્ત આ અધમ શરીરના વિષયને પામેલા મને લીમડાને વિષે લીમડાના કીડાની જેમ આ શરીરને વિષે પણ પ્રીતિ ઉત્પન્ન થઇ. જો કે વિવિધ પ્રકારના શસ્ત્રોથી ઉત્કટ દવોરૂપી યોદ્ધાઓના સમૂહવડે રક્ષણ કરાયેલા પણ અને મોટી ઋદ્ધિને પણ પામેલા દેવેંદ્રો યમરાજ વડે હરણ કરાય છે, તો પછી સાર રહિત હાથી, અશ્વ અને સેવકો આદિ વડે અમારા જેવાની શી રક્ષા કરાય ? તેથી આ ગૃહવાસનો મોહ અનુચિત છે. જે જીવો આ નિઃસાર શરીર વડે સારભૂત ધર્મને જ ઉપાર્જન કરે છે, તે જ આ જગતમાં ધન્ય છે, અને તે ઓનો જ મનુષ્ય જન્મ સફળ છે.''

* * *

## શ્રી પાર્શ્વનાથ પ્રભુનો વૈરાગ્ય

(શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, પ્રસ્તાવ-૩માંથી)

'' XXX અહો ! કામદેવના બાણના પ્રહારથી થતા પરાભવને નહિ જાણતા આ ભગવાન શ્રી નેમિકુમારનો અખંડ અને ડિંડરના પિંડ જેવો ઉજ્વલ યશ આ પૃથ્વી મંડળમાં પ્રસર્યો છે, કે જેણે પ્રેમવાળી અને ક્રોધ પામેલી સ્ત્રીના તીક્ષ્ણ કટાક્ષવડે વિસ્તાર પામેલા દુઃખના સમૂહને જાણ્યો નથી, પરંતુ બીજા અનેક પ્રાણીઓ કામદેવ રૂપી સુભટ વડે નાચ કરાવતા, ઠેકાણે ઠેકાણે આવી પડતી મોટી આપત્તિઓના સમૂહ વડે ચૂર્ણ કરાતા અને પરમતત્ત્વના બોધને નહિ જોનારા, જેલમાં પૂરાયેલાની જેમ સેંકડો ભય રૂપી કલ્લોલો વડે વ્યાપ્ત આ સંસાર સાગરને ઉલ્લંઘવા શકિતમાન થતા નથી. તેથી હવે મારે આ ગૃહવાસના બંધનથી સર્યું. સંસારમાં સ્ત્રીભોગમાં કશો પરમાર્થ નથી. કમળની જેમ નિર્મલ સુગંધથી વ્યાપ્ત પ્રમદાનું જે મુખ છે, તે જ આ સંસારમાં બંધનનું કારણ છે, તેને વિરાગીજન કપાળની જેમ જાણે છે. તથા વિલાસના મંડન વડે મનોહર પુષ્ટ સ્તન પણ પુદ્ગલના પરિણામની ભાવનાથી જુદું ભાસે છે. કટિતટને વિષે મળેલ અને રત્નના મોટા અલંકારવાળા નિતંબરૂપી બિંબ પણ વિષ્ટા અને મૂત્રના

ભાજનની જેમ મનને જરાપણ આનંદ આપતું નથી. વળી મણિના સમૂહથી શોભિત બે કુંડલથી સહિત સ્ત્રીનું આ જે મુખ છે. તે પણ પરમાર્થનો વિચાર કરવાથી સંસાર માર્ગમાં જનારાના રથના જેવું જણાય છે. તથા સ્ત્રીની જે ત્રિવલીરૂપી માલા કહેવાય છે, તે પણ ભવસમુદ્રના તરંગોની શ્રેણી છે, એમ બુદ્ધિમાન મનુષ્યે જાણવા યોગ્ય છે, વળી સ્ત્રીના જે આ કેળના સ્તંભ જેવા મનોહર સાથળ રૂપી દંડ શ્લાઘા કરાય છે તે પણ તત્ત્વના વિચારથી મહામોહરૂપી મદોન્મત્ત હાથીના દાંત જેવા મુશળ સમાન છે એમ જાણવું, તથા મૃગાક્ષીનું જે આ મનોહર ચરણકમલનું યુગલ છે તે પણ રણરણાટ કરતા મણિના નૂપુર-ઝાંઝરના બહાનાથી દુર્ગતિ તરફ ચાલેલા પ્રાણીના સમૂહને જાણે કહેતું હોય તેમ દેખાય છે. ''

* * *

## ચક્ષુરૂપ સદ્‌ગુરુ

(પ્રસ્તાવ-૪માંથી)

' અત્યંત દુષ્કર એવા પણ નદી, સમુદ્ર અને પર્વતનું ઉલ્લંઘન કરવું શકય છે પરંતુ કદાગ્રહણ પડેલા આત્માને સન્માર્ગમાં સ્થાપવો શકય નથી. વળી કદાગ્રહણમાં પ્રવૃતિ કરાવનારા રાગ-દ્વેષાદિ મોટા શત્રુઓ છે, તે શત્રુઓનો નિગ્રહ વિવેકથી જ સંભવે છે. તે વિવેક હંમેશા શાસ્ત્રના શ્રવણથી જ સંભવે છે. અને તેનું સમ્યક્ પ્રકારે શ્રવણ સદ્‌ગુરુના ચરણની વિશેષ પ્રકારે સેવા કરવાથી જ સંભવ છે. મોક્ષ માર્ગમાં ચાલતા પ્રાણીઓને માર્ગ દેખાડનારા સુગુરુ છે, કેમ કે મિથ્યાત્વથી અંધ થયેલા પ્રાણીઓના ચક્ષુરૂપ પરમ ગુરુ જ છે.''

* * *

## શ્રી પાર્શ્વનાથ પ્રભુની દેશના

(''શ્રી પાર્શ્વનાથ ચરિત્ર'', પ્રસ્તાવ-૪માંથી)

' હે શ્રોતાજનો ! આ સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા ભવ્ય પ્રાણીઓને તારવામાં એક ધર્મ જ મોટા જહાજની જેમ સમર્થ છે. વળી તે ધર્મ સાધુ અને ગૃહીના ભેદથી બે પ્રકારનો છે. અને તેમાં સાવદ્ય કાર્યનો ત્યાગ અને નિરવદ્ય કાર્યનો સ્વીકાર કરવો એ સાધુધર્મ છે. ચતુર્યામ પ્રધાન, ગામ અને કુળાદિને વિષે મમતાનો ત્યાગ, પાંચે ઇન્દ્રિયોનું દમન, કષાયોનો અતિ નિગ્રહ કરવો, અપ્રતિબદ્ધ વિહાર, તથા આહાર, ઉપધિ, વસતિ અને શય્યાનો, ઉદ્‌ગમ - ઉત્પાદનાદિ દોષ રહિત ઉપભોગ કરવો, હંમેશાં પ્રતિલેખનાદિ કાર્યમાં વિઘ્નના સમૂહનો ત્યાગ કરી યોગ્ય સમયે વિધિપૂર્વક કરવામાં આસક્તિ રાખવી, પ્રમાદનો અત્યંત ત્યાગ કરવો, ઉપસર્ગાદિનો વિજય કરવા ઉદ્યમ કરવો, ભવનો મોટો વૈરાગ્ય ધારણ કરવો, ગુરુકુળમાં રહેવાની પ્રીતિ, સૂત્ર - અર્થ અને તદુભયને વિષે ઉપયોગ, ગુર્વાદિની સેવા ભક્તિ કરવી, યથાશક્તિ તપ કરવો, નિરંતર તે તે ધર્મક્રિયામાં અનુરાગ કરવો, પરમાર્થના વિષયમાં ઇચ્છા કરવી, સર્વત્ર અનુચિતનો ત્યાગ કરવો, બાલ-વૃદ્ધ - ગ્લાનાદિ સાધુની પરિચર્યા કરવી, દુઃખથી પીડિતની દયા કરવી, સમિતિ-ગુપ્તિનું પાલન કરવું અને વિધિપૂર્વક મરણ પામવું - આ સાધુ ધર્મ છે.

આ સાધુ ધર્મ સંસાર રૂપી સમુદ્રને તરવામાં જહાજ જેવો છે, આત્મિક ઋદ્ધિનું મોટું દ્વાર છે, મુક્તિ રૂપી મંદિરના શિખર ઉપર ચઢવાની નિસરણી છે, મોટું મંગલ છે, મનવાંછિત પદાર્થ આપવામાં કલ્પવૃક્ષ અને ચિંતામણિથી પણ અધિક મોટા મહિમાવાળો છે. આ જીવ જ્યાં સુધી મોક્ષસુખને આપનાર આ મુનિધર્મને સમ્યક્ પ્રકારે પ્રાપ્ત કરતો નથી, ત્યાં સુધી આ મોટી ભવરૂપી અટવીમાં મોહરૂપી મેઘથી મૂઢ થયેલો હોવાથી ભમ્યા કરે છે. જે જીવોએ મોટા વિધિવડે આ સાધુ ધર્મનું અપ્રમત્તપણે એક દિવસ પણ આરાધન કર્યું હોય છે તેઓ આ ભવસાગરને ગોષ્પદની જેમ ક્રીડા વડે જ તરી ગયા છે. આ સાધુ ધર્મનો સ્વીકાર કરીને ધર્મમાં જ અત્યંત લક્ષ્ય રાખનારા અનંત જીવોએ દુઃખોને જલાંજલિ આપી છે. તે આ યતિ ધર્મ જલ્દી મોક્ષ લક્ષ્મીને આપનારો છે.

*(ક્રમશઃ)*

# રાગની રીબામણ

- પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

મહાપૂણ્યોદયે આવી દુર્લભ ધર્મસામગ્રી સંપન્ન મનુષ્ય ભવ મલ્યો. શ્રી વીતરાગ દેવની સેવા-ભકિત કરવા છતાં ય હજી વીતરાગ થવાનું મન સરખું થતું નથી તેનું પ્રખલ કારણ સંસાર પ્રત્યેનો રાગ છે. જ્ઞાનિઓ કહે છે કે, આ સંસારના બે છેડા છે એક બાજુ રાગરૂપી મહાસમુદ્ર છે અને બીજી બાજુ દ્વેષરૂપી દાવાનલ છે. રાગાદિરૂપ અભ્યંતર સંસાર જીવતો હોવાથી જન્મ- મરણાદિરૂપ બાહ્ય સંસાર ચાલુ છે. અનાદિનો સંસાર છે. અનાદિની મારા-તારાની, પારકા-પોતાની રમત ચાલુ છે. તેમાંય મોહરાજાએ અજ્ઞાનરૂપી મદિરાનું એવું આકંઠ પાન કરાવ્યું છે જેના કારણે રાગની રમતનો આપણને ખ્યાલ આવતો નથી. જ્ઞાનિઓ આપણી મોહનિંદ્રા ઉડાડવા મહેન કરે છે પણ તે બહેરા આગળ ગાન જેવી બને છે.

આપણે જો આ રમતથી કંટાળ્યા હોઈએ, રાગની રીબામણનો અંત લાવવો હોય તો શાંતચિત્તે વિચારવું છે કે, આપણા જીવનના રંગ, સંધ્યાના પલટારા રંગની જેમ રાગ દ્વેષના રંગ ધારણ કરે છે. ક્ષણમાં રાગી.. ક્ષણમાં દ્વેષી. જ્ઞાનિઓએ દ્વેષની યોનિ- જન્મભૂમિ પણ રાગ જ કહી છે. જેના પર અતિશય રાગ હોય તેની સાથે અપેક્ષાની પૂર્તિ ન થાય તો તરત જ દ્વેષ પેદા થાય છે. માટે કહી પણ શકાય કે સમસ્ત સંસારના પાયામાં પ્રાણભૂત તત્વ હોય તો રાગ છે જ્યારે આત્માનું સાચું સ્વરૂપ વીતરાગતા છે.

રાગની ગલપચી, રાગના ગલગલિયાનો અનુભવ આપણને સૌને છે. રાગ તો એવી લપસણી- લલચામણી મોહક ભૂમિ છે જેનું વર્ણન ન થાય. સુવા માટે સરસ સુંવાળું ગાદલું મળ્યું, ખાવા માટે અનુકુળ મનભાવતી રસવંતી મલી, જોવા માટે મનગમતાં નાટક-ચેટક મળ્યા, સાંભળવા સુમધુર સુરમ્ય સંગીત મળ્યું, ચારે બાજુ પ્રશંસા અને વાહ વાહ થઈ તો રાગ થઈ ગયો. સઘળીય અનુકૂળતામાં રાગ થવો અને પ્રતિકુળતામાં દ્વેષ થવો તે સૌના અનુભવની વાત છે. માટે જ જ્ઞાનિઓએ કહ્યું કે સંસારી જીવોને કોઈપણ ચીજવસ્તુ કે વ્યકિત પ્રતિ રાગ કે દ્વેષ નથી પણ માત્ર અનુકુળતામાં જ રાગ છે અને પ્રતિકુળતામાં જ દ્વેષ થાય છે. આપણે આને માનવપ્રકૃતિ સહજ સ્વભાવ માનીએ છીએ. જ્ઞાનિઓ આને આત્માની વિભાવદશા માને છે અને તેનાથી બચવા પ્રયત્ન કરવા કહે છે. રાગની કરામત એવી અનોખી છે કે તેમાં ભલભલા મુંઝાઈ- અંજાઈ જાય છે અને ચોર્યાશી લાખના ચક્કરમાં ચાલ્યા જાય છે.

રાગને સમજવામાં જે થાપ ખાય છે તે જીવનભર પાયમાલ થાય છે. રાગની અવળી રીતે સમજનાર રાગને ઠેસ લાગતાં દ્વેષમાં પછડાઈ પડે છે. રાગને યથાર્થ ઓળખનાર જ રાગથી બચી, રાગની પાસેથી પોતાનું કામ કરાવી આત્મકલ્યાણ સાધી લે છે.

આપણા જીવન પ્રસંગો વિચારો. આપણા રાગને ઠેસ લાગતાં આપણે દ્વેષના માર્ગે જઈએ કે વિરાગના માર્ગે જઈએ? રાગ એ અપેક્ષાઓનો જનક છે અને અપેક્ષાની અપૂર્તિમાં દ્વેષને પેદા કરે છે. રાગ એ આપવામાં નહિં પણ બદલામાં કંઈક પામવાની ઈચ્છા રાખે છે અને તેમાંથી દ્વેષની ઉત્પતિ થાય છે. આપણા જીવનની દિશા કાં રાગ તરફ કાં દ્વેષ તરફ છે. આ અલ્પ, અધૂરા અને અધકચરા જ્ઞાનના કારણે આપણો સંયોગ વિયોગમાં પલટાય છે. જીવન જીવવાની સાચી કળા આત્મસાત્ કરવી હોય તો જીવનમાં સર્વત્ર વ્યાપેલા રાગના સામ્રાજ્યના મૂળને સમજવા પ્રયત્ન કરવો જોઈએ.

રાગ વસ્તુ પર કે વ્યકિત પર હોય, ઘર પર કે પેઢી પર હોય, શરીર પર કે કુટુંબ-પરિવાર પર હોય, નામ પર હોય

કે કામ પર હોય, ખાવા-પીવા કે પહેરવા- ઓઢવા પર હોય પણ યાદ રાખો કે રાગ મારનાર છે, રાગ રડાવનાર છે, રાગ રખડ વનાર, રાગ રીબાવનાર છે. રાગના રવાડે ચઢેલા કોઇ બચ્યા નથી, બચાવી શકયા નથી. પોતે પણ ડૂબ્યા અને બીજાને પણ ડૂબાડયા છે. ખુદ શ્રી ગૌતમગણધરને પણ રાગના કારણે જ વીતરાગતા અટકી તો આપણે કોણ?

રાગના કારણે જ જીવો અપાર- અગણિત દુઃખો પામે છે. રાગથી વિમોહિત જીવો કાર્યાકાર્ય, ગમ્યાગમ્ય, ભક્ષ્યાભક્ષ્યને જાણતાં નથી. આ લોક કે પરલોકમાં શરીર કે મન સંબંધી જે કાંઇ દુઃસહ્ય દુઃખો છે તેનું પહેલું કારણ આ રાગ જ છે. રાગાંધ જીવોની જે ચેષ્ટાઓ તે વર્ણવી શકાય તેવી નથી. જેમ ગુજરાતીમાં કહેવત કે 'ભૂખ ન જૂએ એંઠો ભાત, રાગ ન જૂએ જાત-કજાત!' પ્રિયના વિરહના વિયોગથી પિડિત જીવોની વેદના- દુઃખો તે જ અનુભવે છે. વધ-બંધ મરણાદિ અસહ્ય દુઃખો રાગથી મોહિત જીવો આ લોકમાં અનુભવી, દુર્ગતિમાં દારૂણ દુઃખો ભોગવવા ચાલ્યા જાય છે. રાગ એ જ દુઃખરૂપ છે, રાગ એ જ બધી આપત્તિનું મૂળ છે, રાગથી પીડિત જીવો ભયાનક સંસાર સાગરમાં ભ્રમણ કરે છે. રાગથી દ્વેષ થાય છે, દ્વેષથી વૈરની પરંપરા વધે છે અને ભારે કર્મનો બંધ થાય છે અને સંસારમાં રખડપટ્ટી વધે છે. રાગની આ રીબામણ જાણી રાગ અને દ્વેષથી બચવા પ્રયત્ન કરવો જોઇએ જેથી આ સંસાર સાગરના પારને પમાય.

આ રીતે અનાદિના આત્માના શત્રુ રાગને બરાબર ઓળખી તેનો મૂળમાંથી નાશ કરવા સંસારના પદાર્થો પરનો રાગ દૂર કરવા દેવ- ગુરુ- ધર્મ- ધર્મી અને ધર્મના સાધનો પર રાગ પેદા કરી, વિરાગ ભાવને પામી, વિરતિ સુંદરીનું પાણિગ્રહણ કરી, વીતરાગતાના સ્વામી બની આત્માની સાચી સુખ સમૃદ્ધિમાં મહાલીએ.

## અંતર્યાત્રા

સ્વામી રામતીર્થ એક વાર જાપાન ગયા.

ત્યાં એમના ભકતોએ સત્સંગ-કથા-કીર્તનનું આયોજન કર્યું.

ભારતીયો જાપાનીઓ વગેરે મોટી સંખ્યામાં કથા સાંભળવા આવતા.

જાપાન એટલે જ્વાળામુખીના માથા ઉપર આવેલા દ્વીપોનો બનેલો દેશ.

અવાર-નવાર ધરતીકંપના આંચકાઓ આવતા હોય.

અને એટલે મકાનો પણ લાકડાના બનાવતા.

એકવાર ચાલુ કથાએ ધરતીકંપના આંચકા શરૂ થયા. શ્રોતાઓએ નાસ-ભાગ કરી મુકી.

થોડી વારે ધરતીકંપની અસર બંધ થઇને શ્રોતાઓ ફરી પ્રવચન-ખંડમાં આવવા માંડયા.

બધાએ જોયું કે સ્વામી રામતીર્થ આંખો બંધ કરીને વ્યાસપીઠ ઉપર શાંતિથી બેઠા છે.

આયોજકોને થયું આપણે સ્વામીજીને એકલા છોડીને બહાર નાઠા. ખોટું કર્યું. અવિનયની ક્ષમા માંગતા આયોજકો કહે : 'આપને મુકીને અમે ભાગ્યા. ભૂલ થઇ ગઇ. ક્ષમા કરો.'

રામતીર્થ કહે : 'એમાં માફી માંગવાની કંઇ જરૂર નથી. તમારી જેમ હું પણ ભાગ્યો હતો.'

'હે ! અમે તો જોયા નહીં !'

'તમે બહાર ભાગ્યા. હું અંદર ભાગ્યો.' એકાંત અને નીરવ શાંતિનો ઉપયોગ પરમાત્માનાં ધ્યાન કરવામાં કરી લીધો. હું ભાગ્યો પરમાત્માના શરણે.

બધાએ જોયું કે અંદરની તરફ ભાગેલા સંત પરમાત્માના ખોળે-નિશ્ચલ નિર્ભય હતા. બહાર ભાગેલા થર-થર ધ્રુજતા'તા. રામતીર્થ કહે : બહાર ઘણું દોડયા.

હવે અંતર્યાત્રા કરીએ.

*- આ. વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મ. (પ્રસંગ કલ્પલત્તામાંથી)*

# પ.પૂ. આચાર્યદેવેશ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના ચરણોમાં અશ્રુમિશ્રિત અંજલિ અર્પતી

# સ્તુતિ વર્ષા

- પૂ. મુનિરાજ હિતવર્ધનવિજયજી મહારાજ

શાસનની રક્ષા માટે તે પ્રાણોનું બલિદાન દીધું
પ્રત્યુત્પન્નમતિના બળથી આગમનું અમૃત પીધું
ક્યાંય મળે ના જેવા એવું પુન્ય હતું અદ્દભૂત જેનું
રામચંદ્ર સૂરિવરના ચરણે અર્પણ કરજો તન-મનનું ...૧

જીવન જેનું જિન આજ્ઞાને ભાવદયાથી વ્યાપ્ત હતું
માનસ જેનું ક્ષમા અને સમતા દ્વારા ઉપશાંત હતું
અંતર જેનું ખળખળ વહેતાં કરૂણાના જલનું ઝરણું
ઝંખુ છું દિનરાત હજીપણ રામચંદ્ર સૂરિનું શરણું ...૨

પડકારોના સાગર પર જે મોતી બનીને પથરાયા
ત્રણશો-ત્રણશો શ્રમણજનોનું કુશળ કરે જે ગચ્છરાયા
ઉન્મારગના ડુંગર ભેદી માર્ગ બની જેઓ નીકળ્યાં
રામચંદ્ર સૂરિવરના નામે ઘટ ઘટમાં ચિરાગ જલ્યા ...૩

કલિયુગની પાષણાભૂમિ પર પુષ્પ બની જેઓ ખીલ્યાં
સંકટની રેતાળધરા પર વૃક્ષ બની જેઓ ખીલ્યાં
વિરોધના વંટોળો વચ્ચે દીપ બની જેઓ ઝમકયાં
રામચંદ્ર સૂરિવરના આશિષ અમને ભાગ્યથકી જ મળ્યા ... ૪

ડગલે પગલે વિરચી જેણે જિનશાસનની જય ગાથા
નામ સ્મરણથી પ્રગટે જેના સમતા ને મધુરી શાતા
યશોપતાકા લહેરે જેની ધરા અને ગગનાંગણ પર
રામચંદ્ર સૂરિવરનું શાસન જગમાં તપજો અજર-અમર...૫

દ્રાક્ષાફળ જેવી જ મીઠી ને મધુરી હતી જેની વાણી
એ વાણીના પુન્ય શ્રવણથી પત્થર પણ બનતાં પાણી
નિહ્નવ જેવા પાપીજનોને પણ તે તાર્યા ઉદ્ધાર્યા
રામચંદ્ર સૂરિવરના વચનો અંતરમાં મે અવધાર્યા ...૬

ચિંતન એવું અદ્દભૂત જેમાં આગમના નવનીત જામ્યાં
એ નવનીતના પુન્યપ્રતાપે કેઈ જીવો સમકિત પામ્યાં
નાસ્તિકને પણ આસ્તિક કરતી તારી ચિંતનની શકિત
રામચંદ્ર સૂરિ કૃપા કરીને સ્વીકારજો મારી ભકિત ...૭

શાસ્ત્રનાશની આંધી આવી દશે દિશામાં જે કાળે
સૂત્રવિલોપક કરણીઓની ધૂમ મચીતી જે કાળે
સૂત્રવિરોધી કથનીઓને પડકારી સામર્થ્ય ધરી
રામચંદ્ર સૂરિવરની આજ્ઞા જીવનભર મે શિરે ધરી ...૮

વેશ વિડંબક માર્ગ વિલોપક જાગ્યા જયારે ચોફરદમ
કંટકનું ઉચ્છેદન કરવા ઝઝૂમ્યાં છે જેઓ હરદમ
જિનશાસનની હીલના જોઈ આજે નયણે નીર ઝરે
રામચંદ્ર સૂરિવરના વિરહે મિથ્યામતને કોણ હરે? ... ૯

ઈર્ષ્યાળુના આક્ષેપોને પ્રેમધરીને જે સુણતાં
હિતશત્રુના ઉપદ્રવોને ક્ષમાનિધિ થઈ જે સહેતાં
જિનશાસનની મહાધુરાને નિજસ્કંધો પર જે વહેતાં
રામચંદ્ર સૂરિવરના વિરહે આંખેથી આંસુ ઝરતાં ...૧૦

સંઘ સ્થવિર છો શ્રુતસ્થવિર છો વયસ્થવિર છો તારક છો
સહુથી અધિકા સંયમના પર્યાયતણા પરિપાલક છો
માન અને સન્માન ફગાવી ત્રણે જગતનું હેત જોયું
રામચંદ્ર સૂરિજીએ જગના પાતકનું ચીવર ધોયું ...૧૧

ત્રણે લોકમાં જિન શાસનની મહાદીપ્તિ કાયમ રહેશે
એ દીપ્તિનું ઘૃત કદાચિત્ તારૂં જીવન બની રહેશે
ઘૃત બનીને જીવન ધોળ્યું જિન શાસનના દીપમહિં
રામચંદ્ર સૂરિવરના વચનો પડઘાશે દિશાંત સુધી ...૧૨

સિંહસમી વીરતા છલકે છે શબ્દે શબ્દે પ્રવચનમાં
આપત્તિને સહી લેવામાં શોભી રહ્યા જે મેરૂસમા
સાગરના તળને શરમાવે એવી ગંભીરતા જેની
રામચંદ્ર સૂરિવરના ચરણે અંજલિ અર્પો જીવનની ...૧૩

જિનશાસનની રક્ષા માટે જીવનભર જેઓ ઝઝૂમ્યાં
મિથ્યામતના પાતક સામે જીવનભર જેઓ ઝઝૂમ્યાં
અભિનિવેશના હિમ ઓગાળે નીડરતા જેની એવી
રામચંદ્ર સૂરિવરની આજે કીર્તિ ગાજે છે કેવી ...૧૪

ભોગવ દના ઘોડાપૂરને અવરોધ્યું તે ખંત ધરી
સંયમ નાથના પટહ વગાડી તે દીક્ષાની વૃષ્ટિ કરી
સુધારકોની ચક્રચૂડને તે ફંગોળી વીર બની
રામચંદ્ર સૂરિવરને જોતાં આંખો અતિહર્ષિત બની ...૧૫

માન અને મહિમાની મનમાં રાખી નથી તે અભિલાષા
પરવા નહિં પદની પુન્યોની તુજ દર્શનની છે પ્યાસા
મિથ્યામતના તિમિર હરીને અવતર્યા તે અજવાળા
રામચંદ્ર સૂરિવરના ચરણે વંદન હો વારંવારા ...૧૬

નહિ કીર્તિની નહિ ખ્યાતિની નહિ શિષ્યોની નહિ યશની
ઇચ્છા એક જ રમી રહી તી અંતરમાં સિદ્ધિપદની
પરંપરાની ભ્રામક ચર્ચા જેણે હણી સામર્થ્ય ધરી
રામચંદ્ર સૂરિવરને સમરૂં ચરણોમાં અભિનમન કરી ...૧૭

શાસ્ત્રાર્થો કરવા માટે તું સજ્જ હતો દિવસે રાતે
ધબકી રહ્યા છે શાસ્ત્રોના પરમાર્થો તુજ શ્વાસેશ્વાસે
શાસ્ત્રાર્થોની સમરભૂમિમાં વિજયસુંદરી જેને વરી
રામચંદ્ર સૂરિવરના વાક્યો સુણવા છે બસ! કાન ધરી...૧૮

દીક્ષાના મહામારગ પરથી કંટક સઘળા દૂર કર્યા
શ્રદ્ધાહીનના અંતરમાં પણ શ્રદ્ધાના પીયૂષ રેડયાં
વિક્રમ સર્જ્યો તે ભારતમાં સંખ્યાતીત દીક્ષા આપી
રામચંદ્ર સૂરિવરના વાકયો સુણવાની લગની લાગી ...૧૯

શોકાનલની લાખો જવાળા જવલી રહી છે અંતરમાં
શોધી જડેના શાંતિ સમાધિ આજે સાત સમંદરમાં
નૃશંસો પણ આવ્યાં આવ્યાં તારા ચરણે વૈર ત્યજી
રામચંદ્ર સૂરિ કૃપા કરીને સાંભળજો મારી અરજી ...૨૦

સુલતાનોના ઠાઠ ભૂલાવે ભકતો એવી ભકિત કરે
એ સન્માનોમાં પણ તારા નેત્રો શાસ્ત્રોમાં વિચરે
કૃપા કરીને આપો અમને શાસ્ત્રોની પાવન નિષ્ઠા
રામચંદ્ર સૂરીવરની કરીએ અંતરથી આજે અર્ચા ...૨૧

જડતાનું ધૂમ્મસ ઉભરાણું જે કાળે જિનવરમતમાં
ચિત્ર-વિચિત્ર વિધિઓ જયારે ભીષણ વ્યાપી ઘટઘટમાં
શાસ્ત્રજ્ઞાનના દીપ પ્રગટાવી તિમિર હણ્યું તે જડતાનું
રામચંદ્ર સૂરિવરના ચરણે ભકતોનું મનડું માન્યું ...૨૨

મિથ્યાત્વીના વિષ હરીને તે સમકીતનું દાન દીધું
ભોગી જીવોના ભોગ હણીને તે સંયમનું દાન દીધું
માર્ગ ભૂલેલાં પુન્ય પથિકનું એવું અનુસન્ધાન કીધું
રામચંદ્ર સૂરિવરના ચરણે જીવનનું અર્પણ કીધું ...૨૩

શરદ ઋતુના ગગનસમું નિરભ્ર અને ઉજ્જવળ જેનું
નહિં ડંખ નહિ દોષો જયાં એવું હૃદય હતું ભીનું ભીનું
ભકતોના સમુદાયો તારા સંસ્મરણે પણ વિલસે છે
રામચંદ્ર સૂરિવરની આજ્ઞા મુજ અંતરમાં નિવસે છે ...૨૪

અનુશાસનનું બળ નિવસ્યું છે હસ્તકમલમાં જેઓના
ચરણ કમલમાં ધનદોલતના ઢગ ખડકાયા જેઓના
વદન કમલ પર સૂર્ય અને શશી ચમકે છે એકીસાથે
રામચંદ્ર સૂરિવરની આજ્ઞા મેં તો સ્થાપી છે માથે ...૨૫

હૃદય કમલમાં શ્રી જિનવરની આજ્ઞાના જયઘોષ ભર્યા
ભાલ કમલ પર કીર્તિ અને પ્રતિભાના રત્નાકર ઉમટયા
જીવન જેનું સત્ય અને સંયમ કાજે કુરબાન હતું
રામચંદ્ર સૂરિવરના નામે દિલડું આજે પણ રડતું ...૨૬

જીવન જેનું આદિથી પર્યંત સુધી ઈતિહાસ હતું
શોણિત જેનું જવાંમર્દીને કૌવત દ્વારા ઝળહળતું
જિન શાસનની ભવ્ય ક્ષિતિજ પર પુન્યભાનુ થઈ જે ચમકયાં
રામચંદ્ર સૂરિવરના વચને મિથ્યા મારગ સહુ અટકયા ...૨૭

જસ ચરણોના રજકણ ઝીલી ધરતી પણ જયાં ધન્ય થઈ
એ ધરતી પર વૈર વિરોધો પ્રસરી શકે કયારેય નહિં
પુન્ય તણો પ્રાગ્ભાર વસ્યો છે નિરૂપમ જેના નામ મહિં
રામચંદ્ર સૂરિવરની આજ્ઞા દીપી રહી છે સતત અહિં ...૨૮

કરણી અને કથનીમાં અદ્દભૂત સામ્ય હતું જસ જીવનમાં
સત્યપ્રરૂપક અટવાયા નહિં વિસંવાદના વમળોમાં
તિમિર ભરેલી રજનીમાં તું મંગળની છે દીપમાળા
રામચંદ્ર સૂરિ વચનોની હું સતત જપું છું જપમાળા ...૨૯

વિષય-કષાયની જવાળાઓમાં તપ્ત બનેલાં માનવને
જિન-વચનોની ભવ્યસુધાનું પાન કરાવો આપ મને
ભવ કાનનના તાપ મીટાવો કલ્પતરૂ થઈ શાસનના
રામચંદ્ર સૂરિવરના ચરણે વંદન મારા તન-મનના ...૩૦

ધનપતિઓ પણ શરણે આવ્યાં પતિતો પણ શરણે આવ્યાં
પાપીઓ પણ શરણે આવ્યા પુન્યવંત શરણે આવ્યા
શું શિષ્યો કે શું શત્રુઓ સહુને જે ગુરૂએ તાર્યા
રામચંદ્ર સૂરિવરના વૈરિ ડગલે ને પગલે હાર્યા ...૩૧

અધરોની લાલિમતા એવી જે શ્રોતાના ચિત્ત હરે
એ લાલિમતા નીરખી-નીરખી દુષ્ટોના ગાત્રો પીગળે
વાણીમાં જેવા સાત્વિક છો એવા શીતળ વર્તનમાં
રામચંદ્ર સૂરિવરનું શાસન તપજો કાયમ જગભરમાં ...૩૨

જડદ્રવ્યોની લાલચમાંથી જે ગુરૂ-માએ ઉધ્ધાર્યા
એ ગુરૂ-માના ચરણો મે તો હૃદય મંદિરે અવધાર્યા
જીવ અને જડનું ભેદાંકન કરતું જેનું પૂર્ણ જીવન
રામચંદ્ર સૂરિવરના ચરણે કોટી કોટી કરીશું નમન ...૩૩

ફ્ઝળ્યાં આજે ટોળેટોળા ભારતમાં અગીતાર્થોના
અર્થકામના ઉપદેશોથી રૂંધાયા હિત ભવિજનના
અગીતાર્થોની મિથ્યા વાતો પડકારી ગીતાર્થ બની
રામચંદ્ર સૂરિ જેવા જગમાં બીજા કોઈ ગીતાર્થ નહિં ...૩૪

શાસ્ત્રોનો સંગાથ લઈને કાયાના શોણિત રેડી
ભારતની આ અવનિ પરથી ઉત્સૂત્રો સઘળા ફેડી
ઉત્સૂત્રોને ઉન્માર્ગોને દહવામાં જીવન રેડયું
રામચંદ્ર સૂરિવરના ચરણે મેં સઘળું જીવન રેડયું ...૩૫

સંયમ દીધું શાસ્ત્રો દીધાં સિધ્ધાંતોનો પક્ષ દીધો
દાતા બનીને આપે અમને આગમનો નિષ્કર્ષ દીધો
પૂરા જગતના ભવ્ય જીવોને મુકિતનો ગુરૂમંત્ર દીધો
સૂરિરામ! તે સકળ સંઘ પર અપરિમીત ઉપકાર કીધો ...૩૬

કષ્ટ ભરેલાં ભવકાનનમાં સાર્થપતિ થઈને તારે
મિથ્યામતમાં અંધ બનેલાં જીવોને જે ઉધ્ધારે
પ્રાણ હતો તું ત્રાણ હતો તું શાસનનો આધાર હતો
રામચંદ્ર સૂરિ ભકતોનો તું ભાગ્યધેનુ ભગવાન હતો ...૩૭

શાસનના અપકર્ષો સઘળાં દૂર કરે જે વીર બની
આશ્રિતના પાતકને ગુરૂજી આલોચે ગંભીર બની
શાસનનો ઉત્કર્ષ નિહાળે જીવનમાં જે ધીર બની
રામચંદ્ર સૂરિવરના ચરણે અંજલિ અર્પો જીવનની ...૩૮

અણગમતાં અતિચારો જેને આચારો છે મનગમતાં
શિથિલાચાર સમક્ષ કદાપિ જે સૂરીશ્વર નહિ નમતાં
સત્ત્વ અને તત્ત્વોથી ભરેલી જેની પ્રવચન ભાગીરથી
રામચંદ્ર સૂરિવરની આજે જગમાં જય ગાથા ફરતી ...૩૯

શ્યામળ જેની કાયા હતી પણ કુમતોના મળને હણતી
ચક્ષુઓ ઓજસથી ભરેલી ભવ્યોના અંતર હરતી
રગ-રગમાં અનુરાગ ભર્યો તો વીતરાગના વચનોનો
રામચંદ્ર સૂરિવરના વિરહે કરતાં શિષ્ય વિલાપ ઘણો ...૪૦

પુન્યપતાકા લહેરે જેની જિનશાસનના ઉચ્ચ નભે
તેમ છતાંયે શાસ્ત્રોની ગુરૂરાજ અહોનિશ ધૂન જપે
વિક્રમના વીશમ સૈકાની જેહ હતી મોંઘી મૂડી
રામચંદ્ર સૂરિવરની સ્તવના રંગે કરીશું આજ રૂડી ...૪૧

શાસ્ત્રોનું પ્રતિબિંબ હતો તું પડછાયો અરિહંત તણો
આપોને પડછાયો અમને વ્યાપ્યો છે સંતાપ ઘણો
મોક્ષ લક્ષ સંસ્થાપ્યું જેણે આદિથી પર્યંત સુધી
રામચંદ્ર સૂરિવરના ચરણે વંદન કરીશું અંતરથી ...૪૨

પુન્ય પાદરા ગામે ઉછર્યા દેહવાણમાં જન્મલહી
મહિ સાગરના તીરે જેણે જીવનની શિક્ષાઓ ગ્રહી
પ્રેમ સૂરીશ્વરજીના ચરણે જીવનનું અર્પણ કીધું
રામચંદ્ર સૂરિવરનું પ્રવચન લાગે છે અમને મીઠું ...૪૩

આંધીઓ ઉભરાણી ત્યારે પશ્ચિમના સાગર કાંઠે
તીર્થભૂમિ ગંધારે જયારે તું પહોંચ્યો સંયમ માટે
પોષ માસની શુકલત્રયોદશી તારી દીક્ષા માટે ઉગી
રામચંદ્ર સૂરિવરના ચરણો મે અપનાવ્યા મોક્ષ સુધી ...૪૪

નિર્જનતામાં દીક્ષા લઈને તે જનતાના ચિત્ત હર્યા
તારા વચને શત-શત જીવો સંયમના પંથે વિહર્યા
સુલભ બનાવ્યું સંયમને તે કડવા કષ્ટ સહી લાખ્ખો
રામચંદ્ર સૂરિવરના ચરણે તન-મનના વંદન લાખો ...૪૫

મોહમયી મુંબઈ નગરીમાં ગણિપદ પર આરૂઢ બને
દાન સૂરીશ્વરજીની આજ્ઞાથી આપ બિરાજ્યા તૃતીયપદે
નિજગુરુવર શ્રી પ્રેમસૂરિએ ગચ્છપતિ જાહેર કર્યા
રામચંદ્ર સૂરિવરના ચરણે વંદન મે શતવાર કર્યા ...૪૬

પન્યાસ અને ઉપાધ્યાય પદ પાટણમાં રાધનપુરમાં
આજ્ઞાનું ઉલ્લંઘન જેના જીવનને સ્પર્શ્યું પણ ના
ગુરુ સેવાથી ગુરુકૃપાથી ગુરુવરથીય સવાયા થયા
રામચંદ્ર સૂરિવરના ચરણો અંતરમાં મે અવધાર્યા ...૪૭

સંયમનું આરાધન એવું આળસનું જયાં નામ નહિં
આત્મિક સુખને તે આસ્વાદ્યું કલિયુગમાં સંસારે રહિ
મોક્ષલક્ષનો તું ઉદ્‌ગાતા શિષ્યોની છે ગુરુમાતા
રામચંદ્ર સૂરિવરના ચરણો નમન કરી લહીએ શાતા ...૪૮

ગુરુ આજ્ઞાનું બંધન પાળ્યું જીવનભર તે ખંત ધરી
એ બંધનના પુન્યપ્રતાપે સર્વશકિત તુજમાં ઉતરી
નિજ શકિતના ધોધ લહીને તે ઉપકાર કર્યા છે ઘણાં
રામચંદ્ર સૂરિવરના વચનો ભાવ થકી મેં ચિત્ત ધર્યા ...૪૯

તન દ્વારા તે શ્વાસે શ્વાસે સંયમનું સેવન કીધું
મન દ્વારા તે જિન વચનોનું શાસ્ત્રોનું મંથન કીધું
જીવનને કુરબાન કરીને શાસનનું રક્ષણ કીધું
સૂરિજી તમારા વચનોનું મેં પ્રેમ ધરીને પાન કીધું ...૫૦

શોભી રહ્યા છે સંઘ મહિ જે સૂરિચક્રમાં ચક્રપતિ
મિથ્યામતના ગાત્ર ધ્રૂજાવે શાસનના સેનાધિપતિ
ભારતભરમાં તમને પહોંચે એવું આજે કોઇ નથી
રામચંદ્ર સૂરિવરના ચરણે નમન કરૂં હું તન-મનથી ...૫૨

મધ અને માખણથી પોચી નિર્મળ છે તારી કાયા
એ કાયાને તેહ બનાવી શાસનની શીળી છાયા
એ છાયાની માયા જેને લાગી તેના ભાગ્ય ખુલ્યાં
રામચંદ્ર સૂરિવરના વચનો સુણતાં મારા દિલ પિગળ્યાં ...૫૩

બુંદ-બુંદમાં જિનની આજ્ઞા સંરક્ષવા દાનત જાગી
પગલે પગલે પ્રભુ શાસનના જયરવની નોબત વાગી
ગુરુજી તમારા પ્રવચન રસની ખૂબ મને સોબત લાગી
રામચંદ્ર સૂરિવરને નમતાં થાશું અનેરા બડભાગી ...૫૪

વાણીમાં વાચસ્પતિ બેઠાં ધર્મસભાના ચિત્ત હરે
બુદ્ધિમાં બૃહસ્પતિ બેઠાં તત્ત્વાતત્ત્વ વિવેક કરે
બત્રીસ મદ્ધ કરેય નાટિકા રસનાએ જસ બ્રહ્માણી
રામચંદ્ર સૂરિવરના વચનો લાગે જિનવરની વાણી ...૫૫

ભારતની પ્રત્યેક દિશામાં લહેરાવી તે ધર્મધ્વજા
તારા ચરણોમાં વસવાની હું માંગું છે એક મજા
વીતરાગ પ્રભુના વિરહે લાગો છો વીતરાગ સમા
રામચંદ્ર સૂરિવરની કીર્તિ વ્યાપી છે ભારતભરમાં ...૫૬

જિન આજ્ઞાનો તું ધારક છો મારક છે મિથ્યામતનો
શિષ્યોનો તું નિયામક છે નિસ્તારક છે ભવિજનનો
સકળ સંઘનો તું નાયક છે દાયકદીક્ષા જીવનનો
રામચંદ્ર સૂરિવરનો આજે માનું છું ઉપકાર ઘણો ...૫૭

શાસનની ધગધગતી નિષ્ઠા જન્માંતરથી લઇ જનમમાં
સંયમનું અધુરૂં આરાધન કરવા પૂરણ જે જનમમાં
બ્રાહ્મીનું વરદાન લઇને શ્રુત મહોદધિ જે જનમમાં
રામચંદ્ર સૂરિવરના વચને મિથ્યામત સઘળા વિરમ્યા ...૫૮

દેજો કરુણા ને સંયમની પુન્ય ભાવના અમ મનમાં
સત્ય અને શાસ્ત્રોની નિષ્ઠા ભરજો અમારી રગ રગમાં
કરજો યોગક્ષેમ અમારૂં ઉદ્ધારજો ઓ ગુરુમહાત્મા
રામચંદ્ર સૂરિવરને નમતાં તન-મન મારા હરખાતા ...૫૯

ભવસાગરમાં હું રઝળ્યો છું યાનપાત્ર બનીને આવો
વિષયાગ્નિમાં હું સળગ્યો છું જલવૃષ્ટિ બનીને આવો
અજ્ઞાનોના ઘનમાં અટકયો જ્ઞાનરવિ બનીને આવો
રામચંદ્ર સૂરિ કરૂં વિનંતિ મુજ મન મંદિરમાં આવો ...૬૦

નામ સ્મરૂં ને આંસુ ઉમટે પાંપણ પર ગુરુજી આજે
તારા કાર્યો કથા બનીને ભારતમાં ગાજે આજે
વ્યાપ્યો છે સૂનકાર ભીંતરમાં ઓ ગુરુવરજી તારા વિના
રામચંદ્ર સૂરિવરના ચરણે લાખો ને ક્રોડો વંદના ...૬૧

નામ સ્મરૂં ને ઘાયલ દિલમાં સાત્વિકતાનો ધોધ છૂટે
લાખ નિરાશા લાખ હતાશા તારા નામે દૂર હટે
પ્રાર્થું ભિક્ષા ગુરુચરણોમાં સત્ત્વ સમર્પો સારગમાં
રામચંદ્ર સૂરિવરના વચનો પડઘાશે હર ઘટ ઘટમાં ...૬૨

સમવસરણમાં આરૂઢ બનીને જય જય તીર્થંકર ભગવંત
વરસાવે પીયૂષની ધારા કરતાં ઉન્માર્ગોનો અંત
પ્રતિબિંબ એ પરિદ્રશ્યનું તારી પ્યારી જિનવાણી
રામચંદ્ર સૂરિવરના ચરણે સર્વ સિદ્ધિ નિવસી જાણી ...૬૩

(ક્રમશઃ)

# સ્વાર્થી શું ન કરે

- લેખક : પ્રસાવિ

રાજા-રાણી બેઠા છે. ચકલો- ચકલી ઉડીને આવે છે. ચકલો માળો ઘાલે છે. ચકલી કહે અહીં માળો ન ઘાલો. આ રાજાનો મહેલ છે. આવાસ છે. રાજા આપણો મહેલ-માળો ફેંકી દેશે. ચકલો કહે તું ચિંતા ન કર. તારી જાતિ સ્ત્રી જાતિની છે. એ હંમેશા ભયમાં જીવનારી છે. મારો માળો રાજા કાઢી નાખે તો રાજાનું રાજ હું ખેદાન-મેદાન કરી નાખીશ. તેઓની રાજગાદી તેઓ માટે નહીં રહે.

ચકલી કહે- તમારી શું હેસિયત છે? શું તાકાત છે? રાજાનું રાજ તમે નાશ કરી શકશો?

તારામાં અક્કલ નથી. સ્ત્રીની બુદ્ધિ પાનીએ.

દેવદ્રવ્ય ભક્ષણ કરનારાના ઘરના ચોખા લાવીને રાજાની હાંડીમાં નાખીશ. રાજા તેને ખાશે. રાજાની બુદ્ધિ ભ્રષ્ટ થશે. એટલે રાજ્ય જવામાં હરકત નહિં.

રાજા રાણીને કહે છે કે ચકલા- ચકલીની વાત આ વાત જ્યારે હું તને સંભળાવીશ તે દિવસથી એ વાત તું કોઈને કહીશ નહિં. જો કહીશ તો તું મરી જઈશ.

આટલું બોલી રાજા મૂછમાં હસવા લાગ્યા.

રાણીએ પૂછયું કેમ હસ્યા? એ વાત પછી કહીશ. હમણાં કહેવાય તેમ નથી.

એટલે ''ખેંચ પક્કડ મીયા જોર આતા હે.''

ન કહો ત્યાં સુધી ખાવું, પીવું બંધ ને ચાલી કુવે પડવા.

રાજા મનમાં વિચારે. મર્યો, રાણી મરવા પડે છે. કુવે પડી આપઘાત કરશે. તે કુવો પૂરે કે ન પૂરે પણ મારે તો પૂરવો પડશે. મારે મરવું પડશે. માટે કહે છે ગંગાના કિનારે જઈએ ત્યાં વાત કરીશ.

ખરેખર! સ્વાર્થીઓ કેટલી હદ સુધી પહોંચે છે. સ્વાર્થ ખાતર મોક્ષ માર્ગે ચાલનારાઓની પણ ઉપેક્ષા કરે છે. તેઓની વાત મનઘટિત છે એમ કહી કાઢી નાખે છે. સારૂ ખમાતું નથી. દ્રષ્ટિ વિપરિયાસ થયો છે એવું સ્વાર્થીઓ બોલે છે. દુર્જનના સંતોષ ખાતર સજ્જનોને દંડ સહવો પડે છે.

❑ ❑ ❑

# ભેળસેળનું કાતિલ શસ્ત્ર

હિટલરથી એ પ્રદેશ કેમેય જિતાતો ન હતો. ઘણા વ્યૂહો ગોઠવ્યા; પણ હિટલર જેવો હિટલર નિષ્ફળ ગયો. છેવટે એણે યુક્તિ કરી. શત્ર-દેશનું મજબૂત અર્થતંત્ર તોડી નાંખવાનો એણે વ્યૂહ ગોઠવ્યો. શત્ર-દેશના અસલી ચલણમાં નકલી ચલણ ભેળવી દીધું. વિમાનમાંથી લાખોની સંખયામાં બનાવટી નોટોનો વરસાદ વરસાવ્યો.

પ્રજાને લોભ જાગ્યો. નોટો ઉપર પડાપડી થઈ. અસલી નોટોમાં નકલી નોટો ભળી જતાં એ દેશનું અર્થતંત્ર ખળભળી ઊઠયું. રસકારને અસલી-નકલી તમામ નોટોનું ચલણ રદ કરવું પડયું. એની ખરીદ વગેરેની શક્તિઓ તૂટી પડી.

હિટલર લાગ જોઈને એની ઉપર તૂટી પડયો. એણે જવલંત વિજય હાંસલ કર્યો.

(ધર્મોના નાશ માટે ભગવાં કપડાં, 'હરે રામ ! હરે કૃષ્ણ !' ની ધૂન વગેરે ભેળસેળોનું કાતિલ શસ્ત્ર ક્યારનું ફેંકાઈ ચૂક્યું છે. સાવધાન ! સંતો ! આપણા અસ્તિત્વ કાજેના આ ધર્મસંગ્રામમાં સહુ મોખરે ગોઠવાઈ જાઓ ! મરણિયા થાઓ ! કેસરિયાં કરો.)

*-પં. ચન્દ્રશેખરવિજયજી મ. (ટચૂકડી કથાઓ માંથી)*

# ચેત ચેત ચેતન! તું ચેત

- પ્રજ્ઞરાજ

*ગયા અંકથી ચાલુ..*

◆ શ્રી જૈન શાસનના સત્ય પદાર્થો સ્વયં પ્રકાશિત છે. **સત્યનો સૂર્ય કયારે ય ઢંકાતો નથી.** સત્યને કોઇની સાક્ષીની જરૂર નથી. સત્યનો સ્વયં પ્રકાશિત છે, જ્યારે **અસત્યને સત્ય કરવા અનેક ઉધામા -ધમપછાડા - આઘી પાછી કરવા પડે છે.** કદાચ પુણ્યોદયે અસત્ય સત્ય ઠરે તો પણ તે ક્ષણજીવી છે, અંતે સત્યનો જય અને અસત્યનો પરાજય થાય છે. **સત્યનો સૂર્ય અસત્યના સ્ટારને લાંબો સમય ચમકવા દેતો જ નથી. સત્યની રક્ષા અને સદ્‌ગુર્વાદિ વડીલોએ જીવનભર જાળવેલ સન્માર્ગ - સત્યનો પક્ષ અને સત્ય રક્ષાના પ્રેમ આગળ વિશ્વની કોઇ ચીજનું મૂલ્ય નથી.** આજે ભલે અસત્ય પૂજાતું - ફુલાતું દેખાય, સત્ય મૃતપાયઃ દેખાય તો પણ તું મૂંઝાતો નહિ કે એકલો પડી ગયો તેમ માનતો નહિ. અંતે 'સત્યમેવ જયતે' ! માટે ગુર્વાદિના માર્ગે જ આગળ વધ તો તારું કલ્યાણ નિશ્ચિત છે.

◆ આ સંસારમાં કાંઇ જ સાર નથી. સંસારમાં સારભૂત હોય તો એક માત્ર સંયમ છે જે આત્માને શાશ્વત સુખના ધામમાં પહોંચાડે છે. સંસારના રાગને દૂર કરનાર વિરાગ છે જે વીતરાગપણાને પેદા કરે છે. જીવનમાં એક તેજ તણખો જો એકવાર પણ હૈયામાં ઝરી જાય તો તે અંતરના અંધારાને ઉલેચી ઉલેચીને દિવ્ય પ્રજ્ઞાના પ્રકાશથી ભીતરના ખૂણે ખૂણાને અજવાળી દે છે. જેનાથી મોહ છૂટી જાય છે. મમતા મૃત બને છે, આસક્તિના બંધનો તડ તડ તૂટી જાય છે અને સદ્‌ભાવનાઓ ચિત્તને સત્ત્વથી હરી-ભરી દઇ પરમતત્ત્વે પહોંચાડી દે છે. માટે હે આત્મન્ ! તું પણ આ જ માર્ગે ચાલ.

◆ અસંતોષ તે જ બધી વેદના-પીડાનું મૂળ છે. જે મનને હંમેશાં દરિદ્રી બનાવી મારે છે અને તેને પનારે પડેલો જીવ જિંદગીમાં બેચેન બની હારી જાય છે. જે પ્રાપ્ત છે તેનો આનંદ નથી અને જે નથી તેની ઝંખનામાં દુઃખી થાય છે. વાસ્તવિકતાને વિચારતો નથી અને અશકયની કલ્પના સ્વપ્નામાં રાચે છે. તેવી દશાથી બચવાનો જલદ ઉપાય છે સંતોષી બની જા. સંતોષ આવ્યા પછી સ્પૃહા નાશ પામે છે. અભાવમાં પણ સુખ અનુભવાય. 'સંતોષી નર સદા સુખી'.

◆ દોષ દષ્ટિ દ્વેષ જન્માવે, ગુણ દષ્ટિ ગુણવાન બનાવે. 'દષ્ટિ તેવી સૃષ્ટિ' તે આનું નામ. અવની-જગત અંધકારની ગર્તામાં દષ્ટિ માંડી દોડે છે. અંતરમાં પ્રજ્ઞાનો પ્રકાશ પામવાનો પુરૂષાર્થ કરનારા જીવો વિરલ છે. માત્ર પાનખરની શુષ્કતા જોઇ રડવાનું નથી પણ વસંતની મહેકની પણ પ્રતીક્ષા કરવા ધૈર્ય - સૌર્ય જરૂરી છે તો આત્મદોષોના દહન અને આત્મગુણોના પ્રગટન માટે તો ભવ્ય પુરૂષાર્થ જોઇએ જ. વિભાવની દષ્ટિ આ ભવને નિષ્ફળ અને વધતે નુકશાન કારક બનાવે. જયારે આત્મ સ્વભાવની દષ્ટિ ભવને સફળ-સાર્થક બનાવે તો તારે શું કરવું તે વિચારી લે !

◆ આજે આપણને સૌને મરણ શબ્દ બિહામણો અને ભયંકર, ભયજનક લાગે છે. જે ભાવ જન્મેલાને અવશ્ય અનુભવવાનો તેનું દુઃખ શા માટે ? ખરેખર તો ભયાનક જન્મ લાગવો જોઇએ, તેથી પણ જન્મને આપનારા મોહનીય આદિ કર્મો લાગવા જોઇએ, તેનાથી પણ ભયજનક કષાય છે, કષાય કરતાં પણ વધુ ભયાનક ભોગતૃષ્ણા અને વિષય લાલસા છે અને સૌથી વધુ ખાનાખરાબી કરનાર હોય તો કષાયને ઉત્તેજિત કરનાર પાંચે ઇન્દ્રિયોના અનુકૂલ- મનોહર વિષયોના તીવ્ર અનુરાગ છે.

તેને મારવા પ્રયત્ન કરવો તેનું નામ જ ધર્મ છે. જે વિભાવ દશાથી બચાવી સ્વભાવ દશાને પેદા કરનાર છે. તે માટે આ માનવભવ છે. તો તું એવો પ્રયત્ન કર જેથી તાર જન્મ - મરણના ફેરા અટકી જાય અને એકવાર એવું મરણ પામ જેથી ફરી તારે જન્મવું ન પડે અને સાચા શાશ્વત સુખનો ભોકતા બની જાય. કિં બૂહના ?

◆ હે આત્મન્ ! તું એ સનાતન સત્યનો સ્વીકાર કર કે જન્મેલાને અવશ્ય જવાનું છે, મૃત્યુ નકકી છે પણ દિવસ-વાર-તારીખ કે સમય નકકી નથી. પળે પળે જીવનદીપનું આયુષ્ય તેલ ખૂટી રહ્યું છે અને અચાનક ખૂટી જશે, દીપકની જ્યોત પણ બુઝાઈ જશે, માટે એક ક્ષણનો પણ વિશ્વાસ રાખવા જેવો નથી. પ્રમાદ છોડ અને ધર્મની આરાધના કરી લે. જેમ લસણનો દુર્ગંધ તે દુર્ગુણ નથી પણ સ્વભાવ છે કાળાશ તે કોલસાનો દુર્ગુણ નથી સ્વભાવ છે તેમ જન્મ-મરણ તે કર્મજનિત રોગથી પીડિત આત્માની સહજ-સ્વાભાવિક ઘટના છે તેનો સ્વીકાર કરી પંડિત મરણને સાધી મૃત્યુને ઉજાળી લે.

◆ જૂનાને નવું, નવાને જૂનું કરવું તે કાળનો સ્વભાવ છે. પરિવર્તનશીલ આ સંસાર અનંતકાપથી છે. સંસારના કોઈ જ પદાર્થ સ્થિર નથી. દ્રવ્ય-ક્ષેત્ર -કાલ -ભાવ, રૂપ-રંગ, વૈભવ-સંપતિ આદિ બધું અસ્થિર અને પરિવર્તનશીલ છે. સુખ-દુ:ખ, હર્ષ-શોક, આનંદ-આક્રંદ, ભરતી-ઓટ, ચઢતી-પડતીનો ક્રમ સંસારમાં ચાલુ છે તો કોના ઉપર રાગ કરવો છે ? કોના પર દ્વેષ કરવો છે ? કોના પર મોહમાયા-મમતા કરવા છે ? કોની પર આસક્તિ કરવી છે ? માટે મારા આતમરાજા તમો મોહનિંદ્રાથી જાગો. આત્મ ગુણો પર રાગ કરો અને દોષો પર દ્વેષ કરી ગુણ પામવા અને દોષને કાઢવા પ્રયત્ન કરશો તો તમારું કલ્યાણ થશે. સંયોગ -વિયોગની ઘટમાળા સંસારમાં, જીવનમાં લાગુ રહેવાની છે. સંયોગથી સ્નેહ વધવાનો છે પછી ઈષ્ટના સંયોગની કાયમી ઈચ્છા પેદા થશે પણ તે આપણા હાથની સ્વાધીન વાત નથી પણ કર્મના હાથમાં છે. જેના ઉપર અતિરાગનો સંયોગ કરીશ તો કર્મ એવો વિયોગ કરાવશે કે ફરી ભેટો પણ નહિ થાય. સંયોગમાં જેટલો સ્નેહ - અનુરાગ કરીશ તો વિયોગના દુ:ખ-દર્દ-પીડા ભોગવવા પડશે. માટે સુદેવગુરુ - ધર્મના સંયોગને આત્મસાત્ કરી લે જેથી સંસારનો કાયમ વિયોગ થઈ જાય.

◆ જ્યાં સુધી આત્મા પર કર્મનું વળગણ છે ત્યાં સુધી દુ:ખ, રહેવાનું છે. કર્મ ન હોય તો દુ:ખ, વેદન., વિપત્તિની વણઝાર પણ ન હોય. 'મૂલો નાસ્તિ કુત: શાખા ?' માટે તું કર્મનો મૂળમાંથી નાશ કરવા પ્રયત્ન કર. જીવો કર્મ બાંધે છે અજ્ઞાનથી, પ્રમાદના યોગથી અને પછી તેના ફળ ભોગવવા ચાર ગતિ અને ચોર્યાશી લાખ યોનિમાં ફરે છે. તેમાંથી તું ખરેખર ગભરાયો હોય તને ભવભ્રમણનો ભય પેદા થયો હોય અને હવે ભટકવું નથી. તેનું 'ભાન' વાસ્તવમાં જન્મ્યું હોય તો કર્મક્ષયના માર્ગે પ્રયાણ કર. કર્મક્ષયના માર્ગ છે જ્ઞાન અને ચારિત્ર, સંયમ-તપ, ત્યાગ-તિતિક્ષા, જાગૃતિ-જયણા, ગુરુપારતંત્ર્ય, ગુરુસમર્પણ, જિનાજ્ઞા પાલન અને વફાદારી. સાચા ભાવે સમજણ પેદા થાય તો વૈરાગ્યપૂર્વકના ત્યાગનો જન્મ થાય અને જીવને આ ચકરાવાથી બચાવે. તું પણ આ માર્ગે ચાલ તેમાં જ તારું કલ્યાણ છે.

◆ ખરેખર અનંતશક્તિના ધણી આત્માની કેવી કરૂણતા છે કે, સાચી સમજના અભાવે બિચારો ભવમાં ભટકે છે અને દુર્ગતિના જાલીમ દુ:ખો વેઠે છે. સાચા સુખની ઈચ્છા છતાં, સદ્ગુર્વાદિનો યોગ છતાં ય ભવનો વૈરાગ્ય જાગતો નથી. ભોગ સુખોની તીવ્ર લાલસા ના કારણે અજ્ઞાન અવસ્થામાં બાંધેલા કાર્યો જીવને દારૂણ વિપાક બતાવી, પોક પોક આંસુ પડાવી પણ થાકતા નથી. દુ:ખથી બચવા અને સુખોને મેળવવા પાછા પાપકર્મો બાંધી સંસારમાં ભટકે છે. માટે હે આત્મન્ ! હવે તું તેવા કર્મો ન બંધાય તેવા પ્રયત્ન કર. જાગૃતિ કેળવી લે. જ્ઞાન દશા પ્રાપ્ત કર.

(ક્રમશ:)

# સમાચાર સાર

**દાદા વડી - બેંગલોર**

અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. મુ. શ્રી અરિહંત સાગરજી મ.ની નિશ્રામાં જેઠ સુદ-૮ રવિવાર તા. ૮-૬-૦૩ના પૂ. મુ. શ્રી પદ્મજિત સાગરજી મ.ની વડી દીક્ષા ઉત્સાહથી થઇ. ગુરુ પૂજન - કામળી વહોરાવવા આદિની ઉપજ સારી થઇ. જીવદયાની પણ ટીપ સારી થઇ. વડી દીક્ષા પછી સાધાર્મિક વાત્સલ્ય નૂતન મૂનિશ્રીના સંસારી પિતાશ્રી તરફથી થયુ. બપોરે પૂજા ઠાઠથી ભણાવાઇ.

**વશૌનગર :**

અત્રે આદિનાથ જિન મંદિર તથા ઉપાશ્રયો આદિનો જીર્ણોદ્ધાર પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ.ના ઉપદેશથી થય। છે. ઉપાશ્રયના મંગળ ઉદ્દઘાટન પ્રસંગે પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ., પૂ. પં.શ્રી ધર્મદાસ વિ.મ., પૂ. મુ. શ્રી કુમુદચંદ્ર વિ.મ. આદિ પધારેલ. જેઠ સુદ-૧૦ થી જેઠ સુદ ૧૩ સુંદર ઉત્સવ યોજાયો હતો. વિધિકાર સતીષભાઇ, ભુપેન્દ્રભાઇ, માલ્કેશભાઇ છાણીથી અને સંગીત પાર્ટી નરેશ શાહ એન્ડ પાર્ટી વસો આવી હતી. ઉત્સાહ સારો હતો.

**મુંબઇ - મુલંડ :-**

સર્વોદય નગરમાં શ્રી ઝવેરચંદ રણમલ માલદે લાખાબાવળ વાળાના પૌત્ર ચિ. દિવ્યેશ કિશોર માલદેને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે પૂ.આ. શ્રી વિજય લલિત શેખર સૂરીશ્વરજી મ.,પૂ.આ. શ્રી વિજય રાજશેખર સૂરીશ્વરજી મ.,પૂ.આ. શ્રી વિજય વીરશેખર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં જેઠ વદ-૧ તા. ૧૫-૬-૦૩ના રોજ શ્રી સિદ્ધચક્ર પૂજન ભવ્યતાથી ભણાયું. બાદ સાધાર્મિવાત્સલ્ય રાખ્યું હતું. વિધિ માટે જેઠાલાલ ભારમલ તથા સંગીત માટે રાકેશકુમાર એન્ડ પાર્ટી પધારેલ હતાં.

**પુના :-**

તરૂણ સંસ્કરણ વાચનાશ્રેણીનું ભવ્ય સમાપન અત્રે થયું હતું. ગોડવાડના ગૌરવ પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન મંદિર ટિંબર માર્કેટ પૂનામાં તા. ૨૩ મેથી ૨ જૂન સુધી તરૂણ સંસ્કારણ વાચના શ્રેણીનું ભવ્ય આયોજન સંપન્ન થયેલ. અગ્યાર દિવસ સુધી ચાલેલી આ વાચનાશ્રેણીમાં લગભગ ૧૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. દરરોજ બપોરે ૨ વાગે વાચના શ્રેણીનું શરૂઆત થતી હતી.

બાલકોના જીવનને સુસંસ્કારિત કરવા માટે પૂજ્યશ્રી ખૂબ સુંદર જહેમત ઉઠાવેલ. વાચનાશ્રેણી દરમ્યાન આદિનાથ પ્રભુના તેર ભવ, ભક્ષ્ય- અભક્ષ્ય વિવેક, પ્રભુજીના દર્શન- પૂજનવિધિનું પ્રેક્ટીકલ જ્ઞાન, આ વિવિધ આસન, મુદ્રાઓ તથા ધ્યાન સાધના આદિ અનેકવિધ વિષયો ઉપર પ્રેરણાદાયી પ્રવચનો થયેલા. વાચનાશ્રેણી દરમ્યાન ચિત્રકલા, સંગીત, સ્તુતિ, કહાની - સ્પર્ધા મેમોરી ટેસ્ટ તથા વકતૃત્વ સ્પર્ધા આદિ થયેલ.

તા. ૨ જૂનના રોજ મેળાવડો રાખવામાં આવેલ. જેમાં વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ સ્થાન મેળવનારને આકર્ષક પ્રોત્સાહન ઈનામો આપવામાં આવેલ. વાચના શ્રેણીનું સમગ્ર લાભ શા રતનલાલ ભીમાજી મેડતિયા પરિવારે લીધેલ.

પૂજ્યશ્રીનું આગામી ચાતુર્માસ યેરવડા- પૂના નક્કી થયેલ છે. ચાતુર્માસ પ્રવેશ ૬ જુલાઇના રોજ ૮-૪૫ કલાકે ભવ્ય સમારોહ સાથે થશે. એ જ દિવસે પૂજ્યશ્રી દ્વારા આલેખિત ૯૬મું પુસ્તક 'ચૌદ ગુણસ્થાનક'નું ભવ્ય વિમોચન પણ થશે. વિમોચન પ્રસંગે ડો. ગંગવાલ પધારશે.

**રાણી બેન્નુર (કર્ણાટક) :-**

અત્રે પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજય અમરસેન સૂરીશ્વરજી મ.આદિની નિશ્રામાં પૂ.સા. શ્રી જિનાજ્ઞાશ્રીજી મ.ની વડીદીક્ષા જેઠ વદ-૫ના થઇ તે નિમિત્તે ત્રણ દિવસનો શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ ઉજવાયો.

**સાવરકુંડલા :-**

અત્રે પૂ.પં. શ્રી ભવ્યરત્ન વિજયજી મ., પૂ. મુ. શ્રી ક્ષમાવિજયજી મ. આદિને વિનંતી કરતાં સંઘ તથા બોર્ડિંગના દેરાસરની વર્ષગાંઠ ઉપર પધાર્યા હતાં. પીયાવા દેરાસરની વર્ષગાંઠમાં તેઓશ્રીએ લાભ આપ્યો હતો. તેઓશ્રી જેઠ વદમાં પાલીતાણા પધારશે. ચોમાસુ ઓસવાળ યાત્રિક ગૃહમાં છે.

**પરેલ (મુંબઇ) :-**

કાલાચૌકી વિસ્તારમાં આવેલા દીપક જ્યોતિ ટાવર જૈન સંઘમાં બે સાધ્વીજી ભગવંતોના વર્ષીતપના પારણા નિમિત્તે ઉલ્લાસમય મહોત્સવનું વાતાવરણ નિર્માયું હતું.

પૂ.સા. શ્રી નિર્મલરેખા શ્રી.મ.ના સુશિષ્યાઓ સા. શ્રી નિર્વેદરેખા શ્રી મ. તેમજ સા. શ્રી સંવેગરેખા શ્રી મ.એ વિકટ વિહારો વચ્ચે વર્ષીતપની કષ્ટદાયી આરાધના કરી હતી.

જેની સમાપ્તિ પ્રસંગે શા. હીરાચંદજી જસરાજજી પરિવાર તરફથી અર્હદઅભિષેક પૂજનનું ભવ્ય આયોજન થયું હતું. પ્રસ્તુત પ્રસંગે નિશ્રાનું પ્રદાન કરવા માટે આયોજક પરિવારની વિનંતી સ્વીકારી વૈ.સુ. ૧ના દિવસે પૂજ્ય મુનિરાજ શ્રી ભવ્યવર્ધન વિ.મ., પૂ.મુ. શ્રી મંગલવર્ધન વિ.મ. તેમજ પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિ.મ. આદિ પધારતાં સામૈયા સાથે પૂજ્યોની પધરામણી થઇ હતી.

ત્રણ દિવસના પ્રવચનો દરમિયાન નિત્ય પ્રભાવના તેમજ ભિન્ન-ભિન્ન ભાગ્યવાનોના ગૃહાંગણે ચતુર્વિધ સંઘના પગલાં થયા હતાં.

**અમદાવાદઃ-**

તપસ્વી મરાઠાવાડા દેશોદ્ધારક પૂજ્ય આ. વારિષેણસૂરિજી આદિ મુનિવરોની નિશ્રામાં સાણંદમાં ઓળી આરાધના મહાવીર પ્રભુ પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવી મહાસુખ નગર વાસુપૂજ્ય જિનાલયે સસ્વાગત પધારતા સુશ્રાવક સાકરચંદભાઇના ૫૦૦ આયંબિલની આરાધનાનો ઉત્સવ ૧૫-૬-૨૦૦૩ના રોજ જિનભકિત કાર્યક્રમ બાદ ચર્તુવિધ સંઘના પગલાં તેમના નિવાસસ્થાને કરાવી ગુરુ પૂજન, સંઘ પૂજનનો લીધો હતો બાદ સિધ્ધ ચક્ર મહાપૂજન ભકિતભાવથી ભણાવાયેલ. લોકોએ ભાવના ઉછરંગ સાથ જિન ભકિતનો લાભ લીધેલ. સ્વામિ વાત્સલ્ય સુંદર થયેલ. ૧૪-૬-૨૦૦૩ના હઠીભાઇની વાડીમાં સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયેલ હતું. પ્રભુજીને ભવ્ય આંગી થયેલ. પૂ. આત્મારામજી મ.ની પૂણ્ય તિથિ ઉજવાયેલ હતી. અષાઢ સુદ-૭ના રવિવારે પૂજયનો ચાતુર્માસ પ્રવેશ મણીનગર સ્ટેશન પાસે વાસુપુજય જિનાલયે થશે.

**પાલીતાણાઃ-**

સંવત ૨૦૫૯ના ચાતુર્માસની આરાધના કરવા અને ચાતુર્માસના આરાધકોને આરાધના કરાવવા માટે ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સંઘાડાના નીચે મુજબના મુનિરાજશ્રીઓ ઓ.યા.ગૃહમાં સંવત ૨૦૫૯ના અષાઢ સુદ ૧૦ તા. ૯-૭-૦૩ના મંગળ પ્રવેશ કરશે.

(૧) પ.પૂ. ગણીવર્ય ભવ્યરત્નાવિજયજી મ.સા.

(૨) પ.પૂ. મુનિરાજશ્રી ક્ષમાવિજયજી મ.સા.

(૩) પ.પૂ. મુનિરાજશ્રી રમ્યદર્શન વિજયજી મ.સા.

(૪) પ.પૂ. મુનિરાજશ્રી વિરાગદર્શન વિજયજી મ.સા.

તથા જુદા જુદા પાંચ ગ્રુપના ૧૮થી ૨૦ પ.પૂ. સાધ્વીજી મ.સા. ચાતુર્માસની આરાધના કરવા પધારશે.

સંવત ૨૦૫૯ના ચાતુર્માસના આરાધકોની સાધર્મિક ભકિતનો તથા ચર્તુવિધ સંઘની મિષ્ટાન્ન ભકિતનો લાભ નીચે મુજબના પરિવારોએ લીધેલ છે.

(૧) શ્રીમતી જેઠીબેન રાયશી સોજપાર શાહ પરિવાર લંડન (ડબાસંગ), (૨) શ્રીમતી હેમલતાબેન ચંદુલાલ મુલચંદ પરિવાર લંડન, (૩) શ્રીમતી ચંપાબેન મહેન્દ્ર રાયચંદ પરિવાર લંડન.

ચાતુર્માસ દરમ્યાન કુલ આશરે ૧૫૦ આરાધકોને ચાતુર્માસની આરાધના કરવા સંસ્થા તરફથી મંજુરી આપીશું.

સંવત ૨૦૫૯ના ચાર્તુમાસની સ્થિરતા માટે પન્યાસ પ્રવર ચંદ્રશેખર વિજયજી મ.સા. આદિઠાણા તથા તેના સંઘાડાના પ.પૂ. સાધ્વીજી મ.સા. આદિઠાણા આશરે ૫૦૦ની સંખ્યામાં પાલીતાણા પધારશે. તેઓશ્રીનો પાલીતાણામાં અષાઢ સુદ-૭ના પ્રવેશ થશે. વિશેષ અહેવાલ ચાતુર્માસ શરૂ થયા બાદ મોકલાવીશું.

**ભીમ (રાજ.) :-**

અત્રે પૂ.આ. શ્રી વિજયદર્શનરત્ન સૂ.મ.ની નિશ્રામાં પૂ.મુ. શ્રી રામરત્ન વિજયજી મ.ની વડીદીક્ષા જેઠ સુદ ૯ના થઈ હતી. બપોરે પૂજા ભણાવાઇ હતી.

**અકલુજ (સોલાપુર):**

અત્રે પૂ. મુ. શ્રી વિનોદવિજયજી મ.ની નિશ્રામાં શ્રી વાસુપુજય સ્વામીની ૬ઠ્ઠી વર્ષગાંઠ, સોનલબેન (પૂ.સા. શ્રી તત્વરક્ષિતા શ્રીજી મ.) ની છઠ્ઠી દીક્ષાતિથિ તથા પૂ.આ. શ્રી વિજય મિત્રાનંદ સૂ.મ., પૂ.આ. શ્રી વિજય વિચક્ષણ સૂ.મ.ની અંચલજીવનની અનુમોદનાર્થે જેઠ સુદ ૭થી ૯ શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ ઉત્સાહથી ઉજવાયો. પૂ.પાદ મુ. શ્રી અવસ્થાને કારણે અત્રે સ્થિર છે.

**ભારજા :-**

પ.પં.શ્રી રવિરત્ન વિ.મ.ની નિશ્રામાં વારા વાટેરા વર્ષગાંઠ ઉજવણી ભારતી મંદિર અર્ધશતાબ્દિ મહોત્સવ પ્રસંગે અષ્ટોત્તરી સ્નાત્ર આદિ તથા પૂ. શ્રી નમ્રરત્ન વિ.મ.ની વડીદીક્ષા થયેલ.

આબુ રોડમાં શેઠ રમેશચંદ્રજીને ત્યાં સુમતિનાથ ગૃહમંદિર પ્રતિષ્ઠા વિ. થયા. સંઘ વાત્સલ્ય થયેલ. તેમનું ચોમાસુ અમદાવાદ જૈન સોસાયટી થશે.

● ● ●

# શક્તિ... શક્તિ... શક્તિ... !!!

ડો.ની દવા ખાવો ને શકિત મેળવો.

અભક્ષ્ય પદાર્થો આરોગોને શકિતના ઘોડાપૂર પાવો.

આજનો માનવી તન- મનથી અશકત બની શકિત મેળવવા જયાં ત્યાં ભટકે છે. જરા કાંઇ થાય, જરા કાંઇ બિમારી આવી એટલે માનવીના મન પર અશકિત સ્વાર થઇ જાય.

પણ હે માનવી! તને ખબર છે, તારામાં જીવ રહેલો છે. તે ચેતન સ્વરૂપ છે.

ચેતના એ જ અનન્ત શકિતનો પુંજ.

અનન્ત શકિતના પુંજનો સ્વામી જીવ પણ કેટલો બધો શકિતશાળી કહેવાય?

જગતના તમામ પદાર્થોની શકિત આગળ જીવની શકિત કેટલી ઉચ્ચત્તમ કહેવાય? છતાંય જીવાત્મા શકિતહીન બની દવા દારૂના પનારે પડી શકિત મેળવવા પ્રયત્ન કરે છે.

બાહ્ય શકિત વધારવાની ઘેલછામાં પડેલો જીવાત્મા આંતરીક શકિતઓને ખીલવવાનો પ્રયત્ન કરતો નથી.

જીવ! વિરાટ શકિતનો સ્વામી હોવા છતાં એની કેવી દશા? જીવની વિચિત્ર દશા જોઇને જમીન પર ખરી પડેલા પુષ્પની યાદ આવી જાય છે. બગીચામાં ખીલ્યું છે.

તેની ડાળીએ ઝુલે છે પુષ્પ

લીલાછમ વૃક્ષની શોભાનું આકર્ષણ છે પુષ્પ.

મઝેથી શોભતા એ પુષ્પથી વૃક્ષ દર્શનીય છે

વૃક્ષની શોભાએ ખીલેલા પુષ્પથી જ છે

પાંદડાની વચ્ચે શોભતાં એ પુષ્પની ખીલાવટ કાંઇક અનેરી છે.

ત્યાં અચાનક એક પવનની લહેરી આવી. ઝાડ, ડાળ, પાન, અને પુષ્પ ઝુમી ઉઠયા. નાચી ઉઠયાં. કાંઇક આનંદ માણવા લાગ્યા.

મસ્તીમાં મસ્ત બની ખુલતું પુષ્પ વૃક્ષની ડાળીથી છુટી પડયું, તૂટી પડયું, પડયું ભોંય પર!

વૃક્ષ સાથેનો સંબંધ છેદાઇ ગયો.

હવે વૃક્ષ સાથે કોઇ સંબંધ ખરો?

હવે ડાળી સાથે કોઇ લેવા દેવા ખરી?

હવે પાંદડાઓ સાથે કોઇ રમતગમત ખરી?

ના- ના. કોઇ સંબંધ નહિં કે કોઇ લેવા દેવા નહિં.

નાજુકડું આ નિર્બળ પુષ્પ ક્ષણ બે ક્ષણમાં રફેદફે થઇ ગયું. પુષ્પ જયારે વિરાટ શકિત ધરાવનાર વૃક્ષ સાથે સંલગ્ન હતું ત્યારે તેની શોભા - આનંદ કાંઇક અનેરો હતો.

તેની મસ્તી જોનારને પણ આનંદીત કરતી હતી.

પણ હવે, નથી રહી તેમાં શોભા, નથી રહી તેમાં નાજૂકતા, નથી રહી તેમાં ખુશબુ. ચીમરાયેલા, કરમાયેલા પુષ્પની સામે કોઇ જોનાર નથી. સ્પર્શનાર નથી. તેમ, વિરાટ શકિતનો સ્વામી જીવાત્મા કોઇ શરીરમાં ઝુમી રહ્યો છે. તેના કારણે તેની (શરીર)ની શોભા અદ્દભૂત છે. રૂષ્ટપુષ્ટ શરીરની શોભા તેના કારણે દર્શનીય છે. શરીરનું હલનચલન પણ આ જીવાત્માને જ આભારી છે. પાંચ ઈન્દ્રિયથી શોભતા આ શરીરે અનેક પાપાચરણમાં ખીલાવટ પણ કરી. ધન- ધાન્ય- જર ઝવેરાત અને મહેલાતોમાં માલ્યો.

સ્નેહી- સંબંધીઓ- સ્વજનોની વચ્ચે શોભતા જીવાત્માએ સુંદર મઝાનું જીવન (યુવાની કાળ) પસાર કર્યું.

પરંતુ જયાં ઘડપણની ઘડીઓ આવી, જયાં પૂન્ય પરવાર્યું ત્યાં કર્મરૂપી ઝેરી પવનની એકાંકી લહેર આવી. એ લહેરીએ મસ્તીથી ફરતાં શરીરને હતપ્રભ બનાવી દીધો. પવનની એક ઝાપટે સઘળાના સંબંધને સળગાવી દીધો.

સઘળા સંબંધો તોડાવી એકલો અટુલો બનાવી દીધો. બિચારો જીવાત્મા ભેગી કરેલી અનેક સંપત્તિઓ- મહેલાતો મુકી અન્ય સ્થાને રવાના થઇ ગયો.

વિરાટ શકિતનો સ્વામી જીવાત્મા સુદૂર ચાલ્યો ગયો.

એવો જીવાત્મા જયારે શરીરના સકંજામાં જકડાયેલો હતો ત્યારે જડ કર્મે તેને કઠપૂતળી બનાવી ઘણો નચાવ્યો.

વિરાટ શકિતનો સ્વામી શકિતહીન તત્વનો સેવક બની ગયો.

આ સેવકની પાસે કર્મરાજાએ અનેક બાળચેષ્ટાઓ કરાવી, વિષયોનું આસેવન કરાવ્યું, યુવાનીમાં તરખાટ મચાવડાવ્યો, ઈન્દ્રિયોને છૂટી મુકાવી, માત-પિતા-પત્ની અને પુત્રાદિ પ્રત્યે પ્રેમમગ્ન બનાવ્યો. અનેક જાતિના આરંભ, સમારંભાદિમાં ઉદ્યમશીલ બનાવ્યો. મઝેથી અનેક પાપાચરણો કરાવ્યા, પોતાના જીવન બાગને ખેદાન મેદાન કરાવ્યો. છતાંય અનન્ત શકિતના સ્વામી એવા જીવે કર્મરાજા સામે કાંઇ ન કર્યું.

કારણ, જીવાત્મા શરીરરૂપી ડબ્બામાં પુરાયેલો હતો.

ચાલો હવે. શરીર છુટુ પડયું છે. જીવાત્મા અન્ય સાથે રવાના થયો છે. તો ત્યાં તેને સમજાવી ફરી પાછો બંધનમાં ન આવે તે માટેના ઉપાયો અત્યારથી આપણે કરીએ.

અનન્ત શકિતને પ્રગટ કરી ભેગાં થઇ જઇએ અનન્ત શકિતમાં....

*- તિમિરકિરણ શિશુ*

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

- પ્રતિક્રમણ કરનારાઓની સંખ્યા ધીરેધીરે ઓછી થતી જાય છે. જે પ્રતિક્રમણ કરનારા છે, એમાના ઘણાને સૂત્રો આવડતા નથી, જેને સૂત્રો આવડે છે, એમાના ઘણાને અર્થ નહિ આવડતા હોય, અર્થના જાણકારમાં પણ પ્રયોગપૂર્વક પ્રતિક્રમણ કરનાર કેટલા ? ઉપયોગપૂર્વક પ્રતિક્રમણ કરવાની ભાવના ન હોય અને એ માટેનો પુરુષાર્થ પણ ન હોય, તો માત્ર કોરી ક્રિયાથી જ કઈ કલ્યાણ ન થઈ શકે.
- લાખો માણસોની અપ્રસન્નતા વહોરી લેવાથી જે ભયંકર કર્મ બંધાય છે, એથી વધુ ભયંકર કર્મ એકાદ સુગુરુને અપ્રસન્ન બનાવવાથી બંધાય છે. લાખોને પ્રસન્ન બનાવવા છતાં જે ફળ ન મળે, એવા ફળના ભાગીદાર એકાદ સુગુરુ પ્રસન્ન પામવાથી થવાય છે.
- ભૌતિક-સુખના ભોગવટાનો પરલોકમાં વેઠવો પડતો વિપાક તો ભયંકર છે જ. પરંતુ આલોકમાંય, ખાધા પછીના થોડા કલાકો બાદ પણ એનો જે વિપાક વેઠવો પડે છે, એની પર પણ ગંભીરતાથી વિચારણા કરો, તોય ભૌતિક-ભોગવટો કરવાનો તમારો રસ ઉડી જાય. ખાવું એ ભૌતિક-ભોગવટો છે, રાચીમાચીને ખાવાનો પરલોકમાં વેઠવો પડતો વિપાક તો ભયંકર છે જ, પણ ખાધા પછી પચે નહિ, તો કેવી અકળામણ વેઠવી પડે, એ તો તમારા અનુભવની જ વાત છે. પચી જાય તોય રોજેરોજ અશુચિથી હાથ ખરડવા પડે, આ કઈ જેવી તેવી સામાન્ય વાત છે ! માત્ર સુખ પર ચોટેલી નજરને થોડી લંબાવો અને ભૌતિક ભોગવટાનું આવું ભાવિ વિચારતા થાવ, તોય તમારો સુખનો રસ મોળો પડ્યા વિના ન રહે.
- માત્ર બુદ્ધિની સૂક્ષ્મતા જ જૈન શાસનને સમજવા માટે જરૂરી નથી, સાથેસાથે હૈયાની સરળતા પણ અપેક્ષિત છે. સૂક્ષ્મ-બુદ્ધિની સાથે સરળતા હોય, તો જૈન શાસન એ રીતે સમજાઈ જાય કે, એ સમજાવટના પાયાને પછી કોઈ જ હચમચાવી ન શકે.
- પ્રભુના શાસનની છાયા પામનારને સૌથી મોટો લાભ વૈચારિક અને માનસિક શુદ્ધિનો થાય છે. આમાં કાયિક શુદ્ધિ તો સમાઈ જ જાય છે. જૈન શાસનને સમજનારો જેવી વૈચારિક અને માનસિક શુદ્ધિ પામી શકે છે, એવી શુદ્ધિ બીજે સ્વપ્નેય સંભવિત નથી. આ શુદ્ધિનું બીજું નામ સમ્યગ્દર્શન છે.
- જગત અને જૈનની વચ્ચે પાયાનો જે તફાવત છે, એ જાણી લેવા જેવો છે. આ તફાવત ખાસ કરીને પ્રવૃતિ કરતા વૃતિના કારણે સરજાતો હોય છે. જગત ધર્મ કર્યા કરે, તોય એની પર 'ધર્મી'ની છાપ ન લાગી શકે. જૈનને પાપ કરવું પડતું હોય, તોય એને 'પાપી' તરીકે વગોવી શકાય નહિ. કેમકે આવા વિષયમાં 'પ્રવૃતિ' કરતા 'વૃતિ'ને જ વધુ મહત્તા આપી શકાય. જૈનત્વથી ઝગમગતા જૈનની આ વાત છે.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

(X)

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

### શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

*અહિંસાનું પાલન જ શ્રેષ્ઠ*

एवं खु नाणिणो सारं, जं न हिंसइ किंचण।
अहिंसा समयं चेव, एयावन्तं वियाणिया॥
**(શ્રી સૂત્ર૦ શ્રુ૦ ૧, અ૦ ૧૧, ગા૦ ૧૦)**

જ્ઞાનિઓના વચનનો પરમાર્થ - સાર એ છે કે - 'કોઈપણ જીવોને હણવા નહિ.' અહિંસાને જ શાસ્ત્રોમાં કહેલો શાશ્વત ધર્મ જાણવો.


## શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૫ અંક ૩૭

आज्ञाराद्धा च. शिवाय च भवाय च

# જૈન શાસન
(અઠવાડીક)

હાલાર દેશોદ્ધારક
પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫) ✱ સંવત ૨૦૫૯ અષાઢ વદ - ૯ ✱ મંગળવાર, તા. ૨૨-૭-૨૦૦૩ (અંક ૩૭

## પ્રવચન
## બાસઠમું
પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદ-૨+૩, શુક્રવાર, તા. ૯-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पियमायः वच्च भज्जा सयण धणा सबलतित्थिमंतिनिवा।
नायर अहम पमाया परमत्थ भयाणिं जीवाणं ॥

આજે તો સંતાનોને બધું ભણાવો પણ ધર્મનો અભ્યાસ કરાવો ખરા ? છોકરાઓ ધર્મ નથી કરતા તેનું દુઃખ પણ છે ખરું ? તમારા છોકરા ધર્મ પૂછે તો ધર્મ સમજાવી શકો પણ ખરા ? તમે સાધુપણું નથી પામ્યા પણ પરિવારને પમાડવાની ઈચ્છાવાળા ખરા કે નહિ ? પોતે સાધુપણું નથી પામ્યા તેનું દુઃખ પણ કેટલાને છે ? મારા ઘરના-પરિવારના સાધુપણું નથી પામ્યા તેનું ય દુઃખ છે કે - મારા ઘરમાં બધા આવા જ જીવો છે કોઈને ય સાધુ થવાનું મન થાય નહિ. મારા ઘરમાં બધા ચેતન વસે છે કે મુડદા ? આજે તો શ્રાવકના ઘરોમાંથી પણ મજેથી શ્રાવક પણાના બધા આચારો મૂકાઈ ગયા છે. જે જીવ શ્રાવકપણાના ય આચારો જીવે તે ય કદિ દુર્ગતિમાં જાય નહિં. આજે રાતે નહિ ખાનારા ય કેટલા ? આવો સંઘ ધર્મ સાચવે કે સંસાર સાચવે ?

ધર્મ કરવાની ઈચ્છાવાળાએ માતા-પિતાદિથી પણ સાવચેત રહેવું પડે. માતા-પિતાદિ ધર્મ પમાડે તેવા તો ઓછા જ નીકળવાના. આડોશી-પાડોશી ય ધર્મના વિરોધી હોય. મરવા પડયો હોય તો જોવા ય ન આવે પણ સાધુ થવા તૈયાર થાય તો અંતરાય કરવા આવનારા ઘણાં. તમે કેવા છો ? ભલે તમે સાધુ ન થઈ શકયા પણ જે કોઈ થવા તૈયાર થાય તેને તો રોકો નહિ ને ? આવા કોણ હોય ? જે પોતે સાધુ થઈ શકયા નથી, સાધુ થવાની ઈચ્છાવાળા છે તે હોય.

મારે મરતા પહેલા સાધુ થઈને જ મરવું છે તેવા જીવ માટે સંથારા દીક્ષાની પણ વિધિ છે. સાધુપણાની ઈચ્છાવાળો શ્રાવક સંયોગ વશાત્ સાધુ ન થઈ શકે અને માંદો પડે તે વખતે પણ મનમાં હોય કે, મારે સાધુ થયા વિના તો મરવું જ નથી. તે કહે કે, મને કોઈ રીતે દીક્ષા આપો તો તેવાને દીક્ષાય આપીએ અને સંથારામાં રાખીએ અને સમાધિમાં રાખીએ તે સંથારાદીક્ષા કહેવાય.

એક શ્રાવક સિત્તેરમું વર્ષ પૂરું થાય તે પહેલા ઘેરથી ભાગી આવ્યો અને પૂ. શ્રી બાપજી મહારાજા પાસે આવીને

કહે કે - ''મને દીક્ષા આપો. કુટુંબને ખબર ન આપશો, માંડ માંડ ભાગી છૂટયો છું.'' પૂ. શ્રી બાપજી મહારાજાએ તેની યોગ્યતા અને મકકમતા જોઇ દીક્ષા આપી. ચૌદ વર્ષ દીક્ષા પાળી તેઓ કામ કાઢી ગયા. આવી ભાવનાવાળા તમે બધા ખરા કે, આ જન્મમાં મરતા પૂર્વે પણ સાધુ થયા વિના મરવું જ નથી ! તમને હમણાં કદાચ સાધુ ન પણ થાવ કે મરતા સુધીય સાધુ ન થઇ શકો. પણ મરતાં મરતાં ય થાય કે, આ ભવમાં તો સાધુપણું ન પામી શકયો પણ ભવાંતરમાં મને સાધુપણું વહેલામાં વહેલું મળજો - આવી ઇચ્છાથી મરે તેનું ય કલ્યાણ થાય. ગમે તેટલો ધર્મ કરે. ગમે તેટલા વ્રત-જપ કરે પણ સાધુપણાની ઇચ્છા નહિ તે સાચો શ્રાવક પણ નહિ. સમ્યક્ત્વની ખરી પ્રતીતિ અહીં જ થાય. સર્વવિરતિની તીવ્ર લાલસા ન હોય તેને દેશવિરતિની ઇચ્છા જ ન થાય. તમને વિચાર કરતા કરવા છે. આ ભાવ પેદા થઇ જાય તોય કામ થાય. શ્રાવકને સાધુ પણાની ઇચ્છા થાય નહિ તો પણ ચાલે તેમ માનો છો ? આ બધી વાતો સાચી લાગે છે કે બનાવટી ? તમને આ સંસાર જેવો ખરાબ છે તેવો ખરાબ લાગ્યો છે ખરો ? તમારી પાસે ઘણી સુખ-સંપત્તિ સામગ્રી હોય, લહેર કરતા કરતા જીવે તે બધા મરી મરીને કયાં જાય ? તમે બધા જો શ્રાવક બની જાવ તો બચી જાવ.

શ્રી અભયકુમારની કથા પણ તમે અનેકવાર સાંભળી છે. તેમનો નિર્ણય હતો કે, મારે સાધુ થયા વિના મરવું નથી. પાટવી કુંવર છે. શ્રી શ્રેણિક મહારાજાએ પણ રાજ્યગાદી સ્વીકારવા અનેકવાર કહ્યું છે. તેઓ ના જ પાડે છે અને રાજાને પણ કહે છે કે - મારે રાજ્યગાદી જોઇતી નથી. આપ ગમે તે પુત્રને રાજા બનાવો. અહીં રહીશ ત્યાં સુધી જેવી આપની સેવા કરું છું તેવી જ તેમની પણ કરીશ. રાજા વારંવાર આગ્રહ કરે છે, ત્યારે કહે છે કે, ભગવાન આ બાજુ પધારવાના છે, તો તેઓને પૂછ્યા પછી વાત. ભગવાન પણ નગરીમાં પધાર્યા છે. તેમણે શું પૂછ્યું ? રાજ્ય લઉં કે ન લઉં તેમ ? ના. ભગવંત ! છેલ્લા રાજર્ષિ કોણ થયા તેમ પૂછ્યું. ત્યારે ભગવાને કહ્યું કે, આ શ્રી ઉદયન રાજર્ષિ છેલ્લા થઇ ગયા હવે મારા શાસનમાં કોઇ રાજર્ષિ નહિ થાય. તે પછી ઘરે આવીને રાજાને કહે છે કે - ભગવાનના પરમભગત એવા આપનો દીકરો સાધુપણા વિના મરે તો આપ રાજી થાવ ખરા ? તો રાજા કહે બિલકુલ નહિ અને પછી રાજાને સમજાવીને સાધુ થયા. તમારો દીકરો તમને પૂછે કે, બાપા તમે મને સાધુ થવામાં સહકાર કેમ ન આપ્યો તો તમે શું કહો ? તમારા જેવા બાપને ઘેર જનમવું તે જ મોટો પાપોદય તેમ કહે તો ગુસ્સો આવે ને ?

જેટલા પાપના ધંધા કહેવાય તેમાં મોટે ભાગે જૈનો બાદબાકીમાં હોય, તેને બદલે આજે --- ! આજે તો માને કે, અમારા જેવા પુણ્યશાલી કોઇ નથી. તેનું મિથ્યાત્વ કેવું ગાઢ હોય ! તમારો હોંશિયાર છોકરો એટલે પૈસા માટે કોઇપણ પાપ કરવામાં તેને વાંધો નહિ ! ''પૈસા જ કમાવવાની લત ખોટી છે, લોભનો માર્યો, ધંધા વગર જીવી શકાય છતાં ય ધંધા કરો છો, હજી ય ધંધા છોડતા નથી. ધંધાના જ પ્રેમી બનશો તો માર્યા જશો'' તેમ કોઇને કહ્યું છે ? શ્રાવકનો દીકરો ધંધાનો પ્રેમી હોય ? અનીતિના ધંધાનો હોય ? એક સાચી વાત નહિ સમજાવાથી કેટલા ખોટા માર્ગે જઇ રહ્યા છો. સાધુપણાની ઇચ્છા વગરના એવી એવી જગ્યાએ જશે જ્યાં ધર્મ જ નહિ મળે. ભલે મનુષ્ય પણ થાય ! મરિચીએ એક ઉત્સૂત્ર ભાષણથી એવું પાપ બંધ્યું કે, બાર-બાર ભવ સુધી મનુષ્ય અને દેવ થયા પણ ભગવાનનો ધર્મ જ ન મળ્યો.

વગર સમજે બોલ બોલ કરવાથી કેવાં કેવાં પાપ બંધાઇ જાય તે ખબર છે ? 'ઘરમાં રહ્યે રહ્યે ત્યાં ધર્મ નથી થતો' તેમ કેટલા શ્રાવકો બોલે છે ? તે ઉત્સૂત્ર ભાષણ કહેવાય કે સસૂત્ર ભાષણ કહેવાય ? ઘરમાં ય ધર્મ થઇ શકે તેમ શ્રાવક બોલી શકે ખરો ? આજે ઘણા સાધુઓ પણ ઘણું ઘણું ઉત્સૂત્ર બોલે છે. ઊંચામાં ઊંચા શ્રાવકનો ધર્મ, ધર્મ ન કહેવાય પણ ધર્મા ધર્મ કહેવાય. ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરૂ જેટલો. સાચું જાણવા છતાં પણ જો અવસરે

અમે ય મ ન-પાનાદિથી મૂંગા રહીએ અને સાચી વાત ન કહીએ તો અમને ય પાપ લાગે. આજે જ્ઞાનીની વાત હજી બુદ્ધિમાં બસે પણ હૃદયને અડતી કેમ નથી ? હૃદયને જો અડી જાય તો ઘણા સાધુપણું અને શ્રાવકપણું પણ પામી જાય. મારો તો આક્ષેપ છે કે, ધર્મ કરવો અને પામવો શકય હોવા છતા પણ ઘણાને ધર્મ કરવો નથી અને પામવો પણ નથી.

ઘણા સાધુઓને પણ આ વાત જોઇએ તેવી હજી નથી રૂચતી. તેમને ય પ્રમાદ કેમ નડે ? આજે વર્ષોના દીક્ષિત સાધુને તત્ત્વોની ખબર નથી, અજ્ઞાન હોય તેમ જીવે છે અને પાછા અજ્ઞાન કબૂલ પણ નથી કરતા ! તેને દુઃખ પણ નથી થતું કે ભગવાનનું શાસન પામ્યા પછી પણ આવી દશા કેમ ? વૈરાગ્ય પ્રગટ થયો છે કે નહિ અને પ્રગટ થયો છે તો તે દુઃખ ગર્ભિત છે ? મોહગર્ભિત છે ? કે જ્ઞાનગર્ભિત છે ? તે ચિંતા રોજ થવી જોઇએ. આજે ધર્મ રૂઢિ મુજબ થયો છે. રૂઢિમાં જીવે તે મરતા સુધી ધર્મ પામે નહિ અને ઘણા ભવ સુધી ન પમાય તેવું પાપ બાંધે ! તેવાઓને ભવાંતરમાં ધર્મ વહેલો મળે તેવું પણ લાગતું નથી. સાધુપણું તો નથી પામ્યા પણ શ્રાવકપણું પણ પામ્યા નથી તેનું ય દુઃખ છે ? મેં ઘણો ખોટો દેખાવ કર્યો, સારો દેખાવ ન કર્યો- આવો પ્રશ્ચાત્તાપ થાય તો લાગે કે, ધર્મ પામવા લાયક છે. ધર્મ પામવો તે બાપાનો ખેલ નથી. ઘણું કરવું પડે.

સાધુપણાની ભાવના શ્રાવકને અવશ્ય હોય, હોય ને હોય જ. તો જ તે ધર્મ પામ્યો છે કાં પામવાને લાયક છે. આ જન્મ પામી સાધુ જ થવા જેવું છે, નથી થયો તે મારી કમનશીબી છે આટલી ભાવના શ્રાવકને હોય. પણ આજે તો હું મરીને કયાં જઈશ ? મારો પરિવાર પણ કયાં જશે? આવી ચિંતા કેટલાને છે ? દીકરો સારું કમાતો થયો અને દીકરી સારે ઘેર ઠેકાણે પડી ગઈ એટલે સુખી થઈ ગયા તેમ જ મોટોભાગ માને છે. પછી શું તેની ચિંતા જ કેટલાને છે ? સુખીને ઘેર આપેલી દીકરીઓ ય રોઈ રોઈને જીવે છે અને તમારા ઘરે આવેલીને ય ધર્મ કરવો મુશ્કેલ છે. તેને ય રાતે રસોઈ કરીને જમાડવું પડે. તમારા ઘરમાં આવેલ છોકરી કહે કે, રાતે જમાડીશ નહિ, રાતે રસોઈ પણ નહિ કરું - તો તે ચાલે ? માટે મહાપુરુષ સમજાવી રહ્યા છે કે, ધર્મ કરવામાં મા-બાપ સ્વજન આદિ બધા અંતરાય છે. માતા-પિતા, પત્નીની વાત જોઈ આવ્યા, બીજી વાતો હવે અવસરે.

*(ક્રમશઃ)*

---

# અજોડ ઈર્યાપાલન

સુધર્માસભામાં બેઠેલા ઈન્દ્ર મહારાજા અવધિજ્ઞાનથી જંબૂદ્વીપનું અવલોકન કરે છે. એમની નજર વરદત્ત મુનિ ઉપર પડી. બે હાથ જોડી માથું નમાવતા ગુણાનુરાગી સૌધર્મેન્દ્ર બોલ્યા :

'ભરતક્ષેત્રમાં વિચરતાં વરદત્ત મુનિનો ઈર્યાપાલનના ઉપયોગમાં જોટો જડે તેમ નથી.'

ઘણા દેવોએ તો માથું નમાવી સ્વીકારી લીધું. પણ એક દેવે પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો.

હાથીનું રૂપ વિકુર્વીને આવ્યો. મુનિને સૂંઢમાં લઈ ઉછાળ્યા આકાશમાં અને મુનિની કાયા જયાં પડી રહી છે ત્યાં ઝીણી ઝાણી અનેક દેડકીઓ વિકુર્વી.

આકાશમાંથી નીચે પટકાતા મુનિ પોતાને કેવું વાગશે, હાથ-પગ ભાંગી જશે એની લેશ પણ ચિંતા નથી કરતા. પરંતુ, પોતાની કાયાથી દેડકીઓ કચડાઈ જશે એને કેમ બચાવવી એ જ ચિંતામાં પોતાના હાથમાં રહેલા રજોહરણથી જમીન પૂંજવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

દેવે પોતાના અવધિજ્ઞાનથી મુનિની મનઃસ્થિતિ જાણી લીધી. મુનિને વચ્ચેથી ઝીલી લીધા. પગમાં પડી ક્ષમા માંગી. 'જેવા ઈન્દ્ર મહારાજાએ વર્ણવ્યા એવા જ ઈર્યાપાલનમાં આપ અજોડ છો, ધન્ય છે આપના સમિતિપાલનને, ધન્ય છે આપની સાધનાને.' વરદત્ત મુનિના ગુણ ગાતો ગાતો દેવ દેવલોક તરફ રવાના થયો.

*-પૂ. આ. શ્રી વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મ.*

*(પ્રસંગ કલ્પલતામાંથી)*

# મહાસતી - સુલસા

લેખાંક- ૧૫મો

પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મ.

*(ગયા અંકથી ચાલુ)*

આયોજનમાં ગણિતની ચોકસાઇ હતી. સફળતાની પૂરી તાકેદારી હતી. વિઘ્નોને કઇ અવકાશ જ ન સાંપડે, તેનો ખ્યાલ હતો. આમ છતાં, કોઈ અણધારી આફત તૂટી પડે, એવા સમયે પણ રાજવી અને નૂતન રાજવધૂને હેમ-ખેમ ઉગારી લેવાની ચિંતા અભયકુમારને કોરી રહી હતી.

એ માટે ખૂબ વિચાર કરીને એમણે યોજના ઘડી કાઢી. એ યોજના હતી મહાસતી સુલસાના અને સારથી નાગના ૩૨-૩૨ પરાક્રમી યોધ્ધાઓ સમા પુત્રોનાં સશસ્ત્ર રથોનું અભેદ્ય કવચ રાજવીના રથની આસપાસ સાથેને સાથે જ મોકલવાની.

લેખાંક- ૧૬મો

દેવી સુલસાના એકેક પુત્રો મહારથી હતાં. કુશળયોદ્ધાઓ હતાં. સમર્થ ભુજાબળ અને વિપુલ શસ્ત્રવિદ્યાના જ્ઞાનથી સંપન્ન હતાં. એક નહિ તેઓ કુલ બત્રીશ-બત્રીશ બંધુઓ હતાં. બત્રીશમાંથી બે-ચાર ભાઈઓ જબ્બરદસ્ત યુધ્ધશક્તિ ધરાવતાં હોત તો એય એમના કુળનું ગૌરવ જ હતું. જ્યારે અહિંતો બે-ચારજ નહિ, પૂરા બત્રીશે બત્રીશ સંતનો ભડવીર પાકયા. એક એકથી ચડીયાતી શક્તિઓના ધોધ નીકળ્યાં. પરસ્પર એકેયને ફાવવા ન દે એવી એક સમાન વીરતાથી ઓપી ઉઠ્યાં... દેવી સુલસા અને સારથિનાગ, બન્નેય પોતાના પુત્રોની આટલી અધ.. ધ... શક્તિઓ નીરખી નીરખીને સદાય મુસ્કાન અનુભવતાં...

આ બત્રીશેય બંધુઓ ભડવીર મહારથી હતાં એ એમની જેટલી વિશિષ્ટ પહેચાન બની હતી એથીય વિશિષ્ટ પહેચાન એમની એક બીજા માટેની સદાયની ભ્રાતૃત્વની ભાવના બની હતી. બત્રીશ બંધુઓ વચ્ચેની અભગ્ન એકતા જગબત્રીશીએ હંમેશાં વખણાતી. આ એકતા એમનું એમની શક્તિઓનેય ટપી જાય એટલું મજબૂત જમાપાસુ હતું. માટે જ એમની સામે હજ્જારોની સેના ખડકાય જાય તોય એ સનો એમને એક ઈંચ જેટલા પાછળ હટાવી શકે તેમ નહતી.

આ બધાજ ભાઈઓ રાજવી શ્રેણિકની રાજસભાના સંમાન્ય રાજપુરૂષો હતા. અભયકુમારના પરમમિત્ર. એમની વફાદારી, સમર્થતા વિગેરેને નજર અંદાજ કર્યા પછીજ અભયકુમારે એમની પર પસંદગીના તિલક કરવાનું નકકી કર્યું હતું.

અભયકુમારે પોતાના બત્રીશે વિશ્વાસુ મિત્રોને રાજવીની અંગત યોજનામાં સહાય કરવાની વિનંતી કરી. જેનો તત્કાળ સ્વીકાર થયો. એમના હૃદયજ પરોપકારની રેણુથી ઘડાયેલાં હતાં ને ? પરોપકાર કરવાનું નાનકડું પણ નિમિત્ત જ્યાં સાંપડે કે એને વધાવી લેવાનું તેઓ ચૂકતા નહિ.

આમ, રાજવી શ્રેણિકની સાથે બત્રીશ સુલસાનંદનોને એમની અંગરક્ષા માટે મોકલવાનું નિશ્ચિત થયું. આથી રાજવી શ્રેણિકનો આત્મવિશ્વાસપણ ખૂબવર્ધી ગયો.

ચોકકસ દિવસ અને ચોકકસ ઘટી-પળ આવી પહોંચી. રાજવી શ્રેણિક વૈશાલીની રાજનંદની કુમારી સુજયેષ્ઠાનું અપહરણ કરી એને પોતાની પ્રાણવલ્લભા બનાવવા ઉત્કંઠિત બની ગયાં.

રાજકન્યાએ શુકન આપ્યાં. રાજવીના કપાળે સૌ પ્રથમ કેશરમિશ્રિત ચંદનનું તિલક કર્યું. એમના કરકમળમાં લીલું નારિયેળ આપ્યું. એમને અખંડ અક્ષતથી વધાવ્યાં. આ જ રીતે સુલસાના બત્રીશેય નંદનોનાં /રાજવીના

અંગરક્ષકના પણ ઓવારણા લેવાયાં.

એ બધાજ વીરપુરૂષો પોત-પોતાના રથપર આરૂઢ બન્યાં. રાજકન્યાએ ચાંદીના ત્રણ કળશોપર લીલા પાનનું આચ્છાદન મૂકી એની પર લીલું નારીયેળ ગોઠવી, એ પોતાના મસ્તક પર ધારણ કરી સહુને ત્રણ પ્રદક્ષિણા આપી. જાણે સફળતાના મીઠાં શકન આપ્યાં.

ત્યાં જ અભયકુમારે સંકેત કરતાં તેત્રીશેય રથોના ચક્રો ગતિશીલ બન્યાં. પ્રત્યેક રથમાં રહેલા સારથિઓએ અશ્વોની લગામ તાણી. ધૂળની ડમરીઓથી નિરભ્ર વ્યોમ ઢંકાઇ ગયું. એ ધૂલિના કણ રખે, પોતાના નેત્રોને પીડા આપે, એમ વિચારી અભયકુમારે અને રાજ કન્યાએ પોતાના નેત્રો ક્ષણભર માટે બંધ કરી દીધા. જ્યારે એ નેત્રો ખૂલ્યાં ત્યારે તો એ તેત્રીશ રથોની ધૂસરીના અવાજ પણ ન સંભળાય એટલાં દૂર એ પહોંચી ગયાં હતા.

નિર્ધારિત ગતિ પ્રમાણે આગેકૂચ કરતી રાજવી શ્રેણિકની વૈશાલીની ગુપ્તયાત્રા પૂર્વ-નિયત સમયે જ વૈશાલીની સમીપના નિબીડવનોમાં આવી પહોંચી. વૈશાલી હજી ખાસ્સું દૂર હતું. ત્યાં જ એક સુરંગનો માર્ગ મુખ્ય સારથિએ શોધ્યો. તમામ રથો એકી સાથે ઉભા રહી ગયાં. ઉડતાં રજકણો શાંત પડયાં.

સુરંગનો માર્ગ સાંકળો હતો. માંડ એક રથ પસાર થઇ શકે એટલી એની પહોળાઇ હતી. આ સુરંગના માર્ગે હવે કોઇનેય ગંધ ન આવે એ રીતે આગળ વધવાનું હતું, એકની પાછળ એક એમ તેત્રીશેય રથોની પંક્તિ સુરંગના સાંકળા મોઢામાં દાખલ થઇ ગઇ. સૌ પહેલાં બત્રીશ સુલસા નંદનોના રથ હતાં. અંતે રાજવી શ્રેણિકનો રથ હતો. તેત્રીશ રથોની આ શ્રેણિ ઝડપભેર આગળ વધવા માંડી.

ઘોર અંધારૂં ત્યાં પથરાયેલું હતું. સુરંગના મોઢામાંથી પ્રવેશતો પ્રકાશ તો એની પછીનાજ વળાંક પર ગુમાવી દેવો પડયો હતો. ન પોતાના તન દેખાય. ન રથ, ન સારથિ ન માર્ગ, ન ભીંત, જાણે તમસ્તમઃ પ્રભાતના અવશેષમાં જ ક્ષણ-બેક્ષણ ભૂલા પડવાનું હોય એટલો ગાઢ અંધકાર.

હા, ત્યાં જ પ્રત્યેક રથના સારથિઓએ રથની આગળ અને પાછળ બબ્બે મસાલ જલાવી. એ મસાલોના પ્રકાશથી અંધકારના બે-પાંચ પટલો ચીરાયા. આગળનો પંથ દેખાયો. પોતાનું અસ્તિત્વ સમજી શકાયું.

ત્યાં તો સુરંગનો અંત ભાગ દેખાવા માંડયો. એ અંત પર વૈશાલીના બૃહત્કાય રાજભવનના જમીનમાં રોપાયેલાં વિરાટ પાયાઓ હતાં. વૈશાલીની રાજનંદની કુમારી સુજ્યેષ્ઠાના ભવનનો જ એ ભૂમિગત ભાગ હતો.

આ તરફ કુમારી સુજ્યેષ્ઠા પણ પોતાના પ્રિયતમને વધાવી લેવા માટે ઉત્કંઠિત હતી. પોતાના સ્વપ્નોના રાજકુમારને નીરખી લેવા માટે આતુર હતી. પોતાના મનના દેવકુમારના ચરણોમાં જીવનની નૈયાનું સુકાન અર્પી દેવા માટે તલસતી હતી.

મુહુર્તના દિવસની એ મીટભરી પ્રતીક્ષા કરી રહી હતી. અભયકુમારે કહેલા દિવસ અને પળ એના મનમાં મંત્રની જેમ ઘુંટાઇ રહ્યા હતા. આટલો ટૂંકો સમય પણ એને હજ્જારો વર્ષનો ભાસતો હતો. નર્કાગારની અકારી વ્યથાશો ભાસતો હતો.

પળે-પળે તે શ્રેણિકરાજની પ્રતીક્ષામાં ગુજરાતી હતી. રાતની રાત પણ એના સપનોમાં વીતાવતી હતી. રાતે અનિંદ્રા અને દિવસે ઉત્કંઠા. જાણે શ્રેણિક રાજના મિલનનો સમય જેમ જેમ નજદીક આવી રહ્યો હતો તેમ તેમ તે વધુને વધુ તરફડવા માંડી.

આજે વૈશાલીનો અંતિમ દિવસ હતો. જે રેતીમાં તન બનાવ્યું એ રેતીને આજે ત્યાગવાની હતી. જે પરિવાર અને સખીવૃંદ સાથે જીવનના છોડની ઉગતી કળીઓને સીંચી, એ બધાની આજે અલવિદા લેવાની હતી.

આ, એનું દર્દ પણ હૈયાને ચૂંટી ખણી રહ્યું હતું. પ્રિયમિલનનો હર્ષ અને સ્વજન ત્યાગનું દર્દ. સુજ્યેષ્ઠાથી રહેવાયું નહિ. એના નિર્મળ અંતકરણે એને કહ્યું, તું ભલે તારા સ્વાર્થ માટે માતાને અને પિતાને, કુળને અને વંશને, સખીઓને અને પૂરી વૈશાલીને બેખબર રાખી શકતી હોય, પણ તારી જે નાની બહેનને તારીપર અતૂટ પ્રીતિ છે, આ સંસારમાં કોઇની પર ન હોય એટલો પ્રેમ છે, જે પ્રેમનો તને

બન્નેએ સહિયારો વિકાસ સાધ્યો છે, શું એ બહેનને, ચેલ્લણાને પણ તું અંધારામાં રાખીશ?

ના, ના, ના, દિવસમાં એક સો વાર જે 'ચેલ્લણા'નું નામ મારી જીભેથી નીકળી જાય છે, એને શેં બેખબર રખાય ? આ તો હળહળતો અન્યાય કહેવાય. એ બિચારી મને પૂછ્યાં વિના પાણી પણ નથી પીતી. મારા પડછાયાની જેમ સાથેને સાથે ફરે છે. એની જાણ બહાર હું સદાય માટે એને તરછોડી દઉં, તો તો મારા જેવી જુલ્મી બીજી કોઈ નહિ ગણાય. આમ, પ્રેમથી પરિપ્લાવિત બની ગઈ સુજ્યેષ્ઠા. પોતાની નાની બહેન પ્રત્યેના અગાધ સ્નેહમાં ડૂબી ગઈ, સુજ્યેષ્ઠા.એણે બહેન ચેલ્લણાને પણ બધીજ વાત કરી.

મહાદાશ્ચર્ય ! પરિણામ સુજ્યેષ્ઠાની ધારણા કરતાં વિપરીત જ આપ્યું. સુજ્યેષ્ઠાને આશંકા હતી કે કદાચ નાની બહેન ચેલણાને પોતાની આવી પાપ ભરેલી યોજના નાપસંદ રહેશે. માટેજ સદાય સંમતિ અને સાહચર્ય નિભાવનારી પણ ચેલણા અહિ અસહમત થશે. કદાચ પિતાજીને જાણ પણ કરી દે...

આ બધી દહેશતો વચ્ચેય સુજ્યેષ્ઠાએ ભગીનીવત્સલ બનીને વાત જણાવી હતી. ત્યાં તો ચેલણાએ પણ સુજ્યેષ્ઠાની સીતાર પણ જ તાર છેડીને એવો જ રાગ આલાપ્યો તે બોલી , સલૂકાઈથી બોલી, ચાલાક થઈને બોલી, અપીલ ભરીને બોલી, બહેન એમાં આટલી કંપે છે કેમ ? ભયભીત કેમ બની રહી છે ? રાજવી શ્રેણિક જેવા પ્રિયતમની ઓથ મળતી હોય, તો એમાં તો જીવતરની સાર્થકતા છે. નિઃશક સાર્થકતા છે. બહેન, હું પણ તારી સાથે આવીશ. આજ સુધી તારી બહેનનો જ ઈલ્કાબ મારી પાસે હતો, આજ પછીથી તારી શોક્ય પણ બનીશ.

તારો પતિ એ મારો પણ પરમેશ્વર.

ચેલણાના વચને સાંભળીને સુજ્યેષ્ઠાતો નાચી ઉઠી. પતિગૃહે પણ પ્રાણપ્યારી બહેનનો સંગ મળશે, એ એની કલ્પના બહારનાં સુખની વાત હતી.

બન્નેય બહેનો તૈયાર થઈ ગઈ. રાજ ભવનમાં રાજ ભવનની ભીંતને પણ ગંધ ન આવે એટલી હદે તેઓ ગુપ્ત રહી. એમની વાતોને પણ ગુપ્ત રાખી. યોજન ને પણ અને એ માટેની તેયારીને પણ.

સ્નાન કર્યું. નવા સાવતાજ્ન્ન મહામૂલા વસ્ત્રોથી તે બેય સજ્જ બની. દેહપર કિંમતી અલંકારો ચઢાવ્યાં. આરતીની થાળીમાં પાંચ દીવેટ લઈને પોતાના પ્રિયતમનું સ્વાગત કરવા ભૂગર્ભના દ્વાર પર તે ઉભી રહી ગઈ.

ત્યાંજ રાજવી શ્રેણીકના અગ્રદૂતે આવીને બન્નેય કુમારિકાને સમાચાર આપ્યાં. રાજવી શ્રેણિક પધારી ગયાં છે. ત્વરા કરો. ક્ષણનોય વિલંબ થઈ શકે તેમ નથી.

બન્નેય બેનોએ આરતિના દીપક પ્રગટાવ્યાં. અગ્રદૂત સાથે શ્રેણિકરાજના રથ સુધી પહોચી. હૈયામાં હર્ષની અવધિ ન હતી. ઉરમાં ઉર્મિનું મહેરામણ હતું. અંગ પર વેશભૂષાના ભંડાર હતાં. મુખપર રૂપનો વરસાદ હતો.

રાજવી શ્રેણિકતો આ બે બહેનોને જોઈને આશ્ચર્ય વિમૂઢ બની ગયાં. થયું, શું આ વૈશાલીની રાજનંદની હોઈ શકે? કે સ્વર્ગની અપ્સરા? એમાંય બન્નેય ચહેરાની તસવીરોમાં એટલું બધુ સામ્ય હતું કે આમાં સુજ્યેષ્ઠા કોણ?ઓળખી ન શક્યાં સાથે કોણ છે? એ પુછી પણ ન શક્યાં. એ બધી ચર્ચાનો સમયજ ક્યાં હતો. રાજવીએ તો ટુંકા શબ્દોમાં સુજ્યેષ્ઠાનું સ્વાગત કર્યું !

સુજ્યેષ્ઠા અને ચેલ્લણા ગદ્ગદિત થઈ ગઈ. બન્નેયને રાજવીએ પોતાની નજીક બોલાવી, તેઓ પણ રાજવીની જમણી-ડાબી બાજુ ગોઠવાઈ ગઈ.

વિધિનું ન ખબર શું વિચિત્ર વિધાન હશે. ત્યારેજ સુજ્યેષ્ઠાને સાભર્યું, મારો રત્નોથી ભરીને તૈયાર રાખેલો કરંડીયો તો ઉતાવળમાં ને ઉતાવળમાં હું ભૂલી જ ગઈ. હજી પાછી જઈને એ લઈ આવું.

એ રથપરથી નીચે ઉતરી. એ પહેલાં બોલી , સ્વામી, હું રત્ન કંરડક લઈને જલ્દીથી પાછી આવું છું. ત્યાં સુધી મારી રાહ જોજો. શ્રેણિકે પણ સંમતિ સૂચક મસ્તક હલાવ્યું. તે દોડતી ગઈ. રત્ન કંરડક લઈને પાછી આવવા કૃતનિશ્ચય હતી

(ક્રમશઃ)

# અહિંસાની અજબ ગજબની અસર

સં. : પૂ. પં. શ્રી વજ્રસેન વિજયજી ગણિવર

અહિંસાની ઉપાસના જ્યારે પોતાની ઊંચી-કક્ષાએ પહોંચે છે, ત્યારે એની આગળ મોટી-માત્રાને ઓળંગી જનારી હિંસાની વાસનાને પણ શાંત બની જવું પડતું હોય છે. પર્વતમાં દવ ગમે તેટલા ભડભડી ચૂક્યો હોય , પણ એનો ધખારો ત્યાં સુધી જ ટકી શકે છે કે, જ્યાં સુધી અષાઢની ઘનઘોરી વાદળી એની પર વરસી જતી નથી ! એમ હિંસક વાસનાનો અગ્નિ, જ્યાં અહિંસાની ઉપાસનાના ક્ષેત્રમાં આવી ચડે છે, ત્યાં જ હિંસાની તેમજ વેરની એની વાસના શાંત થઈ જાય છે અને ત્યાં વાત્સલ્ય જન્મ ધારણ કરે છે. માટે જ તો કહેવાય છે કે, અહિંસાયાં પ્રતિષ્ઠાયાં તત્સન્નિધૌ વૈરસન્નિત્યાગ : અહિંસાની જ્યારે પૂર્ણપ્રતિષ્ઠા થાય છે, ત્યારે એની અસરમાં આવેલા વૈરી-હિંસક પ્રણીઓ પોતાના વેરને વીસરી જઈને વાત્સલ્ય વરસાવવા માંડે છે !

જૂનાગઢનો એક નવાબ. શિકારનો એ ભારે શોખીન. એણે અહિંસાનો આવો મહિમા સાંભળ્યો તો અનેકવાર હતો, પણ એ મહિમાને સગી-આંખે નિહાળવાની ધન્ય ઘડી એના જીવનમાં એકવાર આવી નહોતી. જૂનાગઢની નજીકમાં જ ગીરના જંગલો આવેલા હતા, એ જંગલોમાં હિંસક પશુઓની પાછી ભરચક વસ્તી હતી, એથી પોતાના શોખને પૂરો કરવા માટે નવાબને મુક્ત મેદાન મળી જતું અને નવાબનો શોખ અનેક પ્રાણીઓ માટે કબર સાબિત થયો.

એકવાર જૂનાગઢનો આ નવાબ ગીરના જંગલોમાં પોતાના નાનકડા રસાલા સાથે જઈ ચડ્યો. એના કદમ એને રોજ કરતા સાવ જ અપરિચિત-અજાણી દિશામાં ખેંચી ગયા. સઘન વનરાજથી લચી પડેલો અને પગલે-પગલે પાણીથી ભરેલો એ પ્રદેશ જોતા જોતા જ નવાબને થયું કે, આજે જરૂર પોતાનો શિકાર-શોખ સારા પ્રમાણમાં પૂરો થશે !

થોડીક ગીચ-ઝાડી વટાવીને ગીરની ગેબી કંદરાઓ તરફ નવાબ આગળ વધ્યા, ત્યાં જ નજર નૃત્ય કરી ઉઠે, એવું એક દશ્ય એને જોવા મળ્યું : થોડે દૂર એક સિંહ સૂતો હતો ! નવાબને થયું કે, આ શિકારને તો હું અબઘડી જ વીંધી શકીશ. એ ઉતાવળે પગલે આગળ વધ્યો. પણ સિંહની નજીક જતા જે દશ્ય દેખાયું, એથી એના આશ્ચર્યનો પાર ન રહ્યો : સિંહ માંદા માણસની જેમ સૂતો હતો. એના શરીરમાં પડેલા જખમને કાગડાઓ ફોલી ખાવા મથતા હતા, એથી સાધુ-બાવા જેવી જણાતી એક વ્યક્તિ એ કાગડાઓને ઉડાડીને સિંહની સાર-સંભાળ લઈ રહી હતી. સિંહની સામેય આવી નિર્ભયતા સાથે સાધુનું બેસવું અને માણસ જેવા માણસની સામે સિંહની આવી સદય-દશા ! આ બંને પર અહોભાવ અને આશ્ચર્ય અનુભવતો નવાબનો રસાલો જ્યાં સાધુની નજીક આવ્યો, ત્યાં જ સિંહની આંખ ખુલી ગઈ. પોતાની સામે બંદૂકધારીઓના ટોળાને જોઈને સિંહ જરા ગભરાઈ ગયો અને નાસવાની તક ગોતવા લાગ્યો.

સિંહની આંખમાં ભયના ભણકારા કળી જઈને સાધુએ એની પીઠ પંપાળતા એને એવા ભાવનો સંદેશો સુણાવ્યો કે, સિંહ ! મારા જેવો રક્ષક બેઠો હોય, પછી આવા ખતરનાક ટોળાથીય તારે ડરવાની શી જરૂર છે ! મારા જાનના જોખમેય હું તારી રક્ષા કરીશ. માટે સિંહ બેટા ! સૂઈ જા, ડરવાની જરાય જરૂર નથી.

નવાબની આંખમાં તો અપાર આશ્ચર્ય હતું. એણે સાધુને પૂછ્યું : તમને આવા હિંસક અને ખતરનાક પ્રાણીની સામે બેસતા ડર નથી લાગતો ? આ સિંહ વિફરે, તો તમારું રક્ષક આ જંગલમાં કોણ ?

સાધુએ નીડરતા/નિર્ભયતાનો આશરો લઈને જવાબ આપતા કહ્યું કે, આવા પ્રાણીને હિંસક અને ખતરનાક ગણતો માણસ જ મને તો વધુ હિંસક અને ખતરનાક લાગે છે. હું જાણું છું કે, તમે જૂનાગઢના નવાબ છો અને શિકારના તમે શોખીન છો. હું તમારા રાજમાંય રહ્યો છું અને અને અહીંપણ રહ્યો છું પણ જેવી નિર્ભયતાનો અનુભવ મને આ જંગલો કરાવે છે, એવી અનુભૂતિ મને તો શહેરોમાં ધોળે દહાડેય થઈ નથી.

નવાબે જરા વધુ આશ્ચર્યનો ભાવ વ્યક્ત કરતા પૂછ્યું : શું આ વાઘ-સિંહ કરતાંય માણસ વધુ ખતરનાક ! મગજમાં આ વાત કોઈ રીતેય ઉતરે એવી છે ખરી ?

'કેમ ન ઉતરે ? મારી પાસે દાખલા છે, દલીલ છે અને અનુભૂતિનું બળ છે !' આમ કહીને સાધુ-બાવાએ પોતાની વાતની સાબતીમાં જણાવ્યું :

''પશુઓ કરતા માણસ એટલા માટે જ ખતરનાક છે કે આ પશુઓ ભૂખનું દુઃખ શમાવવા જ હિંસા કરે છે, એ હિંસા

પણ સામાની હદમાં ઘુસણખોરી કરીને નહિ, પણ પોતની હદમાં રહીને જ કરે છે. જ્યારે માણસની ખતરનાકતાને કોઇ હદ જ નથી. પેટ ભરવા નહિ, પણ શોખ આતર એ હિંસક બને છે અને શહેરની પોતાની હદ છોડીને આવા જંગલોમાં ઘુસણખોરી કરતા અને શરમ પણ નથી આવતી ?''

નવાબે આશ્ચર્ય વ્યકત કરતા પૂછ્યું કે, આ કઇ રીતે ઘટી શકે ?



નવાબને એની પ્રવૃતિનું જ દષ્ટાંત જવાબ તરીકે આપતાં સાધુએ કહ્યું કે, નવાબ ! આતો સાવ સીધી અને સાદી વાત છે. બોલો, તમે જે શિકાર ખેલો છો, એ પેટ માટે ખેલો છો ? એમાં શોખ પૂરો કરીને અભિમાન લેવાનો આશય જ નથી, એમ તેમ કહી શકશો ખરા ? આ વાઘ-સિંહ કદી પોતાની હદ છોડીને તમારા શહેરમાં આવ્યા હોય અને હિંસા કરી ગયા હોય, એવું બન્યું છે ખરું ? અને તમે તમારી હદ છોડીને આ પશુઓના રાજ્યની હદમાં આવ્યા વિના એકે શિકાર ખેલી શકયા હો, એવુંય બન્યું છે ખરું ? માટે જ મારું પૂછવું વાજબી છે કે, કોણ વધુ હિંસક ? અને કોણ વધુ ખતરનાક ? આ વાઘ-સિંહ કે પ્રજાનું રક્ષણ કરવા નીમાયેલો રાજા જેવો માણસ ?

નવાબ અને એનો રસાલો સાધુનો સણસણતો આ સવાલ સાંભળીને વિચારમાં ગરકાવ બની ગયો. સૂતેલા માંદા સિંહને સાધુ સિવાયની નવાબની આ હાજરી જાણે અસહ્ય લાગી, એથી બીમારીમાં પણ એનાથી એક ત્રાડ નંખાઇ ગઇ. એ ત્રાડ સાંભળીને નવાબના તો હાંજા જ ગગડી ગયા. એટલામાં તો વળતી જ પળે આ ત્રાડના જવાબ રૂપે બીજી એક ત્રાડ સામેની કોઇ ગુફામાંથી સંભળાઇ. નવાબને થયું કે, આટલામાં જ બીજો પણ કોઇ સિંહ હોવો જોઇએ અને એણે પોતાના આગમનને સૂચવતી આ ત્રાડ નાંખી હોવી જોઇએ. આ અનુમાનને પચાવવા પણ નવાબની જીવવિષા શકિતશાળી નહોતી. આ સંભાવનાએ નવાબ અને એના રસાલા પાસે ઊભી પૂછડીએ દોડ મૂકાવી. નજીકના એક ઘેઘૂર વડલા પર ચડી જઇ સૌએ શાંતિનો દમ ખેંચ્યો, વડલા પરથી નવાબે સાધુના સ્થાન તરફ નજર દોડાવી, તો એક સિંહણ પોતાના બચ્ચા સાથે આવતી જણાઇ ! નવાબ જો કે નિર્ભયસ્થાને સુરક્ષિત હતો, છતાં ભયનું એક કંપન એની કાયાને ધ્રુજાવી ગયું. નવાબ વિચારી રહ્યો કે, ચોક્કસ આ સાધુના સોએ સો વરસ આજે પુરા થઇ જવાના !

નવાબથી પોતાની આંખો મીંચાઇ ગઇ. થોડી પળો બાદ નવાબે બળાત્કારે આંખ ખોલી, તો કોઇ જુદું જ દશ્ય નજરે ચડ્યું : સાધુ મસ્તીથી ટગડા ઉડાડી રહ્યો હતો. આવેલી સિંહણ જખમી સિંહના જખમને પોતાની જીભ દ્વારા ખંજવાળીને એની સેવા કરી રહી હતી અને જાણે માંદાની મૈત્રીભરી માવજતથી વાતાવરણમાં ગંભીરતા છવાયેલી જણાતી હતી.

મા-દીકરા વચ્ચેના વાત્સલ્યને જોવાનો અવસર નવાબને ઘણીવાર સાંપડ્યો હતો, પિતા-પુત્ર વચ્ચેનો પ્રેમ નવાબે કઇ વાર જાણ્યો/માણ્યો હતો. પણ આખું દુનિયા જેને હિંસક કહીને વગોવતી હતી, એ સિંહોની સૃષ્ટિ વચ્ચેની લાગણી જોવાનો આ અવસર નવાબ માટે આજે પહેલ વહેલો જ ઉપસ્થિત થયો હતો. એથી પશુ-દુનિયાની એ પ્રેમ-લાગણીનું મનભર દર્શન નવાબને એમનો રસાલો લાંબા સમય સુધી કરી રહ્યો.

થોડીવાર થઇ અને સાધુએ એક એવો કોઇ સંકેત કર્યો કે, જેનો ભાવ પામીને સિંહણ પોતાના બચ્ચા સાથે પુનઃવિદાય થઇ ગઇ. નવાબ હવે નીચે ઉતર્યો. સાધુના બેસણાંની દિશા તરફ થોડાં કદમ જઇને સાધુ સાંભળી શકે, એ રીતે એણે કહ્યું કે અહિંસાનો આવો પ્રભાવ આજે પહેલ-વહેલો જ જોવા મળ્યો ! કોણ વધુ હિંસક ? માનવ કે પશુ ? આ આપના સણસણતા સવાલે મારા કુણા કાળજામાં એવો ઘા કર્યો કે, જેથી આપની સમક્ષ શિકારના શોખને તિલાંજલિ આપવા હું પ્રતિજ્ઞાબધ્ધ બનું છું. અહીં તો આપ તાજ વિનાનું અને પ્રજા વિનાનું એવું રાજ્ય ભોગવો છો કે, સિંહ પણ આપની સેવા ઉઠાવે છે. પરંતુ કદાચ ક્યારેક જૂનાગઢ આવો, તો જરૂર મારા રાજમહેલમાં પધારજો. આપને મારું આ આગ્રહભર્યું આમંત્રણ છે !

સાધુના દુરથી આશીર્વાદ લઇને નવાબ જૂનાગઢના રસ્તે પાછો વળ્યો. પણ આજની અઘટિત ઘટનાએ એને વિચાર કરતો કરી મૂક્યો હતો કે, વધુ હિંસક કોણ ? જંગલમાં વસતા વાઘ-સિંહ ? કે ગામનગરોમાં વસતા આપણાં જેવા માણસો ?...

# પ.પૂ. આચાર્યદેવેશ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના ચરણોમાં અશ્રુમિશ્રિત અંજલિ અર્પતી

## સ્તુતિ વર્ષા

- પૂ. મુનિરાજ હિતવર્ધનવિજયજી મહારા

બહુમતિનું બ્રહ્માસ્ત્ર ધરીને શાસ્ત્રાજ્ઞાને જેહ હણે
સંમેલનના એ તત્ત્વોને તું તો સિંહ બની રગડે
તારા નામે ગામ ફરે પણ ના તારો પૈગામ ફરે
રામચંદ્ર સૂરિવરને સ્મરતાં આંખેથી આંસુઓ ઝરે ... ૬૪

ભવ્યજનોના આંતર મનને તૃપ્ત કરો છો ચંદ્ર બની
મિથ્યાત્વીના મિથ્યામતને આપ મથો છો સૂર્ય બની
જિન આગમના નિષ્કર્ષોને શોધી રહ્યા છો આપ સદા
રામચંદ્ર સૂરિવરના ચરણે વંદન કરજો તમે સદા ... ૬૫

સુવિહિત મુનિની શાખા જયારે છિન્ન ભિન્ન બનેલી હતી
વેશ વિડંબક મુનિ ગણ કેરી જયારે જય આણા વરતી
સત્યપુરૂષ થઈ તે કાળે તે શાસન હીલના દૂર કરી
રામચંદ્ર સૂરિવરને જગમાં યુગપુરૂષની પદવી મળી ... ૬૬

શિષ્યો દીધા તે શાસન ચરણે શક્તિ દીધી શાસન ચરણે
નિજ સૌભાગ્ય સમર્પણ કીધું પૂર્ણપણે શાસન ચરણે
સર્વસનું બલિદાન દીધું તે પ્રેમે શાસનના ચરણે
રામચંદ્ર સૂરિરાજ ઝુકે છે શીસ અમારું તુમ ચરણે ... ૬૭

સંઘર્ષો પણ: સમતા કાજે શકિત હતી શાસન કાજે
પુન્ય હતું ુ,જ સહુથી અધિકું પરઉપકાર કરણ કાજે
સિદ્ધાંતોના દીપ જલ્યાં તા સૂરિરામ તુજ સામ્રાજયે
જલી રહી છે અનુતાપાગ્નિ ગુરુજી તુજ વિરહે આજે ... ૬૮

પાપીના ઘાતકને હરતી પત્થરને કરતી પાણી
યોગ અને અધ્યાત્મ ભરેલી સૂરિવરની એવી વાણી
એ વાણીને સુણતાં થાતી સમવસરણની ભ્રાંતિ અહિં
રામચંદ્ર સૂ઼િવરના વિરહે આંખો અમારી રડી રહી ... ૬૯

તન અર્પું છું મન અર્પું છું ધન અર્પું સઘળું અર્પું
શ્વાસ સમર્પું શોણિત અર્પું કાયા તુજ ચરણે અર્પું
જીવનનું અસ્તિત્વ સમર્પું તો યે તુજ ઉપકાર થકી
છૂટી શકું ના સૂરિજી એવા કીધા તે ઉપકાર અતિ ... ૭૦

ચમકી રહ્યો છે પૂર્ણ ચંદ્રમા અહનિશ જેના ભાલ તલે
જિનશાસનના મુકુટ મણિ છો પ્રાપ્ત થયા છો પુન્ય બળે
જાસ લલાટે અદિતિ ઉષાઓ અવતરતી આવી-આવી
રામચંદ્ર સૂરિ તારો અમને જિનવાણી જલ વરસાવી ... ૭

બુદ્ધિની પ્રત્યેક ઋચાઓ મગ્ન બની છે મોક્ષ મહિ
કલિયુગમાં અરિહંત સમું છે પુન્ય અનુપમ જેનું અહિ
પ્રવચનના તાણે ને વાણે આગમસૂત્રો નિવસ્યાં છે
રામચંદ્ર સૂરિવરને જોવા દિલ અમારા તરસ્યા છે ... ૭

પામ્યા શહાદત સાચને કાજે કેમેય નહિં તેવી સરાઈ
શ્રી ગુરુવરના મંગલનામે વિઘ્નોના દળ વીખરાઈ
ગીતો ગાઈ ધન્ય બન્યો છું ઇષ્ટ બન્યાં આજે સહેલ
રામચંદ્ર સૂરિ મોક્ષ નગરમાં અમને લઈ જાજો વહેલા ... ૭

બ્રહ્મચર્યનું તેજ અનુપમ નેત્રોમાં નિશદિન ચમકે
સત્ત્વ અને કૌવત વાણીમાં વાકયે-વાકય મહિં છલકે
ભાગ્યસિતારા સમ શોભો છો ભકતજનોના વર્તુળમાં
રામચંદ્ર સૂરિવરજી પધારો પ્રેમધરી ભૂમિતલમાં ... ૭

ઘૂંટડે ઘૂંટડે પાન કીધા છે આફતના જીવનભર
ધીર અને ગંભીર બનીને વિષ ઘુંટયું જીવનભર
તેમ છતાંયે મધથી મીઠા મેઘ બનીને જે વરસ્યાં
રામચંદ્ર સૂરિવર આ જગમાં હીર બની ખૂબ જ ચળકયાં ...૭

મહાભાગી છો, સોભાગી છો, સ્થંભસમા જિનશાસનમાં
ખળ ખળ વહેતાં જલકણ છો ગુરુ ભારત ભૂમિના મરુથલમાં
કલિયુગના અંધારે પ્રગટયાં પારસમણિ સમ આપ અહ
રામચંદ્ર સૂરિવરના વાક્યો રગ-રગમાં મુજ નિત્ય વહો ...૭

ઉત્સૂત્રોનું ખંડન કરતાં મેઘસમા મહાનાદ વ
સંયમનું પરિપાલન કરતાં ત્યાગ અને વૈરાગ્ય વ
સલ્તનતોની સંપત્તિઓ ચાહે છે જેહનું શરણું
રામચંદ્ર સૂરિવરના વચનો મસ્ત સમાધિનું ઝરણું ... ૭

વિલસી રહી છે જસ જિહવા પર રુમઝૂમતી વાણી દેવી
આનંદે છે નીસ ચરણમાં નવેનિધિઓ આહ! કેવી
સ્વર્ણસમું ઐશ્વર્ય ઝળકતું પ્રવચનની પાવન પાટે
રામચંદ્ર સૂરિવરને વંદી જાશું મંગલમય વાટે ... ૭૮

સ્વર્ગભુવનમાં નાચી રહી છે કિન્નરીઓ જેના નામે
દર્શન પામી દેવલોકના દેવો પણ આનંદ પામે
દિવ્ય તત્ત્વની પુન્યસંનિધિ પ્રગટી છે ડગલે પગલે
રામચંદ્ર સૂરિવરના ચરણે મસ્તક સહુના શીઘ્ર વળે ... ૭૯

વિલસે લક્ષ્મી ચરણ કમલમાં કરકમલે સૂત્રો શાસ્રો
હૃદયકમલમાં જિન આજ્ઞાને મુખ પર ચમકે રવિ રાતો
નાદ હતો સિંહનાદ સમો તું કલિયુગમાં છે કલ્પતરૂ
રામચંદ્ર સૂરિવરના વાકયો શ્વાસે શ્વાસે હું સમરૂં ... ૮૦

સંયમની ક્રાંતિ સર્જીને નવયુગના નિર્માણ કીધા
જનમાનસને મોક્ષ માર્ગના ખ્યાલો સાચા તે દીધા
વિલપે છે શિષ્યોને ભકતો સાદસુણો પોકાર સુણો
રામચંદ્ર સૂરિ કરૂં પ્રાર્થના આપે કર્યો ઉપકાર ઘણો ... ૮૧

જન-મનના અંતરને વાણી છટા મોહક જેની
દંતકથા જેવી બનનારી પુન્યરાશિ પ્રગટી જેની
તત્ત્વાતત્ત્વ વિવેચન કરતી મતિમાર્ગસ્થ મળી જેને
રામચંદ્ર સૂરિવરના વચનો તારે છે પાપીજનને ... ૮૨

વા-વંટોળ થકી ના ધ્રૂજે મેરૂસમું માનસ જેનું
ક્રોધ અને વિરોધ નિહાળી ચલિત બને કદી ના એવું
જનસંજ્ઞાના ઘોડાપૂરમાં કદીય નહિં જે ફસડાયા
સૂરિરામના વ્યાખ્યાનોની લાગી છે મોંઘી માયા ... ૮૩

રગ-રગમાં સંયમ શુદ્ધિની એવી નિરૂપમ ધૂન મચી
એ શુદ્ધિની લક્ષ્મણરેખા ગચ્છમહિં તે તો વિરચી
સંયમના પ્રશ્ને જે ગચ્છનો જગમાં નહિ વિકલ્પ મળે
રામચંદ્ર સૂરિવરના વિરહે દિલ અમારા આજ બળે ... ૮૪

ત્રણસોથી ઝાઝેરા મુનિઓ સેવા કરે દોડી દોડી
ધનપતિઓ ગ્રહતાં દીક્ષાને માયાને મમતા તોડી
સૂરિશ્રેષ્ઠોની શ્રેણિમાં જે શોભી રહ્યા શકેન્દ્રસમા
રામચંદ્ર સૂરિને સંભારૂં શ્વાસે શ્વાસે પળ પળમાં ... ૮૫

ભક્તજનોના હૃદયાંગણમાં સાગર બની જેઓ ઉમટયાં
જિનશાસનના ગગનાંગણમાં સૂર્ય બની જેઓ ઝમકયાં
શ્રી સુધર્મપ્રભુની પાટે મેઘ બની જેઓ વરસ્યા
રામચંદ્ર સૂરિવરની દર્શન કાજે દિલડાં છે તરસ્યા ... ૮૬

શુદ્ધ દેશના માટે જેણે જીવનભર લડતો આપી
મોક્ષ માર્ગના નિર્મળ તત્ત્વો લોપે તે ભીષણ પાપી
પાપદેશનાના દૂષણને જવામર્દીથી રે ખાળ્યું
રામચંદ્ર સૂરિવરના ચરણે જીવતરને મેં ઓગાળ્યું ... ૮૭

સમકીતના ઘંટારવ રણકે જેના શબ્દે શબ્દ મહિં
જીવનભર જિનવરની આજ્ઞા મસ્તક ઉપર જેણે વહી
એ સમકિતના મંત્ર ફુંકયા તે શત શત ભવ્યોના દિલમાં
રામચંદ્ર સૂરિવરના વાકયો દિપક જેવા કલિયુગમાં ... ૮૮

જિનશાસનના સિદ્ધાંતો છે કાળાતીત ને ક્ષેત્રાતીત
સિદ્ધાંતોના રક્ષણ માટે જીવતર જેનું થયું વ્યતીત
જાદુગર થઈ જિનવાણીના જગભરમાં મશહૂર બન્યો
રામચંદ્ર સૂરિવરના ચરણે લાખ્ખો ને ક્રોડો વંદના ... ૮૯

કોમળતા જેના હૈયામાં કમળપત્ર સમી શોભે
એનું અમને પાન કરાવો આવ્યાં છીએ ગુરુજી લોભે
સંકટમાં કે સામૈયામાં જેની એક સમાન મતિ
રામચંદ્ર સૂરિવરના ચરણે વંદન કરીએ આજે અતિ ... ૯૦

કુમતતણો કોલાહલ જયારે શિરોદર્દ બની ને વ્યાપ્યો
એ વ્યાધિનું ઔષધ લઈને ત્યારે ગુરુવર તું પાકયો
જેના મનમાં સંકટમાં પણ દહેશતનો શતાંશ નહિં
રામચંદ્ર સૂરિ મોક્ષે જાશું તારા ચરણકમળને ગ્રહી ... ૯૧

એંશી વર્ષ સુધી જિનવાણી એવી અનુપમ જેની વહી
ચંદન જેવી સુરભિ દમકે જેના અંશે અંશ મહિ
શિષ્ય સંઘના સાર્થપતિ છો, મુનિપતિ ભારત ભાગ્યનિધિ
રામચંદ્ર સૂરિવરના ચરણે વંદન કરીએ ત્રિકરણથી ... ૯૨

કોહીનૂર સમા કલિયુગમાં ભારતમાં ભૂષણ જેવા
જવાહીર છો ત્રણે જગતના કયાંય મળે નહિ ગુરુ એવા
તપાગચ્છમાં તાજ સમા છો ભકતોના ભગવંત મહાન્
રામચંદ્ર સૂરિવરના ચરણે દીધી છે ભકતોએ જાન ... ૯૩

ભવકાનનમાં એક જ છો પ્રભુ વિઘ્નકોટીના અપહર્તા
જિનશાસનની ભાગ્યદશાના આપ હતાં જિર્ણોદ્ધર્તા
મરૂધર જેવા કલિયુગમાં પણ આપ હતાં સહકારતરૂ
રામચંદ્ર સૂરિશ્વરના ચરણે જીવનનું સર્વસ્વ ધરૂં ... ૯૪

અંગે અંગે જિન શાસનની ઝળહળતી દાઝો પ્રગટી
તારા નામે પ્રત્યનીકોની શકિતઓ સઘળી વિઘટી
દીક્ષાના દાનેશ્વરી છો પ્રભુ શાસનના જયોતિર્ધારી
રામચંદ્ર સૂરિવરના ચરણે અંજલિ ભાવભીની મારી ... ૯૫

માર્ગ ભૂલ્યાં ને પથ દર્શાવે એવી શાસ્ત્રાનુકુળ મતિ
શત-શત મુનિગણ સાધ્વીગણના આપ હતાં ગચ્છાધિપતિ
રતિ-અરતિથી રહિત હતાં પણ એક હતી મોક્ષે જ રતિ
રામચંદ્ર સૂરિવરના ચરણે વંદન કરીએ આજ અતિ ... ૯૬

મુકતાફળને સ્વર્ણરૂપ્યના સ્વસ્તિકથી ભકતો પૂજે
તારા નામે સૂત્ર-વિલોપક દેશકના ગાત્રો ધ્રૂજે
શુધ્ધ દેશના નિરૂપી છે તે જીવનના પર્યંત સુધી
રામચંદ્ર સૂરીશ્વરના ચરણે અર્પી મે સામગ્રી બધી ... ૯૭

શરદ પૂનમની ચાંદની જેવી કરૂણા છલકે નયનોમાં
ટમટમતાં શુક્રગ્રહ જેવી જયોતિ ચમકે વચનોમાં
ભાલ તલે તુજ ઝમકી રહ્યા છે પૂર્ણબ્રહ્મના અજવાળા
રામચંદ્ર સૂરિવરના વચનોની નિશદિન જપજો માળા ... ૯૮

પ્રભુ વીરની પચ્ચીસસોમી આવીતી નિર્વાણતિથિ
માન ભૂખ્યા કંઈ સંઘજનોએ શાસ્ત્રોને નેવે મૂકી
રાષ્ટ્ર સ્તર ૫૨ મહામહોત્સવ કરવાની તૈયારી કરી
માર્ગ ભૂલેલા તે વૃન્દોને ત્યારે તે મીણબત્તી ધરી ... ૯૯

એ મહોત્સવમાં જિન શાસનને સામાજિક સંસ્પર્શ મળ્યો
જિનશાસનના અંગોને જાળવવા ત્યારે તું તો લડયો
ચલચિત્રોની તિમ નાટકની પાપયોજનાઓ અટકી
રામચંદ્ર સૂરિવરના નામે મિથ્યામતિ સઘળી અટકી ... ૧૦૦

જેના ચરણ કમળમાં સાચે લક્ષ્મીજી હંમેશ રમે
જેના વચને વચને સાચે સિધ્ધિનું વર્તુળ ઘૂમે
સકળ જગતના સકળજન્તુના નિષ્કારણ છો ઉપકારી
રામચંદ્ર સૂરિશ્વરની વાણી લાગે છે તારણહારી ... ૧૦૧

ભવકાનનમાં કલ્પતરૂ છો માર્ગ ભૂલ્યાંના છો ભેરૂ
જીવન જેનું બની ગયું છે સાવ અનોખું અલબેલું
તારા નામે વિઘ્નો વિઘટે પ્રગટે વાંછિતના સુરફળ
રામચંદ્ર સૂરિવરના ચરણે વંદન- નમન કરો હરપળ ... ૧૦૨

શિષ્યજનોને શિક્ષા આપો ભકતોને દીક્ષા આપો
સૂરિજી અમારા જનમજનમના સઘળાયે પાતક કાપો
સંઘ સ્થવિર છો ઝંખે આજે સકળ સંઘ તુજ પથદર્શન
રામચંદ્ર સૂરિવરના ચરણે લાખ લાખ કરીએ વંદન ... ૧૦૩

વીતરાગીના વાકયાંશોમાં તારો બસ! અનુરાગ હતો
તારા વાકયાંશોને આજે હું અનુરાગી બની નમતો
રાગ હણું અનુરાગ ધરીને ગુરુજી માંગુ છું એવું
રામચંદ્ર સૂરિવરના ચરણો અહનિશ હું વંદુ-સેવું ... ૧૦૪

શાસ્ત્રમતિના સ્વામી છો પ્રભુ આપો અમને શાસ્ત્રમતિ
ગચ્છપતિ છો આપો અમને સંયમની પાવનપ્રીતિ
પુન્યપુરૂષ છો આપો અમને શાસનરક્ષાની શક્તિ
રામચંદ્ર સૂરિ આપો અમને પાવનચરણોની ભકિત ... ૧૦૫

સિધ્ધિનું શાશ્વતફળ અર્પો અમને કૃપાળુ ગુરુમાતા
શુધ્ધિનું પાવકબળ અર્પો અમને ઓ દીક્ષાદાતા
તારા નામે ભવ્યજનોના વાંછિત સહુ સાકાર થતાં
રામચંદ્ર સૂરિ કૃપા કરીને દેજો અમને સુખશાતા ... ૧૦૬

પ્રાર્થું જયારે પ્રશ્નનિવારણ ત્યારે જ્ઞાન બની આવો
પ્રાર્થું જયારે વાંછિત ત્યારે શુભવરદાન બની આવો
પ્રાર્થું જયારે સાચો મારગ ત્યારે સત્ત્વ બની આવો
રામચંદ્ર સૂરિ કૃપા કરીને વંદન મારા અવધારો ... ૧૦૭

પ્રાર્થું જયારે સંયમરક્ષા ત્યારે સત્ત્વ બની આવો
પ્રાર્થું જયારે શાસન રક્ષા ત્યારે ભાગ્ય બની આવો
પ્રાર્થું જયારે આતમરક્ષા ત્યારે હિતશિક્ષા આપો
રામચંદ્રસૂરિ જનમ-જનમના મારા પાત્તકને કાપો ... ૧૦૮

# આર્ષ વાણી

સંકલન : - પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિજયજી મહારાજ

(શાસ્ત્રીય સત્ય - સિદ્ધાંતોનો વિજય વાવટો જગતમાં અણનમ લહેરાવતો રાખનાર, સિદ્ધાંતવાગીશ, સન્માર્ગ સંરક્ષક, ઉન્માર્ગ ઉન્મૂલક, પરમતારક પરમગુરૂદેવેશ સ્વ. પં. પૂ. આ. **શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ**, સં. ૨૦૩૦-૨૦૩૧ માં મુંબઇની ચાતુર્માસાદિ સ્થિરતા દરમ્યાન, 'યોગ દષ્ટિ સમુચ્ચય', 'મહાવીર ચરિયં' ને આધારે જે માનનીય પ્રેરક પ્રવચનો આપેલ, તે અપ્રગટ પ્રવચનાંશો આજે પણ તેટલા જ જરૂરી અને સમુદાય- સંઘ - શાસનને અમૂલ્ય માર્ગદર્શન આપનારા છે. તેનું સંકલન, સ્વ. પૂ. સૂરિપૂરંદરશ્રીજીની બારમી સ્વર્ગતિથિએ પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ.

મારા - તારા, પારકા-પોતાન, પક્ષા-પક્ષી, વ્યુદ્ગ્રાહિત બુદ્ધિથી પર બની, શાંતચિત્તે વાંચી સૌ વાચકો સન્માર્ગના ખપી બની, વડીલોના સાચા વારસાનું વફાદારથી જતન કરનારા આરાધક બની આત્મકલ્યાણને સાધો તે જ શુભેચ્છા સહ, શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના સહ વિરમીએ છીએ. - સંપા.)

## શ્રાવકની કીર્તિ

○ પ્રાણ જાય પણ ધર્મ વિરુદ્ધ કામમાં તે હાજર ન હોય, એટલું જ નહિં ધર્મથી વિરુદ્ધ થતું હોય તો તાકાત હોય તો રોકવા મહેનત કરે.

તમે બધા આગેવાન લોકો છો, મોટા માણસો છો, આબરૂદાર છો, તમને થયું કે અમે જ્યાં હોઇએ ત્યાં અધર્મકામ રોકવામાં અને ધર્મના કામ કરવામાં અમારી આગેવાની ન હોય તો અમે શેના સારા માણસો - તેમ તમને થયું ! મને તો લાગે છે કે તમારી પાસે સારા કામની સલાહ લેવા આવે તો કામ નાશ પામે.

○ આજના શ્રી જૈનસંઘની આવી દુર્દશા છે, જેને વિધિનો ખપ નથી અને અવિધિનો ડર નથી, વિધિ-અવિધિ સમજવી નથી. મરજી આવે ત્યારે ગમે તેમ ભગવાનને હેરાન કરવા છે અને મેં પૂજા કરી તેમ કહેવરાવવું છે. આજે પૂજા કરનારાઓથી મંદિરો જોખમમાં છે. દરેક મંદિરના ટ્રસ્ટીઓ કહે, મંદિર કેમ નભાવવા તે પ્રશ્ન છે, બીજી આવક નથી તો દેવદ્રવ્ય કેમ ન વાપરીએ ? આજે બધાની આ ફરિયાદ છે. આજે એવી પરિસ્થિતિ આવી ગઇ છે કે, **દેવદ્રવ્ય ખાનારા વધી ગયા અને દેવદ્રવ્યનો મનફાવે તેવો દૂરૂપયોગ પણ વધી ગયો.** મેં એવો કાળ જોયો છે, જૈનોની આબરૂ હતી કે, દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્ય શ્રાવક ન ખાય ! આજે પ્રશ્ન કરે કે, દેવદ્રવ્યથી પૂજા કેમ ન થાય ? જ્ઞાન દ્રવ્યના પુસ્તક અમે કેમ ન વાંચીએ ? બધા ઘર મજેથી સારી રીતના ચલાવે અને મંદિરના પૂજાના પૈસા ન મળે ! તેવાઓને મંદિરમાં પેસવાનો હક નથી. આજે નાગાઓનું સામ્રાજ્ય છે અને ધર્માત્મા ગણાય છે તે બધા તમાલા જેવા થઇ ગયા છે ! 'મારે શું ?' 'ભેંસના શીંગડા ભેંસને ભારે'

○ આપણે ત્યાં જિનાજ્ઞા પ્રમાણે ચાલતા શ્રી સંઘને પચ્ચીશમો તીર્થંકર કહ્યો છે. શ્રમણ સંઘ કહેવાય છે. શ્રમણ છે પ્રધાન જેમાં તેવા ચારે પ્રકારનો શ્રી સંઘ તે શ્રમણ સંઘ છે. શ્રમણમાં આચાર્ય પ્રધાન છે. 'આયરિયં સંઘો' તેમાં પણ 'આણા જુમો સંઘો' તેમ કહ્યું છે. **આચાર્ય સંઘ ભેગો થાય અને શાસ્ત્રની આજ્ઞા આઘી મૂકે તો તે સંઘ નહિ** શ્રાવકો સાધુને પૂછે. સાધુ આચાર્યને પૂછે. આચાર્ય શાસ્ત્ર જૂએ **આવા મતભેદના કાળમાં જો બધા આજ્ઞાને વળગી રહ્યા હોય તો વર્તમાનનો એક પણ વિવાદ જીવતો ન હોત. અમારે, તમે જે પૂછો તેનો શાસ્ત્રાનુંસારે, શાસ્ત્રાધારે જવાબ આપવાનો છે,**

**જવાબ આપવા બંધાયેલા છીએ. અમારાથી એમ ન કહેવાય મારે જવાબ નથી દેવો. આચાર્ય 'હું આમ કહું છું' તેમ ન કહે. જેને સૂત્ર અને અર્થ પચાવ્યા નથી તેને બોલવાનો અધિકાર છે. તમને પૂછવાનો અધિકાર છે. તમારો આ અધિકાર અમારાથી ખૂંચવી ન લેવાય. 'તું શું જાણે' તેમ પણ ન કહેવાય.** આજ્ઞા યુકત નાનો પણ સંઘ મોક્ષે જશે. આજ્ઞાબાહ્ય મોટું ટોળું સંસારમાં ભટકશે. આપણે થોડા હોઈશું તો નુકશાન થવાનું નથી અને ઘણાં કરવા માટે ગમે તેને ઘાલવા નથી. ઘર-પેઢીમાં ગમે તેને ઘાલો ? તો ધર્મમાં ગમે તેને ઘલાયી, જેને આગમ પ્રમાણ ન હોય તેને ઘલાય ? પોતાનાથી ઘર ચાલે કે પારકાથી તમે સંગઠ્ઠનની વાત કરો છો પણ પોતાના અને પારકા કોને ગણવા તેની સમજ નથી. આજે સીમેન્ટમાં વધુ પડતી રેતી નાખે તો તે મકાનની હાલત શી થાય ? સંપ કોની સાથે કરાય ? ચોરની કે શાહુકારની ? ચોરની સાથે સંપ કરવાનું કહે તો ? આજે જેટલી વાતો ચાલે છે તે તમે મૂરખ છો માટે ચાલે છે. હિસાબ ચોપડાથી થાય કે મોંઢાથી ? **જેને મહાપુરુષોની, પોતાના તારક ગુર્વાદિ વડિલોની, શાસ્ત્ર વચનોની કિંમત ન હોય તે ગમે તેટલો હોંશિયાર હોય તો પણ સ્વયં રખડવાનો છે અને અનેકને રખડાવનારો છે.**

○ શાસ્ત્રે દર્શન-પૂજનાદિ દરેક ધર્મકાર્યોના સમય પણ નકકી કર્યા છે. તે કાલ-સમય મુજબ ધર્મક્રિયા કરવાની વાત આજે રહી નથી ને ? અમે તો સંસારી જીવ, અમારે સત્તરસો કામ, શાસ્ત્રે કહેલ ધર્મના કાળ મુજબ અમારાથી ન થાય, તમારે કરાવવા તો અમને બધી છૂટછાટ આપો ! તો અપાય ખરી ? જ્ઞાનિઓને જે જે કાળે જે જે ધર્મ કરવાનો કહ્યો, તે તે કાળે તે તે ધર્મ કરવો જ જોઈએ, તેમાં ફેરફાર ન જ કરવો જોઈએ, ફેરફાર કરીએ તો ઘણું ખોટું થાય છે - તેવો તમને આદર ખરો ? એવા ઘણા ભાગ્યશાળીઓ થઈ ગયા, વર્તમાનમાં પણ છે, જેઓ, જે ધર્મ જે કાળે કરવાનો કહ્યો, તે ધર્મ તે કાલે બધાં જ કામ પડતા મૂકી કરતા હતા. જે જે ધર્મની ક્રિયા જે જે કાળે, જે જે રીતે કરવાની કહી છે તે કરવાની તીવ્ર ઈચ્છા તેનું નામ આદર ! આદર પ્રીતિ માગે. ખેડૂતને અનાજ પકવવા જમીન પણ તે તે કાળે ખેડવી પડે ને ? જેમ તમને ઘર-પેઢી-ઓફીસના સમયનો બહુ આદર છે, તેવો જ આદર, તે તે કાળે ધર્મ કરવાનો ખરો ને ? આદર ત્યારે જ આવે કે, સંસારના કામ ગૌણ થઈ જાય. તેવો આદર લાવવાનું મન છે. ખરું ?

○ તમે શ્રી અરિહંતદેવના શાસનને સમજ્યા નથી. અમને પણ ખાડામાં નાખી આવો તેમાંની જાતના છો. તમારે દુઃખીને આપવું નથી અને અમને કહો, અપાવો. અમે કહીએ તેટલું આપો પણ ખરા ? વર્તમાન દેશકાળ એવો આવ્યો છે, જૈનોએ શ્રી જૈન શાસનની પરભાવના કરવી હોય તો અડધી મૂડી લઈ નીકળી પડે, સાધર્મિકોની ભક્તિ કરે, દીન-દુઃખીને મદદ કરે, અ બોલ પ્રાણીઓની રક્ષા કરે તો બધાના હૈયામાં ભગવાન પેસી જાય. ધારો કે અમે પૈસા ભેગા કરાવી આપીએ તો વ્યવસ્થા કરનાર કયાં નંગ આવે ? પૈસા હડપ કરે તેવા ને ? **આજે હિસાબ માંગવાના ગયા, તેમને પૂછાય નહિ કે, આટલા પૈસા કયાં ખરચ્યા ?** જે કામ જેને કરવા જેવું, તેને ઉઠે તો કામ થાય. જેને માટે પૈસા ભેગા કર્યા હોય તેમને પહોંચે પણ ખરા ? હૈયાની દયા ઉઠે, પૈસાનું મમત્વ ઉતર્યું હોય તે સાચી દયા કરી શકે !

જે ખરેખર દુઃખી છે પણ જાતવાન છે તે કોઈની પાસે હાથ લાંબો કરતા નથી. આજે માંગણા તમે પકવ્યા છે. તમે ફોર્મ મંગાવો, આખી જાત ખોલાવો. જે ફોર્મ ભરે તે ખરેખર સાચા હોય છે ? જે લોકો બીજાને સહાય કરી શકે તેવા પણ ફોર્મ ભરેને ? બહુ દુઃખીને આ કાગળીયા ભરતા આવડે છે ? **તેના પર અમારી મહોર છાપ માગો તો તે બને નહિ.** ભગવાને દુઃખીને દુઃખ વેઠવાનું અને સુખીને સુખ છોડવાનું કહ્યું છે તે સલાહ આપી સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, સમકિત્ત, ધર્માત્મા બનાવ્યા છે.

■ ■ ■ *(ક્રમશઃ)*

# ચેત ચેત ચેતન! તું ચેત

- પ્રજ્ઞરાજ

*ગયા અંકથી ચાલુ..*

◆ અનાદિ અનંત કાળથી ચારે ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં આપણા આત્માએ દરેકે દરેક જીવો સાથે બધાજ પ્રકારના સંબંધો બાંધ્યા છે. જનમો જનમમાં ચિત્ર વિચિત્ર સંબંધો દરેક સાથે થયા તો કોના પ્રત્યે રાગ કરવો કે રોષ કરવો ? રાગ-રોષથી સંબંધો પાછા બંધાવાના છે. સંબંધોના બંધન તોડવા 'તે મારી નથી, હું તેનો નથી' શા માટે પાગલ બને છે, રાગજન્ય અનુબંધનું આકર્ષણ તૂટયા વિના આત્મા કયારે પણ પરમાત્મા બનવાનો નથી. તારે પરમાત્માપણું પામવું છે તો અનુબંધના આકર્ષણને તોડ.

◆ આ જગતના દરેક પદાર્થોનું પરિવર્તન ચાલુ છે. જે આજે મનગમતું લાગે તે કાલે અણગમતું બને. જે અણગમતું છે તે મનગમતું બને. વૃતિ-પ્રવૃતિનું પરિવર્તન શકય છે પણ પ્રકૃતિનું પરિવર્તન મુશ્કેલ છે. અને પ્રકૃત્તિ ન બદલાય ત્યાં સુધી આત્માનું બહિરાત્મપણું મટવું મુશ્કેલ છે, તે તો બાહ્ય પદાર્થોમાં જ મજા માને. તેને મેળવવા-ભોગવવા-સાચવવામાં આનંદ માને. પણ તે પદાર્થો નુકશાન કારક લાગે તો અંતરાત્મા પણું પેદા થાય. તે જ પરમાત્મા બને જો તારે પરમાત્મા બનવું હોય તો તારી બહિરાત્મદશાથી બચ, અંતરાત્માદશાને પામ. પછી તારો બેડો પાર.

◆ બધા પાપોનો બાપ લોભ હોવા છતાં, લોભનો અંજામ અતિ કરૂણ હોવા છતાં હજી આત્મા લોભથી મુકત બનતો નથી. તે જ મોટું આશ્ચર્ય નથી ? લોભ આશાના સ્વર્ગ બતાવી નાંખી આવે નરકમાં, વચન મનોહર ઉધાનના આપી ફેંકી આવે ઉકરડામાં, સ્વપ્ન સોહામણા સુખોના બતાવી લમણે ઝીંકે દુઃખ-વિપત્તિની વણઝાર, બાંહેધરી આપે નિર્ભયતાની અને રાખે સદા ભયભીત, લાડવો બતાવે સલામતીનો અને આપે અસલામતી. તો હે ચેતન ! આવા લોભના પનારે તું પડતો નહિ. તારે લોભ કરવો તો એક માત્ર આત્મ ધર્મનો કરજે જેથી તું આ લોભના કરૂણ અંજામથી બચીશ.

◆ સાચું-વાસ્તવિક અને શાશ્વત સુખ મેળવવા સંસારના અસ્થિર-ચંચળ-ક્ષણ જીવી સુખોનો હૈયાથી ત્યાગ કરવો જરૂરી છે. કોઇ ઇચ્છાનું મને વળગણ ના હો તે જ મારી હૈયાની ભાવના છે. જીવનમાં આવા Turning Point માટે યુગો-વર્ષો - માસો કે દિવસોની જરૂર નથી. પણ જીવનમાં એવી પણ ધન્ય ઘડી કે પળ આવે છે જે નિર્મલ-પવિત્ર વિચારો-અધ્યવસાયોનો સ્રોત વહાવી મનને વિશુદ્ધ બનાવે છે. પછી જીવ ડૂબવાના માર્ગ છોડી, તરવાના માર્ગનો મુસાફર બને છે. પછી દશ્ય ગમે તેવા હોય. ગમે તેના હોય પણ આંતર દષ્ટિ ખૂલી જાય તો દશાને પામતા વાર લાગતી નથી. અને દઢ પ્રહારી, ચિલાતી પુત્ર, ઇલાચીકુમારની જેમ જીવનું કલ્યાણ થઇ જાય છે. હે આત્માન્ તું પણ આવો જ પ્રયત્ન કર.

◆ હે જીવ ! તું વિચાર કે સ્વપ્ન અને મહેમાનની કેવી સુંદર સમાનતા છે કેમકે બેમાંથી એકે ય લાંબો સમય રહેતા નથી. સુખ એ સ્વપ્ન છે અને દુઃખ એ મહેમાન છે આ ગણિત જો તારા હૈયામાં અસ્થિમજ્જા સ્થિર બનશે તો તારા જીવનમાં હર્ષ-શોક, સુખ-દુઃખના પ્રસંગો તને વિચલિત નહિ કરી શકે. તું સમત્ત્વની સાધના કરી તારા સિદ્ધત્ત્વને ખીલવી શકીશ.

◆ હે આત્માન્ ! તારા આ માનવ જીવનનો નિચોડ એક જ વાકયમાં કહેવો તો - 'અનુભવો પર આશાનો વિજય'. ઢગલાબંધ અનુભવો દુઃખના હોવા છતાં ય માણસ આશામાં ને આશામાં જીવે છે કે -ઇચ્છિત સુખ આજે નથી તો કાલે જરૂર મલશે. આમને આમ ઘાંચીના

બેલની જેમ જિંદગી પૂરી કરી જાય છે. તારે તારા જીવનને આબાદ કરવું તો ખોટી આશામાં ન મુંઝાઈશ પણ વાસ્તવિક વાતોનો સ્વીકાર કરી પગલું ભરજે.

◆ હે ચેતન ! તારે તારું આ માનવજીવન સફળ કરવું હોય, જીવનમાં કાંઈક સાધવું હોય તો વ્યવહારમાં નીતિ રાખજે, જીવનમાં સદાચાર-પવિત્રતા રાખજે તથા સ્વભાવમાં સહિષ્ણું બનજે. તો તું સફળ બનીશ.

◆ ધૂળની તાકાત છે કે કપડાં પર ચોંટયા વિના રહે નહિ અને સ્નિગ્ધ પદાર્થવાળા કપડા પર તો એકમેકને વળગીને રહી જાય તેમ અપેક્ષાએ અનિષ્ટો પણ ધૂળ જેવા છે. જેના પ્રત્યે હૈયાની કુણી લાગણી-આત્મીયતા-પોતાપણું માનો તે તમારા જીવનને વળગ્યા વિના રહેતા નથી. રાગનું બીજું નામ જ વળગણ છે. તે કયારે કયા રૂપે વળગી જીવને પોતાના બનાવી દે છે તે જ ખબર પડતી નથી. તેમાંથી જન્મેલી વાસના-વિલાસ - મોજ -મજાદિની આકાંક્ષા સમય, શક્તિ, સંપત્તિ અને જીવનને બરબાદ કરે છે. છતાંય જગતના જીવો તેની જ પુષ્ટિમાં રાચી માચી દુર્ગતિમાં ચાલ્યા જાય છે. તારે દુર્ગતિના ખાડામાં ન પડવું તો આ વળગાડ-વળગણથી બચવાનો પ્રયત્ન કર.

◆ ખોટ સ્વપ્નોની અસરમાંથી મુકત થવા જાગૃતિ જરૂરી છે. તેમ આ સંસારના સુખાભાસ રૂપ સુખોની અસરમાંથી મન અને જીવનને મુકત કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે **સાચી સમજણના સ્વામી બનો.** સમજણ જ તેનું નામ કે જીવન ચૂંટી ખણ્યા જ કરે કે 'આ થાય અને આ ન થાય'. વાસનાના વિકાર-વિલાસો તારા જીવનને બરબાદ કરશે. સદાચારની સાધના-ઉપાસના તારા જીવનને આબાદ કરશે. વાસના એટલે લાચારીનું વરવું પ્રદર્શન. ઉપાસના એટલે ખુમારીનો પમરાટ. વાસના મનને નિર્બલ-ભયભીત બનાવે, ઉપાસના જીવનને નિર્મલ અને નિર્ભીક બનાવે. માટે રાગના બંધનોથી બચી, વિરાગનો આશ્રય કરી વીતરાગના માર્ગે આગળ વધ.

◆ ઈચ્છાઓ આકાશ જેવી અનંત છે. ઈચ્છાપૂર્તિનો રસ્તો લાંબો છે, કઠીન છે, પરાધીન છે, તૃપ્તિની અનુભૂતિ સંદિગ્ધ શંકિત છે. જ્યારે ઈચ્છાની બાદબાકીનો રસ્તો ટૂંકો, સરળ અને સ્વાધીન છે. પ્રસન્નતાની અનુભૂતિનો આનંદ આપે છે. છતાંય મન ઈચ્છાપૂર્તિની પાછળ જ પાગલ બની દોડયે જ જાય છે આ કેવું આશ્ચર્ય ! તું તારી જાતને બચાવી લે !

◆ તારે તારા આત્માની સિદ્ધિ વરવી હોય તો સંઘર્ષથી જરા પણ ડરતો નહિ. જિંદગીના કોઈપણ ક્ષેત્રમાં સંઘર્ષ વિના ઉત્કર્ષની સિદ્ધિ -સફળતા નથી તો આત્મિકક્ષેત્રમાં તો કયાં મળે ? 'મારે મોહ ન જોઈએ, મોક્ષ જ જોઈએ' આ મંત્રને આત્મસાત્ કરી તેને સફળ કરવા હૈયામાં હામ, પગમાં જામ, આંખમાં તેજ અને જીવનને ઉત્સાહથી ભરી કદમ પર કદમ ચલાવ સિદ્ધિને તારા ચરણોમાંઆળોટવું જ પડશે.

◆ તારે સાચું સુખ પામવું છે તો બીજાના સુખ માટે, દુ:ખ સહીને પણ તું હસતા રહેવાનું શીખી જા તો સાચું સુખ તને મળવાનું છે. બીજાના સુખને માટે સહન કરે તે સાચો સુખી બને.

◆ બે આંગળી વચ્ચે ટૂથ પેસ્ટ રાખવામાં જેટલી સાવધગિરિ જરૂરી તે અનુભવજન્ય છે. કારણ કે ભૂલથી પણ પેસ્ટ દબાય તો પેસ્ટ બહાર નીકળ્યા પછી લાખ પ્રયત્ને પણ અંદર ન જાય. તેમ મન આ પેસ્ટ જેવું છે. ઈચ્છા કરવી કે ન કરવી તે આપણા પોતાના હાથની વાત છે. પણ એકવાર ઈચ્છાનો જન્મ થયા પછી વાસનાગ્રસ્ત મનને વાસનાથી મુકત કરવું ખૂબ જ કઠીન-કપરું છે. તે માટે પહેલા નંબરે મોહજન્ય ઈચ્છાઓ ન જન્મે તેની કાળજી રાખો અને બીજા નંબરે તે મોહજન્ય ઈચ્છાઓને મારતા કાબૂમાં રાખતા શીખો.

◆ બાહ્ય દષ્ટિએ હરણફાળ ભરતાં આ વિજ્ઞાનયુગમાં, ભૌતિક સુખ સામગ્રી સગવડોની અનુકૂળતામાં, કોમ્પ્યુટર, કેલકયુલેટર, મોબાઈલના જમાનામાં પણ આંતર જીવનમાં ખળભળાટ મચાવનાર ક્રોધાદિ કષાયો, રાગાદિ સંકલેશો,

વાત વાતમાં વાદ-વિવાદ અને વિખવાદોથી થતી વેર-ઝેરની કડવાશ અને મારા-તારાની, પારકા-પોતાનાની ભાવના-મમતાથી પેદા થતાં સંઘર્ષોના વમળમાં અટવાતા જીવને જો પથદર્શક હોય તો એકમાત્ર શ્રી પરમેશ્વરનું પ્રવચન ! તેનું શ્રવણ જો સદગુરુ મુખે જીવનની દશા-દિશા બદલવા કરાય તો આત્માનું સાચું ઝવેરાત પ્રગટયા-ચળકયા વિના રહે નહિ. પછી તને પોતાને જ લાગશે કે સ્નેહનું સમીકરણ, વિનયનું વશીકરણ, રાગની રાખ, દ્વેષનું દહન, આતમની ઓળખ અને મોક્ષની મંઝિલ પામવા પારમેશ્વરી પ્રવ્રજ્યા વિના ઉધ્ધાર નથી. આંખના આસું, દિલના દર્દ અને કર્મને કાપવા દીક્ષા જેવો શ્રેષ્ઠ માર્ગ નથી. આત્માની અનંતી ગુણલક્ષ્મી પામવા, આત્મ-શક્તિ ખીલવવા જરૂરી છે ગુરૂકૃપા, ગુરૂસમર્પણ ભાવ, મનો નિગ્રહ, કષાયનિગ્રહ વિના સાચી ગુણ સંપત્તિ પ્રાપ્ત ન થાય. જ્ઞાન-ધ્યાન, તપ-ત્યાગ, સહિષ્ણુતા, કાયાના મમત્ત્વનો ત્યાગ, જીવન બાગમાં કલ્યાણનાં પુષ્પો ખીલવે છે. તું પણ તે યોગને સફળ કરી સાધી લે. શુભાસ્તે પન્થાનમ્ !

◆ સંસારમાં બધા જ સંબંધો પરિવર્તનશીલ છે, કાયમી નથી. તેમાં પણ વર્તમાનના વાયરાએ સ્વાર્થને જન્મ આપ્યો છે. જેમાં વરસાદ અને વીજળી આકાશમાંથી પડે છે છતાં પણ એક ઠારે છે અને એક બાળે-મારે છે. રાગ-દ્વેષ એ વીજળી જેવા છે જે આત્માના સદ્‌ગુણોને બાળે છે. પારમેશ્વરી તારક આજ્ઞાનું પારતંત્ર્ય એ વરસાદ જેવું છે જે આત્માને વિરાગી બનાવી, વીતરાગત્તા આપી ઠારે છે. માટે હે આત્મન્ ! તું તેવો જ પ્રયત્ન કર !

◆ જીવન એટલે તડકો-છાંયો ! જીવન એટલે ભરતી અને ઓટ ! જીવન એટલે વિષ-અમૃત ! જીવન એટલે સંધ્યા અને ઉષાની લાલાશ ! જેમાં સુખ થોડું અને દુઃખ ઝાઝું. આવા જીવન પર રાગ શા, સ્નેહ શા, મોહ-માયા-મમતા શા ! જન્મ-મરણથી મુકત થવાની સાધના સાધી લેવા જેવી છે. તે માટે સદ્‌ગુરુને સમર્પિત થઇ જા. જો તને સદ્‌ગુરુની કૃપા મલી ગઇ અને તું તેમનો સાચો વિનય કરીશ તો આ સંસારની કઇ સિધ્ધિ નથી જે પ્રાપ્ત ન થાય ? ગુરુનું વાત્સલ્ય અને શિષ્યનો સમર્પણ ભાવ ભેગા થાય તો કઇ કલા બાકી રહે જે હસ્તગત ન થાય ! તું ગુરુપારતંત્ર્ય કેળવી લે પછી તારા જીવનમાં સઘળી સિધ્ધિ તારા ચરણોમાં છે !!!

## ધર્મદ્રોહ પ્રજાનો ટુકડો

ભારતના એક વખતના દિલ્હીના પ્રધાન; ગુલઝારીલાલ નંદા. પ્રજામાં ફેલાયેલા ભ્રષ્ટાચારને બે વર્ષમાં નાબૂદ કરવા કમર કસી બેઠેલા એ પ્રધાન. એ અંગેની ફરિયાદો સાંભળવા રોજ દસ માણસોને મળતા. એ માટે ઘરમાં દસ ખુરશીઓ રાખવામાં આવી હતી. જે દસ પહેલા બેસી જાય એમને જ એ સાંભળતા.

એક દિવસ દસેય ખુરશી ભરાઇ ગયા બાદ એક માણસ આવ્યો. ભ્રષ્ટાચારના કોઇ કેસ અંગે આજે નંદા સાથે તે વાતચીત કરવા માગતો હતો, પણ હવે શું થાય ! ખુરશીઓ ભરાઇ ગઇ હતી ! તેણે દસમા માણસનું મોં જોયું. તરત જ સો રૂા. ની નોટ તેના ખિસ્સામાં સરકાવી દઇને આગન્તુકે તેને કહ્યું, ''મારે આજે જ પ્લેનમાં મુંબઇ જવાનું છે એટલે તમે હવે ઉઠી જાઓ. હું નંદાજી સાથે વાતચીત કરી લઉં.''

સો ની નોટે કમાલ કરી ! પેલાએ ખુરશી ખાલી કરી નાખી. મુલાકાતો શરૂ થઇ. દસમાં નંબરનો વારો આવ્યો. તે સજ્જને (!) નંદાજીને કહ્યું, ''તમારા ઘરમાં જ મેં ભ્રષ્ટાચાર-નાબૂદીની ખુરશી ઉપર ભ્રષ્ટાચાર સેવ્યો છે. જ તેય તમે દૂર કરી શકયા નથી તો આખા ભારતનો તે શેં દૂર કરશો ? આ ચિંતાથી દૂબળા રહેવાં કરતાં અન્ય પ્રધાનોની જેમ...''

આ સાંભળી નંદાજી સ્તબ્ધ થઇ ગયા.

*- પૂ. પં. ચન્દ્રશેખરવિજયજી મ. (ટચૂકડી કથાઓમાંથી)*

# પૂ. શ્રી ધનેશ્વર મુનીશ્વર વિરચિત 'સુરસુંદરી ચરિયં'માંથી

(આઠમો પરિચ્છેદ શ્લો. ૭૩થી ૮૦)

## રાગની રમત

*ગયા અંકથી ચાલુ...*

આ સાધુ ધર્મ પાળવામાં અશકત જીવોને બીજે ગૃહીધર્મ હોય છે. તે ધર્મ જીવહિંસા, મૃષાવાદ, ચોરી, પરસ્રીના ત્યાગ રૂપ, ધન-ધન્યાદિકનું ઇચ્છા પ્રમાણે પરિણામ કરવું. દિશાનું પરિણામ કરવુ, પોતાની શક્તિ પ્રમાણે ભોગ અને ઉપભોગનો સંક્ષેપ કરવો, અનર્થદંડનું વિરમણ કરવું, ઉચિત રીતે સામાયિક કરવું, દેશાવકાશિક કરવું, પૌષધ કરવો, અતિથિને દાન કરવું - આમ સમ્યક્ત્વ સહિત બાર પ્રકારનો ગૃહી ધર્મ કહેવાય છે. અતિચારરૂપી કલંકથી રહિત આ વ્રતને એક દિવસ પણ પાળીને શુદ્ધ દેશવિરતિવાળા ગૃહસ્થો પણ ક્રમશઃ મોક્ષને પામે છે.

આ ધર્મને વિષે વિત્તને વાપરનારા, સ્થિર ચિત્તવાળા, નિરંતર સારા ઉદ્યમવાળા, સદ્‌ગુરુને વિષે એકાંતે ભક્તિવાળા, જિનપૂજામાં આસકત, સત્ત્વિક, તાત્ત્વિક, શ્રેષ્ઠ ધર્મીજનોની કથામાં પ્રીતી ધરનારા, સર્વને વિષે મમતાનો ત્યાગ કરનારા ગૃહસ્થો પણ સંસારના પારને પામ્યા છે. સારું કુળ અને શ્રેષ્ઠ દેવપણું આદિ ક્રમે કરીને શુદ્ધ ચારિત્રને પામેલા ગૃહસ્થો આ ધર્મના પ્રભાવથી પરંપરાએ કરીને મોક્ષને મેળવે છે. ધન્ય જીવોને આ ગૃહસ્થધર્મ પ્રાપ્ત થાય છે અને તેઓ તેના પારને પામે છે, તેના અંતને પામી શીઘ્ર પણે દુઃખના અંતને પણ પામે છે.''

* * *

### *શોક દશા ટાળો*

(પ્રસ્તાવ - ૪)

''અરે ! તમે કેમ શોક કરો છો ? વિકાસ પામતો આ સંસારિક સર્વ પદાર્થનો સમૂહ અવશ્ય અત્યંત અનિત્ય છે. કઠોર પવનથી હણાયેલા પીપળાના પાંદડા જેવું આ જીવિત ચંચળ હોવાથી જે કાંઇ પણ જીવાય છે, તે મોટું આશ્ચર્ય જાણો ! મનુષ્યનો ઉચ્છ્‌શ્વાસ માત્ર જ આ જીવિત હોવાથી સ્થિરતાની આશા શી રાખવી ? ચોતરફ ચાલતા પવનને રોકવા કોઇ પણ સમર્થ નથી, જે જીવિત સમુદ્રની વેલાની જેમ જવું-આવવું કરે છે, તે જીવિતનું સ્થિરપણું કોણ કરી શકે ? તે કહો, ઘણા મગર, મત્સ્ય અને પાણીથી ભરપૂર મોટા સમુદ્ર પણ કદાચ સૂકવી શકાય, કદાચ પર્વતોને પણ પોતાના સ્થાનથી બીજા સ્થાને લઇ જઇ શકાય, પરંતુ ચંચલ જીવિતને સ્થિર કરવાને શક્તિમાન ન જ થવાય. આ પ્રમાણે રહેલા સંસારને વિષે અહો ! ડાહ્યા પુરુષોએ કોનો શોક કરવો ? જો વાસુ દેવ, બળદેવ, ચક્રવર્તી, ઇન્દ્રાદિ દેવ-દાનવાદિ પણ જો મરણને પામે છે. તો પછી માત્ર બાળકના મરણને જોવાથી કયો વિસ્મય છે ? જે પર્વતોના પણ પરમાણુઓને નિપુણપણાએ કરીને હરણ કરે છે, તે યમરાજરૂપી પવનનું પ્રતિવિધાન-ઉપાય શી રીતે કરાય ? જેમ પક્ષીઓ એક વૃક્ષ ઉપર રાત્રિએ રહીને પ્રભાત સમયે પોત-પોતાની ઇચ્છાને અનુસરીને કોઇ પક્ષી કયાંયક પણ જાય છે, તે જ પ્રમાણે અન્ય અન્ય સ્થાનથી એક કુટુંબમાં આવેલા જીવો યમરાજ રૂપી સૂર્યના ઉદયકાળે બીજી બીજી યોનિને વિષે જાય છે. આ પ્રમાણે વિચારીને તેના અનુમાનવડે સમગ્ર પદાર્થોનું ક્ષણભંગુર પણું સારી રીતે જાણીને ધર્મને માટે જ ઉદ્યમ કરો.''

*(સમાપ્ત)*

◆ ◆ ◆

सन्निधिं च न कुव्वेजा।

# આવતીકાલ માટે કશું એકઠું ન કર.

*શ્રી ઉત્તરાધ્યન સૂત્ર* ॥ ૬-૧૬ ॥

સંનિધિ શબ્દ પારિભાષિક આગમિક અર્થમાં વપરાયો છે. તેનો સીધો અર્થ થાય છે : જેના દ્વારા આત્મા દુર્ગતિમાં સ્થાપન કરાય તે સંનિધિ. આમાં સાધુના આચારની એક વિશિષ્ટ વાત છે. સાધુ માટે એવો નિયમ છે કે પોતાના દેહને ટકાવવા માટે આહારની જરૂર પડે પણ તે આહાર પોતાની જાતે રાંધવો નહિ. બીજા માણસોએ પોતાના માટે બનાવેલ આહારમાંથી તેને કોઇ તકલીફ ન પડે તેટલો આહાર ઘરે ઘરથી લઇ આવવો. આ બહુ પ્રસિદ્ધ વાત છે. સંનિધિ એનાથી પણ આગળનો નિયમ છે. આજે જરૂર હોય તેટલો જ આહાર સાધુએ લાવવાનો. આવતીકાલે લોકોને ત્યાંથી આહાર મળશે કે નહિ એવી ચિંતા કરી, આવતીકાલ માટે આહારનો સંગ્રહ કરવાની કડક મનાઈ છે. સાધુએ આજનો ખોરાક આજે જ પૂર્ણ કરવાનો. આવતીકાલની ભૂખની પણ ચિંતા ન કરવી પછી અહારની ચિંતા તો કરવાની જ ક્યાં રહે છે ! આ નિયમનું ઉલ્લંઘન કરીને સાધુ જો પોતાની પાસે આહાર-ઔષધ વગેરે આવતીકાલ માટે રાખી મૂકે તો તેને સંનિધિ રાખવાનો દોષ લાગે. આ દોષ તેને દુર્ગતિના દરવાજા બતાવે છે. આ વાત મુજબ સાધુની વ્યાખ્યા બનાવવી હોય તો એમ કહેવાય કે આજમાં જીવે અને આવતીકાલની કોઇ ચિંતા ન કરે તે સાધુ. સાધુની અનેક વ્યાખ્યાઓમાં આ વ્યાખ્યા જરા જુદી તરી આવે.

દુનિયા આખી આજને યાદ કરતી નથી અને આવતીકાલ માટે મરે છે. આજ માટે માણસ પાપ કરે છે તેના કરતા આવતીકાલની લહાયમાં વધારે પાપ કરે છે. વિચાર કરો કે તમારે ફકત આજ માટે જ કમાવાનું છે, આવતીકાલની કોઇ ચિંતા કરવાની નથી તો આજ માટે તમારે કેટલું જોઇએ ? મને લાગે છે કે લોકો આજ માટે જીવતા થઇ જાય તો મોટા ભાગનાં પાપ બંધ થઇ જાય. આવતીકાલની કોઇ ચિંતામાં માણસ રઘવાયો બને છે આ આવતીકાલ કેટલી લાંબી છે, તે ખબર છે ? આવતીકાલ એટલે આખુ વરસ પણ નહિ, આખી જીંદગી પણ નહિ, આવતી કાલ એટલે સાત પેઢી, ઈકોત્તર પેઢી માટે એકઠું કરવાનું. આજને અવગણવાનું અને આવતીકાલના રબરની જેમ તાણીને લંબાવવાનું બંધ થઇ જાય તો માણસ માણસ તરીકે જીવતો થઇ જાય. માણસની માણસાઈ મરી પરવારી છે તેમાં અનેક કારણોમાંનું આ પણ એક કારણ છે. સાધુ જે શાંતિ અને સુખનો શ્વાસ લઇ શકે તે જો તમારે પણ જોઇતો હોય તો આજને ઓળખતા શીખો, આજને સફળ બનાવતા શીખો. આવતીકાલનાં સ્વપ્નાં જોવ નું માંડી વાળો. શેખચલ્લીના વિચારોને આવતીકાલની ઉપાધિ રાખવાથી વેગ મળે છે. ગૃહસ્થ માણસ હોય તે આવતીકાલ માટે ઘરમાં ખાવાનું રાખે તે સમજી શકાય તેવું છે. સાધુની જેમ તે સંનિધિને છોડી શકતો નથી પણ આવતીકાલની ચિંતાના નામે જે તોફાન માંડયું છે તેનો ત્યાગ તો એ જરૂર કરી શકે. આવતીકાલે આંખ ખુલ્લી રહેવાની છે કે કાયમ માટે મીંચાઈ જવાની છે તેની ખબર ન હોય ત્યારે ફોગટની કૂદાકૂદ શા માટે અને કોના માટે ? વાત વિચારવા જેવી નથી ?

જ્ઞાનીઓની આ સુવર્ણસંદેશ જીવનમાં ઉતારો. આવતીકાલ માટે એકઠું કરવાના આવેગને કાબુમાં રાખો. આજને સંતોષથી સમૃદ્ધ બનાવો. આટલું કરશો તો અશાંતિ અને અકળામણ એની મેળે શાંત થઇ જશે.

*- પૂ. મુનિ જયદર્શનવિજય ગણી*

**પહેલવાન અને પરોપકારી !**

પહેલવાન શકિત સંપન્ન બનવા પ્રયત્ન કરે છે. પરોપકારી પોતાની શક્તિનો પરના ઉપકારમાં ઉપયોગ કરે છે.

**સહસ્ત્રાક્ષ !**

આપણે બીજાની ભૂલ જોવા માટે સહસ્ત્રાક્ષ બની જઇએ છીએ પણ પોતાની ભૂલ જોવા માટે એકાક્ષ નહીં બિલકુલ અંધ બન્યા છીએ.

# બેંગલોરમાં ચાતુર્માસ પ્રવેશ તથા સૂત્ર વાંચન

પૂ. આ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ સાધુ સાધ્વીજીનો જેઠ સુદ-૯ના નગર પ્રવેશ ઠાઠથી થયો હતો. જેઠ સુદ - ૮ રવિવારે શાહ પદમશી વાધજી ગુઢકા (લાખાબાવળ વાળા) ને ઘરે શ્રીમતી સંતોકબેન પદમશી ગુઢકાની ૨૪મી પૂણ્ય તિથિ નિમિત્તે પંચ કલ્યાણક પૂજા ભણાવાઇ.

ડો. ની પૂ. શ્રીને ટૂંકો વિહાર કરવાની છૂટ આપતા અષાઢ સુદ-૨ ના પૂ. આ. શ્રી શાહ લાલજી પદમશી ગુઢકાને ત્યાં સંઘસહિત પધાર્યા. તેમના તરફથી નવકારશી કરાવાઇ. બે દિવસ પ્રવચન ત્યાં થયા. ગુરૂવારે પૂ. શ્રી શાહ હંશરાજ કાલીદાસ નગરીયા (લાખાબાવળ વાળા) ને ત્યાં સંઘ સહિત પધાર્યા. શાહ નેમચંદ કાલીદાસ નગરીયાને ત્યાં નવકારશી કરાવાઇ. પ્રવચન થયું. શુક્રવારે શાહ ઝવેરચંદ નથુ ગલૈયા (કાકાભાઇ સિંહણ) ને સંઘ સહિત પધારતાં ત્યાં નવકારશી તેમણે કરાવી. અરિહંતમાં બે દિવસ વ્યાખ્યાન થયા. શનિવારે શ્રી મનુભાઇ કરણીયાને ત્યાં સંઘ સાથે પૂ. શ્રી પધાર્યા ત્યાં માંગલિક પ્રવચન થયું. સંઘને નવકારશી કરાવાઇ હતી. શનિવારે જ સાંજે શાહ કાંતિલાલ સોજપાર નાગડા (ગાગવા) ને ત્યાં પધારતાં પ્રતિકમણ તથા ભાઈઓ માટે રાઝ પ્રવચન થયું હતું.

અષાઢ સુદ - ૭ ના રવિવાર : તા. ૬ ના સવારે પૂ. શ્રી શાહ દિનેશ કાલીદાસ નગરીયાને ત્યાં સંઘ સાથે પધારતા તેમના તરફથી સંઘની નવકારશી થઇ અને ૯ વાગ્યે પ્રવેશ માટે સામૈયું - ચડયું, ૧।। કલાક સુધી ચાલ્યું. ભાવિકોએ ખૂબ ઉત્સાહથી રાસ વિગેરે કર્યા. પ્રવેશ બાદ ચૈત્યવંદન થયું અને પ્રવચન થયું.

પ્રવચનમાં સૂત્રો વહોરાવવા આદિની લાખ ઉપરની બોલીઓ થઈ. ઉત્સાહ ખૂબ હતો.

**૧. યોગ શાસ્ત્ર ગ્રંથ વહોરાવવાનું :-**

શ્રી કાલીદાસ હંશરાજ નગરીયા પરિવાર
લાખાબાવળ - થાન - બેંગલોર.
હ. જીવીબેન કાલીદાસ તથા તુષારનેમચંદ તરફથી

**૨. પાર્શ્વનાથ ચરીત્ર ગ્રંથ વહોરાવવાનું :-**

શ્રી રતિલાલ વીરપાર ગડા - ચેલા
હ. મિહિર ભરત ગડા

**૩. બંને ગ્રંથની જ્ઞાન પૂજાઃ-**

*પહેલી પૂજા :* શ્રી હીરજીભાઈ મૂળજીભાઇ સુમરિયા-ડબાસંગ
હ. સ્વ. ધીરિન તથા ધિરૂભાઇ હિરજી સુમરિયા
*બીજી પૂજા :* શ્રી ઝવેરચંદ નથુ ગલૈયા - કાકાભાઇ સિંહણ
હ. કાંતિલાલ અનીલ તથા જ્યેશ ઝવેરચંદ ગલૈયા નથુ પરિવાર
*ત્રીજી પૂજા :* શ્રી વેલજી કચરા હરિયા - ખંભાળીયા
હ. રતીલાલભાઇ તથા સ્વ. પ્રભુલાલ તથા મોહનલાલ તથા પ્રફુલ વેલજી કચરા પરિવાર
*ચોથી પૂજા :* શ્રી પ્રેમચંદ પોપટ બીદ - નાના માંઢા
હ. વિનોદ પ્રેમચંદ બીદ
*પાંચમી પૂજા :* સ્વ. શ્રી પ્રેમચંદ કાલીદાસ નગરીયા - લાખાબાવળ

**૪. જ્ઞાનની અષ્ટ પ્રકારી પૂજા :-**

શ્રી પ્રેમચંદ લાધા ગુઢકા - ગાગવા
હ. શૈલેષ તથા કિશોર પ્રેમચંદ ગુઢકા પરિવાર

**૫. ગુરૂપૂજનઃ-**

શ્રી કાલીદાસ હંશરાજ નગરીયા - લાખાબાવળ
હ. દેવ, ખૂશ, કરણ, કમલ તથા ધીરિન

શ્રાવણ સુદ-૧૫ રવિવારે સૂત્ર વહોરાવવા આદિનો વિધિ ઉત્સાહથી થયો હતો. હોલ ચિકકાર ભરાઇ ગયો હતો. પૂજ્યશ્રીએ ગ્રન્થોનું વાંચન શરૂ કર્યું હતું.

## હાલારદેશોદ્ધારક

# પૂ.આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજનો સમુદાય ચાતુર્માસ યાદી

| | |
|---|---|
| (૧) પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ઠા. ૪ | ૨૪૨, આશીર્વાદ, ૭મો ડી મેઇન રોડ, ૩જો બ્લોક ૪થો સ્ટેજ, બસવેશ્વર નગર, બેંગલોર- ૫૬૦૦૭૯ કર્ણાટક |
| (૨) પ્રવર્તક પૂ. મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. ઠા. ૨ | C/o મગનલાલ જીવરાજ મોદી, શુભશાંતિ કોમ્પલેક્ષ, અંજુર ફાટા, ભીવંડી (થાણા) મહારાષ્ટ્ર- ૪૨૧૩૦૨ |
| (૩) પૂ.મુ. શ્રી યશોજીત વિજયજી મ. ઠા. ૩ (પૂ.મુ. શ્રી વિશ્વદર્શન વિ.મ. સાથે) | જૈન ઉપાશ્રય, બેંક ઉપર, કામક રોડ, વડાલા વેસ્ટ મુંબઇ - ૪૦૦૦૩૧ (મહારાષ્ટ્ર) |
| (૪) પૂ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી સુરેન્દ્રપ્રભા શ્રીજી મ. ઠા. ૨ | જૈન ઉપાશ્રય, ગોપાલનગર કલ્યાણ રોડ, ભીવંડી (થાણા) - ૪૨૧૩૦૨ (મહારાષ્ટ્ર) |
| (૫) પૂ. સા. શ્રી મૃગેન્દ્રપ્રભા શ્રીજી મ.ઠા. -૫ | સુજાતા ફ્લેટ, ગ્રાઉન્ડ ફ્લોર, ગીરધર નગર, શાહીબાગ- અમદાવાદ- ૩૮૦ ૦૦૫. |
| (૬) પૂ. સા.શ્રી અનંતપ્રભાજી મ. ઠા. ૭ | ગુજરાતી કટલા જૈન ઉપાશ્રય, પાલી, રાજસ્થાન- ૩૦૬૪૦૧ |
| (૭) પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. ઠા. -૪ | No. 252, Anand Vatika, 3rd Block, 4th Stage 8th Main Road, West of Chord Road, Besweswarnagar, Bangalore-560079 |
| (૮) પૂ.સા શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. ઠા. ૫ | શાંતિભવન જૈન ઉપાશ્રય, કન્યા છાત્રાલય સામે, ૩૩, દિગ્વિજય પ્લોટ જામનગર- ૩૬૧૦૦૫. |

### નાની વાતોને Let go કરો

ઘણી ગંભીર કહી શકાય તેવી વાતો તો સો માંથી માત્ર દસ હોય છે. બાકીની નેવું વાતો તો સાવ ક્ષુલ્લક હોય છે. દા.ત. બાબાએ ગ્લાસ ફોડી નાખ્યો.

પત્નીએ સાંજે રસોઇ માંડી વાળી. મિત્રોને બોલાવ્યા તો ય ન આવ્યા.

બાપાએ ઠપકો આપ્યો.

ધોબીએ કપડાં બરોબર ન ધોયાં... વગેરે.

આવી વાતોમાં ઝગડો કરવો કે કઠોર શબ્દોનો પ્રયોગ કરવો; કે કશું પણ ભસી નાખવું તે સજ્જનનું કામ નથી.

આ બધી વાતોની ઉપેક્ષા કરવી જોઇએ; જાણે કે તેવું કશું બન્યું જ નથી.

જો આમ Let go કરાય તો જીવનમાં સ્વર્ગ ઉતરી જાય.

કહ્યું છે :

When I let go, struggles end.

### બધું ગણિતબદ્ધ થઇ રહ્યું છે

Everything is in order.

હા. મારો એકનો એક જુવાન દીકરો અકસ્માતમાં મરી ગયો. તે તેનાં કર્મોના નિશ્ચિત ગણિત પ્રમાણે જ થયું છે.

મને થએલી કેન્સરની ગાંઠ, મેં ધંધામાં ગુમ વેલા બે લાખ રૂપીઆ; ભાગીદારે કરેલો વિશ્વાસઘાત... વગેરે બધું ય મેં બાંધેલા કર્મો પ્રમાણે ગણિતબદ્ધ રીતે થયું છે. આથી જ મારે તેનો કોઇ હરખ-શોક કરવાનો રહેતો નથી.

મસમોટા તીર્થંકરોને, સંતોને, સજ્જનોને માથે ય આફતોના પહાડ તૂટી પડયા છે.

નિયતિને મિથ્યા કરવાની શક્તિ કોઇમાં હોતી નથી. એનો તો સસ્મિત સ્વીકાર કર્યે જ છૂટકો.

નહિ તો આઘાત લાગે; જીવન હારી જવાય.

ના. તે જરા ય પરવડે તેમ નથી.

## બિજાપુર (કર્ણાટક) મહાવીરનગરમાં ઉજવાયેલ

# ભવ્ય અંજનશલાકા - પ્રતિષ્ઠા મહામહોત્સવ

ગોલગુંબજના નામથી સમગ્ર વિશ્વમાં ઐતિહાસિક પ્રસિધ્ધ એવા શ્રી બિજાપુર (કર્ણાટક) નગરે - મહાવીર કોલોની પરિસરમાં શ્રી મહાવીર જૈન શ્વે. રિલિજિયસ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ નવનિર્મિત શ્રી સુમતિનાથ જિનપ્રાસાદમાં અંજનશલાકા પ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય મહામહોત્સવ જિન શાસનના જયોતિર્દાર સૂરિ 'રામ' સમુદાયવર્તી શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજા - પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા તથા પ્રવચનકાર ઉપાધ્યાય શ્રી અક્ષય વિજયજી ગણિવર્ય આદિ મુનિ ભગવંતો તથા પૂ. સાધ્વીજી શ્રી જય વર્ધનાશ્રીજી મ. સા., પૂ. સા. શ્રી સુરક્ષિતાશ્રીજી મ. સા. તથા પૂ. સા. શ્રી ધર્મજ્ઞાશ્રીજી મ. આદિની નિશ્રામાં ઐતિહાસિક ઉજવાયો.

અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભપૂર્વે શ્રી સુમતિનાથ ભગવાન આદિ જિનબિંબોનો નગર પ્રવેશ વૈશાખ સુદ-૧૧ના મંગળદિને ખૂબજ ઠાઠમાઠ થી થયેલ. પ્રભુજીના પ્રવેશ નિમિત્ત રૂા. ૫૦નું સંઘપૂજન તથા શ્રી સંઘ સ્વામિ વાત્સલ્યનું આયોજન થયેલ - અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તક વિવિધ ચઢાવાઓ તથા નૂતન જિનબિંબો આદિના ચઢાવાઓ રકર્ડરૂપ થવા પામેલ.

વૈશાખ વદ-૧૨ના મહોત્સવના પ્રથમદિને જળયાત્રા વિધાનના વરઘોડાનું આયોજન થયેલ.

વૈશાખ વદ ૧૪/૨ના દિને પ્રતિષ્ઠાચાર્ય પૂ. ગુરૂભગવંતના મંગળ પ્રવેશ નિમિત્તે ભવ્ય સામૈયું થયેલ.

વૈશાખ વદ ૦)) ના દિને બિજાપુર સંઘના પરમ ઉપકારી પૂ. મુ. શ્રી અક્ષયબોધિ વિજયજી મ. ની ૧૦મી માસિક પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સભાનું સુંદર આયોજન થયેલ.

જેઠ સુદ-૩ થી કલ્યાણક ની ઉજવણીનો મંગળ પ્રારંભ થયેલ. કલ્યાણક ઉજવણીના સ્ટેજ કાર્યક્રમ માટે સંગીતકાર શ્રી વિનિત ગેમાવત પધારેલ.

જેઠ સુદ-૮ના દિને દીક્ષા કલ્યાણકનો વરઘોડો તો ખૂબ જ સુંદર નીકળેલ, બપોરે દીક્ષા કલ્યાણક વિધિનો કાર્યક્રમ તો અવિસ્મરણીય બની જવા પામેલ

જેઠ સુદ-૯ના મંગળ મુહૂર્તે નૂતન જિનમંદિરમાં શ્રી સુમતિનાથ ભગવાન આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા ૐ પુણ્યાહં પુણ્યાહં... ના સુરીલા નાદ સાથે થતાંની સાથે જ ચારેબાજુ આનંદ ઉત્સાહના વાતાવરણ સર્જાઇ જવા પામ્ હતું. અંજનશલાકા પ્રતિષ્ઠા વિધિવિધાન માટે શ્રાદ્ધવ સંઘવીશ્રી મનસુખભાઇ રીખવચંદજી માલેગાંવવાળા તથ પ્રભુજીની મનોહર અંગરચના માટે શ્રાદ્ધવર્ય શ્રી ચીમનભા મુરવાડવાળા પધારેલ.

પ્રતિષ્ઠા પ્રસંગે બેંગ્લોરથી આવેલ સ્પેશ્યલ હેલિકોપ્ટ દ્વારા પુષ્પવૃષ્ટિ થવા પામેલ.

બિજાપુર - મહાવીર કોલોનીના આંગણે પ્રતિષ્ઠાચા પૂ. આચાર્ય ભગવંતોના સદુપદેશ - શુભાશિષથી અ જિનાલયના કાર્યનો પ્રારંભ થયેલ અને માત્ર ૩ વર્ષમાં ભવ શિખર બંધી જિનાલયનું નિર્માણ થઇ ગયું.

૧૫ દિનના આ મહા મહોત્સવમાં ૧૧/૧૧ દિન ત્રણે ટંક શ્રી સંઘ નવકારશીનું આયોજન ખૂબજ ઉદારત પૂર્વક થવા પામેલ - પ્રતિષ્ઠાના દિને ફ્લેચૂંદડી (બડ઼ નવકારશી નો લાભ તખતગઢ (રાજ.) નિવાસી શા પારસમલ વનેચંદજી રતનાજી પોરવાલે લીધો હતો જયજિનેન્દ્ર લખવાનો લાભ બાલોતરા (રાજ.) નિવાસી શા. છગનલાલજી આઇદાનજી સતાવત પરિવારે અને માત-પિતા બનવાનું સૌભાગ્ય તવાવ (રાજ.) નિવાસી શા રાયચંદજી ચેતમલજી સાકરીયા પરિવારને પ્રાપ્ત થેયલ.

જેઠ સુદ - ૧૦+૧૧ ના સવારે દ્વારોદઘાટકનનો કાર્યક્રમ પણ પૂ. પ્રતિષ્ઠાચાર્યના મંગલ પ્રવચન સાથે સુંદર સંપન્ન થયેલ.

અંજનશલાકા પ્રતિષ્ઠાના આ મહોત્સવમાં શ્રી મહાવીરનગર સંઘને પૂ. આચાર્યશ્રીના શિષ્યો પૂ. મુનિરાજશ્રી પુણ્યરક્ષિત વિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી આત્મરક્ષિત વિજયજી મ.નું માર્ગદર્શન ખૂબ જ ઉપકારક બનેલ.

આ પૂર્વે બિજાપુર સ્ટેશનરોડ ઉપર શ્રી ભાવવર્ધક શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ દ્વારા નિર્મિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનપ્રાસાદમાં પણ તેર દિવસના ઐતિહાસિક મહા મહોત્સવ સાથે અંજનશલાકા પ્રતિષ્ઠાનો યાદગાર કાર્યક્રમ ઉજવાયેલ.

એક જ મહિનામાં એક જ શહેરમાં આ રીતે પૂર્ણ દબદબા સાથે ઉજવાયેલ બે બે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવે બિજાપુરના નામ ઉપર ચાર ચાંદ લગાવી દીધેલ. પૂ. આચાર્યશ્રીનું આ વર્ષનું ચાતુર્માસ બિજાપુર આરાધક સંઘના ઉપક્રમે તથા પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ.મ. આદિનું ચાતુર્માસ જયખંડી સંઘના ઉપક્રમે નિર્વિત થયેલ છે.

## સમાચાર સાર

**ચેવલા :-**

પરમશાસન પ્રભાવક સ્વ. પ.પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ.મ.સા.ના શિષ્યરત્ન પૂ.મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.મ. તથા પૂ.મુ. શ્રી ધર્મભુષણ વિ.મ.નો ચાતુર્માસ પ્રવેશ જે. વ.-૫ને ગુરુવારના સસ્વાગત મંગલમય થયેલ છે. માંગલિક પ્રવચન પછી અત્રે ચાતુર્માસાર્થે પધારનાર પૂ.સાધ્વીજી શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ.ના સંસારી સંબંધી ચિ. નિલ્પાકુમારી અરવિંદભાઇ તરફથી ૫ રૂા. તથા અશોકભાઇ પટણી આદિ તરફથી ૧-૧ રૂા.નું સંઘપૂજન કરાયેલ તથા સૌ. નેહાબેન પટવા (મલાડ-મુંબઇ) તરફથી પ્રભુજીને ભવ્ય અંગરચના કરાયેલ. રોજ સવારના ૯થી ૧૦ ક. પ્રવચન ચાલે છે.

**બિજાપુર (કર્ણાટક) નગર :**

ગોળગુંબજ પરિસરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયનો ઉજવાયેલ ભવ્ય અંજનશલાકા

ગોળગુંબજના નામથી સમગ્ર વિશ્વમાં ઐતિહાસિક પ્રસિદ્ધિને પામેલા એવા શ્રી બિજાપુર (કર્ણાટક) નગરે સ્ટેશન રોડ ગોળગુંબજ પરિસર મધ્યે ભાવવર્ધક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘના ઉપક્રમે જૈન શાસનના મહાન જ્યોતિર્ધર સૂરિ 'રામ' સમુદાયવર્તી શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયકુંજર સૂરીશ્વરજી મહારાજા- પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિપ્રભ સૂરીશ્વરજી મહારાજા તથા પૂ. ઉપાધ્યાય શ્રી અક્ષય વિજયજી ગણિવર આદિની નિશ્રામાં વૈશાખ વદ-૧૧ના મંગલદિને શિખરબંધી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન પ્રાસાદનો અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ઠાઠમાઠથી ઐતિહાસીક શાસન પ્રભાવક ઉજવાયો.

આ અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગે સંઘની આગ્રહપૂર્ણ વિનંતીને માન આપી શ્રી સિદ્ધગિરિ મહાતિર્થથી ૧૨૦૦ કી.મી.નો ઉગ્રવિહાર કરી બિજાપુર સંઘને આંગણે વૈ.સુ. ૬ના દિને મંગલ પ્રવેશ કરેલ. પ્રવેશના દિને જ સોનામાં સુગંધની જેમ બાળ મુનિરાજ શ્રી પૂર્ણરક્ષિત વિજયજી મ.ની વડીદીક્ષાનો પ્રસંગ મંગલમય સંપન્ન થયેલ. પૂ. આચાર્ય ભગવંતોની પધરામણી નિમિત્ત શ્રી સંઘ સ્વામી વાત્સલ્ય થયેલ.

વૈ.સુ. ૭ના દિને સ્ટેશન રોડ સંઘના આંગણે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ જિનબિંબોનો પ્રવેશની સાથે સાથે પૂ. આચાર્ય ભગવંતોનો પ્રવેશ પણ ભવ્ય સામૈયા- રથયાત્રા પૂર્વક થવા પામેલ. પ્રવેશના દિને જ સોનામાં સુગંધની જેમ સ્ટેશન રોડ સંઘ નિર્મિત વોરા આરાધના ભવનના ઉદ્ઘાટનનો કાર્યક્રમ ખૂબ જ મંગલમય સંપન્ન થયેલ. આજના મંગલદિને ઉભય આચાર્ય ભગવંતોનો સંયમ જીવનના ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ હોઇ સંઘના આનંદમાં વૃદ્ધિ થવા પામી હતી. દેવ ગુરુના પ્રવેશ નિમિત્તે શ્રી સંઘ તરફથી ૫૫ રૂા.નું સંઘપૂજન થયેલ. કામળી ગુરુપૂજન ના ચઢાવા પણ ખૂબ સુંદર થયેલ. સંઘ સ્વામી - વાત્સલ્યનું આયોજન પણ થયેલ.

વૈ.સુ. ૧૪થી અંજનશલાકા- પ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ પ્રારંભ થયેલ. ૧૩ દિવસનો ભવ્ય જિનભકિત મહોત્સવ ઉજવાયેલ. વૈ.વ. ૧૦ના દિને દીક્ષા કલ્યાણકનો વરઘોડા ખૂબ જ સુંદર નીકળેલ. વૈ.વ. ૧૧ના શુભદિને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનપ્રાસાદની પ્રતિષ્ઠાનો કાર્યક્રમ ખૂબ જ ઠાઠમાઠથી સંપન્ન થયેલ. પ્રતિષ્ઠા બાદ પૂ. આચાર્ય ભગવંતાદિના ચાતુર્માસ નિર્ણયની જાહેરાત થનાર હોઇ ચાતુર્માસ માટે બિજાપુર- સોલાપુર, જયખંડી- મુદ્દેબિહાલ- કરાડ આદિ સંઘોએ ભાવપૂર્ણ વિનંતી કરી હતી. સંઘના લાભાલાભનો વિચાર કરી બિજાપુર ખાતે પૂ. આચાર્ય ભગવંતોના ચાતુર્માસની 'જય' બોલાતા બિજાપુરવાસીઓ હર્ષોલ્લાસથી નાચી ઉઠયાં હતાં. જમખંડી ખાતે પૂ.મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. આદિ તથા સોલાપુર ખાતે પૂ.સા. શ્રી જયવર્ધનાશ્રીજી મ. આદિની જય બોલાઇ હતી. મહોત્સવ દરમ્યાન વિધિકાર શ્રાદ્ધવર્ય સંઘવી શ્રી મનસુખભાઇ (માલેગાંવ) સંગીતકાર શ્રી મુકેશભાઇ નાયક (પાટણ) આંગીકાર-શ્રાદ્ધવર્ય ચીમનભાઇ (મુરબાડ) પધારેલ.

આ અંજનશલાકા મહોત્સવમાં કલ્યાણક ઉજવણીનો સંપૂર્ણ મહાન લાભનો આદેશ પોતના સ્વ. માત-પિતા લાડુબેન ઝવેરચંદના સ્મરણાર્થે ગુલબર્ગા નિવાસી શ્રીયુત કાંતીલાલ ઝવેરચંદે લીધેલ. કલ્યાણક ઉત્સવ તથા સંપૂર્ણ મહોત્સવ દરમ્યાન શ્રેષ્ઠિવર્ય શ્રી કાંતીભાઇની ઉદારતા સહુ માટે આદર્શરૂપ કહી શકાય એવી હતી. કાંતીભાઇના ધર્મપત્ની સૌ. કંચનબેન કુલમહત્તરા, કાંતિભાઇના સુપુત્ર પ્રદીપભાઇ તથા સૌ. કલ્પનાબેન માત-પિતા, કાંતિભાઇના સુપુત્ર સાગરકુમાર તથા સૌ. સ્મિતાબેન ઇન્દ્ર- ઇન્દ્રાણી બનેલ. આ સિવાય પરિવારમાંથી કુસુમબેન, જ્યોત્સનાબેન, સંકિત-ભાગ્યેશ સૌ. દર્શના, પ્રિયા- મોનીકા આદિ બધાએ જુદા જુદા પાત્ર બનવાનો લાભ લઇ મહોત્સવને અત્યંત દીપાવેલ.

પ્રભુ પ્રતિષ્ઠા ધજા- કળશ- આદિની પ્રતિષ્ઠાન. ચઢાવાઓ પણ સુંદર થયેલ. વૈ.વ. ૧૨ના દિને દ્વારોદ્ઘારનો કાર્યક્રમ પણ ખૂબ જ સુંદર થયેલ. રેકર્ડરૂપ બોલી થયેલ. દ્વારોદ્ઘાટન બાદ પૂ.

આચાર્ય ભગવંતશ્રીના સદુપદેશથી વાર્ષિક સર્વ સાધારણના ચઢાવાઓ પણ ખૂબ જ સારા બોલાયેલ.

અંજનશલાકા- પ્રતિષ્ઠા પ્રસંગે ઉપકારી ગુરુ ભગવંતોએ પાલિતાણ થી ઉગ્ર વિહાર કરી પ્રભાવક નિશ્રાપ્રદાન કરી તે બદલ સંઘના અધ્યક્ષ શ્રી હુકમીચંદજી વોરા- ટ્રસ્ટી મંડળ તથા આરાધકોએ ખૂબ જ ઉપકાર વ્યકત કરેલ.

અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવના વિવિધ ચઢાવાઓ પ્રસંગે નિશ્રા પ્રદાન કરનાર - આરાધના ભવન પ્રેરણાદાતા પૂ. મુનિરાજ શ્રી પૂણ્યરક્ષિત વિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી આત્મરક્ષિત વિજયજી મ.નું માર્ગદર્શન પણ આ મહોત્સવ પ્રસંગે પ્રાપ્ત થતાં સંઘે મહાત્માઓનો ઉપકાર વ્યકત કરેલ.

એકંદરે બિજાપુર નગરે- સ્ટેશન રોડ સંઘના ઉપક્રમે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનપ્રાસાદનો અંજનશલાકા પ્રતિષ્ઠાનો મહોત્સવ યાદગાર - ઐતિહાસિક અને અવિસ્મરણીય ઉજવાઇ ગયો.

શ્રી જિનમંદિર નિર્માણ -આરાધના ભવન નિર્માણ તથા અંજનશલાકા- પ્રતિષ્ઠા- મહોત્સવના સંપૂર્ણ આયોજનના આધાર સ્તંભ જેવા જો કોઇ હોય તો તે હતાં. સંઘવી ભિખુભાઇ હિરાચંદ શાહ શ્રીયુત દલીચંદ માવજી શાહ, સંઘવી હુકમીચંદ માણેકચંદ વોરા, શ્રીયુત કાંતીલાલ ઝવેરચંદ શાહ, શ્રીયુત પ્રતાપરાય ત્રિભોવનદાસ શાહ, સૌ. શાંતાબેન કાંતીલાલ શાહ તથા શ્રીયુત મોહનલાલ મગનલાલ શાહ, તેઓશ્રીનું તથા તેઓના પરિવારનું યોગદાન સ્ટેશન રોડ શ્રી સંઘ માટે અત્યંત અનુમોદનીય તથા અવિસ્મરણીય હતું.

**નવસારી - ર. છ. ઉપાશ્રયમાં ચાતુર્માસ પ્રવેશ :**

ગત અષાઢીબીજ મંગળદિને નવસારીના રાજમાર્ગો પર ચાતુર્માસ પ્રવેશ યાત્રાના ચોઘડીયા રણકી ઉઠ્યા હતાં. પૂ. મુનિરાજ શ્રી ભવ્યવર્ધન વિ. મ., પૂ. મુ. શ્રી મંગલવર્ધન વિ. મ. તેમજ પૂ. મુ શ્રી હિતવર્ધન વિ. મ. પૂજ્યોની આજ્ઞાથી ચાતુર્માસ અર્થે પધારતાં સંઘ જનોની ઉત્કંઠા તૃપ્ત થઇ હતી.

પૂજ્ય મુનિવરોના ચાતુર્માસ પ્રવેશ દિને નવસારી સ્થિત મધુમતી-ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘમાં સકળ સંઘની નોકારશી ભક્તિ રાખવામાં આવી હતી. ત્યારબાદ પ્રવેશ યાત્રાનો શુભારંભ થતાં વિશાળ સંખ્યામાં સાજન-માજન એમાં સામેલ થયું હતું. ઠેર-ઠેર ગહુલીઓ દ્વારા પૂજ્યોના સ્વાગત થયા હતાં.

વિવિધ માર્ગોપર ફરી શ્રી આદિનાથ જિનાલયે દર્શન કરી સામૈયું ર. છ. ઉપાશ્રયમાં પહોંચતા વ્યાખ્યાન સભારૂપે ફેરવાયું હતું.

સૌ પ્રથમ ગુરુ ગુણગીત સંગીતકાર સુરેશભાઇએ સમૂહમાં ઝીલાવ્યાં બાદ ગુરુ પૂજનની ઉછામણી બોલાઇ હતી. નરેશભાઇ ડી. એન. આરે ઉછામણીનો લાભ લઇ સ્વ. 'સુરિરામ' ની પ્રતિકૃત્તિનું તેમજ પૂજ્ય મુનિવરોનું નવાંગ ગુરુ પૂજન કર્યું હતું. ત્યાર પછી અ. સુ.-૮ થી પ્રારંભાનારા અને ચાતુર્માસિક વ્યાખ્યાનનો વિષય બનનારા શ્રાધ્ધદિન કૃત્ય ગ્રંથ સંબંધી ચઢાવા બોલાયા હતાં. જેમાં ઉલ્લાસ પૂર્વક ભાગ્યવાનોએ લાભ લીધો હતો.

અંતે પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિ. મ. એ ૧૦-૩૫ થી ૧૧-૧૫ સુધી પ્રેરક પ્રવચન ફરમાવ્યું હતું.

સર્વમંગલ થયા બાદ સંઘ તરફથી શ્રીફળ તેમજ અન્યાન્ય ભાવિકો તરફથી રૂ. ૧૦ ની પ્રભાવના થઇ હતી.

**પૂજ્ય ગણિવર્યશ્રીનું ચાતુર્માસ અને પુસ્તક વિમોચન :**

ગોડવાડના ગૌરવ પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ. સા. આદિ પાંચ ઠાણાનું આગામી ચાતુર્માસ પ્રવેશ તા. ૬-૭-૨૦૦૩ રવિવારના દિવસે પુણેની ધન્યનગરી ચેરવડામાં થશે. ૯ વાગે પૂજ્યશ્રીનું સામૈયું વ્હાઇટ હાઉસ સોસાયટીથી પ્રારંભ થશે.

પૂજ્યશ્રીના માંગલિક પ્રવચન બાદ પૂજ્ય ગણિવર્યશ્રી દ્વારા આલેખિત ૯૬મું પુસ્તક ''ચૌદહ ગુણ સ્થાનક'' નું ભવ્ય વિમોચન ડૉ. કલ્યાણજી ગંગવાલના વરદ હસ્તે રાખવામાં આવેલ છે.

છેલ્લા ૧ વર્ષથી પૂજ્ય ગણિવર્યશ્રી પૂના અને પૂનાની આજુબાજુના ક્ષેત્રોમાં વિચરણ કરી પોતાની આગવી પ્રવચન શૈલી દ્વારા લોકોને સન્માર્ગમાં જોડવાનું અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છે.

ચાતુર્માસ દરમ્યાન દરરોજ સવારે ૯ કલાકે ધર્મરત્ન પ્રકરણ - સિંદુર પ્રકરણ આદિ ગ્રંથોના આધારે પૂજ્યશ્રી પ્રવચન - વર્ષા કરશે, જેમાં ભીંજવી અનેક આત્માઓ પોતાના આત્માને પાવન બનાવશે.

**મુરબાડ : (મહારાષ્ટ્ર)**

અત્રે શ્રી આદિનાથ સ્વામી દેરાસરે પરમ પૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા નિમિત્તે નૂતન ગચ્છાધિપતિ પૂજ્ય પાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં જેઠ વદ-૬ થી ત્રણ દિવસનો જિન ભક્તિ મહોત્સવ ખૂબજ ભવ્યતાથી ઉજવાયો. ત્રણેય દિવસ ત્રણે ટાઇમ ના સાધર્મિક સ્વામી વાત્સલ્ય જુદા જુદા ભાવિકો તરફથી થતાં હતાં. પરમાત્માને

ભવ્ય અંગરચના દિપક રોશની થતું હતું. જેઠ વદ-૮ના સવારે પૂજ્ય આચાર્ય ભગવંતનો મંગલ પ્રવેશ થયો હતો. વ્યાખ્યાન બાદ રૂા. ૫૦ નું સંઘ પૂજન થયું હતું. બપોરે વિજય મુહર્તે શ્રી બૃહદ્ સિધ્ધચક્ર મહાપૂજન ઠાઠ થી ભણાવાયું. જેઠ વદ-૯ ના સવારે ગુરુમૂર્તિના અભિષેક થયેલ બાદ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા ખૂબજ ઉમંગ, ઉત્સાહ અને ઠાઠથી થયેલ. બપોરે વિજય મુહર્તે શ્રી બૃહદ અષ્ટોતરી સ્નાત્ર ઠાઠથી ભણાવાયું. જીવદયાની ટીપ ખૂબજ સુંદર થઇ હતી. ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા બાદ શ્રી સંઘ તરફથી ચાંદીના સિકકા તેમજ જુદા જુદા ભાવિકો તરફથી રૂા. ૪૦ની પ્રભાવના થઇ હતી. બપોરે અષ્ટોતરી બાદ શ્રીફળ તેમજ ફેણીની પ્રભાવના થઇ હતી. જેઠ વદ-૧૦ના સવારે પ્રભુજીના અઢાર અભિષેક ઠાઠથી થયેલ. મહોત્સવના વિધિ વિધાન જામનગરાવાલા સુકૃત ક્રિયાકાર નવીનભાઇ બી. શાહ એ ખૂબજ ભાવ પૂર્વક કરાવેલ.

**ભીવંડી :**

અત્રે ભીડભંજન સંઘમાં પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂરીશ્વરજી મ. આદિનો અષાઢ સુદ - ૨ ના પ્રવેશ થયો છે.

ગોકુલનગરમાં પૂ. પં શ્રી કિર્તીચંદ્ર વિજયજી મ. આદિનો સુદ-૨ નાં પ્રવેશ થયેલ છે. અજન્ટા કમ્પાઉન્ડમાં પૂ. પ. શ્રી શિવસુંદર વિ. મ. આદિનો અ. સુ. - ૨ ના પ્રવેશ થયેલ છે.

ઓસવાળ પાર્કમાં પૂ. સા. શ્રી જયભદ્રાશ્રીજી આદિનો પ્રવેશ થયેલ છે.

**ભીવંડી :**

શુભ શાંતિ કોમ્પ્લેક્ષમાં પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી યોગિન્દ્ર વિજયજી મ., પૂ. મુ. શ્રી અવિચલેન્દ્ર વિજયજી મ. ઠાણા-૨નો આ. સુ.-૨ નો ધામધૂમથી પ્રવેશ થયેલ છે. સામૈયુ તથા સાધાર્મિક ભક્તિનો લાભ શાહ પ્રભુલાલ સોજપાર ગોસરાણી - મોટા માંઢા વાળા એ લીધો હતો. ૩૦૦ જેવી સંખ્યા થઇ હતી. સ્વાગત બાદ પૂ. મુ. શ્રી અવિચલેન્દ્ર વિ. મ.એ પ્રવચન આપેલ. દરરોજ બપોરના ૩-૦૦ થી ૪-૦૦ પ્રવચન ચાલુ છે. પૂ. પ્રવર્તિની સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિનો પ્રવેશ ગોપાલનગરમાં અષાઢ સુદ-૧૦ ના થશે.

**વિજયવાડા (આંધ્ર) :**

અત્રે જૈન ટેમ્પલ સ્ટ્રીટ ખાતે ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય જિનોત્તમ સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ - ૧૦ ના ધામધૂમથી થયેલ છે.

**કોટા (રાજ.) :**

અત્રે પૂ. આ. શ્રી વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. આદિ ઠા. ૪ તથા પૂ. આ. શ્રી ચેતોદર્શિતા શ્રીજી મ. ઠા ૪ નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ - ૩ના થયેલ છે. ઉત્સાહ ખૂબ છે.

**પાલણપુર (ઉ. ગુ.) :**

અત્રે ખોડા લીમડા ખાતે પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય સંયમરત્ન સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય યોગતિલક સૂરીશ્વરજી મ. આદિ ઠા. નો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ - ૭ના ઠાઠથી થયો છે.

**વિલે પાર્લે (મુંબઇ) :**

ઘેલાભાઇ સેનીટેરીયમ ખાતે પૂ. આ. શ્રી નિત્યોદયસાગર સૂરીશ્વરજી મ. આદિનો અષાઢ સુદ - ૧૧ના ચાતુર્માસ પ્રવેશ ઉત્સાહથી થયો છે. પ્રવચનમાં શ્રાધ્ધ વિધિ ગ્રંથ તથા સમરાદિત્ય કેવળી ચરિત્ર વંચાશે.

**અંધેરી ઇર્લા (મુંબઇ) :**

અત્રે પૂ. આ. શ્રી વિજય વિદ્યાનંદ સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ-૧૦ના ઉલ્લાસથી થયો છે

**અમદાવાદ :**

સાબરમતી રામનગર ખાતે ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય હેમપ્રભ સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ-૩ના ધામધૂમથી થયો છે. પ્રવચનમાં જ્ઞાન સાર અને યુગાદિ દેશના વંચાશે.

**કાંદીવલી :**

શંકરલેન મહાવીરનગરમાં પૂ. ગણિવર્યશ્રી ગુણચંદ્ર સાગરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૩ ના ભવ્યતાથી થયેલ છે. પ્રવચનમાં ઉત્તરાધ્યયન સૂત્ર તથા સમરાદિત્ય કેવલી ચરિત્ર વંચાશે.

**પિંડવાડા (રાજ.) :**

અત્રે પૂ. વયોવૃધ્ધ સ્વ. પ્રવર્તિની પૂ.સા શ્રી ખાંતિશ્રીજી મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે પૂ.આ. શ્રી વિજય દર્શન રત્ન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં વૈ. સુ. ૧૨થી જેઠ વદ -૨ સુધી સુંદર રીતે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો.

**અમદાવાદ - શાહીબાગ :-**

જયપ્રેમ સોસાયટી અત્રે પૂ.આ. શ્રી ગુણરત્ન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પ્રભુએ લગીલગન- ભા.૧ કર્તા પૂ. મુ.શ્રી મુનિરત્ન વિ.મ. આ પુસ્તકનું વિમોચન વિધાન સભાના અધ્યક્ષ ધીરૂભાઇ શાહ, ભા-૨નું ચિરાગ તથા વિક્રમભાઇ (ભાવનગરવાળા)એ કરેલ.

પૂ.મુ. શ્રી મુનીશરત્ન વિ.મ.નું ચાતુર્માસ આંબાવાડી છે. તા. ૮ જુલાઇ પ્રવેશ કરશે.

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

- માત્ર પ્રવૃતિમાં જ ધર્મ દેખાય, એને ભાવ વિનાનો ધર્મ કહેવો પડે. ધર્મ જ્યારે વૃતિમાં વણાઈ જાય, ત્યારે એ ભાવ વાળો ગણાય. માત્ર ધર્મ જ કર્યા કરવાથી સંસારનો પાર પામી જવાતો હોત, તો તો સંસાર ક્યારનોય ખાલી થઇ ગયો હોત. કેમકે આપણા જીવે ધર્મ કઈ ઓછો કર્યો નથી. પણ એમાં ભાવ ભળ્યો ન હોવાથી જ આ રણું ઠેકાણું પડ્યું નથી.

- જે આપણું નથી, એને છોડી દેવાની આપણી પૂરેપૂરી તૈયારી હોય, તો જે આપણું જ છે, એને મેળવી આપવાનો કોલ પાળવા ધર્મ તો તૈયાર જ છે.

- આમ તો તમને અમારે રાગ-દ્વેષથી સંપૂર્ણ મુક્ત જ બનાવવા છે આ જ અમારું આખરી ધ્યેય છે. પણ આ ધ્યેયની સિદ્ધિ માટે હાલ સૌ પ્રથમ તો અમારે તમારા રાગ-દ્વેષનો સ્થાન-પલટો જ કરાવવો છે. તમને સુખ અને સુખસામગ્રી પર જ રાગ છે. દુ:ખ અને દુ:ખ-સામગ્રી પર જ તમને દ્વેષ છે. આમાં પલટો લાવવો એ જ ધર્મ છે. જ્યાં તમારો દ્વેષ છે, ત્યાં રાગ પેદા કરવો અને જ્યાં રાગ છે, ત્યાં દ્વેષ પેદા કરવો, એ જ અમારું સાધુનું કાર્ય છે. રાગદ્વેષના સમૂળ નાશ માટે સૌ પ્રથમ તો આ રીતે રાગદ્વેષનો સ્થાનપલટો જ જરૂરી છે.

- ધર્મ કેમ સારી રીતે કરી શકાતો નથી, એનું કારણ તમે શોધ્યું છે ખરું ? તમને સુખ ગમે છે, માટે સુખ છોડી શકાતું નથી, તમને દુ:ખ ગમતું નથી, માટે દુ:ખ વેઠી શકાતું નથી. અને આજ કારણે તમે સાચું ધમરાધન કરી શકતા નથી. કેમકે સુખ છોડવું અને દુ:ખ વેઠવું, એ જ તો ખરો ધર્મ છે.

- દુ:ખોને વેઠવાની ટેવ પાડવી, કે દુ:ખો પ્રસન્નતા પૂર્વક વેઠવા, આટલું જ પૂરતું નથી. ધર્મમાં સ્થિર રહેવા માટે તો આની સાથે સાથે સુખોમાંય સાવધ રહેવું અતિ જરૂરી છે. દુ:ખો વેઠવા છતાં સુખોની લાલચમાં જે ફસાઇ જાય, સુખોથી જે સાવધ ન રહી જાણે, એ પણ ધર્મથી ક્યારે પતિત-ભ્રષ્ટ બની જાય, એ ન કહી શકાય.

- આત્મા તો એક ત્રિકાળવર્તી સનાતન સત્ય અને તત્વ છે. માટે આત્માને અનુલક્ષીને તો એક જ વર્તમાનકાળનો પ્રયોગ કરાય કે, 'આત્મા છે.' આમ છતાં આત્મા અંગે 'હતો, છે અને રહેશે' આ જાતનો ત્રિકાળ વિષયક જે પ્રયોગ થાય છે, એ આત્માને લાગુ પડેલી દેહની/કર્મની ઉપાધિને કારણે થાય છે. આત્મા તો ક્યારેય મરતો નથી, આત્માને વળગેલો દેહ જ જન્મે-જીવે-મરે છે. બાકી આત્મા તો ક્યારેય જન્મતો/ મરતો નથી. આત્મા તો સદાય જીવંત જ રહે છે.

- 'દુ:ખ ન જોઈએ, સુખ જ જોઈએ તેમજ મારું દુ:ખ ટળો, મને સુખ મળો' આવો જાપ દિનરાત કર્યા કરવાથી જ જો દુ:ખ ટળી જતું હોત અને સુખ મળી જતું હોત, તો આ સંસારમાં સૌ કોઈ સુખી જ હોત ! પરંતુ સંસારમાં દુ:ખી ઘણા છે અને સુખી ગણાતા થોડા પણ સાચા અર્થમાં સુખી નથી. માટે સુખી બનવા માટે તો સાચો રાહ અપનાવવો જોઈએ. અને એ રાહ છે : પાપમુક્ત બનવાનો ! સુખ-દુ:ખની ઝાઝી ચિંતા કર્યા વિના જો પાપમુક્ત બનવાનો પુરુષાર્થ કરવા મંડી પડાય, તો કાયમ માટે જડ-મૂળથી દુ:ખ ટળી જાય અને સુખ મળી જાય.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

*ભોગ વમ્યા મુનિ મન શું ન ઈચ્છે*

विज्ञहित्तु पुव्वसंजोयं,
न सिणेहं कहिं चि कुव्वेज्ञा ।
असिणेह सिणेहकरेहिं,
दोसपओसेहिं मुच्चए भिक्खु ॥
(શ્રી ઉત્તરા૦, અધ્ય૦ -૮, ગા૦ ૨)

પૂર્વ સંયોગોનો સંબંધોનો
સર્વથા ત્યાગ કર્યા પછી
ભિક્ષુ ફરી કોઈપણ વસ્તુ કે
વ્યક્તિમાં સ્નેહ ન કરે,
સ્નેહ કરનારાઓની વચ્ચે જ
નિસ્નેહી- નિર્મોહી થાય છે
તે જ દોષ-પ્રદોષોથી મૂકાય છે.

વર્ષ ૧૫ | અંક ૩૯

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# જૈન શાસન
અઠવાડિક

# કરુણા નિધાન ભગવાન મહાવીર







'તીર્થંકર' પદ સંસારમાં સર્વોચ મહાન પદ છે. ઘણા જન્મોની તપસ્યા તથા સાધનાના ફલ સ્વરૂપ આત્મા આ મહાન પદને પામે છે. તર્થંકર ભગવાન મહાવીરને આ પદ સુધી પહોંચતા ૨૭ જન્મની તપસ્યા તથા સાધનાની લાંબી વાર્તા છે.







| | | | |
|---|---|---|---|
| પૂર્વ - ભવ | જન્મ | દીક્ષા | કેવલજ્ઞાન |

आज्ञाराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશે દ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઇ)
ભરત સુદર્શનભાઇ મહેતા (રાજકોટ)
હેમન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫ ✻ સંવત ૨૦૫૯ શ્રાવણ સુદ - ૮ ✻ મંગળવાર, તા. ૫-૮-૨૦૦૩ (અંક : ૩૯

## પ્રવચન ત્રેસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદ-૪, શનિવાર, તા. ૧૦-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઇ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पियमाय ऽवच्च भज्जा सयणधणा सबलतित्थिमंतिनिवा ।
नायर अहमपमाया परमत्थभयाणि जीवाणं ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા સહસ્રાવધાની શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદર-સૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે - જીવને ધર્મની આરાધનામાં જેમ પાંચ પ્રમાદો ભયંકર અપકાર કરે છે તે જ રીતે એ ધર્મને નહિં પામેલા માતા-પિતાદિ પણ ધર્મમાં વિઘ્ન કરનારા થાય છે. ધર્મ પરિણામ ક્યારે પામે ? સંસારની અસારતા સમજાય તેના કરતાં પણ સંસારનું સારમાં સારું સુખ ગમે તો દુર્ગતિમાં જ જવું પડે-આમ માને તેના હૈયામાં જ ધર્મ પરિણામ પામે. તેવા આત્માને સંસારથી છૂટી મોક્ષે જવાની ખૂબ તાલાવેલી લાગે. આવું જેને મન થાય તેને જ ધર્મ ગમ્યો કહેવાય. બાકી ભગવાનનો ધર્મ મળવો ખૂબ દુર્લભ છે, મળ્યા પછી ટકવો દુર્લભ છે. જીવનભર ધર્મ ટક્યો રહે અને સારામાં સારી આરાધના થાય તો તે આત્મા સારો કાળ હોય તો તે ભવમાં મુક્તિએ જાય, નહિ તો ત્રીજે-પાંચમે ભવે મોક્ષમાં જાય, બહુ લાંબો કાળ સંસારમાં ન ભટકે તે દૃષ્ટિએ વિચાર કરીએ તો આપણા હૈયામાં ધર્મનો પરિણામ-ભાવ પેદા થાયો છે કે નહિ તે વિચારવું જોઇએ. તે માટે રોજ વિચારવું કે, 'પુણ્ય યોગે જે સુખ મળ્યું છે તે ગમી જાય તો શું થાય ?' ધર્મ કર્યો તેના પ્રતાપે સારું પુણ્ય બંધાયું તેથી શેઠ, શાહુકાર, રાજા-મહારાજા થાય ઊંચામાં ઊંચી સારી સામગ્રી પામે તેમાં શંકા નથી પણ તે સામગ્રીને જ ઉપાદેય માની તેમાં જ મજા કરે તો તેની હાલત શી થાય ? આ સમજાય નહિ તો વિરાગ આવે નહિ.

દુનિયાના સુખ અને સુખની સામગ્રી ઉપર પ્રેમ છે કે અપ્રેમ છે ? તે મળે તો આનંદ થાય છે કે સાવચેત રહેવાનું મન થાય છે ? તેમાં જ આનંદ આવે તેવા મોટે ભાગે દુર્ગતિમાં જાય. તેમાં સાવચેત રહે તે સદ્‌ગતિમાં જઈ પરમપરાએ મોક્ષમાં જાય. દુનિયાની સુખ સામગ્રી જ ગમ્યા કરે, તેમાં જ મજા આવ્યા કરે તે બધાને દુર્ગતિમાં જવું પડે - આ જાતિની શ્રધ્ધા છે કે નહિ ?

માતા-પિતાદિ પણ ધર્મમાં અંતરાયભૂત છે આ વાત જો બરાબર સમજાઇ જાય તો આગળ વધશે, બાકી જો માતા-પિતા-પુત્રાદિના લોભમાં ફસી જઇશું તો હારી જઇશું.

વાસુદેવ અને બળદેવ એ બંનેય હંમેશા ભાઇઓ હોય છે, તેમનો ભાતૃપ્રેમ એવો હોય છે જેનું વર્ણન ન થાય. પણ તેનો પ્રેમ જ દુર્ગતિમાં લઇ જાય છે. શ્રી લક્ષ્મણજી અને શ્રી રામચંદ્રજી વાસુદેવ અને બળદેવ છે. શ્રી લક્ષ્મણજી ને શ્રી રામચંદ્રજી ઉપર ઘણો જ પ્રેમ છે. પ્રસંગ પામીને દેવોને બેના પ્રેમની પરીક્ષા કરવાનું મન થયું અને શ્રી લક્ષ્મણજી પાસે આવીને કહે કે, શ્રી રામચંદ્રજી ગયા. આ સાંભળતા જ શ્રી લક્ષ્મણજી સાચે સાચ મરી ગયા. આ વાત જાણો છો ને ? વાસુદેવના આત્માઓ હંમેશા નરકગામી હોય છે. નિયાણુ કરે તે જ વાસુદેવ થાય. ધર્મ સારામાં સારો કરે પણ ધર્મના ફળ તરીકે દુનિયાની ચીજ-વસ્તુ કે બળાદિ માગે. અને ત્રણે ખંડના માલિક થાય પણ અંતે ક્યાં જવું પડે ? નરકમાં.

બન્નેય રાગી હોય તો પરસ્પરનું સત્યાનાશ કાઢે. શ્રી રામચંદ્રજી બળદેવ છે અને પ્રસંગ પામી સીતાજીએ દિવ્ય કર્યા પછી, શ્રી કેવળજ્ઞાની મુનિ પાસે દીક્ષાને લીધી. તેથી તેઓ એકદમ મૂર્ચ્છિત થાય છે. ચેતના પામ્યા પછી ખબર પડી કે, સીતાજી સાધ્વી થયા છે ત્યારે શું બોલે છે તે જાણો છો? ''તે મુંડ માથાવાળી સીતાને પકડીને અહીં લઇ આવો નહિ તો બધાને મારી નાખીશ.'' તે વખતે કોણ પકડવા જાય? પોતે ધનુષ્ય ઉપાડીને તેનો ટંકારવ કરે છે. તે વખતે જો શ્રી લક્ષ્મણજી હોય નહીં તો જુલમ થઇ જાય. તે વખતે શ્રી રામચંદ્રજીનો હાથ પકડીને કહે છે કે - ''હે આર્ય ! આપે શું ધાર્યું છે? શું કરવા માગો છો? જે વખતે મુનિને કેવળજ્ઞાન થયું છે અને શ્રીમતી સીતાદેવીજી સાધ્વી થયા છે - તેમના મહોત્સવને બદલે આ શું કરો છો? ત્યારે તેઓ મોહની દશામાંથી એકદમ બહાર આવે છે, જાગૃત થાય છે અને કેવળજ્ઞાની મહાત્માની પાસે જાય છે. ધર્મદેશના સાંભળ્યા પછી પહેલા જ કેવળજ્ઞાનીને પ્રશ્ન પૂછે છે કે - ''ભગવંત ! હું ભવ્ય હોઇશ કે અભવ્ય હોઇશ?'' આવી શંકા કેમ પડી? સીતાદેવી સાધ્વી થયા અને મને ગુસ્સો આવ્યો, સાચી સમજણ આવી એટલે પૂછયું. ત્યારે જ્ઞાનિએ કહ્યું કે-ભવ્ય છો. પછી પૂછે છે કે ભવ્ય છું તો ચરમ શરીરી છું કે અચરમ શરીરી? કેવળજ્ઞાની કહે કે - ચરમ શરીરી. ફરી પૂછે છે કે - આ શ્રી લક્ષ્મણજી ઉપરનો પ્રેમ જશે કે નહિ? તે વિના સાધુ શી રીતના થઇ શકીશ? મુનિ કહે છે કે - બધું જશે. ત્યારે આનંદ પામ્યા. દુનિયાની કોઇપણ વસ્તુ ઉપર પ્રેમ થાય તો તે આત્માને લાભ કરે કે હાનિ કરે? **માતા-પિતાદિ વડિલની ભક્તિ કરવાની શાસ્ત્રે કહી છે, પ્રેમ રાખવાની ના પાડી છે.** આ ધર્મ ઊંચો છે. શરીર માટે જરૂર પડે તો ખાવાની છૂટ આપી છે, પણ સ્વાદ કરવાની મના કરી છે. ભસવું અને લોટ ફાકવા જેવી વાત છે ને? ધર્મની આરાધના માટે ખાવું પડે ને ખાય તો નિર્જરા થાય અને સ્વાદ કરે તો કર્મબંધ થાય. દુનિયાની ચીજ પરનો રાગ આત્માને મારનારો છે. આ વાત હૈયામાં ઉતરે તો જ કામ થાય તેવું છે. સમ્યગ્દૃષ્ટિ જીવને સુદેવ-સુગુરુ-સુધર્મ-ધર્મની સામગ્રી અને ધર્મના આરાધકોને છોડીને દુનિયાની કોઇ પણ ચીજ ઉપર રાગ થાય નહિ અને કદાચ રાગ થઇ તો તે વિચારે કે - 'આ રાગ જ મને મારનારો છે. દુર્ગતિમાં લઇ જનારો છે. આના પર મને રાગ થાય છે? આ રાગને રોકીશ નહિ, ઘટાડીશ નહિ, છોડીશ નહિ અને રાગમાંને રાગમાં મરીશ. તો નિયમા દુર્ગતિ થશે.' આવા વિચારો તમને આવે છે ખરા?

શ્રી રામચંદ્રજીને લક્ષ્મણજી ઉપર ઘણો જ રાગ છે. તેથી જ સમજે છે કે, આ રાગ છૂટે નહિ તો મારું કલ્યાણ થાય નહિ. તેથી શ્રી કેવળજ્ઞાનિ મહાત્માએ કહ્યું કે, ચરમ શરીરી છો અને રાગ પણ છૂટશે ત્યારે આનંદ પામ્યા છે. શ્રી લક્ષ્મણજી મર્યાના ખબર પડયા પછી તેઓ લગભગ પાગલ જેવા થઇ ગયા છે. મારો લક્ષ્મણ મને કહ્યા વિના મરે જ નહિ. પછી જાગી ગયા તે જુદી વાત. ભાઇનો ભાઇ ઉપરનો રાગ મારનારો છે તે વાત સમજાય છે?

ભક્તિ રાગ અને ગુણરાગની વાત નથી પણ કામરાગ-સ્નેહ રાગ અને દૃષ્ટિ રાગની વાત ચાલે છે. સ્નેહ રાગમાંથી જ કામ રાગ જન્મે છે. પછી શું શું થાય તેનું વર્ણન થાય તેવું નથી. ભક્તિરાગ અને ગુણરાગ મોક્ષમાં સહાયક છે માટે જ સુદેવ-સુગુરુ-સુધર્મ-ધર્મનાં સાધનો અને ધર્મના આરાધકો ઉપરનો રાગ તે સંસાર સાગરથી પાર ઉતારનાર છે. આવા પ્રશસ્ત રાગ વિના ભક્તિ પણ શી રીતે થાય? ભગવાન ઉપરના રાગ વિના સાચી ભક્તિ પણ થઇ શકે

નહિ. તેવા રાગ વિના પૂજા તો તમે બધા કરી શકો? દુનિયાના પદાર્થો ઉપર જેવો રાગ છે તેવો ભગવાન ઉપર છે? આ નહિ સમજો તો નહિ ચાલે. સંસારના રાગી રાગને પોષવા માટે જ ભક્તિ કરે. સંસારનું કામ આવી જાય તો ભક્તિ રહી પણ જાય. ભગવાનની ભક્તિ માટે સંસારના કામને પડતા મૂકે તેવા કેટલા મળે? ખરેખરો શ્રાવક તો કહે કે, ભગવાનના ધર્મની આરાધનામાં વિઘ્ન આવે તેવું એકપણ કામ કરું નહિ.

રાગ ભૂંડો પણ છે અને રાગ સારો પણ છે. દુનિયાના પદાર્થો પરનો રાગ ભૂંડો છે. સુદેવાદિ પરનો રાગ સારો છે. તમને ઘરનો રાગ વધારે કે મંદિરનો રાગ વધારે ? ઘરનું બગડે તો સુધારી નાખો અને મંદિરનું બગડે તો? 'સંઘ કરશે' આવું બોલે તે બધા કેવા કહેવાય? સુદેવાદિ વિના બીજે રાગ થાય છે તે ભૂંડો જ લાગે છે - આવું હૈયાથી કેટલા બોલી શકે?

સભા : આંગળીના વેઢે ગણાય તેટલા.

તમારો નબંર તેમાં છે કે નહિ? ન હોય તો રાખવો છે ને ?

શ્રી રામચન્દ્રજી માનતા હતા કે, ''લક્ષ્મણજીનો રાગ મને ધર્મ નહિ કરવા દે, સાધુ નહિ થવા દે. તે રાગ છૂટે નહિ તો મુક્તિ પણ થાય નહિ '' - આવી શ્રદ્ધા તેમની અખંડ હતી. પોતાના રાગને તેઓ જાણતા હતા અને ધર્મમાં પ્રતિબંધક માનતા હતા. તેમ તમને ઘર-પેઢી, પૈસા-ટકા, કુટુંબ-પરિવારાદિ પર જે રાગ છે તે ભયંકર લાગે છે? જે રાગ સુદેવાદિ પર થવો જોઇએ તે રાગ ઘર-બારાદિ પર હોય તો ગમે ખરો? રાગને જવાની ઘણી વાર છે. રાગને દૂર કરવા વિરાગ કેળવવો પડે. વિરાગ લાવવા માટે રાગ ઉપર દ્વેષ કેળવવો પડશે. માતા-પિતાદિ પર જે રાગ થાય છે તે સારો લાગે છે કે ભૂંડો? સુદેવાદિ પર જે રાગ નથી થતો, બેદરકારી થાય છે તે ય ભૂંડી લાગે છે કે સારી? આત્માને ઓળખવા આ બધું સમજ્યા વિના ચાલે તેમ નથી.

' હું ધર્મી છું' તેમ માનો તો ધર્મી ન થવાય. ધર્મી, માતા-પિતાના ઉપકારનો બદલો પૂરો વાળે, ભક્તિમાં ખામી ન રાખે પણ ધર્મની આડે આવે તો શું કહે? 'માથુ માગો તો માથું આપી દઉં' પણ મારો ધર્મ ન ચૂકું.'' દુનિયાની ચીજનો પ્રેમ ધર્મની આરાધનામાં આડે આવે છે. છતે પૈસે દાન ધર્મ કેટલો કરો? મહિનાનો ધર્મનો ખર્ચો કેટલો અને શરીર-કુટુંબ-પરિવારાદિ માટે કેટલો? ક્યાં ખરચા માટે કયો ખરચો બંધ કરો? ધર્મ માટે સંસારનો ખર્ચો અટકાવવો ખરા? સંસારમાં જરૂરી ખર્ચો કરે અને ધર્મ માટે થાય તેટલો કરે-આવી વૃત્તિ ધર્માત્માની જોઇએ. ધર્માત્માનો પૈસો ધર્મમાર્ગે મોટે ભાગે ખરચાય. સંસારમાં જરૂરી ખર્ચો છો કે બીનજરૂરી પણ ખર્ચો છો? તમારા ખર્ચા જોતાં ઉડાઉગિરિ વધારે લાગે છે. આજના લોકો જે ખર્ચો ગણાવે તેમાં ઘણો નકામો ખર્ચો છે.

**પ્રશ્ન : મોભા પ્રમાણે ખર્ચો જોઇએ ને ?**

ઉત્તર : મોભા મુજબ દાન આપવું જોઇએ ને? સંસારના મોભાનો રાગ છે તેમ ધર્મના મોભાનો રાગ છે ? ધર્મનો આગેવાન કહેવાઉં અને મારી શક્તિ હોય તો ધર્મના કામમાં ટીપ કરવી પડે? તે વખતે મોભો ક્યાં જાય છે. ?

**પ્રશ્ન : અહીં પરોપકાર વૃતિ હોય છે, સૌને લાભ આપણો.**

ઉત્તર : પેઢી ઉપર રાખો ને ?

તમારો સંસારનો રાગ પાપ જ કરાવનારો છે. સંસારના રાગ ઉપર દ્વેષ જ પેદા થવો જોઇએ. ઘર-પેઢી આદિ ઉપરનો રાગ સારો લાગે તો શક્તિ મુજબ ધર્મ કરી શકાય જ નહિ. ધર્મ માટે જરૂરી ખર્ચા પણ કરી શકો નહિ અને સંસાર માટે બીનજરૂરી ખર્ચા પણ મજેથી કરી શકે. સંસારનો રાગ જ આ બધું કરાવે છે ને? એવા ગૃહસ્થો છે જેઓ એકલા મંદિર -ઉપાશ્રયાદિ ધર્મસ્થાન બાંધી શકે, ધર્મના ખર્ચા પણ કરી શકે, છતાં ય કેમ નથી કરતા? તેના ઘરના ખર્ચા સાંભળો તો ખબર પડે. તેના પરથી તમારું માપ નીકળે તેવું છે કે, તમને ધર્મનો રાગ છે કે સંસારનો? મારે મારી શક્તિ મુજબ ધર્મમાં પણ ખર્ચો કરવો જોઇએ તેમ માનો છો? શક્તિ જેટલો રોજ ધર્મ ન કરો તો દોષ લાગે કે? સુખી લોકો ધર્મનો ખર્ચો કરવામાં માનતા નથી માટે ટીપો કરવાનું કામ જોરમાં ચાલે છે.

(ક્રમશઃ)

# મહાસતી - સુલસા

લેખાંક- ૧૬મો

પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મ.

*(ગયા અંકથી ચાલુ)*

અફસોસ પણ સ્ત્રી સહજ પ્રકૃતિની સાલસતા છોડી ન શકી. સમયની કટોકટી ને જે બારીકાઈથી નજર અંદાજ કરવી જોઈએ એ ન કરી શકી. અને રત્નકરંડક શોધવામાં જરા વધુ સમય વ્યતીત કરી નાંખ્યો.

આ તરફ, સુલસાના બત્રીશનંદનો અકળાયાં. વીતવી જોઈએ એથી ઘણી વધુ વેળા થઈ જતાં એમણે રાજવી શ્રેણિકને તાકીદ કરી. નરનાથ, આપણે શત્રુના ઘરમાં બેઠાં છીએ. એમાંય રાજકુમારીના અપહરણ જેવું શત્રુતાનું નીચ કર્મ કરી રહ્યાં છીએ. જો ખબર પડી, રાજા ચેટકને તો છંછેડાયેલા મધપૂડાની જેમ ત્રાટકશે... રાજન્, જલ્દી પાછા ફરો.

રાજવીનેય એમની વાત ઉચિત લાગી. વિલંબ ઘણો થયો હતો. વધુ થવા દેવો ઉચિત ન હતો. એમણે છેવટે સુજ્યેષ્ઠાને પડતી મૂકવાનો ક્રુર નિર્ણય લેવો પડયો. ચેલ્લણ અલબત્ત, મળી ચૂકી હતી.

છેવટે એમ જ થયું. રાજવીએ સારથિને પ્રયાણનો આદેશ આપ્યો. ચેલ્લણાનું અપહરણ કરી ટૂંકી પળોમાં રાજવી શ્રેણિક અને તેમની પાછળ સુલસાના બત્રીશ પુત્રોના બત્રીશ રથ, ક્યાંય આગળ વધી ગયાં.. એટલાં કે હવે સુજ્યેષ્ઠા માટે રાજવી સુધી પહોંચવું અશક્ય બની જાય. કદાચ દોટ મુકે તો ય તે પાછી પડે.

આ તરફ થોડી ઘણી શોધ-ખોળને અંતે સુજ્યેષ્ઠાને રત્નનો કરંડિયો હાથ લાધી ગયો. સાવચેતી અને અગમચેતી પૂર્વક એણે એ તૈયાર કરી રાખ્યો હતો. ચેલ્લણા રાજવીની બાજુમાં ક્યારનીય ગોઠવાઈ ગઈ હતી. સમય ઝપાટાબંધ વહી રહ્યો હતો. છેવટે રત્નનાં કરંડિયાને સાડીના પાલવમાં છૂપાવી સુજ્યેષ્ઠા ઝડપથી દોડી. રાજભવનની લાંબી સોપાન પંક્તિ ઉતરી જઈ ભૂગર્ભમાં આવી. સુરંગ દ્વાર પર આવી.

**લેખાંક :- ૧૭મો.**

જોયું તો સુરંગ દ્વાર પર સૂનકાર છવાયેલો હતો. સુરંગ દ્વારમાં ખાલદ થઈને ચકાસ્યું તો નથી દેખાતી ક્યાંય રથોની પંક્તિ. નથી દેખાતાં પેલાં બત્રીશ-બત્રીશ ભડવીર અંગરક્ષકો. નથી દેખાતો પોતાના હૃદયેશ્વર - પ્રાણાધિપતિનો ઉન્નત મુકુટ. બે પગેથી ઉછળી-ઉછળીને જોયું... નઝરને છીણી શકાય એટલી છીણી-છીણીને જોયું. ભારે બારીકાઈથી જોયું વારંવાર જોયું. ચોફેર જોયું

પણ જે ધ્યેયની પ્રાપ્તિ માટે દિવસોના દિવસોથી સુજ્યેષ્ઠા ચિરવિરહમાં શોષાતી હતી, એ ધ્યેય, એ રાજવી શ્રેણિક, જાણે એને હાથતાળી આપીને પાછા ચાલ્યાં ગયા હતા. આવ્યાં એવા જ.

સુજ્યેષ્ઠાની સ્થિતિ ફાળ ચૂકેલા વાનર જેવી થઈ. મૃગજળની આશામાં દોડી રહેલી હરણી જેવી થઈ. એણે ફરી-ફરીને તપાસ કરી. એનું આશાશીલ મન વિકલ્પોના નભમાં ઉડયું. કદાચ થોડા આગળ વધીને મારા માટે ઉભા હશે. કોઈને અશ્વોના હણ-હણાટ પણ ભૂલે ચૂકે ન સંભળાય જાય, અથવાતો માનવ વસ્તીની ગંધ પણ ગુપ્તચરો ન પારખી જાય માટે સુરંગમાં થોડા આગળ નીકળી ગયાં હશે. એ દોડી. ખૂબ દોડી. પણ અફસોસ, માત્ર અફસોસ, કોરી હતાશા, નકારી નિરાશા, કેવળ સૂનકાર, સીવાય અને કશું જ ન મળ્યું.

ન રાજવી શ્રેણિક, ન બહેન ચેલણા. ન અશ્વોના હણહણાટ ન સારથિઓની ધાક... ન લગામની ગરસરાઠી.

ન પોતાના સપનાનું આખરી ચરણ...

એનું હૈયું શત-શત ખંડોમાં વહેંચાઈ ગયું. એને પોતાના સપનાને મદમસ્ત પ્યાલો પોતાનીજ ઝાપટથી તૂટી પડયાનું મહેસૂસ થયું. એને જીવનની મંગલમય કલ્પનાઓ દોરાયા પછીની ૬૪ પળે પોતાની આંખ સામેજ ભૂંસાઇ જતી દેખાઇ. એ જમીન પર ફસડાઇ પડી. એના વક્ષ પર જાણે વીંછીના ડંખ લાગ્યા.

એના નેત્રોમાંથી અશ્રુધાર વરસી પડી. પણ એ અશ્રુજળની ધારા રાજવી શ્રેણિક સુધી કયાંથી પહોંચે ? એનો ધ્વાને પણ ન પહોંચ્યો. આમ, પોતાના બધા જ સપનાઓ એક જ પળમાં ચૂરેચૂરા થતાં જોઇને તે ખૂબ ઉશ્કેરાઇ ગઇ. એને રાજા શ્રેણિક તરફ નફરતની ધાર વછૂટી. બહેન ચેલણા માટે ઘૃણાની ભાવના પ્રગટી. પોતાને અપહૃત કરવા આવનારા પોતાના પ્રિયતમ માટે ચિત્તમાં દ્વેષની આગ સળગી ઉઠી.

એનું મન પોકારી ઉઠયું. રાજવીએ નકકી દગો ખેલ્યો છે. વિશ્વાસઘાત કર્યો છે. જેની આશાના દોર પર હું જીવી રહી છું, એણે મને છેતરી છે. ના, આ કેમ ચાલે, હવે હું પણ એને મારી તાકાત બતાવી દઇશ.

રાગનું સ્થાન દ્વેષે ગ્રહણ કર્યું. સુજ્યેષ્ઠા દોડી. વિફરેલી વાઘણની જેમ પાછી ફરી. રાજભવનમાં પાછા ફરી. ત્યાં પહોંચીને અવ્વલ સ્ત્રીચરિત્ર અદા કર્યું. એણે સિંહણ જેવી તીખી અને ભયંકર ગર્જનાઓ કરીને રાજભવનના સેવકોને થથરાવી મૂકયાં. છાતી કૂટતી તે બોલી દોડો, દોડો, બેઠા છો શું ? મર્દાનગી નથી તમારામાં, રાજા શ્રેણિક છૂપી રીતે આવીને મારી બહેન ચેલણાનું અપહરણ કરી ગયા. કયાં ફરો છો તમે બધા.. ?

રાજસેવકો તો આ સાંભળીને આભા જ બની ગયા: કોઇ કશું વિચારે એટલી વારમાં તો મહાભડવીર રાજા ચેટક પણ ત્યા ધસી આવ્યાં. પૂરા રાજભવનમાં ચહલ-પહલ મચી ગઇ. સેનાપતિ અને મંત્રી પણ નીચે દોડી આવ્યા. જ્યાં ખબર પડી રાજાને પોતાની પુત્રી ચેલણાના અપહરણની, એય રાજવી શ્રેણિક દ્વારા, એ નખ-શિખ જલી ઉઠયાં.

ક્રોધથી સળગી ગયા. બે મૂઠીઓ જોરથી હવામાં ઉછાળી. શ્રેણિક પર આક્રમણ કરવાનો એમણે આદેશ જાહેર કર્યો. એમના લોચન લાલચોળ થઇ ગયાં. દાંતો ભીંસીને તેમણે જાહેર કર્યું : હું સ્વયમ્ દોડું છું... રાજા શ્રેણિક એના મનમાં સમજે છે શું ? મારી સામે એની શી વિશાત ? આજે એના સોએ સો વર્ષ પૂરા ન કરી દઉં અને મારી પુત્રી - ચેલણાને એના સંકજામાંથી ન છોડાઉં તો રાજા ચેટક - ચેટક નથી...

જ્યાં રાજા ચેટક ખુદ શ્રેણિકનો પીછો કરવા તૈનાત થઇ ગયાં ત્યાં જ એમના સેનાપતિ વીરાંગદ્ વચ્ચે પડયાં. એમણે વિનંતી કરી : સ્વામી ! આપ આટલું બધું કષ્ટ ન ઉઠાવો. આટલો બધો પરિશ્રમ આપ કરો એ જરૂરી નથી. આપ કેવળ મને આજ્ઞા આપો. શ્રેણિક જેવા અપહરણકારને - નીચને તુરંત જ આપની સમક્ષ હાજર કરીશ. બંધનગ્રસ્ત દશામાં ખડકી દઇશ. એ માટે આપ નચિંત રહો.

સેનાપતિની વાત પણ સાચી હતી. રાજાને વીરાંગદની વીરતા પર છલોછલ વિશ્વાસ હતો. એથી એના હાથમાં વિજયપર્ણ અર્પણ કરી રાજવી શ્રેણિકની અપહરણની ચેષ્ટાનો મુકાબલો કરવાનું ફરમાન આપ્યું.

સેનાપતિ વીરાંગદ પણ ચુનંદા સૈનિકોનો કાફલો સાથે લઇ દોડયાં. શસ્ત્ર સજ્જ બનીને રથ પર આરૂઢ થયાં. સુરંગના જે માર્ગે રાજવી શ્રેણિક આવ્યા હતાં અને રાજનંદનીનું અપહરણ કરી ગયાં હતાં એ જ માર્ગે એમનો પીછો પકડવામાં આવ્યો.

વીરાંગદના રથના પવન વેગી અશ્વોનો હણહણાટ એક તરફ બેકાબુ બન્યો હતો તો બીજી તરફ સુરંગના સાંકડા માર્ગમાં સૈનિકોની જંગી જમાવટથી ચહલ-પહલ પણ બેકાબૂ બની હતી.

- ખૂબ ઝડપથી સુરંગમાં તેઓ આગળ વધ્યાં. ત્યાં દૂર-દૂર પંક્તિબધ્ધ રથોની શૃંખલા દેખાઇ. એ રથોના ચક્રોની

ઘણ-ઘણાટી સંભળાઈ. જ્યાં રથ ધ્વનિ હજી સંભળાયો ત્યાં જ સેનાપતિ વીરાંગદે દૂરથી શંખનાદ કર્યો. ગર્જના કરી. બાણવર્ષા આરંભી દીધી.

વીરાંગદના આક્રમણનું સ્વરૂપ ભારે રૂદ્ર હતું. પાછળ કોણ આવી રહ્યું છે, એની ન તો રાજવી શ્રેણિકને ખબર પડી, ન તો બત્રીશ મહારથીઓને. એ ખબર મેળવવાની આ પળ પણ ન હતી. આ પળ તો ગમે તે ભોગે રાજનંદનીને લઈને પલાયાન થઈ જવાની હતી.

પાછળથી શરૂ થયેલી અવિરત બાણ વર્ષાએ શ્રેણિકરાજના કાફલાને કટોકટીના એંધાણ આપી દીધા. શંખધ્વનિના અને સૈનિકોના જબ્બરદસ્ત કોલાહલે ભીષણ આક્રમણની નોબત સંભળાવી દીધી. રાજવી સમેત બત્રીશેય મહારથીઓ ક્ષણભર થંભી ગયાં. પાછા ફરીને જોયું અને વળતી જ પળે પૂરા દમથી ઘોડાઓની લગામ ખેંચી રથોને પૂરપાટ દોડાવી મૂકયાં. મારકણી ચાબૂકના તીખા ઘા અશ્વોની કમર પર સટાસટ પડવા માંડયા. એવા જોરથી કે પાણી ધરતીથી દસ ફૂટ ઉપર ઉછળી જાય. ખૂબ નિર્દયરીતે અશ્વોને અને રથોને એવા દોડાવવામાં આવ્યાં કે પાછળથી ધસી રહેલી સેના માટે નજીક આવવું મુશ્કેલ બની જાય.

આમ કરવામાં જ રાજા શ્રેણિકને પોતાની જીત દેખાતી હતી. કેમકે માર્ગ સુરંગનો હતો. એક થી વધુ રથ એક સાથે નીકળી શકે તેમ ન હતાં. ગમે તેવું ઝનૂન ચઢે, દુશ્મનનાં સૈનિકો સાગમટા ઘેરી શકે તેમ ન હતાં. આ દરમ્યાન જો સૈન્ય સાવ નજીક આવે એ પહેલાંજ સુરંગની બહાર નીકળી જવાય, શત્રુઓને ખૂબ પાછળ રાખી દેવાય તો એમનો વાળ પણ વાંકો થવાની શકયાતો ન હતી. વીરાંગદનો વિશાળ કાફલો સુરંગના મુખમાંથી બહાર નીકળે અને વ્યવસ્થિત રીતે ગોઠવાય ત્યાં સુધીમાંજ માઈલોનું અંતર ઉભું કરી દેવાની શ્રેણિક રાજાની ધારણા હતી. એટલે રથોને ખૂબ દોડાવવામાં આવ્યા.

બન્યુ પણ એવું જ. આ તરફ શ્રેણિક રાજવીનો કાફલો પોતાના આક્રમણથી ગભરાઈને પલાયાન થતો જોઈને એને અહિંજ ખતમ કરી દેવા માટે સેનાપતિ વીરાંગદે જબ્બરદસ્ત તીર વર્ષા શરૂ કરી.

વીંછીના ડંખ જેવા કાતિલ એ તીરો હત. તો આ બાજું. આ બધાય તીરોને ગમે તેમ નિશાન ચૂકવી દેવા માટે સુલસાના બત્રીશ નંદનો આકાશ પાતાળ એક કરી રહ્યા હતાં.

તેઓ યુધ્ધના જ્વરમાં હોમાવા નહતાં ઈચ્છતાં પણ પલાયાન થઈ જવાનું તેમનું ગણિત હતું. આથી જ બત્રીશ ભાઈઓએ પ્રતિ આક્રમણ ટાળવાનું પસંદ કર્યું. હા, પણ પાછળથી વરસતી શસ્ત્રવૃષ્ટિથી બચવું પણ એટલું જ અનિવાર્ય હતું. જેટલું એ અનિવાર્ય હતું એટલું જ મુશ્કેલ પણ હતું. કારણ કે સુરંગના સાકળા અવકાશ કયાંય નાસ-ભાગ થાય તેમ ન હતી.

બસ, સુરંગની સંકળાશનો જ લાભ ઉઠાવવા સેનાપતિ વીરાંગદ તત્પર બની ગયો. શ્રેણિકરાજાની કપટી યોજનાનો તેને ખ્યાલ આવી ગયો હતો. માટે તે કોઈ પણ ભોગે સુરંગની અંદર જ યુધ્ધ ખતમ કરવા માંગતો હતો. શ્રેણિકરાજવીને જેર કરવા માંગતો હતો.

અને હા, હત ભાગ્ય, સુલસા નંદનોના, હા, દુર્ભાગ્ય સુલસાસતીની પુત્રવધૂઓના, હા, આયુષ્યહીનતા એ બત્રીશ બંધુઓની. સેનાપતિના અનેક તીરો વિફળ ગયા પણ ત્યારબાદનું એક અમોઘ તીર ધનુષ્યની પણછ પરથી છૂટયું. સુલસાપુત્રો પૈકીના સૌથી જ્યેષ્ઠ પુત્રનો રથ સૌથી પાછળ ચાલી રહ્યો હતો. એ જ્યેષ્ઠ પુત્રે આવી રહેલાં તીરને નાકામયાબ બનાવવાના ખૂબ વલખા માર્યા પણ તે નિષ્ફળ પૂરવાર થયાં.

સાક્ષાત્ યમદૂત બનીને અગ્નિની જ્વાળા બનીને, સુલસાપુત્રોની ચિતા બનીને વીંછી અને સાપના કાલકૂટ ઝેર પોતાના મોંમા ભરીને સતત આગળ ધપી રહેલું એ તીર આખરે ખચાક્ કરતું સુલસા પુત્રની કરોડરજ્જૂને વીંધી એના પેટમાં ઝેર ઓંકી શરીરની પેલી પાર બહાર ફેંકાઈ ગયું. *(ક્રમશઃ)*

# ઉજવણી

જ્યાં જીતવા આવેલા ત્યાં પોતે જ જીતાઇ ગયા, અભિમાનથી આવેલા ત્યાં પોતે જ હારીને પણ હરખાઇ ગયાં, વાદ કરવા આવેલા સ્વયં બધોજ વિખવાદ વિસરી ગયા, ગુરુ બનવા આવેલા શિષ્ય થઇને નતમસ્તકે ઉભા રહી ગયાં, દુનિયાને ફેરવવા આવેલા પોતે જ પ્રદક્ષિણા દેવા માંડ્યા, પ્રભાવિત કરવા આવ્યા અને પ્રભાવના માટે બેચેન થઇ ગયા !

કલ્પના કરી શકોછો? શું વાત હશે? વાત છે જૈનોનાં ચરમ તીર્થપતિ ૨૪માં તીર્થંકર શ્રી મહાવીરસ્વામી અને તેમના પ્રથમ પટ્ટધર ગણધરભગવંત ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીજીની!

શ્રી મહાવીરસ્વામીને સાડાબાર વર્ષની અખંડ કઠોર સાધનનાં ફળ રૂપે શાલ નામનાં વૃક્ષની નીચે બિહારમાં ઋજુવાલેકા નદીના કિનારે નિર્મમ ધ્યાન કરતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. સચરાચર વિશ્વનું સ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ તેમને હથેળીમાં રહેલ આમળાની જેમ સ્પષ્ટ દેખાવા માંડ્યું, અર્થાત્ તેમના માટે આ વિશ્વમાં અને ત્રિકાળ જ્ઞાનમાં કશું છુપું રહ્યું નથી.

શ્રી મહાવીરસ્વામીને ઉત્કૃષ્ટ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું છે તેવું જાણતાં જ આવી સુંદર આનંદની ઘડીને ઉજવવા સ્વર્ગલોકમાંથી દેવતાઓ પણ નીચે ઉતર્યા! વાયુ દેવતાએ એ જમીનની શુદ્ધિ કરી, મેઘદેવતાઓએ નિર્મળ જળ વડે ભૂમિનું પ્રક્ષાલન કર્યુ. દેવોએ ૧૦૦૦ યોજનાનાં (આશરે ૫૦૦૦૦ફુટ) વિસ્તારવાળું ત્રણ ગઢવાળું, ૨૦,૦૦૦ પગથીયાંવાળું, (આશરે ૩૦૦૦૦ફુટ!) ઉંચું સમવસરણ બનાવી દીધુ. આ સમવસરણ એક એવી અદ્ભૂત આકર્ષક જગા છે કે કલ્પના બહારનું તેનું સૌંદર્ય હોય છે સૌથી નીચેના ગઢ ચાંદીનો, તેને ફરતો કિલ્લો સોનાનો, બીજો ગઢ સોનાનો અને ગઢનોકિલ્લો રત્નોનો, છેલ્લો ત્રીજો ગઢ રત્નોનો અને તેનો કિલ્લો જુદા જુદા મણિનો! અત્યંત દેદિપ્યમાન આવી એક સુંદર ત્રણ ગઢવાળી રચનાને જૈન શાસ્ત્રો 'સમવસરણ' શબ્દ આપીને ઓળખે છે. ચારેય દિશાઓમાંથી માણસો, પશુઓ, દેવલોકમાંથી દેવો વિગેરે જ્યાં ઉલ્લાસભેર આવી તીર્થંકરોનો કે ગણધરોનો હિતકારી ઉપદેશ સાંભળે તેવી સુંદર દૈવી રચના તેનું નામ સમવસરણ. તેની રચના દેવો જ કરી શકે! માનવજાતનું આવું ગજું જ નહીં. દુનિયાભરની શ્રીમંતાઇને ભેગી કરીએ તો પણ તેનાં એકાદ કિલ્લાનો કોઇ કાંગરો પણ ન બનાવી શકે તેવી અદ્ભૂત કલાકારીગરીનું આ કામ છે. આ 'સમવસરણ' નાં છેલ્લા ઉપરનાં ગઢ પર મણિમય સિંહાસન બનાવ્યું. તેનાં પર સુંદર એવું દેવતાઇ વૃક્ષ બનાવ્યું કે આખાયે સમવસરણને છાયા આપીને વાતાવરણને એવું પ્રસન્ન બનાવે કે ત્યાં આવેલા અસંખ્ય પ્રકારનાં જીવોનાં મનમાં ભય-શોક-ચિંતા-કલેશ કશું રહે જ નહીં. આ વૃક્ષ તે "અશોકવૃક્ષ". સતત ઉપરથી દેવતાઓ પંચરંગી પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યાં. સ્વર્ગલોકના દેવતાઓનાં પણ સ્વામી એવા ઇન્દ્રો પણ તીર્થંકરનાં દર્શન માટે આવીને સેવામાં ખડે પગે ઉભા રહી ગયાં (એક વાત જાણવા જેવી છે કે જેમ આપણાં માણસ જાતમાં ઊંચા-નીચનાં, રાજા-પ્રજાનાં, સ્વામી-સેવકનાં વહેવારો છે તેવાં દેવલોકનાં દેવોમાં પણ હોય છે! હા, ત્યાંય કાંઇ 'બધા સરખા' તેવો તો નિયમ નથી જ! તે અસંખ્ય દેવોનો સ્વામી ઇન્દ્ર કહેવાય અને જુદા જુદા દેવલોક હોય, જુદા જુદા દેવવિમાનો હોય તેનાં ઘણાં ઇન્દ્રો હોય! ઓછું પુણ્ય હોય તો 'દેવ'નો અવતાર તો મળે, પણ નોકરનું કામ કરવું પડે! છે દુનીયામાં ક્યાંયે સુખ?!) તે ઇન્દ્રો હાથ જોડીને તીર્થંકરને વિનંતિ કરવા લાગ્યાં કે હે કૃપાળુ આપને જે અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત થયું છે તેનાથી આપ જગતાંના લાયક જીવોને સત્ય સમજાવો આત્મકલ્યાણનો સાંગોપાંગ ધર્મનો માર્ગ બતાવવાની કૃપા કરો. શ્રીમહાવીરસ્વામી મણિમય સિંહાસન પર બીરાજમાન થયાં કે બંને બાજુ ઇન્દ્રો ચામર વીંઝવા લાગ્યાં.

તેમનાં મસ્તક ઉપર તે સ્વર્ગ, નરક અને માનવ ત્રણે લોકનાં નાથ છે તે બતાવવા માટે અત્યંત સોહામણા ત્રણ છત્રો ઝુલવા લાગ્યાં. તીર્થંકરનાં દેહમાંથી અત્યંત તેજ પ્રસરી રહ્યું હતું. દેવોને થયું આપણે તો ઠીક આ માનવોનીતો આંખો જ અંજાઇ જશે. તેમને તો કશું દેખાશે જ નહીં. શ્રીમહાવીરસ્વામીનાં મસ્તકની પાછળ દેવોએ એક એવા ભામંડળની રચના કરી કે તીર્થંકરનું થોડું તેજ તે પાછું વાળી લે જેથી સૌને શ્રીમહાવીરસ્વામીનાં પવિત્ર મુખકમળનાં સારસ દર્શન થઇ શકે. ત્યારબાદ દેવોને થયું કે ચાલો આ માનવ જાતને અને પશુજાતને જાહેરાતને કરીને, ઢોલ પીટી પીટીને જણાવીએ કે અહીંયા આવો અને શ્રીમહાવીરસ્વામીનાં દર્શન કરીને તેમની અમૃતમય વાણીનું અમીપાન કરો. ચારે દિશામાં દેવોએ દુંદુભી (દેવલોકનાં ઢોલ,વાંજીત્રોને દુંદુભી કહેવાય) વગાડી અને લોકોનો મહેરામણ ઉભરાવા માંડયો. શ્રીમહાવીરસ્વામીની અમૃતમય વાણી માલકોશ રાગમાં પ્રસરતાની સાથેજ દેવતાઓએ તેમાં વાંસળી, વીણા, મૃદંગ, શહનાઇ વિગેરેના દેવતાઈ સંગીતનાં સૂરોને તે દિવ્ય વાણીમાં ભેળવવા માંડ્યા. વિચારો કેવું અદ્ભૂત વાતવરણ થઇ ગયું હશે ! માણસો તો ઠીક પરંતુ જુદાજુદા પ્રકારનાં સંજ્ઞી (મનવાળા) પશુઓ-પંખીઓ પણ ખેંચાઇ ખેંચાઇને આવવા લાગ્યાં અને ચમત્કાર તો એવો સર્જાયો કે આ સમવસરણનાં વાતાવરણની અસરમાં એવાં લીન થઇ ગયા કે વાઘ-બકરી જોડે બેઠા હોય તે યે જાણે આજીવન મિત્રો! સૌ ડાહ્યા થઇ ગયાં. આવો હતો શ્રીમહાવીરસ્વામીનો પ્રભાવ અને તેમની વાણીનો ચમત્કાર! આજે આપણી પાલમિન્ટમાં પેલી સગવડ છે ને કે તમે બોલતા હોય એગ્રજીમાં, પણ મને ગુજરાતી જ આવડતું હોય અને મારે ગુજરાતીમાં સાંભળવું હોય તો મને ગુજરાતીમાં સંભળાય. આવી જ એક નૈસર્ગિક રચના ત્યાં પણ છે ! પશુ પશુની ભાષામાં સમજે. દેવો દેવોની ભાષામાં સમજે, માણસ માણસની ભાષામાં સમજે. પ્રભુ બોલે તે વખતની લોકભાષા-અર્ધમાગધી ! પણ સૌને પોત પોતાની ભાષામાં સમજાઇ જાય! પ્રભુને સાધનામાંથી મળેલી વિશિષ્ટ શક્તિઓને 'અતિશય' કહેવાય. અતિશય એટલે વિશિષ્ટ શક્તિઓ-લબ્ધિઓ. તીર્થંકરની વાણી વિશિષ્ટ-તે વચનનો અતિશય. તેમનું જ્ઞાન વિશિષ્ટ (સ્વ-પર ઉપકારી) તે જ્ઞાનનો અતિશય. તેમનું પુણ્ય એવું જ કે સૌ માનવો - દેવો બધાને તેમની પૂજા કરવાનું સહજ મન થાય - તે પૂજાનો અતિશય. વિઘ્નો દૂર થઇ જાય તેની પણ વિશિષ્ટ શક્તિને અપાય (વિઘ્નો-સંકટો) અપગમ (વિદાય થઇ જાય) તે અપાયાપગમ અતિશય. આ ચારે ય અતિશયો પરોપકારને કરનાર હોય છે.

હવે તીર્થંકરે પરોપકાર માટે, તમારા અને મારા હિત માટે, વાણી વહેવડાવવાની શરૂઆત કરી. તેજ ગાળામાં નજીકના ગામમાં જ રહેલા, પાંચસો શિષ્યોનાં એક ગુરુ તેવા ઇન્દ્રભૂતિજી બ્રાહ્મણકે જેમને પોતાનાં જ્ઞાન પર ગર્વ હતો. તેમનું માનવું હતુ કે મારા જેટલું અને મારા જેવું ધર્મશાસ્ત્ર જાણનાર જગતમાં બીજો હોઇ જ ન શકે. જ્યાં શ્રી મહાવીરસ્વામી પધાર્યા હતાં તે ગામમાં જ બીજે ઠેકાણે તે ઇન્દ્રભૂતિ કોઇ યજ્ઞ કરાવતાં હતાં. જતાં-આવતાં માણસોની વાત-ચીત પરથી જાણ્યું કે પોતાને 'સર્વજ્ઞ' કહેવડાવનાર ' શ્રી મહાવીર' નામનાં કોઇક વ્યક્તિ સમવસરણમાં બેસીને ધર્મનો ઉપદેશ નજીકમાં જ આપી રહ્યાં છે. આ 'સર્વજ્ઞ' સાંભળીને તેમનાથી રહેવાયું નહીં. મારાથી વધુ જાણકાર-ધર્મ સમજનાર જગતમાં હોઇ જ ન શકે! તે રહી ન શક્યા અને ઉપડ્યા તીર્થંકર સાથે વાદ કરવા. પરંતુ તીર્થંકરને જોતાં વેતજ, ત્રણ ગઢનાં પગથીયાંઓ ચઢતાં ચઢતાં તો, તીર્થંકરનાં પ્રેમમય અમૃત વચનો સાંભળતા સાંભળતા જ ગર્વ ઓગળી ગયો. પરંતુ તેમને પણ ધર્મશાસ્ત્રોનાં અમુક પદોમાં શંકા હતી. મેળ બેસતો ન હતો. શ્રીમહાવીરસ્વામીએ સામેથી પૂછ્યું - હે ઇન્દ્રભૂતિ ગૌતમ! તમને આવી આવી શંકાઓ છે ને? પરંતુ તમો તેનો અર્થ કરવામાં થોડો ભૂલ કરી છે. આમ કહીને તેમણે સમાધાન પણ બતાવ્યા. તેમની સઘળીએ શંકાઓનું તીર્થંકર પાસેથી

સમાધાન મળી ગયું. તેઓ તીર્થંકર પર ઓવારી ગયાં અને તેમને ત્રણ પ્રદક્ષિણા આપીને ત્રીપદી (ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, કાયમ રહે છે) પામ્યા. ત્રિપદી એટલે ત્રણ પદ, સઘળાં યે ધર્મશાસ્ત્રોનો સાર. આ 'ત્રિપદી' ઉપર જ જગત ચાલે છે. Matter never vanishes. it changes its form આ માન્યતા પ્રમાણે જીવ કે જડ કદી નાશ પામતો નથી. માત્ર તેનાં રૂપ-રસ-ગંધ વિગેરે બદલાય છે. દા.ત. કુંભારે ઘડો બનાવ્યો. ઘડો ઉત્પન્ન થયો. તે તુટીને ઠીકરા થયાં. ઘડો નાશ પામ્યો, ઠીકરા ઉત્પન્ન થયા. પરંતુ માટી તો કાયમજ રહી! આવી રીતે મગનલાલ મરી ગયા, દેવ થયા, તો દેવ ઉત્પન્ન થયો. માણસ મરી ગયો, પરંતુ જીવ તો કાયમ રહ્યો. ઈન્દ્રભૂતિ ગૌતમ તો બુદ્ધિનાં બેતાજ બાદશાહ હતાં. પળવારમાં જગતનાં સત્યોનાં સારને પામી ગયા અને આ ત્રણ શબ્દો પરથી સૌ માનવ જાતનાં હિત માટે તેમણે શ્રીમહાવીરસ્વામીને પોતાનું જીવન સમર્પિત કરી દીક્ષા લીધી. દીક્ષા એટલે સંસારનાં અસાર એવાં ભૌતિક સુખોનો સ્વચ્છાએ ત્યાગ કરીને આત્મકલ્યાણનાં પંથે - આત્માનાં સુખ માટે આજીવન સાધનાનો માર્ગ. ત્યારબાદ સૌ પ્રથમ ચોદપૂર્વ અને ત્યારબાદ અગિયાર અંગ સ્વરુપ શાસ્ત્રોની રચના કરી. શ્રીમહાવીરસ્વામીએ ''આ સૂત્રો સત્ય છે'' તેવી મહોરછાપ મારી. તે પછી 'ધર્મતીર્થ' ની સ્થાપના થઈ. જગતનાં જીવોનાં કલ્યાણ માત્રની ભાવના તેમાં હતી.

આ ધર્મતીર્થ શું છે? આ દ્વાદશાંગી શું છે? તેમાં કેવી કેવી વાતો, કેવી કેવી રીતે બતાવવામાં આવી છે? સાચું સુખ શું છે? જગતમાં દુ:ખ સિવાય ક્યાંયે સુખ છે જ નહી, પુણ્ય શું છે, અને પાપ કોને કહેવાય? જીવ-અજીવનાં ભેદો શું છે? જીવ પાપ અને પુણ્ય થી કેવી રીતે બંધાઈ જાય છે? તેનાં ફળો કેવી રીતે ભોગવે છે? ૮૪ લાખ જીવાયોનિ (યોનિ=જીવને ઉત્પન્ન થવાની જગા) શું છે? આ ચક્કરમાંથી છુટીને તેમાંથી મુક્તિ (મોક્ષ) કેવી રીતે મળે? જેથી જીવ ચિદાનંદી બને, કાયમ સુખ, સુખ અને માત્ર સુખ! ક્યાંયે દુ:ખનો છાંટો ય નહીં! આ બધી વાતો વિસ્તારથી પ્રભુએ સમજાવી. ગણધર ભગવંતે તે વાતોને સૂત્રશૈલીમાં ગુંથી, સૂત્રશૈલી એટલે ટુંકાણમાં short form પરંતુ આવો વિપુલ શાસ્ત્રભંડાર પણ કાળનાં વાવાઝોડામાં વીખરાવા મંડ્યો છે. આજે લગભગ તે રચ્યા પછી ૨૬૦૦ જેટલાં વર્ષો વીતી ગયાં. ખુબ થોડું બચ્યું છે વળી દિવસે દિવસે માણસજાતની શક્તિઓ પણ ક્ષીણ થતી જાય છે. એટલે હવે એક કાર્ય ખુબ જ જરૂરી બન્યું છે કે પૂર્વાચાર્યો જેવાં કે ઉમાસ્વાતિજી, પ.પૂ.હરિભદ્રસૂરિ, પ.પૂ.સિદ્ધર્ષિગણિ, પ.પૂ.સિદ્ધસેનદિવાકરસૂરિ, પ.પૂ.મહોપાધ્યાય યશોવિજયજી આદિ ઉપકારી ગુરુભગવંતોએ રચેલા અનેક ગ્રંથરત્નોમાંથી જે જે તત્વો મળે છે તેનું રક્ષણ કરવું. વળી આ ગ્રંથરત્નો ખુબજ ગંભીર છે, વિશાળ સમુદ્ર જેવા છે, અનેક હિતકારી તત્વો તેમાં મોતીની જેમ અહીં તહીં પથરાયેલા છે. આ ગ્રંથોનો તલસ્પર્શી વ્યવસ્થિત અભ્યાસ કરવો હોય તો ૬૦/૭૦ વર્ષનું આયુષ્ય તો બહુ નાનું પડે. રોજનાં ૧૦-૧૦ કલાકનો અથાગ પ્રયત્ન કરીએ તો જીવનભરમાં માંડ માંડ ૫૦/૬૦ ગ્રંથો ભણી શકીએ, તેમાં રહેલા પરમ ઉપકારી તત્વોને કેવી રીતે યાદ રાખી શકીએ? તો હવે શુ કરવું? આવનારી ભાવી પેઢીને આનો સુયોગ્ય લાભ શી રીતે મળે? આત્માનું કલ્યાણ ઈચ્છનાર જીવો કલ્યાણને કેવી રીતે સાધી શકે? ખૂબ જ ગંભીર સમસ્યા બની રહે છે.

(ક્રમશ:)

**માખી !**

ચિંતા એક એવી માંખી છે જેને તમે જેટલી ઉડાડવાનો પ્રયત્ન કરશો તેટલી તે વધુ ચીપકવાનો, ચોટવાનો પ્રયત્ન કરશે.

**અંગારો અને રાખ**

અંગારા સમાન તેજસ્વી અને પ્રકાશમાન જીવન જીવો. રાખની જેમ નિસ્તેજ, રુક્ષ-મલીન જીવન ન જીવો.

# આર્ષ વાણી

સંકલન : - પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિજયજી મહારાજ

*(ગયા અંકથી ચાલુ)*

(શાસ્ત્રીય સત્ય - સિદ્ધાંતોનો વિજય વાવટો જગતમાં અણનમ લહેરાવતો રાખનાર, સિદ્ધાંતવાગીશ, સન્માર્ગ સંરક્ષક, ઉન્માર્ગ ઉન્મૂલક, પરમતારક પરમગુરૂદેવેશ સ્વ. પં. પૂ. આ. **શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ**, સં. ૨૦૩૦-૨૦૩૧ માં મુંબઈની ચાતુર્માસાદિ સ્થિરતા દરમ્યાન, 'યોગ દષ્ટિ સમુચ્ચય', 'મહાવીર ચરિયં' ને આધારે જે માનનીય પ્રેરક પ્રવચનો આપેલ, તે અપ્રગટ પ્રવચનાંશો આજે પણ તેટલા જ જરૂરી અને સમુદાય- સંઘ - શાસનને અમૂલ્ય માર્ગદર્શન આપનારા છે. તેનું સંકલન, સ્વ. પૂ. સૂરિપૂરંદરશ્રીજીની બારમી સ્વર્ગતિથિએ પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ.

મારા - તારા, પારકા-પોતાન, પક્ષા-પક્ષી, વ્યુદ્ગ્રાહિત બુદ્ધિથી પર બની, શાંતચિત્તે વાંચી સૌ વાચકો સન્માર્ગના ખપી બની, વડીલોના સાચા વારસાનું વફાદારથી જતન કરનારા આરાધક બની આત્મકલ્યાણને સાધો તે જ શુભેચ્છા સહ, શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના સહ વિરમીએ છીએ. - સંપા.)

○ ભગવાને કહેલ ધર્મ કોણ સાચવે ? શ્રી સંઘ. સંઘમાં મુખ્ય કોણ ? સાધુ, શાથી ? ભગવાનની આજ્ઞા ખાતર ઘર-બારાદિ છોડયા, આજ્ઞા પાળવાની પ્રતિજ્ઞા કરી. **પ્રસંગ આવે કે ન આવે શાસ્ત્ર જોયા વિના બોલતા નથી. પ્રમાદ કે છદ્મસ્વથી પોતાની ભૂલ હોય તો કબૂલ કરે પણ જમાનાના નામે શાસ્ત્રથી વિરુદ્ધ બોલે નહિં. વિચારે નહિ કે કરે પણ નહિ માટે.** ધર્મની બાબતમાં સાધુને પૂછે નહિ તે શ્રાવક-શ્રાવિકા ખરા ? શ્રાવકોને વેપાર કરવો હોય તો સાધુને પૂછીને કરે. 'પાપના ઉદયે ધંધો કરવાનો વખત આવ્યો છે તો આ આ પાપ ન જ થાય તેની કાળજી રાખવી' તેમ સાધુ કહે ને ? ખરેખર પૂછયું હોત તો આજે શ્રાવકો જે જે વેપારાદિ કરે છે તે કરત ખરા ! આજે શ્રાવકો પણ કેવા કેવા વેપારાદિ કરે છે ?

**શ્રાવકો સાધુની સાથે અને સાધુઓ આચાર્યની સાથે અને આચાર્યો શાસ્ત્રની આજ્ઞામાં હોત તો દુનિયાને કેવું સુંદર માર્ગદર્શન આપત !** તે શ્રી સંઘ મજૂબત હોત તો ભયંકર હિંસા-અનીતિ આદિ પાપો હરગીજ ન ચાલત. શ્રી સંઘ નબળો પડી ગયો તેનું પરિણામ આજે ભોગવીએ છીએ. હજી બધા જાગી ઉઠવા જોઈએ. **સંગઠન તો અમને ય ગમે છે પણ સંગઠન આજ્ઞા મૂકીને કરાય કે આજ્ઞાને સાચવીને ?** પછી તો પ્રાણ પણ આપવા પડે, ફકીર પણ થવું પડે, ઘર પણ ફના કરવું પડે, જે કહીએ તે સમજવું નથી, સમજવાની કોશિશ કરવી નથી, સાચું-ખોટું ભણવું નથી અને સંગઠનની વાતો કરવી છે તે ચાલે ?

તમે કહો ઘર-બાર, પેઢી-પરિવાર, પૈસા-ટકાદિ માટે કજીયાનો પ્રસંગ આવે તો કજીયા નહિ જ કરવાના તેવી પ્રતિજ્ઞા લો ! **સાધુઓને કજીયા પસંદ છે ? સાધુઓ કજીયા કરે ? ભગવાને કહેલ વાતને હાનિ પહોંચતી હોય, નુકશાન થતું હોય તો સાધુ રોકવા પ્રયત્ન કરે.** જો પૂર્વાચાર્યોએ આવું ન કર્યું હોત તો આ આગમ અ પણને મળત ? આપણા સુધી પહોંચાડયું છે તો તેને સાચવવું તે આપણી ફરજ છે.

**અમારે તો કશું નવું વિચારવું પડે તેવું નથી. આજનો કોઈ પ્રશ્ન એવો નથી જેનું શાસ્ત્રીય સમાધાન ન હોય ! શાસ્ત્ર મુજબ વર્તવા માંડીએ તો પાંચ વર્ષમાં નવો યુગ આવી જાય !** અમે તમને આ બધું સંભળાવીએ તે તમારા હૈયામાં ઉતરે છે ખરું ? **જે લોકો એક વાક્યના બે અર્થ કરે તેમની પાસે જાવ અને વિનંતી કરો કે, આપનો અભિપ્રાય લખી આપો બધા આચાર્યો પાસે જવું. સૌથી પહેલાં હું લખી આપવા તૈયાર છું. પચ્ચીશ નામાંકિત શ્રાવકો તૈયાર થાય તો કોઈ પણ સાધુ કે આચાર્ય ના પાડી શકે ખરા ? નહિ**

**લખી આપો તો જાહેર કરશું - પણ તેવા પાણીવાળા શ્રાવકો છે ખરા ?** તમે બધા એકમતિ થાવ ખરા ! હજી પણ સમાધાનને રસ્તો ઉભો છે. **તમારે પણ અમારી સાથે રહેવું હોય તો રહો, ન રહેવું તો જ્યાં જવું ત્યાં જાવ. સિદ્ધાંત-શાસ્ત્ર ખાતર તો હજી પણ અમારી એકલા રહેવાની ત્રેવડ છે. અમારે ઘર વેચીને વરો નથી કરવો.** ભગવાનનો શ્રી સંઘ આખા જગતનું શરણ છે, ધર્માત્મા માટે તો ખાસ શરણ છે. તેવો શ્રી સંઘ શ્રી તીર્થંકર દેવની ગેરહાજરીમાં શ્રી તીર્થંકરની ગરજ સારે. આપણે પણ શ્રી સંઘને માનીએ છીએ, તેની આજ્ઞા પણ માનીએ છીએ. કેમકે, **શ્રી સંઘની આજ્ઞા ભગવાનની આજ્ઞાને જ અનુસરતી હોય, પોતાના ઘરની કે સ્વાર્થની ન હોય.** આવો શ્રી સંઘ પૂજ્ય છે.

❍ તમે બધા મજેથી સુખ-સાહ્યબી ભોગવો છો તે મને જરાય ફરિયાદ નથી. આ જન્મ સુખ-સાહ્યબી ભોગવવા માટે નથી. આ જન્મમાં જેઓ મજેથી સુખ-સાહ્યબી ભોગવે છે તેની જેને દયા ન આવે તે ભગવાનનો ધર્મ પામ્યો નથી, ભગવાનને ઓળખતો પણ નથી. તમને શ્રીમંત બનાવવા અમે માગીએ તો ભગવાન અમને ય મલ્યા નથી, અમે ય ભગવાનને ઓળખ્યા નથી. અમનેય તમને આ સુખ-સાહ્યબી સંપતિ, રિદ્ધિ-સિદ્ધિમાંથી છોડાવવાનું મન ન થાય પણ તે પમાડવાનું મન થાય તો તમારા કરતાં અમારી ગતિ ભૂંડી છે. મને મન થાય કે 'મારો ભગત સુખી થાય તો સારું, દુનિયામાં આગેવાન બને તો સારુ' તો તમારે સમજવું કે, મારું પહેલું ભૂંડુ થવાનું.

❍ ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકા, ખાવા-પીવાદિમાં મજા માનનારા દુર્ગતિમાં જનારા છે. આજ સુધી તમે શું મેળવ્યું ? જે મેળવ્યું તે પૂરૂં થયું છે કે અધૂરૂ છે હજી ? અધૂરૂં રહેવાનું કે પૂરૂં થવાનું છે ? અમે આ પાટ પર બેસીએ તે, તમને ઘર-બારાદિ છોડાવવા, તે ન બની શકે તો તેને માટેની મજૂરી છોડાવવા માટે, તમે જેને 'ઉદ્યોગપતિ' કહો તેને અમે 'મોટા મજૂર' કહીએ. કરોડોની મિલકત છતાં તે મજૂરી કરે છે. તમને ઉદ્યોગપતિ તરફ 'માન' છે, અમને તેના પ્રત્યે 'કરૂણા' છે !

❍ જેને આ લોકમાં પાપ ન થાય, ખરાબ કામ ન થાય તેવો ભય નહિ તેને ભગવાન ગમે ? ભગવાનને માનનારો કેવી રીતે જીવે ? ભગવાનની અહિંસા અપૂર્વ કોટિની ! ભગવાનનો અનેકાન્તનો સિદ્ધાંત અપૂર્વ કોટિનો !

અનેકાન્ત શંભુ મેળો છે ! અનેકાન્ત એટલે શું ? કોઈ વાતમાં એકાની નહિ તે ? જેને જેમ ફાવે તેમ અર્થ કરે, તેની આડે કોઈએ આવવું નહિ તે ? જો આવો અનેકાન્ત તમે માનો તો, તમારા ઘર-પેઢી પણ ન ચાલે, તમે ય જીવી ન શકો. **તત્ત્વમાં અતત્ત્વ પેસી ન જાય તેવો વિવેક પેદા કરે તેનું નામ અનેકાન્ત ! તત્ત્વને તત્ત્વ તરીકે, અતત્ત્વને અતત્ત્વ તરીકે જાણે તે અનેકાન્ત !** કુલબાઈ ઘરમાં કોણ કહેવાય ? કુલટાબાઈ કોણ કહેવાય ? **અનેકાન્ત તે શંભુ મેળો નથી, સત્યાસત્યનો વિવેક કરાવનાર અનેકાન્ત છે.**

આખી દુનિયા ભગવાન મહાવીર દેવને માને, ભગવાનના અહિંસા ધર્મને માને, સ્યાદ્‌વાદ રૂપ અનેકાન્ત સિદ્ધાંતને માને તો અમને તો કેવો આનંદ હોય ! આજે પણ આ દુનિયામાં ભગવાનના સન્માર્ગને જાણનારાઓએ જે જે વાતો કહી અને જેને જેને માની તેના પરિણામે ઘણા અનર્થો અટકી ગયા છે. ઘણા અનર્થો બંધ થઈ ગયા છે. જેઓ કાબૂ બહાર ગયા છે, જૈન સમાજને અનેક રીતે નુકશાન કરી રહેલ તેવો જે સુધારક વર્ગ અને તેના આગેવાનો જે માન-પાનના ભિખારી છે તેમને થોડું નુકશાન તો કર્યું છે, પણ જે મહાનુકશાન કરવા માગતા હતા તે અટકી ગયું છે.

❍ ભગવાને કહેલી આ વાત આખી દુનિયા માનતી થાય કે "આ સંસાર રહેવા જેવો નથી, મોક્ષ જ મેળવવા જેવો છે. હિંસાદિ પાપોથી રહિત સાધુપણું તે જ ધર્મ છે. તે ધર્મ ન બને તો દેશથી પાપોના ત્યાગ પૂર્વકનો ગૃહસ્થપણાનો ધર્મ, સાધુધર્મની તાકાત મેળવવા માટે છે. સંસારના સુખ ભોગવવાં પડે તેનું દુ:ખ છે, કયારે આ બધાનો ત્યાગ કરીએ અને સુખને શાપ રૂપ અને દુ:ખને આશીર્વાદરૂપ માનીએ !" આ રીતનો ફેલાવો આજની સરકાર કરતી હોય તો અમે સંમત છીએ. અમને ઘરે ઘરે ભગવાનનું નામ ગવાય તો આનંદ થાય કે દુ:ખ થાય ? પણ આવી વાત ફેલાવવી નથી. ભગવાનના નામે હિંસાદિ વધારવા છે, માટે અમે વિરોધ કરીએ છીએ. *(ક્રમશ:)*

# જ્ઞાનગુણ ગંગા

- પ્રજ્ઞાંગ

कक्कसा किलेसं करोति – કર્કશા ભાષા કલેશ કરાવે છે.

શ્રી આચારાંગ સૂત્રકાર જણાવે છે કે હિત, મિત, પથ્ય ભાષા બોલવી. સત્યા કે અસત્યામૃષા સ્વરૂપ વ્યવહાર ભાષા પણ ઉપયોગ વિવેકપૂર્વક બોલવી.

(૧) વિચારીને સમજપૂર્વક બોલવું પણ જેમ તેમ અને જે તે રીતે બોલવું નહીં.

(૨) નિશ્ચય કર્યા પછી બોલવું. જે વાતની પૂરી જાણકારી ન હોય તે વાત બોલવી નહીં.

(૩) વિવેકપૂર્વક ભાષા સમિતિના ઉપયોગપૂર્વક બોલવું.

(૪) જે બોલવું તે સ્પષ્ટ બોલવું. સામી વ્યકિત સ્પષ્ટ અર્થ સમજી શકે તેમ બોલવું.

*આઠ પ્રકારની ભાષા બોલવી નહીં.*

(૧) અસ્પષ્ટ : 'હું શું બોલું છું' અને સામી વ્યકિતને પણ સ્પષ્ટ બોધ થતો નથી તેવી અસ્પષ્ટ ભાષા ન બોલવી.

(૨) સંદિગ્ધ : સંદિગ્ધ ભાષા- આમ પણ હોય કે તેમ પણ હોય- બોલવી નહીં.

(૩) અનુમિત : અનુમાનના બળે કલ્પના કરી બોલવું નહિં.

(૪) સાંભળેલી વાત: સત્યની સાબીતી ન હોય માત્ર લોકોના મુખે સાંભળી હોય તેવી ભાષા પણ બોલવી નહિં.

(૫) જાતે જોયું હોય પણ વાતને પરમાર્થ ખ્યાલ ન હોય તો પ્રત્યક્ષ જોયેલી વાત પણ બોલવી નહિં.

(૬) કોઈની મર્મભેદી વાત બોલવી નહિં.

(૭) દ્વિઅર્થી ભાષા બોલવી નહિં.

(૮) 'જ'કારપૂર્વક વાણીનો પ્રયોગ ન કરવો.

*બાર દોષથી દુષ્ટ એવી પણ સાચી વાત બોલવી નહિં.*

*(૧) સાવદ્યા :* આરંભ- સમારંભવાળી પાપયુકત વાણી બોલવી નહિં.

*(૨) સક્રિયા :* અનર્થ દંડની ક્રિયાવાળી ભાષા બોલવી નહિં.

*(૩) કર્કશા :* કલેશને કરાવવાવાળી અભિમાનયુકત વાણી બોલવી નહિં.

*(૪) નિષ્ઠુરા :* ધુત્કારવાળી નિર્દયતા યુકત વાણી બોલવી નહિં.

*(૫) પરૂષા :* બીજાના દોષને જાહેર કરવાવાળી કઠોર વાણી બોલવી નહિં.

*(૬) કટુકા :* ચિત્તને ઉદ્વેગ કરનારી કડવી વાણી બોલવી નહિં.

*(૭) આશ્રવજનક :* પાપસ્થાનોને પ્રગટ કરવાવાળી ભાષા બોલવી નહિં.

*(૮) છેદકારિણી :* પ્રીતિનો નાશ કરે તેવી ભાષા બોલવી નહિં.

*(૯) ભેદકારિણી :* એકબીજામાં ભેદ પડાવે તેવી ભાષા બોલવી નહિં.

*(૧૦) પરિતાપકારિણી :* સંતાપ પેદા કરાવનારી ભાષા બોલવી નહિં.

*(૧૧) ઉપદ્રવકારિણી :* ઉપદ્રવ પેદા કરે તેવી ભાષા બોલવી નહિં.

*(૧૨) ભૂતોપઘાતિની :* પ્રાણીની હિંસા થાય તેવું બોલે નહિં.

**છ પ્રકારની અપ્રશસ્ત ભાષા બોલવી નહિં.**

**(શ્રી પક્ખી સૂત્રાધારે)**

*(૧) હીલિતા :* અસૂયા- અવજ્ઞા- અનાદરપૂર્વક હે ગણિ, હે વાચક, હે જયેષ્ઠાર્ય આદિ બોલવું તે.

*(૨) ખિંસિતા :* નિંદાપૂર્વક બોલવું તે.

*(૩) પરૂષા :* ગાળ આપવાપૂર્વક કઠોર વચન બોલવા તે પરૂષા

*(૪) અલિકા :* 'દિવસે કેમ ઉંઘો છો' તમે શિખામણ આપવા ગુર્વાદિને નથી ઉંઘતો તેમ અસત્ય બોલવું.

*(૫) ગાર્હસ્થી :* ગૃહસ્થની જેમ પિતા-પુત્રાદિ

સગાઈ વાચક શબ્દો બોલવા તે.

(૬) *ઉપશમિત કલહ પ્રવર્તની :* શાન્ત થયેલા કલહને ફરી કલહ થાય તેમ બોલવું તે.

## દસ પ્રકારના ઉપઘાત

## (શ્રી પકખી સૂત્રના આધારે)

(૧) *ઉદ્દગમ ઉપઘાત :* આહાર-વસ્ત્ર- પાત્ર- વસતિ આદિની પ્રાપ્તિમાં સોળ ઉદ્દગમના દોષો પૈકી કોઈ દોષ લાગવાથી ચારિત્રનો ઉપઘાત થાય તે.

(૨) *ઉત્પાદન ઉપઘાત :* સોળ ઉત્પાદનના દોષોમાંનો એક દોષ લાગે તે.

(૩) *એષણા ઉપઘાત :* દશ એષણાના દોષોમાંથી એક દોષ લાગે તે.

(૪) *પરિહરણા ઉપઘાત :* સંયમમાં અકલ્પ્ય ઉપકરણોનો પરિભોગ કરવાથી લાગે તે.

(૫) *પરિશાતના ઉપઘાત :* વસ્ત્ર- પાત્રાદિનું પરિકર્મ- શોભા કરવાથી.

(૬) *જ્ઞાન ઉપઘાત :* પ્રમાદાદિથી અકાલે સ્વાધ્યાય આદિ- શ્રુત જ્ઞાનમાં અતિચાર સેવવાથી.

(૭) *દર્શન ઉપઘાત :* શ્રી જિનવચનમાં શંકાદિ દર્શનાચારમાં અતિચાર સેવવાથી.

(૮) *ચારિત્ર ઉપઘાત :* પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સ્વરૂપ અષ્ટ પ્રવચન માતાનું યથાર્થ પાલન નહિં કરવાથી.

(૯) *સંરક્ષણા ઉપઘાત :* શરીરાદિ સંબંધી મૂર્ચ્છા- સંરક્ષણ કરવાથી તેમજ પરિગ્રહ વિરમણ વ્રતમાં અતિચાર લગાડવાથી.

(૧૦) *અચિયત્ત ઉપઘાત :* સદ્દગુર્વાદિ સાધુગણ ઉપર અપ્રીતિ કરીને વિનયનો ઉપઘાત કરવાથી.

## દસ પ્રકારનો અસંવર

મન, વચન અને કાયા એ ત્રણે યોગોની અકુશલ પ્રવૃત્તિને નહિં રોકવી તે **ત્રણ યોગનો અસંવર.**

પાંચ ઈન્દ્રિયોના ઇષ્ટ- અનિષ્ટ શબ્દાદિ વિષયોમાં રાગદ્વેષ કરતાં રોકવી નહિં. તે પાંચ ઈન્દ્રિયોને અસંવર.

શાસ્ત્રોકત સંખ્યા પ્રમાણથી વિપરીત કે અકલ્પ્ય વસ્ત્ર- પાત્રાદિ ઉપધિ ગ્રહણ કરવી અથવા જયાં ત્યાં વેરવિખેર પડેલા વસ્ત્ર-પાત્રાદિને યથાસ્થાને નહિં મૂકવા તે ઉપધિ અસંવર.

સૂચિ- સોયના ઉપલક્ષણથી નખરદની, પિપ્પલક આદિ શરીરને ઉપઘાત કરે તેવી અણી- ધાર-વાળી વસ્તુઓને સુરક્ષિત નહિં રાખવી તે સૂચિ અસંવર.

## દસ પ્રકારનો સંકલેશ

(૧) જ્ઞાનનું અવિશુધ્યમાનપણું તે જ્ઞાન સંકલેશ.

(૨) દર્શનનું અવિશુધ્યમાનપણું તે દર્શન સંકલેશ.

(૩) ચારિત્રનું અવિશુધ્યમાનપણું તે ચારિત્ર સંકલેશ.

(૪) મનમાં સંકલેશ થાય તે મન સંકલેશ

(૫) વચનથી સંકલેશ થાય તે વચન સંકલેશ.

(૬) કાયાથી રાગ-દ્વેષાદિ થાય તે કાય સંકલેશ.

(૭) સારા-નરસાં વસ્ત્ર- પાત્રાદિમાં રાગદ્વેષ થાય તે ઉપધિ સંકલેશ.

(૮) સારા- ખરાબ વસતિને -ઉપાશ્રય અંગે સંકલેશ થાય તે વસતિ સંકલેશ.

(૯) ક્રોધાદિ કષાયને આધીન થવું તે કષાય સંકલેશ.

(૧૦) ઈષ્ટાનિષ્ટ આહાર- પાણી આદિમાં સંકલેશ થાય તે અન્નપાણ સંકલેશ.

## 'સિદ્ધ' આદિ શબ્દોનો અર્થ

(૧) *સિદ્ધ*-સંપૂર્ણ થયા છે સર્વ પ્રયોજનો કાર્યો જેના તે.

(૨) *બુદ્ધ* - તત્વના જાણ

(૩) *મુકત* - પૂર્વે બાંધેલા કર્મરૂપ બંધનોથી છૂટા થયેલા.

(૪) *નીરજ* - બંધાતા કર્મોથી રહિત. વર્તમાનમાં જેઓને નવા કર્મોનો બંધ થતો નથી.

(૫) *નિઃસંગ* - સ્ત્રી- પુત્ર- પરિવાર- મિત્ર- ધન- ધાન્ય, સુવર્ણાદિ સકલ સંબંધોથી મુકત.

(૬) *માનમૂરણ* - ગર્વનો નાશ કરનારા

(૭) *ગુણરત્ન સાગર* - અનંત ગુણોરૂપી રત્નોના

સમુદ્ર

*(૮) અનન્ત* - અનન્ત જ્ઞાન સ્વરૂપ હોવાથી ભગવાન અનન્ત છે.

*(૯) અપ્રમેય* - સામાન્યજનથી ન ઓળખી શકાય તેવી સ્વરૂપવાળા.

## શુભાશુભ કર્મબંધના કારણો

(પૂ. શ્રી નેમિચંદ્ર સૂ. કૃત 'મહાવીર ચરિયં'માંથી શ્લોક ૩૭૧ થી ૪૦૬)

આ ચાર ગતિરૂપ સંસારમાં વિચિત્ર કર્મોથી જીવ ભમે છે અને પોતપોતાના કર્મોથી વિવિધ ભિન્ન ભિન્ન પ્રકારની અવસ્થાઓને જીવ પામે છે.

જે જીવોને મારનાર હોય, પરધન પડાવી લેતો હોય, પરદારા- પરસ્ત્રીનું સેવન કરે, હિંસા કરનાર, અતિક્રોધી, મહારંભ અને મહાપરિગ્રહમાં આસકત હોય, મુનિની ખિંસા- નિંદામાં તત્પર હોય, માંસાહારી, તંદુલિયા મત્સ્યની જેમ રૌદ્ર પરિણામી હોય, ગાઢ મિથ્યાદ્રષ્ટિ હોય તે બધા જીવો મરીને દુ:ખમય નરકમાં જાય છે.

આર્ત્તધ્યાનવાળો, બીજાને દુ:ખ આપનાર, બહુમાયા કરનાર, અતિ મોહવાળો, બહુ અજ્ઞાની, આવા જીવો તિર્યંચપણું પામે છે.

અલ્પકષાયવાળા, દાનમાં ઉદ્યત, ક્ષમા, વિનય, નમ્રતા, દાક્ષિણ્યમાં તત્પર, સ્વભાવથી સરળ- ભદ્રિક, એવા જીવો મનુષ્યપણું પામે છે.

જે મહાવ્રત ધારી છે, દેશ વિરતિધર છે, સમ્યગ્દ્રષ્ટિ છે, શ્રી જિનપૂજા- દાનાદિમાં રકત છે, બાલ તપસ્વી છે, અકામ નિર્જરા- આવા પરિણામની વિશુદ્ધિથી મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચો દેવગતિમાં જાય છે.

જે અશઠ- સરળ છે, વિનયી છે, અલ્પલોભી છે, ક્ષમાવાન છે, સાચું બોલનાર છે, ચપલતા રહિત છે તે સ્ત્રી પણ પુરૂષપણાને પામે છે, તે પુરૂષ પણ પુરૂષપણાને પામે છે.

જે પુરૂષ પણ ખોટું આળ આપવામાં રક્ત છે, અસત્ય ભાષી હોય, ચંચળ સ્વભાવવાળો હોય, સાહસિક હોય, પરને ઠગનારોહોય તો તે સ્ત્રી થાય છે.

જે ઘોડા, બળદ, ભેંસ આદિને નિર્લાંછન કરે છે, (પુરૂષ ચિહનને કાંપી નાખે છે) તે ઉત્કટ મોહવાળો છે તે જીવ નપુંસકપણાને પામે છે.

જે પૃથ્વીકાય વગેરેના વધમાં રક્ત છે, જે જડ પરલોકને પણ માનતો નથી, અતિ સંકલિષ્ટ તુચ્છક ર્યવાળો છે તે પુરૂષ ભવાંતરમાં અલ્પ આયુષ્યવાળો થાય છે.

જે શીલવાન છે, વ્રતધારી છે, ક્ષમાવાન છે, અનુકંપાવાળો છે, જે મધુર બોલનારા છે, જે જીવહિંસાથી નિવૃત્ત છે તેઓ ભવાંતરમાં દીર્ઘાયુષ્યવાળા થાય છે.

જે પુરૂષ સાધુઓને શયન- સુવાનું સાધન, આસન, વસ્ત્ર, પાત્ર, ઔષધ- પાણી આદિ આનંદિત થઈ આપે છે તે ભોગી- ભોગની સામગ્રીથી સમૃદ્ધ થાય છે.

જે માણસ પોતાની પાસે વસ્તુ હોવા છતાં ન આપે, આપીને લઈ લે, આપતાં અટકાવે, અમનોજ્ઞ ખરાબ કે ઉતરેલું આપે, તે ભોગોથી રહિત થાય છે. અર્થાત ભોગની સામગ્રી ન મળે, મળે તો ભોગવી ન શકે.

જે ગુણરહિત છતાં ગર્વિત થાય છે, જે પોતાની પ્રશંસા કરે, જે ગુણીજનોની નિંદા કરે છે, જે અભિમાની હોય, જે બીજાની વિડંબના કરે તે પુરૂષ દુર્ભાગી દૌભાગ્યથી યુકત થાય છે.

જે દેવ- ગુરૂનો ભકત છે, વિનયી, ક્ષમાધારી છે, મૃદુ બોલનાર છે, બધા લોકનું પ્રિય કરનાર છે તે પુરૂષ સૌભાગ્યવાળો થાય છે.

જે શાસ્ત્રો ભણે છે, સાંભળે છે, વિચારે છે, બીજાને ભણાવે છે, ઉપદેશ આપે છે, જે શ્રુત અને ગુરૂ ઉપર ભકિત- બહુમાનવાળો છે તે ભવાંતરમાં બુદ્ધિશાળી થાય છે.

જે તપસ્વી, જ્ઞાની આદિનું અપમાન કરે છે, ભણનાર આદિને અંતરાય- વિઘ્ન કરે છે તે પુરૂષ મૂરખ- મંદબુદ્ધિનો થાય છે.

(ક્રમશ:)

# આ. સિદ્ધસેન દિવાકર સૂરિ

માળવાથી વિચરતાં આ. સિદ્ધસેન સૂરીશ્વર મેવાડમાં પધાર્યા. ચિત્તોડમાં પર્વત ઉપર એક સ્થંભને જોતાં સૂરિજીના પગ થંભી ગયા. સ્થંભને ધારી ધારીને જોયો. બારીકાઈથી નિરીક્ષણ કર્યું. આ સ્થંભ શેનાથી બનાવ્યો હશે ? લાકડું નથી, પથ્થર પણ નથી, માટી કે ધાતુ હોવાની પણ શકયતા નથી. તો કઇ ચીજથી બન્યો હશે. ઊંડા વિચારમાં ડૂબી ગયા આચાર્યશ્રી.... આખરે એવો નિર્ણય થયો કે આ કોઇક રાસાયણિક સંયોજનથી બનાવેલો છે. હવા, પાણી અંદર ન પ્રવેશી શકે એવા કોઇ ચૂર્ણોથી આનું નિર્માણ થયું છે. જરૂર આની અંદર કશીક દુર્લભ ગુપ્ત ચીજ હોવી જોઇએ. પણ, આને ખોલવો કી રીતે !

જે રસાયણો પ્રયોજ્યા હોય એનાથી વિરુદ્ધ રસાયણો વાપરવાથી એમાં છેદ થઇ શકે. બીજી કોઇ પદ્ધતિ શકય નથી.

તરત જ સૂરીશ્વરે આંખ-નાકને સતેજ બનાવ્યાં. ગંધ સૂંઘીને એના રંગ જોઇને ઘટક રસાયણદ્રવ્યોનો પત્તો લગાવ્યો. એના વિરોધી દ્રવ્યોનું પણ સૂરિજીને જ્ઞાન હતું જ. એનો ઉપયોગ કરતાં જ થાંભલામાં છીદ્ર પડયું. અંદર હાથ નાંખ્યો તો ગ્રંથો ! ઓહો ! મહત્ત્વના ગ્રંથોને સુરક્ષિત રાખવાનો આ દૈવી પ્રયાસ જણાય છે !

એક ગ્રંથ બહાર કાઢીને ખોલ્યો. મંત્રો ને તંત્રોથી ભરેલો ગ્રંથ... જે પાનું ખુલ્યું એમાં સુવર્ણસિદ્ધિનો પ્રયોગ હતો. બીજા શ્લોકમાં સરસવમાંથી સુભટ બનાવવાનો પ્રયોગ હતો... ત્રીજો શ્લોક વાંચવા જાય છે તો હાથ ખાલી છે ! હાથમાનું પુસ્તક ગાયબ છે ! સ્તંભનું છિદ્ર પણ પૂરાઇ ગયું છે !

સૂરિજી પામી ગયા કે - અધિષ્ઠાયક દેવતાનું આ કાર્ય છે. મંત્ર-તંત્રો અયોગ્ય માણસના હાથમાં ન જાય એની કાળજી લેવી એ અધિષ્ઠાયકનું કર્તવ્ય છે.. ખેર.. વાંધો નહીં, બે શ્લોક તો વાંચ્યા છે... બે મંત્રો તો મળી ગયા છે.. એ પણ કાફી છે...

પૂર્વ દેશમાં કુમાર નગરમાં સૂરિજી બિરાજમાન હતા. ત્યાંનો રાજા દેવપાલ સૂરિજી પ્રત્યે અપૂર્વ ભક્તિ ધરાવતો. એક દિવસ સૂરિજીના ચરણોમાં માથું મૂકીને દેવપાલ કહે : ગુરુદેવ ! હું સંકટમાં આવી પડયો છું, ઉગારવો આપના હાથમાં છે. આપના શરણે આવ્યો છું' આચાર્યશ્રી કહે : શું સંકટ છે તે કહે. ધર્મના પ્રભાવે બધું સારું થઇ જશે.

ગુરુદેવ ! કામરૂપ દેશનો માથાભારે રાજા વિજયવર્મા મોટા સૈન્ય સાથે ચડી આવ્યો છે. મારા નગરને ઘેરી લીધું છે. મારી પાસે સૈન્યબળ પણ અલ્પ છે અને ધનબળ પણ ઓછું જ છે. હું શું કરું ! કંઇ સૂઝતું નથી. આપના શરણે છું.'

સૂરિજીએ રાજાના મસ્તક પર હાથ ફેરવ્યો : 'દેવપાલ ! ગભરા નહીં. બધો રસ્તો નીકળી જશે. કશો વાંધો નહીં આવે..

દેવપાલ : 'આપનો વરદ હાથ માથે ફર્યો છે... હવે શું ચિંતા હોય ! હવે મારી ચિંતા આપને ભળી...

સૂરિજી પાસે સુવર્ણસિદ્ધના અને સરસવમાંથી સિપાઇ સર્જનાર મંત્રો હતા જ.. ઘડી-બેઘડીમાં બધું સંકટ ટળી ગયું.. આફતના ઠેકાણે જયાફત !

'ગુરુદેવ ! આપે ઘોર અંધકારમાં પ્રકાશ ફેલાવ્યો ! આપ સાક્ષાત્ 'દિવાકર' છો...'

હવે દિવાકર સૂરિજીનું બિરૂદ બની ગયું. ' આ સિદ્ધસેન દિવાકરસૂરિ નામ ઠેર ઠેર પ્રચલિત બનતું રહ્યું.

'અતિ સર્વત્ર વર્જયેત્' આ ઉક્તિ બહુ જાણીતી છે. રાજા દેવપાલ ગુરુભક્તિમાં પણ 'અતિ' કરી નાંખી. આચાર્યશ્રી પગે ચાલીને જાય એ એને ન ગમ્યું. એણે સૂરિજીને પરાણે પટ્ટહસ્તી પર બેસાડયા.. પાલખીમાં બેસાડયા. હવે સૂરિજી ઉપાશ્રયમાંથી બહાર નીકળે ત્યારે પાલખી હાજર હોય જ. ઉપાડનારા માણસો પણ હોય જ.. સાધુજીવનમાં આવા ઠઠરા ન શોભે.. મર્યાદાનું ઉલ્લંઘન રાજાને રાજી કરવા ન કરાય એવું કેટલાક શાણા માણસોને લાગતું પણ, આ વાત કોણ કહે ! બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે ?

આ. વૃદ્ધવાદિસૂરિના ધ્યાનમાં આ વાત આવી. એમને દુઃખ થયું. આવો વિદ્વાન માણસ પર રાજાની શેહમાં તણાય.. જિનશાસનની કેવી હિલના થઇ રહી છે ! અને એ મારો શિષ્ય છે. એના ગુણ-દોષની જવાબદારી મારી છે. શિષ્યના દોષનું આઠગણું પ્રાયશ્ચિત ગુરુને આવે છે. મારી જવાબદારી છે.. આ અટકાવવાની.

વૃદ્ધવાદિજીનું અંતર વલોવતું હતું. વ્યથિત હૃદયે એમણે પગ ઉપાડયા અને વૃદ્ધાવસ્થામાં પણ ઉગ્ર વિહારો કરી બંગાળમાં આવ્યા. કુમારગામ પહોંચતા પહેલા એમણે વેશપરિવર્તન કરી લીધું. ઉપાશ્રયથી રાજદરબાર જવાના રસ્તા ઉપર એક જગ્યા પસંદ કરી લીધી.

આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર સૂરિની સવારીના આગમનનો સમય થવા આવ્યો. સહુ રાજમાર્ગ ઉપરથી બાજુમાં હટી એક બાજુ ઉભા રહી ગયા.

આગળ રાજસૈનિકો અને પાછળ પાલખીમાં બિરાજેલા સિદ્ધસેનસૂરિની સવારી નીકળી, લોકો ઝૂકી ઝૂકીને પ્રણામ કરે છે. આચાર્ય બધાનાં વંદનને ઝીલતાં આશીર્વાદ આપે છે. ધીમે ધીમે પાલખી પસાર થઈ રહી છે.

ત્યાં એક વૃદ્ધે હાથ ઉંચો કરી ઉભા રહેવાનો સંકેત કર્યો. 'વૃદ્ધને કંઈક કહેવું છે. ઊભા રહો.' આચાર્યશ્રીનો હુકમ થતાં પાલખી ઊભી રહી.

'બોલો ડોસા, શુ કામ છે ?'

'એક પ્રશ્ન પૂછવો છે.'

'ભલે પૂછી લો.'

'એક પ્રાકુતગાથાનો અર્થ કરવો છે.'

'હા હા, સંસ્કૃત-પ્રાકૃત કોઈપણ ભાષાનો શાસ્ત્રનો કોઈપણ પ્રશ્ન પૂછો.' સિદ્ધસેને બેફિકરાઈથી કહ્યું.

વૃદ્ધના મોઢામાંથી ગાથા સરી પડી :

'अणहुल्लीय फुल्ल म तोडहु, मन आरामा म मोडहु ।
मणकुसुमेहिं अच्चि निरंजणु, हिंडइ कांइ वणेण वणु ॥'

ગાથા સાંભળતા સિદ્ધસેનજીનું મગજ સક્રિય થયું. પણ ગાથાનો મર્મ સમજાય નહીં. એમણે કહ્યું : 'બીજું કંઈક પૂછોને'

'ના, તમે જરા વિચાર કરીને આ ગાથાનો જ અર્થ સમજાવો ને.' આચાર્યશ્રીને ગાથાનો અર્થ આવડતો ન હતો. પણ, આમ ભરબજારમાં હજારો લોકો વચ્ચે કોઈ ડોસો પૂછે એ ગાથાનો અર્થ નથી આવડતો એમ કહેતાં શરમ આવતી હતી. એટલે કંઈક અષ્ટમ પષ્ટમ અર્થ કરી નાંખ્યો. પણ ડોસો જબરો હતો. એ કહે : ' આ અર્થ બરાબર નથી.'

આચાર્ય કંટાળ્યા કહે : તો તમે જ કરો આનો અર્થ'

વૃદ્ધે કહ્યું : 'જુઓ, મનુષ્ય દેહ અને અલ્પ આયુષ્ય રૂપ પુષ્પ મળ્યા છે. માન-સન્માની લાકડીથી આ આયુષ્યના બગીચાને તોડી-ફાડી નાંખવો બરાબર નથી. મન-કુસુમથી નિરંજન દેવની પૂજા કરવાની છે. આજ્ઞા પાળવાની છે. આજ્ઞા ભંગ કરી સંસારમાં રખડવાનો આ ધંધો કેમ કરે છે ?'

અત્યાર સુધી જો કે આ વૃદ્ધ ડોસો પોતાના ગુરુ વૃદ્ધવાદિ હોય એવો જરા પણ શક ન હતો કેમ કે અહીં આટલે દૂર બંગાળમાં વયોવૃદ્ધ ગુરુદેવ કયાંથી હોય ? પણ જ્યાં ગાથાનો અર્થ સાંભળ્યો ત્યારે આ. સિદ્ધસેનસૂરિને થયું આ અવાજ, આ લેહકો, આ જ્ઞાન, આ તો મારા તારક ગુરુદેવન જ લાગે છે. ધારીને જોયું અને એ પાલખીમાંથી કુદી ગુરુના ચરણે લેટી પડયા.

'ગુરુદેવ ! મને ક્ષમા કરો.' આ. સિદ્ધસેનના નેત્રોમાં અશ્રુઓના પૂર ઉમટયા હતા.

હવે ગાથાનો અર્થ સ્પષ્ટ થયો હતો. ગાથાના શબ્દોમાં ગુરુદેવની વેદના કેટલી ઘટ્ટ બની છે એ સ્પષ્ટ સમજાવા માંડયું ! हिंडइ कांइ वणेण वणु'

એક જંગલમાંથી બીજા જંગલમાં કેમ જાય છે ? મેં તને સંસારમાંથી બહાર કાઢયો અને તું પાછો રાજસન્માનમાં લપટાયો ! આ પ્રશંસા અને માનકષાય તને કયાં લઈ જશે ?

આ. વૃદ્ધવાદિસૂરિએ જોયું કે તેજીને ટકોર બસ છે. એક જ ગાથાએ સિદ્ધસેનને પોતાની ભૂલ સમજાઈ છે. એ ઠેકાણે આવી ગયો છે. હવે એને ચાબખા નહીં વાત્સલ્યની જ જરૂર છે. સિદ્ધસેનના માથે વાત્સલ્યમય હાથ પસરાવતા ગુરુ કહે : 'વત્સ ! એમાં તારો વાંક નથી. આ કાળનો પ્રભાવ એવો છે કે ભલભલા રાજસન્માન અને વાહ વાહમાં તણાઈ જાય. ખેર, જાગ્યા ત્યારથી સવાર. હવે બધું છોડી દે.'

પાલખીને રાજદરબારે મોકલી દીધી. ગુરુ-શિષ્ય ઉપાશ્રયે આવ્યા.

આ. સિદ્ધસેનને લાગ્યું : 'શાસનદેવીએ મંત્રોનું પુસ્તક લઈ લીધું તે યોગ્ય જ કર્યુ છે. બે શ્લોક પણ હું પચાવી ન શકયો.'

ગુરુદેવ કેવા ઉપકારી ! મને ડૂબતો બચાવવા આ ઉંમરે કેટલો વિહાર કર્યો !... ગુરુદેવ ન આવ્યા હોત તો મારું પતન કયાં જઈ અટકત.. ! ...

ગુરુ ચરણોમાં વંદના કરી આ. સિદ્ધસેને તમામ ભૂલોની આલોચના કરી. ગુરુદેવ પ્રાયશ્ચિત્ત-તપ આપ્યો. ગચ્છનો ભાર સોંપી અણસણ કરી ગુરુદેવ સ્વર્ગે ગયા. (પ્રભાવક ચરિત્ર)

*- પૂ. આ. શ્રી વિજય મુનિચંદ્ર સૂરીશ્વરજી મ. (પ્રસંગકલ્પલત્તામાંથી)*

# જડ-જીવનો ભેદ

અનાદિ કાળથી ભટકતાં આત્માને સાચી શ્રદ્ધા કયારેય મળી નથી. વિરતિ તરફ ઢળ્યો નથી. જોડાયો નથી. હરહંમેશ કષાયોની ધસમસતી ગાડીઓમાં મુસાફરી કરી રહ્યો છે. આ કષાયોએ અનાદિકાળથી કાયાના પાંજરામાં આત્માને સડતો જ રાખ્યો છે. આ કષાયોએ વ્રત પચ્ચક્ખાણ ન કરવાની બાધા જ કરાવી દીધી. નવા નવા કર્મો બાંધવા તરફ આ કષાયો આગેકૂચ કરાવી જાય છે. નરક- નીગોદના આયુષ્ય તરફ ધમધમાટ દોડવાનું કાર્ય પણ આ જ કષાયો કરાવે છે.

આમાંથી છૂટવાનો ઉપાય? એક માત્ર પરમેશ્વર જ આમાંથી બચાવી શકે. પરમેશ્વરનું કામ રખડપટ્ટી કરતાં જીવને કષાયો તરફ ધકેલવાનું નહિં જો તમે મિથ્યાત્વાદિ તરફ ધસી રહ્યા છો તો આમાંથી છૂટવાનું કે અટકાવાનું કાર્ય પરમેશ્વરનું છે. તેઓ સાચી શ્રદ્ધા પ્રગટાવવાનું કાર્ય કરે છે. સાચી શ્રદ્ધા એજ મોક્ષનું બીજ છે

ચારિત્ર લેવાવાળો સંસારનો છેડો લાવી શકતો નથી. કષાયને મંદ કરનારો સંસારનો છેડો લાવી શકતો નથી, મન-વચન ને કાયાના યોગને કાબુમાં લેનારો પણ સંસારનો છેડો લાવી શકતો નથી. કારણ કે ચારિત્ર- કષાયની મંદતા અને મન-વચન-કાયાનું વશીકરણ કયારેય સંસારનો અંત લાવી શકતો નથી.

તો સંસારનો અંત કોણ લાવી આપે? સંસારનો છેડો કોણ લાવી આપનાર છે?

એક જ ચીજ જીવન.

જીવનના આધારે સંસારનો છેડો આવી જાય. હા, જરૂર આવી જાય પરંતુ શરીર, હાડકા, માંસ, ચરબી, આદિથી ભરપુર હોય તેને સારા સારા કપડાં, કિંમતી વસ્ત્રો પરિધાન કરાવ્યા હોય અને ઉત્તમ ઉત્તમ ઘરેણાંથી શણગાર્યો હોય તો જ જીવનની કિંમત વધારને? કે આ ત્રણેયની કિંમત જીવનના આધારે? જીવન ન હોય તો હાડકાં, માંસ, ચરબી, લોહી આદિની કિંમત કેટલી? ખાડો ખોદીને મીઠું ભભરાવવા જેટલીને? કે લાકડા ઉપર મુકી બાળવા જેટલી?

ભાઈ, મીઠું તથા લાકડાની કિંમત વધી જાય પણ શરીરની કિંમત ફૂટી કોડીની પણ નહિં, એટલે બીલકુલ કિંમત જ નહિ, એટલે નુકસાન જ કરાવનારીને? જીવતર ન હોય તો સારા કપડાં પણ કોના કામના? કહો જોઈએ કે જાડુવાળાના કામના ઘરેણાંથી શોભતા મડદાના ઘરેણા કોના? કોના હક્કના? પહેરાવીને સ્મશાનમાં લઈ જઈએ તો કોનો હક્ક લાગે?

શરીરની કિંમત, કપડાંની કિંમત, ઘરેણાંની કિંમત જીવન હોય તો જ ગણાય છે. જીવન ન હોય તો ગણાતા નથી, ત્રણેય વસ્તુઓ નકામી ગણાય છે, દુનિયામાં રખડાવનારી છે, રોવડાવનારી છે, શોક કરાવનારી છે માટે જ શાસ્ત્રકારો જણાવે છે કે,

"ચારિત્રને હાડકા, માંસ ગણજો, કષાય રહિતપણાને કપડાં ગણજો અને મન- વચન કાયાની યોગને ઘરેણાં ગણજો પણ આ ત્રણેયમાં જીવન નથી તો જીવન કયું?

જો જીવન જોવું હોય તો ત્રણ પગથિયા ચઢો એટલે જીવન દેખાશે. જો નહિં ચઢો તો જડજીવનવાળુ પુતળું રખડી રહ્યું છે. જીવ જીવન તરફ દ્રષ્ટિ કરશો એટલે આત્માનો જ્ઞાનગુણ, આત્માનો સમ્યગ્ય દર્શન, ગુણ અને ચારિત્રગુણ દેખાશે. આ ત્રણેય ગુણ જીવના છે. ગયા ભવથી આ ભવમાં આવ્યા ને અત્રેથી સિદ્ધપણામાં જવાના તો સાથે શું લઈ જવાના? તો કહેવું પડે કે જીવજીવન.

છતાં આપણે જડજીવનમાં ટેવાયેલા છીએ. જીવજીવનની સારસંભાળ કરતાં નથી. માતાએ જન્મ આપ્યો, પીતાએ પાલન-પોષણ કરી મોટા કર્યા- ભણાવ્યા, ગણાવ્યા, ધન- ધાન આપ્યું, લાડી પરણાવી, ગાડી આપી. પરણ્યા એટલે પહેલી સગાઈ રાણીનીને? માતા-પિતા પછી, માત-પિતાને જુદા રખાય એ પાલવે પણ રાણીબાને જુદા ન રખાય. ભાઈ કઈ દિશા ભૂલ્યો? આત્માનો ખરો ગુણ ભૂલ્યો. જીવજીવનની ઉપેક્ષા કરી, જીવ જીવન ભલે જાય પણ જડ જીવન સદાય રહેવું જોઈએ. જીવજીવન નજરની બહાર અને જડજીવનનો ખ્યાલ સતત રાખવાનો. જડજીવનને નુકસાન થાય તો આખી રાતનો ઉજાગરો અને જીવજીવન આખું બગડે તો લક્ષ કર્યું ?

ગજસુકુમારને માથે માટીની પાળ બંધાય ને સળગતા અંગારા મેલાય ત્યારે તેઓએ શું વિચાર્યું? જડ જીવનમાંથી મનને દૂર કર્યુ. જીવજીવનમાં પોરવ્યું. જડજીવન બંધનરૂપે લાગ્યું. જીવજીવનનો વિકસ્વર કર્યો અને સદા માટે જીવજીવન પ્રાપ્ત કરી લીધું એમ આપણે સૌ જડજીવનને છોડી જીવજીવનનો વિકસ્વર કરીએ એજ-

- પ્રજ્ઞાવિ

# એક વિચારણીય બાબત

- શ્રી હિતકાંક્ષી

પર્યુષણા મહાપર્વમાં સુપનો ઉતારવાં અને જન્મવાંચન કરવું-આ બે પ્રસંગો દેશભરમાં ઘણાં લાંબા કાળથી બપોરે ઉજવવાનો એક સરખો રિવાજ ચાલ્યો આવે છે. પરંતુ હમણાં હમણાં સુપનોની બોલીઓ બોલવામાં વધુ પડતો સમય લેવાતો હોવાને કારણે પ્રસંગની પૂર્ણાહુતિમાં વિલંબ થતો હોવાથી ઉભો થનારો સંભવિત રાત્રિભોજન દોષ અને પ્રસંગ પૂર્ણાહુતિ બાદ હોલની સાફસુફી સારી રીતે કરાવવી પડતી હોવાને કારણે પ્રતિક્રમણ બેસાડવામાં થતો વિલંબ- આ બે કારણોને આગળ કરીને દેશભરમાં ચાલ્યા આવતા એકસરખા રિવાજમાં ફેરફાર કરીને સવાર- બપોરના બંને પ્રસંગને સવારે એકસાથે ઉજવવાની વાતો વહેતી થઈ છે અને ક્યાંય એવો ફેરફાર કરાયો હોવાનું પણ સંભળાય છે. અન્ય સંઘો જો આવો ફેરફાર કરવાનું વિચારી રહ્યા હોય તો એમને માટે નીચેની બાબતો વિચારણા રૂપે રજૂ કરાય છે.

૧. સવારે ત્રીજું -ચોથું બે વ્યાખ્યાનો સાથે જ વાંચવાના હોય છે એમાં ઓછામાં ઓછો બે કલાક જેવો સમય જાય. વ્યાખ્યાન બાદ તરત જ સુપનો ઉતારવા અંગેનો કાર્યક્રમ રાખવામાં આવે તો અંદાજે બીજા ત્રણ કલાક જેવો સમય જોઈએ. આથી સભાજનોને એક સાથે પાંચ કલાક બેસી રહેવું પડે. આ સમયમાં આટલો લાંબો કાર્યક્રમ દેહચિંતા વગેરે કારણોસર તકલીફરૂપ અને સ્થિરતાના અભાવે કંટાળાજનક પણ બનવા સંભવ છે.

૨. આજના મોટાભાગના શ્રાવકોને વિશેષ પ્રકારે રસ તો સુપનો ઉતારવાના કાર્યક્રમમાં જ જોવામાં આવે છે. હવે જો સુપનો ઉતારવા અંગેનો કાર્યક્રમ સવારે વ્યાખ્યાન બાદ તરત જ રાખવામાં આવે તો મોટાભાગના લોકો વ્યાખ્યાન પુરૂ થયા પછી જ આવે. એથી વ્યાખ્યાનમાં હાજરી નહિંવત જ રહે. વળી સમય બચાવવા વકતાને પણ વ્યાખ્યાન ટુંકાવીને ઝટપટ પૂરુ કરવાનું ફરજ પડી જાય.

૩. એક સાથે ઉજવાતા સવાર- બપોરના બે પ્રસંગોને કારણે ઘણો સમય થવાથી લોકો કંટાળીને ચાલવા ન માંડે તે માટે સુપનો ઉતારવાના કાર્યક્રમને પણ ઝડપથી આટોપવો પડે. સુપનની બોલીએ ઝડપથી બોલવી પડે.

૪. આમ થાય તો કલ્પસુત્રનું વાચન-શ્રવણ સ્વપ્નદર્શન- આ બંને કાર્યક્રમો નીરસ ને કંટાળાજનક બનવાનો સંભવ રહે.

૫. પર્યુષણમાં તપસ્વીઓની સંખ્યા પણ વિશેષ હોય. તપસ્વી પૂણ્યાત્માઓને માટે સતત પાંચ કલાક બેસી રહેવાનું મુશ્કેલ બને.

૬. સમગ્ર દેશમાં લાંબા કાળથી ચાલ્યા આવતા બપોરે સુપનો ઉતારવા અંગેના કાર્યક્રમમાં આ સમયમાં પણ લોકોની જે ઘણી મોટી હાજરી અને જે આનંદમય ને ઉલ્લાસમય વાતાવરણ જોવા મળે છે એવી મોટી હાજરી એવો ઉલ્લાસ અને એવું આનંદમય વાતાવરણ સવારે જોવા મળે એ ઓછો રહે.

સુપનો અંગેની બોલીઓ બોલવામાં લેવાતા વધુ પડતાં સમયને કારણે સંભવિત રાત્રિભોજન દોષ અને જે હોલમાં સ્વપ્નદર્શન કાર્યક્રમ રખાતો હોય છે એ જ હોલમાં પ્રતિક્રમણ બેસાડવાનું હોવાથી હોલની સાફસુફી સારી રીતે કરવામાં વિલંબ થાય તેથી પ્રતિક્રમણ થોડું મોડું બેસાડવું પડે- આ બે બાબતોને આગળ કરીને સ્વપ્નદર્શનનો બપોરનો કાર્યક્રમ સવારે રાખવાથી ઉપર મુજબની પરિસ્થિતિનું નિર્માણ થાય. સર્વત્ર બપોરે જ ઉજવાતા એકસરખા રિવાજમાં કયાંક બપોરે અને કયાંક સવારે એવો ભેદ ઉભો થાય. બે દોષ ટળે ને અણકલ્પ્યા ચાર દોષ ઉભા થાય, બકરુ કાઢવા જતાં ઉંટ પેસે એવું ન બને તે માટે જે અવશ્ય ટાળી શકાય એવા છે એ બે દોષો ટાળવાનો પ્રયત્ન કરવો એ જ હિતાવહ જણાય છે.

સુપનો ઉતારવા અંગેનો બપોરનો કાર્યક્રમ લોકોની થોડી હાજરીમાં પણ બે વાગે સમયસર શરૂ કરી દેવામાં આવે અને બોલીઓ બોલવાના સમયની પણ મર્યાદા બાંધી દેવામાં આવે તો આ પૂણ્યપ્રસંગની પૂર્ણાહુતિ અવશ્ય પાંચ વાગતા સુધીમાં થઇ જાય.

શ્રીફળનું પાણી જમીન ઉપર ન પડે તે માટે કેટલાક સંઘોમાં હોલમાં જુદી જુદી જગ્યાએ વાસણો મૂકવામાં આવે છે. લોકો શ્રીફળનું પાણી વાસણમાં જ ઠાલવે છે. બહાર વધેરે છે. આ પદ્ધતિ સર્વત્ર સ્વીકારાય તો હોલની સાફસુફી ઝડપથી થઇ શકે. જરૂર પડે તો બે માણસો વધારે રોકીને પણ હોલની સાફસુફી ઝડપથી કરાવી શકાય અને પ્રતિક્રમણ પણ સમયસર બેસાડી શકાય.

આમ આ બંને દોષો સહેલાઈથી અવશ્ય ટાળી શકાય એવા છે અને સુપનો ઉતારવા અંગેનો બપોરનો કાર્યક્રમ યથાવત્ રાખી શકાય એમ છે. બે દોષ ટાળવા જઇએ અને ચાર દોષ નવા ઉભા થાય એવું કરવા કરતાં બે દોષ ટાળવાનો જ પ્રયત્ન કરવો ડહાપણ ભરેલું અને હિતાવહ છે કે નહિં એ બાબત સ્વસ્થ ચિત્તે વિચારવા યોગ્ય છે.

## સાચું શું? યાદ કરો

*(૧) શ્રી આદીશ્વર ભગવાનની જન્મ કલ્યાણક ભૂમિનું નામ શું?*

(૧. અયોધ્યા    ૨. વારાણસી    ૩. કાશી)

*(૨) શ્રી આદીશ્વર ભગવાનના મોક્ષ કલ્યાણક સ્થાનનું નામ શું?*

(૧. અષ્ટાપદ,    ૨. સિદ્ધાચલ    ૩. આબુ)

*(૩) શ્રી મહાવીર સ્વામી પ્રભુની જન્મ કલ્યાણક ભૂમિ કઈ?*

(૧. રાજગૃહી,    ૨. ક્ષત્રીયકુંડ,    ૩. પાવાપુરી)

*(૪) શ્રી વર્ધમાન સ્વામીએ કયા શ્રાવકની સામાયક વખાણી?*

(૧. સુદર્શન શ્રાવક,    ૨. પુણ્યોશ્રાવક,    ૩. સુલસા)

*(૫) શ્રી શત્રુંજય ગિરિનાં મૂળનાયક ભગવાનનું નામ શું?*

(૧. શાંતિનાથ,    ૨. આદિનાથ,    ૩. નેમનાથ)

*(૬) શ્રી શંખેશ્વરતીર્થનાં મૂળનાયક ભગવાનનું નામ શું?*

(૧. નેમનાથ,    ૨. મલ્લીનાથ,    ૩. પાર્શ્વનાથ)

*(૭) આ અવસર્પિણી કાળમાં પ્રથમ કયાં તીર્થંકર મોક્ષ ગયા?*

(૧. વર્ધમાન સ્વામિ,    ૨. મલ્લીનાથ,    ૩. આદિનાથ)

*(૮) પ્રથમ તીર્થંકરના પ્રથમ ગણધર ભગવાનનું નામ શું?*

(૧. સુધર્મા સ્વામિ,    ૨. પુંડરીક સ્વામિ,    ૩. કંડરીક)

(- જવાબ : ૧૪૧૧ માં પાને)

## સમાચાર સાર

**કર્ણાટકમાં અનેરી શાસનપ્રભાવના**

જિનશાસનના મહાન જ્યોર્તિધર સૂરિ 'રામ' સમુદાયવર્તી શાસન પ્રભાવક પૂ.આ. વિજયજયકુંજર સુ.મ., પૂ.આ. શ્રી મુક્તિપ્રભ સૂ.મ. તથા પૂ.આ. શ્રી અક્ષયવિજયજી ગણિવર આદિની પાવન નિશ્રામાં બિજાપુર નગરે બે બે શિખરબંધી જિનાલયોની ઐતિહાસિક અંજનશલાકા- પ્રતિષ્ઠા થયા બાદ પૂ. આચાર્યભગવંતો જમખંડી- મુધોલ- મહાલિંગપુર- રબકવી સંઘોની આગ્રહભરી વિનંતિને માન આપી પધારતાં દરેક સંઘોમાં અનેરી શાસન પ્રભાવના થવા પામી છે.

**જમખંડી :-**

જેઠ વદ-૨ના જમખંડી નગરે સૌ પ્રથમવાર ૪ પૂ. આચાર્યભગવંતોની પધરામણી નિમિત્ત સંઘે ખૂબ જ સુંદર સામૈયું કરેલ. પૂજ્યોની પધરામણી નિમિત્ત શ્રી સંઘ તરફથી ૨૧ રૂા.નું સંઘપૂજન થયેલ. ગુરુપૂજન -કામળી વહોરાવવાના ચઢાવા થયેલ. માત્ર ૪ દિ'ની સ્થિરતા દરમ્યાન પર્યુષણ જેવું વાતાવરણ સર્જાયેલ. સંઘ મંદિરથી શ્રી ધર્મનાથ સ્વામી જિનાલયના નૂતનીકરણ માટે પૂ. આચાર્યભગવંતોની નિશ્રામાં અષાડ સુદ-૫ના ખનન વિધિ - ભૂમિપૂજનનો કાર્યક્રમ મંગલમય સંપન્ન થયેલ. ચાલુ વર્ષે પૂ.આચાર્ય ભગવંતના શિષ્ય- પ્રશિષ્યો પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ.મ. તથા પૂ.મુ. શ્રી આત્મરક્ષિત વિ.મ.નું ચાતુર્માસ હોઈ સંઘમાં અનેરો ઉત્સાહ વર્તી રહ્યો છે.

**મુધોલઃ**

જેઠ વદ-૬ના રોજ મુધોલ નગરે નૂતન શ્રી શાંતિનાથ પ્રભુજીના પ્રવેશની સાથે જ પૂ. આચાર્ય ભગવંતોનો પ્રવેશ હોઈ હાથી - જમખંડી બેન્ડ આદિ સામગ્રી સાથે ભવ્ય નગર પ્રવેશ થયેલ. દેવ ગુરુ પ્રવેશ નિમિત્ત રૂા. ૫૦નું સંઘપૂજન થયેલ. ગુરુ પૂજન કામળી વહોરાવવાના ચઢાવા પણ અનુમોદનીય થયેલ. જેઠ-વદ-૫ના દિને શ્રી વાસુપુજ્ય જિનાલયમાં અઢાર અભિષેક થયેલ. બપોરે શ્રી સંઘસ્વામી વાત્સલ્ય થયેલ. બંને દિ' પૂ. આચાર્ય ભગવંતનું પ્રવચન થયેલ. જેઠ વદ-૭ના દિને બપોરે ૩-૦૦ કલાકે પૂ.મુ. શ્રી પુણ્યરક્ષિત વિ.મ.નું પ્રવચન થયા બાદ સંઘના ઉપક્રમે પૂ.આ.ભ.શ્રીની નિશ્રામાં નૂતન પાઠશાળાનો શુભારંભ થયેલ. કોલ્હાપુર નિવાસી શ્રેષ્ઠીવર્ય મોહનભાઈ (બાલુભાઈ) (સિલ્વર પેલેસવાળા)ના શુભહસ્તે દિપ પ્રજ્વલન થયેલ. તેઓશ્રી તરફથી રૂા.૫ ની પ્રભાવના થયેલ.

**મહાલિંગપુરઃ** જેઠ વદ ૮ના મહાલિંગપુર નગરે સામૈયા સહ પૂજ્યોની પધરામણી થયેલ. પૂજ્યશ્રીની પધરામણી નિમિત્તે રૂા.૧૧નું સંઘપૂજન થયેલ. શ્રી સંઘ તરફથી કામળી વહોરાવવામાંઆવી હતી. બપોરે શ્રી સત્તરભેદી પૂજા ભણાયેલ.

**રબકવી નગરે પ્રતિષ્ઠા મહોત્સવ**

રબકવી નગરના આંગણે શ્રી સંઘના આદેશથી રાજસ્થાન- તખતગઢ નિવાસી શા. પુનમચંદ તિલોકચંદજી પોરવાલ પરિવાર નિર્મિત શ્રી સુમતિનાથ જિનાલયની પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે જેઠ વદ- ૧૦ના રોજ પૂ. આચાર્ય ભગવંતોનો મંગલ પ્રવેશ તેમજ નૂતન જિનબિંબોનો પ્રવેશ ખૂબ જ ઠાઠ માઠથી થયેલ. દેવ ગુરુ પ્રવેશ નિમિત્તે શ્રી સંઘ તરફથી રૂા. ૨૮નું સંઘપૂજન થયેલ. જેઠ વદ-૧૪થી પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ થયેલ. અષાડ સુદ-૩ના રોજ નૂતન શ્રી સુમતિનાથ જિનાલયની પ્રતિષ્ઠાનો પ્રસંગ ખૂબ જ સુંદર થવા પામેલ. જિનાલય પ્રતિષ્ઠાના દિને જ શા. પુનમચંદ તિલોકચંદજી પોરવાલ પરિવાર નિર્મિત શ્રી રત્નત્રયી આરાધના ભવનનું ઉદ્દઘાટન પણ થયેલ. પ્રતિષ્ઠા પ્રસંગે પૂ. આચાર્ય ભગવંતોની સદુપદેશથી શ્રી સંઘે શ્રી જિનમંદિર ઉપાશ્રય સર્વસાધારણ અનામત નિધિ કરવાનું નકકી કરી જાહેરાત કરતાં ખૂબ જ સારૂં ફંડ થઈ જવા પામેલ. સંઘે પૂજ્યશ્રીનો ખૂબ જ ઉપકાર માનેલ. શ્રી સંઘ તરફથી ગુરુપૂજન-કામળી વહોરાવવાના ચઢાવા પણ અનુમોદનીય થયેલ. શ્રી સુમતિનાથ પ્રભુજી તથા શ્રી શાંતિનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા જિનાલય નિર્માતા પરિવારે કરેલ તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિષ્ઠાનો બોલી બોલીને શા. ચમનમલજી કેશરીમલજી સાકરિયા પરિવારે કરી હતી. પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન પાંચે દિ' ત્રણે ટાઈમ શ્રી સંઘસ્વામીવાત્સલ્ય તથા મહોત્સવનો સંપૂર્ણ લાભ શ્રી સંઘનો આદેશ મેળવી શા પુનમચંદ તિલોકચંદજી પોરવાલ પરિવારે લીધો હતો. પ્રતિષ્ઠા નિમિત્તે તેઓશ્રી તરફથી (૨) હજાર જેટલા જૈનેત્તરોને મિષ્ટ ભોજન કરાવાયેલ. શ્રી સંઘે જિન મંદિર નિર્માતા પરિવારનું બહુમાન કરેલ.

જંબૂ દ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં જયન્તી નગરી ઉપર રાજા શત્રુ મર્દનનું રાજ્ય હતું. ત્યાં નયસાર નામનો એક વનરક્ષક રહેતો હતો. જે ઘણો જ દયાળું, સદાચારી અને સરલ હતો. એક દિવસ રાજાએ નયસારને આજ્ઞા દીધી




નયસાર સેંકડો મજૂરોને લઈને વનમાં ગયો અને વનમાં લાકડા કાપવાનું ચાલુ કરી દીધું



# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

- દેરાસર-ઉપાશ્રયમાં આવવા છતાં ઘણાબધાને તો ગમતા હોય છે દુકાન ને મકાન ! આમાં પરિવર્તન આણવું, એ સાધુનું કામ છે. આ કામ સમજણ આપવા દ્વારા સિદ્ધ થતું હોય છે. શ્રોતામાં સાચી સમજણ આવી જાય, પછી કદાચ એને મકાને અને દુકાને જવું પણ પડતું હોય, પરંતુ એને ગમતા તો દહેરાસર અને ઉપાશ્રય જ હોય !

- શ્રોતા અને વક્તા કેવા હોવા જોઈએ, આની આપણા શાસ્ત્રોમાં વિગતવાર વિચારણા કરવામાં આવી છે. શ્રોતાએ આટા જેવી યોગ્યતા કેળવવી જોઈએ, જેથી વક્તા શાસ્ત્રોપદેશ રૂપ ઘી-ગોળ એમાં ભેળવવાનો પ્રયત્ન કરે, તો એ સફળ બને, એથી આટામાંથી મોદક તૈયાર થાય. આજની ધર્મદેશનાઓને ધારી સફળતા મળતી નથી, કારણ કે આજનો મોટા ભાગનો શ્રોતાવર્ગ રાખ જેવો છે. રાખમાં ઘી-ગોળ નાખવાથી રાખ તો મોદક ન બને, પરંતુ ઘી-ગોળ પણ રાખ જેવા બની ગયા વિના ન રહે.

- સંસાર દુ:ખો અને પાપોથી ભરેલો છે. આ બંનેનું મૂળ સુખનો રાગ છે. સુખ મેળવવાની લાલસા જ પાપ કરાવે છે અને પાપના કારણે જ દુ:ખ આવે છે. માટે જ જ્ઞાનીઓ સુખથી વધુ સાવચેત રહેવાનું ફરમાવે છે. સુખની લાલસા મટી જાય તો ઘણા ઘણા પાપ ન કરવા પડે અને એથી દુ:ખો પણ ટળી જાય.

- આજના ઘણાખરા ટ્રસ્ટીઓ મંદિર-ઉપાશ્રય આદિ ધર્મસ્થાનોનો વહીવટ કરીને કેટલું પુણ્ય બાંધતા હશે ? એ સવાલ છે. એઓ મંદિરનો વહીવટ કરે છે કે માત્ર મૂડીનો-પૈસાનો જ વહીવટ કરે છે, એ પણ સવાલ છે. મંદિરનો વહીવટ કરનારે તો મંદિર ખુલે ત્યારે અને મંદિર માંગલિક થાય, ત્યારે પણ હાજરી આપવી જોઈએ. પૂજારી આદિ આશાતના ન કરે, એનો ખ્યાલ ટ્રસ્ટીઓએ પણ રાખવો જોઈએ, આવું ધ્યાન ન રાખે, એ ટ્રસ્ટીને માત્ર મૂડીનો વહીવટદાર ન ગણવો જોઈએ શું ?

- શાલિભદ્રજીની મહત્તા એમને ત્યાં ૯૯ દેવતાઈ પેટી ઉતરતી હતી, એથી શાસ્ત્રકારોએ આંકી નથી, પરંતુ એ ૯૯ પેટીને લાત મારીને એઓ ત્યાગી બની ગયા, આ જ કારણે શાસ્ત્રકારોએ એમની નોંધ લીધી છે.

- શાતા-સમાધિ દેવ-ગુરુના પ્રસાદથી જ મળી શકે. દેવગુરુના પ્રસાદથી મળેલી શાતાનો સદુપયોગ દેવ-ગુરુની આજ્ઞાના પાલનમાં જેઓ કરતા હોય, એમને જ શાતા પૂછવાની છે અને જવાબમાં 'દેવગુરુ પસાય' બોલવાનો અધિકાર પણ એમને જ છે. શાતા પૂછનારની અને જવાબ વાળનારની જવાબદારી આ રીતે જોઈએ તો ઘણી મોટી છે. જેને તેને શાતા પૂછી શકાય નહિ અને એ જે તે જવાબમાં 'દેવગુરુ પસાય' બોલી શકે નહિ.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈનશાસન

## અઠવાડિક

*શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર*

*ઈર્યાસમિતિ ક્યારે?*

इंदियत्थे विवज्जित्ता, सज्झायं चेव पंचहा।
तम्मुत्ती तत्पुरक्कारे, उवउत्ते रियं रिए ॥
**(શ્રી ઉત્તરા૦, અધ્ય૦ - ૨૪, ગા૦ ૮)**

ઈન્દ્રિયોના અર્થો તથા પાંચે પ્રકારના સ્વાધ્યાયનો ત્યાગ કરીને, ઈર્યાસમિતિમાં તન્મય બનીને ઉપયોગ પૂર્વક ચાલવું તેનું નામ ઈર્યાસમિતિ છે.

**વર્ષ ૧૫** **અંક ૪૧**

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર,
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

# કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૨.



आज्ञाराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઇ)
ભરત સુદર્શનભાઇ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫) ✻ સંવત ૨૦૫૯ શ્રાવણ વદ - ૭ ✻ મંગળવાર, તા. ૧૯-૮-૨૦૦૩ (અંક : ૪૧

## પ્રવચન
## ત્રેસઠમું

* પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદ-૪, શનિવાર, તા. ૧૦-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઇ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पियमायऽवच्च भज्जा सयणघणा सबलतित्थिमंतिनिवा।
नायर अहमपमाया परमत्थमयाणि जीवाणं ॥

એક સંપ્રતિ રાજાએ ત્રણ ખંડની ભૂમિને શ્રી જિન - મંદિરોથી મંડિત કરી. બીજા પણ ઘણા ભાગ્ય શાલીઓએ ય ઘણાં ઘણાં શ્રી જિનમંદિરો બંધાવ્યા છે. શ્રી મોતીશા શેઠ તો નજીકના કાળમાં થયા ને ? તેમનું પોતાનું મકાન નહિ હોય પણ મંદિરો અને ટુંક આજે પણ છે ને ? મંદિર કે ઉપાશ્રયાદિ ધર્મસ્થાન બંધાવી શકે તેવા શક્તિ-સંપન્ન કોઇ છે જ નહિ ને ? હજી નામનાદિ માટે પણ બધાંવનારા કોઇ મળશે, પણ 'મારામાં શક્તિ હોય તો મારે આ કરવું જ જોઇએ' આવું માનનારા કેટલા મળે ?

ઘર ચલાવવા પાપ કરીને ય મેળવવું તેવી જાતિની વૃતિ થઇ ગઇ છે. માટે આજે વેપારી માત્ર લુંટારા બની ગયા છે. નીતિશાસ્ત્રે પણ કહ્યું છે કે, આવક જોઇને ખર્ચો કરવો. ખર્ચો જોઇને આવક કરવા જાયે તે લુંટારો થાય. સંસારમાં પૈસા વિના તો ચાલે જ નહિ - આ માન્યતા રૂઢ થવાથી પૈસા કેવી રીતે મેળવો છો ? તમારા ખર્ચા તો મોંઘવારીને ય વટાવી જાય તેવા છે. મહિને દશ-બાર હજારાદિનો ઘરનો ખર્ચો રાખનારા છે તો તેમનો ધર્મનો ખર્ચો કેટલો છે ? સંસારનો ખર્ચો ગમે તે રીતે પૂરો કરવો છે તેવી વૃતિવાળો વેપારી કદિ ન્યાયી હોય નહિ, અન્યાયી જ હોય. ન્યાય સંપન્નતા ગઇ કેમકે, ધર્મની ફૂટી કોડિની કિંમત નથી, સંસારની જ કિંમત છે. તમે સાધુઓને બહુ ઊંઠા ભણાવ્યા છે. જે સાધુને એમ થાય કે - 'આ બધાના ખર્ચા વધી ગયા, અનીતિ-અન્યાયાદિ ન કરે તો શું કરે ? તો તે બધા પહેલા નંબરના બેવકૂફ છે. જેવા સુખી છે કે, ધર્મના કામ કરે તો પણ જરાય વાંધો આવે તેમ નથી છતાં ય કરતા નથી. તમો સુખી હોવા છતાંય એક પણ ધર્મનું કામ થતું નથી પણ સીદાય છે, તેનું કારણ શું છે ? સંસારનો રાગ છે.

આજે મોટામાં મોટો શ્રીમંત પૂજા કરવા જાય તો તેની પાસે, પોતાની પૂજાની સામગ્રી નહિ હોય, તેના ઘરમાં સંસારની સામગ્રી બધી જ હશે - જરૂર કરતાં પણ ઘણી વધારે હશે પણ ધર્મની સામગ્રી કોઇ જ નહિ હોય. તમે બધા સંસારના ખર્ચાને વ્યાજબી ગણાવો છો પણ ધર્મમાં કશો જ ખર્ચો નથી તેની ટીકા કોઇ કરતું નથી. જે સુખી પોતાની

માજ પ્રત્યેની ધર્મની ફરજ અદા ન કરે તેની પ્રશસ્તિ કરવી પાપ છે. જે શેરીમાં એક સુખી હોય તે શેરી સુખી હોય, કોઇ દુઃખી ન હોય. આજે સુખીના ઘરનો કચરો પાડોશીના ઘર આગળ પડે અને સામો મળે તો કામ બતાવી ધક્કા ખવરાવે પણ તેનું કામ ન કરે. આ આબરૂ છે ? તમે બધા કહો કે, અમે જરૂરી ધર્મનો ખર્ચો કર્યા વિના રહેતા નથી તો મને આનંદ થાય. જો બધા આવી રીતના જરૂરી ધર્મનો ખર્ચો કરતા હોત તો આજે દેવ-દ્રવ્યા દિમાં ગરબડ ઊભી ન થાત. આજે મોટાભાગના પેટમાં ધર્માદા દ્રવ્ય ગયું છે માટે જ બધાની બુદ્ધિ ફરી ગઇ છે. ધર્મમાં જરૂરી ખર્ચો ન કરે અને બીજે લાખોનો ખર્ચો કરે તો તે સારા ગણાય કે ભૂંડા ?

આજના સુખી લોકો 'અમે સુખી છીએ' તેમ બોલવાને પણ લાયક નથી. તે બધામાં ધર્મ માટે શક્તિ નથી અને સંસારને વેચાઇ ગયા છે. તમારી પાસે પૈસા વધી જાય તો બેંકમાં રાખો પણ ધર્મમાં ન ખર્ચોને ? આજે તો ઘણા લોકોએ ભગાવનની ભક્તિ માટે મૂકાયેલી ચીજોનો ય દુરૂપયોગ કર્યો છે.

રાગ ડૂબાડનારો પણ છે અને તારનારો પણ છે. સુદેવાદિ પરનો રાગ તારે, બાકી બધા પરનો રાગ ડૂબાડે. તમને માતા-પિતાદિ પર પ્રેમ વધારે છે કે સુદેવાદિ પર ? પિતાની આજ્ઞા ખાતર ભગવાનની આજ્ઞા આઘી મૂકો કે ભગવાનની આજ્ઞા ખાતર પિતાની આજ્ઞા આઘી મૂકો ? સંસારનો રાગ ભૂંડો છે. તેના ઉપર દ્વેષ થાય તો વિરાગ આવે. તમે બધા વિરાગી છો કે રાગી છો ? જેટલો વિરાગ છે તેના પ્રમાણમાં ત્યાગ છે કે નહિ ? ધર્મ માટે કરવો તે ત્યાગ કહેવાય, ઘર માટે કરવો તે ભોગ કહેવાય ! તમારો ભોગનો ખર્ચો વધારે કે ત્યાગનો ?

વાસુદેવો, બળદેવો માટે ધર્મનો ઘણો અંતરાય કરનારા બને, માટે બહુ સાવધ રહેવાનું. સંસારના સંબંધોમાં સાવધ બની જાય તો કામ થાય. માટે ગ્રન્થકાર પરમર્ષિ સમજાવી રહ્યા છે કે, ધર્માત્માને ધર્મ કરવા માતા-પિતાદિ બધા અંતરાયરૂપ બને છે.

સુદેવાદિની સેવા ભક્તિમાં અને ધર્માત્માની ભક્તિમાં જેટલો ખર્ચો કરીએ તેટલો ઓછો. આજે તેવા ધર્મ હોત તો એક પણ ધર્મી દુઃખી હોત નહિ. એક પણ ધર્મીને નોકરી ખાતર ધર્મ ન કરી શકે તેવો વખત ન આવત. 'તમારો ધર્મ સચવાય તેવું કામ અને ઘરનું પૂરું થાય તેટલો પગાર આપીશ' તેવા ધર્મી કિટલા મળે ? તમે જેનો ખર્ચો પૂરો કરતા હો તેનો ક્યો ખર્ચો ન્યાયી-વ્યાજબી કહો અને ક્યો ગેરવ્યાજબી કહો ? તેના જે ખોટા ખર્ચા કહો તેવા ખોટા ખર્ચા તમારા કેટલા છે ? તેથી જ લાગે છે કે, તમે બધા સંસારના પ્રેમી છો પણ ધર્મના નથી. સંસારના પ્રેમી ધર્મની આડે આવે, ધર્મને કરવા દે નહિ. એટલું નહિ પણ ધર્મમાં જ અંતરાય કરે. તમે સંસારની મહેનતમાં ભુખ્યા રહો તો કોઈ ચિંતા ન કરે પણ આયંબિલ, એકાશન આદિ કરે તો કહે કે, શું થશે શરીરનું ? સંસારી જીવો મોટેભાગે ધર્મના વૈરી જેવા જ હોય છે **સંસારના પ્રેમી તે ધર્મના વૈરી !**

ધર્મના પ્રેમીના સંસારના ખર્ચામાં કશું ખોટું ચાલે નહિ. તેના ખર્ચાને કોઇ ખોટો કહી શકે નહિ. તમારે તેવા ખર્ચા છે ને ? તમારા જે ખર્ચા છે તે ધર્મની દષ્ટિએ વ્યાજબી ઠરે તેમ છે ? આજે તમે મોંઘવારીના નામે ગપ્પા જ મારો છો. તમે તમારા ખોટા ખર્ચા બંધ કરો તો ઘણો ધર્મ કરી શકો તેમ છો. પછી તમારે બજારમાં અનીતિ ન કરવી પડે, ચોપડા ખોટા ન લખવા પડે. કુટુંબાદિ પરનો, સંસાર ઉપરનો રાગ ભૂંડો ન સમજે તો આ ધર્મ આવે જ નહિ.

ભાઈ ઉપરના પ્રેમના કારણે લક્ષ્મણજીના પ્રાણ નીકળી ગયા તેને શાસ્ત્રે સારું નથી કહ્યું, વખાણ્યું નથી. શ્રી રામચન્દ્રજી બંધુના પ્રેમને સારો માનતા ન હતા. તમને જે ખોટો પ્રેમ છે તેને ખરાબ માનો છો, કે આ પ્રેમ સારો નથી ? મરતા સુધી તમારો સંસારનો પ્રેમ જીવતો રહેવાનો છે, તમે સાધુ થવાના નથી - આમ કોઈ કહે તો દુઃખ થાય ? સંસારનો પ્રેમ બધો જ ખોટો. ધર્મ નહિ સમજનારા માતા-પિતાદિ ધર્મ માટે ભયરૂપ છે. તે ભયને જે અવગણે તે જ ધર્મ કરી શકે. માતા-પિતાદિને રાજી રાખવા ધર્મ ન કરે તે ધર્મ સમજેલા કહેવાય કે ધર્મ નહિ સમજેલા કહેવાય ? તમે બધા ધર્મ કરો છો તે કેવો કરો છો ? કેવી રીતે કરો છો ?

શક્તિ પ્રમાણે કરો છો કે નહિ ? તમે શક્તિ મુજબ ધર્મ નથી કરતા ? ધન ઉપરના રાગથી ધર્મ નહિ કરનારા ઘણા છે. માટે આજના ધર્મીને ધર્મ માટે ધનનો ખર્ચો નથી. ઘણા પૂજા કરનારને પૂજાનો ખર્ચો નથી. બીજું તો કરવાનું છે નહિ. તમને રોજ શું શું કરવાનું મન થાય છે ?

તમારો અપ્રશસ્ત રાગ ઘણો છે કે પ્રશસ્ત રાગ ઘણો છે ?

એક એક આદમી ઉત્સવ કરી શકે તેમ હોવા છતાં ટીપ કર્યા વિના ઉત્સવ થાય નહિ. તમારી શક્તિ હોય તો રોજ સારામાં સારી ભક્તિ કરો, પૂજા ભણાવો. ભક્તિના ઉપકરણો કેવા હોય ? તમારા ઘરમાં સ્ત્રીના દાગીના કેટલા ? તમારા ઘરમાં સંસારના સાધનો કેટલાં અને ધર્મનાં સાધનો કેટલાં ?

જેમ પાંચ પ્રમાદ ખરાબ તેમ સંસારના રાગી માતા-પિતા-ભાઈ-સ્ત્રી આદિ ધર્મમાં અંતરાય કર્યા વિના રહે નહિ. જેને ધર્મ કરવો હોય તેને તે બધાથી જરાય લેપાવું નહિ. જે ન લેપાય તે જ ધર્મ કરી શકે. આજે માતા-પિતાના ભગ કેટલા ? ભાઈ કે સ્નેહી દુ:ખી હોય તો સહાય કરનારા કેટલા ભાઈ, દુ:ખી હોય તો તેની સામે ય ન જૂએ તેવા પણ છે ને તમે પૈસાના પ્રેમી કે દાનના ? પૈસાનો પ્રેમી, દાનનો પ્રેમ ન હોય તો તેનો પૈસાનો પ્રેમ ભૂંડામાં ભૂંડો. આજે ધનન લોભની ખાતર જ ધર્મ સારો થતો નથી. અન્યાયાદિ ખૂ થાય છે, ચોપડા ખોટા લખાય છે. ઘણાને ઠગાય છે રાજ્યની પણ ચોરી કરાય છે. તમારું પુણ્ય છે માટે ઘરમ બેઠા છો, બાકી બધા જેલમાં બેસવા લાયક છે. તમાર કારવાઈ જોતાં તમને યાદ આવે છે કે, ભૂતકાળનું પુણ્ય બચાવે છે, બાકી ઘરમાંય સ્થાન નથી. લક્ષ્મીવાન દાન કરી શકે તેની શરમ આવવી જોઈએ. શક્તિવાળો એકલો ધર્મના કામ કરતો હોત તો ઘણા લોકો ધર્મ પામત. જી સાવધ ન રહે તો સંસારના રાગી ધર્મમાં અંતરાય કરનારા તેમાં ભાઈના પ્રેમની વાત કરી આવ્યા. બાકી જે છે તે વિશે હવે પછી. (ક્રમશઃ

## સૂત્ર શોધો.

આ કોઠામાં ગુરૂવંદન, સામાયક લેવાના અને પારવાના ૧૧ સૂત્રો આપેલા છે. જરા શોધિ કાઢો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઇ | ચ્છ | કા | ર | ય | શ્રી | મ | ણ | સં | સા |
| રિ | જ | ખ | ર | મ | ન | જ | લો | ગ | સ્સ |
| યા | વ | ખ | મા | સ | મ | ણ | લ | મ | સા |
| વ | શ | સ | ષ | હ | સ્કા | અ | ન્ન | થ | મા |
| હિ | પં | ચિં | દિ | ય | ર | જ | ગા | વ | ઇ |
| યં | ય | ર | લ | વ | મ | ક | ક | રે | ય |
| ગ | મ | પ | ર | લ | હા | ખ | રે | મા | વ |
| અ | બ્ભુ | ઠ્ઠિ | ઓ | મ | મં | ધ | મિ | ટા | ઇ |
| દ | ઠ | ટ | દ | ણ | ત્ર | ન | ભં | ન | જુ |
| ત | સ્સ | ક | ત્ત | રી | ર | બ | તે | ટ | તો |

જવાબ પાના ૧૪૨૮ પર

## શાપિત આત્માની દયનીય હાલ

પૂર્વના ભવોમાં જે આત્માએ દે ગુરુના સંબંધમાં નિન્દા, દ્રોહ તિરસ્કાર વ તીવ્રતાથી કરી નાખેલ હોય, અથવા ધ બાબતમાં બહુ મોટો દોષ તીવ્રતાથી સે હોય અને તેનું મરતાં સુધી સાચું પ્રાયશ્ કર્યું ન હોય તે આત્મા ઉપર તે દોષ પ બનીને ત્રાટકે છે.

આવો શાપિત આત્મા કોઈ ધર્મ રી શકતો નથી. એને કામ, ક્રોધાદિ દોષો બ ખરાબ રીતે સતાવે છે. એ ખૂબ જ દુ ી હોય છે.

આ આત્માને કોઈ ધાર્મિક બાબ ો અસર કરી શકતી નથી. મન્ત્ર, તન્ત્ર, યન , તીર્થ વગેરે તમામ નિષ્ફળ થાય છે.

આવા શાપિત આત્માને ઉગારવ ો ઉપાય એક જ છે : તેને જે દોષોનું સે ન કરવાની ફરજ પડે તેની ઉપર અતિ ગ્ર પશ્ચાત્તાપ.. બચાવો, બચાવોની સ ત ચીસાચીસ.

હા.. તેથી આ જ ભવે નહિ તો આ ના ભવે તો નકકી એ શાપથી મુકત બની ો.

# મહાસતી - સુલસા

લેખાંક- ૧૭મો

પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મ.

(ગયા અંકથી ચાલુ)

તીર હજી ધરતી પર પડયું, ન પડયું ત્યાં જ જ્યેષ્ઠ સુલસાપુત્રના દેહ રજાણે તડિત્પાત થયો. નર્કાગાર જેવી જાલિમ વેદનાથી શરીરની નસેનસ ખેંચાવા લાગી. સાંધા તૂટવા માંડ્યાં. બે-પાંચ પળ પણ પૂરી નહિ થઈ હોય, તરવાગ્યાને અને એનો ઘા એવા કાતિલ - જીવલેણ નિવડ્યો કે રાજગૃહીનો એક ભડવીર યોધ્ધો હતપુન્ય બનીને એની જ ફરસ પર ઢળી ફરસ પર ઢળી પડ્યો.

એનો શ્વાસ ઘૂંટાઈ રહ્યો હતો. જીવતરની દોરીને અધવચ્ચેથી તોડી દેનારી આ પળ હતી. એના મુખેથી નીચે પડતી વેળા 'નમો અરિહંતાણં' પદનો મહાઘોષ પ્રગટયો અને એની આંખો સદાયને માટે મીંચાઈ ગઈ.

ઈતિહાસની એ સૌથી કમભાગી ઘટના હતી. રાજગૃહીનો એ વિલાપજનક મુકામ હતો અને મહાસતી સુલસાના વક્ષ પર તૂટી પડેલો મેરૂ પહાડ હતો. કેમકે જ્યાં જ્યેષ્ઠ સુલસાપુત્રનું અકાળ મરણ થયું એ જ પળે એકની આગળ એક ચાલી રહેલા બાકીના પૂરા એકત્રીશે ભાઈઓ પણ જમીન પર ઢળી પડ્યાં. એમનો જીવનદીપ પણ ત્યાં જ બૂઝાઈ ગયો. બત્રીશ-બત્રીશ ભાઈઓની મરણચીસોથી એક વાર તો સુરંગની દીવાલો પણ રડી ઉઠી.

આ દશ્ય જોઈને સેનાપતિ વીરાંગદે પ્રચંડ જય ધ્વનિ કર્યો. પણ આ તો રાજવી શ્રેણિકના મહાભડવીર અંગરક્ષકોના મોત હતાં. રાજવી શ્રેણિકનો રથ તો આ બત્રીશે રથોની કઈ કેટલાંય આગળ સૌથી મોખરે હતો. સુરંગના મુખની નજીક તે પહોંચી ચૂકયો હતો.

વચ્ચે બત્રીશ - મહાયોદ્ધાઓના રકતથી અભિશપ્ત બનીને ત્યાંજ થંભી ગયેલાં એમનાં બત્રીશ રથ હતાં એની પેલે પાર રાજવી શ્રેણિકનો રથ એમાં રાજકુમારી ચેલણા. હજી શિકાર તો ઘણો દૂર છે, એનું ભાન થતાં જ વીરાંગદનો વિજયોન્માદ ઠરી ગયો. ગમે તેમ શ્રેણિકની નજીક પહોંચવા તે કટિબધ્ધ બન્યો.

અફસોસ ! પણ સેનાપતિએ કરેલું પરાક્રમ જ સેનાપતિ માટે હવે બાધા જનક નીવડયું. માર્ગ સુરંગનો હતો. એ સાંકળા પંથમાં આગળ થંભી ગયેલ. બત્રીશ - શહીદોના બત્રીશ રથ હતા. એ રથને ન તો ખસેડી શકાયા કે ન તો એની સમાંતર કોઈ રથ જેવું વાહન લઈને નીકળી શકાયું.

સેનાપતિ અધીર બની બેઠો. જમીન પર કૂદી પડ્યો. શસ્ત્ર પૂરવઠો એકઠો કરી રથ પાછળ મૂકયો. રથનાજ એક અશ્વને રથથી છૂટો પાડી એની પર આરોહણ કર્યું. પણ આડમાં પહેલા બત્રીશ - બત્રીશ રથોને વીંધીને પસાર થતાં ખાસ્સો સમય પસાર થઈ ગયો. એ જ્યારે આટલા ભગીરથ પુરૂષાર્થ પછી સુરંગની બહાર નીકળ્યો ત્યારે તો શ્રેણિક રાજવીનો રથ વૈશાલીથી સેંકડો માઈલોનો પંથ કાપીને મગધની નજીક પહોંચી ગયો હતો.

શ્રેણિક રાજવીને હવે કોઈ રીતે પકડી શકાય તેમ નથી, એવું જણાઈ આવતાં સેનાપતિ વીરાંગદ પાછો ફર્યો.

**લેખાંક :- ૧૮મો.**

પોતાના અતૂટ પરાક્રમ પર ગૌરવ અનુભવવું કે શ્રેણિકરાજાના સંકજામાંથી રાજનંદનીને નહિ ઉગારી શકવા બદલ ખેદ અનુભવવો, કોઈને સમજાયું નહિ. ખુદ સેનાપતિને પણ નહિ એના સાથીઓને પણ નહિ.

પોતાના કાફલા સાથે જ્યારે સેનાપતિ રાજવી ચેટકની સભામાં ઉપસ્થિત થયાં અને સુરંગમાં ખેલાયેલાં દિલધક યુદ્ધની દાસ્તાન તેમણે રાજવી અને પ્રજાજનો સમક્ષ કહી

સંભળાવી ત્યારે રાજવી ચેટકની પણ આજ સ્થિતિ થઈ. તેઓ સંમિશ્ર લાગણીઓના દ્વન્દ્વમાં અટવાઈ ગયાં.

એક તરફ બત્રીશ-બત્રીશ મહાયોદ્ધાઓના નિગ્રહનું ભગીરથ શૌર્ય જેણે દાખવ્યું હતું એવા સેનાનીને તેમણે પોતાની બાથમાં ભીડી દીધો. તો બીજી તરફ રાજવી શ્રેણિકના સંકજામાંથી પોતાની તરૂણપુત્રી પાછી ન જ મેળવી શક્યાં, એનો રંજ પણ દિલને ડંખી રહ્યો.

આ બધાં જ સમાચાર તેમણે કુમારી સુજ્યેષ્ઠા સમક્ષ વર્ણવ્યાં. ત્યારે એના આઘાતને પણ પાર ન રહ્યો. સૌપ્રથમ વિષયાન્ધના તરફ ફસડાઈ ગયેલી સુજયેષ્ઠા, એ વિષયસુખના પંથમાં વિશ્વાસઘાત થતાં ત્યાર પછી વિદ્વેષથી સળગી ઉઠેલી સુજ્યેષ્ઠા, ત્યારબાદ પોતાના નિમિતે એક મહાસતી શ્રાવિકાના બત્રીશ પુત્રોની હત્યાનું પાતક ઉભુ થઈ ગયાનું સાંભળીને વિષાદના આંસુ સારતી સુજ્યેષ્ઠાનું અંતઃકરણ આખરે વૈરાગ્યના મંગળ સંગીતથી ભાવિત બની ગયું.

જન્મથીજ જિનશાસનને પામનારી, રગેરગમાં સમ્યક્ત્વની નિષ્ઠાને પચાવનારી અને સાક્ષાત્ શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના ઉપદેશ દ્વારા ભવસ્વરૂપનું સાચુ તત્ત્વ જ્ઞાન લાધનારી આ સુજ્યેષ્ઠા સ્વયમ પણ મહાસતી હતી. ગુણોની ગરિમા હતી. એનો આરાધનાવાસિત આત્મા આવા નિમિત્તોનો યોગ મળતાં જ જાગી ઉઠયો.

એના હૃદયમાં સારાય સંસારની અસારતા તરવરવા માંડી, કામભોગોની ભયંકરતાનું ધ્યાન ત્યાં ઉદ્‌ભવ્યું. શરીરની ક્ષણભંગુરતાનો ખ્યાલ એમાં તેજીથી ઉમેરાયો. સંસારના વૈષયિક સુખો દ્વારા ભવાંતરમાં ઉભી થતી આત્માની વરવી યાતનાઓ નર્કના અસહ્ય જુલ્મ, ઈન્દ્રિયોની અપરિપૂર્ણતાઓ એની આંખ સામેથી આ બધુ ઝપાટાબંધ પસાર થતું ગયું.

કામભોગો માટે એને તીવ્ર નફરત જાગી. એ હદની કે એનો આત્મા જીવનભરનું બ્રહ્મચર્ય જ્યાં મૂકી રહ્યું છે, એવા પૂર્ણ બ્રહ્મમય સાધુજીવનના આ સ્વાદ માટે ઝૂરી ઉઠ્યો. વૈરાગ્યની આ તીવ્રતર પરિણતિ હતી. એક સાચુકલી શ્રાવિકાને આઘાતોની પરંપરામાંથી પણ લાધી જત જ્ઞાનગર્ભિત વિરાગદશાનું આ એક ભવ્ય દૃશ્ય હતું.

સુજ્યેષ્ઠાએ પોતાની મનો ભાવના માતા-પિતા સમ વ્યક્ત કરી. જેમણે જીવનમાં પોતાની કન્યાનું પણ કન્યાદા કર્યું નથી, એથી જ જેમનું નામ ઈતિહાસના પૃષ્ઠોપર હર રહ્યું છે, એવા ચેડા મહારાજા પોતાની પ્રાણપ્રિય સુપુત્ર સંયમના શ્રેયસ્કર માર્ગે જતી હોય તો અટકાયતમાં કરે ખરા न भूतो न भविष्यति।

ત્યાર પછીના નજીકના જ ખૂબટૂંકા સમયગાળા વૈશાલી પુરીને પાવન કરવા મહાઆર્યા ચંદનબાળા પધાર્યા. સુજ્યેષ્ઠા નાચી ઉઠી. એની પ્યાસ બૂઝાવવા જા ઘર આંગણે ગંગા અવતરી.

રાજવી ચેટકે પણ ભવ્યાતિભવ્ય મહોત્સવ પૂર્વ સુપુત્રી સુજ્યેષ્ઠાને ચારિત્ર ધર્મ અર્પણ કરાવ્યો. સુજ્યેષ્ઠા પણ જેટલા ઉત્સાહ અને ઉર્મિઓ સાથે સંસાર માંડવા તૈયારી કરી હતી. એથીય દ્વિગુણીત ઉર્મિઓના મહેરામ સાથે શ્રમણીના ચીવર ધારણ કર્યા.

*નત મસ્તક છે, એ મહાસતીના ચરણોમાં....*

*ક્રોડો વંદના, એ વૈરાગ્યશાલિનીના ચરણોમાં....*

❖ ❖ ❖

પ્રિયે ! સુજ્યેષ્ઠા, તું કુશળ છે ને ! શ્રેણિકરાજે પૂછ્યું.

વીરાંગદના આક્રમણમાંથી આસાનીથી છટકી ગયે શ્રેણિક રાજવી રથમાં આરૂઢ હતાં. નિર્ભીક બનીને પોતા નવોઢાને નીરખી રહ્યાં હતાં. ત્યાં જ સામેથી જવાબ મળ્યો.

''સ્વામિન્ ! હું ચેલણા છું. સુજ્યેષ્ઠાની નાની બહેન..''

કશોય વાંધો નહિ, મારે મન તું સુજ્યેષ્ઠાથી ય વિશેષ છે. પ્રયત્ન હતો. સુજ્યેષ્ઠાની પ્રાપ્તિનો, તડપન પણ એની જ હતી. પણ આહ, તારૂં લાવણ્ય તો સુજ્યેષ્ઠાનેય ટપી જાય એવું છે. મારૂં ભાગ્ય એની પર કબ્જો જમાવવા સર્જાયેલું હશે ?

શ્રેણિક રાજના આવા હાર્દિક પ્રેમથી નીતરતાં વચનો સાંભળીને ચેલણાના હૃદયમાં આનંદની લહેર ફરીવળી. થયું, જે પતિ કુદરતે આપ્યાં છે. એ શોધ્યાં મળે નહિ તેવાં છે.

પતિ પ્રાપ્તિનો આનંદ જેમ એના હૃદયમાં હતો તો બહેનને છેતર્યાની પીડા પણ એને કોરી રહી હતી. આવી જ સ્થિતિ મગધપતિ શ્રેણિકની પણ હતી. ચેલણા જેવું અનમૂન સ્ત્રી રત્ન પ્રાપ્ત થયું, એનો હર્ષ રાજવીને આલિંગી રહ્યો હતો. તો પોતાના સામ્રાજ્યની શોભા જેવા, ઘનિષ્ઠ મૈત્રીથી બંધાયેલા, પૂર્ણ વિશ્વાસુ અને ઉદારચરિત સારથીઓ બત્રીશ-બત્રીશની સંખ્યામાં એકી સાથે ગુમાવવા પડ્યાં એનો અપાર શોક પણ એમને રડાવી રહ્યો હતો.

ત્યાં એમની ભીંતરમાં રમી રહેલા રાજપુરૂષે એમને ઢોળ્યાં. એક વાતનું સમાધાન આપીને ચકિત કર્યાં. રાજવીને થયું, બીજા કોઈ નહિ ને નાગસારથિના જ બત્રીશપુત્રોને મારી અંગરક્ષા માટે અભયકુમારે મોકલ્યાં, [illegible] એના ફળદ્રુપભેજાની એક રાજ નૈતિક પેદાશ છે.

અભયકુમારે જ્યારે પૂરતી તકેદારી સાથે અપહરણનું આયોજન કર્યું. ત્યારેજ મનમાં દહેશત તો હતી જ અમને, એના ય દિલમાં હશે જ, કે ગમે તેટલી ચોકસાઈ કરો પરંતુ વૈશાલીના અભેદ દુર્ગ સાથેની આ રતમ છે. વૈશાલીનું રાજ્યતંત્ર કેટલું સમર્થ છે અને સાવધ છે, એ તો જગ જાહેર છે. અભયકુમારે તો વેપારી તરીકે આવીને અહિંના રાજ્યતંત્રની જબ્બરદસ્ત તાકાતને જરૂર નજર અંદાજ કરી લીધી જ હોવી જોઈએ.

અને જો કોઈપણ રીતે આ ગુપ્ત અપહરણની ગંધ વૈશાલીને આવી ગઈ તો સુરંગની સંકળાશમાન મગધના નાથનો દેહ કરોડો ટૂકડાઓમાં વહેંચાઈને ધરતી પર ઢળી પડે, એ નિશ્ચિત હતું, એવું ન બને એ માટે જ અભયકુમારે આ બત્રીશ ભાઈઓને મોકલ્યા હશે. કેમકે એણે કલ્પ્યુંજ હશે કે સુરંગમાંથી બહાર નીકળો એ પહેલાંજ આક્રમણ થવાનું જ છે. એ આક્રમણમાંથી ઉગરવું અશકય છે. જો બત્રીશ - સુલસાનંદનો વચ્ચે રહ્યાં હોય તો આ હરિણૈગમેષી દેવે ભેટ ધરેલાં નાગનંદનોની ભાગ્યની બલિહારી જ એવી છે કે એક વ્યક્તિનું આયુષ્ય જ્યાં પૂરૂ થાય ત્યાં બધાના જ ખેલ ખતમ. દેવે એવી ઉદ્‌ઘોષણા પણ કરી છે.

હવે જો, આક્રમણમાં સુલસાનો એક પુત્ર પડે એટલે બાકીના એકત્રીશના મોત નિશ્ચિત. આમ થતાં, આ બત્રીશ રથો ઓળંગીને મારા સુધી પહોંચવું જ વૈશાલી માટે મુશ્કેલ થઈ જાય... સૂળીનું વિઘ્ન સોયથી જ ટળી જાય...

મારે તો યુધ્ધ જ ન કરવું પડે...

વાહ અભય ! શાબાશ અભય ! રાજવીનું મન અભયકુમારની આવી તીવ્ર રાજકીય મેધા પર ઓવારી ગયું.

આમ, આ બધા વિચારોમાં પંથ કયાં કપાઈ ગયો ખબર પણ ન પડી. એક પળે શ્રેણિક રાજના ભવ્ય રથ રાજગૃહીમાં પ્રવેશીને સીધો રાજ ભવન પર ખડકાઈ ગયો. એ જ્યારે રાજગૃહમાં પાછો ફર્યો ત્યારે શ્રેણિક રાજની રક્ષા માટે અગાઉથી જ મગધની સીમાથી આરંભીને સૈનિકોનો ખડકલો કરાયો હતો. અભયકુમાર સહિતના મંત્રીઓ અને સામંતો રાજવીનું સ્વાગત કરવા રાજસામગ્રી સાથે નગર બહાર આવી ઉભા હતાં.

ખાસ તો જેના માટે રાજવીએ આ રીતે પોતાનો જાન બાજી પર લગાવ્યો એ રાજગૃહીના નૂતન મહારાણીના દર્શન કરવા માટે જનતા આતુર હતી. રાજવી શ્રેણિકની નવવધૂનું જ આ સામૈયું હતું. એમ કહીએ તો ખોટું ન હતું. રાણી ચેલ્લણાને જોઈ જનતા આફરીન પુકારી જતી. પ્રજાજનો રીતસરની ભીડ જમાવતાં, નવવધૂને અવલોકવા માટે આમ, ઠાઠ, માઠ, શાન-બાન સાથે રાણી ચેલ્લણાનો નગર પ્રવેશ થયો.

મગધના રાજભવનમાં એમને શુકન આપવામાં આવ્યાં. આ બધી ઔપચારિક વિધિઓમાંથી ઝડપભેર નિવૃતિ લઈ રાજવી શ્રેણિકે પોતાના અંગત સાથીઓને મંત્રણા કક્ષામાં બોલાવ્યાં. એમની સાથે ઘટી ગયેલી ઘટનાની છણાવટ કરીને હવે રાજવી નાગ સારથિના ઘરે પહોંચવા સજ્જ બન્યાં.

એકી સાથે બત્રીશેય પુત્રોના અકાળ મરણના સમાચાર નાગ સારથિને આપવા શી રીતે ? એ રાજા માટે શિરોદર્દ હતું. નાગ સારથિ સમક્ષ વાતની રજૂઆત કેમ કરવી, સમાચાર મળ્યાં પછી જયારે ભયંકર આક્રંદની જવાળા પ્રગટે ત્યારે એ આક્રંદને ઠારવો શી રીતે, ત્યારે કેવું આશ્વાસન આપવું, એ બધું વિચારીને રાજવી, અભયકુમાર તેમજ સામંતો સાથે સારથિના ઘરે પહોંચ્યાં. *(ક્રમશઃ)*

# ધર્મતીર્થ

*(ગયા અંકથી ચાલુ)*

પણ આપણા સૌના સદ્ભાગ્યે આશરે ત્રીસેક વર્ષ પહેલા જ જૈનોનાં એક દીર્ઘદ્રષ્ટા આચાર્ય શ્રી રામચંદ્રસૂરિ મહારાજ સાહેબે તેમનાં બે સયોગ્ય શિષ્યરત્નો પ.પૂ.સ્વ.શ્રી મોહજીતવિજયજી મ.સા. (મોટા પંડિત મ.સા.) તથા પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા (નાના પંડિત મ.સા.) માં શક્તિ જોઈ અને તેમને પ્રેરણા કરેલી કે સંયોગો મળે તો આ શાસ્ત્રોમાં જે વિવિધ તત્ત્વો નાં વિષયો છે, તેનું વિષયવાર સંકલન કરીને તેનાં અલગ અલગ વિષય પ્રમાણે ગ્રંથોની રચના કરવાનો યત્ન કરજો. ખ્યાલ આવ્યો? દા.ત. ''ધ્યાન'' એક વિષય તરીકે પસંદ કરીએ, તો ''ધ્યાન'' તત્ત્વ વિશે જુદી જુદી વાતો જુદી જુદી જગાએ અલગ અલગ હજારેક વિશાળકાય ગ્રંથોમાં જ્યાં જ્યાં આવતી હોય તે બધાને વણી લઈને ''ધ્યાન'' વિષય પર સ્વતંત્ર ગ્રંથ બનાવવો ! કેવું કપરૂં કામ ? પણ થાય તો આપણને અને આવનારી પેઢીને કેવો લભ થાય ? કેવું જ્ઞાન થાય ? અને જ્ઞાન થાય તો વાણી-વિચાર-આચાર-વ્યવહાર બધુએ સુધારવા માંડે, સુખનો સાચો માર્ગ સમજી શકાય, તે મેળવવા માટે દ્રઢ પ્રયત્ન કરી શકાય. તે દિવસે તેમના આ બે શિષ્યો - બન્ને પંડિત મ. સા. એ તો મનમાં ગાંઠ વાળી હતી કે ગુરુમહારાજની આજ્ઞા અવસરે અનુસરીશું. યોગ્ય સમય પાકયો અને આજથી લગભગ ૧૧ વર્ષ પહેલાં તે બંને ઉપકારી ગુરુભગવંતોની વેધક વાણી સાંભળીને તેમનાં પર આકર્ષાયેલા એક જ્ઞાનપિયાસુ વર્ગે તેમને વિનંતી કરી કે ગુરુભગવંતની અમારા સૌ પર ઉપકારી દષ્ટિએ કાંઈક એવું કામ બતાવો કે સકળ સંઘને, સકળ જીવરાશિને લાભદાયી તેવું તત્ત્વ અમે પામી શકીએ. ગુરુભગવંતોએ પણ કરૂણા કરીને ઉપર મુજબનું કાર્ય કેવી રીતે થઈ શકે તેની સમજ આપી. અને તેમની નિશ્રામાં ''ગીતાર્થ ગંગા'' સંસ્થાનો જન્મ થયો. સંસ્થાને જુદા જુદા અનેક સાધુ-સાધ્વી ભગવંતોનો અને શ્રાવક-શ્રાવિકાઓનો ઠેર ઠેરથી ગામ-પરગામથી સહકાર સુંદર રીતે મળતો જ ગયો. જેની પાસે ધન હતું તેણે 'દાન ધર્મ' આદર્યો. જેની પાસે સમય હતો તેણે સમયનું દાન કર્યું. વિવિધ રીતે વિવિધ પ્રકારે સુંદર સહકાર મળતો ગયો. અનેક લોકોએ વ્યક્તિગત, ઠેર ઠેર પથરાયેલા અનેક સંઘોએ, અનેક સંસ્થાઓએ, દેશ-પરદેશનાં જૈનોએ અને જૈન ન હોય તેવાઓએ પણ કામની યોગ્યતા-ગુણવત્તા જોઈને સહકાર આપ્યો છે. અમદાવાદમાં જ પાલડીમાં જૈન મર્ચન્ટ સોસાયટીમાં પાંચ નંબરના બંગલામાં સંસ્થા કાર્યાવિન્ત છે. ફોન નં. (૦૭૯) ૬૬૦૪૯૧૧ છે. વીતેલા અગીયાર વર્ષમાં ખુબ જહેમત ઉઠાવીને ગીતાર્થ ગંગાએ નીચે મુજબના કાર્યો કરેલા છે.

★ ભારતભરના મુખ્ય મુખ્ય જ્ઞાનભંડારોથી પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂં. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબની અને અન્ય પણ પૂર્વાચાર્યોની કૃતિઓની ઉપલબ્ધ હસ્તલિખિત પ્રતોની યાદીનું સંકલન કર્યું છે.

★ ગુજરાતી ભાષામાં ગ્રંથ નિર્માણ માટે મહત્ત્વના લગભગ ૧૦૮ વિષયો જેવા કે બાર વ્રત, કર્મબંધ, સામાયિક, ધ્યાન, યોગ, ગુણસ્થાનક, લેશ્યા વિગેરેની પસંદગી કરેલ છે.

★ લગભગ ૧૦,૦૦૦ જેટલા ગૌણ વિષયો પણ આવરી લેવામાં આવ્યા છે.

★ ઉપયોગી જ્ઞાનભંડાર પણ તૈયાર થયેલ છે. જેની વ્યવસ્થા કોમ્પ્યુટરાઈઝ્ડ છે. અત્યારે ૨૦,૦૦૦ જેટલા ગ્રંથો છે. બીજા પણ સંદર્ભગ્રંથો ઉમેરાઈ રહ્યા છે. સાથે સાથે અલભ્ય હસ્તપ્રતો તથા મુદ્રિત પુસ્તકો-પ્રતોનું સ્કેનિંગ કરીને ગ્રંથભંડારનું સમૃદ્ધિકરણ પણ થઈ રહ્યું છે.

★ સંસ્થાના કાર્યાલયનું સ્વતંત્ર મકાન છે. જેમાં ૧,૧૦૦ ચો. વાર જમીનમાં આશરે ૭૫૦ ચો. વારનું બાંધકામ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વધારાની જરૂરિયાતને પહોંચી વળવા બીજા બે સ્વતંત્ર મકાન નજીકમાં જ મેળવવામાં આવ્યાં છે.

★ સંસ્થાના આ સુકૃતમાં પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તથા બહોળા પ્રમાણમાં શ્રુત ભકત શ્રાવક-શ્રાવિકાઓ પોતાનો યથાશક્તિ અમૂલ્ય સહકાર આપી રહ્યા છે.

★ જુદા જુદા સમુદાયોના ઘણા પૂ. ગુરુભગવંતોએ સંસ્થામાં પધારીને કાર્યવાહીનું ઝીણવટપૂર્વક અવલોકન કર્યું છે અને સંસ્થાની કાર્યપદ્ધતિ તેમજ પ્રગતિ જોઇને પ્રસન્ન થઇને શુભકામનાઓ પાઠવી છે.

★ અત્યાર સુધીમાં ચારે ફીરકાની મળીને ઉપલબ્ધ આશરે ૧,૦૦૦ કૃતિઓમાંથી લગભગ દોઢ લાખ જેટલા શાસ્ત્રપાઠો તથા અઢી લાખ જેટલાં સંદર્ભસ્થાનોનો સમૃદ્ધ ડેટા તૈયાર થઇ ગયો છે અને હાલમાં તેમાં અભિવૃદ્ધિ પણ થઇ રહેલ છે.

વળી જૈન સમાજનાં ઘણાં આગેવાનોનું સંસ્થાને સમર્થન મળ્યું છે.

ઉપર જે જે વિષયની વાત કરી તેવાં સેંકડો વિષયો જેવા કે કર્મસંબંધી, કાળના માપ, ચારિત્ર સંબંધી, જિનપૂજા સંબંધી, જીવના પ્રકારો, જ્ઞાનસંબંધી, તપના પ્રકારો, દાન સંબંધી, નયસંબંધી, પ્રાયશ્ચિતસંબંધી, ભાવનાસંબંધી, ભાષાનાં પ્રકારો, ભિક્ષાસંબંધી, મોક્ષસંબંધી, સુગુરુસંબંધી સ્વાધ્યાયનાં પ્રકારો વિગેરે વિગેરે તેમણે પસંદ કર્યા છે. આવા આવા વિષયો હોઈ શકે તેવું પણ ઘણાને તો ખબર ન પડે ! જુદી જુદી સંસ્થાઓ, જ્ઞાનભંડારો વિગેરેમાંથી જૈન અજૈન ઘણા ગ્રંથો (લગભગ ૨૫૦૦૦) મેળવીને પોતાનો સુંદર જ્ઞાનભંડાર (લાયબ્રેરી જેવું, પણ લાયબ્રેરીમાં ફાલતું સાહિત્ય પણ આવે ! અહીં તેવું ન આવે, માટે જ્ઞાનભંડાર કહેવાય) બનાવ્યો. તેમણે તો જ્યાં જ્યાંથી સત્ય મળ્યું તે ભેગું કર્યું છે. પછી તે જૈનોનાં ગ્રંથો હોય કે ભગવત્ ગીતા હોય કે પાતંજલિ શાસ્ત્ર હોય કે ઉપનિષદ્ હોય ! અને એક વાત કહું ? આ બે પંડિત મ. સા. વિશે ? તેમણે તો છ એ દર્શનનો અભ્યાસ કર્યો છે. વેદો અને ઉપનિષદો અને જૈનાગમો બધું ! નાનપણથી જ જ્ઞાનની ભૂખ, ગૃહસ્થાવસ્થામાં કાશી તથા દક્ષિણ ભારતમાં જઇને ત્યાં રહીને હાથે રસોઇ બનાવીને અનેક કષ્ટો વેઠીને વિદ્યા પ્રાપ્ત કરી છે. જ્યારે તે સાધુ ન હતાં ત્યારે પણ સાધુઓને શાસ્ત્રોનો અભ્યાસ કરાવતાં હોવાના કારણે પંડિત મ. સા. તરીકે વિખ્યાત છે. કુદરતે તેમને શાસ્ત્રમાં નિપુણતા આવે તેવી બુદ્ધિ પણ બક્ષી છે. તેમના એક સંસારી ભાઇ છે પ્રવીણભાઇ પંડિત. અંગે ખોડ છે, માટે દીક્ષા નથી લીધી ! પણ જીવનમાં જ્ઞાનનો જ યજ્ઞ. સવારથી સાંજ સુધી જ્ઞાનની જ પ્રવૃતિ, ભણવું અને ભણાવવું; તે માટે તો તેઓ આજીવન બ્રહ્મચારી રહ્યા છે. હવે આવી વિભૂતિઓ જ્યારે વિષયોની છણાવટ કરે ત્યારે કાંઇ બાકી રાખે ? પણ તેઓ સૌ શું કહે છે ? જાણો છો ? અમે તો સિંધુમાંથી બિંદુ પણ નથી જાણતાં. પરંતુ જેટલું પણ સમજ્યા છીએ તે યત્કિંચિત સમાજને ચરણે ધરીએ છીએ. શ્રુતસાગરમાંથી ગાગર આપવાનો પ્રયત્ન કરીએ છીએ ! સંસ્થાનાં કાર્યકરો કહે છે કે આટલું મહાન અને મોટું જ્ઞાનનું કામ હોવા છતાં સાધુ ભગવંતો કયારે ય કોઇને ય આ કાર્યમાં આર્થિક સહયોગ આપવાની કોઇને વાતો કરતાં નથી. પરંતુ વિવેકથી ભરેલો શ્રી જૈન સંઘ અમોને ધાર્યા કરતાં અનેક ગણો અનેક રીતે સહયોગ આપે છે. આજ તો છે શાસનની પ્રભાવના ! હજારો ગ્રંથોમાંથી ૧૦૮ મુખ્ય વિષયો અને દસેક હજાર પેટાવિષયો પસંદ કરીને, તત્ત્વોને વીણી વીણીને તેની માળાઓ બનાવવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે જેની ઘણાને ખબર સુદ્ધા નહીં હોય. આવા જ્ઞાનની "ગંગોત્રી ગ્રંથમાળા" તૈયાર થઇ રહી છે. આપણને તો તેમાંથી એકાદ વિષય જો પણ સમગ્રતાથી સમજાઇ જાય તો સંસારનાં દુ:ખોમાંથી છુટી જઇએ અને પવિત્ર પાવન પંથે પ્રયાણ કરી શકીએ.

આવી રહેલી પેઢી ભૌતિકવાદ તરફ આંધળી દોટ મૂકી રહી છે ત્યારે "પીછે હઠો" નો નાદ - (જૈનોનું પ્રતિક્રમણ એટલે પાપથી પીછે હટો) આ સંસ્થા ગજવી રહી છે. જગત આખુ મોહની નિંદ્રામાં બેભાન થઇ ગયું છે. તે સૌને જાગૃત કરવાનો યત્ન કરી રહી છે. સંસ્થાને એક ફટકો આજથી ત્રણ વર્ષ પૂર્વે પડયો. પ. પૂ. મોટા પંડિત મ. સા. અચાનક દેવલોક થઇ ગયા. તે દિવસે Times of India

એ પણ લખ્યું કે - Powerhouse of knowledge has left us. તેમના સ્વર્ગગમન બાદ બધો ભાર નાના પંડિત મ. સા પર આવ્યો, પરંતુ થાકે કે હારે તે બીજા ! આ તો દઢસંકલ્પી સૈનિકની અદાથી કર્મસત્તા સામે વિજય પ્રાપ્ત કરવા માટે લડી રહેલા યોદ્ધા ! અમદાવાદ, મુંબઇ, રાજકોટ,ભાવનગર, જામનગર જ્યાં જ્યાં તેમણે વિહાર કર્યો, સભાઓ સંબોધી ત્યાં ત્યાં તેમનાં જ્ઞાનગુણથી આકર્ષાઇ આકર્ષાઇને એક જ્ઞાન પિપાસુ વર્ગ ઉભો થઇ ગયો છે ! ઝવેરાત પારખુઓ હીરાને ઓળખી લે છે. અનેક જગાએ ડોકટરો, વકીલો વિગેરે શિક્ષિત વર્ગની વિશિષ્ટ સભાઓમાં પ્રશ્નોતરી રૂપે તેમાણે પ્રવચનો પણ આપ્યા છે. અનેક શંકા-કુશંકાઓના શાસ્ત્રોકત સમાધાનો મેળવી મેળવીને તે સૌ આજે તેમનાં જ્ઞાનયજ્ઞમાં જોડાઇ ગયાં છે. માત્ર ઉપકાર બુદ્ધિએ, કશીએ નામનાની અપેક્ષા વિના દિવસ રાત પુરુષાર્થ કરી કરીને આ ગ્રંથો તૈયાર કરી રહ્યા છે. આજે જે ગ્રંથ તૈયાર થઇ રહ્યો છે તે છે ધર્મતીર્થ ભાગ -૧. તારે તે તીર્થ. કયો ધર્મ તારે ? ધર્મ કરતાં ન આવડે તો અધર્મ પણ થઇ જાય ! કયો ધર્મ પાપથી બચાવી શકે અને સંસારની પાર ઉતારી શકે ? કયો ધર્મ આપણાં ક્રોધ-માન-માયા-લોભરૂપી મનને મારી શકે ? આવી ઘણી વાતો 'ધર્મતીર્થ' પુસ્તકમાંથી જાણવા મળશે. તેનું વિમોચન અષાઢ સુદી ૩, તા. ૨-૭-૨૦૦૩નાં રોજ મુંબઇ મુકામે ઘાટકોપરમાં પ. પૂ. શ્રી નાના પંડિત મ. સા. નાં ચોમાસાના પ્રવેશ સમયે થશે. રત્ન જેવો આ ઉપકારી ગ્રંથ છે. આગળ વાત કરીને આ 'ધર્મતીર્થ' ની ? તે ધર્મતીર્થને અનેક દષ્ટિકોણથી સમજાવ્યો છે. ધર્મ શું છે અને તીર્થ શું છે ? તેની જોડણીમાંથી કેવા કેવા અર્થો નીકળે ? જુદી જુદી અપેક્ષાએ તેની વ્યાખ્યાઓ શી રીતે બદલાઇ જાય ? તેનાં અર્થોમાં જુદી જુદી ભૂમિકાએ જુદી જુદી દષ્ટિએ ભેદ પડે ? શું અને કેટલું લખીએ તે 'ધર્મતીર્થ' માટે ?

વળી જ્યાં જ્યાં પંડિત મ. સા. એ જુદા જુદા વિષયો પર વ્યાખ્યાનો આપ્યા છે. તેમાંથી ઘણા વિષયો પરના પુસ્તકો પણ સંસ્થાએ છપાવ્યા છે. જેવા કે સદ્ગતિ તમારા હાથમાં, શાસન સ્થાપના, ચિત્તવૃતિ, પ્રશ્નોત્તરી, કર્મવાદ કર્ણિકા, ભાવધર્મ વિગેરે આવા પુસ્તકોમાંથી પણ ઘણું સત્ય સમજવા મળે છે.

ટુંકમાં સમયની જરૂરિયાતને જોઇને 'ગીતાર્થ ગંગા' અને 'ગંગોત્રી ગ્રંથમાળા' વિશેષ પ્રયત્નો કરી રહી છે. જિજ્ઞાસુ વર્ગ આની ખાસ નોંધ લેવા જેવી છે. યોગ્ય સહાયતા પણ કરવા જેવી છે. અમારી શુભેચ્છાઓ છે કે સંસ્થા પોતાનાં ધ્યેયને પ્રાપ્ત કરવા સતત આગળ વધે, તેમને કોઇ મુશ્કેલીઓ ન નડે અને નડે તો સહેલાઇથી ઉકેલાઇ જાય.

ચાલો શુભેચ્છાઓનો નાયગ્રાનો ધોધ તેમના પર વરસાવીએ !!

* * *



(ગુ. સ.)

આજે આ કાર્ટુન જેવું આપણા ધર્મમાં પણ ચાલી રહ્યું છે. દરેકને પોતાના નામ પાછળ **જૈન** શબ્દ લગાડવો ગમે છે પણ જૈનોના આચાર પાળવામાં (જિનેશ્વર પ્રભુની આજ્ઞા પાળવામાં) હાના કાની કરે છે. જીવનમાં જૈન શબ્દ કરતા જો જૈન આચાર રૂપી **એકશન** આવે તો શાસનનો જય જય કાર થઇ જાય.

# આર્ષ વાણી

સંકલન : - પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિજયજી મહારાજ

*(ગયા અંકથી ચાલુ)*

(શાસ્ત્રીય સત્ય - સિદ્ધાંતોનો વિજય વાવટો જગતમાં ગણનમ લહેરાવતો રાખનાર, સિદ્ધાંતવાગીશ, સન્માર્ગ રક્ષક, ઉન્માર્ગ ઉન્મૂલક, પરમતારક પરમગુરૂદેવેશ સ્વ. પ. પૂ. આ. **શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ,** સં. ૨૦૩૦-૨૦૩૧ માં મુંબઈની ચાતુર્માસાદિ સ્થિરતા દરમ્યાન, 'યોગ દષ્ટિ સમુચ્ચય', 'મહાવીર ચરિયં' ને આધારે જે માનનીય પ્રેરક પ્રવચનો આપેલ, તે અપ્રગટ પ્રવચનાંશો આજે પણ તેટલા જ જરૂરી અને સમુદાય- સંઘ - શાસનને અમૂલ્ય માર્ગદર્શન આપનારા છે. તેનું સંકલન, સ્વ. પૂ. સૂરિપૂરંદરશ્રીજીની બારમી સ્વર્ગતિથિએ પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ.

મારા - તારા, પારકા-પોતાન, પક્ષા-પક્ષી, પુદ્‌ગ્રાહિત બુદ્ધિથી પર બની, શાંતચિત્તે વાંચી સૌ વાચકો સન્માર્ગના ખપી બની, વડીલોના સાચા વારસાનું વફાદારથી જતન કરનારા આરાધક બની આત્મકલ્યાણને સાધો તે જ શુભેચ્છા સહ, શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના સહ વિરમીએ છીએ. - સંપા.)

O શ્રી જિનેશ્વર દેવોએ કહેલાં જે તત્ત્વો તેનો યથાર્થ પરિચય કરવો તે પરમાર્થ પરિચય છે. જો તમે આ સમજ્યા હોત તો આજે જે જે વાદવિવાદ ચાલે છે, જે જે પ્રશ્નો ઉઠે છે તે બધાનું સમાધાન થઇ ગયું હોત ! જેને જેને તમારા ગુરુ માનતા હો તેમને વિનય પૂવર્ક પૂછતા અને સમજતા થયા હોત તો એક વિવાદ જીવતો ન રહત ! તત્ત્વોની શ્રદ્ધા થાય તેને સમજવાનું મન ન થાય તેમ બને ખરું ? પહેલી બે દ્રહણાવાળાને સાચા-ખોટાનો વિવેક કરવાનું મન થાય. સમજ્યા પછી સાચાનો સ્વીકાર અને ખોટાનો ત્યાગ કર્યા વિના ન જ રહે. જો તમે આવા હોત તો તમારા ગુરુઓ પણ સાવધ થઇ જાય. તેઓ પણ સમજી જાય કે, શાસનમાં કોઇ પણ નવી વાત ઉભી થશે તો આ જરૂર પૂછવા આવશે કે- ''સાહેબ ! આ વાતમાં શાસ્ત્ર શું કહે છે ?'' પૂછવા આવે ત્યારે ગુરુથી એમ તો ન જ કહી શકાય કે -''તું શું સમજે ? તારે શી પંચાત ? તને મારા પર વિશ્વાસ નથી ?'' તમારે શું કરવું છે ?

O આખું શાસન એક થાય તેવું તો અમાર દિલમાં છે. ભગવાનની આજ્ઞા મુજબ જે સારું કામ કરે તેની સાથે અમે છીએ. જે કહે 'શાસ્ત્રમાં બાંધ છોડ કરો, સંઘની એકતાના નામે સિદ્ધાંત મૂકી દો, જમાના પ્રમાણે ચાલો' તો તેના ભવના ભવ જાય પણ તેની સાથે ન રહીએ ભૂલ કબૂલ કરાય પણ શાસ્ત્રની વાત ન છોડાય. સમાધાન શાસ્ત્ર પધ્ધતિએ કરવા હરેક કાળમાં તૈયાર છીએ પણ શાસ્ત્ર મૂકી સમાધાન કરવાનું કહે તો તૈયારી નથી. ભલે અમને 'જીદ્દી' 'ઝઘડાલુ' 'કજીયાખોર' 'એકતાના વિરોધી' કહે તે ઈલ્કાબ પહેરી ફરવા અમે તૈયાર છીએ. સત્યની સાથે આપણે હંમેશા હોઇએ. બધી આજ્ઞા આરાધીએ તેમ નથી. શક્તિ જેટલી આજ્ઞા આરાધવાની મહેનત કરીએ, શ્રદ્ધા રાખીએ, પૂરેપૂરી પળાય તેની ભાવના છે પણ આજ્ઞા વિરુદ્ધ કાંઈ ન થાય તે જ આપણી મહેનત છે. આ દષ્ટિએ જે જે વર્તમાનમાં મતભેદ ચાલે છે તો જેની પર વિશ્વાસ હોય તેની પાસે પાના કાઢી સમજીએ. હું ખોટો પડું તો જાહેરમાં માફી માગું. દુનિયામાં પણ માણસ પોતાને સમજાયેલ વાત નથી મૂકી શકતો તો શાસનની વાત સમજાઇ તો કેમ મૂકીએ ? આપણને શ્રદ્ધા છે તો શ્રદ્ધા મુજબ વર્તવાની ઈચ્છા ખરી ને ?

○ આજે મંદિરાદિ ધર્મસ્થાનનો વહીવટ કોણ કરે ? જે ચૂંટાઇને આવે તે. જેને ભગવાનમાં, ગુરુમાં, શાસ્ત્ર ઉપર શ્રદ્ધા નહિ તે શું વહીવટ કરશે ? તે ભગવાનને સાચવશે કે જાતને ?

પ્ર. :- તો વહીવટદાર કેવો જોઈએ ?

ઉ. :- જે ભગવાનનો ભગત હોય, સદ્‌ગુરુનો સેવક હોય, શાસ્ત્રને માથે રાખતો હોય, ભગવાનની આશાતના ખમાતી ન હોય, જરાપણ દુરૂપયોગ થાય તો ચેન ન પડે, તે દુરૂપયોગ ન થાય તેની કાળજી રાખે-તેવો વહીવટ કરનાર હોવો જોઈએ.

પોતાના ઘર-પેઢીનો વહીવટ કરવા લોહીનું પાણી કરે છે અને 'ધર્મનું થતું હોય તે થાય' તેવા નાલાયકોને બેસાડીને શું કામ છે ? **જે સંસ્થાને પ્રાણ માને, સંસ્થામાં પોતે ઘસાય, પોતાનો ઘસારો સંસ્થાને ન સોંપે, તેવા વહીવટ કરનારા તીર્થંકર નામકર્મ બાંધે અને મરજી મુજબ કરનારા બધા ડૂબે !** જેને માત્ર પોતાની મિલકતની દરકાર છે પણ ધર્મની મિલકતની કે સંસ્થાની મિલકતની દરકાર નથી તેને બેસાડાય ? તે બધા આપણું ધર્માદાનું બધું આપી પોતાની મિલકતની રક્ષા કરે છે તેને બેસાડાય ? આવો વખત આવી લાગ્યો છે. ધર્મમાં સારા પ્રામાણિક માણસો ખૂટી ગયા કે ચૂંટણી કરવાની શરૂઆત કરી ? જેઓ પોતે ધર્મમાં હજારો રૂપિયા પોતાના ખરચે છે તે સાચવે કે જેઓ રાતીપાઈ પણ ખરચતા નથી તે સાચવે ? આજે ધર્મ-સંસ્થાના વહીવટથી ક્રેડીટ વધે છે, તે ક્રેડીટનો લાભ ઉઠાવે છે. સારા માણસોનો દુષ્કાલ પડ્યો છે. આ બધું તમારાથી બને તેવું નથી, તમે લઘુમતિમાં છો. તમારા કરતાં અમે વધુ લઘુમતિમાં છીએ. આવા કાળમાં ધર્મને સાચવે કોણ ? **શાસ્ત્ર મુજબ ચાલતા એકલા રહેવું પડે તો એકલા રહીને પણ બધાની ગાળ ખાય તે. બધાનું માન ઝીલે તે તો ધર્મને મારી નાખ્યા વિના રહે નહિ.**

○ આજની સગવડોએ તમારી બુદ્ધિ ભ્રષ્ટ કરી નાંખી. તમે અમને પણ પંખામાં બેસાડવા માંગો છો અને માઈક ઘાલવા માંગો છો. અમારા જીવતા તો આ થવાનું નથી. ઘર વેચી વરો થાય ? પરોપકારના નામે તમે સાધુઓને ઊંધે માર્ગે ચઢાવી દીધા. **આજના સાધનોમાં સગવડોમાં જે સાધુ મુંઝાયા તે સાધુપણું ગુમાવશે. પછી એવો વખત આવશે કે સાધુ જ પંખા, લાઇટ, ફોન વાપરતા થઈ જશે.**

○ દુ:ખ નથી જોઈતું તે અજ્ઞાન કાઢી નાંખો. સંસારમાં દુ:ખ સિવાય કાંઈ નથી. દુ:ખ ભોગવતા આવડે તે ધર્મ પામે. સુખનો તિરસ્કાર કરતાં આવડે તે વહેલો ત્યાગી થાય. દુ:ખના દ્વેષી અને સુખના રાગી જીવો ધર્મ પામવા અયોગ્ય છે. દુ:ખનો પ્રતિકાર ભૂંડો છે. પ્રતિકાર પાપનો થાય, દુ:ખનો નહિ. સુખ તો ફેંકી દેવા જેવું છે, ન ફેંકાય તો મદારી સાપથી જીવે તેમ તેની સાથે સાવચેતીથી જીવાય.

○ તમે માનપાન આપો માટે આ પાટ પર નથી બેસતા. તમે માનપાન આપો તે માટે જો આ શ્રી સુધર્માસ્વામિની પાટ પર બેસીએ તો અમે તમારાથી નપાવટ છીએ, આ પાટને અભડાવનાર છીએ. ભણ્યા છતાં ઊંધા છીએ, જ્ઞાની છતાં બેવકૂફ છીએ.

❖ ❖ ❖

## સ્નેહની અનર્થકારિતા

''સ્નેહ વિવેકરૂપી ચંદ્રને માટે રાહુમુખ છે, દોષરૂપી પાણીનો સાગર છે, મોહરૂપી મહાસર્પનું દર છે, વૈરાગ્ય રૂપી પર્વતને માટે વજ્ર છે, પાપરૂપી અંધકારથી ભરેલ રાત છે, પૂણ્યરૂપી વૃક્ષો માટે અગ્નિ છે, દુરાચારરૂપી શાકિનીના સમૂહને ક્રીડા કરવા માટેનું સ્મશાન છે, શોકરૂપી પિશાચનું શૂન્ય નગર છે, અહિંસારૂપી ધરતીનો મહાકાળ છે, સત્યરૂપી કમળને માટે હિમ છે, સંવેગરૂપી વાદળને માટે પવન છે, કામદેવરૂપી રાજાનું વિલાસભવન છે, દુ:ખરૂપી ફણગા માટે પાણી છે, અનર્થરૂપી નગરનું પ્રવેશદ્વાર છે, સ્વર્ગ-મોક્ષની આડેનો આગળો છે.'' સ્નેહનું આવું સ્વરૂપ જાણીને બુદ્ધિમાન પુરૂષે સ્નેહ ન કરવો જોઈએ- જાણી બુઝીને ઝેર કોણ ખાય? વળી અહિતમાં પ્રવર્તાવનાર જે કોઈ હોય તેના તરફ કોને પ્રેમ થાય?

(શ્રી સુમતિનાથ ચરિત્ર, પ્રસ્તાવ-૮માંથી શ્રી સુમતિનાથ ભગવાનના આત્માએ- પુરૂષ સિંહરાજાએ પોતાની પત્નીઓને પ્રતિબોધ કરી ત્યારે)

# જ્ઞાનગુણ ગંગા

- પ્રજ્ઞાંગ

## કષાયના ભેદ-પ્રભેદ

(શ્રી ભગવતી સૂત્ર, શતક- ૧૨, ઉદ્દેશો ૫ના આધારે)

(૧) ક્રોધ કષાય- ક્રોધના પરિણામને પેદા કરનાર કર્મને ક્રોધ કહેવાય છે. ક્રોધ તો સામાન્યવાચી નામ છે. બીજા એકાર્થી નામો હોવા છતાં અર્થમાં કંઇક ફેર પડે છે. તે આ પ્રમાણે છે.

(i) કોપ- પોતાના સ્વભાવથી ચલિત થવું, કોપ હૈયામાં ને હૈયામાં બાળ્યા કરે છે. બહાર પ્રગટ થતો નથી. અંદરને અંદર બળ્યા કરે.

(ii) રોષ- ક્રોધના ઉદયમાં જેમ તેમ બોલી ગયા પછી ય હૈયામાં ક્રોધની પરંપરા ચાલુ રહે. સળગતી સગડી લઇને ફર્યા કરે તે રોષ.

(iii) દોષ- બીજા ઉપર દોષારોષણ કરવું ને પોતાની જાતની વગોવણી કરવી. કયારેક એમ પણ થાય કે હું આમ ન બોલ્યો હોત તો મારે આવું સાંભળવું પડત નહિં. આવી બળતરાના પણ વિચારો આવી જાય.

(iv) દ્વેષ - બીજા પર અપ્રીતિ પેદા થવી. દિલમાં ક્રોધનો દાવાનળ સળગતો હોય જેથી સારા સંબંધો પણ બગડે, ખરાબ પરિણામ પણ આવે.

(v) અક્ષમા - બીજાએ કરેલો અપરાધ સહન ન થાય. તરત જ ઉકળી પડે, નાના ગુના- ભૂલની પણ મોટી સજા કરવાનું મન થાય.

(vi) સંજવલન - વારંવાર ક્રોધથી બળ્યા જ કરવું. એકની એક વાત રટયા કરવી. ક્રોધનો પ્રસંગ યાદ આવતા મનની વિહવળતા વધતી જાય- અશાંતિ વધતી જાય.

(vii) કલહ - મોટેથી બૂમો પાડે. ન બોલવાના શબ્દો બોલે. અનુચિત્ત આક્ષેપબાજી કર્યા કરે, કયારે શું બોલે તેનું ભાન પણ ન રહે.

(viii) ચાંડિકય - રાક્ષસ જેવું બિભત્સ રૂપ ધારણ કરે, શરીર તપાવેલા તાંબા જેવું બને. આંખો વિકરાળ હોય, જોતાં જ ભય લાગે તેવું રૌદ્રસ્વરૂપ હોય.

(ગયા અંકથી ચાલુ)

જે પુરૂષ પક્ષીઓના બચ્ચાંઓને મારતો નથી, દુ:ખી કરતો નથી- છૂટા પાડતો નથી, જીવોની દયા કરે છે તેના પુત્રો મરતા નથી. (નાની ઉંમરમાં કે જન્મતાં જ ન મરે તેવા પુત્રોવાળા થાય છે)

જે સ્વયં જોયેલા કે નહિં જોયેલા બીજાના દોષોને બોલે છે, બીજાની આબરૂનો નાશ કરે છે જન્માંધ થાય છે.

જે ન સાંભળ્યું હોવા છતાં સાંભળ્યું તેમ કહે છે જે ધર્મ વિરૂદ્ધ વાતો લોકોને કહે છે, જે ચાડીઓ છે, એકના દોષ બીજાને કહે છે, જે બીજાની ચિંતામાં મરે છે તે બહેરો-મુંગો થાય છે.

જે ડામ, ખશી, મારવું, કાપવું વગેરેથી જે જીવોને દુઃખી કરે છે તો તે મનુષ્ય બીજા ભવમાં બહુ રોગી થાય છે. આનાથી વિપરીત જીવનાર બીજી ભવમાં નિરોગી બને છે.

જે બીજાને ધન મેળવવામાં અંતરાય કરે છે, જે બીજાની મૂકેલી થાપણ ઓળવે છે, જે ચોરીથી કે બીજી કોઈપણ રીતે બીજાનું ધન પડાવી લેવામાં તત્પર છે તે દરિદ્રપણાને - દૌર્ગત્યપણાને પામે છે.

જે મધ લેવા અગ્નિદાહ-ધુમાડો કરે છે, જે સ્ત્રી આદિનો વધ કરે છે, જે બાલ-બરાબર તૈયાર ન થઇ હોય તેવી વનસ્પતિનો વધ કરે છે તે કોઢ રોગવાળો થાય છે.

જે ભેંસ- પાડો, ગધેડા- ઉંટ આદિ ઉપર અતિભાર મૂકીને પીડે છે, મનુષ્યો પાસે પણ અતિભાર ઉપડાવે છે તે ખુંધવાળો કે ઠીંગણો થાય છે.

સાધુને પ્રતિકુલ વર્તનાર, સાધુનું કહેલ નહિં કરનાર, આંગળીઓ વગરના વડમા- વામન- ઠીંગણા થાય છે. સાધુઓને ક્ષોભ કરનાર, છૂટા પાડનારની પ્રજા સ્થિર થતી નથી.

તપ આચરનાર સાધુઓને જે અપ્રિય બોલે છે, જે અસત્ય બોલે છે તે મુખના રોગવાળો, દુર્ગંધવાળો થાય છે. જે લાત મારે છે તે કુંઠ- ઠુંઠા લંગડા થાય છે.

(ix) ભંડન- મારામારી- ગાળાગાળી જેવું અભદ્ર બોલે.

(x) વિવાદ- પરસ્પર વિરોધી વચનોની આક્ષેપબાજી ચાલુ રહે.

ક્રોધના આ એકાર્થવાચી- પર્યાયવાચી નામો છે. ક્રોધના કટુ વિપાકોથી બચવા ક્રોધથી દૂર રહેવું જરૂરી છે.

(૨) માન કષાય : માનના પરિણામને પેદા કરનાર માન કષાય કહેવાય છે. સ્વપ્રશંસાના આગ્રહી જીવો અભિમાનને પોષે છે.

(i) મદ- બીજા ઉપર રોફ જમાવી સ્વયં આનંદથી નાચે, હર્ષના આવેશમાં વસ્તુના સદ્દભાવ- પ્રાપ્તિમાં નાચવું, છતી વસ્તુનો આનંદ તે મદ.

(ii) દર્પ - અભિમાનના ઊંચા શિખરો પામી આનંદ પામવો તે.

(iii) સ્તંભ - થાંભલાની જેમ જે અક્કડ જ રહે, પોતાની અકડાઈ કે આડોડાઈનો ખ્યાલ પણ ન આપે.

(iv) ગર્વ - અહંકાર. હું એક બસ છું, મારે કોઈની જરૂર નથી, હું જ બધાને પહોંચી વળીશ- આવી ભાવનામાં રાચે.

(v) અત્યુત્ક્રોશ - બીજા કરતાં પોતાની જાતને વધુ મહાન માને, મારા જેવો બીજો કોઇ છે નહિં, મારી પાસે બધી સામગ્રી છે, આવા ભાવથી પ્રદર્શન ભરવામાં પાછો પડે નહિં.

(vi) પરપરિવાદ - બીજાને હલકો પાડવા નિંદા કરવામાં બાકી ન રાખે. પોતાની મહાનતા બતાવવી અને બીજાની હલકાઈ કરવાની વૃત્તિ અંતરમાં જોર ચાલે.

(vii) ઉત્કર્ષ - પોતાની ઉંચાઈ બતાવવાના એકપણ પ્રસંગને જતો ન કરે. ભલે પોતે ખુવાર થાય પણ પોતાની બડાઈથી પાછો ન ફરે.

(viii) અપકર્ષ - પોતાની કોઈપણ ભૂલને અભિમાનથી ભૂલ તરીકે સ્વીકારે નહિં. કોઈ ભૂલ બતાવે તે સહન તો ન કરે પણ ભૂલ બતાવનારને ખોટો પાડે.

(ix) ઉન્નત - પૂર્વમાં જેને નમસ્કાર કરતા હતાં, જેના ઉપર પૂજ્યભાવ હતો, તેનો ત્યાગ કરી, નમસ્કરણીય પૂજ્યોને પણ નમસ્કાર ન કરે.

(x) અથવા- ઉન્નય - અભિમાનથી ન્યાય- નીતિનો ત્યાગ કરવો.

(xi) ઉન્નમ - જે નમસ્કાર કરે તેને પણ અભિમાનથી નમવું નહિં, તેમનો સ્વીકાર કરવો નહિં.

(xii) દુર્નામ -કદાચ પૂજ્યોને નમવું પડે તો પૂજ્ય બુદ્ધિથી નહિં, પણ દુષ્ટ મન રાખીને ન છુટકે નમે. અંતરમાં તો અભિમાન ભરેલ હોય.

આ રીતે માન કષાયને ઓળખી તેના વિપાકો જાણી તેનાથી બચવું જરૂરી છે.

(૩) માયાકષાય- માયાના પરિણામને પેદા કરનાર માયા કષાય કહેવાય છે. માયાવીને સર્પના જેવો અવિશ્વાસુ કહ્યો છે.

(i) ઉપધિ - જેને છેતરવો છે તેની નજીક જવાનો હૈયાનો ભાવ.

(ii) નિકુતિ- જેને છેતરવો તેનો પહેલાં ખૂબ જ આદર કરે, તેની પ્રશંસા કરી તેને ફસાવે. અથવા પહેલા કરેલી માયાને ઢાંકવા બીજી માયા કરે.

(iii) વલય - આડીઅવળી વાતો કરી, જુદી જુદી રીતે ભમાવી ફસાવી છે તે વલય.

(iv) ગહન- બીજાને છેતરવા સમજી ન શકે તેવી વાતોની જાળ બિછાવી ભલભલાને ફસાવી દે.

(v) નૂમ- બીજાને ઠગવા હલકામાં હલકું કામ કરતાં પણ સંકોચ ન પામે, નીચતાનો આશ્રય લેતાં ગભરાય નહિ.

(vi) કલ્ક- હિંસા કરવા માટે મારવા માટે, બીજાને ઠગવા વિશ્વાસ પમાડી તેનો વધ પણ કરી લે. ફસાનારને ખ્યાલ પણ ન આવે કે આવું અધમ કૃત્ય કરશે.

(vii) કુરૂપ - હલકી કોટિના રૂપ બતાવી, હલકા ચેનચાળા કરી મોહ પમાડી ફસાવે.

(viii) જિહ્મતા - જલ્દી જે કામ થતું હોય તે માયા કરી ધીમું કરી દે, અનેક ખોટા બહાના બતાવે, કામ વિલંબમાં પાડી બગાડવાની બુદ્ધિ હોય કે પોતાનો સ્વાર્થ

સાધવાની ઈચ્છા હોય.

(ix) કિલ્બિષ - માયાના પ્રતાપે કિલ્બિષિક દેવો-હલકી કોટિના થાય. અહીં પણ વાણી-વર્તન હલકી કોટિના હોય છે.

(x) આદરણ - માયાના કારણે કોઈનું વિશેષ આદર બહુમાન કરે- બહારથી બગલા જેવું આચરણ હોય.

(xi) ગૂહનતા - પોતાની જાતને વિનય રત્નની જેમ એવી રીતે છુપાવી રાખે કે પોતે કોણ છે, કેવો છે તેની ખબર પણ પડવા ન દે.

(xii) વંચનતા- બીજાને છેતરવા જુદા જુદા રૂપો કરે.

(xiii) પ્રતિકુંચનતા - સરળતાથી ઉચ્ચારેલા વચનોનું માયાથી એવી રીતે ખંડન કરે કે સામી વ્યકિત હતપ્રભ બની જાય.

(xiv) સાતિયોગ - ઉત્તમ દ્રવ્યની સાથે ખરાબ દ્રવ્યને મેળવી તેને ઉત્તમતામાં ગણાવવાની કૂટનીતિ કરે.

માયાના આવા કટુ વિપાકો જાણી માયાથી બચવા પ્રયત્ન કરવો.

(૪) લોભ કષાય - લોભ પરિણામને પેદા કરનારને લોભ કષાય કહેવાય છે. લોભને જ બધા પાપનો બાપ કહ્યો છે.

(i) ઈચ્છા- અંતરમાં વસ્તુને પ્રાપ્ત કરવાની અભિલાષા જાગે. વસ્તુ પ્રાપ્તિની ઝંખના જીવતર સાથે જ રહેલી હોય છે.

(ii) મૂર્ચ્છા - પ્રાપ્ત થયેલ વસ્તુને સાચવવાની ઈચ્છા. વસ્તુને વાપરે નહિં પણ માત્ર જોઈ જોઈને રાજી થાય, સાચવે.

(iii) કાંક્ષા - નહિં મળેલ વસ્તુને મેળવવાની ઈચ્છા. વસ્તુ જોયા પછી મને કયારે અને કેવી રીતે મળે એ જ ઝંખના ચાલતી રહે તેનું નામ કાંક્ષા.

(iv) ગૃદ્ધિ - વસ્તુ ઉપર અતિ આસકિત હોય તેમાં આડુ-અવળું થાય તો મગજ કાબુમાં ન રહે.

(v) તૃષ્ણા - મળેલી ચીજમાંથી સહેજ પણ ઓછું ન થાય તેની હંમેશા ચિંતા- તે માટેનો પ્રયત્ન. જો ઓછું થાય તો માનસિક અસ્વસ્થતા વધતી જાય.

(vi) ભિધ્યા - રાત દિવસ વિષયોનું ધ્યાન વસ્તુને સાચવીને રહે, તેની સાચવણીના ધ્યાનમાં તન્મયલીન બને, વસ્તુ વિના બીજુ કશું જ યાદ આવે નહિં.

(vii) અભિધ્યા - ચલાયમાન ચિત્તની સ્થિતિ. ચંચલતાના કારણે ધર્મમાં કયારેય સ્થિરતા કેળવી ન શકે.

(viii) આશંસના - પોતાની પ્રિય વસ્તુની પ્રાપ્તિ માટે ઈચ્છા રહે. મનગમતી ચીજ મેળવવા માટે મનમાં વિચારો ચાલ્યા જ કરે.

(ix) પ્રાર્થના - બીજા માટે ઈષ્ટ વસ્તુની માગણી, વારંવાર યાચક બનીને માગણી કર્યા જ કરે.

(x) લાલપના - વસ્તુની માંગણી માટે કરૂણાભરી પ્રાર્થના કરે. વારંવાર બોલ્યા કરે. એકની એક વસ્તુની વારંવાર યાચના ચાલુ જ રાખે.

(xi) કામાશા - ઈષ્ટ શબ્દ અને રૂપની પ્રાપ્તિ માટેની ઈચ્છા મનમાં ને મનમાં ઝંખના ચાલુ જ હોય.

(xii) ભોગાશા- ઈષ્ટ ગંધ અને સ્પર્શ મેળવવાની ઈચ્છા.

(xiii) જીવિતાશા - જીવવાની ઈચ્છા. લાંબુ જીવું અને ભોગવું.

(xiv) મરણાશા- શોકમય કે ચિંતામય દશામાં મરવાની ઈચ્છા થાય તે.

(xv) નંદીરાગ - પોતાની પાસે જે સંપત્તિ હોય તેના પર અતિગાઢ રાગ હોય.

આ રીતે કષાયોના પર્યાયવાચી નામોની જે વિચારણા કરી તેનાથી મુકત થવાય તેના માટે પ્રયત્ન કરવો હિતાવહ છે.

❋ ❋ ❋

❖ દંભીજનો નીજ લોભની, લાલચ મહીં લપટાય છે. વિચાર કરતો તે નથી, કે કાર્ય કેવા થાય છે. અંતર સ્વરૂપ સમજો નહિ તે ઉપરથી હરખાય છે, જ્યારે ફજેતી થાય છે ત્યારે પુરો પસ્તાય છે. *- મોતી*

❖ જગત માયાએ છે ભર્યું, કંઈ કંઈ જોવાનું મળે. કોઈ હશે, કોઈ રડે, કોઈ ચઢે ને કોઈ પડે, ભાગ્ય કરે સૌને ભટકતા, જીવન સંકટે ચઢે, મોજ માણે કોઈ પૂન્યથી, તો કોઈ રોટલે ટલવલે. *- મોતી*

# જીવની સિદ્ધિ

(શ્રી ધર્મનાથ સ્વામિ ભગવાનની દેશના)

''પંચા સ્તિકાયમય આ લોકને વિશે જીવ છે, અજીવ છે, આશ્રય છે, સંવર છે, જીવન કર્મનો બંધ પણ છે. જીવોને કર્મની નિર્જરા છે અને સર્વથા કર્મથી મુકત થવાપણું પણ છે. પ્રગટ ધર્મ છે અને અધર્મ પણ છે.

સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વડે કરીને પોતાનું સર્વ છે. પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વડે કરીને સર્વ પોતાનું નથી એમ પણ ખરું છે. જો કે શરીરમાં અપ્રત્યક્ષ એવો જીવ પકડી શકાતો નથી, તો પણ આ ચિહ્નો વડે અનુમાનથી જાણી શકાય છે. અવગ્રહ, ઇહા, અપોહ, બુદ્ધિ, મેધા, મતિ, વિતર્ક, વિજ્ઞાન, ભાવના, સંજ્ઞા, નીચે ફેંકવું, ઊંચે ઊંચકવું, સંકોચવું, લાંબુ કરવું, ગમન કરવું, આહાર લેવો, ભસવું, દેખવું, ભમવું, ભણવું આવા ઘણાં પ્રકારના વિકલ્પો, લિંગો, ચિહ્નો વડે આત્મા જાણી શકાય છે. 'આ હું કરું છું, આ હું કરીશ, આ મેં કર્યું' એમ ત્રણે કાળ આ જે જાણે તે જીવ. તે જીવ નથી ઉજ્જવલ, નથી શ્યામ, નથી લાલ, નથી નીલ કે નથી કાપોતરંગના, માત્ર પુદ્દગલમય દેહમાં વર્ણક્રમ પ્રાપ્ત કરે છે. તે નથી લાંબો, નથી વાંકો, નથી ચોરસ, નથી ગોળ, નથી ઢીંગણો, દેહમાં રહેલો જીવ કર્મથી આકાર પામે છે. જીવ ઠંડો, ગરમ, કઠોર કે કોમળ સ્પર્શવાળો નથી, પણ કર્મથી ભારે, હલકો કે સ્નિગ્ધભાવ દેહને વિષે પામે છે. જીવ ખાટો નથી, મધુર નથી, કડવો કે તીખો નથી, કષાય કે ખારો નથી. શરીરમાં રહેલો હોવાથી દુર્ગંધી કે સુગંધીભાવને તે પામે છે. તે શરીરની અંદર ઘટ-પટ રૂપે નથી, તેમજ સર્વવ્યાપી કે માત્ર અંગુઠા જેવડો પણ જીવ નથી. પોતાના કર્માનુસાર ગ્રહણ કરેલ દેહ પ્રમાણ અને નખ, દાંત અને કેશવર્જિત બાકીના શરીરમાં વ્યાપેલો છે. જેમ તલમાં તેલ અથવા પુષ્પમાં સુગંધ અન્યોન્ય વ્યાપેલા છે તેમ દેહ અને જીવ પરસ્પર એક બીજાની અંદર વ્યાપીને રહેલા છે. જેમ શરીર ઉપર ચીકાશ, તેલ લાગેલ હોય અને આપણી જાણ બહાર ધૂળ લાગી જાય, તેમ રાગ-દ્વેષ રૂપી સ્નિગ્ધ જીવમાં કર્મ લાગી જાય છે. જેમ જીવ કોઇ જગ્યા પર જાય તો શરીર પણ સાથે જાય છે, તેવી રીતે મૂર્ત કર્મ પણ જીવની નિશ્રાએ સાથે જ જાય છે. જેમ મોર પીછાઓ સાથે ઉડી જાય છે તેમ જીવ પણ કર્મ સમૂહથી પરિવરેલો જ જાય છે. જેમ કોઇ બીજો પુરૂષ રસોઇ કરી પોતે જ તેને ખાય છે, તેમ જીવ પણ પોતે જ કર્મ કરી સ્વયં ભોગવે છે. જેમ વિશાલ સરોવરમાં ગુંજારવ કરતા વાયરાથી હડ નામનું ઘાસ આમ તેમ હાલે છે, તેમ સંસાર સમુદ્રમાં કર્મ વડે પ્રેરિત જીવ ભ્રમણ કરે છે. જેમ કોઇ માણસ જીર્ણ ઘરમાંથી નીકળી નવીન ઘરમાં જાય છે, તેમ જીવ પણ જૂનો દેહ છોડી નવીન દેહમાં પ્રવેશ કરે છે. જેમ મીણમાં છૂપાવેલું રત્ન અંદરથી સ્ફુરાયમાન કાંતિવાળું છતાં કોઇક જ જાણે છે તેમ ગૂઢ કર્મ સમુહને કોઇક જ જ્ઞાની જીવ જાણી શકે છે.

જેમ દીવો ઊંચા, વિશાળ અને લાંબા ઉત્તમ ઘરમાં હોય તો પ્રકાશ ફેલાવે છે અને બે શકોરાં વચ્ચે રાખેલો હોય તો તેટલા ભાગમાં પ્રકાશ કરે છે, તેમ જીવ પણ લાખ યોજના ઊંચો દેહ હોય તો તેને પણ સજીવન કરે છે. અને કુંથુના શરીરમાં પ્રવેશ કરે તો તેટલા જ માત્ર દેહથી સંતુષ્ટ રહે છે. જેમ આકાશતલમાં જતો પવન માણસ દેખી શકતો નથી, તેમ ભવમાં ભવતો જીવ પણ આંખથી દેખી શકાતો નથી. જેમ ઘરમાં દ્વારથી પ્રવેશ કરતો વાયુ રોકી શકાય છે, તેમ જીવ રૂપી ઘરમાં પાપ આવવાનાં ઇન્દ્રિય દ્વારો રોકી શકાય છે. જેમ ઘાસ અને લાકડા મોટી જવાળાવાળા અગ્નિ વડે બળી જાય છે, તેમ જીવના કર્મમલ ધ્યાન, યોગ વડે બળીને ભસ્મ થાય છે. જેમ બીજ અને અંકુરના કારણ અને કાર્ય જાણી શકાતા નથી તેમ અનંત કાળનો જીવ અને કર્મનો સહભાવ જાણી શકાતો નથી. જેમ ધાતુ અને પથ્થર જમીનમાં સાથે ઉત્પન્ન થયા હોય અને પછી અગ્નિમાં પથ્થર અને મલ બાળીને સુવર્ણ ચોકખું કરાય છે, તેમ જીવ અને કર્મનો અનાદિકાળનો સંબંધ હોય છે છતાં ધ્યાન યોગથી કર્મરૂપી કીચ્ચડની નિર્જરા કરીને જીવ તદ્દન નિર્મલ કરાય છે. જેમ નિર્મલ ચન્દ્રકાન્તમણિમાંથી ચંદ્રકિરણના યોગથી પાણી ઝરે છે, તેમ જીવ પણ સમ્યક્ત્વ પામીને કર્મમલ

નિર્જરે છે - છોરે છે. જેમ સૂર્યકાન્તમણિ સૂર્યથી તપતાં અગ્નિ છોરે છે, તેમ જીવ પણ તપ વડે કરી પોતાને શોષતો જ્ઞાન પ્રાપ્ત કરે છે. જેમ કાદવના લેપથી રહિત તું બડું એકદમ સ્વાભાવિકપણે પાણી ઉપર રહે છે તેમ સમગ્ર કર્મલેપરહિત જીવ પણ લોકાગ્રે સિદ્ધ શિલા ઉપર શાશ્વતપણે રહે છે. આ પ્રમાણે જીવ, બંધ, મોક્ષ, આશ્રવ, સંવર, નિર્જરા એ સર્વે તત્ત્વો પહેલાંના કેવળજ્ઞાની સર્વજિનોએ કહેલાં છે.

એવી રીતે હે દેવાનુપ્રિય! લોકને વિશે જે આત્માઓ વિષયમાં ઉન્મત્ત બની જીવવધમાં આસક્ત બને છે તે મરણ પામી સેંકડો દુઃખાવર્ત્તથી પ્રચુર એવી નારકીમાં જાય છે. પ્રચુર મોહનીયના ઉદયવાળા જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આર્ત્તધ્યાન વશ બની મરીને સ્થાવર થાય છે. ક્રોધ, માન, માયા, લોભ એ કષાયોને આધીન અજ્ઞાની જીવ મરીને નરક જેવી વેદનાવાળા તિર્યંચ ભવમાં જાય છે.

અહીંથી કોઇક વૈમાનિક દેવ, કોઇ વ્યંતરદેવ, કોઇ ભુવનવાસી તેમજ કોઇ જ્યોતિષ દેવ બને છે. માન કષાયનો નિગ્રહ કરી જિનેશ્વરની આજ્ઞાયુકત તપ કરીને કોઇક જીવ સ્વર્ગમાં ઈન્દ્ર થાય છે. બીજા વળી ગણધર દેવ તેમજ આચાર્ય થાય છે. બીજા કેટલાક સમ્યકૃત્વ, જ્ઞાન, ચારિત્ર પામે છે. વળી કેટલાક જીવો, જેને સકલ જગતના જીવો ભકિતથી નમન અને સ્તુતિ કરે છે અને કુમુદવનને જેમ ચંદ્ર વિકસીત કરે તેમ જેઓ ભવ્ય જીવોને પ્રતિબોધ કરે છે તેઓ જિનનામ કર્મ ઉપાર્જન કરી તીર્થંકર થાય છે. કેટલાક સેંકડો દુઃખરૂપી ભવસમુદ્રના મોહાવર્ત્તમાંથી પાર પામીને સિદ્ધિને પામે છે. માટે તમે તપ, સંયમ, જ્ઞાન, દર્શનને વિશે મન પરોવો. જેથી કર્મ કલંકથી મુકત બની સિદ્ધિ નગરીને પામો.''

*('કુવલયમાલા'માંથી)*

# ચેત, ચેત ચેતન ! તું ચેત

*-'પ્રજ્ઞરાજ'*

● હે આત્મન! તારી તારી સાધક અવસ્થા પામવી હોય તો બાહ્ય પરિવર્તન કરતાં પણ આંતરિક પરિવર્ત્તન પરિણતિ પર ભાર મૂક. આજે બાહ્ય દેખાડા ઘણાં ચાલુ છે પણ અંતરની પરિણતિનો વિચાર દુઃખદાયક છે. આજ સુધીની આપણી આરાધના કેમ સફળ ન થઈ? શાંતિથી વિચારીશું તો જરૂર આપણી ભૂલ- ખામી નજરે ચઢશે. સમ્યગ્દૃષ્ટિ પણ જો પ્રગટે તો ય કામ થાય.

આપણા શરીરમાં રોગ પેદા થાય તો રોગમાં આર્તધ્યાન થાય કે રોગમાં કર્મક્ષયનો આનંદ હોય? તારા હૈયામાં લખી રાખજે કે અનુકુળતા, સગવડતા, સુખશીલતા એ બધું તારા પુણ્યના ભંડારને ખાનારા અને ખલાસ કરનારા છે. જ્યારે પ્રતિકૂળતા, અગવડતા, આપત્તિ મજેથી વેઠવાથી પાપને ખાનારા- ખલાસ કરનારા છે. જો તું અનુકૂળતાનો રાગી ન બને, પ્રતિકૂળતાનો દ્વેષી નહિં બને તો તારો માર્ગ આત્મપથને અજવાળશે. માટે તું લાભ- અલાભમાં, સુખ-દુઃખમાં, નિંદા-પ્રશંસામાં, માન-અપમાનમાં સમવૃત્તિ બનીશ તો આત્મ કલ્યાણની આ ચાવી તારી અધ્યાત્મ ક્ષેત્રમાં તને સફળતા અપાવશે. શુભાસ્તે પન્થાનઃ

● હે આત્મન! દુનિયામાં પરસ્પરના પ્રેમમાં પાગલ બનેલાં જીવોની વિરહવેદનાનો વિચાર કરતાં આપણે આપણી જાતને જોવી છે કે-હું પ્રભુના પ્રેમમાં બાવો પાગલ છું. પ્રભુના પ્રેમમાં દિવાનો છું! પ્રભુનો વિરહ મને આકરો લાગે છે! અકળાવે છે! પ્રભુ વિરહમાં મજેથી ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, મોજમજા કરૂ છું! ભગવાન સાથે હજુ જોઇએ તેવી પ્રીત નથી બંધાઇ તો સાચા આંસુ પણ આવે છે? પ્રભુ વિરહમાંથી જન્મેલા આંસુ તો ભકતની અણમોલ મૂડી છે. નાશવંત ચીજ-વસ્તુ-વ્યકિત પાછળ અનરાધાર આંસુ વહાવી આપણે સંસારનું જ સર્જન કર્યું. તે આંસુઓએ તો મોહનીય કર્મને મજબૂત કર્યું. જો શ્રી ગૌતમ સ્વામિ જેવો વિલાપ કરતાં આવડે તો તે રાગીમાંથી વિરાગી બનાવી જીવને વીતરાગતા આપે તેમાં નવાઇ નથી! આવી પ્રીત પ્રભુ પ્રત્યે જોડી દે તારો બેડો પાર!

# શેરને માથે સવાશેર

- પ્રજ્ઞાવિ

એક ખેડૂતે પોતાના ખેતરમાં કાકડીનો વેલો રાખ્યો. દિવસો જતાં તેમાં ઘણી કાકડીઓ આવવા લાગી. ગાડું ભરાય એટલી કાકડીઓ જોઇ ખેડૂતને શહેરમાં જઇ વેચવાનો વિચાર આવ્યો. એક દિવસ તે ગાડુ ભરી વેચવા ચાલ્યો. ઘણો ખરો પંથ કપાયા પછી એક ચાલાક- હોંશીયાર માણસ તેને સામો મળ્યો. ભાઇ! શીદ જાવ છો? જરા ઉભા તો રહો!

ભોળા ખેડૂતભાઇ ઉભા રહી ગયા. ભાઇ કાકડી મઝાની લાગે છે. જો કોઇ માણસ આ ગાડાની બધી કાકડીઓ ખાઇ જાય તો તું એને શું આપે? આવું તો કાંઇ બનતું હશે? એમ વિચારનારો ખેડૂત બોલ્યો, જો ભાઇ આને ખાય તો તેને નગરના દરવાજામાંથી બહાર ન નીકળી શકે એવડો લાડુ ભેટ આપું.

ધૂર્ત માનવીએ એની શરત સ્વીકારી, તરત જ ગાડામાં ભરેલી એક એક કાકડીને કરડવા માંડયો અથવા ચાખવા લાગ્યો. ભાઇ ચાલ, તારે તો બજારમાં જવું છે ત્યાં કાકડી વેચવી છેને? ખેડૂત ભોળાભાવે બજારમાં આવ્યો. ભરબજારે ગાડુ ઉભું રાખી બુમો મારવા લાગ્યો. કાકડી લ્યો ભાઇ સસ્તા મજાની કાકડી.

બુમ સાંભળી લોકો ભેગા થઇ ગયા. સુંદર કાકડી જોઇ એક પછી એક કાકડી હાથમાં લે છે ને પાછી મૂકે છે અને ઝટ બોલી ઉઠે છે આ તો ખાધેલી છે.

ચાલક માનવીએ લોકોના શબ્દો પકડી લીધા. જો ભાઇ ખેડૂત! લોકો શું કહે છે? મેં મારી મારી શરત પૂર્ણ કરી હવે તું તારી શરત પૂરી કર.

ખેડૂત માનતો હતો કે ગાડુ ભરેલી કાકડી કોણ ખાવાનો છે? માટે શરત મારેલી પણ હવે સમય આવ્યો લાડુ આપવાનો. તેથી એ મુંઝાયો- ગભરાયો. શરતમાંથી મુકત થવા એ ધુર્તને રૂપીયા આપવા લાગ્યો પરંતુ ચાલક માનવી કેમે કરીને રૂપીયા નથી લેતો મારે તો લાડવો જોઇએ.

હવે ફસાયા, જો કોઇની સલાહ મળી જાય તો પ્રસંગ આખો ઉકલી જાય તેથી ફરતો ફરતો કોઇ બુધ્ધિશાળી પાસે જઇ ચઢયો. ભાઇ આવી... આવી રીતે મેં શરત મારી છે અને હું એમાં ફસાયો છું તેથી હવે રસ્તો બતાવો.

ભાઇ ગભરાવાની જરૂર નથી. આ તો બહુ સહેલાઇથી ઉકલી જાય એવો પ્રસંગ છે. તારી શરત એ પ્રમાણે છે કે નગરના દરવાજામાંથી બહાર ન નીકળી શકે એવો લાડુ આપવો બરાબરને? તો હવે એ માણસ એવો લાડુ તું આપીશ કે જે નગરની બહાર નહીં નીકળી શકે એમ કહી કાનમાં થોડી ગુપસુપ કરી.

ખેડૂત ભાઇ પહોંચ્યા કંદોઇને ત્યાં, ત્યાં લાડવો લીધો ને બોલતા બોલતાં ચાલ્યા નગરના દરવાજા તરફ. દરવાજાની વચ્ચે લાડવો મુકી મોટેથી બોલવા લાગ્યો હે લાડુ? તું નગરની બહાર નીકળ. પણ લાડુ ટસનો મસ થતો નથી. જરા પણ હલતો નથી ને નગરના દરવાજાની બહાર નીકળતો નથી એથી ખેડૂત બોલ્યો જો ભાઇ આ લાડુ નગરના દરવાજાની બહાર નીકળતો નથી તેથી તું લઇ લે.

ચાલાક હવે શું બોલે? ચાલાક સમજી ગયો. ખેડૂત ગામનો ગમાર નથી પણ શેરને માથે સવાશેર જેવો છે તેથી મૌનપૂર્વક ચાલ્યો ગયો.

ઉપનય- પોતાની મનમોઝી વાત બીજા ઉપર ઠોકી બેસાડનાર સામે જયારે કઇ બુધ્ધિશાળી- સમજુનો પ્રશ્ન કે વાત સામે આવે છે ત્યારે મનમોઝી માણસો ઉત્તર આપ્યા વગર પછી વાત- પછી વાત પછી આવજો એમ કરી મૌન ધારી ચાલતી પકડે છે.

---

**સૂત્ર શોધો - જવાબ : ૧૪૧૫ નો**

૧. ઇચ્છાકાર　૨. ઇરિયા વહિયં　૩. શ્રી નમસ્કાર મહામંત્ર,　૪. પંચિંદિય　૫. ખમાસમણ　૬. અબ્ભુટ્ઠિઓ
૭. તસ્સ ઉત્તરી　૮. અન્નથ　૯. લોગસ્સ　૧૦. કરેમિભંતે　૧૧. સામાઇય વઇજુતો

# અન્નાહારીઓ માંસાહાર તરફ ઢળી રહ્યા છે

- પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મ.

ઇન્દ્રિયોને છૂટો દોર આપીને આપણા આત્માએ વારંવાર દુર્ગતિના દારુણ દુઃખો ભોગવ્યાં છે. આપણાં આત્માને એ દારુણ દુઃખોથી બચાવી લેવા માટે જગહિત ચિંતક ઉપકારી પૂજ્ય પુરૂષોએ ઇન્દ્રિયોને સંયમમાં રાખવાનો આપણને ઉપદેશ આપ્યો છે. એ હિતકર ઉપદેશની અવગણના કરીને આજનો માનવી પોતાની ઇન્દ્રિયોને વધુને વધુ છૂટો દોર આપી રહ્યો છે, એને વધુને વધુ બહેકાવી રહ્યા છે, એના ઉપરના સંયમને સર્વથા ગુમાવી રહ્યો છે.

પાંચ ઇન્દ્રિયોમાં સૌથી બળવાન રસના (જીભ) ઇન્દ્રિય છે. જેની રસના ઇન્દ્રિય બેકાબુ હોય તેની બધી જ ઇન્દ્રિયો બેકાબુ બને. જે માણસ પોતાની રસના ઇન્દ્રિયને કાબુમાં રાખી શકે તે માણસ બહુ સહેલાઇથી પોતાની બધી જ ઇન્દ્રિયોને કાબુમાં રાખી શકે છે. એટલાં જ માટે મહાપુરૂષોએ કહ્યું છે કે 'जिते रसे जितं जगत्' અર્થાત જેણે એક માત્ર રસનાને જીતી છે, તેણે આખા જગતને જીતી લીધું છે. અને જે રસનાનો ગુલામ છે, તે આખા જગતનો ગુલામ છે.

રસાસ્વાદમાં અતિશય લોલૂપ બનેલો આજનો માનવી રસોઇના ક્ષેત્રે સંશોધનમાં ઉતરીને રસભરપૂર, ચટાકેદાર, મસાલેદાર અને અત્યંત સ્વાદિષ્ટ એવી અનેક નવી નવી વાનગીઓનું સર્જન કરી રહ્યો છે, એનાથી એના રોજિંદી ખોરાકમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે. નિર્દોષ, આરોગ્યપ્રદ, સાદા, સુપાચ્ય અને સાત્વિક ખોરાકને બદલે દોષભરપૂર, રોગોત્પાદક, પચવામાં અતિશય ભારે, શરીરને ક્ષીણ કરનારી અને બળની હાનિ કરનારી, ચટાકેદાર ને મસાલેદાર એવી સ્વાદિષ્ટ વાગનીઓનો આહાર કરવા તરફ એ વધુને વધુ ઢળી રહ્યો છે, એનાથી અનેક રોગોનો ભોગ બનીને પોતાના શરીરની બરબાદી કરવા સાથે આજનો માનવી પોતાના આત્માની પણ અધોગતિ કરી રહ્યો છે.

નવી નવી વાનગીઓના સંશોધનમાં પડેલાં માનવીએ વિવેકભ્રષ્ટ અને ધર્મભ્રષ્ટ બનીને, કેટલીક માંસાહારી વાનગીઓના આધારે પણ ધાન્યની વાનગીઓ બનાવીને સ્વાદ માણવા પૂર્વક આરોગવાનું શરૂ કર્યું છે, એટલું જ નહિં એ વાનગીઓ બનાવવાની રીત, એનો આકાર અને એનાં નામ પણ માંસાહારી વાનગીઓ પ્રમાણે જ રાખે છે.

ભારતની અન્નાહારી (મનુષ્ય અન્નાહારી છે. શાકાહારી નથી) પ્રજાએ અને ખાસ કરીને જૈનોએ માંસાહારી વાનગીઓના નામ સાંભળવા પણ હિતકર નથી, તો પછી એવી જ રીતથી, એવા જ આકારથી અને એવા જ નામ આપીને બનાવેલી વાનગીઓ આરોગવી હિતકર કેમ હોઇ શકે?

આ એક નોંધપાત્ર બાબત છે કે માંસાહારી વાનગીઓના નામ પણ વારંવાર સાંભળવાથી આપણા મનમાં રહેલી માંસાહાર પ્રત્યેની સૂગ અવશ્ય ઓછી થાય છે.

પોતાના મુખ વડે માંસાહારી વાનગીઓના નામ વારંવાર બોલવાથી માંસાહાર પ્રત્યેની આપણી સૂગ ઘણી વધારે માત્રામાં ઓછી થતી રહે છે.

માંસાહારી વાનગીઓના આકાર મુજબની, ધાન્યમાંથી બનાવેલી વાનગીઓ વારંવાર નજરે જોવાથી માંસાહાર પ્રત્યેની આપણી સૂગ નહિંવત જ રહે છે.

માંસાહારી વાનગીઓના જેવા જ આકારવાળી અને એવી જ રીતથી ધાન્યમાંથી કે શાકભાજીમાંથી બનાવેલી વાનગીઓ, વારંવાર આસ્વાદપૂર્વક આરોગવાથી આપણા હૃદયમાંથી રહેલી માંસાહાર પ્રત્યેની સુગ સંપૂર્ણપણે નાશ પામી જાય છે અને પછી માણસ જાણ્યે- અજાણ્યે પણ માંસાહાર તરફ ઢળી જાય છે, મરીને નરકમાં ચાલ્યો જાય છે.

કાંદા-લસણ - ડુંગળી નહિ ખાતા જૈનો માટે પૂર્વે જેમ જૈન ભેળ વખાણાતી હતી, એમ આજે હવે માંસાહારી વાનગીઓના આધારે બનાવવામાં આવતી જૈન પીઝા, જૈન હેમ્બરગર, જૈન ફાસ્ટફુડ, જૈન આમલેટ વગેરે વાનગીઓ શરૂ થઇ છે અને એ ખૂબ રસપૂર્વક ખાવાનું શરૂ થયું છે. જે આજની શરીરની બરબાદી અને આત્માની અધોગતિ કરવા તૈયાર થયેલી પેઢીની ખાણીપીણીની જ બલિહારી છે.

**નોંધઃ** શાક એટલે વનસ્પતિ. વનસ્પતિ એ મનુષ્યનો ખોરાક નથી, પણ પશુઓનો ખોરાક છે. મનુષ્યોનો ખોરાક અન્ન (ધાન્ય) છે, માટે મનુષ્યો શાકાહારી નથી, પણ અન્નાહારી છે. માંસાહાર શબ્દની સામે અન્નાહારને બદલે શાકાહાર શબ્દ ખોટી રીતે પ્રચારમાં આવેલો છે.

❖ ❖ ❖

# હિંદી અંગ્રેજી આવૃતિ લવાજમ ભરી તરત મંગાવો.

# સચિત્ર

**(૧) જૈન બાલ શાસન સચિત્ર માસિક હિંદીમાં**
**(૨) જૈન બાલ શાસન સચિત્ર માસિક અંગ્રેજીમાં**

અમારી સંસ્થાએ બાળકોમાં જૈન ધર્મના સંસ્કાર સીંચવા માટે **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજાની** કૃપાથી અને **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**ના શિષ્ય રત્ન પૂ. પ્રવર્તક **મૂનિરાજશ્રી યોગીન્દ્ર વિજયજી મ.** ની પ્રેરણ થી **જૈન બાલ શાસન માસિક** ચાલુ કર્યું છે. અને તેનો **થાનગઢ**થી પ્રારંભ થતાં **થાનગઢ** આદિના ભાવિકોએ ખૂબ જ સારો સહકાર આપ્યો છે.

હવે ઘણાં ભાવિકો કે જેઓ ગુજરાતી જાણતા નથી તેઓ **જૈન બાલ શાસનને હિન્દીમાં** માંગે છે અને ઘણાં ભાવિકો કહે છે કે બાળકો અંગ્રેજીમાં ભણે છે તો **અંગ્રેજીમાં** પ્રગટ કરો.

આમ આ વિચારણાને લક્ષમાં લઈને **પૂ. આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ના માર્ગદર્શન મુજબ હવે **જૈન બાલ શાસન હિન્દીમાં તથા અંગ્રેજીમાં** પ્રગટ કરવાનું નકકી કર્યું છે.

તો જેઓને આ બાળકોના સંસ્કારમાં રસ હોય તેઓ તેમાં જોડાય તેવી અમારી નમ્ર વિનંતી છે.

**જૈન બાલ શાસનના લવાજમ**

| દેશમાં | પાંચ વર્ષ | આજીવન | પર દેશમાં | પાંચ વર્ષ | આજીવન |
|---|---|---|---|---|---|
| ગુજરાતી | ૨૫૦/- | ૭૫૦/- | ગુજરાતી | ૧૫૦૦/- | ૩૦૦૦/- |
| હિન્દી | ૨૫૦/- | ૭૫૦/- | હિન્દી | ૧૫૦૦/- | ૩૦૦૦/- |
| અંગ્રેજી | ૨૫૦/- | ૭૫૦/- | અંગ્રેજી | ૧૫૦૦/- | ૩૦૦૦/- |

*આપનું લવાજમ મોકલી નકલ નકી કરાવો*

વહેલી તકે આપ આપના વર્તુલમાં ૫-૨૫ નામો નોધી સરનામા સાથે ડ્રાફ્ટ મોકલી આપો. માનદ્ પ્રચારકોને પણ આ કાર્યમાં સહકાર આપવા વિનંતી છે.

દસથી વધુ નામો મોકલશે તેમના નામ પણ તે નામ સાથે છપાશે.

**ઓગષ્ટ ૨૦૦૩થી હિંદી અને અંગ્રેજીમાં જૈન બાલ શાસન પ્રથમ અંક અમારી ધારણા મુજબ પ્રગટ થશે.**

આ નમુનાંનો અંક જોઈ આપના વર્તુલમાં બાળકોના સંસ્કાર માટે પ્રેરણા કરવામાં લાગી જાવ તેવી નમ્ર વિનંતી છે.

નમુનાનો અંક મંગાવો : વિગત સાથે પત્ર ડ્રાફ્ટ મોકલવાનું સરનામું :

**શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ**

C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૧ ૦૦૫.

ફોન : (૦૨૮૮) ૨૭૭૦૯૬૩

**હિંદી અને અંગ્રેજી અંકના ગ્રાહક બનો અને બનાવો. અમારા આ સાહસમાં સાથ આપો.**

# "Excess in everything is bad"
# अति सर्वत्र वर्जयेत्

પ્રો. હંસાબેન ડી. શાહ "સમક્તિ" અઠવા લાઇન્સ, સુરત

વ્યકિતઓની ઈચ્છા આકાશ જેટલી અનંત છે. જીવ માત્રનો ઈચ્છાનો વિસ્તાર અસીમિત છે. આ યુગ વિલાસ અને અન આવશ્યક જરૂરિયાતોનો છે. (એઈજ ઓફ લક્ઝરી એન્ડ કમ્ફોર્ટ) જે ભૌતિકવાદની પાછળ મુઠ્ઠીવાળીને મોંમાં ફીણ આવી જાય ત્યાં સુધી દોડે છે તેને કહો! થોભો નહીં તો થાકી જશો! સદ્‌ગતિ સરી જશે! આટલું પુરતું છે. જે કંઈ મળ્યું છે તે બહુ છે તૃષ્ણા પીડીત માનવી પરવશ બન્યો છે. તેનું યાંત્રિકરણ અને પૌદ્‌ગલીકરણ થયું છે. આજે આ વિલાસી યુગમાં આર્થિક વૈભવ નથી પણ આંતર વૈભવની તાતી જરૂર છે. આંતર સમૃદ્ધિ એ જ જીવનનો સાચો વૈભવ છે. જો એ આંતર વૈભવ સાચો ન હોત તો પ્રભુ મહાવીર સ્વામીજી રાજગાદી, વૈભવવિલાસ છોડત નહીં. પણ કરોડપતિ થવાની ફોર્મ્યુલા- નુસ્ખો- આપી દીધી હોત. પૈસો જ પરમેશ્વર હોત તો સાધુ-સંતો, આચાર્યો, મહાત્માના વૈરાગ્ય વચન સાંભળવા મર્સીડીઝ, કેડીલેક કે બ્યુકની હારમાળા ઉપાશ્રય સામે પાર્ક ન થાત! શા માટે રાજર્ષીએ રાજપાટ, રાજરમણી છોડી? સમયે સમયે અપરિગ્રહની વાત કેમ કરી? આપણો ત્યાગી અને વૈરાગી માર્ગ આ પૈસાથી જેટલો વધુ છેટો ગયો તેટલો આત્મિક વૈભવની નજીક ગયો છે.

પૈસા પાછળ આંધળી દોટ મુકનારા ધનકુબેરોની અવદશા 'મમ્મણશેઠ'ની યાદ અપાવે છે. આખી દુનિયામાં સૌથી વધારે ધનાઢ્ય કરોડપતિ નહીં, અબજોપતિ નહીં પણ ખર્વજોપતિની ભીતરી દશા જાણવા જેવી છે. **માનસિક રોગો જેટલી સમૃદ્ધિની દેન છે તેટલી ગરીબાઈની નથી.** વિશ્વના ધનાઢ્યોના જીવન અને મોત જોતાં લાગે છે કે ગરીબીના દુઃખ કરતાં અમીરીનું દુઃખ ચઢી જાય છે. આ અમીરોની દશા જાણવા જેવી છે.

- દુનિયાનો સૌથી મોટી સ્ટીલ કંપનીના માલિક ચાર્લ્સ શોર્બ (Charles Schwab) અતિસંપત્તિથી ગુંગળાઈને છેવટે દેવાળીયા થઈ મૃત્યુ પામ્યા.
- દુનિયાની સૌથી મોટી ગેસ કંપનીનો પ્રમુખ હાવર્ડ હબ્સન (Haward Hubson) પાગલ થઈને મૃત્યુ પામ્યો.
- ન્યુયોર્ક શેર બજારનો પ્રમુખ રિચાર્ડ બ્હાર્ટની (Richard Whitner) કપટલીલાથી જેલમાં મૃત્યુ પામ્યો.
- વોલ સ્ટ્રીટનો સૌથી મોટો સટોડિયો જેસીલિવર મોરે (Jessioliver More) એ આત્મહત્યા કરી.
- દુનિયાની સૌથી મોટી 'મોનોપોલી' બજારનો પ્રમુખ ઈવર ક્રુઝરે (Ivar Krueger) પણ આત્મહત્યા કરી.
- બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ બેંકના પ્રમુખ લીઓન ફ્રેઝરે (Leon Frasero) પણ આત્મહત્યા કરી.

જગતના આર્થિક સામ્રાજયનાં રથીઓની આ અવદશા જોઈ પ્રભુ વીરની ઉત્તરાયધ્યાનસુત્રની વાણી યાદ આવે છે.

*सुवण्णरुपोस्स उ पव्वयाभवे, सियाहं कैलाससमा असख्या*
*न रस्स लुद्धस्स न तेहिं किंचि इच्छा ह आगससम अणंविया ॥*

'જો સોના અને ચાંદીના કૈલાસ સમાન અસંખ્ય પર્વત મળી જાય તો પણ લોભી પુરૂષને એનાથી કાંઈ ફેર પડતો નથી. કેમ કે ઈચ્છા આકાશ સમાન અનંત છે.

પરિગ્રહની લાલસા માનવને અમર્યાદ અને દિશા શૂન્ય ગતિનો ભોગ બનાવી દે છે. સંપૂર્ણપણે આરંભ સમારંભમાં ડુબેલી વ્યકિત આધ્યાત્મનું મૂલ્ય આંકી શકતી નથી. તેને મનુષ્ય જીવનની દુર્લભતાની સમજ હોતી નથી.. જીવનમાં ધનની જરૂર છે, પણ તે સર્વસ્વ નથી. ધન એ જીવન ચલાવવાનું સાધન છે. સાધ્ય નથી, માણસ જ્યારે ધનને સર્વસ્વ સમજી લે છે ત્યારે માનસિક દ્રષ્ટિએ તે સંતપ્ત બને છે. તૃષ્ણાવાન અમીર જેવો જગતમાં બીજો કોઈ ગરીબ નથી.

વિત્ત, વિદ્યા, કીર્તિ, સત્તા, યશ, પ્રત્યેક વસ્તુનો અતિશયપણું નુકસાન કરે છે. કીડીએ એકઠું કરેલું અનાજ, મધમાખીએ સંચિત કરેલું મધ અને લોભીએ સંગ્રહેલું ધન આખરે સમુળગુ નાશ પામે છે. તે નાશ પામે તે પહેલાં સદ્‌ઉપયોગ કરી લેવો જોઈએ. વિત્તની માફક વિદ્યા પણ વાપરવાથી વધે છે. સંચયથી ક્ષીણ થાય છે. વહેતું પાણી વિશુદ્ધ રહે છે. જ્યાં વિત્ત કેન્દ્રીત થાય છે ત્યાં સમૂહ વિખેરાઈ જાય છે. વિત્ત વિકેન્દ્રીત થાય છે ત્યાં માનવ સમૂહ મધમધી ઉઠે છે. અંતરની અનાસકિતી જ માનવીને સાચો અપરિગ્રહી બનાવે છે. જ્યાં સુધી પરિગ્રહનો સઘન ચક્રવ્યૂહ તૂટશે નહીં ત્યાં સુધી આ દુર્લભ જીવનનું સાચું મૂલ્યાંકન સમજાશે નહીં. આપણે પણ આ પરિગ્રહના સઘન ચક્રવ્યૂહને તોડી અપરિગ્રહની ચરમ શિખરને સ્પર્શવા તૈયાર થઈએ એજ એકની એક મનોકામના.

## સમાચાર સાર

**ચરવડા-પૂનામાં આરાધનાની ધૂમ :**

ગોડવાડના ગૌરવ પ્રવચન પ્રભાવક પૂજય ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી મ.સા. આદિ પાંચ ઠાણાની શુભ નિશ્રામાં શુભ નિશ્રામાં ખૂબ જ સુંદર ચાતુર્માસિક આરાધનાઓ થઈ રહી છે. દરરોજ સવારે ૯થી ૧૦ સુધી પ્રેરણાદાયી પ્રવચનો ચાલુ છે. ફકત યુવ નો માટે રાત્રે પણ ૯થી ૧૦ પ્રવચન ચાલુ છે. દર સોમવારે જુદા જુદા વિષયો ઉપર જાહેર પ્રવચનો થાય છે. જેમાં જૈન- જૈનેત્તર જનતા સારી સંખ્યામાં લાભ લઈ રહી છે. તરુણ પેઢીના સંસ્કરણ માટે દર રવિવારે બપોરે ૨થી ૪ સુધી વાચના શ્રેણી પણ ચાલુ છે.

પરમ શાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની ૧૨મી પૂણ્યતિથિ નિમિત્તે તા. ૨૭, ૨૮ અને ૨૯ના રોજ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના સામુદાયિક અઠમ થશે. તા. ૨૭ના રોજ સામુદાયિક અષ્ટપ્રકારી પૂજા અને તા. ૨૮ના વિશાલ ગુણાનુવાદ સભા અને ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન થશે. અઠમના તપસ્વી આરાધકોની સુંદર ભકિત કરવામાં આવશે. સંઘમાં ઉત્સાહ સારો છે.

**રાજકોટ:**

વર્ધમાન નગરની ધન્યધરા ઉપર પરમ પૂજ્ય મુનિરાજ શ્રી લાભવિજયજી મહારાજ તથા પૂ.મુ. શ્રી સોમપ્રભ વિજય મ.ની શુભ નિશ્રામાં શ્રી સંભવનાથ જૈન પ્રાસાદે જૈન ઉપાશ્રયની બાજુમાં શ્રી શાપરીયા ચેરીટેબલ ટ્રસ્ટ નિર્મિત ગુરૂમંદિરમાં પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ની ગુરુમૂર્તિની પ્રતિષ્ટા અષાડ સુદ ૧૦ને બુધવારના રોજ સવારે શુભ મુહુર્ત કરવામાં આવી હતી. પ્રતિષ્ટા બાદ બુંદીના લાડુની પ્રભાવના થયેલ. વિધિવિધાન જામનગરવાળા શ્રીનવીનચંદ્ર બાબુલાલ શાહે કરાવેલ હતાં તથા આ નિમિત્તે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન શ્રી અત્રેના સંભવનાથ જિનાલયમાં શ્રી પ્રકાશભાઈ દોશીએ ખૂબ જ સારી રીતે ભણાવેલ. જીવદયાની ટીપ ખૂબ જ સારી થયેલ. પૂજ્યશ્રીની નિશ્રામાં ચાતુર્માસ આરાધના સારી રીતે ચાલી રહેલ છે. વ્યાખ્યાન, પ્રતિક્રમણ આદીમાં લોકો સારી સંખ્યામાં લાભ લઈ રહેલ છે.

**કર્ણાટકમાં શાસન પ્રભાવના અને ચાતુર્માસ પ્રવેશ :**

**ચિત્રદુર્ગમાં** પૂ. આચાર્ય ભગવંત શ્રી લબ્ધિભુવન તિલક સૂરીશ્વરજી પટ્ટાલંકાર પૂ. આચાર્ય શ્રી વિજય અશોક રત્ન સુ.મ., પૂ.આ. શ્રી અમરસેન સૂ.મ. અને પૂ.સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. આદિની પાવન સેવામાં પૂ. ગુરૂ ભગવંત શ્રી ભુવનતિલક સૂરીશ્વરજી મ.ની જેઠ સુદ ૨ના ૩૧મી પૂણ્યતિથિ નિમિત્તે પૂજન ભણાવાયા બાદ સ્વામી વાત્સલ્ય થયું હતું. આ પ્રસંગે પૂ.આ. શ્રી કલ્પજય સુ.મ. પધાર્યા હતાં.

**દાવણગિરિમાં** - સાંતલમા શ્રી આદિનાથ ભગવાનના ચૌમુખી દહેરાસરમાં શ્રી ૧૮ અભિષેક- વિધાન પછી સાધાર્મિક ભકત થઈ હતી પછી ગામમાં પધાર્યા હતાં.

**રાણેબેન્નુર**- નગરમાં પૂ.આ. શ્રી ભાગ્યયશા શ્રીજી મ.ના શિષ્ય નૂતન સાધ્વીજી શ્રી જિનાજ્ઞાશ્રીજી મ.ની જેઠ વદ ૫ના વડીદીક્ષા નિમિત્તિ શ્રી શાંતિસ્નાત્ર પૂજા સાથે ત્રણ દિવસનો મહોત્સવ મનાયો હતો. વિશાળ હોલમાં પૂ. આચાર્ય મ.એ વડીદીક્ષાની વિધિ કરાવી હતી. આ સમયે નૂતન સાધ્વીજી મ.ના સંસારી સંબંધી શીમોગાથી અને અન્ય ગામોથી જનતા આવી હતી. પૂ.આ.મ. પૂ.સા.મ. સાથે પૂ. નૂતન સા.મ.ને કાંબલ ચડાવાના સારા થયા હતાં. રૂા. ૫૦નું સંઘપૂજન થયું હતું.

**હાવેરી** -નગરમાં પૂ.આ.મ.ની સ્થિરતા થતાં પાંચ દિન પૂજા પ્રભાવના આંગીરચના અને બેવરમાં પૂ.આ.મ.ના ચતુર્વિધ સંઘ સાથે પગલાં કરાવી ગુરૂપૂજન કરી અલ્પાહાર રાખવામાં આવ્યો હતો. પૂ.આ.મ. બ્યાણી સાવનુર થઈ શ્રી લક્ષ્મેશ્વર નગરમાં પૂ.આચાર્ય મ. અને પૂ. સાધ્વીજી મ.નો અષાડ સુદ ૩ના શ્રી સંઘના અત્યંત ઉલ્લાસ ચોમાસાનો પ્રવેશ ઠાઠથી થયો હતો અને સાવનુરથી પ્રખ્યાત રબ્બીની બેન્ડને બોલાવાયું હતું. બહારગામથી ૩૦૦ જેટલા માણસો આવ્યા હતાં. પ્રવેશ પહેલા અલ્પાહાર, વ્યાખ્યાન પછી સ્વામી વાત્સલ્ય, પ્રભાવના બપોરના પૂજા પ્રભાવના, આદિ અને સાંજના સ્વામી વાત્સલ્ય થયું હતું. રૂા. ૩૩નું સંઘપૂજન વ્યાખ્યાન પછી થયું હતું.

શુદ-૬ના આયંબિલો થયા હતાં અને પ્રભાવના થઈ હતી. પૂ.ગુરૂ મ.ના વંદનાર્થે બહારગામથી સંઘોનું આગમન ચાલુ છે. શ્રી સંઘ તરફથી ભકિત થઈ રહી છે. વ્યાખ્યાન રોજ ચાલુ છે.

<ins>સરનામુ :</ins>

**ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી અશોકરત્નસૂરિ મ.**
જૈન શ્વેતાંબર મંદિર
વિદ્યારણ્યા સર્કલ
પોસ્ટ : લક્ષ્મેશ્વર - ૫૮૨ ૧૧૬
ફોન : ૦૮૪૮૭ - ૫૭૫૯૦૫, ૫૭૨૩૫૧

**सर्वप्रथम चातुर्मास एवं नवांगी गुरुपूजन :**

परम पूज्य वर्धमान तपोनिधि आचार्य श्रीमद् विजय कमलरत्न सूरीश्वरजी म.सा. के पट्टधर विद्वान शिष्यरत्न प.पू. प्रवचन प्रभावक आचार्यदेव श्रीमद्विजय दर्शनरत्न सूरीश्वरजी म.सा. का कोटा (राजस्थान) में नगर प्रवेश अषाढ

सुद ३ दि. २-७-२००३ बुधवारको हुआ. प्रवेशमें हाथी भी लाया था। प्रवेशकी प्रथम गंहुली निकालने के लाभ २५ हजार रुपये की बोली बोलकर रमेशचन्द्रजी चौमहलाने लिया। (शाल) कांबली वहोराने का लाभ बोली बोलकर डो. बोहराजीने लिया। संघपूजा महेता उमरावचंदजी चेनमलजीने की। रोज प्रवचन में श्रोता लाभ ले रहे है। अषाढ सुद ७ दि. ६-७-२००३ रविवार को नवांगी गुरुपूजन मनोहरलालजी झाबक परिवारने किया उसके बाद संघपूजन हुआ। (शत्रुंजय माहात्म्य एवं जैनरामायण ग्रंथका वाचन श्रावण (गुजराती अषाढ) वद ३ दि. १६-७-२००३ को होगा। उपधान तप आसो सुद १० दि. ५-१०-२००३ से प्रारंभ होगा। उपधानमें प्रवेश हेतु भारतके सभी प्रांतोके भाइ-बहेन आमंत्रित है।

**આંબાવાડીમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ :**

શ્રી આંબાવાડી શ્વે. મૂર્તિ જૈન સંઘ અમદાવાદ મધ્યે તા. ૮ જુલાઈ ૨૦૦૩ મંગળવારે પ.પૂ.આ. ગુણરત્ન સૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં પ.પૂ. પન્યાસ પ્રવર ઈન્દ્રવિજયજી મ. તથા યુવા પ્રવચનકાર પ.પૂ. મુનીશરત્ન વિજયજી મ.સા. આદિનો ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ થશે. સવારે ૬-૩૦ કલાકે સહજાનંદ કોલેજની પાછળ ડો. જિતેન્દ્ર શાહના બંગલેથી સામૈયુ શરૂ થઈ નહેરૂનગર ચાર રસ્તા આંબાવાડી શ્રી વાસુપુજ્ય જિનાલયે થઈ ઉપાશ્રયે પહોંચશે.

ઉપાશ્રયમાં માંગલિક પ્રવચન બાદ સંઘમાં ચાતુર્માસ દરમ્યાન થનાર આરાધનાનું પુસ્તક 'પ્રભુસે લાગી લગન'નું વિમોચન થશે. ત્યારબાદ સંઘમાં નવકારશી રાખવામાં આવેલ છે.

**ચેવલા :**

અત્રે ચાતુમાર્સ સ્થિત પૂ. પુ. શ્રી પ્રશાન્ત દર્શન વિ.મ.ની તારક નિશ્રામાં, પૂ. સા. **શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ.** ના શિષ્યા પૂ. સા. **શ્રી ભક્તિદર્શિતાશ્રીજી મ.** ના ચત્તારિ-અઠ-દશ-દોય તપની અનુમોદનાર્થે તથા સ્વ. પરમ તારક પરમ ગુરુદેવેશ પૂ. આ. શ્રી વિ. **રામચન્દ્ર સૂ. મ.** ની સ્વર્ગતિથિને અનુલક્ષીને ત્રિદિવસીય શ્રી જિનભક્તિ મહોત્સવ ઉજવાયેલ. અ. વ. ૧૩ ને રવિવારે, પૂ. સા. **શ્રી ભક્તિદર્શિતાશ્રીજી મ.** ના. તપની અનુમોદનાર્થે પૂ. સા. શ્રી રાજદર્શિતાશ્રીજી મ.ની પ્રેરણાથી; પૂના નિવાસ શ્રી પ્રદીપભાઈ રમણલાલ તથા શ્રી સંઘ તરફથી પેંડાની પ્રભાવના થયેલ તથા ૫-૫ રૂા. ની પ્રભાવના, વ્યાખ્યાનમાં, પાઠશાળાના બાળકોમાં તથા ભાઈઓ-બેનોના પ્રતિક્રમણમાં નીચેના ભાગ્યશાલીઓ ચરફથી કરાયેલ.

૨ રૂા. સૌ. ઉર્મિલાબેન રાજેન્દ્રભાઈ મહેતા - માલેગાંવ,

૧ રૂા. સૌ. રેખાબેન સી. શાહ - આકોલા

૧ રૂા. સૌ. ઉજ્વલા એમ. શાહ - આકોલા

૧ રૂા. સૌ. ભાવનાબેન વસ્તુપાલભાઈ - અમદાવાદ

સૌ. ભાવનાબેન તરફથી આ નિમિત્તે પાઠશાળામાં પણ રૂા.૧૫૧ ભેટ અપાયેલ તથા બપોરના શ્રી અષ્ટાપદજીની પૂજા, અમદાવાદ નિવાસી સૌ. જયાબેન કલ્યાણભાઈ તથા શ્રી સંઘ તરફથી ભણાવાયેલ પેંડાની પ્રભાવના થયેલ.

અ. વ.૧૪ના સોમવારે સ્વ. પરમતારક પરમ ગુરૂદેવેશના ગુણાનુવાદ, સુ. જયંતિભાઈ તથા સુ. રમેશભાઈ તરફથી શ્રીફળની તથા શ્રી સંઘ તરફથી લાડવાની પ્રભાવના અને સંઘપૂજનાદિ થયેલ.

સામુદાયિક આયંબિલ કરાવાયેલ વિવિધ ગહુલીઓ બનાવાયેલ તથા સંગીતકાર શ્રી દેવેન્દ્રભાઈ માલેગાંવવાળાએ ગુરૂગુણગીત ગાઈ સૌને ભક્તિ રસમાં લીન બનાવેલ.

બપોરના શ્રી નવપદજીની પૂજા ભણાવાયેલ, રાત્રિના ભાવના ભણાવાયેલ.

બન્ને દિવસ પૂજા ભણાવવા માલેગાંવથી સંગીતકાર શ્રી દેવેન્દ્રભાઈ પોતાની મંડળી સાથે આવેલ.

વ. ০)) ના મંગળવારે બેનોના મંડળે શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવેલ.

ત્રણે દિવસ પ્રભુજીની અંગરચનાદિ કરાયેલ.

શ્રી સંઘમાં અ.વ. ૧૧ થી અ. વ. ০)) સુધી પાંચ દિવસનો 'શત્રુંજય મોદક તપ' કરાવાયેલ.

પૂ. મુનિશ્રીના 'યોગશાસ્ત્ર' પર પ્રવચનો ચાલે છે.

ક્ષેત્રાનુંસાર ભાવિકો લાભ લઈ રહ્યા છે.

બહેનોમાં ૩ થી ૪ "મુનિપતિ ચરિત્ર" પર પ્રવચન ચાલે છે. સારી સંખ્યામાં બહેનો લાભ લઈ રહ્યા છે.

**રાજકોટ :**

અત્રે વર્ધમાનનગરની ધન્ય ધરા ઉપર પ. પૂ. તપસ્વી રત્ન મુનીપ્રવરશ્રી લાભ વિજયજી મ. સા. તથા પ. પૂ. મુ. શ્રી સોમપ્રભ વિજયજી મ. સા. તથા પ. પૂ. મુ. શ્રી યુગપ્રભ વિજયજી મ. સા. ની શુભનીશ્રામાં ચાર્તુમાસ આરાધના સારી રીતે ચાલે છે. પ. પૂ. પાદ આચાર્ય ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ની ૧૨મી સ્વર્ગ રોહણ તીથી નિમીતે અષાડ વદ-૧૨ થી ત્રણ દિવસનો જીન ભક્તિ મહોત્સવ ખૂબજ ભવ્ય રીતે ઉજવાયો. અષાઢ વદી-૧૪ ના સવારે પૂ. પાદ શ્રી ગુરૂ મૂર્તી સમક્ષ ગુરૂ સ્તુતી કરવામાં આવી હતી, બાદ વ્યાખ્યાનમાં ગુણાનુવાદ કરવામાં આવેલ બાદ પેંડાની પ્રભાવના કરવામાં

આવી હતી. શ્રી સંઘમાં સામુદાયીક આયંબીલ તપ કરવામાં આવ્યા હતા બપોરે વિજય મુહુર્તે શ્રી શાંતિ સ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ બાદ લાડુની પ્રભાવના થયેલ. વિધિ વિધાન જામનગરવા ા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ કરાવેલ હતી. સંગીતમાં અનંતકુમાર નગીનદાસે સારી જમાવટ કરી હતી.

**અમદાવાદ**

અત્રે શ્રી વિજયદાન જ્ઞાન મંદીરે પ. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્ય દેવશ્રી નરચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ની શુભનિશ્રામાં પૂ. પાદ વિખ્યાત વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની ૧૨ મી સ્વર્ગારોહણ તિથિ નિમિતે શ્રી સંઘ તરફથી અષાઢ વદ-૧૨ ને શનિવારથી ત્રણ દિવસનો ભવ્યજીત ભક્તિ મહોત્સવ ઉજવાયો હતો. ચૈત્ર વદી-૧૩ને રવેવારે બપોરે વિજય મુહૂર્તે શ્રી શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટીપ ખૂબ સુંદર થવા પામી, શાંતિસ્નાત્ર બાદ શ્રીફળની પ્રભાવના થયેલ. બે દિવસો વ્યાખ્યાન બાદ પૂજા ભણાવાયેલ. વિધિવિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ ખૂબ સુંદર રીતે કરાવેલા. સંગીતમાં અત્રેના શ્રી રૂપેશભાઈ સેવંતીલાલે સારી જમાવટ કરી હતી.

**શેરગઢ (જોધપુર) :**

અત્રે પૂ. મુ. શ્રી રૈવત વિજયજી મ. નો શ્રી ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૧૦ના ઉત્સાહથી થયો છે.

**બીજાપુર (કર્ણાટક) :**

અત્રે પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મ. ની ૧૨મી સ્વર્ગતિથિ તથા પૂ. મુ. શ્રી અક્ષર બોધિ વિજયજી મ.ની પ્રથમ તિથિની ઉજવણી પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મુક્તિપ્રભ સૂરીશ્વરજી મ., પૂ. ઉ. શ્રી અક્ષય વિજયજી મ. ની નિશ્રામાં અષાઢ વદ ૧૩-૧૪ તથા અમાસ ત્રણ દિવસ પૂજા, ગુણાનુવાદ, શાંતિસ્નાત્ર ભવ્ય રીતે ઉજવાઈ હતી.

**વિજયવાડા (આંધ્ર) :**

ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય જિનોત્તમ સૂ. મ. ની અષાઢ સુદ ૧૦ને પ્રવેશ થયેલ.

સંમેત શિખરજી તીર્થમાં સાંવલીયા પાર્શ્વનાથ જિનાલય પ્રતિષ્ઠા તથા ગુરુ મંદિરમાં પૂ. આ. શ્રી વિજય નેમિ સૂરીશ્વરજી મ., પૂ. આ શ્રી વિજય લાવણ્ય સૂરીશ્વરજી મ. ની ૫૧ ઈંચની ગુરુ મંદિરની પ્રતિષ્ઠા કરીને આંધ્ર પધારેલ છે.

कोटा – परम पूज्य परमाराध्यपाद वर्धमान तपोनिधि आचार्य गुरुदेव श्रीमद् विजय कमलरत्न सूरीश्वर जी.म.सा.के पट्टधर शिष्यरत्न व्याकरण विशारद आचार्यदेव श्रमद् विजय दर्शन रत्न सूरीश्वर जी.म.सा.का कोटा में चातुर्मास तथा उपधान तप हेतु अषाढ वद १३/२७-६-०३ का आगमन होने पर उल्लसित मन सह संघ ने आगवानी की और दादावाडी में प्रभु दर्शन के बाद मांगलीक प्रवचन हुआ। १४-०)) /२८-२९ को मनुष्य जीवन की सफलता के लिए जो प्रवृतियां होनी चाहिए, उनका विस्तार से वर्णन करते हुए पूज्य श्री नें प्रवचन फरमाया। आ.सु.१/३०-६-३. को महावीर नगर में पधारे, वहा पर पूज्य श्री ने धर्म की प्राप्ति से पहले की भूमिका का वर्णन करते हुए प्रवचन किया।२/१/२००३ को विज्ञान नगर मे पधारकर, पूज्य गुरुदेव ने धर्मी जन का जीवन और उनके अनुसार जो क्रियाऐं होनी चाहीए उनका विस्तार से वर्णन किया/ सुनकर श्रोताजन आनंद विभोर हो उठे। आ.सु.३/२-७-०३ ता. को पूज्य आचार्य श्री का आनंद और उल्लास के साथ नगर प्रवेश हुआ। जुलुस हाथी घोडे आदि से सुशोभित था। आचार्य पद के ३६ गुणों का खयाल रखते हुए ३६ कलस, ३६ दरवाजे पर ३६ बेनर , ३६गहुलियाँ इत्यादि से पूज्य गुरुदेव श्री का वन्दना पूर्वक स्वागत किया। रामपुर बाजार उपाश्रय में पहुचकर मांगलिक प्रवचन हुआ साथ में पू.आ.देव के सामने गहुलि बनाने की, और कम्बली अर्पन करने की आदि बोलीया बोली गई। प्रथम गहुंलीकी बोली हजारो मे बोलकर रमेशचद्रजी चौमहला ने लाभ लिया। कांमली की बोली बोलकर वहोरानेका लाभ डो. बोहराजीने लिया। इस प्रकार के अनेक आयोजन द्वारा श्री जैन श्वेताम्बर मूर्तिपूजक तपागच्छ संघ में इस नगर प्रवेश ने नया रेकोर्ड स्थापित किया। जो कोटा नगर के इतिहास मे सुर्वण अक्षरो से सदा अंकित रहेगा। आज संघपूजा मेहता उमरावचंदजी चेनचंदजी के तरफ से हुइ।

श्री जैन श्वे. मूतिपूजक तपागच्छ संघ के अन्दर ४० वर्षो के बाद आचार्य भगवंत एंव साध्वीजी म.सा. का प्रथम बार चातुर्मास हो रहा है। बोली (चढावे) लेने वालों का बहुमान पघडी पहनाना, माला पहनाना, तिलक करना, श्री फल देना का बोलि बोलकर सत्पालजी लोढा, धनपतचंदजी सोनी, गीरीश छाजेड आदिने बहुमान किया।

आश्विन शुक्ला-१०/५.१०.०३ रवि. को प्रथम बार कोटा नगर में उपधान तप प्रारंभ होगा।

१,२,३ उपधान तप के इच्छुक व्यक्ति निम्न पते से स्वीकृति पत्र प्राप्त करने की कृपा करे।

**-: पता :-**

श्री जैन श्वे. मूर्तिपूजक तपागच्छ श्री संघ पेढी
बक्षपुरी कुन्ड की गली, रामपुर बाजार,
कोटा पि. ३२४ ००६ (राजस्थान)

❖ ❖ ❖

॥ श्री महावीरस्वामिने नमः ॥

॥ श्री-प्रेम-राम चन्द्र-महोदय- मित्रानंदसूरीश्वरेभ्यो नमः ॥

श्री कोटा (राजस्थान) नगर में सर्वप्रथम

परम पूज्य प्रवचन-प्रभावक आचार्यदेव श्रीमद् विजय दर्शनरत्न -

सूरीश्वरजी म.सा. आदि की शुभनिश्रा में

## उपधान-तप में पधारने हेतु

श्री संघ आमंत्रण-पत्रिका

आशीर्वाद दाता

परम् पूज्य

वात्सल्य निधि आचार्य देव श्रीमद्

विजय महाबल सूरीश्वरजी म.सा.

मान्यवर,

आपको लिखते हुए अत्यन्त आनंद हो रहा है। परम पूज्य वर्धमान-तपोनिधि आचार्य देव श्री मद्‌विजय कमलरत्न सूरीश्वरजी म.सा. के पट्टधररत्न प.पू. प्रवचन-प्रभावक आचार्य देव श्रीमद्‌विजय दर्शनरत्न सूरीश्वर जी म.सा.की निश्रामे दि. ५-१०-२००३ रविवार से उपधान तप का प्रारंभ होगा। आपको सपरिवार आमन्त्रण है। एवं साध्वीजी मैत्रीसुधाश्रीजी के १७०० सलंग आयंबील के पूर्णाहुति महोत्सव में पधारने हेतु सपरिवार आमंत्रण है।

### उपधान तप के शुभ मुहुर्त

| | |
|---|---|
| प्रवेश-मुहुर्त | उपधान की माला |
| आसोजसुदी १० रविवार | मगसर वदी १३ शनिवार |
| दि. ५-१०-२००३ | दि. २२-११-२००३ |

यहां पधारने से यहां के जिनमंदिरों के दर्शन-पूजन के साथ-साथ यहां विराजित पू. रत्नेशरत्नविजय जी म.सा.,पू. किरण रत्नविजय जी म.सा.,पू. रजतरत्नविजय जी म.सा.एवं प.पू.स्व.प्रवर्तिनी साध्वीजी खंतिश्रीजी की सुशिष्या पू. सा. सा. किरण प्रज्ञाश्रीजी की सुशिष्या प्रवर्तिनी प.पू. साध्वीजी हर्षितप्रज्ञा श्रीजी म.एवं साध्वीजी लक्षितप्रज्ञाश्रीजी की सुशिष्या प.पू.तपस्वी साध्वीजी चेतोदर्शिता श्री जी, प. पू. तपस्वी साधवीजी मैत्री सुधा श्री जी ,प.पू.साध्वीजी अक्षयरुचिताश्रीजी, प.पू. साध्वीजी चरणप्रज्ञा श्री जी के दर्शन वंदन का लाभ मिलेगा।

| | |
|---|---|
| -निमंत्रक-एवं पत्र व्यवहार का पता- | -लिखी- |
| श्री जैन श्वे० तपागच्छ श्री संघ (मंदिर माणक सागर जी) | श्रीजैन श्वेताम्बर तपागच्छ श्री संध-कोटा |
| रामपुरा बाजार, बक्षपुरी कुण्ड की गली | का सबहुमान |
| कोटा-३२४००६ (राजस्थान) | जय जिनेन्द्र बंचनाजी |

नोटः प.पू. तपस्वी साध्वीजी मैत्रीसुधाश्रीजी के १७०० आयंबिल पूर्णाहुति कार्तिक सुदी २ दिनांक १२.१०.२००३ रविवार को होगी।


મહાત્મા ! આપ બહુજ થાકયા, ભુખ્યા-પ્યાસા લાગો છો. મારા માટે આવેલ શુદ્ધ ભોજન અને મઠા તૈયાર છે. એમાંથી થોડું ગ્રહણ કરી મને ધર્મલાભ આપો.
મુનિઓએ આહાર ગ્રહણ કર્યો. નયસારનું મન ખુશીથી નાચવા લાગ્યું.
૮
ભોજન અને આરામ કર્યા પછી મુનિઓએ નયસારને કહ્યું -
૯
વત્સ ! હવે અમને આગળનો રસ્તો બતાવી દે તેથી અમે રાત થતાં પહેલા નગરમાં પહોંચી જાય.
નયસાર મુનિઓની સાથે જંગલમાં દૂર સુધી છોડવા આવ્યો.
મહાત્મા ! પહાડની નીચે-નીચે આ કેડી સીધી નગર તરફ જાય છે. સીધા ચાલ્યા જાવ.
૧૦
નયસાર રસ્તો બતાવીને પાછો આવવા લાગ્યો તો મુનિઓએ કહ્યું...
વત્સ ! તે અમને આ અટવી ને પાર કરવાનો રસ્તો દેખાડયો છે. અમે પણ તને આ સંસાર રૂપી અટવી માંથી પાર થવાનું બતાવવા માંગીએ છીએ.
૧૧

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

- ભગવાનની મૂર્તિને સાક્ષાત ભગવાન ન માને ત્યાં સુધી મૂર્તિને અડવાનો અધિકાર નથી.
- જૈન જ તેનું નામ, જેને માટે સંસાર ભૂલવાના સ્થાન બે, મંદિર અને ઉપાશ્રય!
- આજે 'ટોળાનો' ધર્મ થયો છે, શાસ્ત્રનો નહિં !
- મેં જે પૂજાનો કાળ જોયો છે અને આજે જે પૂજાઓ જોઉં છું તો લાગે છે કે ખરાખેર ધર્મીઓનો દુષ્કાળ પડયો છે.
- આજે તો ધર્મના પૈસા ભેગા કરવા માટે ય નાટક! 'નાટક પ્રેક્ષણક' અતિચાર કહ્યા તે વાત કયાં રહી?
- જેની બુદ્ધિ અધિકને અધિક પાપનો ડર પેદા કરે તે બુદ્ધિમાન!
- જેની બુદ્ધિ અધિકને અધિક પાપ કરે તે નિર્બુદ્ધિ!
- ભણેલો કોણ? જેમ જેમ ભણે તેમ તેમ પાપથી ગભરાય, પુણ્યનો ખપી થાય અને ધર્મનો શોધક થાય તે.
- સુખી એટલે જેની પાસે ખાવા-પીવાદિની સામગ્રી તો હોય, પણ બીજાને ખવરાવી- પીવરાવી આનંદ માને તે. તમે લોકો સુખી બંગીચા -બગીચાવાળા અને પૈસાવાળાને કહો છે. તમે આત્મા દ્રષ્ટિએ તેને દુઃખી જોયા હોત તો મહાદયાલુ બન્યા હોત! પણ અમારૂં જ્ઞાન તમે લોકો અજ્ઞાન કરીને પીઓ છો.
- તમને ધન ગમે છે કે દાન? દાન કરવા છતાં ધન પ્રત્યે અણગમો છે કે નહિં! ભોગ ગમે છે કે શીલ? શીલ પાળવા છતાં ભોગ પ્રત્યે અણગમો છે કે નહિ? તપ ગમે છે કે ખાવા-પીવાદિની મોજ મજ? તપ કરવા છતાં પણ ખાવા- પીવાદિ મોજમજા પ્રત્યે અણગમો છે કે નહિ? ભાવ ગમે છે કે ભવ? ભાવના ભાવવા છતાં ભવનો અણગમો છે કે નહિ? બુદ્ધિને જ્ઞાનરૂપ બોધ બનાવવા આ પ્રશ્નો આત્માને પૂછવાના છે.
- ધનથી મુકત થવા દાન છે. ધનનો કદ ખપ ન પડે તેવી સ્થિતિ પેદા કરવા દાન છે. ધન અને ભોગનો ખપ તે જ મોટું પાપ છે. તે બેનો ખપ જ ન પડે તેવી જગ્યાએ જવું છે. તે માટે ધર્મ કરવાનો છે.
- ધન અને ભોગ તો અનર્થકારી જ છે, તેનાથી જે સુખનો અનુભવ થાય છે તે તેનો પ્રતાપ નથી, પણ પૂર્વના પૂણ્યનો પ્રતાપ છે.
- દુનિયામાં જે કાંઇ સારૂં છે તે મળે ધર્મથી જ. પણ તેના માટે ધર્મ કરે તો ચપ્પણિયા જેવું મળે અને નુકશાનનો પાર નહિં.
- ધર્મ બુદ્ધિ મુજબ કરાય કે શાસ્ત્ર મુજબ? જે કહે કે 'સુખ મેળવવા અને દુઃખ કાઢવા ધર્મ કરાય'- તો તેમને પૂછો કે, શાસ્ત્ર બતાવો. કોઈ પણ શાસ્ત્રમાંથી આ વાત કાઢી આપે તો તેનો ગુલામ થઈ જાઉં !
- આજે મફતની પૂજા કરનારાઓનો, ગમે તે રીતે ધર્મ ક્રિયા કરનારાઓનો પણ ઠસ્સો ઘણો છે, રૂઆબ તો પાર વિનાનો છે, તેને એમ પણ ન કહેવાય કે, 'તું ભૂલ કરે છે' મોહનું નાટક ભયંકર છે.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેકસી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

9805

# જૈન શાસન

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

**રાગથી બચવાની વિચારણા**

समाएपेहाए परिव्वयंतो, सियामणो
निस्सरई बहिद्धा ।
नसामहंनो विअहंपितीसे, इच्चेव
ताओ विणएज्ज रागं ॥

**(શ્રી દશ. અધ્ય. ૨, ગા. ૪)**

સારી રીતના સંયમનું પાલન કરવા છતાં કર્મોદયે- ભોગવેલા ભોગોનું સ્મરણ થવાથી કે અનુભુકત ભોગોની ઈચ્છાથી - સંયમી સાધુનું મન સંયમ માર્ગથી ચલિત થવા લાગે ત્યારે વિચારવું કે 'તે સ્ત્રી કે તે વિષય ભોગની સામગ્રી મારી નથી અને હું પણ તેનો નથી' આ વિચારરૂપી અંકુશથી તે સ્ત્રી કે સામગ્રી પ્રત્યેની આસકિત- રાગને દૂર કરે.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## અઠવાડિક


વર્ષ ૧૫ | અંક ૪૩



**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005



आचार्य श्री कैलाससागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

# કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૩.



आज्ञाराद्धा च. शिवाय च भवाय च

# જૈન શાસન

## (અઠવાડીક)

હાલાર દેશોદ્ધારક
પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫) * સંવત ૨૦૫૯ ભાદ્રપદ સુદ - ૧૪ * મંગળવાર, તા. ૯-૯-૨૦૦૩ (અંક : ૪૩

આચાર્ય શ્રી ... મન્દિર
શ્રી મહાવીર ... કેન્દ્ર
કોબા, જિ, ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

## પ્રવચન
## ચોસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-પ્ર.-૫, રવિવાર, તા. ૧૧-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पियमायऽवच्च भज्जा सयणघणा सबलतित्थिमंतिनिवा।
नायर अहमाधमाया परमत्थभयाणि जीवाणं ॥

અનંત ઉપ.ારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ સહસ્રાવધાની આચાર્ય ભગવંત શ્રી મુનિસ્.દર સૂરીશ્વરજી મહારાજા, આ 'પ્રકીર્ણક ધર્મોપદેશ' નામન ! ગ્રન્થમાં કયો આત્મા સાચી રીતે ધર્મ કરે તે વાત સમજાવી :હ્યા છે. જેને સંસારની અસારતાનું અને મોક્ષની સુંદરતાન્ ભાન થાય તે આત્મા ધર્મ માટે લાયક છે. સંસારથી છૂટી મે ક્ષને મેળવવાનું મન થાય ત્યારથી જીવમાં લાયકાત પ્રગટે છે. મોક્ષની ઈચ્છા થાય ત્યારથી જીવ પહેલે ગુણઠાણે આવે છે. પહેલે આવેલો જીવ મહેનત કરે તો ચોથે જાય. વધુ મહેનત કરે તો દેશવિરતિ કે સર્વ વિરતિને પામે અને ધર્મની આરાધના કરે. તેવા આત્માને ધર્મની આરાધનામાં વિઘ્ન કરનારા કેટલા જીવો છે ? ધર્મ નહિ પામેલા માતા-િ તા, પુત્ર, સ્ત્રી, ભાઈ, મંત્રી, પરતીર્થીકો, નગરના લોકો આદિ ધર્મની આરાધનામાં આડે આવનારા જીવો છે. માટે તેમને પરમાર્થ ભય તરીકે ઓળખાવ્યા છે. જે જીવ નજીકમાં મોક્ષગામી હોય તે જ બધા ભયને પહોંચી વળે. ખરેખર જેને ધર્મની આરાધના કરવી હોય તે જ જીવ બધા ભયને જીતીને આગળ વધે. બાકી તો માતા-પિતા-ભાઈ-બહેન-સ્ત્રી-પુત્ર આદિ અંતરાય કરે. પાંચે પ્રમાદો પણ અંતરાય કરે. ધન અને વિષયની ઈચ્છા બહુ ભૂંડી છે. તે બધા ધર્મ કરવામાં વિઘ્ન છે. તેને જીત્યા વિના ધર્મ થઈ શકાશે નહિ.

શ્રી અરિહંત પરમાત્માને, સુસાધુને અને સુધર્મને માનો છો તો તેમને ધર્મ કરવાનું મન કેમ થતું નથી ? તમને પૂછે કે, આટલો ધર્મ કરવાં છતાં ય સાધુ થવાનું મન કેમ થતું નથી ? તમે સાધુ પણ કેમ થતા નથી તો શું કહો ? સંસારના વિષયોનું સુખ છોડવાનું મન થતું નથી. કષાયો એવા જોરદાર છે, જેથી સાધુ થવાનું મન થતું નથી આમ પણ પ્રામાણિકપણે કહો ખરા ? સાધુ થવાનું મન ન થતું હોય તો સમ્યક્ત્વ પણ ન હોય. જેનામાં સમ્યક્ત્વ પેદા થયું હોય તેને સાધુ થવાનું મન હોય જ. જેને મન ન હોય તે કેવા કહેવાય ?

માત્ર આ મનુષ્યજન્મમાં ન મોક્ષસાધક સાધુપણાનો ધર્મ મળી શકે છે. તે લેવાનું મન પણ ન થાય તો સમજી લેવું કે, મિથ્યાત્ત્વ ગાઢ લાગે છે. તે કાઢવા ખૂબ ખૂબ પ્રયત્ન કરવો પડશે. મોક્ષની ઈચ્છા જ નથી જન્મી એટલે આવા બધા વિચારો આવતા નથી. આ વિચાર નથી તે જ ખરેખર ભય છે.

આપણા જ કર્મનો ઉદય તે જ મોટો દોષ છે. કર્મના ઉદયનો સામનો કરવાની તાકાત હોય તો કોઈ અંતરાય ન કરે. આપણે મૂળમાં ઢીલા... ! આજનો ધર્મી વર્ગ એટલો ઢીલો છે કે સાધુ પણાનું મન જ થતું નથી. એટલું જ નહિ શ્રાવકના પણ વ્રત લેવાનું મન થતું નથી. શ્રાવકવર્ગમાં બાર વ્રતધારી કેટલા ? સમ્યક્ત્વને ઉચ્ચરનારા કેટલા ? ઉચ્ચરનારામાં પણ જે મજબૂતી જોઈએ તે પણ છે ? સુદેવ-સુગુરુ અને સુધર્મની પરીક્ષા કરીને લેનારા-માનનારા કેટલા ? બધાને થાય કે, આવી ભાંજગડમાં ક્યાં પડીએ. આપણે તો બધાય સાધુ સરખા. સાધુમાત્રને હાથ જોડીએ. આજના ધર્મી તો જેમ ભગવાનને માને તેમ બીજા દેવાદી નેય માને ઘણાંતો ભગવાનની પૂજા-ભક્તિ જેવી-જેટલી ન કરે તેવી કે તેથી અધિક દેવ-દેવીની કરે. આવા બધાને શેનો ઉદય કહેવાય ? ગાઢ મિથ્યાત્વનો જ ને ? અમે પણ તમારામાં હા.. એ હા... કરીએ તો તમારા કરતાં પણ વધારે ગુનેગાર ગણાઈએ.

તમારા આત્મા સાથે વાત કરો ખરા કે, મને ખરેખર ધર્મ કરવાનું મન થાય છે કે નહિ ? પછી બીજાના અંતરાયની વાત. આજે તો મા-બાપ, છોકરાઓને ધર્મ કરવાનું કહે તો ઘણા કહે છે કે - ''તમારે અમારી પંચાત ન કરવી. તમારે કરવો હોય તો કરો.'' બીજા તો અંતરાય કરશે ત્યારે કરશે પણ આપણા પોતાના જ કર્મો અંતરાય કરે છે. તમે સાધુપણું કે શ્રાવકપણું લેતા નથી, સમ્યક્ત્વ પામવાનું મન થતું નથી, તે અંતરાય કોનો ? દા'ડામાં મોક્ષ કેટલીવાર યાદ આવે છે ? મંદિરમાં મોક્ષ યાદ આવે ? અહીં ઉપાશ્રયમાં સાધુપણું યાદ આવે ? ભગવાનની પૂજા કરો તો ભગવાન થવાનું મન થાય ? સાધુની સેવા કરો તો સાધુ થવાનું મન થાય ? સામાન્ય માણસને ધર્મ કરતો જૂઓ સારુ દાન આપતો કે સારી શીલ પાડતો કે સારો તપ કરતો જૂઓ તો તમને થાય કે, આ આટલું કરે છે તો હું કેમ ન કરું ? આજે ધર્મ મધ્યમ લોકો જેટલો કરે છે તેટલો સુખી લોકો નથી કરતા. આગળના મહાભાગો કેવા હતા ? પોતે સારામાં સારું ધર્મનું કામ કરે, ધર્મ પણ કરે છતાં પણ સામાન્યને ધર્મ કરતો જૂએ તો થાય કે, આનો નંબર પહેલો આવે. હું મારી શક્તિમુજબ નથી કરતો તેમ લાગે.

પરમાર્થ ભયની વાત કરવી છે. પણ આપણી શી હાલત છે તે વાત સમજાવવી છે. હજી આપણે મોક્ષ જોઈએ છે? વહેલા જવાનું મન છે ખરું ? આપણા બધા ભગવાન મોક્ષમાં ગયા છે. બીજા પણ અનંતા આત્માઓ મોક્ષમાં ગયા, પણ આપણો નંબર કેમ ન લાગ્યો ? સાધુ પણ ઘર-બારાદિ છોડી કેમ નીકળ્યા ? શાસ્ત્રે કહ્યું કે, દેવલોકના કે સંસારના સુખ માટે નીકળ્યા હોય તો તે સાધુ, ઉપાધ્યાય કે આચાર્ય નથી તે બધા નામના વેષધારી છે. મોક્ષની ઈચ્છા કેવી છે? મોળી છે કે જોરદાર છે? મોક્ષની ઈચ્છા છે પણ તાલાવેલી નથી તો તેને સુખમાં જ મજા છે તેમ કહેવાય. પૈસા સારા લાગે તો પૈસા માટે શું શું કરે છે? વ્યસન પડેલો વ્યસન પાછળ હજારો ખર્ચે છે, માને ય - બાપને ય ન માને તેમ પણ બને છે ને ? તેમ જેને મોક્ષની ઈચ્છા થાય તો કેવી થાય ? 'મોક્ષે જવાની ઈચ્છા છે' પણ 'જવાશે ત્યારે જવાશે' આવું જ મોટોભાગ માને છે. મારે ઝટ મોક્ષે જ જવું છે - આવી ઈચ્છાવાળા કેટલા ? મોક્ષે જવાશે ત્યારે જઈશું આવું માનનારને આ સંસાર સુખમાં મજા આવે. આ સુખ મજેથી ભોગવે તે મરીને ક્યાં જાય? પછી આવો જનમ ક્યારે મળે?

જ્ઞાનિઓએ આ મનુષ્યજન્મને કિંમતી કહ્યો છે. આપણને તેની કિંમત નથી. 'સાધુપણું આ જન્મ વિનામળે તેમ નથી'. આ જાણવા છતાં દાડા જાય છે, જવાની તૈયારી છે, ક્યારે જવું પડે તે નક્કી નથી. આયુષ્ય પુરું થાય તો જવું જ પડે, છતાં મને ફરી આવો જન્મ ક્યારે મળે આવી ચિંતા

કેટલાને છે.' આ જન્મમાં જે પમાય તેમ છે તે પામી લેવું છે તેમ થાય છે ' જેમ મોસમના વખતમાં વેપારી મમરા ખાઈને જીવે છે તેમ મોક્ષની ઈચ્છા કેવી છે ? મોક્ષનો ઈન્કાર નથી કરતા, દ્વેષ પણ નથી, અરૂચિ ય નથી પણ રૂચિ ય છે? માણસને ભૂખ હોય અને રૂચિ ન હોય તો ખાવાની ઈચ્છા ન થાય. ભૂખ હોય અને ખાવાનું મળે તો કેવી રીતે ખાય ? મારે ખાવામાં તો આવું અને તેવું જોઈએ-તેમ કહેનારો ત્રણ દાડાનો ભુખ્યો હોય તો રોટલાના ટૂકડા પણ કેવી રીતે ખાય ? તેવી મુક્તિની ભૂખ નથી લાગી ને ? શાથી ? સંસારનો ભય નથી માટે. આ સંસારનું જે સુખ મલ્યું છે તેમાં જ આ લીન થઈએ તેમાંજ મજા કરીએ તો દુર્ગતિમાં જ જવું પડશે. આ વાત બેસતી જ નથી. આ સંસારના સુખમાં મજા આવે અને મજેથી ભોગવો તો થાય કે કયાં જઈશ ? કાળા બજારીયાઓને કાળું બજાર કરતાં ભય લાગે છે પણ તમને સુખમાં મજા કરતાં ભય પણ નથી લાગતો.

મહારંભીને અને મહાપરિગ્રહીને મહારંભ અને મહાપરિગ્રહનો ભય ન લાગે તો તે નરકે જ જાય. આજે મોટા વેપાર કરનારા જૈનો છે, તે ય મજાથી કરે છે - તે જોઈને થાય કે આ કયાં જશે ? કોઈને થતું નથી કે આટલો મોટો આરંભ ! પણ પૈસાનો લોભ તેની પાસે એવું પાપ કરાવે છે કે વર્ણન ન થાય. સંસારમાં રહેલા જેટલા શ્રાવક હોય તેને સંસારનો ભય લાગવો જોઈએ. મોક્ષ રોજ યાદ આવવો જોઈએ. સુખમાં મજા આવી તો દુર્ગતિમાં જવું પડશે, મોક્ષ મોડો થશે અને સંસારમાં ભટકવું પડશે તેમ થાય છે ? ન થાય તો કહેવું પડે કે, મિથ્યાત્વનો ઉદય જોરદાર છે.

અપુનર્બંધક આત્મા ધર્મ પામવા લાયક છે. તે આ સંસારને ભયંકર સમજે, સારો ન માને. પાપ કરવું પડે તો તે તીવ્રભાવે ન જ કરે, તેનું વર્તન જોઈને બધા કહે કે, સારો જીવ છે. તેનું વર્તન એવું હોય કે, દુશ્મન પણ તેના વખાણ કરે. ધર્મ કોણ પામે ? આવો જીવ. સંસારને ખરાબ માને તે સુખને કેવું માને ? સારું કે ખરાબ. પૈસો કેવો ? સારો કે ખરાબ ? સુખ અને પૈસો કયાં લઈ જાય ? દુર્ગતિમાં તેનો ભય લાગે છે ? હૈયા વગરના વ્યવહાર બોલે તે લબાડ કહેવાય કે સારો ? આપણે બધા ધર્મ કરનારા ધર્મ પામવા લાયક છીએ કે નહિ તે વિચાર્યું છે ખરું ? ધર્મીને કદાચ અધર્મ કરવો પડે તો પણ અધર્મનો ભય લાગે. મોક્ષના અર્થીને દુનિયાના સુખની જરૂર પડે તો મેળવે પણ ખરો અને ભોગવે પણ ખરો પણ સુખનો તેને ભય લાગે કે, સાવધ ન રહું તો આ સુખ જ મને દુર્ગતિમાં લઈ જશે. ગરીબી અવસ્થામાં રોજ ધર્મ કરનારની પાસે પૈસા થયા તો આહીં આવતા જ બંધ થઈ ગયા. સામે મળે તો ય મોં ફેરવીને જાય. કદાચ ભટકાય પણ જાય અને પૂછીએ તો કહે કે, કાલે આવીશ કહીને ભાગે અને પછી મળે પણ નહિ. માટે જ જ્ઞાનિઓ કહે છે કે, આ દુનિયાનું સુખ અને પૈસો જેને મલી જાય અને તે બેનો ભય પણ ન લાગે તેને ધર્મ કરવાનું વાસ્તવિક મન થતું જ નથી. મંદિરે કે ઉપાશ્રયે જાય, ધર્મ પણ કરે તે શા માટે ? પેઢી સારી ચાલે, ઘર સારું ચાલે અને મોજ મજા કરીએ તે માટે ધર્મ કરનારો મોટો ભાગ છે. 'મારો સંસાર છુટે અને વહેલો મોક્ષ મળે' તે માટે ધર્મ કરનારા કેટલા મળે ? આ માટે જ ધર્મ કરવાનું મન પણ છે ખરું? હજી તો આપણને ધર્મ કરવાનું સાચા ભાવે મન પણ થતું નથી. આ પણ ભય છે. કર્મનો ઉદય તે જ ભય. ખરો ભય આપણને આપણા પાપનો લાગવો જોઈએ.

ધર્મીને ઘેર જન્મેલા ધર્મ તો કરતા નથી પણ ધર્મ કરનારની નિંદા કરે છે. ધર્મ કરવાનું કહે તે ય ગમતું નથી. તો તમારો નંબર શેમાં છે ? ધર્મ કરવાનું અંતરથી મન થાય ? શક્તિ જેટલો ય ધર્મ કરો છો? ન થાય તો દુઃખ થાય છે? કે ચાલે તેમ થાય છે ? આપણને આપણા કર્મના ઉદયનો ભય નથી તેથી જોઈએ તેવી મોક્ષની ઈચ્છા થતી નથી. મોક્ષની તાલાવેલી લાગતી નથી, આ સંસાર ભયંકર લાગતો નથી, આ સુખ ભયંકર છે પૈસો મેળવવા જેવો નથી તેમ પણ લાગતું નથી. પૈસા માટે નીતિ ગઈ, અનીતિ આવી ગઈ અને આ અનીતિ ન કરીએ તો જીવી જ શકીએ નહિ. તેમ કહેતા થઈ ગયા.

(ક્રમશઃ)

આચાર્ય શ્રી ... મન્દિર
શ્રી મહાવીર જૈન ... કેન્દ્ર
કોબા, જિ. ગાંધીનગર ...

# મહાસતી - સુલસા

લેખાંક- ૧૮મો

પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મ.

(ગયા અંકથી ચાલુ)

ખુદ મગધસમ્રાટને પોતાના ઘરે સામે ચાલીને આવેલાં નીરખી નાગસારથિ સફાળા જાગ્યાં. ભવનની બહાર આવી રાજવીનું યોગ્ય અતિથ્ય કર્યું. રાજવીને અને રાજપરિવારને ભવનના મુખ્ય ખંડ તરફ દોરી જઈ ત્યાં સહુને ઉચિત ભદ્રાસનો પર બેસાડયાં. શીતળજળના અને મધુરફળરસના પ્યાલાઓ એક-એક ભદ્રાસનોની સામે મૂકવામાં આવ્યાં.

ઔપચારિક વાતચીત પણ શરૂ થઈ. સુખપૃચ્છા અને રાજ્યપૃચ્છા થઈ. આમ, બીજી વાતો પરથી નાગસારથિ વૈશાલી યાત્રાની વાત પર આવ્યા. એમણે નૂતનવધૂના ક્ષેમકુશળ ઝંખ્યા. અંતે પોતાના પુત્રો કયાં છે ? નાગસારથિએ પૂછ્યું. માર્મિક હતો આ પ્રશ્ન.

સારથિનો પ્રશ્ન સાંભળતાં જ રાજવી શ્રેણિકના નેત્રો આંસુપટલોથી ઉભરાઈ ગયાં. એમણે પોકે પોકે રડી પડીને, તૂટતા સાદે સારથિને સમાચાર આપ્યાં. જે અઘટિત ઘટી થયું હતું.

આ તરફ રાજાનો રૂદનધ્વતિ સાંભળીને ભવનની અંદર રહેલાં સારથિના કૌટુંબિક જનો પણ મુખ્યખંડમાં દોડી આવ્યાં. માતા સુલસા પણ. બત્રીશ પૂત્રવધૂઓ પણ. દાસ-દાસીવર્ગ પણ. એ બધાયની ઉપસ્થિતિમાં રાજવીએ અથ થી ઈતિ સુધીનો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. ઘણી રોમાંચક વાતો કરી. એ બધાયને અંતે મંદસ્વરે સાશ્રુનયને કુમારોના આકસ્મિક મરણની વાત કહી સંભળાવી.

ચોફેર સન્નાટો વ્યાપી ગયો. જાણે અણધાર્યો વજ્રપાત થયો હોય, જાણે ઉપરથી તડિત્પાત થયો હોય અને નીચેથી ભૂસ્ખલન થતું હોય, એવો કારમો આઘાત નાગસારથિએ અનુભવ્યો. સુલસાએ અનુભવ્યો. બત્રીશ પૂત્રવધૂઓએ અનુભવ્યો.

વેદના અને વિલાપ, આઘાત અને આંચકા એવા અસહ્ય હતાં કે જેવી પુત્ર મરણની ઘટના રાજવીએ સંભળાવી તેવી જ એ સૌના મુખેથી ઉંડી ચીસ નીકળી ગઈ. કષાયના જાલિમ હથિયાર નીચે કપાતા પશુઓ જેવી ચીસ પાડે એવી. મરણાંત ચીસ. સાંભળનારના લક્ષ ચીરાઈ જાય, મરણાન્ત સમયની સ્મૃતિ થઈ જાય એવી ચીસ...

એ ચીસની સાથે જ ટપોટપ નાગસારથિ બેભાન થઈને ધરતી પર ઢળીપડ્યાં. મા-સુલસા પણ ભારે મૂર્છામાં સરકીને જમીન પર પડી. બત્રીશ પુત્રવધૂએ પણ મૂર્ચ્છિત બની.

ક્ષણ પહેલાં જયાં મિજલસનો માહોલ હતો ત્યાં ક્ષણવારમાં જ ચિત્ર પલટાયું. મિજલસનું સ્થાન માતમે લીધું. માતમનો મહાભયાનક માહોલ પૂરા વાતાવરણને પોતાની લપેટમાં લઈ ચૂકયો હતો.

તરત જ શીતળ ઉપચારો શરૂ થયાં. શીતળ જળના કળશ ઢોળાયા. રાજ મંત્રીઓ સહુને પંખા વીંઝવા લાગ્યાં. નિષ્ણાત પુરૂષોએ ઔષધિના લેપ શરૂ કર્યા.

આ એક અવશ્યભાવી માહોલ હતો. જેની કલ્પના રાજવીને હતી જ. માટે જ મંત્રીજનોના પરિવારથી પરિવરીને તેઓ હાજર થયાં હતા.

**લેખાંક- ૧૯મો**

વિપુલ ઉપચારો કર્યા પછી બત્રીશ શબ્દોનો પરિવાર મૂર્છાની કળણમાંથી માંડ-માંડ બહાર નીકળી શકયો. નાગ-સારથિ જેવા સભાન થયાં કે એમણે કારમો વિલાપ શરૂ કર્યો. એ પોતાના હાથે જાત પર કશુંક અનુચિતુ ન કરી બેસે એ માટે બે મંત્રીઓએ તેમને સંભાળી લીધા.

આંખો ! આંસુની ધાર વહાવતાં તેમણે પોતાના એક-એક પુત્રોને નામથી યાદ કર્યા. એમનું વક્ષ ધ્રૂજી રહ્યું હતું. શ્વાસની ગતિ વધી ગઇ હતી. ભીંતનેય રડાવે એવા ભારે શોકભર્યા વચનો તેઓ બોલી રહ્યાં હતાં. હા, પુત્રો, હા, પુત્રો, આ શું કર્યું ? કેટ કેટલી તડપન પછી તમારા મુખ નીરખવા મળ્યાં. તમે પણ આવીને અમારા સંસારને, કુળને, સંપત્તિને લીલા છમ કર્યાં. કેટકેટલાં કોડ અને આશા તમારા માટે સાચવી રાખ્યા. અને અંતે આ પિતાની વૃધ્ધાવસ્થામાં, શરીરની અસહાય દશામાં, ઘરની સૂનકાર ભરેલી સ્થિતિમાં... ઘડપણની લાકડી જેવા તમે ચાલ્યા ગયા ? હા, મારૂં શું થશે ?

અતિશય કરૂણ હતો નાગસારથિનો વિલાપ.

તો આ તરફ મા-સુલસાનો આક્રંદતો એથી ય વધુ કરૂણ બની રહ્યો હતો. જલ વિનાની માછલ જેમ ધરતી પર પટકાઇ જાય ત્યારે આમથી તેમ તરફડીયા મારે બસ, એજ રીતે સુલસા જમીન પર પટકાઇને તરફડવા લાગી.

સરોવરના કમળદંડને હાથી જ્યારે ઉખેડી નાંખે ત્યારે એ કમળદંડની જે દશા થાય એવી દશા સુલસાની થઇ.

કાળમીંઢનેય ઓગાળે, જડ ચીજનેય પીગાળે એવો કલ્પાંત તે કરવા માંડી અશ્રુની વિશાળધારાથી તેનુ ગાત્ર પ્લાવિત થઇ ગયું. એના મુખેથી એવાતો કરૂણ શબ્દો ત્યારે પ્રગટ્યાં, જે સાંભળી શકાય નહિ.

હા પુત્રો , હવે હું જીવીશ શી રીતે? કઇંય કઠોર શબ્દ પણ અમારી સમક્ષ નહિ બોલનારા તમને આટલો કઠોર દંડ એક જીવનના ડુંગર પરથી મોતની ખીણ તરફ સરકી રહેલી ઘરડી મા પર ફટકારતાં શરમ ન આવી ?

હું કેટલી દુર્ભાગ્ય નિધિ, એક તો પુત્રો મળ્યાં દૈવી કૃપાથી, મારૂં એ ભાગ્ય પણ છીનવાઇ ગયું..

રોજ પ્રભાતે ઉઠીને મા-બાપને પ્રણામ કરનાર તમે, દિવસમાં સો વાર-'મા' કહી-કહીને ભીંજવી દેનારા તમે, જગતની બત્રીશીએ સુલસાપુત્ર તરીકે પંકાનારા તમે, વિશાળ ભુજાઓ દ્વારા શત્રુ પર્વતોને ચૂરી દેનારા તમે ક્યાં ચાલ્યા ગયા ? આ દીનને રડતી છોડીને ક્યાં વિદાય થઇ ગયાં? આ વૃધ્ધાને એકલવાયી મૂકીને ક્યાં ખોવાઇ ગયાં?

હવે હું શુકન કોને આપીશ? પુત્ર કોને કહીશ? અરે, મારી આ ૩૨ પુત્રવધુઓના લાલિત્યથી લચકતા લલાટો તરફ પણ ન જોયું? એમના કપાળે વૈધવ્યનું નારકીય દર્દ કેમ ફટકારી દીધું?

ના, ના, દોષિત હું છું. મતિમંદ હું છું. મને હરિણૈગમેષુ દેવેજબત્રીશ ગુટિકાઓ આપી હતી, એ ગુટિકાઓ એકી સાથે આરોગી જઇને આજના કારમા કલ્પાન્તનું મે જ સર્જન કર્યું છે. મારી પુત્રવધુઓના સામૂહિક વૈધવ્યનું બીજ ત્યાંજ રોપાઇ ગયું હતું. જો એ ગુટિકા ભિન્ન-ભિન્ન સમયે લીધી હોત તો આજની આ વેદના ત્રાટકી શકત નહિ. એકી સાથે સઘળાય સંતાનો છીનવાઇ ન જાત. આટલો મોટો વજ્રઘાત મારી પલ તુટી ન પડત.

આમ, ચોમેર રૂદનનો ભરડો લેવાઇ ચુક્યો હતો.

મહાસતી સુલસાની જો આ સ્થિતિ હતી તો એથી જ વધું કરૂણ, દર્દભરપુર સ્થિતી તેમની પુત્રવધુઓની હતી. કલ્પાંતના ખળભળાટને લજવે એવો ભીષણ વિલાપ આ પુત્રવધુઓ કરી રહી હતી. ભૂકંપની પળે ઉન્નત પર્વતોના પરમોન્નત શિખરો જે રીતે પોતાનું અસ્તિત્વ ગુમાવીને ધરતી પર પટકાઇ જાય. સો-સો ખંડોમાં ખંડિત થઇ જાય એમ પોતાના કેશપાશને છુટો મુકી આ અતિકોમળ નારીઓ જોર-જોરથી ભીંત સાથે શરીર પટકવા માંડી. જાણે સો-ખંડોમાં ખંડિત બની ગઇ. જાણે વીખરોયેલી માળાની જેમ જમીન પર આળોટવા માંડી.

એક એક પુત્ર વધૂઓ પોતાના પ્રાણવલ્લભને પોંકારી-પોંકારીને યાદ કરે છે. એમના ગુણો, રૂપ, પ્રેમ અને હૂંફ, સંભારે છે. રડી પડે છે. ડુસકાં ભરે છે.

આમ, બત્રીશ મહારથીઓનો પરિવાર વિલાપના સમુદ્રમાં ડુબી ગયો. આ પળે નાગસારથિને અને સુલસાદેવીને, સર્વ પુત્રવધુઓને અને નગરજનોને અત્યંત અસરકારક રીતે આશ્વાસન આપી આશ્વાસન કરવાનું કાર્ય મહામાત્ય અભય કુમારે અદા કર્યું.

અભય કુમારે કહ્યુંઃ- ઓ રાજગૃહીના વીર

નરનારીઓ, જિનશાસનના ગંભીર અનુયાયીઓ, તમે સહુ કોઇ ક્યાં નથી જાણતાં કે મનુષ્યમાત્રનું આયુષ્ય ક્ષણ ભંગુર છે.

* પાણીના બુદ્‌બુદ જેવું ચંચળ છે, મનુષ્યનું જીવન.

- વૃક્ષના પાકી ગયેલા પાન જેવું અસ્થિર છે, મનુષ્યનું જીવન.

- ઈન્દ્રધનુષના ખેલ જેવું ક્ષણિક છે, મનુષ્યનું જીવન.

- ઝંઝાવાત વચ્ચે અસ્તિત્વ માટે કંપી રહેલાં કમળ પર્ણ જેવું દયનીય છે, મનુષ્ય જીવન.

આ જીવનમાં મરણતો એક વાસ્તવિક સત્ય તરીકે આપણે સહુકોઇએ સ્વીકારવાનું છે. અવાસ્તવિક છે, જન્મ.

- હાથીના કાન જેવા અસ્થિર છે, માનવ જન્મના સંબંધો.

-ઝાંઝવાના નીર જેવા ભ્રામક છે, માનવ જીવનના સંયોગો

- સમુદ્રના તરંગ જેવા ક્ષણ ભંગુર છે, માનવ લોકના ભોગ સુખો.

પાણીનો ધોધ કદાપિ એક સ્થાને જો નથી જ નથી જ ટકી શકતો તો વ્યક્તિનું આયુષ્ય પણ એક સ્થળે કદાપિ નથી જ ટકી રહેતું.

આવુ આયુષ્ય નું તેલ જ્યારે ખૂટી પડે, ત્યારે જીવનની જ્યોત આથમે છે. આને આપણે મરણ કહીએ છીએ. મરણનો આ અભીશાપ સહુએ ઝીલવાનો છે. તમારે પણ. મારે પણ. કોણ ક્યારે ચાલ્યું જશે કોને ખ્યાલ છે, આવા કર્મજનિત મરણના પ્રસંગોમાં આટલો બધો કલ્પાત કરવો તમારા જેવા વીરપુરૂષોને ન શોભે. સમજી શકુ છું, તમારૂ દર્દ. પણ જે તીર છૂટી ગયાં, તે જેમ પાછા નથી ફરતાં, બસ, એની જેમ મૃત્યુની ખીણમાં ગબડી પડેલા માનવો કદાપિ પાછા ફરતા નથી.

વિયોગ આજે જેમ તમારા શિરે ઝીંકાયો છે તેમ સહુએ ક્યારેક અને કયારેક વિયોગનું દર્દ સહેવું જ પડે છે. આપના બત્રીશ પુત્રો જેમ કાળના વિકરાળ મુખમાં હોમાઇ ગયા તેમ ચક્રવર્તી સગરના ૬૦,૦૦૦ -૬૦,૦૦૦ પુત્રો એકી સાથે અગ્નિમાં અણધાર્યા વિલીન થઇ ગયા હતાં. શું આપ એ નથી જાણતાં ?

ધૃતરાષ્ટ્રને સો-સો પુત્રોનું મરણ પોતાની હયાતીમાં જોવું પડયું હતું. શું આપ નથી જાણતાં ? વિજયની ભવ્ય પળે પાંડવોના પાંચેય પાંચાલી પુત્રો જીવન વૃક્ષપરથી છેદાઈને તૂટી પડેલી ડાળીની જેમ મોતની ધૂળપર ખરી પડ્યાં હતાં., શું આપ નથી જાણતા ?

સંસારના સુખ-દુખમાં, ચડતી કે પડતીમાં આપણે નથી તો ગુંગળાઈ જવાનું નથી તો મલકાઇ જવાનું. બલ્કે ચઢાવ કે ઉતારમાં એમાં કર્મની વિચિત્રતાના દર્શન કરવાના છે. કાળજ્યારે પોતાનું મુખ ખોલે છે ત્યારે એમાં ભલભલા નર-નારીઓ હોમાઈ જાય છે.

કોઇ એવો કાળ નથી, કોઇ એવું સ્થળ નથી, કોઇ એવી અવસ્થા નથી, કોઇ એવો દેશ નથી, કોઇ એવો મંત્ર નથી, જે યમકાળને જીતી શકે. સર્વોપરિ છે, જગતમાં મૃત્યુની શક્તિ જે મોતની તાકાત ગર્ભમાં ઉછરતાં બાળકને પણ હણી શકે છે. નવજાત શિશુને પણ હણી શકે છે. યુવાનને અને યુવતિને, તરુણને અને પ્રૌઢને, રાજાધિરાજને અને રંકને, સજ્જનને અને દુર્જનને, જેલમાં સબડનારને કે મહેલામાં વિલસનારને, આકાશમાં પહોંચી જનારાને કે પાતાળમાં સરકી ગયેલાને, સહુને એ હણી શકે છે.

આપ તો પરમ વિવેકી છો. હવે પુત્રવિરહનું દર્દભર્યું રૂદન શાંત કરો એવી મારી અપીલ છે.

આમ, અભયકુમારે સહુને તાત્ત્વિક આશ્વાસન આપ્યું. મધની ધાર જેવી શીતળ વાણી દ્વારા સાંત્વન આપ્યું. આ સાંત્વન દ્વારા કંઇક અંશે નાગસારથિ, મહાદેવી સુલસા અને બત્રીશ પુત્રવધૂઓ, આશ્વાસન પામ્યાં. સ્વસ્થ બન્યાં.

ત્યારપછી સહુ મિત્રોની રજા લઇને રાજવી શ્રેણિક પાછા ફર્યા.

આ તરફ નાગસારથિએ મૃતપુત્રોની અંત્યેષ્ઠિનું વિધાન કર્યું, સંતપ્તગને બીજી તરફ રાજવી શ્રેણિકે નવવધૂ ચેલણા સાથે અગ્નિની સાક્ષીએ વિધિવત્ લગ્ન કર્યા, મહામહોત્સવ પૂર્વક. *(ક્રમશઃ)*

✣ ✣ ✣ ✣ ✣

# ભણ્યા પણ ગણ્યા નહિ

- પૂ. મુનિરાજશ્રી પ્રશાંતદર્શન વિજયજી મહારાજ

(હમણાં હમણાં પૂ.સ્વ. આ.ભ. શ્રી વિજય વિચક્ષણ સૂ.માના લખાણ સાથે 'ગુરુદ્રવ્ય અંગે વિશદ વિચારણા' પત્રિકા એક જ વ્યકિત ઉપર ત્રણ ચાર વખતે આવેલી અનુભવાય છે. તેમાં મોકલનાર તરીકે બીજલ ગાંધી ૭ પ્રેમલ ફ્લેટ, વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૭ છે અને તે પોસ્ટ થઈ છે માલેગામ સીટી (મહારાષ્ટ્ર)થી તે જ બતાવે છે પત્રિકા છપાવનારે નામ કે પ્રેસનું નામ આપ્યું નથી અને પોસ્ટ કરનારે અમદાવાદથી પોસ્ટ કરવાને બદલે માલેગામ સીટીથી કેમ પોસ્ટ કરી છે? લખાણ અને લખનાર બંને બોગસ છે.

આ પીળી પત્રિકા દ્વારા બોગસ માણસો પોતાની ખોટી વાતને ખોટા પ્રચારને સત્ય બતાવવા પ્રયત્ન કરે છે. નામ સરનામું કે પ્રેસનું નામ લખતાં નથી. કયારેક નામ લખે તો તે ખોટું લખે છે.

તેવી રીતે 'ગુરુદ્રવ્ય અંગે વિશદ વિચારણા' એ પણ એક પીળી પત્રિકા છે. પૂ.આ.શ્રી વિજય વિચક્ષણ સૂ.મ.સા. નિવેદન કર્યા પછી પણ ઘણો વખત જીવ્યા હતાં પણ તે વખતે આ નકલી રામસેવકને પ્રતિકાર કરવાનું સૂઝ્યું નહિં અને પાછળથી ખંજર મારવા જેવો આ પીળી પત્રિકાનો પ્રયોગ કર્યો છે.

એ બતાવે છે કે રામસેવકે નામથી પત્રિકા છપાવી નથી અને શાસ્ત્રીય પ્રચાર સામે ટકવાની તાકાત નથી તેથી 'સ્વપક્ષ સ્થાપન હીનં પરપક્ષ ખંડનં વિતંડા' એ વિતંડાવાદ અપનાવ્યો છે.

તેમાં વધુ તો શરમની વાત એ છે કે સિદ્ધાંત પક્ષને ખોટો ઠરાવવા અને મૂર્તિનું ગુરુદ્રવ્યને દેવદ્રવ્યમાં જતું અટકાવવાના પ્રયત્નમાં ભાગીદાર એવા શ્રી કાંતિલાલ ચુનીલાલ શાહ મુંબઈવાળા આ પીળી પત્રિકાને એક વડિલ ગીતાર્થ એવા આચાર્ય ભગવંત ઉપર સત્તાવાર ઝેરોક્ષ કરીને મોકલે છે અને તે માટે વિચારણા કરવા ભલામણ કરે છે.

તેઓ લખે છે કે :

'આ સાથે એક લખાણ મોકલું છું, કોનું છે તે ખબર નથી પણ લખાણ કોઈ સારા અભ્યાસી વિચારકનું જણાય છે. શાસ્ત્રપાઠો સાથે બધા મુદ્દા ચર્ચા છે. ખાસ કરીને સ્વ.પૂ.આ.ભ. શ્રી વિચક્ષણ સૂ. મ.ના લખાણની સમાલોચના છે. ધ્યાનપૂર્વક વાંચીને આપશ્રી તે અંગે કાંઈ જણાવવા યોગ્ય હોય તે જણાવશોજી.'

કાંતિભાઈનું આ લખાણ પીળી પત્રિકાનું સમર્થન કરે છે. કદાચ પીઠ પાછળ ઘા કરવાનો આ એક પ્રકાર હોય. નનામી પત્રિકા લખનારને 'સારા અભ્યાસી વિચારક' ગણાવનારાની વિચાર શકિત કયાં ગઈ? મૂર્તિની બોલી દેવદ્રવ્યમાં લઈ જવાને બદલે પોતાના પૂર્વ વિધાનો 'ગુરુદ્રવ્ય દેવદ્રવ્યમાં જાય' તેને ફેરવીને સ્મારકમાં લઈ જવાનો સિદ્ધાંત સ્થાપતા પૂ.આ. શ્રી હેમભૂષણ સૂ.મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂ.મ. નિવેદન કરે તો તેને શ્રી કાંતિભાઈ સમર્થન આપે તે વાત બેસે, પણ આ આચાર્યોના વિચારોની પુષ્ટિ માટે પીળી પત્રિકાને આગળ ધરાય તે બતાવે છે કે આ આચાર્યો આ વિષયમાં નબળા પૂરવાર થયા છે અને તેમના બચાવ માટે પીળી પત્રિકાને આગળ કરવામાં આવે છે તે સૂચવે છે કે તેમના ઉભા કરેલા સિદ્ધાંતો પીળા છે અને ખોટા છે.

એમ તો પૂ.પાદ સ્વ. ગુરુદેવશ્રી શાંતાકુક્ષ હતા ત્યારે 'પડકાર' નામની પીળી પત્રિકા ઝેર ઓકતી હતી અને આજે તેને પણ શ્રી કાંતિભાઈ આગળ ધરે તો ના ન કહેવાય, અને તેમના આજના વિચારો દ્વારા તે પત્રિકાનો રેલો તેમની નીચે ન આવે તે સારૂં.

આ નનામી પીળી પત્રિકા વાંચવી એ પણ દોષ છે તેનો જવાબ દેવાનો હોય નહિં. પરંતુ આ પત્રિકાના પ્રણેતાઓ સત્ય ઉપર ઢાંક પીછોડો કરે છે તે જોઇને સ્વ. પૂ.પાદ ગચ્છાધિપતિ આ.ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય અંતેવાસી પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.પૂ. શ્રીજીની સાથે રહ્યા છે અને તેમને જે અનુભવ છે તે અત્રે રજૂ કરી ભ્રમિતોનું મન ઠેકાણે લાવવા અને સત્યના પક્ષકારોને ભ્રમથી મુકત રહેવા સમજાણ આપી છે. સં.-)

'સૂરિરામ ચરણસેવક' વૈ. સુદ- ૧૫ના નામે 'ગુરુદ્રવ્ય અંગે વિશદ વિચારણા' 'શું ગુરુમૂર્તિ સુવિહિત પરંપરા છે?' આ હેડીંગથી એક લખાણ જોવામાં આવ્યું.

અધુરૂં, છીછરું અને અપરિપકવ જ્ઞાન શું કામ કરે છે અને 'મારા જેવો જ્ઞાની કોઇ નહિં' તે વૃત્તિનું પ્રતિબિંબ તેમાં જોવાયું. સૂર્ય સામે ધૂળ ફેંકનારની શી દશા થાય કે મોર નૃત્ય કરે તો કેવો લાગે તેવી હાલત લખનારની લાગે છે.

વર્તમાન વિવાદનો મૂળ મુદ્દો જે છે તેને જાણી જોઇને ગૌણ કે આઘો રાખવામાં આવેલ છે.

જ્યાં સુધી માર્ગનું યથાર્થ જ્ઞાન ન થાય ત્યાં સુધી અધકચરી દશાવાળાની હાલત આવી બને તેમાં નવાઇ નથી. જેમણે ગુર્વાદિ વડિલોની તારક નિશ્રા ગમતી નથી, થોડું બોલતાં વાંચતા લખતાં આવડી ગયું એટલે 'અધૂરો ઘડો છલકાય ઘણો' તે હાલત થાય છે. ગુરુની પરતંત્રતા સ્વીકારી આગમનો અભ્યાસ કરે તો આગળ પરિણામ પામે.

વસ્તુ તત્વ શું છે તે સમજ્યા વિના પ્રવૃત્તિ કરે ને સ્વયં પડે. પણ જ્યાં નાયક જ ખાડામાં પડયા હોય તે વૃંદની હાલત શું હોય?

ભણી-ગણીને પોપટ બનવું તે જુદી વાત છે પણ વસ્તુમાં રહેલાં રહસ્યને- પરમાર્થને પામવાની તાકાત કેળવવી અને પચાવવી તે જુદી વાત છે. સ્વ. પૂ. પરમતારક ગુરુદેવેશશ્રીજીએ આ વાતનું વિશદ વિવરણ 'વીર વિભુની અંતિમ દેશના' પુસ્તકમાં કરેલું છે. તે પણ જો ધર્માર્થી આત્મા શાંતચિત્તે વાંચે તો તેને ય સારી રીતના સમજાય તેવી વાત છે. પણ જેમને વડિલોની નિશ્રા ગમતી નથી તેમની પાસે આવી આશા રાખવી તે વંધ્યાપુત્રની આશા જેવું છે.

જે પૂણ્યાત્મા જ્ઞાનના આઠ આચારનું સ્વરૂપ સારી રીતના સમજે છે તેમને પણ ખબર છે કે, જેની પાસે એક અક્ષરનું પણ જ્ઞાન લીધું તેના ઉપકારનો બદલો વળાય તેવો નથી. પણ આજના જીવો યોગ્યતાના અભાવે 'ખાય તેનું જ ખોદે' તેવી હાલત છે. આ બધાનું કારણ એ છે કે જ્ઞાનીઓએ બુદ્ધિબોધ, જ્ઞાન- આગમ બોધ અને અસંમોહ બોધ એમ ત્રણ બોધ કહ્યા છે તેની ખામી છે. વર્તમાનના જીવો બુદ્ધિબોધથી આગળ વિચારે તો આગમાનુસારી બોધ બને અને પછી અસંમોહરૂપ બોધની પ્રાપ્તિ થાય. પણ જે માત્ર બુદ્ધિબોધમાં જ અટવાઇ જાય તેની હાલત શી થાય. પ્રસંગ આવ્યો છે તો આ ત્રણ બોધની જે સમજ સ્વ. પૂ. પરમતારક ગુરુદેવેશશ્રીજીએ સં. ૨૦૩૦-૩૧માં મુંબઇમાં 'યોગદ્રષ્ટિ સમુચ્ચય'ને અનુલક્ષી જે પ્રવચનો આપેલા તેમાંથી વાચકોની જાણ માટે લખું છું.

'પોતાની બુદ્ધિનો બોધ તે બુદ્ધિબોધ. જ્ઞાનમાં આગમનો આધાર તે જ્ઞાન-આગમબોધ. જેટલો ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ તે અસંમોહબોધ, આગમ મૂલક પ્રવૃત્તિ થાય તે અસંમોહબોધ. **આગમ ભણે પણ પોતાની બુદ્ધિ મુજબ ચાલે તો તે અસંમોહબોધ નહિં. આગમ વંચાવે પણ દુનિયાના માન-પાન, કીર્તિ- ખ્યાતિ આદિ માટે વંચાવે તો તે પણ અસંમોહ બોધ નહિં, બુદ્ધિ બોધ થયો. આગમમાં તો આમ-આમ કહ્યું છે પણ આમ આમ કરવાથી મારૂં માન-પાન વધે તે માટે આગમમૂલક પ્રવૃત્તિ કરે તો તે પણ બુદ્ધિબોધ કહેવાય. ભણેલા- ગણેલા પણ દુઃખના નાશ માટે અને સુખ માટે ધર્મ કરે તો તે બુદ્ધિબોધ છે. બુદ્ધિપૂર્વકના જેટલાં અનુષ્ઠાન તે બધા સંસારના કારણ છે.'**

'દાન-શીલ- તપ અને ભાવ એમ ચાર પ્રકારનો ધર્મ ભગવાને કહ્યો છે. દાન ધનનું, ભોગોમાં નિયમ તે શીલ, તપમાં ઉપવાસાદિ રૂઢ છે તે કરો ત્યારે આત્મ ને પૂછવાનું

કે દાન કરે તો ધન ભૂંડુ લાગે છે ને? શીલ પાળે તો ભોગ ખરાબ લાગે છે ને? તપ કરે તો ખાવા-પીવાદિની મોજમજા ભૂંડી લાગે છે ને? તેના પ્રત્યે અરૂચિભાવ જન્મ્યો છે ને? આપણે બુદ્ધિબોધમાંથી નીકળી જ્ઞાનબોધને પામી અસંમોહબોધ પામવો છે માટે આ બધી વિચારણા સમજાવું છું.

ધર્મ એટલા માટે કરૂં છું કે સંસારનો મારો રાગ ઘટે. આટલો ધર્મ કરું, દાન દઉં તો ય લક્ષ્મી મને વહાલી લાગે છે, શીલ પાળું તોય ભોગ મને મીઠાં લાગે છે, ભોગને ફણીધરની ફણા જેવા કહ્યા છે. ફણિધર ફણા કરી ઉભો હોય તો કોણ પાસે જાય? કેટલા આઘા ઉભા રહે? મોઢેથી બોલીએ કે વિષયો વિષ જેવા છે. વિષયની પ્રાપ્તિ થઇ જાય તો ઘોળી ઘોળી પીવે તે બુદ્ધિ બોધ છે. વિષય સેવતાં લાગે કે, હું ફણિધર સાથે રમત રહી રહ્યો છું. ઝેર પી રહ્યો છું તો તે આગમ-જ્ઞાન બોધ થાય. **મિથ્યાત્વથી યુકત નવપૂર્વીને પણ બુદ્ધિ બોધવાળા કહ્યા છે.**

જ્ઞાનીઓએ શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોનું નિર્માણ કે શ્રીજિનપૂજા તે સ્વદ્રવ્ય કે સાધારણ દ્રવ્યથી કરવા ભારપૂર્વક જણાવ્યું છે. પણ વર્તમાનમાં જે રીતની પ્રવૃત્તિ ચાલી પડી છે તે માર્ગમૂલક છે ખરી? જેમ કે, શ્રી જિન મંદિરનું નિર્માણ દેવદ્રવ્યમાંથી મોટેભાગે થઇ રહ્યું છે તો વિધાન શું કરવાનું? ડોળીનો બિનજરૂરી છૂટથી ઉપયોગ થઇ રહ્યો છે તો ડોળીનો વિહાર તે માર્ગ કહેવાય?

સ્વ. પરમતારક ગુરુદેવેશશ્રીજીની પ્રતિકૃતિને ડોળીમાં મૂકી નાના બાળકો માટે સામૈયાદિમાં ડોળી ઉપડાવતા તે પ્રવૃત્તિ બંધ કરાવી પડી. કારણ તેનાથી ડોળી એ ઉપાદેય અને રાજમાર્ગ થઇ જતી. કારણવશાત ન છૂટકે અનિવાર્યપણે ડોળીનો ઉપયોગ કરવો પડે તે વાત જુદી છે અને માર્ગનું પ્રતિપાદન કરવું તે વાત જુદી છે. પોતાની પામરતા કમનસીબીના કારણે કોઈવાર માર્ગનું પૂરેપૂરૂં પાલન ન થાય પણ માર્ગની પ્રરૂપણા શી કરે? પૂ. શ્રી પદ્મવિજયજી મહારાજે પણ પૂજામાં ગાયું કે 'શુદ્ધપ્રરૂપક ગુણ થકી શ્રી તીર્થંકર સમ ભાખ્યા છે' શ્રી સીમંધર સ્વામિ ભગવાનને પણ શ્રી ઈન્દ્ર મહારાજાએ નિગોદ સ્વરૂપના વર્ણનમાં આપના જેવું જ્ઞાન કે ચારિત્ર કોનું તેમ પૂછેલું કે આપના જેવી પ્રરૂપણા કરનાર કોણ છે તેમ પૂછેલું? ગીતાર્થ મુનિથી માંડી મુનિપતિ સુધીની પ્રરૂપણામાં ભેદ હોય ખરો? પણ જેમણે માર્ગનું જ્ઞાન ન હોય તે બીજાને માર્ગનું જ્ઞાન કરાવવા નીકળે તે આ કલિકાલનો પ્રભાવ માનવો પડે. આ લખનારે પોતાની જાતને પૂછવું કે પરિવ્રાજક પણાનો સ્વીકાર કર્યા પછી મરીચિ પોતાની લઘુતા બતાવવા શું કહેતા? કે-

'મારી બુદ્ધિ સંસારને વશ છે. મોહરૂપ મહામલ્લે મને જીતી લીધો છે. ઉચ્છૃંખલ કષાયોરૂપી દુર્જનોથી હું સ્ખલિત થયો છું. દુર્દાન્ત ઇન્દ્રિયોરૂપ ચોરોએ મારૂં પ્રશમધન લૂંટી લીધું છે. દુર્ગતિરૂપ રાક્ષસી મને સાદર જોઇ રહી છે, આથી તમે મારા ગુણ- દોષનું અવલોકન કરવાનું રહેવા દ્યો અને નીચ માણસે લાવેલા મહામણિની જેમ, જંગલમાં ભૂલા પડેલાને ભીલે બતાવેલા માર્ગની જેમ, રોગી એવા પણ વૈદ્યે આપેલા ઔષધની જેમ મારાથી કહેવાયેલા મુનિધર્મને સ્વીકાર કરી કૃતાર્થ થાઓ!' (શ્રી 'મહાવીર ચરિયં'માંથી)

આ ભરતક્ષેત્રના અંતિમ કેવલી શ્રી જંબુસ્વામી મહારાજા વૈરાગ્ય પામ્યા અને માતાની પાસે સંયમની અનુજ્ઞા માંગતા માતાએ જે જે સંયમથી પડયા તેના દૃષ્ટાન્ત બતાવ્યા ત્યારે શ્રી જંબુ સ્વામીએ કહ્યું કે 'માતા, આટલા ચઢયા તે તારી નજરે ન આવ્યા પણ આ પડયા તે તારી નજરે આવ્યા' તેમ આ લેખકની મનોદશા કઇ છે તે સમજાય છે. કલિકાલ સર્વજ્ઞ જેવા સર્વતોમુખી પ્રતિભાના સ્વામીનું ગુરુમંદિર તે કઇ ઉપજમાંથી બન્યું તેમ ભાવિ પેઢી વાંચશે તો તેમને શું થશે? આટલા શ્રદ્ધાળુ, માર્ગસ્થ શ્રીમંત જૈન શ્રેષ્ઠિઓ શું દરિદ્રી હતા? મહાપુરૂષોએ સ્વદ્રવ્યથી શ્રી જિનમંદિરાદિના નિર્માણની વાતો કરી તે મને લાગે છે કે હવે ભૂંસી નાંખવી પડશે. તે બધી ચોથા આરાની વાત આ કાળમાં તો તે વાંચવાની, પણ માનવાની કે અમલમાં મૂકવાની નહિં. તેમ કરવું યોગ્ય ગણાય?

શ્રી દશરથ મહારાજાએ શ્રી રામચંદ્રજીને, રાજગાદી મેં ભરતને આપી તેમ કહ્યું ત્યારનો પ્રસંગ બધા ભૂલી ગયા લાગે છે? શ્રી રામચંદ્રજીનો મનનીય ખુલાસો આપણને વિઘ્નરૂપ બને માટે તે યાદ નહિં કરવાનો! પિતાજીને રાજગાદી માટે મારો પણ અભિપ્રાય પૂછવો પડયો તે ભાવિ ઈતિહાસમાં **મારો અવિનય ગણાશે** તે વાત આજે ગૌણ કરવાની ?

જેમ આજના રાજકારણીઓની ભાષા કઇ? પોતાના પક્ષમાંથી બીજાના પક્ષમાં જાય તે **'પક્ષપલટો'** કહેવાય. અને બીજાના પક્ષમાંથી પોતાના પક્ષમાં આવે તે **'હૃદય પરિવર્તન'** કહેવાય. તેમ જૈન શાસનમાં ક્ષમાધર્મના પરમાર્થમાં શું વાત જણાવી તે આ લેખકશ્રીના ખ્યાલમાં તો હશે જ પણ પોતાને અનુકુળ નહિં, માટે ગીતાર્થ એવા પૂ. આચાર્ય ભગવંતો માટે પણ લખવાની આવી ધૃષ્ટતા કરી હશે ને? પોતાને ખોટી માન્યતા ગણાય તે સુધારવી તે ભૂલ ગણાય તેવી આમની મનોદશા છે ને ?

જેમને પોતાના તારક ગુરુઓની સેવા ભકિતથી માર્ગનો બોધ થયો હોય તેની દશા કેવી સુંદર હોય?

(૧) સં. ૨૦૩૨માં શ્રી સિદ્ધાચલજીમાં નૂતન જિનાલયમાં પ્રતિષ્ઠા માટે જે લોટરી- નકરા પદ્ધતિ કરાયેલ તેનો સ્વ. સૂરિપુરંદરે સખત વિરોધ કરેલો, ત્યારે ૨૦૩૨માં પૂના કેમ્પના ઉપાશ્રયમાં પોષ વદિ- ૧+૨ ને રવિવાર, તા. ૧૮-૧-૧૯૭૬ના વ્યાખ્યાન પછી જાહેરમાં પૂ.શ્રીને 'પીંડામાં આપની નિશ્રામાં નકરા પદ્ધતિથી પ્રતિષ્ઠા કરાઇ અને અહીં (શ્રી સિદ્ધગિરિજીમાં) વિરોધ કરો છો?' આ ભાવનો જો પ્રશ્ન પૂછેલ અને પૂ. શ્રીજીએ જેનો સંતોષકારક ઉત્તર આપેલ, જે જાણકારો સારી રીતના જાણે છે.

(૨) સં. ૨૦૩૫માં સુરેન્દ્રનગરમાં અંજનશલાકા પ્રતિષ્ઠાદિ સમયે પણ જે નકરા પદ્ધતિથી ભગવાનને પ્રતિષ્ઠિત કરવાના આદેશો આપેલા અને પૂ.શ્રીજીએ પોતાનો અરૂચિભાવ પ્રગટ કરેલ તો તે વખતે બે ભાગ્યશાલીઓ (૧) સુ. નરોત્તમભાઈ મોદી, (૨) સુ. હેમચંદભાઈ (બટુકભાઈ) પોતાના આદેશ ખુલ્લા મૂકી અને પોતે જ વધુ બોલી બોલી તેનો લાભ લીધેલ અને બીજાઓએ તેવું અનુકરણ ન કર્યું તથા પૂ. શ્રીજીએ નિશ્રા આપી તે ભૂલ હતી ?

(૩) પૂ. શ્રીજીની પૂણ્યનિશ્રામાં મુંબઈના એક પરામાં (વીલેપાર્લે) અંજનશલાકા - પ્રતિષ્ઠા પ્રસંગે મૂળનાયક પ્રતિમાજી શ્રી શ્વેતાંબર માન્યતાને અનુસરત ન હતાં. પૂ.શ્રીએ ધ્યાન ખેંચ્યું તો કાર્યકરોએ તે અમે બદલીશું તેમ જણાવી તેની પણ અંજનવિધિ કરાવી દીધી તો ત્યાં શું માનશે? સ્વ. પૂજ્યશ્રીજીની સંમતિ?

(૪) સં. ૨૦૨૪માં કર્મસાહિત્ય નિપુણમતિ પ.પૂ.આ. શ્રી વિ. પ્રેમસુરીશ્વરજી મહારાજા વૈ વ. ૧૧ના ખંભાતમાં સમાધિથી કાળધર્મ પામ્યા તે વખતે પૂ.શ્રીજીએ પ્રાસંગીક હિતશિક્ષા આપી અને ઘણાં સાધુઓ (જેમ આના લેખક પણ માને છે- તે માર્ગ છે તેમ પૂરવાર કરે છે) અગ્નિ સંસ્કાર પછી રાખ લાવેલા તો પૂ. શ્રીજીએ તે બધાને ઠપકો આપેલ, તે પ્રવૃત્તિ પ્રત્યે પોતાનો અણગમો બતાવેલ અને ગુણાનુવાદના પ્રવચનમાં જણાવવા જેવું જે જણાવેલ તે પણ જાણકારો સારી રીતના જાણે છે અને હાલ ઘણાં વિદ્યમાન પણ છે.

(૫) શ્રી જિનમૂર્તિના દ્રવ્ય અંગે પૂ. શ્રીજીની જે માન્યતા હતી તે પણ નિકટના અંતેવાસીઓ સારી રીતના જાણે છે.

(૬) સંમેલન વખતે પણ પૂ. શ્રીજીએ અગ્નિ સંસ્કારની બોલી અંગે જે જણાવેલ (જેની નોધ મેં પણ કરેલ અને પૂ. શ્રીજીએ જે સુધારેલ) તે બધી વાતો જાણકારોને સુવિદિત છે, છપાઇ ગયેલ છે.

(૭) 'સંમેલનના અશાસ્ત્રીય નિર્ણયોની સમીક્ષા' આ પુસ્તકના લેખક કોણ છે તેની મને પૂરેપૂરી ખબર છે કારણ કે તેની પ્રેસકોપી મેં જ કરી છે.

માટે વિકૃત વાતોથી લોકોને ભ્રમમાં નાખવાની ભૂલ કરવા જેવી નથી.

(૮) 'દર મમાસે' સ્મૃતિ મંદિરે જવામાં બાધ નથી- કહેનારને ભૂતકાળનો ઈતિહાસ યાદ નથી. સ્વ. પૂ. કનકચંદ્ર સૂ.મ.ની અગ્નિ સંસ્કાર ભૂમિ પર અમદાવાદ રંગસાગરમાં પોષધશાળા બની. અને તેમની પ્રથમ માસિક તિથિએ (સં. ૨૦૩૮, દ્વિ.અ.સુ.૯) ત્યાં વાજતે ગાજતે જવાનો કાર્યક્રમ ગોઠવ યેલ. સ્વ. પૂજ્યશ્રીજી ત્યારે પાટણ- નગીનભાઈ પૌષધશાળામાં ચાતુર્માસ બિરાજમાન હતાં. અગ્રગણ્ય શ્રાવક એ આ પ્રવૃત્તિની ઉચિતતા અંગે પૂછાવતાં પૂજ્યશ્રીજીએ સ્પષ્ટ નિષેધ કરતો જે પત્ર લખેલ તે પણ જાણકારો સારી રીતના જાણે છે તેની નકલ પણ કોની કોની પાસે છે તે પણ જાણકારોને ખબર છે.

(૯) (i) ગુરુમૂર્તિ, ગુરુના ફોટા અને ગુરુપાદુકાઃ આ બધાના પ્રવેશ, પ્રતિષ્ઠા વરઘોડા વગેરેમાં તે લઈને બેસવાનું તથા આ બધાના પૂજનના ચઢાવા કે તે સંબંધી થયેલી આવક કયા કાર્યમાં વપરાય? અને તેનો શેમાં ઉપયોગ થાય?

(ii) પૂ. સાધુ- સાધ્વીજી ભગવંતના કાળધર્મ બાદ બોલાતી અગ્નિ સંસ્કારની બોલીની રકમ શેમાં વપરાય?

(iii) વિદ્યમાન ગુરુ અને સ્વર્ગસ્થ ગુરુના ફોટાના પૂજનની આવક સમાન ક્ષેત્રની ગણાય કે એમાં ભેદ પડે? આવો ભેદ પડવા કે નહિં પડવા માટે કોઈ સ્પષ્ટ શાસ્ત્રપાઠ ખરો?

વિ. સં. ૨૦૫૭માં સમુદાયના વડિલોને પૂછાયેલા આ ત્રણ પ્રશ્નોના જવાબમાં દેવદ્રવ્યની માન્યતાને સમર્થન મળેલું- તે પણ યાદ રાખવા જેવું છે.

(૧૦) સ્વ. પૂ. શ્રીજી ઘણીવાર કહેતાં હતાં કે આપણે ત્યાં વિધિવિધાનમાં ઘણા વિધિવિધાનો ખરતર ગચ્છમાંથી આવી ગયા છે. તે ગચ્છનો એક ગ્રંથ જેમાં ૧૮ સંસ્કારનું વર્ણન છે તેને મહાપુરૂષોએ બહુ માન્ય રાખ્યો નથી. તેમાં તો સાધ્વીજીની મૂર્તિના વિધાનની પણ વાત આવે છે તો તે માન્ય રાખવી જોઈએને? કદાચ કોઈવાર આપણી માન્યતાની વધુ પુષ્ટિ માટે આપણે અન્ય દર્શનના પણ સાક્ષીપાઠનો ઉલ્લેખ કરીએ છીએ તો તેથી તે દર્શનને આપણે માન્ય કર્યું કહેવાય કે પૂ. શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિજી મહારાજાનું સન્મતિતર્કનું વાકય યાદ કરીએ?

(૧૧) સ્વ. પરમ તારક પરમ ગુરુ દેવેશશ્રીજી આમંત્રણ પત્રિકામાં દેવ- ગુરુ, માતા-પિતાદિ વડિલો કે મુમુક્ષુ આદિના ફોટા છાપવાની સ્પષ્ટ મના કરતા હતાં.

આ. પૂ. શ્રીજીના હૈયાની આ વાતનો અને અનેકને નિષેધ કર્યાનો મને અને ઘણાંને પત્રિકાદિ લેખન પ્રસંગે અનુભવ છે. આજે તે પ્રવૃત્તિ ન કરે તે નાત બહાર ગણાય છે તો તે પ્રવૃત્તિ વિહિત ગણાય કે અવિહિત?

(૧૨) આજે જવાબદાર સ્થાને રહેલા જાહેરમાં ખૂલાસા કરતાં નથી. 'ખાનગી મળજો' તેમ જવાબ આપે છે તો તે સ્વ. પૂ. શ્રીજીને વફાદાર કહેવાય ખરા?

પૂ. શ્રીજીના નિકટના પરિચયમાં આવેલા અને પૂ. શ્રીજીના શ્રીમુખેથી નિત્ય જિનવાણી શ્રવણ કરનારાએ અનેક વાર સાંભળ્યું છે કે 'આચાર્ય સંઘ ભેગો થાય અને શાસ્ત્રની આજ્ઞા આઘી મૂકે તો તે સંઘ નહિં. શ્રાવકો સાધુને પૂછે, સાધુ આચાર્યને પૂછે, આચાર્ય શાસ્ત્ર જૂએ. **આવા મતભેદના કાળમાં જો બધા આજ્ઞાને વળગી રહ્યા હોત તો વર્તમાનનો એક પણ વિવાદ જીવતો ન હોત. અમારે તમે જે પૂછો તેનો શાસ્ત્રાનુસારે શાસ્ત્રાધારે જવાબ આપવાનો છે, જવાબ આપવા બંધાયેલા છીએ. અમારાથી એમ ન કહેવાય- મારે જવાબ નથી દેવો. આચાર્ય 'હું આમ કહું છું' તેમ ન કહે. જેને સૂત્ર અને અર્થ પચાવ્યા નથી તેને બોલવાનો અધિકાર નથી. તમને પૂછવાનો અધિકાર છે. તમારો આ અધિકાર અમારાથી ખૂંચવી ન લેવાય. 'તું શું જાણે' તેમ પણ ન કહેવાય.** આગમિક બુદ્ધિ નથી માટે બધા વાંધા છે.

(૧૩) આજે મહાપુરૂષોના હૈયાના ભાવોને પોતાની ઈષ્ટ મતની સિદ્ધિ માટે વિકૃત રીતે રજૂ કરવાનો 'શોખ' થયો છે. તેનું કારણ આજના રાજકારણની જેમ જાહેર જીવનમાં ચમકતાં રહેવું છે. એકાદ-બે બિનજવાબદાર

નિવેદન કરવા એટલે તેના સમર્થન- વિરોધમાં પોતાનું નામ ચમકયા કરે.

ખરેખર તત્વદષ્ટિ માણસ તો તત્વનો વિચાર કરે, તત્વ સમજવા પ્રયત્ન કરે પણ તત્વને ડહોળવા પ્રયત્ન ન કરે. ડહોળવાનું કામ કોણ કરે તે સૌને ખબર છે. સુજ્ઞેષુ કિં બહુના?

ઈતિહાસ કે હકીકતોને વિકૃત રીતે કે અન્ય રીતે રજૂ કરવાથી વિકૃત વિચારણા થાય, 'વિશદ વિચારણા' ન થાય. તે માટે તો યોગ્યતા કેળવવી પડે. જેમ વર્તમાનમાં આપણી ઘણી પ્રવૃત્તિ એવી છે જે વડિલોને પસંદ નથી હોતી પણ આપણી અયોગ્યતાના કારણે આપણી ઉપેક્ષા કરે તે અંગે ધ્યાન ન ખેંચે. આપણી અયોગ્યતાને ઓળખવાને બદલે આપણે માનીએ કે વડિલો મારી પ્રવૃત્તિમાં સંમત છે તે મને કાંઇ કહેતાં નથી- તો તે કેટલે અંશે વ્યાજબી ગણાય તે બધાએ વિચારવું ખૂબ જ જરૂરી છે.

લેખકશ્રીએ પોતાના લખાણના બીજા ભાગમાં છેલ્લે જે વાત મોટા અક્ષરમાં છાપીને સ્વ. પૂ. પ્રતિષ્ઠાકારક શ્રીજી પ્રત્યે કૃતજ્ઞતા- વફાદારી અને સમર્પણનો ભાવ બતાવવાનો પ્રયત્ન કર્યો છે તે મુજબ લેખકને કે તેમને આમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ આપનાર દરેકને જો પરમશ્રદ્ધેય, સુવિશાલ ગચ્છાધિપતિ, પ્રશાન્તમૂર્તિ સ્વ. પ.પૂ.આ. શ્રી વિ. મહોદયસૂરીશ્વરજી મહારાજા પ્રત્યે હૈયાનો સંપૂર્ણ આદર- અહોભાવ અને વિશ્વાસ હોય તો તેઓએ આ અંગે જે નિર્ણય આપ્યો કે **'આ અંગેનું દ્રવ્ય તે દેવદ્રવ્ય જ ગણાય'** તે તેમના પત્રને માન્ય કરી, જાહેરમાં સ્વીકાર કરશે તો આ વિવાદનું મૂળ તો મટી જશે પણ સમુદાય- સંઘ- શાસનને ચાર ચાર ચાંદ લાગી જશે.

પરમગીતાર્થ સકલાગમરહસ્યવેદી સૂરિપુરંદર સ્વ. પૂ.આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજાની ખાણમાં ઉત્પન્ન થયેલ અણમોલ શાસન રત્નમુનિશ્રી રામવિજયજીના લાગેલા નામે જૈન- જૈનેત્તરમાં વિશ્વ વિખ્યાતિને વરેલા પરમ શાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ તપાગચ્છાધિપતિ, સન્માર્ગ સંરક્ષક, ઉન્માર્ગ ઉન્મૂલક પરમ ગુરુદેવેશ સ્વ. પ.પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના નામ-કામનો યશ ચોમેર ફેલાઇ ઉઠશે.

શાસન દેવ સૌને સદ્બુદ્ધિ આપો અને સૌ સન્માર્ગે વળો તે જ શુભેચ્છા.

*સ્વ. સૂરિપૂરંદર શ્રીજીના*
*શિષ્ય રત્ન*
*મુ. પ્રશાન્તદર્શન વિજયજી*
*૨૦૫૯ આષાઢ સુદિ -૫ પૂ.આ. શ્રી વિ. યશોદેવસૂરિજી પૌષધશાળા, મુ. યેવલા*

**એલચી**

* કથા એ સિદ્ધાંત નહિં, પણ સિદ્ધાંતને અનુરૂપ કથા કહેવાય.
* તમારે સાધુનો ખપ છે? સાધુને વાજા વગાડી લાવવાના અને ઉપાશ્રયના ખૂણામાં બેસાડી દેવાના. કદાચ પૂછો તો કયા સાધુને પૂછો? તમારી વાતમાં હા કહે તેને કે ના કહે તેને? ના કહે તેને તો પૂછો જ નહિં ને? તે તો નવું કરનાર કહેવાયને?

*- પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા*

## હાર્દિક ક્ષમા-અર્પણ ક્ષણે.........................

સૃષ્ટિ, સમસ્તના,
પ્રાણીમાત્રની સાથે ''વેરના વિસર્જન અને સ્નેહના
સર્જનની અહાલેક પ્રકારની
પર્વાધિરાજશ્રી પર્યુષણા મહાપર્વની ઢળતી સંધ્યાએ...
હાર્દિક ક્ષમા - અર્પણ ક્ષણે....
આપના ચરણોમાં ક્ષમાની અંજલિ ધરી છે
ક્ષમાનું અર્ધ્ય ધર્યું છે.
સ્વીકારી લેજો.
મિચ્છા મિ દુકકડમ્

- રાજુભાઈ પંડિત

# શ્રાવકના ૧૨ વ્રતો એટલે શ્રાવકે પાળવા યોગ્ય આચારો

આ અગાઉ આપણે સાચા શ્રાવકના ગુણો તથા લક્ષણો વિષે વિચારી લીધું. હવે શ્રાવકે પાળવા યોગ્ય આચારો વિષે જાણી લઈએ.

**૧લું વ્રત : 'સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ વ્રત' એટલે અહિંસા વ્રત**

સાચો શ્રાવક મન- વચન- કાયાના યોગથી અહિંસા- વ્રત પાળે- પળાવે અને જે પાળે તેની અનુમોદના કરે એટલે સૂક્ષ્માતિ- સુક્ષ્મ એવા ત્રસ જીવોની હિંસામાંથી પણ નિવૃત્તિ રૂપ આચરણ કરે. શ્રાવક રાત્રિ ભોજનનો ત્યાગ કરીને પણ દર મહીને ૧૫ ઉપવાસનું ફળ મેળવી શકે છે. માટે જૈન ધર્મમાં રાત્રિ ભોજનનો નિષેધ કરવામાં આવેલ છે. શ્રાવક કોઈપણ સ્થાવર જીવો એટલે કે પૃથ્વીકાય- અપકાય - તેઉકાય અને વનસ્પતિ કાય જીવોની હિંસાનો ત્યાગ કરે છે.

કોઈપણ પશુને બાંધે નહીં, સડેલા ધાન્ય તાવડે નખાવે નહીં, અળગણ પાણી વાપરે નહીં, આ રીતે સર્વે પ્રકારે નિર્જરા આચરે. આટલા માટે જ પ્રભુ મહાવીરે પ્રાણીમાત્ર માટે કરૂણાનો સંદેશ આપેલ છે અને 'અહિંસા પરમો ધર્મ'નો સિદ્ધાંત પ્રસરાવેલ છે.

**૨જું વ્રત : સ્થૂળ મૃષાવાદ એટલે અસત્ય ન બોલવાનું વ્રત :**

શ્રાવકે જૂઠું ન બોલવાના વ્રતનો અમલ કરવો જોઈએ. ગૃહસ્થ જીવનમાં અનેક પ્રકારના જૂઠુ બોલવાના પ્રસંગો ઉત્પન્ન થતાં હોય છે. જેવા કે ગોવાલિક- ગાય ભેંસ લેવા- વેચવા માટે- ભોમાલીક-જમીન સંબંધી- થાપણ મોસો એટલે કોઈની પણ થાપણ ઓળવવાનો એટલે વિશ્વાસ ઘાત કરે તો નરક અગર તિર્યંચ ગતિનો ઘોર દુઃખો પામે છે. જૂઠી સાક્ષી આર્પને નિર્દોષ માણસ માર્યો જાય એ મહાપાપ ગણાય છે. આ રીતે જૂઠનો સર્વથા પરિત્યાગ કરવો જોઈએ. ધર્મના સર્વોત્તમ ફળનો દાતા સત્ય જ છે.

**૩જું વ્રત : સ્થુળ અદત્તાદાન- વિરમણ વ્રત- કોઈપણ પ્રકારની ચોરી ન કરવાનું વ્રત :**

શ્રાવકના જીવનમાં કોઈપણ પ્રકારે નાનીમોટી ચોરી થઇ જતી જ હોય છે. માટે કોઈપણ પ્રકારની સ્થૂળ ચોરી ન થાય એ માટે તેના 'પચ્ચખાણ' એટલે કે બાધા અવશ્ય લઇ લેવા જોઈએ. જેનાથી આ પ્રકારના અનેક દોષોમાંથી બચી શકાય છે. પરાયું ધન એટલે કે થાપણ મુકેલ ધન- અલંકારો- વિશ્વાસે સાચવવા આપેલ વસ્તુઓ- રસ્તામાં પડેલ નધણિયાતી વસ્તુને સ્પર્શ ન કરીને દુર્ગતિના દુઃખોમાંથી બચી શકાય છે. ચોરી કરવી એ લૌકિક તથા લોકોત્તર તથા બંને વિરૂદ્ધનું કાર્ય છે. ખોટા તોલમાપ- ભેળસેળ કરવી- પરાઈ વસ્તુ ઓળવી લેવી- સારો માલ બતાવી હલકો માલ આપવો- આવા અનેક પ્રકારના દોષોમાંથી બચીને પરભવમાં સુખ મેળવી શકાય છે.

**૪થું વ્રત મૈથુન વિરમણ વ્રત - એટલે સુક્ષ્મ પ્રકારનું બ્રહ્મચર્ય વ્રત :**

ગૃહસ્થ માટે સર્વતઃ બ્રહ્મચર્ય વ્રત પાળવું એ અતિ દુષ્કર છે. આ માટે 'સર્વવિરતિ ધર્મ' સ્વીકારીને સાધુ ધર્મ સ્વીકારી લેવો એ જ ઉત્તમ ઉપાય છે.

મનુષ્ય ગતિમાં મૈથુન સંજ્ઞાનો ઉદય અધિક હોય છે. માટે શ્રાવકે 'સ્વદારા સંતોષ' રાખીને કોઈપણ વિધવા- વેશ્યા- કુમારિકા સાથેના વ્યભિચારમાંથી બચવું અને કોઈપણ શ્રાવકે વિષયઆસક્તિ એટલે કામ, ભોગની તીવ્ર અભિલાષા- કર્મોમાંથી બચવાનો પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે ભોગ ભોગવવાથી કદી તૃપ્તિ થતી નથી પરંતુ ત્યાગ કરવાથી જ સંતોષ મેળવી શકાય છે. એટલા માટે જૈનો એ કોઈપણ પર્વ તિથિઓમાં બ્રહ્મચર્ય અવશ્ય પાળવા માટે આદેશ છે. કારણ કે કોઈપણ મનુષ્યના 'આયુષ્યનો બંધ' પ્રાયઃ કરીને આવા દિવસોમાં પડી જવાનો સંભવ હોય છે.

આટલા માટે જ આ દિવસોમાં ધર્મક્રિયા એટલે સામાયિક- પૌષધ- વ્રતમાં બેસી જવાનો આદેશ આપવામાં આવે છે. આ માટે શ્રાવકે સંયમી જીવન જીવવાનું હોય છે. પ્રતિદિન કરોડો સોનૈયાનું દાન દેવાથી - જે ફળ મળે તેના કરતાં અનેકગણું ફળ એક દિવસના બ્રહ્મચર્ય વ્રતમાં મળે છે. આવા સંયમી જીવો જ ભવાંતરમાં પણ સાધુ જીવન જીવીને મોક્ષ સુખ પામી શકે છે.

**પમું વ્રત 'પરિમાણ પરિગ્રહ વ્રત'**

ગૃહસ્થને સાધુની માફક સર્વથા નિષ્પરિગ્રહી રહેવું એ કઠિન છે પરંતુ શ્રાવકે પોતાની પાસે જે કાંઇ દ્રવ્ય એટલે ધન-ધાન્ય- ઘરેણાં- ઘર- જમીન- ખેતર- પશુઓ નોકર ચાકર- વસ્ત્રો તેમજ ઘર વપરાશની વસ્તુઓ દરેકનું પરિગ્રહ પરિમાણ વ્રત લેવાનો આદેશ છે. પોતાની પાસે જે કાંઇહોય તેમાં સંતોષ માનીને તેની મર્યાદા બાંધવાની હોય છે. અને આના માટેના પચ્ચખાણ- બાધા લેવાય તો સારી દુનિયાની વસ્તુઓના પાપમાંથી બચી શકાય છે અને છ કાયના જીવોની રક્ષા થાય છે.

આ ઉપરાંત યથાશકિત પોતાની લક્ષ્મીનો સુકૃત રીતે ઉપયોગ કરવા માટે પણ ધર્મનો આદેશ હોય છે. જેનાથી પોતાની યશ-કિર્તીમાં વૃદ્ધિ થાય છે અને સુખમય જીવન ગાળી શકે છે.

જૈન ધર્મની કથામાં 'પુણીયા શ્રાવકે' જેને પોતાની પાસે બે દામ- દોકડા હતાં એટલે કે કાંઇ લક્ષ્મી હતી તેનું સર્વસ્વ દાન કરી દેવાથી તેને શ્રેષ્ઠ એવું 'પુણીયા શ્રાવક'નું બિરૂદ આપવામાં આવેલ છે.

**૬ઠ્ઠુ વ્રત 'દિગપરિમાણ વ્રત- એટલે કે દિશા- પરિમાણ વ્રત**

જે રીતે ઘરના બારી બારણા- ખુલ્લા રાખવાથી કચરો ભરાય જાય છે તે રીતે દિશા પરિમાણ ન કરવાથી સમસ્ત જગતના પાપ કર્મોનો હિસ્સો આવે છે અને મર્યાદા કરનારને જેટલું ક્ષેત્ર ખુલ્લું રાખે તેનો હિસ્સો તેના પાપમાં આવે છે. જે આમ ન કરે તો બધા લોકના- આશ્રવબંધ થાય છે. માટે જ ઉર્ધ્વ અધો-તિર્છા- દિશાનું પરિમાણ વ્રત કરવું જોઇએ. ઉર્ધ્વ દિશામાં આકાશ ગમન માટે- નીચી દિશામાં કુવા- વાવ- સુવર્ણની ખાણ- અને તીર્છી એટલે ૪ દિશામાં અમુક કીલોમીટરના અંતરથી વધુ જવું નહીં- જો કે સુખ હેતુ માટે આનો ભંગ થતો નથી. - આ વ્રત દ્વારા ૩૪૩ ઘનરજ્જુના વિસ્તારવાળા સંપૂર્ણ લોકનું પાપ આવતું નથી. જેટલા ગાઉની મર્યાદા કરી હોય તેનું જ પાપ લાગે છે.

**૭મું વ્રત 'ઉપભોગ- પરિભોગ- પરિમાણ ભોગ'**

જે વસ્તુ એક જ વખત વાપરવામાં આવે તેને - ઉપભોગ કહેવાય, જ્યારે જે વારંવાર વાપરવામાં આવે તેને પરિભોગ કહેવાય, આવી વસ્તુઓ માટે પણ શ્રાવકે મર્યાદા રાખવાની હોય છે.

દા.ત. ફળફળાદી- સ્નાન કરવાનું પાણી- વસ્ત્રો વિલેપન માટેના સાધનોની મર્યાદા રાખવાની હોય છે. કર્મા દાન તરીકે એટલે કે વ્યાપાર કરવા માટે-અંગાર કર્મ- વન કર્મ- શકટ કર્મ, દંત-લક્ષ-રસ-વિષ-કેશ-વાણિજ્ય એટલે કે જેમાં ત્રસ જીવોની હિંસા થાય તેવા અનર્થકારી વેપાર પણ શ્રાવકે કરવા ન જોઇએ.

**૮મું વ્રત- અનર્થ દંડ વિરમણ વ્રત**

આશ્રિતોનાં પોષણ માટે છ કાયના જીવોનો આરંભ કરવો પડે તેને અર્થ દંડ કહેવાય ત્યારે- વિના કારણ- જરૂરથી વધારે પાપ કરવામાં આવે તેને અનર્થ દંડ કહેવાય.

નાટકચેટક જોવા, કામોત્પાદક ક્રિયા કરવી, પુરૂષ સ્ત્રીના હાવભાવ- રૂપ- શ્રૃંગાર- વિષય રસ વખાણવા. કુચેષ્ઠા- આંખના ઈશારા કરવા, લુચ્ચાઇ આદીથી- નિરર્થક વાચાળપણું કરીને તુચ્છ વચનો બોલવા- ચપ્પુ છરી- તલવાર વગેરેને સજાવવા- સાંબેલું- ખાણિયા બનાવવા. આ બધા અનર્થ દંડના પ્રકાર છે માટે શ્રાવકે આવા પાપોમાંથી અવશ્ય બચવું જોઇએ.

**૯મું વ્રત સામાયિક વ્રત**

સમ= સમભાવ, આય= લાભ, ઈક= વાળું જેનાથી- સમભાવનો લાભ થાય તે સામાયિક- જેમાં આત્માનો રસ પ્રાપ્ત કરનાર- દર્શન- જ્ઞાન- ચારિત્ર્ય તપનો લાભ થાય તે

સામાયિક- આવું સામાયિક બે ઘડી- એટલે કે ૪૮ મિનીટ સુધી કરવાનો જૈન ધર્મમાં આદેશ છે. આ સામાયિક વ્રત કરવા માટે ભૂમિને પૂંજણીથી- પૂંજીને- ઉનના આસન ઉપર - ૮ પડવાળી મુહપત્તિ, રજોહરણ એટલે કે ચરવળો લઈને આચાર્ય ભગવંતની સ્થાપના સ્થાપીને- મનમાં કોઈપણ ખરાબ વિચારને દૂર રાખીને, મનના ૧૦ દોષ રહિત, વચનના ૧૦ દોષ રહિત, કાયાના ૧૨ દોષ રહિત એટલે કે ૩૨ દોષોથી રહિત સામાયિક વ્રત કરવાનો જૈન ધર્મનો આદેશ છે.

**૧૦મું વ્રત- દેશાવગાસિક વ્રત**

સચિત વસ્તુ- એટલે નળ કુવાના પાણી- કાચી- માટી- નમક- કાચુ ધાન્ય વગેરે ખાવા- પીવાના કે સુંઘવાના પદાર્થો વિગય- ઘી દૂધ- મીઠાઈ વગેરે. પગરખા મોજા- તંબોલ- પાન સોપારી-કુસુમ- એટલે ફુલ વગેરે સુંઘવાની વસ્તુ, સયણ- સુવા પાથરવાની વસ્તુ, વાહન- ઘોડા બળદ- ગાડી - રેલ- મોટર- જહાજ- વિમાન- આદીની સવારી, છ દિશામાં ગમનાગમન- આવી દરેક વસ્તુનું પરિમાણ વ્રત લેવાના વ્રતને દેશાવગાસિક વ્રત કહેવામાં આવે છે. શ્રાવકે આ વ્રત દૈનિક રીતે લેવાનો આદેશ છે.

**૧૧મું વ્રત- પૌષધવ્રત**

અભ્યંતર સંયમથી આત્માને પોષનાર તેમજ છ કાય જીવના રક્ષણ દ્વારા સંયમથી પોષણ કરે તે પૌષધ વ્રત. આવું વ્રત ૪ પહોર એટલે કે આખાય દિવસ માટે કરી શકાય અને ૮ પહોર એટલે અહો રાત્રિ- આખાયે દિવસ તથા રાત માટેનું વ્રત કરવાનું હોય છે. પૌષધ વ્રત દરમ્યાન વ્યાખ્યાન શ્રવણ- પઠન- પાઠન- જ્ઞાન- ધ્યાન- નામસ્મરણ- દ્વારા પુરો સમય- ધર્મ ધ્યાનમાં વ્યતિત કરવામાં આવે છે.

પૌષધ વ્રત કરવા માટે આ વ્રતના દિવસે શકય હોય ત્યાં સુધી ઉપવાસ વ્રત જ કરવાનું હોય છે. પાંચ અતિચાર તથા ૧૮ દોષ રહિત પૌષધ વ્રત કરનારનું દેવગતિનું આયુષ્ય બંધાય છે. એવું વ્યવહારીક ફળ કહેવામાં આવે છે.

**૧૨મું વ્રત અતિથિ સંવિભાગ વ્રત**

જેમના આવવાની કોઈ તિથિ નક્કી ન હોય તેને અતિથિ કહેવાય. જૈન સાધુઓ અમુક દિવસે અમુકને ત્યાં જ ભિક્ષા માટે જાય તેવું નક્કી હોતું નથી માટે આવા સાધુઓને અતિથિ જ કહેવામાં આવે છે. જયારે અન્ય ભિક્ષુને અભયાગત કહેવામાં આવે છે.

શ્રાવકે પ્રાપ્ત ભોજનમાંથી અમુક હિસ્સો સાધુને વહોરાવવાના મનોરથ કરે અને સાધુનો યોગ પ્રાપ્ત થયે પ્રતિ લાભે તેને અતિથિ સંવિભાગ વ્રત કહેવાય છે.

જો શકિત હોય તો શ્રાવકે ૧૨ વ્રત અંગીકાર કરવા જોઈએ અગર બને તેટલા વ્રતો અંગીકાર કરી વ્રત ધારી શ્રાવક બનીને સદાયે મોક્ષ ગામી બનવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

*- વડોદરા, તા. ૨૨-૬-૨૦૦૩ (આર. ટી. શાહ)*

## ગુણવાન્ બનીએ, માત્ર ધનવાન્ નહિ

ઉદારતા, સહિષ્ણુતા, સરળતા, મૈત્રી, પ્રમોદ વગેરે ગુણો વિનાના ધનની, સુખની કે વિદ્વત્તા વગેરે શક્તિની શી કિંમત ? સહુ બોલો ''મારે ગુણવાન્ બનવું છે... માત્ર ધનવાન્, સુખવાન્ કે શક્તિમાન્ નહિ.

ગુણો વિનાના ધનવાનો વગેરે કદી સુખી હોતા નથી.

સુખનો સંબંધ માત્ર ગુણો સાથે છે.

કોઈ ધનવાન્ કે શક્તિમાન્ સુખી જણાતો હોય તો તે સુખ તેના ધનને આભારી નથી પરન્તુ ઉદારતાદિ તેના ગુણોને જ આભારી છે.

કાશ ! આ વાત કરનારા સોક્રેટીસને ધનવાનોએ ઝેર પાયું.

ઝેર પીને તે અમર બની ગયો.

## મને ગાળી નાંખો : ઓગાળી નાંખો

''મંગલ'' શબ્દનો અર્થ છે - મને ગાળી નાંખો : ઓગાળી નાંખો.

મારા સાડા ત્રણ ક્રોડ રૂવાડે સળગેલા, મારા આતમના અસંખ્ય પ્રદેશે ઊભરાએલા, મારા લોહીના કણ-કણમાં એકરસ બની ગએલા મારા દોષોને કોઈ ગાળી નાંખો : ઓગાળી નાંખો.

એ દોષો સાથે હું એકરસ બનીને પાયમાલ થયો છું.

ઓ પતિતોના પાવન પરમાત્મા ! મારા એ દોષસ્વરૂપને તમે ગાળી નાંખો : ઓગાળી નાંખો. મારું મૂળભૂત નિર્દોષ સ્વરૂપ પ્રગટ કરો.

હવે નથી સહેવાતી દોષોની કારમી પીડા !

## શાન્તતપોમૂર્તિ, સૂરિમંત્ર સમારાધક, નિજદેહ નિરીહ, પરમ પૂજ્ય સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજાનો સમુદાય.

પૂ. મધુરભાષી આચાર્યદેવ શ્રીમદ્ વિજય સોમસુંદર સૂરિ મ.સા. તથા પૂ. આશ્રિત ગણ હિત ચિંતક આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનચંદ્ર સૂરિ મ.સા.ના આજ્ઞાવર્તિ પૂજ્ય સાધુ તથા સાધ્વીજી ભગવંતોની વિ.સં. ૨૦૫૯ની ચાતુર્માસ યાદિ.

પ.પૂ. આ.દે. શ્રી વિ. સોમસુંદર સૂરિ મ.સા. -૧૩
જૈન ઉપાશ્રય, દેરાસર શેરી, મુ.પો. ભાભર,
જિ. બનાસકાંઠા. ઉ.ગુ.-૩૮૫૩૨૦

પ.પૂ.આ.દે.શ્રી વિ. જિનચંદ્રસૂરિ મ.સા.,
પ.પૂ. આ. દે. શ્રી વિ. સંયમરત્ન સૂરિ મ.સા ,
પ.પૂ.આ.દે. શ્રી વિ.યોગતિલક સૂરિ મ.સા.
મુ. શ્રી મુનિચન્દ્ર વિ.મ. આદિઠાણા -૧૨
શ્રી નૂતન જૈન ઉપાશ્રય- ખોડા લીંબડા- પાલનપુર
જિ. બનાસકાંઠા. ફોન નં. ૨૪૭૪૮૧

### પ.પૂ.આ.શ્રી વિ.સોમસુંદર સૂરિ મ.સા.ના આજ્ઞાવર્તિની સાધ્વીજીઓ

સા.શ્રી સુવર્ણપ્રભા શ્રીજી મ.
૧૭, શ્રીપાળનગર, હાઈવે,
નવાડીસા, જી. બનાસકાંઠા
- ૩૮૫૫૩૫ (ઉ.ગુ.)

સા.શ્રી સૂરલતાશ્રીજી મ.
C/o. શા. અંબાલાલ શંકરલાલ
શાહીબાગ, ગિરધરનગર, સુજાતા ફ્લેટ
સી-૩, પોલીસ ચોકી સામે, અમદાવાદ.

સા. શ્રી મોક્ષજ્ઞાશ્રીજી મ.
जैन उपाश्रय, मु.पो. रतलाम,
मध्य प्रदेश.

સા. શ્રી પુનિતયશાશ્રીજી મ.
જૈન ઉપાશ્રય મુ.પો. ભાભર
જિ. બનાસકાંઠા, ઉ.ગુ. ૩૮૫૩૨૦

### પૂ.આ.શ્રી વિજયજિનચંદ્ર સૂરિ મ.સા.ના આજ્ઞાવર્તિની સાધ્વીજીઓ

સા. શ્રી સ્નેહલતા શ્રીજી મ.-૧૧
શ્રી નૂતન જૈન ઉપાશ્રય
ખોડા-લીંબડી, પાલનપુર
જિ. બનાસકાંઠા- ફોન નં. ૨૪૭૪૮૧

સા.શ્રી પ્રેમલતાશ્રીજી મ. -૮
શ્રી નૂતન જૈન ઉપાશ્રય
ખોડા-લીંબડી, પાલનપુર
જિ. બનાસકાંઠા- ફોન નં. ૨૪૭૪૮૧

સા.શ્રી સૂર્યયશાશ્રીજી મ. - ૧૬
શ્રાવિકા જૈન ઉપાશ્રય,
મુ.પો.ભાભર, દેરાસર શેરી,
જિ. બનાસકાંઠા, ઉ.ગુ. ૩૮૫૩૨૦

સા.શ્રી અમિતયશાશ્રીજી મ. -૨
શ્રી નૂતન જૈન ઉપાશ્રય
ખોડા-લીંબડી, પાલનપુર
જિ. બનાસકાંઠા- ફોન નં. ૨૪૭૪૮૧

સા. શ્રી સૂર્યકળાશ્રીજી મ. - ૪
શ્રી નૂતન જૈન ઉપાશ્રય
ખોડા-લીંબડી, પાલનપુર
જિ. બનાસકાંઠા- ફોન નં. ૨૪૭૪૮૧

સા. શ્રી સુવર્ણકળા શ્રીજી મ.-૨
શ્રી નૂતન જૈન ઉપાશ્રય
ખોડા-લીંબડી, પાલનપુર
જિ. બનાસકાંઠા- ફોન નં. ૨૪૭૪૮૧

સા.શ્રીસુ પ્રજ્ઞાશ્રીજી મ. -૧૬
પો. રાધનપુર જિ. પાટણ
ઉ.ગુજરાત ૩૮૫૩૪૦

સા. શ્રી રત્નમાળા શ્રીજી મ. -૫
શ્રી નૂતન જૈન ઉપાશ્રય
ખોડા-લીંબડી, પાલનપુર
જિ. બનાસકાંઠા- ફોન નં. ૨૪૭૪૮૧

સા. શ્રી સત્ત્વગુણાશ્રીજી મ.-૩
ગ્રાઉન્ડ ફ્લોર, હસ્તગિરિ એપાર્ટ.
પાણીની ટાંકી સામે, રામનગર,
સાબરમતી, અમદાવાદ-૫.

સ.શ્રી વિવેકપૂર્ણાશ્રીજી મ. -૪
जैन उपाश्रय, मु.पो. हाडेचा,
तहसील - सांचोर, जि. जालोर
राजस्थान - ३४३०४१

સા. શ્રી ભવ્યરત્નાશ્રીજી મ. -૪
શ્રી નૂતન જૈન ઉપાશ્રય
ખોડા-લીંબડી, પાલનપુર
જિ. બનાસકાંઠા- ફોન નં. ૨૪૭૪૮૧

સા. શ્રી ગુણરત્નાશ્રી જી મ. -૫
શ્રી નૂતન જૈન ઉપાશ્રય
ખોડા-લીંબડી, પાલનપુર
જિ. બનાસકાંઠા- ફોન નં. ૨૪૭૪૮૧

# સુશિક્ષણ અને સુસંસ્કાર

- પૂ. મુનિરાજ શ્રી હિતવિજયજી મ.

કેવળજ્ઞાનીઓ દીક્ષા આપે છે પણ શિક્ષા આપતા નથી. પોતે કષાયોથી રહિત હોવાને કારણે દીક્ષિતને શિક્ષા આપવા માટે સ્થવિરોને સોંપે છે. આના પરથી એ સમજી શકાય છે કે દીક્ષા પછી શિક્ષા આપવા માટે કષાયોની આવશ્યકતા રહે છે.

અજ્ઞાન- અણસમજું બાળક પોતાનું હિત-અહિત જાણી શકતું નથી. એટલે એ અણસમજથી પોતાને જે ગમતું હોય તે કરવા લાગી જાય એ સ્વાભાવિક છે. આવી પરિસ્થિતિમાં પોતાના બાળકનું આ લોક અને પરલોકની દ્દષ્ટિએ અહિત ન થાય, પણ હિત થાય તે માટે પોતાના બાળકને સુશિક્ષણ અને સુસંસ્કાર આપવાની સમજ અને હિતેચ્છુ માબાપની ફરજ થઇ પડે છે.

અણસમજુ બાળકને સુશિક્ષણ અને સુસંસ્કાર આપવા માટે આગ અને અમી, કઠોરતા અને કોમળતા આ બંનેની જરૂર પડે છે. આ બે સિવાય બાળકને સુશિક્ષણ અને સુસંસ્કાર આપી શકાતા નથી. બાળકને સુશિક્ષણ અને સુસંસ્કાર આપવા માટે માબાપની એક આંખમાં આગ જોઇએ અને બીજી આંખમાં અમી જોઇએ. એક આંખમાં કઠોરતા જોઇએ અને બીજી આંખમાં કોમળતા જોઇએ. બંને આંખોમાં જેમ એકલી આગથી (લાલાશથી-કઠોરતાથી) બાળકને શિક્ષણ અને સંસ્કાર આપી શકાતાં નથી, તેમ બંને આંખોમાં એકલી અમીથી (એકલી કોમળતાથી) પણ શિક્ષણ અને સંસ્કાર આપી શકાતાં નથી. બંને આંખોમાંથી એકલી આગ (કઠોરતા) વરસાવવામાં આવે તો પણ બાળકનું અહિત થાય અને બંને આંખોમાંથી માત્ર અમી (કોમળતા) જ વરસાવવામાં આવે તો પણ બાળકનું અહિત થાય. એટલે અવસરે આગ (કઠોરતા) પણ જોઇએ અને અવસરે અમી (કોમળતા) પણ જોઇએ. આગ અને અમી (કઠોરતા અને કોમળતા) બંને સાથે હોય તો જ બાળક શિક્ષણ પામી શકે અને સંસ્કાર ઝીલી શકે. બેમાંથી કોઇપણ એકના અભાવે બાળક શિક્ષણ પામી શકે નહિ અને સંસ્કાર ઝીલી શકે નહિ.

બાળક જ્યારે ભણવું, દેવ-ગુરુને નમવું, દર્શન-પૂજા કરવાં વગેરે સારા કાર્યો કરે ત્યારે માબાપ જરૂર એના ઉપર અમી વરસાવે ને વહાલથી એને ભીંજવી દે, પણ એ બિલકુલ ભણતું ન હોય, અણસમજથી કે રમત ખાતર કીડી વગેરે જીવોની હિંસા કરતું હોય ત્યારે એમ નહિ કરવા માટે માબાપ એને પ્રેમથી વારંવાર સમજાવે. આમ છતાં એ ન જ સમજે તો જરાક કઠોરતા પણ બતાવવી પડે અને હિતબુદ્ધિથી હળવી શિક્ષા કરવી પડે. નહિ તો બાળકનું ભારે અહિત થાય. આ લોક અને પરલોકમાં એને દુઃખી થવું પડે.

આજના મોટા ભાગનાં માબાપો પ્રાયઃ એવી સમજ ધરાવે છે કે મારથી અને બીકથી બાળકનું અહિત થાય, પરંતુ ઉચિત માર અને ઉચિત બીકના અભાવે તેમજ અનુચિત મારથી અને અનુચિત બીકથી બાળકનું જેટલું અહિત થાય એના કરતાં અનુચિત (વધારે પડતા) લાડથી, આખો દિવસ 'બેટા, બેટા' જ કરવાથી કઇ ગણું વધારે અહિત થાય એ વાત સમજી શકતાં નથી.

હાલમાં માબાપ તરફથી પોતાના બાળકને અવસરે હિતબુદ્ધિથી હળવી શિક્ષા કરવામાં આવતી હોય અને બાળકને માબાપના ઠપકા આદિની સામાન્ય બીક રહેતી હોય એવું મોટા ભાગે જોવામાં આવતું નથી. આખો દિવસ વાત-વાતમાં ને વાકયે વાકયે 'બેટા' શબ્દ બોલી-બોલીને માબાપ પોતાના બાળકને અતિશય, અનહદ ને અહિતકર એવા એકલા લાડ જ લડાવતા હોય એવું જ સર્વત્ર જોવામાં આવી રહ્યું છે. પૂર્વે અતિશય તોફાન કરતાં બાળકને કોઇ વ્યક્તિ તરફથી એમ કહેવામાં આવતું કે 'અમે તારાં મા બાપને કહીશું' તે સાંભળીને બાળક ગભરાતું અને તોફાન કરવાનું છોડી દેતું. આજે આવું કહેવાની બાળક ઉપર જરાય અસર જણાતી નથી. એનાં તોફાન ચાલુ જ રહે છે. બાળકને પોતાનાં માબાપના ઠપકા આદિની બિલકુલ બીક લાગતી ન હોય તો જ આમ બની શકે. અવસરે ઉચિત શિક્ષા અને ઉચિત બીક વગરના અતિશય લાડને કારણે બાળક સુસંસ્કાર પામી શકતું નથી.

આજથી પચાસેક વરસ પૂર્વના કાળે માબાપ તરફથી બાળકને નીચે મુજબ સંસ્કારો આપવામાં આવતા હતાં.

૧. રોજ સવારે ઊઠીને દેરાસરે પ્રભુદર્શન કરવા જવું જોઇએ. ત્યાર પછી જ ખવાય-પિવાય. દર્શન કર્યા વિના ખવાય-પિવાય નહિ.

૨. દેરાસરમાં ભગવાનની ભક્તિ સિવાય બીજી કોઇ પણ વાતચીત થઇ શકે નહિ.

૩. પૂજા કરવા જઇએ ત્યારે ગભારામાં એક અક્ષર પણ બોલાય નહિ.

૪. જૈનકુળના સુસંસ્કારોના રક્ષણ-પોષણ માટે મિત્રતા સુસંસ્કારી એવા જૈન બાળકોની જ કરવી.

૫. સામાન્ય જાતિના લોકો સાથે જરૂર પૂરતી જ વાત કરવી. એથી વધારે વાતચીત આદિનો વ્યવહાર કરવો નહિ.

૬. વડીલોનો વિનય કરવો, રસ્તામાં સામે મળે ત્યારે હાથ જોડવા, વડીલો આવતા હોય ત્યારે આપણે બેઠા હોઈએ તો ઉભા થવું, એમની હિતકારી વાત માનવી, એમની સામે બોલવું નહિ.

૭. રસ્તામાં ગુરુમહારાજ મળે તો એમને હાથ જોડી મસ્તક નમાવી 'મત્થએણ વંદામિ' કહેવું રસ્તામાં વિદ્યાગુરુ મળે તો એમને પણ હાથ જોડવા.

૮. ખોટો ખર્ચ પાઈનોય કરવો નહિ ને બહારનું કાંઈ પણ ખાવું-પીવું નહિ.

૯. પુખ્ત વયને પામેલા બાળકને એક ખાસ શિખામણ આપવામાં આવતી કે જાહેર માર્ગમાં ઉભા રહીને કોઈપણ સ્ત્રી સાથે વાત કરવી નહિ.

આજના મોટા ભાગનાં માબાપો તરફથી બાળકોને આવા કોઈ સંસ્કારો અપાતા હોય એમ જણાતું નથી.

સુશિક્ષણ અને સુસંસ્કાર પામ્યા વગરનું બાળક પોતાના જીવનમાં પોતે તો દુઃખી થાય જ છે, સાથે માબાપને પણ દુઃખી કરનાર બને છે.

સુશિક્ષણ અને સુસંસ્કાર વગરનાં અને માબાપના ઉપકારને નહિ જાણનારાં બાળકો પોતાના ઉપકારી માબાપની આજીવન સેવાભક્તિ કરવાને બદલે એમનાં હૈયા બાળે, એમને અપમાનિત કરે-તરછોડે અને એમને ઘરડા ઘરમાં મૂકી આવે એમાં આશ્ચર્ય ના હોય. એ બધુ ન કરે એમાં જ આશ્ચર્ય હોય !

❋ ❋ ❋

# સુખ-સુખાભાસ

– પ્રજ્ઞાવિ

અનાદિ કાલથી સંસાર સાગરમાં પરિભ્રમણ કરતાં આપણા આત્માએ સુખ મેળવવા માટે ઘણાં ઘણાં પ્રયત્નો કર્યા, કોઈ કમિ ન રાખી, છતાં સુખ ન મળ્યું. હા, ક્યારેક દુન્યવી સુખ- ભૌતિક સુખ- પૌદગલિક સુખ મળ્યું ખરૂં, પણ આત્માના સ્વાભાવિક સાચાં સુખ તો ન જ મળ્યા.

દુનિયાદારીનું સુખ ભ્રમપૂર્ણ, કાલ્પનિક અને તુચ્છ છે. તેમાં વાસ્તવિક સુખ નથી, છતાં સુખ હોવાનો ભ્રમ થાય છે. તેમાં સુખ આપવાની શકિત પણ નથી જ્ઞાની ભગવંતોએ કાલ્પનિક સુખ તરીકે વર્ણવ્યું છે.

આ સુખો ચિરસ્થાયી આનંદ આપી શકતાં નથી, ક્ષણિક આનંદ કદાચ આપે છે. આવા સુખોની પાછળ આપણે ભૂલા ભમીએ છીએ. તે મેળવવા રાત દિવસ મહેનત કરીએ છીએ, પરંતુ તે સુખો તો રાગદ્વેષની પેદાશ છે. જે વસ્તુ પ્રત્યે આપણને રાગ થાય તેનો સંયોગ થાય તો તેમાં આપણે સુખ માનીએ છીએ અને જેનો વિયોગ થાય તો તેમાં આપણે દુઃખ માનીએ છીએ. એ જ રીતે જે વસ્તુ પ્રત્યે આપણને દ્વેષ- ધૃણા - નફરત હોય તેનો વિયોગ થાય તો આપણે સુખ માનીએ છીએ અને સંયોગ થાય તો દુઃખ માનીએ છીએ પરંતુ આ સંયોગ અને વિયોગ ઉપર આપણે કોઈ કાબુ નથી.

સંયોગ અને વિયોગની કલ્પનાઓને ધૂળમાં રગદોળી નાંખે છે રાગ અને દ્વેષ. રાગદ્વેષની જેટલી ઓછાશ તેટલું સુખ વધારે, અને જેટલી તીવ્રતા વધારે તેટલું દુઃખ. આ બંનેનો ઘટાડો એટલે અનાદિ કાળથી થયેલા સંસર્ગમાં ઘટાડો. અને કષાયોને મંદ કરીએ તો જ સાચા સુખનો અનુભવ થાય.

આવા સાચા સુખનો અનુભવ ક્યારે થાય? જ્યારે વિરાગી બનો ત્યારે. વિરાગી બનવા માટે શાસ્ત્રકાર ભગવંતોએ ચાર દુર્લભ વસ્તુઓમાં શ્રુતિ એટલે શાસ્ત્રશ્રવણની ગણના કરેલી છે. શાસ્ત્રશ્રવણના યોગને નાનો સૂનો યોગ માનશો નહિં. જ્યારે રાગાદિ દોષોની પરિણતિ મંદ થાય, કષાયોનું જોર નરમ પડતું હોય અને કલ્યાણની કામના પ્રકટી હોય ત્યારે જ સર્વજ્ઞપ્રણિત શાસ્ત્રો સાંભળવાની જિજ્ઞાસા થાય અને પ્રબળ પૂણ્યના યોગે સદ્દગુરુનો ભેટો થાય. જો સદ્દસમાગમની શકયતા ન હોય તો સદ્દવાંચન વાંચવું ખૂબ જ જરૂરી છે. નવા નવા પુસ્તકો કરતાં પ્રાચીન મહાપુરૂષોના હાથે લખાયેલાં અનેક ગ્રંથોનું વાંચન થાય તો પણ આપણે સાચા સુખ તરફ ઢળવાની પ્રવૃત્તિ આરંભીયે. અભ્યાસથી ચિત્ત સ્થિર થાય છે અભ્યાસથી જ સર્વ કાર્યની સિદ્ધિ થાય છે માટે સાચું સુખ માણવા માટે અભ્યાસી બનો એજ અભિલાષા.

❋ ❋ ❋

# ક્ષમાપના પર્વને અજવાળીએ

- પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.

*"ક્ષમાપના એ છે, પર્વોનું નજરાણું,*
*તેને બનાવીએ જીવનનું સંભારણું"*

ઉપકારી પરમહિતૈષી મહાપુરુષો ફરમાવે છે કે, જીવમાત્ર પ્રત્યે મૈત્રી ભાવ કેળવી, કોઈના પણ પ્રત્યે વૈર ભાવ નથી, બધા જીવોને હું હેયાથી ખમાવું છું તે જ ધર્મનો સાર છે, નિષ્કર્ષ છે.

ક્ષમાની મહત્તા ગાતા કહ્યું કે- 'સંયમ જેવી સાધના નથી અને ક્ષમા જેવી આરાધના નથી', "વીતરાગથી મોટા કોઈ દેવ નથી, મુક્તિથી મોટું કોઈ પદ નથી, શત્રુંજયથી મોટું કોઈ તીર્થ નથી તેમ ક્ષમા સમાન કોઈ ધર્મ નથી."

કારણ કે, જીવનમાં અનેક પ્રસંગો એવા બનવાના જેથી મન ઉદ્વિગ્ન પણ બને, આસપાસના કે નિકટ-નજીકના ગણાતા લોકોની વાતો કે વર્તન-વ્યવહાર ન પણ ગમે, તેમના વ્યવહારથી મનમાં ગુસ્સો આવે, વિષાદની છાયા અસ્તિત્વને ઘેરી વળે. આવી જ અસર બીજાને પણ આપણા વ્યવહારથી થાય તે સહજ છે. જો આનાથી આપણે બચવું હોય તો રોજેરોજની ઘટના પ્રત્યે નિખાલસ-સરળ બનતાં શીખવું, કર્મની પરવશતા-કર્મ પરિણતિનો વિચાર કરી સામી વ્યક્તિને ખમાવવી અને આપણે પણ ખમવું હૈયાથી હળવાફુલ બની ક્ષમા માગવામાં કે આપવામાં નાનમ કે સંકોચ નહિ રાખવો. **જે હૈયાથી ક્ષમા માગે છે અને આપે છે તે અહંકારની કાળમીંઢ શીલાઓને ખસેડી, હૃદયની કોમળ ભાવનાઓને અંગીકાર કરે છે.** ખમવા-ખમાવવાથી આત્માને જે આનંદની અનૂભૂતિ થાય તે અવર્ણીનીય હોય છે. ક્ષમા માગવા અને આપવાનો ભાવ સઘન બને તો હૃદય અને મન વિશુદ્ધ અને પવિત્ર બને છે. જો જેનાથી શરીર સ્વસ્થ અને મન પ્રસન્ન બને તો જીવનમાં બીજું શું જોઈએ ? તેનાથી અધિક રૂડું પણ શું ? જે જીવનને શણગારે, આત્માને સુંદર બનાવે તેવી પ્રવૃતિ કયો બુદ્ધિમાન ન સેવે ? માટે-કાળજામાંથી કડવાશ, કટુતા અને ક્રોધ કાઢવાના આ **પર્વાધિરાજ પર્વના** અપૂર્વ અવસરને અંતરથી વધાવી, જાણતાં કે અજાણતાં કોઈની પણ સાથે થયેલા અપરાધોની, દુર્ભાવોની, મનની મલિનતાની અને કષાયોની વિનમ્રભાવે સાચા દિલે ક્ષમાપના કરી-કરાવી સૌ આત્મધર્મને ઉજાળનારા બની આગમના અમૃત, શાસ્ત્રોના સાર, જીવનના આધાર સ્વરૂપ ક્ષમાધર્મના પરમોચ્ચ ફળને પ્રાપ્ત કરનારા બનો તે જ હાર્દિક મંગલ કામના.

◆◆◆

# કેવી સંસ્કૃતિ ?

રાજસ્થાનનું એ શહેર; શિરોહી.

શાસનપ્રભાવક આચાર્ય ભગવંત શ્રીમદ્ હીરસૂરીશ્વરજી મહારાજાની જ્યાં કૃપા વરસે ત્યાનાં લોકો ધર્મપરાયણ હોય તેમાં શી નવાઈ ? બારે માસ સવારે પણ સેંકડો યુવાનો પ્રતિક્રમણ ક્રિયા કરતા.

એક દિવસની વાત છે. શિયાળાનો એ સમય હતો. ધર્મક્રિયા કરતા મુનિવરોની બાજુમાં જ એક યુવાન કાશ્મીરી સફેદ કામળ ઓઢીને પ્રતિક્રમણ કરતો હતો. થોડી વારે એક યુવતી આવી. મુનિવરોને વંદના કરવા સાથે પેલા યુવાનને મુનિ સમજીને એણે વંદના કરી. છેલ્લે સુખશાતા પૂછતાં યુવાને મોં ઊંચું કર્યૂં. બન્ને યે એકબીજાને જોયાં.

અને . ધટસ્ફોટ થયો ! જેમના આજે સાંજે જ લગ્ન થવાના હતાં તે આ ભાવી નવદંપતી હતા.

"રે ! વંદન તો ગુરુને હોય ! પતિને વંદન !" -યુવતીનું અંતર બોલી ઊઠ્યું. તે આગળ વિચારવા લાગી.

"કાંઈ નહિ... હજી કશું બગડી ગયું નથી. મનથી તો હું એને વરી ચૂકી છું. એટલે આ યુવાન સિવાય મારો સંબંધ બીજે તો હોઈ શકે નહિ; પરંતુ તેને વંદન કર્યું તેથી એ મારા ગુરુ બન્યા !

બસ... ભલે તે બીજી કન્યા સાથે લગ્ન કરે, હું તો હવે સાધ્વી થઈને મારું આત્મકલ્યાણ આરાધી લઈશ."

ધન્ય છે તે નારીને ! નારાયણીને !

-પ. પૂ. પં. ચન્દ્રશેખરવિજયજી મ.
(ટચૂકડી કથાઓમાંથી)

# જીવની સિદ્ધિ

(શ્રી ધર્મનાથ સ્વામિ ભગવાનની દેશના.) - કુવલયમાળા માંથી

"પંચાસ્તિકાયમય આ લોકને વિશે જીવ છે, અજીવ છે, આશ્રવ છે, સંવર છે, જીવને કર્મનો બંધ પણ છે. જીવોને કર્મની નિર્જરા છે અને સર્વથા કર્મથી મુકત થવાપણું પણ છે. પ્રગટ ધર્મ છે અને અધર્મ પણ છે.

સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વડે કરીને પોતાનું સર્વ છે. પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વડે કરીને સર્વ પોતાનું નથી એ પણ ખરું છે. જો કે શરીરમાં અપ્રત્યક્ષ એવો જીવ પકડી શકાતો નથી, તો પણ આ ચિહ્નો વડે અનુમાનથી જાણી શકાય છે. અવગ્રહ દષ્ટિ, અપોહ, બુદ્ધિ, મેધા, મતિ, વિતર્ક, વિજ્ઞાન, ભાવના, સંજ્ઞા, નીચે ફેંકવું, ઊંચે ઊંચકવું, સંકોચવું, લાંબુ કરવું, ગમ ન કરવું, આહાર લેવો, ભસવું, દેખવું, ભમવું, ભણવું આવા ઘણા પ્રકારના વિકલ્પો, લિંગો, ચિહ્નો વડે આત્મા જાણી શકાય છે. 'આ હું કરું છું. આ હું કરીશ. આ મેં કર્યું' એમ ત્રણે કાળ આ જે જાણે તે જીવ. તે જીવ નથી ઉજ્જવલ, નથી શ્યામ, નથી લાલ, નથી નીલ કે નથી કાપોતરંગના, માત્ર પુદ્‌ગલમય દેહમાં વર્ણક્રમ પ્રાપ્ત કરે છે. તે નથી લાંબો, નથી વાંકો, નથી ચોરસ, નથી ગોળ, નથી ઠીંગણો, દેહમાં રહેલો જીવ કર્મથી આકાર પામે છે. જીવ ઠંડો, ગરમ, કઠોર કે કોમળ સ્પર્શવાળો નથી, પણ કર્મથી ભારે, હલકો કે સ્નિગ્ધભાવ દેહને વિષે પામે છે. જીવ ખાટો નથી, મધુર નથી, કડવો કે તીખો નથી, કષાય કે ખારો નથી. શરીરમાં રહેલો હોવાથી દુર્ગંધી કે સુગંધી ભાવને તે પામે છે. તે શરીરની અંદર છટ-પટ રૂપે નથી, તેમ જ સર્વ વ્યાપી કે માત્ર અંગૂઠા જેવડો પણ જીવ નથી. પોતાના કર્માનુસાર ગ્રહણ કરેલા દેહ પ્રમાણ અને નખ, દાંત અને કેશવર્જિત બાકીના શરીરમાં વ્યાપેલો છે. જેમ તલમાં તેલ અથવા પુષ્પમાં સુગંધ અન્યોન્ય વ્યાપેલાં છે તેમ દેહ અને જીવ પરસ્પર એક બીજાની અંદર વ્યાપીને રહેલા છે. જેમ શરીર ઉપર ચીકાશ, તેલ લાગેલ હોય અને આપણી જાણ બહાર ધૂળ લાગી જાય, તેમ રાગ-દ્વેષ સ્નિગ્ધ જીવમાં કર્મ લાગી જાય છે. જેમ જીવ કોઇ જગ્યા પર જાય તો શરીર પણ સાથે જાય છે. તેવી રીતે મૂર્ત કર્મ પણ જીવની નિશ્રાએ સાથે જ જાય છે. જેમ મોર પીછાઓ સાથે ઉડી જાય છે તેમ જીવ પણ કર્મ સમૂહથી પરિવરેલો જ જાય છે. જેમ કોઇ બીજો પુરૂષ રસોઇ કરી પોતેજ તેને ખાય છે, તેમ જીવ પણ પોતે જ કર્મ કરી સ્વયં ભોગવે છે. જેમ વિશાલ સરોવરમાં ગુંજારવ કરતા વાયરાથી ખડ નામનું ઘાસ આમ તેમ હાલે છે, તેમ સંસાર સમુદ્રમાં કર્મ વડે પ્રેરિત જીવ ભ્રમણ કરે છે. જેમ કોઇ માણસ જીર્ણ ઘરમાંથી નીકળી નવીન ઘરમાં જાય છે, તેમ જીવ પણ જૂનો દેહ છોડી નવીન દેહમાં પ્રવેશ કરે છે. જેમ મીણમાં છૂપાવેલું રત્ન અંદરથી સ્ફૂરાયમાન કાંતિવાળું છતાં કોઇક જ જાણે છે તેમ ગૂઢ કર્મ સમૂહને કોઇક જ જ્ઞાની જીવ જાણી શકે છે.

જેમ દીવો ઊંચા, વિશાળ અને લાંબા ઉત્તમ ઘરમાં હોય તો પ્રકાશ ફેલાવે છે અને બે શકોરાં વચ્ચે રાખેલો હોય તો તેટલા જ ભાગમાં પ્રકાશ કરે છે, તેમ જીવ પણ લાખ યોજન ઊંચો દેહ હોય તો તેને પણ સજીવન કરે છે અને કુંથુના શરીરમાં પ્રવેશ કરે તો તેટલા જ માત્ર દેહથી સંતુષ્ટ રહે છે. જેમ આકાશતલમાં જતો પવન માણસ દેખી શકતો નથી, તેમ ભવમાં ભવતો જીવ પણ આંખથી દેખી શકાતો નથી. જેમ ઘરમાં દ્વારથી પ્રવેશ કરતો વાયું રોકી શકાય છે, તેમ જીવ રૂપી ઘરમાં પાપ આવવાનાં ઇન્દ્રિય દ્વારો રોકી શકાય છે. જેમ ઘાસ અને લાકડાં મોટી જ્વાળાવાળા અગ્નિ વડે બળી જાય છે, તેમ જીવનાં કર્મકલ ધ્યાન, યોગ વડે બળીને ભસ્મ થાય છે. જેમ બીજ અને અંકુરનાં કારણ અને કાર્ય જાણી શકાતાં નથી, તેમ અનંતકાળનો જીવ અને કર્મનો સહભાવ જાણી શકાતો નથી. જેમ ધાતુ અને પથ્થર જમીનમાં સાથે ઉત્પન્ન થયાં હોય અને પછી અગ્નિમાં પથ્થર અને મલ બાળીને સુવર્ણ ચોકખું કરાય છે, તેમ જીવ અને કર્મનો અનાદિકાળનો સંબંધ હોય છે છતાં ધ્યાન યોગથી કર્મરૂપી કીચ્ચડની નિર્જરા કરીને જીવ તદ્દન નિર્મલ કરાય છે. જેમ નિર્મલ ચન્દ્રકાન્ત મણિમાંથી ચંદ્રકિરણના યોગથી પાણી ઝરે છે, તેમ જીવ પણ સમ્યક્ત્વ પામીને કર્મમલ નિર્જરે છે-છોડે છે. જેમ સૂર્યકાન્તમણિ સૂર્યથી તપતાં અગ્નિ છોડે છે, તેમ જીવ પણ તપવડે કરી પોતાને શોષતો જ્ઞાન પ્રાપ્ત કરે છે. જેમ કાદવના લેપથી રહિત તું બડું એકદમ સ્વાભાવિક પણે પાણી ઉપર રહે છે તેમ સમગ્ર કર્મ લેપ રહિત જીવ પણ લોકાગ્રે સિદ્ધ શિલા ઉપર શાશ્વત પણે રહે છે. આ પ્રમાણે જીવ, બંધ, મોક્ષ, આશ્રવ, સંવર, નિર્જરા એ સર્વે તત્વો પહેલાંના કેવળજ્ઞાની સર્વજિનોએ

કહેલાં છે.

એવી રીતે હે દેવાનુપ્રિય! લોકને વિશે જે આત્માઓ વિષયમાં ઉન્મત્ત બની જીવવધમાં આસક્ત બને છે તે મરણ પામી સેંકડો દુઃખાવર્ત્તથી પ્રચુર એવી નારકીમાં જાય છે. પ્રચુર મોહનીયના ઉદયવાળા જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આર્ત્તધ્યાન વશ બની મરીને સ્થાવર થાય છે. ક્રોધ, માન, માયા, લોભ એ કષાયોને આધીન અજ્ઞાની જીવ મરીને નરક જેવી વેદનાવાળા તિર્યંચ ભવમાં જાય છે. અહીંથી કોઇક વૈમાનિક દેવ, કોઇ વ્યંતરક દેવ, કોઇ ભુવનવાસી, તેમ જ કોઇ જ્યોતિષ દેવ બને છે. માન કષાયનો નિગ્રહ કરી જિનેશ્વરની આજ્ઞાયુક્ત તપ કરીને કોઇક જીવ સ્વર્ગમાં ઇન્દ્ર થાય છે. બીજા વળી ગણધરદેવ તેમજ આચાર્ય થાય છે. બીજા કેટલાક સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર પામે છે. વળી કેટલાક જીવો, જેને સકલ જગતના જીવો ભક્તિથી નમન અને સ્તુતિ કરે છે અને કુમુદવનને જેમ ચંદ્ર વિકસિત કરે તેમ જેઓ ભવ્ય જીવોને પ્રતિબોધ કરે છે. તેઓ જિનનામ કર્મ ઉપાર્જન કરી તીર્થંકર થાય છે. કેટલાક સેંકડો દુઃખ રૂપ ભવસમુદ્રના મોહાવર્ત્તમાંથી પાર પામીને સિદ્ધિને પામે છે. માટે તમે તપ, સંયમ, જ્ઞાન, દર્શનને વિશે મન પરોવો, જેથી કર્મકલંકથી મુક્ત બની સિદ્ધિ નગરીને પામો.''

*(કુવલયમાળા માંથી)*

# તપસ્વી પૂ. સા. શ્રી સૂર્યપ્રભાશ્રીજીનું સમાધિપૂર્ણ સ્વર્ગવાસ

જણાવવાનું કે પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક પ્રચંડપુણ્યના સ્વામી વ્યાખ્યાનવાચસ્પતિ તપાગચ્છાધિરાજ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના સમુદાયના નૂતન ગચ્છાધિપતિ પ્રશાન્ત સ્વભાવિ પૂ. આ. ભ. શ્રી હેમભૂષણ સૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તિની વર્ધમાન તપની ૧૫૩ ઓળીના આરાધક પ્રવર્તિની પૂ. સાધ્વીજી શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ. સા. અષાઢ વદ-૫, તા. ૧૮-૭-૨૦૦૩ શુક્રવાર સાંજના ૫-૨૦ કલાકે અરિહંતનું શ્રવણ કરતાં સમાધિ પૂર્વક કાલ ધર્મ પામ્યા છે.

જૈન ધર્મના સ્થંભસમાન સ્થંભનતીર્થ જેવી પાવન ભૂમિમાં પિતા કેશવલાલ, માતા સમરથબેનની રત્નકુક્ષિએ વિ. સ. ૧૯૮૨ના કા. સુદ-૩ના મંગલ દિને જન્મ પામેલા નંદુબેને વિ. સ. ૨૦૦૭ના ૨૪ વર્ષની ભર યુવાન વયે માગશર સુદ-૫ના ખંભાત મુકામે પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક આ. ભ. શ્રીમદ્ વિજયભુવનતિલક સૂરીશ્વરજી મ. સા.ના વરદ્ હસ્તે સંયમ સ્વીકારી પૂ. પ્ર. સાધ્વીજીશ્રી રંજનશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ. બન્યા.

સંયમ સ્વીકાર્યું ત્યારથી જ સ્વાધ્યાયમાં મગ્ન રહેતા. સ્વાધ્યાય એમનો પ્રિય વિષય હતો. મનને હંમેશા સ્વાધ્યાયમાં વ્યાવૃત રાખતા અને આશ્રિતોને પણ સ્વાધ્યાયમાં જોડતા હતા.

વૈયાવચ્ચ ગુણને લીધે સમુદાયમાં સૌને પ્રિય હતા. ભક્તિના અવસરે પોતાનું બધુ ગૌણ કરીને ભક્તિમાં તન્મય બની જતા.

પૂજ્યપાદ જૈન શાસનના કોહીનુર પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મ. ના વચન ઉપર અવિહડ શ્રદ્ધા હતી. જેના કારણે પૂજ્યશ્રીની આજ્ઞા સ્વીકારવા પૂર્વક જીવનના અંત સમય સુધી સત્યના સમર્થક રહ્યા તેઓશ્રીતો ચાલ્યા ગયા. અમારું શિરછત્ર ઝુંટવાઇ ગયું અમે નિરાધાર બની ગયા. ગુણનિધાન ગુરૂભગવંત ચાલ્યા જવાથી શાસન તથા સમુદાયને ન પુરી શકાય તેવી ખોટ પડી ગઇ છે.

છેલ્લા વર્ષોમાં શ્વાસ, કફ, ઉધરસ આદિની તકલીફ હોવા છતાં પોતે આરાધનામાં મસ્ત હતા અને આશ્રિત જનોની સંયમની, તપની અને યોગક્ષેમની પળે પળે કાળજી રાખતા હતા.

તેઓશ્રીના કુટુંબ પરિવારમાંથી દિક્ષિત થયેલા ભત્રિજા પૂ. પંન્યાસજી ભગવંત ભવ્યરત્ન વિ. મ. સા. તેમજ ભત્રીજીઓ પૂ. સા. શ્રી અમીપ્રભાશ્રીજી મ. સા., પૂ. સા. શ્રી અરૂણપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી કલ્યાણયશાશ્રીજી મ. આદિ તથા સા. કૈવલ્યરત્નાશ્રીજી, પ્રશિષ્યા પૂ. સા. શ્રી હિરણ્યપ્રભાશ્રીજી આદિ તેઓશ્રીનો શિષ્ય પરીવાર છે.

અંતિમ સમયે અરિહંત અરિહંતનું સ્મરણ કરતાં સાંજે ૫-૨૦ કલાકે તેઓશ્રીનો પવિત્ર આત્મા નશ્વરદેહનો ત્યાગ કરી મુક્તિમાર્ગે પ્રયાણ કરી ગયો.

પૂજ્યશ્રીના કાળધર્મના સમાચાર મળતાજ તેઓશ્રીના અંતિમ દેહના દર્શનાર્થે સેંકડો ભાવિકો ઉમટી પડયા.

મારા બેન સા. શ્રી કલ્યાણયશાશ્રીજી ત્થા લઘુગુરૂભગિની સા. કૈવલ્યરત્નાશ્રીજી અપૂર્વ વૈયાવચ્ચ દ્વારા તથા પૂ. પ્રવર્તિની સ્વ. દેવેન્દ્રશ્રીજી મ. નો સંપૂર્ણ પરિવાર મારા પૂ. ગુરૂદેવની સમાધિ ભાવમાં ખૂબ સહાયક બન્યો છે.

ડો. ભરતભાઇ ભડિયાદ્રાએ વિનામૂલ્યે નિઃસ્વાર્થ ભાવે સુંદર ચિકિત્સા કરી પૂણ્ય ઉપાર્જન કરેલ છે.

રંગસાગર સંઘના પ્રમુખશ્રી બાલચંદભાઇ, સેવંતીભાઇ આદિ તથા ટ્રસ્ટી ગણ તેમજ સકલશ્રી સંઘે ખૂબજ ભક્તિ ભાવથી સેવા કરી કર્મનિર્જરા કરી છે.

કાળધર્મના સમાચાર મળતા જ મુંબઇ, ખંભાત આદિ સ્થળોથી ભક્તજનો આવી ગયા. તેમજ અષાઢ વદ-૬ ના શનિવારે જરિયનની સુંદર પાલખીમાં જય જય નંદાના નાદ સાથે સવારે ૯-૩૦ કલાકે અંતિમ યાત્રા શરૂ થઇ અને તેઓશ્રીનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન બની ગયો.

પ્રાંતે તેઓશ્રીનો આત્મા જ્યાં હોય ત્યાંથી શિઘ્રાતિશિઘ્ર મુક્તિ પંથે પ્રયાણ કરી શાશ્વત શાંતિને પામે એ જ ઇચ્છા... દર્શનાદિમાં યાદ કરશો.

*લી. સા. અમીપ્રભાશ્રીજી*

**રામચંન્દ્રસૂરી આરાધના ભવન - નૂતન શ્રાવિકા ઉપાશ્રય**
પનામા સોસાયટી, બં. નં. ૧૦, રંગસાગરની સામે, પાલડી, અમદાવાદ.

## સમાચાર સાર

**ચેવલા :-** પરમશાસન પ્રભાવક સ્વ. પ.પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ.મ.સા.ના શિષ્યરત્ન પૂ.મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.મ. તથા પૂ.મુ. શ્રી ધર્મભુષણ વિ.મ.નો ચાતુર્માસ પ્રવેશ જે. વ.-પને ગુરૂવારના સસ્વાગત મંગલમય થયેલ છે. માંગલિક પ્રવચન પછી અત્રે ચાતુર્માસાર્થે પધારનાર પૂ.સાધ્વીજી શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ.ના સંસારી સંબંધી ચિ. નિલ્પાકુમારી અરવિંદભાઈ તરફથી ૫ રૂા. તથા અશોકભાઈ પટણી આદિ તરફથી ૧-૧ રૂા.નું સંઘપૂજન કરાયેલ તથા સૌ. નેહાબેન પટવા (મલાડ-મુંબઈ) તરફથી પ્રભુજીને ભવ્ય અંગરચના કરાયેલ. રોજ સવારના ૯થી ૧૦ ક. પ્રવચન ચાલે છે.

**સાહિત્ય પ્રકાશન શુભેચ્છા**
**ટ્રસ્ટી મંડળ**
**હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા**
**C/o. શ્રુતજ્ઞાન ભવન - જામનગર**

સુજ્ઞ મહાશયો,

આપશ્રીનું ટ્રસ્ટ ઘણાં વર્ષો થયા જૈન પ્રાચીન-અર્વાચીન સાહિત્યના ધાર્મિક પુસ્તકો છપાવવાનું કામ ખુબજ સારી રીતે કરી રહ્યા છે અને જ્ઞાન પુસ્તક ભંડારોને તથા પ.પૂ. સાધુ સાધ્વીજી મ. સા.ને આવા પુસ્તકો ફ્રી મોકલવામાં આવે છે. આ સઘળુ કાર્ય પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં અને માર્ગદર્શન નીચે ચાલી રહ્યું છે તે બદલ અમો શુભભાવના અને શુભેચ્છા વ્યકત કરીએ છીએ.

*લી. સોમચંદ પેથરાજ ગોસરાણી*
*ટ્રસ્ટી - ઓશવાળ ચેરીટીઝ*

**થાણા-**

અત્રે શાહ મગનલાલ લક્ષ્મણ મારૂ તર થી નવપાડા શ્રી ચંદ્રપ્રભજિન મંદિર પૂજય ગુરુ ભગવંતો પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ.,પૂ. આ. શ્રી વિજય લલિતશ ખર સૂ.મ., પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂ.મ.ના દીક્ષાના ૦ વર્ષમાં પ્રવેશ થતાં અનુમોદનાર્થે તથા સુપૌત્ર ઋષભ પ્રશાંત ગનલાલ મારૂના જન્મ નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન પૂ.આ. ભ. શ્રી વિજયલલિત શેખર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઠાઠથી રવિવાર તા. ૨૯-૬ના સવારે ૯ વાગ્યે ભણા યું હતું. પૂજન બાદ આમંત્રિત મહેમાનોની સાધર્મિક ભકિત ાખી હતી.

**પાલીતાણા :** મુકામે પ.પુ. પન્યાસ વર ભવ્યદર્શન વિજયજી મ.સા. આદિઠાણા ૪નો અષાઢ સુદ ૧૦ તા. ૯-૭-૦૩ના ઓશવાળ યાત્રિક ગૃહમાં ચાર્તુમાસન . સ્થિરતા માટે પ્રવેશ થયેલ છે. ૧૮થી ૨૦ પ.પૂ. સાધ્વીજી મ આ. ઓશવાળ યાત્રિક ગૃહના ઉપાશ્રયના પાંચ રૂમમાં ચાર્તુ ાસની સ્થિરતા કરી રહ્યા છે તથા કુલ ૧૨૦ આરાધકો ચાર્તુમા ની આરાધના કરી રહ્યા છે. તેમાં ઓફિસ તરફથી ૯૦ યાત્રિકો મંજુરી આપેલ છે તેમાંથી ૮૦ યાત્રિકો આવે છે તથા ચાતુર્માર ના આરાધકોને સાધર્મિક ભકિતનો લાભ લેનાર શ્રી રાયશી સો પાર શાહ તથા તેની બે દિકરીઓ શ્રી હેમલતાબેન ચંદુલાલ લચંદ પરિવાર તથા શ્રી ચંપાબેન નરેન્દ્ર રાયચંદ પરિવારે લીધે છે તેઓશ્રીના ૫૦ આરાધકોમાંથી ૪૦ આરાધકો ચાર્તુમાસ ક વા આવેલ છે. ચાર-પાંચ યાત્રિકો બાકી છે.

### શ્રી શંખેશ્વર તીર્થ હાલારી ધર્મશાળા હાલારી તીર્થ અંગે અદ્ભૂતભાવ

પૂ.પાદ વિદ્વાન અને મહાન સંશોધક મુનિરાજ શ્રી જંબુવિજયજી મ.સા. જણાવે છે - ખાસ પત્ર એટલા ાટે લખ્યો છે કે કાલે આદરીયાણાથી વિહાર કરી રાત્રે હાલારીમાં રહ્યા હતાં. આજે સવારે બધા દર્શન કર્યા, તેમાં તીર્થ દર્શન ો વિભાગ ઘણો અદ્ભૂત છે, તમે આવી કલ્પનાઓ કરી શકો છો એ વળી અતિ અદ્ભૂત લાગ્યું. ખૂબ સુંદર સ્થાનનું નિર્મા ણ થયું છે. આ સ્થાનના અનુમોદનાર્થે આ પત્ર લખ્યો છે. આ સાથે જીવદયાનું ગૌશાળા- પાંજરાપોળ જેવું કામ સાથે રા ું હોત તો અતિ અતિ ઉત્તમ થાત.

**નવસારીમાં પરમતારક ગુરૂદેવને અંજલી આપતી ગુણાનુવાદ સભાઓ :**

સંઘર્ષોની વેદિપર પોતાનું સમગ્ર જીવન હોમી દઈને ભારતવર્ષના ભવ્યજનોને શુધ્ધ દેશના અને સત્યનિષ્ઠાનો અપૂર્વ આદર્શ પૂરો પાડનારા પરમગુરૂદેવેશ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની ૧૨ મી પુન્યતિથિ પ્રસંગે નવસારી ર.છ. ઉપાશ્રયમાં ત્રિદિવસીય ગુણાનુવાદ મહોત્સવનું આયોજન થયું હતું.

આ ગુણાનુંવાદ સભાઓમાં સંગીતસ રોજ ભિન્ન-ભિન્ન ગીતોની રજૂઆત થઈ હતી. પાઠશાળ ના બાળકોએ પણ પૂજ્યશ્રીને વંદનાઓ અર્પી હતી અને પૂ. મુ શ્રી હિતવર્ધન વિ. મ. એ પૂજ્યપાદશ્રીજીના જીવનના અનેક અ પ્રગટ પ્રસંગોને ઓજસ્વી ભાષામાં રજૂ કરી પૂજ્યપાદશ્રી જીનો પરિચય શ્રોતાજનોને આપ્યો હતો.

પર્યુષણા જેવો માહોલ સમગ્ર સભ ઓ દરમ્યાન દષ્ટિગોચર બન્યો હતો.

**નવસારીમાં આરાધનાની મોસમ જામી છે. :-**

નવસારી સ્થિત રમણલાલ છ. ઉપાશ્રયમાં આરાધનાની મોસમ જામી પડી છે. ચાલુ વર્ષે વરસાદની જમઘટ વર્ષાએ જેમ નજીકના વર્ષોના રેકર્ડ તોડી દીધા છે તેમ રત્નત્રયી આરાધક સંઘના જૂના વર્ષોના રેકર્ડો તૂટી પડ્યાં છે.

પૂ. મુનિરાજશ્રી ભવ્યવર્ધન વિ. મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ મંગલ મુહૂર્તે થયાં પછી સંઘજનોમાં જાગૃતિનો નવો જ સંચાર થયો છે.

દૈનિક તેમજ રવિવારીય જાહેર પ્રવચનોએ નવસારીના જૈન જગતમાં અનેરૂં આકર્ષણ ઉભુ કર્યું છે.

પૂ. મુ. શ્રી હિતવર્ધન વિ. મ. ના પ્રવચનોનો દોર શરૂ થતાંજ છેલ્લાં એક દાયકામાં ચાતુર્માસિક વ્યાખ્યાન સભાઓમાં ન જોવા મળ્યો હોય એટલો વિપુલસંખ્યક શ્રોતાવર્ગ પ્રવચનોમાં દષ્ટિગોચર બને છે.

એમાંય રવિવારના જાહેરપ્રવચનોમાં તો કોઈ જાતના પ્રલોભન વિના પણ એવો ધસારો જોવા મળે છે કે જે પર્યુષણા જ જોઈ લો.

આ સાથે સંઘમાં સૌભાગ્યકલ્પવૃક્ષ તપની પણ સામુદાયિક આરાધના ચાલી રહી છે. જેના એક સમયના બેસણા સંઘના જુદા-જુદા ભાવિકો તરફથી સામુદાયિક રીતે કરાવવામાં આવે છે.

**લીંબડી ગામે સૂરિરામ ગવાયા**

જૈન શાસનના જગ મશહૂર 'જિનવાણી'ના વાદક-સૂરિપ્રેમ પટ્ટધર, પાદરાના પનોતા પુત્ર, પરમ શાસન પ્રભાવક આ. દેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૧૨ મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તક શ્રધ્ધાંજલિ મહોત્સવ ઉજવાયો.

'સૂરિરામ' ના શિષ્યરત્નો, બન્ધુ બેલડી, તપસ્વી મુનિરાજ શ્રી તત્ત્વરત્ન વિ. મ., પ્રવચનદક્ષ મુનિરાજ શ્રી હિતરત્ન વિ. મ. સા. આદિની શુભનિશ્રામાં ત્રિદિવસીય દેવ-ગુરૂ ભક્તિ મહોત્સવ ખૂબ ઉલ્લાસભેર સંપન્ન થયો.

**તા. ૨૬/૭ અ.વ. ૧૨ના શનિ,** સવારે ૭-૪૫ થી ગુણાનુંવાદ સભા યોજાયેલ. વિવિધ ગહુલી, ધૂપ-દીપ થી વાતાવરણ સુરમ્ય કરાયેલ. બપોરે ૨-૩૦ વાગે ભવ્ય સ્નાત્ર મહોત્સવ ભણાવાયેલ.

**તા. ૨૭/૭ અ.વ. ૧૩ ના રવિ** - સવારે ૮-૩૦ થી 'ગુરૂ ગુણ વૈભવ' નો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયેલ જેમાં વિધ-વિધ ગુરૂભક્તિ ગીતો અને સ્તુતિ-ધૂન આદિ સંગીતના સૂરો દ્વારા ભાવપૂર્ણ ગવાએલ તેમજ પૂજ્યશ્રીએ વચ્ચે-વચ્ચે ગુરૂદેવની સિધ્ધાંત-શાસ્ત્ર વફાદારીના અનેકવિધ પ્રસંગોથી સહુમાં વીરરસ જગાડેલ.

બપોરે ૩ થી ૪-૪૫ સુધી ગુણાનુવાદ સભા યોજાયેલ

**તા. ૨૮/૭ અ.વ. ૧૪ના સોમ** - સવારે ૮ થી શરૂ થયેલ સભા જે ૧૦-૦૦ વાગ્યા સુધી ચાલેલ જેમાં ૯-૫૫ મિનિટે પૂજ્યપાદ ગુરૂદેવશ્રીને સહુએ સાથે ૧૨ નવકાર દ્વારા સ્મરણાંજલિ અર્પેલ. દૂધેથી પગ ધોવા દ્વારા શ્રીસંઘનું બહુમાન કરવામાં આવેલ. સામુદાયિક આયંબિલનું આયોજન થયેલ. બપોરે ૩ વાગે મોહનીયકર્મ નિવારણ પૂજા પણ ખૂબ ઠાઠમાઠથી અત્રેના શ્રી શાન્તિજિન ભક્તિ મંડળે ભણાવેલ. ત્રણે દિવસ પ્રભાવના, ગહુલી, પરમાત્માની વિશિષ્ટ અંગરચના થયેલ.

**कोटा नगर में सर्वप्रथम परमपूज्य व्याख्यान वाचस्पति आचार्यदेव श्रीमद् विजय रामचंन्द्रसूरीश्वरजी महाराजा की १२ वीं स्वर्गतिथि की उजवणी**

परमपूज्य वात्सल्यनिधि आचार्यदेव श्रीमद् विजय महाबल सूरीश्वरजी महाराजा के शुभाशीर्वाद से परमपूज्य वर्धमान तपोनिधि आर्चायदेव श्रीमद् विजय कमलरत्न सूराश्वरजी म. के पट्टधर प.पू. प्रवचन प्रभावक आर्चायदेव श्रीमद् विजय दर्शनरत्न सूरीश्वरजी म.की. पावन निश्रामें विक्रम संवत-२०५९ श्रावण वद् १४ दि. २८-७-२००३ को औधोगिक नगरी में प.पू. सुविशाल गच्छाधिपति आर्चायदेव श्रीमद् विजय रामचन्द्र सूरीश्वरजी महाराजा की सर्वप्रथम उजवणी मनाई गई। उसमें सत्पालजी लोढा ने गुरु गुण गीत गाया। परमपूज्य आर्चायदेव श्री ने करीब ढेढ घंटे गुणानुवाद किये। आज का संघपूजन तपस्वी साध्वीजी मैत्रीसुधा श्रीजी के १७०० आयांबिल के निमित्त प्रकाशजी वीरचंदजी ने किया। आज की पुजा सत्पालजी लोढा के तरफ से हुई एवं श्रीफल की प्रभावना दी गई। पुज्य सुविशाल गच्छाधिपति आर्चायदेव श्रीमद् विजय रामचंन्द्र सुरीश्वरजी महाराजा का फोटो यहां लगाया जायेगा। उसके अनावरण की बोली बोली गई। आज गुरु भक्ति निमित्त आयंबिल एवं दीपक एकासणे हुए। उनको भी प्रभावना दी गई। दैनिक पत्रों में कोटा में गुणानुवाद के समाचार प्रकाशित हुए। इस उजवणी ने कोटा में एक नया रेकोर्ड स्थापित किया जो कोटा के इतिहास में सदा अंकित रहेगा।

● ● ●

# લંડન અનાર્ય દેશની ધરતી પણ જાણે સ્વર્ગ ઉતર્યું

અષાઢ વદ ૧૨ શનિવાર તા. ૨૬-૭-૨૦૦૩નાં શુભ દીને શ્રી બાઉન્ડસગ્રીન સત્સંગ મંડળના આંગણે જાણે સ્વર્ગ ઉતર્યું હતું. પાઠશાળાના બાળકો ઉંમર ૧૭ થી ૩ વર્ષ સુધીનાએ કવિરત્ન હાલાર દેશોદ્ધારક પરમ ગુરૂદેવ નિસ્પૃહી શિરોમણી પૂજ્ય આચાર્ય શ્રી વિજય અમૃત સૂરીશ્વરજીની રચેલી શ્રી નમસ્કાર મહામંત્રની પૂજા ભણાવી. આ નાના ભૂલકાઓએ ખરેખર ૩ કલાક સુધી મીઠા મધૂરા સ્વરથી વાજીંત્રોના નાદ સાથે બહુજ સુંદર પૂજા ભણાવી. છેલ્લા ત્રણ વર્ષથી આ બાળકો શ્રી સ્નાત્ર પૂજા તો ભણાવે છે જ પણ કાંઇક નવુ શીખવાની ઉતકંઠા જાગી અને તેઓને શ્રી નમસ્કાર મહામંત્રની પૂજા શીખવાડવામાં આવી. જો કે આ સમયે અહિં લંડનમાં બાળકોને નિશાળની પરીક્ષાઓ પણ ચાલતી હોઇ તે છતાંયે ગમે તે રીતે સમય ફાળવીને પણ પૂજા શિખ્યા અને ભણાવી. ઘણાં બાળકોને હજી ગુજરાતી વાંચતા પણ નથી આવડતું પરંતુ તેઓના પૂજ્ય માતાપિતાએ દુહાઓ કંઠસ્થ કરાવ્યા અને અલગ અલગ રાગ રાગણીથી દુહાઓ પ્રકાશ્યા તેમજ ઢાળો પણ મધૂર સ્વરે પ્રકાશી. સર્વે ભાવિકોને પ્રભુજીની ભક્તિમાં તરબોળ કરી દીધા. વડીલ ભાવિકોનાં મૂખેથી ઉદ્‌ગારો નિકળ્યા કે પૂજા તો ઘણી સાંભળી પણ આવી પૂજા પહેલી વાર સાંભળી કે આવા નાના-નાના ભૂલકાઓએ ઇન્દ્રપૂરીનો આભાશ કરાવ્યો. શ્રી સ્નાત્ર પૂજામાં નાની બાળાઓએ રંગબેરંગી વસ્ત્રો પહેરીને વાતાવરણ એવું ખડું કર્યું હતું કે જાણે ખરેખર મેરૂ પર્વત પર પ્રભુજીનો જન્મોત્સવ દીગ્ કુમારીઓ સાથે અમે પણ ઉજવી રહ્યા છીએ અને સોનામાં સુગંધ ભળે તેમ આ બાળકોના સરળ સ્વભાવી વાલીઓએ પણ સાધર્મિક ભક્તિ ખૂબજ સાદુ સ્વાદિષ્ટ પૌષ્ટિક ખોરાક પીરસીને કરાવી. વાલીઓને ફકત એમજ કહ્યું કે હાલમાં ચાતુર્માસ ચાલે છે તો આપણા પૂજ્ય સાધુ-ગુરૂ ભગવંતોને બદામ પીસ્તા, પાન ભાજી વગેરેનો ત્યાગ હોઇ એટલે તેઓએ વાત માન્ય રાખી અને સ્વાદિષ્ટ બુંદીના લાડુ, પૂરી, ચોરા ફણશી, કાચા કેળા અને ગલકાનું મીકસ શાક, દાળ, ભાત, ગાંઠીયા, ચા અને પાણી પીરસીને ઘણાં ભાવથી, પ્રેમથી સાધર્મિક ભક્તિ કરી. બાળકોએ ખૂબજ શાંતિથી ત્રણ કલાક બેસીને પ્રભુ ભક્તિ કરી તેવીજ રીતે વાલીઓએ પ્રેમથી શાંતિથી સાધર્મિક ભક્તિ કરી. પૂજ્ય ગુરૂદેવ આચાર્ય શ્રી વિજય જિનેન્દ્ર સૂરિજીના શુભ આશિર્વાદથી પ્રેરણાથી આવા શાસનના સુકૃત્યો કરવાની ભાવના થઇ અને આવી જ ભાવના સદાને માટે રહે એવા ગુરૂદેવનાં આશિર્વાદ મળતા રહે એવી ભાવના ભાવીએ છીએ.

### બાળકોએ પૂજા ભણાવી - ગીત

મીઠી મધૂરી ભાષામાં બાળકોએ પૂજા ભણાવી
એમા સૌ ભાવિકો પધારી શોભા વધારી
ઉપકારી ગુરૂજી જિનેન્દ્ર સૂરિજી આશિર્વાદ આપે
આશિર્વાદ આપીને ઉમંગ વધાર્યા
એમાં સૌ ભાવિકો પધારી શોભા વધારી
ઉત્સાહી માતાપિતાએ સંઘ તેડાવ્યા
સંઘ તેડાવી રૂડી ભક્તિ કરાવી.... એમા.
હોંશીલા દાદા દાદી, નાના નાની આવે
આવીને ઘણા ઘણા હર્ષઘેલા થાયે
એમા સૌ ભાવિકો પધારી શોભા વધારી
શાસન શોભાના રૂડા આવા કામ કરજો
બાઉન્ડસ ગ્રીન મંડળ એવા આશિર્વાદ આપે
એમા સૌ ભાવિકો પધારી શોભા વધારી


સ્વર્ગનું આયુષ્ય પૂર્ણ થતાં નયસારના જીવે ઋષભદેવના પુત્ર, ભરતક્ષેત્રના ચક્રવર્તી સમ્રાટ, મહારાજ ભરતના ઘેર જન્મ લીધો.
આ બાળકના શરીરમાંથી તેજ કિરણો નીકળી રહ્યા છે. એટલા માટે એમનું નામ મરીચિ રાખવું જોઈએ
૧૬
મરીચિ મોટો થયો. એક દિવસ ભરત ચક્રવર્તીની સાથે ભગવાન ઋષભદેવના સમવસરણમાં પ્રવચન સાંભળવા ગયો.
એમનું જીવન સફળ છે, જે તપ-સંયમની આરાધના કરતા કરતા સમાધિ ભાવ માં રમણ કરે.
૧૭
ભગવાન ઋષભદેવનું પ્રવચન સાંભળી મરીચિને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયું
ભગવન્! આપનો ઉપદેશ સાંભળી મને વૈરાગ્ય થઈ ગયો. હું દીક્ષા લેવા માંગુ છું.
૧૮
ભગવાન ઋષભદેવે કહ્યું...
૧૯
જેવી રીતે તને સુખ મળે તેવું કર.
મરીચિએ દીક્ષા ગ્રહણ કરી લીધી અને તપસ્યા કરવા લાગ્યો.

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

- આ સંસાર એટલે હાથે કરીને દુર્ગતિમાં જવાનો ધંધો! પૂણ્ય ખપાવી પાપના ભંડાર ભરવાનો ધંધો !
- તમારે કિર્તિ જોઇએ કે નિર્મલ કીર્તિ જોઇએ? તમને સારા વેપારી- ઉદ્યોગપતિ કહે તો ખુશી કે મોટા દાતાર કહે તો ખુશી? સંસારમાં હોંશિયાર કહે તેમાં ખુશી કે ધર્મમાં પાવરધો કહે તેમાં ખુશી? જેના હૈયામાં સદ્ધર્મ વસ્યો હોય, મોક્ષની ઇચ્છા હોય તેને નિર્મલ કિર્તિ કહેવાય!
- આ સંસારનો ભય છે? સંસારમાં પૈસા ચાલી જાય તો ભય ખરો પણ પૈસા તો ભય નથી ને ? સંસારમાં સુખ ન મળ્યું, મળેલું સુખ ચાલી જશે તેવો ભય ખરો પણ સુખનો ભય નહિં ને? પૈસાનો ભય, સુખ-સંપત્તિનો ભય, વિષય- કષાયનો ભય, સ્નેહી-સંબંધીનો ભય અને ભવનો ભય મોટા ભાગને દેખાતો નથી! તેટલા માટે સદ્ધર્મનો રાગ નહિં અને તેની વાત કરે તે પણ ઘણાંને ગમે નહિં.
- સાધુ પાસે પોતાના સંસારના કામ કરાવે તેનામાં જૈન પણાનો છાંટો નથી.
- સંસાર એટલે વિષય-કષાયની આસક્તિ ! વિષય-કષાયની પરવશતા તેનું નામ સંસાર!
- પ્રણિધાનાદિ પાંચ આશય વગરના ધર્મયોગને, શાસ્ત્રે શરીરના મલ જેવો કહ્યો છે.
- તમને બધાને જેની ઇચ્છા છે તેને માટે લોહીનું પાણી કરો છો. દુનિયામાં જેની ઇચ્છા થઇ તેને માટે દોડધામ કરો છો, ઘણું ઘણું કષ્ટ વેઠો છો. ઇચ્છામાં તો કેટલી તાકાત છે, 'મારે સંસાર નથી જોઇતો, મોક્ષ જ જોઇએ છે, તે માટે જ ધર્મ કરવો છે' આટલી ઇચ્છા જો પેદા થાય તો જંગ જીતી ગયા.
- શરીરને અને ઇન્દ્રિયોની ફટકાર્યા વિના કોઇ મોક્ષે ગયું નથી.
- દરેક વખતે જે સલાહની આવશ્યકતા હોય તે સાચી અને હિતકર જ સલાહ આપે તે બંધુ !
- મનને કાબુમાં રાખે ધર્મ થાય, વેવલા થયે ધર્મ ન થાય.
- શ્રાવકની રહેણી-કરણી, વાત-ચીત, ખાન-પાનાદિ દરેક પ્રવૃત્તિમાં શ્રાવકપણાનું દર્શન થાય.
- ભગવાનના દર્શન કરનારા ભગવાનને ઓળખે અને સમ્યક્ત્વથી માંડી મોક્ષ સુધીના ભાવો પામે તે ઇરાદો અંગરચના કરનારનો અને કરાવનારનો હોવો જોઇએ.
- જો કાયદા વિરૂદ્ધ કરનારને અટકાવાય તો શાસ્ત્ર વિરૂદ્ધ કરનારને ન અટકાવાય?
- દુઃખ એવું ખરાબ છે જે દ્વેષ કરાવે છે, સુખ એવું ખરાબ છે કે રાગ કરાવે છે. તે દ્વેષ અને રાગ એવા ચક્કરમાં ચઢાવે છે કે અનંતા પુદ્ગલ પરાવર્તથી ભટકીએ છીએ તો પણ હજી છૂટવાની ઇચ્છા થતી નથી.
- સુખ મેળવવા અને દુઃખ કાઢવા ભારે પાપ બાંધેલા, તેના પરિણામે દુઃખ નથી જોઇતું તે ખસતું નથી અને સુખ જોઇએ છે તે મળતું નથી. અને આપણી પાસે જે સુખ છે તેની ખબર નથી.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

9815

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

### શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

**સાચો ભિક્ષુ કોણ?**

निक्खममाणाइ अ बुद्धवयणे, निच्चं चित्तसमाहिओ हविज्जा ।
इत्थीण वसं न आविगच्छे, वंतं नो पडिआयइ जे स भिक्खू ॥

(શ્રી દશ. અધ્ય. ૧૦, ગા. ૧)

જેણે અનંશ જ્ઞાનિઓના વચનો જાણીને, ગૃહસ્થ પણાનો ત્યાગ કર્યો છે, જે પોતાનું ચિત્ત હંમેશા સમાધિમાં શાંત રાખે છે, જે સ્ત્રીઓની મોહજાળમાં ફસાતો નથી, અને સમજીને વમન કરેલા ભોગોની ઇચ્છા સરખો કરતો નથી તે જ સાચો ભિક્ષુ જાણવો.

आचार्य श्री कैलाससागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा, जि. गांधीनगर. पीन-३८२००९

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર,
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૫

અંક ૪૫

# કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૪.



आज्ञाराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર
2064

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (વઢવાણ)

વર્ષ : ૧૫ * સંવત ૨૦૫૯ ભાદ્રપદ વદ - ૧૨ * મંગળવાર, તા. ૧૬-૯-૨૦૦૩ (અંક : ૪૫)

## પ્રવચન ચોસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-પ્ર.-૫, રવિવાર, તા. ૧૧-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पियमाराऽवच्च भज्जा सयणधणा सबलतित्थिमंतिनिवा ।
नार र अहमपमाया परमत्थमयाणि जीवाणं ॥

તમને દુર્ગતિનો ભય છે ખરો? મારે દુર્ગતિમાં જવું જ નથી અને સદ્‌ગતિમાં જવું છે આવું બોલી શકો ખરા ? દુર્ગતિમાં નથી જવું તો દુનિયાના સુખનો અને ધનનો ભય લાગવો જોઈએ ને ? રોજ આવો અને આવું પણ ન કહી શકો તે ચાલે ખરું ? અહીંથી જવાનું નકકી છે. આયુષ્ય પૂરું થશે તો એક ક્ષણ પણ રોકાવાશે નહિ, **કોઈ સાથે આવશે નહિ, પાસે હશે તે ય લઈ જવાશે નહિ,** હશે તે ય કાઢી લેશે, ચાર દા'ડા ઢોંગ કરશે, પછી યાદે ય નહિ કરે- તો ય હજી ચેતતા કેમ નથી ? દુર્ગતિમાં નથી જવું પણ દુર્ગતિમાં જવાય તેવા બધાં કામ ચાલુ છે ને ? તેવાં કામ કરતાં ય દુઃખ થાય છે ? કંપારી ય આવે છે ? આજે તમે જે પાપ કરો છો તેનો ય ભય છે ? આજનો મોટોભાગ ધર્મ કરે તે પણ વધારેમાં વધારે પાપ કરવા માટે કરે છે. દુનિયાના સુખ માટે અને પૈસા માટે ધર્મ કરે તો તે પાપની પુષ્ટિ માટે જ કર્યો કહેવાય ને ?

પ્ર. - તે બે વિના જીવાય ખરું ?

ઉ. - પૈસા વગર અને પૈસાથી મળતાં સુખ વગર સારી રીતના જીવી શકાય તેવો માર્ગ ભગવાને પહેલો બતાવ્યો છે. અમે બધા જીવીએ જ છીએ ને ?

ભગવાનની પહેલી દેશના ખાલી કેમ ગઈ ? સર્વવિરતિને લાયક કોઈ જીવ ન હતા માટે. તમે જેનાથી ગભરાવ તે સાધુપણું લેનાર કોઈ ન નીકળે તો ભગવાન પણ ન બોલે. તો ય સમજાતું નથી કે આ જન્મમાં સાધુ જ થવા જેવું છે ! તમને સાધુપણાની વાત ન ગમે તેમ કહે તો વ્યાખ્યાન ન કરું. તમે બધા સાધુ ન થઈ શકો તે બને, પણ સાધુપણાની વાત પણ ન ગમે, લેવા જેવું ય ન લાગે, લેવાનું મન પણ ન થાય તે ચાલે ?

અમારે આપવાનું એક આ - સાધુપણું જ છે. તે પણ મોક્ષ માટે જ, તેના આત્મહિતને માટે જ. અમારો પરિવાર વધારવા દીક્ષા આપીએ તો અમે પણ ગુનેગાર છીએ. આપણે બધાને મોક્ષ જોઈએ છે ને ? વહેલો કે મોડો ? અમારી પાસે આવનારા અમે સાવચેત ન હોઈએ તો અમારો પણ

ધર્મ ભૂલાવી દે તેવા હોય છે. અમને ય કહે કે, અમારે પૈસા વગર ચાલે ? ધર્મ કરવો તો ય પૈસો જોઈએ ને ? તમારી વાતમાં આવી ઘણા સાધુ બોલતા થયા કે, 'ગૃહસ્થને પૈસા માટે બધું કરવું પડે. આ કાળમાં તો ટેક્ષની ચોરી કર્યા વિના પણ ન ચાલે ?

ગૃહસ્થને માટે પહેલો ધર્મ દાન છે. પૈસાની મમતા ન ઉતરે તો દાન ધર્મ આવે નહિ. જેને દાનધર્મ ન ગમે તે બધા જૈન કૂળમાં જન્મેલા છતાં ય નકામા છે. તેનો પૈસો દુર્ગતિમાં લઈ જાય. મમ્મણ મરીને કયાં ગયો ? તેની પાસે જેવાં રત્નો હતાં તેવા શ્રી શ્રેણિકના ભંડારામાં પણ ન હતા. તે પૈસાનો ભય તમને લાગે નહિ તો કામ થાય નહિ. **મંદિર-ઉપાશ્રય-સાત ક્ષેત્રની ભક્તિનો ઉપદેશ આપવો તે સાધુ મહારાજાનું કામ છે પણ પોતાની મર્યાદા ભૂલી આગળ વધે તે સાધુપણું ભૂલે અને દુર્ગતિમાં ય જાય. જો કે જેણે પોતાના અંગત કામો માટે યોજનાઓ કરી કાઢી, તેણે પમે પૈસા આપો તો તે સાચો દાન ધર્મ ન ગણાય. વખતે બન્નેનું અહિત પણ થાય.** પણ તમે સ્વાર્થી બની ગયા છો માટે સાચું સમજતા જ નથી. શ્રાવક તો સાધુના મા-બાપ છે. સાધુની બધી ચિંતા કરે. મા પણ બને અને બાપ પણ બને.

જેને મોક્ષની સાચી ઈચ્છા જન્મી હોય તેને હજી ધનનો પણ ખપ પડે, સુખ પણ ભોગવતો હોય છતાં પણ જો હું સાવચેત ન રહું તો આ બંન્ને દુર્ગતિમાં લઈ જનારા છે તે તેના હૈયામાં લખાયેલું હોય. ધર્મી માત્રના હૈયામાં આ વાત લખાયેલી હોવી જોઈએ. તમે સંસારમાં બેઠા છો તે પાપનો ઉદય છે ને ? ઘરમાં રહેવા જેવું નથી, તાકાત હોય તો મનુષ્ય પણામાં ઘર છોડવું જ જોઈએ - આ રોજ યાદ ન આવે તો કયા પાપનો ઉદય કહેવાય ? મિથ્યાત્વનો. આ વાત રોજ સાંભળવા છતાં પણ હૈયાને ન અડે તો ગાઢ મિથ્યાત્વનો ઉદય કહેવાય. આ સંસારમાં જ, પૈસા-ટકાદિ મોજમજામાં જ આનંદ માને, તેને માટે જે કરવું પડે તે કરવા તૈયાર, જરા પણ દુઃખ ન થાય - આ બધુ છોડવા જેવું છે એવું હૈયામાં બેસે પણ નહિ તે બધા ગાઢ મિથ્યાત્વના ઉદયવાળા છે તેમ કહેવું પડે.

આગળના પુણ્યશાલિઓએ મંદિરો બંધાવ્યા, મૂર્તિઓ પધરાવી, ધર્મસ્થાનાદિ બંધાવ્યા. તમને શું જ મન થતું નથી છે શું તે તો સમજાવો. આજના સુખીને ધર્મ કરવાનું મન જ થતું નથી, મંદિર - ઉપાશ્રયે આવે તે મોટો ઉપકાર મનાવે છે. શેઠની સત્તા એવી ચાલે છે કે, સાધુને પણ કહી દે કે, ટીપવાળાને બોલાવતા નહિ; નહિ તો કાલથી નહિ આવીએ. આજે પૈસા ખર્ચવા છતાં ય લાભ થતો નથી. કેમકે ભરવા ખાતર ભરવા પડે તેથી આપે તો દાનનો લાભ ન થાય, પૈસા પણ જાય અને પાપ પણ બંધાય. તે માટે ધ્યાન ખેંચું છું. પૈસો અને પૈસાથી મળતું સુખ દુર્ગતિમાં લઈ જનારું લાગવું જોઈએ લાગે છે ? જો આ મનુષ્યભવ હારી ગયા તો સંખ્યાત્, અસંખ્યાત કે વખતે અનંતાકાળે આવો ભવ મળે. આવો ભય લાગે છે ? આ ભવ મળ્યો તે મહાભાગ્યોદય છે, ખરેખર ધર્મ કરવાનો ભવ મળ્યો છે તેમ લાગે છે ? ખરેખર ધર્મ કરવો તો સાધુ જ થવું જોઈએ. કદાચ સાધુ ન થવાય તો સાધુ થવાની શક્તિ આવે તે માટે શ્રાવક થવું છે સમકિત પામવું છે. દાન-શીલ-તપ ધર્મની આરાધના કરવી છે. ભાવધર્મ તો ચોવીશે ય કલાક સાથે જ રહી શકે છે. રોજ યાદ આવે કે - આ બધું સુખ આજે છે અને કાલે નથી. તે રહે તો પણ મારે મૂકીને જ જવાનું છે, કાં તે ય મને મૂકીને જશે. માટે તેનાથી થાય તેટલું સારું કરી લઉં, જેટલું ખોટું કરીશ તે બધું માથે જ પડશે. પણ તમારા પાપોદયે તમને ધર્મ કરવાનું મન થતું નથી. કદાચ આજે તમને ધર્મ કરવાનું મન થાય તો ઘરમાં અંતરાય કરનારા ઓછા છે પણ તે પોતે જ અંતરાય ભૂત છે.

જેને પોતાની દુર્ગતિની ચિંતા ન હોય તો પોતાના જ સંતાનની કે બીજાની દુર્ગતિની ચિંતા કેમ કરે ? આગળ તો કમાઈને આવે તો પણ મા કે પત્ની પૂછતી કે, શી રીતે કમાયા ? અનીતિથી કમાયા છો તો કઈ ગતિમાં જવું છે ? આજે તમને આવું કોણ કહે ? આજે અનીતિ કેમ વધી થઈ ? પાપનો ભય

નીકળી ગયો માટે. આ ભવમાં ધર્મને બદલે અધર્મ ખૂબ કરે તેથી તેને પાપાનુંબંધી પુણ્યથી મળ્યો છે તેમ કહેવાય. તેવા જીવો મોટેભાગે દુર્ગતિમાં જવાના ? તમારો વિચાર શું છે ? દુર્ગતિમાં નથી જવું અને સદ્‌ગતિમાં જવું છે તો તમારે કૃપણ બનવું છે કે ઉદાર ? આનાચારી બનવું છે કે સદાચારી ? સહનશીલ બનવું છે કે અસહનશીલ ? સારી ભાવનામાં રમવું છે કે ખરાબ ?

જીવવા માટે બહુ પાપ કરવાની જરૂર નથી. માર્ગાનુસારી જીવ જ ઉપદેશ સાંભળવા લાયક છે. જે માર્ગાનુસારી ન હોય તે તો ઉપદેશ સાંભળવા પણ લાયક નથી. મજેથી અનીતિ કરે, લહેર કરે - મોજમજાદિ કરે તેને તો ધર્મ કરવો પણ ગમે જ નહિ. તે તો કહે કે, સાધુને કયાં ઘર ચલાવવું છે ? સાધુને આગળ બેસે ઉલાળ નહિ પાછળ બેસે ધરાર નહિ. કેટલી વિશીએ સો થાય તે ખબર નથી. 'મરીને કયાં જવું છે ?' તેની રોજ ચિંતા કરતા થાવ તો ધર્મ પામવાની લાયકાત આવશે. ચારે પ્રકારના શ્રી સંઘનો મોટોભાગ ધર્મ કરવાની સામગ્રી હોવા છતાં પણ ઈરાદાપૂર્વક ધર્મ કરતો નથી અને અધર્મ કરે છે. ધર્મ કરીએ તો સંસાર ન ચાલે આમ જૈન બોલી શકે ? જૈનાચારોનું જ પાલન કરે તે ય દુર્ગતિમાં ન જાય અને સદ્‌ગતિમાં જાય. ધર્મ પામવો છે ને ? ધર્મ કરવામાં - પામવામાં અંતરાય કરનારની વાત કરી રહ્યા છીએ. વિશેષ હવે અવસરે. *(ક્રમશઃ)*

## પાલી (રાજસ્થાન) મધ્યે ઉજવાયેલ તિથિ પ્રસંગે પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની ગહુલી

(રાગઃ સારી સારી રાત મને યાદ આવે..)

ગુરૂવર પ્યારા મને રોજ યાદ આવે
રોજ યાદ આવે મને ભાન ભૂલાવે રે... (૧) ગુરૂવર
રામચંદ્રસૂરીશ્વરની છે પુન્યતિથિ
યાદ કરતા થાય છે. મારી આંખડી ભીની રે... (૨) ગુરૂવર
પિતા છે જેમના છોટાભાઈ
સમરથ માતાની કુક્ષી અજવાળી રે... (૩) ગુરૂવર
સમરથનંદન રતનબાના લાડીલા
સુ સંસ્કારથી બન્યા સહુના પ્યારા રે... (૪) ગુરૂવર
જન્મ જેમનો દેવાણ ગામે
પાદરા ગામના બન્યા પનોતા રે... (૫) ગુરૂવર
નવમેં વર્ષે વૈરાગી બન્યા
સતરમેં વર્ષે સહભાગી બન્યા રે... (૬) ગુરૂવર
દીક્ષાના દાનવીર મંગળદાદા
સંયમના ઘડવયા દાન વિજય પ્યારા રે... (૭) ગુરૂવર
પ્રેમસૂરીવરના પ્રાણ પનોતા
ત્રિભુવન બન્યા રામ અણગારા રે... (૮) ગુરૂવર
ગાંધારતીર્થે બન્યા અણગારા
ભવ્ય જીવોના તારણહારા રે... (૯) ગુરૂવર
ગણિ પંન્યાસ પદ શોભાવનારા
ઉપાધ્યાય આચાર્ય બન્યા ગુરૂ પ્યારા રે... (૧૦) ગુરૂવર
ગચ્છાદિ પદે શોભે ગુરૂ પ્યારા
સંઘ સમુદાયનું હિત કરનારા રે... (૧૧) ગુરૂવર
સતર વર્ષે સંયમ લીધુ
ઓગણાએંસી વરસ સંયમ દિપાવ્યું રે... (૧૨) ગુરૂવર
છપ્પન વર્ષે આણા વહાવી
પ્રભુ મહાવીરની પાટ સોહાવી રે... (૧૩) ગુરૂવર
શિષ્ય સંપદા એકસોને સિતેર
સાધ્વી સમુદાયના શિરના છત્ર રે... (૧૪) ગુરૂવર
બે હજારને સુડતાલીશની સાલે
આવ્યા ચોમાસુ રાજનગર રે... (૧૫) ગુરૂવર
અંતિમ ચોમાસું કીધું ગુરૂરાજે
રામનગરમાં સાબર કઠિ રે... (૧૬) ગુરૂવર
અંતિમ સાધના કરતાં ગુરૂરાયા
પાલડી મુકામે દર્શન બંગલે રે... (૧૭) ગુરૂવર
અષાઢવદ ગોઝારી ચૌદશ,
દુનિયા છોડી ગુરૂ સિધાવ્યા સ્વર્ગ રે... (૧૮) ગુરૂવર
સંઘ સમુદાયને રડતો મૂકી
ગુરૂવર એકલા ચાલ્યા પર લોકે રે... (૧૯) ગુરૂવર
પરલોકને વાટે રહ્યાં ગુરૂરાયા
કૃપા વરસાવજો હો તારણહારા રે... (૨૦) ગુરૂવર
અમે પણ આવશું તુમ પંથે
તારજો ગુરૂવર મારા પ્યારા રે... (૨૧) ગુરૂવર
પાલી નગરે તિથિ ઉજવાએ
સહુ સંઘના હૈયડા ભીના થાયે રે... (૨૨) ગુરૂવર
કૃપા કરજો આશિષ દેજો
સકળ સંઘના તારણહારા રે... (૨૩) ગુરૂવર

- પૂ. સા. શ્રીકૂલદર્શનાશ્રીજી મ.

◆ ◆ ◆

# મહાસતી - સુલસા

લેખાંક- ૧૯મો

પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મ.

(ગયા અંકથી ચાલુ)

વર્તમાનઅવસર્પિણીના ચોવીશમાં તીર્થંકરનો એ વિહરમાન કાળ હતો. શ્રમણભગવાન મહાવીરદેવની જન્મ-જન્માંતરના પાતકને ધોતી ચરણરજની પવિત્ર બનનારી ધરાનો તે કાળ હતો. શ્રમણભગવાન મહાવીરદેવ એટલે ત્રિશાલામાતાના લાડકવાયા નંદન. ક્ષત્રિયપતિ રાજા સિદ્ધાર્થના ચરમ અપત્ય.

હજ્જાર - હજ્જાર સૂર્યોના તેજને ઝાંખું પાડી દે એવા શ્રીમિમંત કેવળજ્ઞાનની પ્રંચડ ઉર્જાઓથી પ્રકાશિત થયેલું એક લોકોત્તર અસ્તિત્ત્વ. કામ,ક્રોધ, મદ, મોહ, રાગ અને દ્વેષ, આ છ અંતરંગ શત્રુઓનું પીડન કરી એને નિર્મૂળ કરી દેનારૂં જગતનું અજેય વ્યક્તિત્ત્વ. દેવો અને દાનવો દ્વારા અવિરત પૂજા પામનારૂં આપ્ત તત્ત્વ. ઈન્દ્રો અને અહમિન્દ્રો દ્વારા અર્ચાની શ્રેણિથી આચ્છાદિત થયેલું ભગવત્સ્વરૂપ. અજ્ઞાનના ગઢતિમિરપટલોને ચીરીને જગતને પુનીત પ્રકાશનો રાહ ચીંધિનારૂં પરમાત્મ્ જ્ઞાનની પરમ જ્યોતિ જેવા, પુન્યની પરમ અવધિ સમા અને લોકોપકારની મૂર્તિ જેવા પરમાત્મા મહાવીર દેવ ત્યારે ઘનઘાતી કર્મોનો વિઘાત કરી ચૂકયાં હતાં. ત્યાર પછી કેવળજ્ઞાન સંપાદિત કરીને પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હતી.

કલ્યાણનું આ એકમેવ સાધન હતું. ભગવત્પ્રણીત ધર્મશાસન. આત્માંનુ હિત કરી શકે એવા આ અનન્ય માધ્યમને ભવ્યજીવોના ખૂણે - ખૂણે પહોંચાડવા એ પરમાત્મા ભગીરથ પુરૂષાર્થ કરી રહ્યાં હતાં. ગ્રામ, નગર, પુર, પાટક, વન, દ્રોણ અને ચતુષ્પથોના પૃથ્વીતલને પાવન કરી રહ્યાં હતાં.

એકવાર આ કરુણાની પ્રતિમા ચંપાપુરીના 'કુસુમાકર' ઉદ્યાનમાં સમવસરી. એક કરોડ દેવોનાં ભક્ત સમૂહથી એ ધરા તત્ક્ષણ છલકાઈ ઉઠી. અષ્ટમહાપ્રાતિહાર્યોની દિવ્ય શોભાથી સમલંકૃત બની ગઈ. વાંસળીના મીઠાં સૂર... દેવોની દુંદુભીના ગગન ભેદી નાદ.. ઘુટંણ સમાણી પુષ્પવૃષ્ટિ. હજાર-હજાર યોજન ઉંચો ઉન્દ્રધ્વજ. આઠ માઈલનો વિશાળ વ્યાસ ધરાવતું અશોકવૃક્ષ. સુવર્ણ જડિત સિંહાસન. રત્નમય ત્રણછત્રો અને તેજથી ઝગઝગતું ભામંડલ. આ બધું જ પ્રભુના પડછાયાની જેમ ત્યાં આવ્યું.

ત્રણે નિકાયના દેવોએ એકત્ર થઈને ત્યાં મુહુર્તમાત્રમાં તો વિરાટ સમવસરણની રચના કરી દીધી. સમવસરણની રચના જ્યારે પણ થાય ત્યારે ભારે યોજનાબદ્ધરીતે થતી હોય છે. અવ્યવસ્થા અને અરાજકતાનું નામનિશાન ત્યાં હોતુ નથી. જે-તે દેવો માટે આ સમવસરણની રચનાના ચોક્કસ કાર્યો સદાય નક્કી થયેલાં હોય છે. આવી સંગીન વ્યવસ્થાને અનુસરીને ત્યારે વાયુકુમાર દેવોએ એક યોજન સુધીની ભૂમિને શુધ્ધ કરી. મેઘકુમાર દેવોએ શુધ્ધ થયેલી તે ભૂમિમાં અત્યંત સુગંધિત જળનો કંટકાવ કર્યો અને છએ ઋતુના પંચરંગી પુષ્પોનું એની પર આચ્છાદન કર્યું. વ્યંતર યોનિના દેવોએ સૌ પ્રથમ ભાત-ભાતના મણિ-રત્નોથી લદાયેલી ફરસ તૈયાર કરી. ત્યારબાદ એની પર ત્રણ ગઢની રચનાનું કાર્ય પ્રારંભાયું.

પ્રથમ ગઢની રચના ભવનપતિ દેવોએ કરી. જે પહેલોગઢ પુરો રજતમય બનાવવામાં આવ્યો એનીપર કાંગરા સોનાના ગોઠવાયા.

બીજા ગઢની રચના જ્યોતિષી દેવોએ કરી. સંપૂર્ણ સુર્વણ દ્વારા બનેલા એ ગઢ પર રજતના કાંગરા દીપી ઉઠ્યાં. ત્રીજા ગઢની રચના વૈમાનિક દેવોએ કરી. રત્નો દ્વારા

નિમયિલાં એ અંતિમ ગઢ પર મણિમય કાંગરાએ ઝળહળી રહ્યાં હતાં.

**લેખાંક :- ૨૦મો.**

આમ, ત્રણ ગઢનું સમવસરણ બન્યું. એની ઉંચાઇ પણ ગગન સાથે સ્મિત કરે તેવી હતી. ત્રણેય ગઢોની ભીંત પાંચસો ધનુષની ઉંચાઇ ધરાવતી હતી. બત્રીસ આંગળ અને તેત્રીસ ધનુષની તો તે પ્રત્યેક ભીંતોની જાડાઇ હતી.

એક - બીજા ગઢો વચ્ચે તેરસો ધનુષ્યનું અંતર હતું.

'ધનુષ એક શાસ્ત્રીય માપ છે. આધુનિક ગણિતશાસ્ત્રને અનુસરીને કહીએ તો સરેરાશ છ ફુટ બરાબર એ ધનુષ. હવે, વાંચકો ગણિત કરે કે પ્રત્યેક ગઢનો વિસ્તાર કેટલો વિપુલ થયો. દિવાલો કેવી ભવ્ય બની. ત્રણેય ગઢમાં ચારેચાર દિશાઓમાં કલાત્મક અને ઉન્નત દ્વારો પણ ગોઠવવામાં આવ્યાં.

આમ, ત્રણેય ગઢો ની ચારે-ચાર દિશાને સાંકળતી, ઉપર તરફ લઇ જતી અલગ-અલગ ચાર સોપાન પંક્તિ બની. જે પ્રત્યેક સોપાન પંક્તિમાં વીશ-વીશ હજાર પગથિયા હતા.

ત્રીજા ગઢની બરોબર મધ્યમાં, એક મણિપીઠ બન્યો. બારસો ધનુષ્ય ઉંચો એ મણિપીઠ ત્રણ વલયો અને ચાર દ્વારોથી ભૂષિત એ મણિપીઠ. આ સમચોરસ મણિપીઠ પર અતિશય મનોહર રીતે અશોક વૃક્ષ છાંઇ રહ્યું હતું. બત્રીશ ધનુષ્ય ઉંચુ અને એક યોજન સુધી છાયા પાથરતું એ અશોક વૃક્ષ.

સમથલ ભૂમિથી અઢીકોશ ઉંચા એવા આ મણિપીઠ પર ચારે દિશામાં અલગ-અલગ સિંહાસનો અને પાદપીઠો રચાયાં. અશોકવૃક્ષના લાલ-લાલ પર્ણો આ બધાની શોભામાં તીવ્ર વૃધ્ધિ કરવાનું ચૂકતાં ન હતા.

ચારેય સિંહાસનની જમણી અને ડાબી બાજૂ ચામર વીંઝાવા માંડ્યાં. ઉપર ત્રણ છત્રો રચાયાં. જાણે ત્રણલોકના નાયક પરમાત્માવીરનું ત્રિભુવનગુરૂત્ત્વ એ દ્વારા ઘોષણા પામી રહ્યું હતું.

સમવસરણના બાહ્યસ્તલ ઉપર ચારે દિશામાં જૂદા જૂદા ધર્મચક્રો રચાયા. એક-એક હજાર યોજનની એમની ઉંચાઇ.

આમ, દેવોએ રચેલાં સમવસરણમાં જ્યારે બારે પર્ષદા એકત્ર થઇ ત્યારે પરમકૃપાળું પરમાત્મા મહાવીરદેવ પૂર્વ દિશાના દ્વારેથી સમવસરણમાં પ્રવેશ્યાં.

સિંહાસન સહિત અશોકવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા આપી. ત્યારબાદ પૂર્વસન્મુખ સિંહાસન સમક્ષ ઉપસ્થિત થઇ પ્રભુએ ''णमो तित्थस्स'' ઉચ્ચાર્યું. એ દ્વારા ધર્મતીર્થનું અભિવાદન કર્યું. ચતુર્વિધ સંઘનું અભિવાદન કર્યું. જગતને ધર્મતીર્થની અનન્ય તારકતાનો પરિચય મળે માટેસ્તો.

ત્યારબાદ ઇન્દ્રમહારાજાની વિનંતીથી પરમાત્માએ સિંહાસનને શોભાવ્યું. દેવોએ બાકીની ત્રણ દિશમાં દેવાધિદેવના પ્રતિબિંબ ગોઠવ્યાં.

પરમાત્માએ મેઘનાદ જેવા ગંભીર ધ્વનિમાં, આદિબ્રહ્મનાદ જેવા મજબૂત ધ્વનિમાં, એક યોજન સુધી પ્રસરતા તીવ્ર ધ્વનિમાં ધર્મદિશનાનો ધોધ વહાવવાની શરૂઆત કરી.

*** વીર મધુરી વાણી ભાખે***

''હે મહાનુભાવ ભવ્યજીવો, આ સંસાર એક એવો અગાધ સાગર છે જેના આદિ કે અંત, કાંઠા કે તળ, કદીય મળતાં નથી. અનંત-અનંત જન્મ-મરણોની ભયાનક પરંપરાના સંઘર્ષોથી આ સંસાર વ્યાપ્ત છે. આ સંસાર સાગરમાં જો સૌથી વધુ દુલર્ભ ચીજ કોઇ હોય તો તે છે, મનુષ્ય જન્મ. દશ-દશ અસરકારક દૃષ્ટાન્તો દ્વારા જેની દુર્લભતા સમજાવવામાં આવી છે.

જગતમાં જલાશયોનો પાર નથી. અનેક વિધજાતિના જળ અહિં મૌજૂદ છે. પણ જેમ એ સહુમાં ઉત્તમોત્તમ જળ મેઘનું છે. વર્ષાનું છે. તેમ ચોર્યાસી લાખ યોનીઓમાં ઉત્તમોત્તમ સ્થાન માનવ જન્મનું છે.

ધાતુઓ મુખ્યતયા સાત છે. કાસું, તાંબુ, ચાંદી વિગેરે. એ દરેકમાં શ્રેષ્ઠતા જેમ સોનાની છે તેમ ચારેય ગતિઓમાં શ્રેષ્ઠતા માનવજાતિની છે.

અસંખ્ય જાતિના કાષ્ઠો છે. એમાં સાગનું કાષ્ઠ અત્યુત્તમ છે તેમ માનવજન્મ લાખો જન્મોમાં ઉત્કૃષ્ટ છે.

આ એક જન્મ એવો છે જે મોક્ષમાર્ગની સાધનામાં સહાયક બને છે. વેગ પૂરો પાડે છે. આ જન્મમાં પણ

પૂર્ણ આરોગ્ય, પરિપૂર્ણ પાંચ ઇન્દ્રિયો, આર્યદેશ અને ઉત્તમકુળ અનંત પુન્યરાશિનો ઉદય હોય તો જ સાંપડે છે.

આમ, પુન્યના યોગે ઉપર્યુક્ત તમામ પદાર્થો મળી ગયા પછી પણ જે હતપુન્યજીવો મિથ્યાત્વના તિમિરપટલો પોતાની આંતર દૃષ્ટિ પરથી દૂર નથી કરી શકતા અને સમ્યક્ત્વનો મહાદીપ હૃદયમાં નથી પ્રજવાળી શકતાં તેઓ માનવજીવનનું હાર્દ નથી પામી શકતાં.

પુન્યવાનો, મિથ્યાત્વએ અંધકાર છે. એવો ગાઢ અંધકાર કે જે સન્માર્ગનો પરિચય નહિ થવા દે. તો સમ્યક્ત્વ એ દીપક છે. એવો જ્યોતિર્મય દીપક કે જે સન્માર્ગની ભવ્ય ઓળખ કરાવશે.

❖ કુદેવ - કુગુરૂ અને કુધર્મને માનવા, આદરવા, એ છે મિથ્યાત્વ.
❖ સુદેવ - સુગુરૂ અને સધર્મને માનવા, સદહવા, એ છે સમ્યક્ત્વ.
❖ જેઓ રાગથી રંજિત છે અને દ્વેષથી પ્લાવિત છે, તે કુદેવ.
❖ જેઓ રાગથી રહિત છે અને દ્વેષથી નિર્મુક્ત છે, તે સુદેવ.
❖ જેઓ અબ્રહ્મચારી છે અને સપરિગ્રહી છે, તે કુગુરૂ.
❖ જેઓ અખંડ બ્રહ્મચારી છે અને સર્વથા અપરિગ્રહી છે, તે સુગુરૂ.
❖ જે આલોકના પાયા પર નિર્ભર છે અને હિંસકતાથી ભરપૂર છે, તે કુધર્મ
❖ જે પરમલોકના પાયા પર મંડિત છે અને હિંસાનું જ્યાં નામનિશાન નથી, તે સદ્ધર્મ.

'કુ' એટલે મિથ્યાત્ત્વ. 'સમ્યગ્' એ સમ્યક્ત્વ.

એ અફર સત્ય છે કે જેઓ સત્ય અને મિથ્યાનું વિવેચન કરીને સફળ મિથ્યાતત્ત્વોને ત્યાગે છે તેમજ સદ્ તત્ત્વોને સ્વીકારે છે તે જ વિવેકી છે. આવા વિવેકીજ નોજ મોક્ષમાર્ગ આરાધી શકે છે.

ભાગ્યવાનો, પીછાણી લ્યો આ સમ્યક્ત્વને.

❖ મોક્ષ એ જો મહાનગર છે તો એનું પ્રવેશદ્વાર સમ્યક્ત્વ છે.
❖ સંસાર એ જો અગાધ સાગર છે તો એનાથી ઉગારનારૂં જહાજ આ સમ્યક્ત્વ છે.
❖ એ તીર્થંકરનામ કર્મનું કારણ છે. સકળ દોષોનું નિવારણ છે. સમસ્ત ગુણોનું નિધાન છે. આવું સમ્યક્ત્વ જે નિષ્કંપતા પૂર્વક પાળે છે તે પૂરા જગતમાં ધન્ય છે.

ફળ આપવાની તાકાત એજ વૃક્ષમાં સંભવે, જેનું મૂળ અખંડ હોય. દૃઢ હોય.

બસ, મોક્ષસ્વરૂપ ફળ આપવાની તાકાત તે જ ધર્મમાં છે જે ધર્મના મૂળમાં સમ્યક્ત્વ ગુણની નિશ્ચયતા સીંચાયેલી હોય.

*આથી ઓ ભવ્યાત્માઓ, ઇચ્છો તો જો ભવ* સાગરના પારને તો કોટી-કોટી ભવો સુધી અતિશય દુલર્ભ રહેનારા સમ્યક્ત્વને અંગીકાર કરો..

**- x - x - x -**

આમ, સમુદ્રની ગંભીરતાનો પરિચય આપતી પ્રભુની ધર્મદેશના ખળ-ખળ વહી રહી હતી. નથી કહ્યુ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી જ્ઞાન્વિમલ સૂરી મહારાજે દીવાળીના દેવવંદનમાં...

વીરમધુરી વાણી ભાખે. જલધિજલગંભીર રે..

બરાબર આજ સમયે આકાશમાર્ગથી એક વિદ્યાશક્તિ સંપન્ન પરિવ્રાજકનું આગમન થયું. અંબડ એનું નામ. મૂળભૂત રીતે પરિવ્રાજક જાતિ અને સંસ્કૃતિમાં ઉછરનારા આ પુન્યાત્માએ પરમાત્મા મહાવીરની હૃદયભેદી દેશનાઓ જે પળે સાંભળી ત્યારથી મંડીને એના જીવનમાં, વૃત્તિમાં, અસ્તિત્ત્વમાં પરિવર્તનનો પવન ફૂંકાવાની વણથંભી શરૂઆત થઇ ગઇ.

પરિવ્રાજક ધર્મમાં અને પરિવ્રાજક તરીકેની જીવનચર્યામાં રમનારા આ અંબડ તાપસનો આત્મિક વિકાસ કામિક રીતે થઇ રહ્યો હતો. જિનેશ્વરદેવોની તત્ત્વથી ખળખળતી વાણી તરફ તેને પૂર્ણ અહોભાવ પ્રગટ્યો હતો. જિનપ્રણીત ધર્મશાસનનો તે હૃદયથી એકરાર કરતો થયો હતો. એણે પરિવ્રાજક ધર્મ ફગાવીને સમ્યક્ત્વમૂલક બારવ્રતોનો વિશુધ્ધ સ્વીકાર કર્યો. નિષ્ઠાથી તેનું પરિપાલન શરૂ કર્યું. (ક્રમશઃ)

# પશુ-પક્ષીના ભવોનું ભોજન : બુફે સુસંસ્કારનાશક-કુસંસ્કારપોષક : બુફે

*લેખક : પૂ. મુનિરાજ શ્રી હિતવિજયજી મહારાજ*

સમુદ્ર ઉપર જયારે વાવાઝોડું ત્રાટક્યું હોય, વાંભ વાંભ ઊંચાં મોજાં ઉછળતાં હોય, સમુદ્રમાં તરતાં બધા જ વહાણો હાલક-ડોલક થવા લાગ્યાં હોય અને જળસમાધિ લેવા મથી રહ્યા હોય ત્યારે જેમને પોતાનો જીવ વહાલો છે એવા નાવિકો વાવાઝોડાના તોફાનથી પોતાના વહાણનું રક્ષણ કરવાના શક્ય તમામ પ્રયત્નો અવશ્ય કરે છે. બીજાનાં વહાણો પોતાની નજર સામે જ ડૂબી રહ્યા હોય ત્યારે 'એ બધાં ડુબી મરે છે તો ચાલો આપણે પણ ડૂબી મરીએ' એવો આત્મઘાતક વિચાર કરતાં નથી, પરંતુ ભયંકર આંધીમાંય પોતાના વહાણને સલામત રાખવાનો જ વિચાર કરે છે, પ્રયત્નો પણ પોતાના વહાણને સલામત રાખવા માટેના જ કરે છે. માછિયા બનીને પણ પોતાના વહાણને ડૂબતું બચાવવા જ મથે છે.

હાલમાં સમસ્ત માનવ-સમાજ ઉપર, અત્યંત વિવેકી એવા જૈન સંઘો ઉપર પણ બુફે જમણનું તોફાની ને વિનાશક વાવાઝોડું ત્રાટક્યું છે. બુફેના આ વિનાશક વાવાઝોડાની સામે અજૈન સમાજો પોતપોતાના સમાજનું રક્ષણ કરવા સમર્થ બની શકે નહિં, અન્ય સમાજો બુફેના વિનાશક વાવાઝોડામાં સપડાઇ જાય એનું વિશેષ આશ્ચર્ય ન હોય, પણ જેમને સુદેવ, સુગુરુ અને સુધર્મ મળ્યાં છે અને એના પ્રતાપે જેઓ માનવભવના અને જૈન કુળના સર્વોત્તમ સંસ્કારોનાં મૂલ્ય સમજયા છે, જેમણે આત્માને ઓળખ્યો છે, જેઓ મોક્ષમાર્ગમાં પ્રયાણ કરી રહ્યા છે, વળી જેઓ ધર્મપ્રેમી છે ને અત્યંત વિવેકી છે એવા જૈન સંઘો પણ બુફેના વાવાઝોડામાં સપડાઇ જાય ને તરવા માટેના પ્રયત્નો પ્રયત્નો જરા પણ કરે નહિં એ જ વિશેષ આશ્ચર્ય ઉપજાવનારી બાબત છે.

પડતા કાળના પ્રતાપે જયારે બુફેનું તોફાની વાવાઝોડું માનવોના સુસંસ્કારોનો વિનાશ કરવા આગળ વધી રહ્યું હોય ત્યારે અત્યંત વિવેકી એવા જૈન સંઘોના અગ્રણીઓએ તો પોતાના તન- મન- ધનની તમામ શકિતનો સદુપયોગ કરીને પોતપોતાના સંઘોને આત્માનું ભારે અહિત કરનારા બુફેના વાવાઝોડામાં સપડાતા બચાવવાના જ પ્રયત્નો કરવા જોઇએ. બેસીને ભોજન કરવાના માનવભવના સુસંસ્કારોનું રક્ષણ કરવાના અને ઉભાં ઉભાં ખાવા-પીવાના પશુ-પક્ષીના ભવોની સંસ્કારવિહીન દશાનું પોષણ થતું અટકાવવાના જ પ્રયત્નો કરવા જોઇએ. એમાં જ એમનું ડહાપણ છે, એમાં જ એમની ઉત્તમતા ને મહાનતા છે અને એમાં જ એમની અગ્રણી તરીકેની શોભા છે. પરંતુ એનાથી ઉલ્ટું જૈન સંઘોના અગ્રણીઓ જ બુફેની તરફેણમાં આત્મઘાતક દલીલો અને કુતર્કો કરવા લાગી જાય તે તેમને માટે યોગ્ય કે શોભાસ્પદ બની શકે નહિં. બુફે જમણના સમર્થનમાં સંઘના અગ્રણીઓ દ્વારા જે અનેક આત્મઘાતક દલીલો કરવામાં આવી રહી છે એમાંની મુખ્ય દલીલ એ છે કે 'શું કરીએ? સંઘને બેસાડીને જમાડવાની જગ્યા જ નથી.'

આવી અનુચિત દલીલ કરનારા જે કોઇ હોય એમને આપણે પૂછીએ કે ભાઇ, તમારૂ ઘર ૧૦-૨૦ માણસોને જ બેસાડીને ભોજન કરાવી શકાય એવું નાનું હોય અને મહેમાનો વધારો આવી ગયા હોય ત્યારે જગ્યાની સંકડાશનું

બહાનું બતાવીને એમને ઉભા રાખીને તમે બુફે જમણ કરાવો છો કે ૧૦-૧૦ની કે ૨૦-૨૦ની પંગતે વારાફરતી બેસાડીને જ ભોજન કરાવો છો? જમાઈરાજ જેવા મોંઘેરા ને માનવંતા મહેમાનોને ઉભા રાખીને બુફે જમણ કરાવો છો કે અત્યંત બહુમાનપૂર્વક બેસાડીને જમાડો છો? ત્યાં તમે શા માટે જમાનાની ને બુફેની તરફેણમાં દલીલો કરતાં નથી? ત્યાં કેમ મહેમાનોને બેસાડીને જ જમાડવાના માર્ગો વિચારો છો? ને કેમ એવા યોગ્ય ઉપાયો જ શોધી કાઢો છો?

એવી જ રીતે જગ્યાની સગવડ પ્રમાણે બે-ત્રણ પંગતો પાડીને પૂજનીય ને ભકિતપાત્ર એવા સાધર્મિક બંધુઓને બેસાડીને જ જમાડવાના યોગ્ય ને શોભાસ્પદ ઉપાયો જ વિચારવા જોઈએ.

જગ્યાના અભાવ સિવાયની અન્ય દલીલો તો બુફેનો પ્રચાર થયા પછી બુફે પ્રેમીઓએ બુફેની તરફેણમાં ઉભી કરી દીધેલી- વજૂદ વગરની છે.

ધર્મપ્રેમી, સુસંસ્કારપ્રેમી અને વિવેકી એવા શ્રી સંઘના અગ્રણીઓએ આત્માનું અહિત કરનારા બુફેના વાવાઝોડામાં સપડાયા વગર પોતાના તન-મન-ધનનો ભોગ આપીને જિનાજ્ઞાનુસાર અને માનવોને માટે શોભાસ્પદ બને એવી રીતે, જગ્યાની સગવડ પ્રમાણે પંગતો પાડીને પૂજનીય ને ભકિતપાત્ર એવા સાધર્મિક બંધુઓને બહુમાનપૂર્વક બેસાડીને જ ભાવભર્યું ભોજન કરાવવા દ્વારા પુણ્યાનુબંધી પૂણ્ય બંધાવી આપનારું સાધર્મિક વાત્સલ્ય નામનું કર્તવ્ય બજાવવું જોઈએ.

આ રીતે સાધર્મિક વાત્સલ્ય નામનું કર્તવ્ય બજાવી શકાય તેમ ન જ હોય તો સંઘમાં ઘેર- ઘેર મીઠાઈ આપીને સાધર્મિક ભકિત કરવી હિતાવહ છે, પણ સુસંસ્કારનાશક અને કુસંસ્કારપોષક બુફે જમણ દ્વારા સાધર્મિક વાત્સલ્ય કરવું હિતાવહ નથી.

માનવ શરીર ઉભું હોવાથી માનવો બેસીને જ સુખપૂર્વક ભોજન કરી શકે છે. પશુ-પક્ષીનું શરીર આડું હોવાથી અને એમનું પેટ જમીન તરફ હોવાથી તેઓ બેસીને ખાઈ-પીઈ શકતાં નથી. એમને તો ઉભા ઉભા જ ખાવું-પીવું પડે છે. આપણો આત્મા વધારે કાળ તિર્યંચ ગતિમાં ભટકેલો હોવાથી આપણા આત્માએ પશુ-પંખીના ભવો વધારે કરેલા હોય છે અને એ બધા ભવોમાં ઉભા ઉભા ખાવા-પીવાના ગાઢ સંસ્કાર આત્મામાં પડેલા હોય છે. આપણા જીવે બેસીને તો માત્ર માનવ ભવોમાં જ ભોજન કરેલું હોય છે અને માનવ ભવો તો ઘણાં ઓછા થયેલા હોય છે. એથી બેસીને ભોજન કરવાના સુસંસ્કારો તો ઘણા નબળા હોય છે. માનવભવની દુર્લભતા કરતાંય જૈન કુળમાં જન્મની દુર્લભતા ઘણી વધારે હોય છે. માટે વિશેષ પ્રકારે જૈન કુળમાં જ મળતાં સર્વોત્તમ સુસંસ્કારોનું તો વિશેષ પ્રકારે રક્ષણ પોષણ કરવાની સંઘના આગેવાનોની અને આપણી સૌની ફરજ થઈ પડે છે.

આરોગ્ય જાળવવા માટે વૈદકશાસ્ત્રમાં જણાવ્યું છે કે માણસે ખાધેલા ખોરાકનું સારી રીતે પાચન થાય તો જ આરોગ્ય જળવાય. ખાધેલા ખોરાકનું સારી રીતે પાચન થાય તે માટે માણસોએ સુખપૂર્વક બેસીને જમવું જોઈએ અને સારી રીતે ચાવીને ધીમે ધીમે ખાવું જોઈએ. ઈર્ષ્યા, ભય, ખેદ, દ્વેષ, ક્રોધ, શોક આદિના સમયે ભોજન કરવાથી અજીરણ (અપચો) થાય. ઉભા ઉભા ખવાય નહિં. ઉભા ઉભાં ખાવા પીવાથી પાચનતંત્ર બગડે, અપચો થાય, અન્નરસમાં વિકૃતિ થાય અને એનાથી વિવિધ રોગો થાય, અન્ન-જળને વહન કરનારા સ્રોતો (માર્ગો) દૂષિત થાય, ખાંસી અને સળેખમ થાય, ફેફસામાં કફનો ભરાવો થાય, હોજરી મંદ પડે, એની કાર્યક્ષમતા ઓછી થાય, બુદ્ધિ બગડે ને મન પણ દુર્વિચારોવાળું થાય.

આજના શ્રીમંતો પોતાની શ્રીમંતાઈનું પ્રદર્શન કરવા માટે માનવો માટે સર્વથા અનુચિત, સુસંસ્કારનાશક ને કુસંસ્કારપોષક એવા બુફે જમણને ઉત્તેજન આપી રહ્યા છે, એનો વધુને વધુ પ્રચાર કરી રહ્યા છે અને લોકોની રસનેન્દ્રિયને પણ બહેકાવી રહ્યા છે.

વાસ્તવમાં બુફે શબ્દ 'નાસ્તો કરવો' એવા અર્થમાં છે, પણ 'ભોજન કરવું' એવા અર્થમાં નથી. બુફે એટલે લાંબા ટેબલ પર મૂકેલા ખાદ્ય પદાર્થોને પોતાના હાથે લઈને

નાસ્તો કરવા માટે ઉભાં ઉભાં ખાવા.

ટેબલ પર ગોઠવેલા ખાદ્ય પદાર્થોમાં બાફેલા ને સુંદર દેખાવ માટે શણગારીને ગોઠવેલા જાત જાતના કઠોળ, જાત જાતના સલાડ, જાત જાતના ચાટ, ત્રણ-ચાર જાતના આઇસ્ક્રીમ, પાણીપુરી, ભેળપુરી, ઇડલી-સંભાર, ઢોંસા, જાત જાતની મીઠાઇ, જાત જાતના ફરસાણ, રૂમાલી રોટી, પુરી, ભાખરી વગેરે અંદાજે ૪૦-૫૦ વાનગીઓ હોય છે. દરેક મહેમાનને મેનુકાર્ડ અર્થાત્ વાનગીઓની યાદી અપાય છે. મહેમાનો ઘણાં હોવાથી ભીડ ઘણી હોય. ભીડમાં વારંવાર લેવા જવું ન પડે તે માટે એક જ વખતે મહેમાનો લેવાય એટલું ડીશમાં લઇ લે છે. જરૂર કરતાં ઘણું વધારે લે છે. સ્વાદ માણવાની લાલચથી ઘણી વાનગીઓ લે છે. ભાવે તો ખાય છે ને ન ભાવે તો ફેંકી દે છે. મોટાભાગના મહેમાનો ઘણી જાતના સ્વાદ માણવા માટે બધી જ વાનગીઓ લેતાં હોય છે પછી ખવાય તો ઠીક છે નહિં તો એંઠવાડમાં નખાય છે. એંઠવાડ ઘણો થાય છે. બગાડ ઘણો થાય છે જેઓ ખાતાં ખાતાં ફરીવાર લેવા જાય છે તેઓ ટેબલ પરની વાનગીઓને એંઠી-જુઠી પણ કરે છે. એક ડીશનો કોન્ટ્રાકટરનો ભાવ શ્રીમંતાઇના ઠઠારા પ્રમાણે ૧૦૦, ૧૨૫, ૧૫૦, ૨૦૦, ૨૫૦ રૂપીયા સુધીનો કદાચ એથી પણ વધારે હોય છે.

ખાવા માટેની ડીશો કાગળની, વાટકીઓ પણ કાગળની, લેમિનેટ કાગળના પડિયાં, પાણીના ગ્લાસ પ્લાસ્ટીકના, સૂપ માટે થર્મોકોલના ગ્લાસ, ખાઇને આ બધું જ ફેંકી દેવાનું. ફેંકી દેવાયેલી આ બધી વસ્તુઓના કચરાનો પણ ડુંગર ખડકાય.

સુખપૂર્વક બેસીને ખાવા-પીવાના માનવ ભવના અને જૈન કુળના સર્વોત્તમ સુસંસ્કારોનો આવા અસંસ્કારી બુફે જમણ દ્વારા વિનાશ કરાઇ રહ્યો છે અને ઉભાં ઉભાં ખાવા-પીવાની પશુ-પક્ષીના ભવોની સંસ્કારવિહીન દશાનું સારી રીતે પોષણ કરાઇ રહ્યું છે. આત્મિક દ્રષ્ટિએ વિચારવામાં આવે તો આ નુકસાન જેવું તેવું નથી. અતિદુર્લભ એવા માનવ ભવના અને જૈન કુળના આત્મહિતકર સુસંસ્કારોનું રક્ષણ- પોષણ કરવાની સદ્બુદ્ધિ સૌને મળો!

સદ્ગુણો અને સુસંસ્કારો એ આપણા જીવનનું ધર્મધન છે, એને સારી રીતે સાચવી રાખવું જોઇએ. એને બદલે આપણે સત્સંગનો ત્યાગ કરી, કુસંગમાં પડી આપણા ધર્મધનને લૂંટાવા દઇએ છીએ. એટલે આપણા ધર્મધનનો ખજાનો ખાલી થઇ જાય છે.

દુર્ગુણો અને કુસંસ્કારોરૂપી દોષો એ આપણા જીવનમાં જામેલો ઉકરડો છે. આપણા આ ઉકરડાને કોઇ જોઇ ન જાય, કદાચ કોઇ જોઇ જાય તો એમાંથી થોડો-ઘણો પણ કચરો ઉઠાવી ન જાય, આપણા દોષોનો ઉકરડો જરા ઓછો ન થાય એની આપણે તીવ્ર તકેદારી રાખીએ છીએ. એથી તો આપણા જીવનમાં દોષોનો ઉકરડો રાત-દિવસ વધતો જ રહે છે.

જે ચીજને વહાલી કરીને આપણે સાચવીએ એમાં નિત્ય વધારો થાય અને જે ચીજનો અણગમો કરીને એને સતત લૂંટાવા જ દઇએ એમાં નિત્ય ઘટાડો થાય એમાં નવાઇ શી?

આપણને આપણા આત્માની સદ્ગુણોરૂપી શ્રીમંતાઇ ઉપર અણગમો છે અને ગુણોના અભાવરૂપી ગરીબાઇ ઉપર ગમો છે.

પરમ પૂણ્યોદયે પ્રાપ્ત થયેલા સુદેવ, સુગુરુ અને સુધર્મના પ્રભાવે આપણને આપણા આત્માની સદ્ગુણો રૂપી શ્રીમંતાઇ ઉપર ગમો થાય અને ગુણોના અભાવરૂપી ગરીબાઇ ઉપર અણગમો થાય. આપણે આપણા આત્માની ગરીબાઇને નિત્ય દૂર કરતા રહીએ અને જૈન કુળના સુસંસ્કારોના રક્ષણ-પોષણ દ્વારા આત્માની શ્રીમંતાઇમાં નિત્ય વધારો કરતા રહીએ એજ અભ્યર્થના!

**સાચુ શું શોધી કાઢો - જવાબ : ૧૪૭૭ નો**

૧. નવકારશી, ૨. એકાસણું, ૩. ઉપવાસ, ૪. પોરષી, ૫. બેયાસણું, ૬. અભ્યન્તર તપ, ૭. આયંબીલ, ૮. પુરિમઢ

# સમજુને શિખામણ શાનમાં

પૂ.આ.શ્રી વિ. રામચંદ્ર સૂ.મ.સા.

(સં. ૨૦૪૩ના શ્રા.વ.૪ના શ્રીપાલનગરના ચાતુર્માસ દરમ્યાન 'પ્રકીર્ણક ધર્મોપદેશ' પ્રવચનમાંથી. આ 'આર્ષવાણી' આજે પણ એટલી જ ઉપયોગી છે તે સારી રીતના સમજાય છે. શાંતચિત્તે વિચારી તે માર્ગે ચાલવામાં કલ્યાણ છે. 'પ્રબુદ્ધો'ને વધારે કહેવાની જરૂર હોય ખરી ?

શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. - સંપા.)

સાચા શ્રીમંત થવાનું મન થતું નથી. પણ શ્રીમંત થઈને ભિખારી કહેવરાવવા રાજી છો. આવી આજના શ્રીમંતોની આબરૂ છે. તેને શ્રીમંતાઈ મળી તે દુર્ગતિમાં જવા જ મળી છે તેમ લાગે છે. તે પણ વધુમાં વધુ અન્યાય કરે છે. હજી વધુ પૈસા કમાવવા ઈચ્છે છે. કમાવવા પાપ કરે છે પણ દાન ન થઈ જાય તેની કાળજી રાખે છે. ધર્મબુદ્ધિથી દાન કરનારા ઓછા છે. ન કરીએ તો સારૂં ન લાગે માટે કરનાર ઘણાં છે. મોટોભાગ નામનાદિ માટે કરે છે.

સભાઃ આપ જે દાન ન કરે તેને ય વખોડો છો, જે કરે છે તેને ય વખોડો છો, અનુમોદના તો કરવી જોઈએને?

ઉ. : લાગે તો કરૂં ને? આજે મોટોભાગ ધર્મ કરવો પડે માટે કરે છે 'પણ મારે કરવો જ જોઈએ' તેમ માનીને કરનારા કેટલા મળે?

જે ભાગ્યશાલી મંદિર બાંધે તો તેને મંદિરની રક્ષા માટે લાખ-બે લાખ રૂા. મૂકવા જોઈએ. **આજે તો મંદિરના પૈસાથી મંદિર બંધાય છે. હવે તો મંદિરની ટીપ પણ ગઈ.** ૧૯૭૦માં અમે ભાવનગરમાં ચોમાસું હતાં તે વખતે જીર્ણોદ્ધાર માટે ટીપ આવેલી. ત્યારે કેટલાક કહે કે 'ટીપનું શું કામ છે? મંદિરમાં પૈસા ઘણાં છે આપી દો.' તે વખતે ત્યાંનો આગેવાન ઉભો થયો અને કહે કે 'સાંભળી લો આપણે બધા બેઠા છીએ. મંદિરમાંથી પૈસા નહિં અપાય. મંદિરમાંથી પૈસા આપીએ તો તે આપણી પોતાની મિલ્કત છે. હવે કાળ બગડતો આવ્યો છે. આપણા બધાની ભાવના પણ બગડવા લાગી છે. તેથી નક્કી કરીએ છીએ કે- મંદિરમાંથી જેટલા પૈસા આપીએ તેટલા જ આપણા સંઘે આપવાના અને આપણો સંઘ જેટલા આપે તેમાં અર્ધા અમે બે આગેવાનો આપીશું અને અર્ધા તમારે બધાએ આપવાના' આજે આવો આગેવાન કોઈ નં કળે?

પ્ર.- દેવદ્રવ્યની માલિકી કોની કહેવાય?

ઉ.- ભગવાનની. ભગવાનની આજ્ઞા મુજબ તેનો તમારે વ્યય કરવાનો છે પણ તેથી તમે તેના માલિક નથી થઈ જતાં. તમારે તો કહેવું જોઈએ કે આ પૈસા અમારા નથી પણ મંદિરના છે.

એકવાર મંદિરના ૫૦,૦૦૦ રૂા. ૫ જરાપોળમાં આપી દીધા. ત્યારે મેં તે સંઘના લોકોને કહેલું કે - તમે બધા મરી ગયેલા, તમારા પૈસા ખૂટી ગયેલા કે તમે મંદિરમાંથી પૈસા આપી દીધા? તે પૈસા ભેગા કરાવતા કરાવતા તો દમ નીકળી ગયેલો.

પ્ર.- દુષ્કાળમાં દેવદ્રવ્યના પૈસાની લોન અપાય?

ઉ.- આજે આ હવા શરૂ થઈ છે, પણ તમે લોકો આવા વિચાર સ્વીકારતા નહિં. નહિં તો કાલે કરીને દેવદ્રવ્યના ભક્ષક થઈ જશો.

પ્ર.- ટેક્ષ લાગે માટે જીર્ણોદ્ધારમાં ન આપે.

ઉ.- મંદિરની આવકનો પણ ટેક્ષ ભરવો પડે છે? આટલી હદ સુધી મામલો આવી ગયો. ગજબ થયો છે. શ્રીમંતોએ ધર્મની ચિંતા કરી જ નથી. નહિં તો સરકારના ટેક્ષની રાતીપાઈ આપવી ન પડે. હું વર્ષોથી કહી રહ્યો છું કે દેવદ્રવ્યના પૈસા તરત જ ખર્ચી નાખવા જેવા છે. જો શ્રી સંઘ સંઘ હોત તો આવી પરિસ્થિતિ આવત નહિં. તમે બધા સમજુ બની જાવ. પાપ વધી રહ્યા છે તે ઘટાડો. સાચા શ્રાવક બની જાવ. ધર્મ કરવા છતાં ય અધર્મ જ માથે પડે છે તેવી જે તમારી હાલત છે તેને ટાળો. આ સંસાર, સંસારનું સુખ, સંસારની સંપત્તિ ખોટી લાગશે તો પાપથી બચી શકાશે. સંસારનું સુખ અને તે સુખનું સાધન સંપત્તિ વહાલી લાગે છે માટે પાપ વધી ગયા છે. આવી દશાને ટાળો. તે માટે શું કરવું તે હવે પછી- ✻ ✻ ✻

# શ્રી મહાવીર સ્વામિ ભગવાનની દેશના

(શ્રી 'ઉપદેશમાલા' દોધટ્ટીમાંથી)

"ઉત્તમ મનુષ્ય જન્મ, ઉત્તમ ક્ષેત્ર, કુલ, નિરોગી-સંપૂર્ણ ઇન્દ્રિયવાળો દેહ, આદિ નિર્મલ ગુણોનો યોગ થયો હોય, યુગપ્રધાન ગુરુ સાથે સમાગમ પ્રાપ્ત થયો હોય ત્યારે મહાપ્રમાદનો, મોહનો, અજ્ઞાનનો ત્યાગ કરીને પંડિત પુરૂષો સંસારનો અંત કરનાર એવા ધર્મમાં ઉદ્યમ કરે છે. હે રાજન્! તું ઉદ્યમ કેમ કરતો નથી? ધર્મ એકઠાં કરેલાં પાપ કર્મના કાદવના પડલોનું પ્રક્ષાલન કરવામાં સમર્થ છે, તેમ શાશ્વત નિર્મલ મંગલ શ્રેણીની કળા ઉત્પન્ન કરનાર છે, ધર્મ કામધેનુ છે, અખૂટ નિધાન હોય તો ધર્મ છે, જીવોને ચિંતામણિ રત્ન છે, ધર્મ સ્વર્ગ અને મોક્ષના સમાગમ સુખને વગર શંકાએ સાચી આપનાર છે. તેમાં ઉત્તમ એવો ધર્મ પાંચ મહાવ્રતરૂપ છે જેમાં હિંસા નાની-મોટી, મન- વચન-કાયાથી બિલકુલ કરવાની હોતી નથી અને જે ધર્મ સાધુ જ આચરી શકે છે. બીજો પ્રકાર અણુવ્રતરૂપ છે, જે અનેક પ્રકારનો છે અને શ્રાવકોને કરવા લાયક છે. દરેક સમયે હંમેશ પ્રત્યાખ્યાન, દીનાદિકને દાન આપવાનો ઉદ્યમ કરવો. ગુરુના મુખે હંમેશા શાસ્ત્ર વ્યાખ્યાઓ- તત્ત્વોનું શ્રવણ કરવું. એકાગ્ર મનથી ક્રમપૂર્વક સદ્ધ્યાન કરવું,રાગ-દ્વેષ, હર્ષ-વિષાદ, ક્રોધ, વિકથા, કંદર્પ-કામ, અભિમાન, માયાદિક દોષોને દૂરથી વર્જવા. હંમેશા દાક્ષિણ્યાદિ ગુણો, દીક્ષાદિક રત્નોને મેળવવાં, પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરી કાર્યારંભ કરવો, શાસ્ત્રોનાં તત્ત્વોનું પરાવર્ત્તન કરવું, વળી કરૂણા યોગ્યમાં કારૂણ્ય કરવું, આ માર્ગ મોક્ષને યોગ્ય છે.'

❊ ❊ ❊

## પ્રભુ નામ શોધો.

અહિ ત્રણ ભુવનના નાથ જિનવરના ૨૪ નામો આપેલ છે. બતાવશો ?

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જિ | ને | ન્દ્ર | કા | અ | રિ | હં | ત | આ | ઈ |
| ને | જિ | ણં | દ | વિ | એ | પ | ર | મ | ત્મા |
| શ્વ | ઉ | મુ | નિ | ના | થ | ના | પ્ર | ભુ | જી |
| ર | ગુ | ણ | રા | શી | નિ | રં | જ | ન | ન |
| જ | ગ | તા | ર | ક | થ | જ | ગ | ના | થ |
| દે | વા | ધિ | દે | વ | પ | વ | દી | ર | જિ |
| અ | હિ | હા | ઈ | પ | ર | મે | શ્વ | ર | ન |
| જિ | ગું | દ | શ્વ | લ | મ | પ | ર | મે | ષ્ઠિ |
| તી | ર્થં | ક | ર | હ | દે | ચિ | દા | નં | દ |
| મ | વી | ત | રા | ગ | વ | ભ | ગ | વં | ત |

જવાબ પાના ૧૪૭૭ પર

## પ્રભુ ભક્તિના બે લક્ષણો

જેના હૈયે પ્રભુ વસી ગયા છે તેના બે બાહ્ય ચિહ્નો હોય છે.

(૧) તે ભકતને ભગવાન થવાની ઈચ્છા હોતી નથી. બન્ને ભગવાન બની પરસ્પર સમાન બને તો ભકત કહે છે કે, 'પ્રભુના ચરણોમાં આળોટવાનું કાલીઘેલી ભાષામાં વહાલા સાથે વાતો કરવાનું, નાચવાનું, ગીતો ગાવાનું સૌભાગ્ય હણાઇ જાય. મોક્ષનો આનંદ શાસ્ત્રમાં ગમે તેવો વર્ણવ્યો હશે પણ ભક્તિનો આનંદ એથી પણ ઊંચો છે. તે કોઇ પણ હિસાબે છૂટે તેમ નથી.

(૨) ભકતને ભગવંતનો વિરહ ખૂબ સાલતો હોય છે. જે ક્ષણે પ્રિયતમ મનથી વેગળા થાય ત્યારે તેની આંખે વિરહના અશ્રુની ધાર વહેવા લાગે છે.

ભગવાન પોતાના ભકતને 'ભગવાન'થી જરાય ઓછો બનાવવા માંગતા નથી. ભક્ત કદી ભગવાન થવાનું ઈચ્છતો નથી. બે વચ્ચેનો આ ઝગડો (મીઠો) સદા ચાલ્યા કરે છે.

# મરીને પણ જીવવા દો!

પૂ. પં. શ્રી વજ્રસેન વિજયજી ગણિવર મ.

આર્યત્વની અસ્મિતા જાળવી જાણવા અને મરીનેય જીવવા દેવાનો સંસ્કૃતિ-સંદેશ સંસારને સુણાવવા એક રાજા કેટલી બધી હદે ન્યોચ્છાવરી કરવા તૈયાર થઇ ગયો, એની હૃદયંગમ પ્રતીતિ કરાવતી એક કહાણી, પૂણ્યથી પ્રીતિ અને પાપથી ભીતિ આ બે ગુણો રાજાથી માંડીને પ્રજા સુધીની જનતામાં કેવા વણાઇ ચૂકયા હતાં, એનું ભવ્ય-દર્શન પણ કરાવી જાય, એમ છે.

'જીવો અને જીવવા દો'ની સ્વાર્થસ્પર્શી સંકુચિતતાની સીમાને છેદીભેદીને, 'મરો પણ જીવવા દો'ના સમર્પણ-શાળી અસીમ આકાશને પોતાની પ્રચંડ-પાંખમાં સમાવતું એક સોહામણું પંખી છેઃ ભારતીય સંસ્કૃતિ! સંસ્કૃતિના આ સોહામણા પંખીને અંતરના આંગણે પાળીને પોષનારા અનેકાનેક વીરોએ જાતે જીવીને અન્યને જીવવા દેવાનું જ નહિં, પણ મરીનેય અન્યને જીવાડવાનું કપરુ કર્તવ્ય બજાવ્યું છે અને આ કર્તવ્ય બજાવતા બજાવતા કુરબાનીની કલમે એઓ શૌર્યભર્યો ઇતિહાસ આલેખી ગયા છે!

કરણીની કલમે, કુરબાનીના કંકુથી, કર્તવ્યની કિતાબમાં આવા ઇતિહાસને આલેખવાનો મુદ્રાલેખ ધરાવતો એક રાજા. નામ એનું રાણા વિક્રમસિંહ! કથનીથી પાણાનેય પાણી બનાવતો અને કરણથી વજ્રનેય વિદારતો એ રાજા એક દહાડો શૂળ રોગનો ભોગ બન્યો. એની આંખમાં શૂળ ઉપડી. પાણી વિના તરફડતી માછલીની જેમ મખમલની શય્યામાં રાજા તરફડી રહ્યો. વેદના આંખમાં ઉભરાતી હતી, પણ એની તીવ્ર અસર અંગે અંગ અનુભવી રહ્યા હતાં. ભાતભાતના ભોગ અનુભવતો રાજા વાતવાતમાં રોગી બને, પછી એની સેવામાં સજ્જ રહેનારા વૈદ્ય-હકીમોની વણઝાર થોડી જ અટકે! રાજ સેવામાં દિનરાત વૈદ્યોની વણઝાર ચાલુ જ રહેવા માંડી. પણ શૂળથી તરફડતા રાજાના આંખની આંસુધારા કોઇ રોકી શકયું નહિં! વૈદ્યોની વણઝાર વધવા માંડી, એમ વેદનાની રફતાર વેગ પકડવા માંડી! વેદનાના વેગમાં તણાતો રાજા દરેક વૈદ્યને પહેલી વાત એ કરતો કે, બીજાને મારીને મને જીવાડવાની જરૂર નથી, મારવા કરતાં તો મરવું ભલું!

વૈદ્યો કલાકોના કલાકો સુધી રાજાની નાડી પકડીને બેસતાં, પણ અંતે એમને રોગ અનાડી લાગતો. શૂળ ઉપડવાને દિવસો થયા. વેદનાના વધતાં જતાં વેગને રાજા જીરવી ન શકયો. અંતે બેહોશ બનીને પથારીમાં પડખા ઘસતો રહ્યો.

રાજાના રોગની વાત આસપાસ ફેલાતી ગઇ, એમ જાતને ધન્વંતરીનો અવતાર માનતાં વૈદ્યો આવતા ગયા. પણ શૂળના મૂળને કોઇ અડી પણ ન શકયું! પછી એને ઉખેડી નાખવાની તો વાત જ કયાં રહી?

રાજાને બેહોશ બનાવી દેનારા વેદનાના વેગને વિસર્જિત કરી દેવાની વાતથી વાતાવરણને સસ્મિત કરાવતો એક વૈદ્ય એક દહાડો આવી ચડયો, જાતને જીવાડવા અન્યને મારવા કરતા તો મરણને ભલું લેખનારો રાજા બેહોશ હતો. મંત્રીઓએ નવા વૈદ્યને કહ્યું, ગમે તે ભોગે રાજાને જીવાડો. આ વેદના અને આ વલોપાતભર્યા વલખા અમારાથી હવે જોયા જતાં નથી.

વૈદે નાડી જોઇને કહ્યું : રોગ અનાડી છે, માટે એને મારી હઠાવવામાં હિંસાનો હાથ જ સફળ નિવડશે. હિંસામાં તમારી 'હા' હોય, તો ઓસડિયા કાઢું. અહિંસક ઓસડિયાં આ શૂળના મૂળને મારી હઠાવે, એ અસંભવિત છે!

મંત્રી પરિવાર તો ગમે તે ભોગે રાજાને જીવાડવા માંગતો હતો. એણે હિંસામાં હકાર ભણ્યો અને વૈદરાજે ઔષધિની પેટી ખોલી. પેટી ખોલતાં ખોલતાં એણે કહ્યું : આરોગ્યશાસ્ત્રના અધિષ્ઠાતા અમારા ચરક ઋષિ અહિંસાના આશક હોવા છતાં એમણે મુખ્યત્વે આરોગ્યને આંખ સામે રાખીને જ વૈદકના ગ્રંથો લખ્યા હોવાથી નછૂટકે હિંસક ઔષધિનોય ઉલ્લેખ કર્યો છે. આયુર્વેદ અહિંસામાં માનનારું હોવા છતાં એમાં આવતાં કોઇ કોઇ હિંસક પ્રયોગો આખરી ઉપાય તરીકે નછૂટકે જ લખાયા છે. આ શૂળ માટેય આવો હિંસક પ્રયોગ કરવો પડશે. ઔષધિઓ તો મારી પાસે હાજર છે, ફકત એક જીવતા કબૂતરની જરૂર પડશે. એના માંસમાં આ ઔષધિઓ કાલવીને, આંખમાં આંજવાથી ગમે તેવું હઠીલું શૂળ પણ શાંત થઇ જાય છે.

વૈદરાજે ઓસડિયા કાઢયા, એટલામાં તો જીવતું કબૂતર હાજર થઇ ગયું. કબૂતરને ઉભું ને ઊભું ચીરીને એના લોહી-માંસમાં વૈદરાજે ઓસડિયા કાલવ્યા. લોહીનો આ લેપ શૂળથી તરફડતા રાજાની આંખે ચોપડવામાં આવ્યો અને બળતી પળે

આરામનં એંધાણીઓ કળાવા માંડી. થોડીક જ પળોમાં શૂળનું મૂળ જાણે ઉખડીને ફેંકાઇ ગયું. રાજા સ્વસ્થતા સાથે બેઠો થઇ ગયો. જાણે વર્ષો પૂર્વેની કોઇ ઝાંખી-સ્મૃતિ સતેજ થતી હોય, એમ એણે પૂછયું : મારી આંખમાં શૂળ ઉપડી હતીને? કોણે એને શાંત કરી હતી? અને કઇ દવાથી એ શાંત થઇ હતી?

હિંસાની હોળી દેખાઇ ન જાય, એ માટે એની પર રાખ છાવરવા જેવી ચૂપકીદી રાખવાનો સહુને ઇશારો કરીને મંત્રીએ કહ્યું : રાજાજી! અમારા પૂણ્યે આ વૈદરાજનો પ્રયોગ સફળ નીવડયો અને આપ નિરોગી બન્યા.

રાજાને તરત જ પોતાનો મુદ્રાલેખ યાદ આવ્યો. એણે કહ્યું : વૈદરાજ! મારીને જીવવા કરતાં જીવાડીને મરવું મને વહાલું છે. શૂળને શાંત કરનારા તમારા પ્રયોગે કોઇનો જીવ તો નથી લીધોને?

વૈદરાજે કહ્યું : મહર્ષિ ચરકને હું પૂજનારો છું. હિંસાનો 'હ' પણ લખતાં મારામાં કમકમાટી પેદા થાય છે. કોઇને માર્યા બાદ જીવવું, એ તો મરવાથીય વધુ કરૂણ દશાનું જીવન છે. રાજાજી! આપ નચિંત રહો.

રાજાને ચોતરફના વાતાવરણ પરથી એમ લાગ્યું કે મને ધૂતવાનો પ્રયાસ થઇ રહ્યો છે. કોઇ પંખી માતા પોતાના પંખી-પુત્રના ઝુંટવી લીધેલા જીવન-ધન કાજે ન્યાય માટે પોકાર પાડતી ચકરાવા લેતી હોય, એમ રાજાને લાગ્યું. એટલામાં તો લેપના લાલ રંગ તરફ રાજાની નજર ગઇ. એણે ત્રાડ નાખતા પૂછયું : મને લાગે છે કે હિંસાની હોળીને છાવરવા, દંભની રાખ ભભરાવાઇ રહી છે. પ્રયોગ જો પૂર્ણ અહિંસક હોય, તો પછી લેપની લાલાશ કોના ઘરની છે? ઓહ! અને પેલા ખૂણે પીંખાયેલા પીંછા કોના પડ્યા છે? સાચું બોલો : બીજાને મારીને હું જીવી નહિં શકું!

રાજાજી જાતે ઉભા થઇને ખૂણે પડેલાં પીંછા જોવા ચાલવા માંડ્યા. હિંસાની હોળી પરની રાખ ઉડી ગઇ. તાજા મારેલા કોઇ પંખીનો આર્તનાદ જાણે એ પીંછામાંથી નીકળી રહ્યો હતો. લોહી નીતરતા એ પીંછા જાણે પોકાર પાડતા કહી રહ્યા હતાં : રાજા! તેં તારી એક આંખ ખાતર મારી પાંખે-પાંખ પીંખી નાંખી. હું કબૂતર! હું પ્રેમભર્યું પારેવું! મારે પણ પરિવાર હતો. હું કોઇનો બાળ હતો, તો મારેય કોઇ લાલ હતો! હુંય પરિવારમાં પ્રિય હતો ને મારે કોઇ પ્રિયા હતી! ખોઇ-ખોઇને તારે તો એક આંખ જ ખોવી પડત. પણ મારા પરિવારમાંથી તો કોઇએ પિતા તો કોઇએ પુત્ર ગુમાવ્યો છે! તારી આંખ સાજી થઇ ગઇ, પણ મારી જીવનબાજી સંકેલાઇ ગઇ! એનું શું?

પોકાર પાડતાં પીંછા જોઇને રાજાનું અંતર શૂળ કરતાંય સો ગણી વેદના અનુભવી રહ્યું. મંત્રી પરિવારને હવે હકીકત કહ્યા વિના છૂટકો નહતો. વૈદરાજે- ભેદ-ભરમ ખોલી દીધા. રાજાએ વિચાર કર્યો : આ બધાને હવે ઠપકો દેવાથી શું? આ પાપનું પ્રાયશ્ચિત તો મારે પોતાને કરવું જ રહ્યું. એણે પોતાના પુરોહિતોને સાદ દીધો.

પુરાણોની પોથી સાથે હાજર થયેલા પુરોહિતોને રાજા વિક્રમસિંહે પૂછયું : કોઇના પ્રાણહરણના પાપનું પ્રાયશ્ચિત શું હોઇ શકે? શેહ કે શરમ રાખ્યા વિના વેદ-પુરાણની સાખે પ્રાયશ્ચિત બતાવજો. મેં આજે હત્યાનું પાપ બાંધ્યું છે! એક પારેવાના મેં પ્રાણ લૂંટી લીધા છે.

પુરોહિતો રાજાજ્ઞા સાંભળીને સન્ન થઇ ગયા. પ્રાણહરણના પાપના પ્રાયશ્ચિત તરીકે વેદ-પુરાણોમાં ધગધગતો સીસાનો રસ પીવાની આજ્ઞા હતી. આ સત્ય જાહેર કરીને રાજાના જીવનની જાજમ સંકેલવામાં નિમિત્ત કેમ બનાય? પણ અંતે જ્યારે રાજાએ તલવાર તાણીને પ્રાયશ્ચિત પૂછયું, ત્યારે પુરોહિતોએ વેદ-પુરાણની પોથી જ રાજાની સામે ખુલ્લી મૂકી દીધી. પુરાણનું એ પ્રાયશ્ચિત શિરસાવંદ્ય કરતાં રાજાએ પ્રજાને કહ્યું, 'જીવો અને જીવવા દો' આ સંસ્કૃતિ- સંદેશથીય આગળનો 'મરીને પણ જીવવા દો'નો સંદેશ જાળવવા મરી ફીટજો, ફના થઇ જજો અને કર્તવ્યની વેદી પર વધેરાઇ જજો!!

પ્રજાના મુશલધાર આંસુ રાજાને પીગળાવી ન શક્યા. ધગધગતો સીસાનો રસ સરબતની જેમ એઓ ગટગટાવી ગયા! સીસાનો ઉકળતો રસ પી જઇને પ્રાયશ્ચિત અદા કરવાનું પરાક્રમ અને પાપ પ્રત્યેની પારાવાર ભીતિ દાખવી જનાર રાજા વિક્રમસિંહના વંશજો ત્યારથી 'સીસોદિયા' કહેવાયા!

પાપના અંશ તરફ તીવ્ર તકેદારી રાખનારા વંશને મળેલ 'સીસોદિયા' આ નામ પાછળ સંતાયેલો સંસ્કૃતિ- સમર્પણનો આ ઇતિહાસ કેટલો રમ્ય અને રોમાંચક છે! આવા ઇતિહાસને કથની જ નહિં, કરણીની કલમે કંડારી જનારા વિક્રમ જેવા સિંહો, જ્યારે ફરીથી સંસ્કૃતિનો સંદેશ લઇને પુનરાવતાર પામશે, ત્યારના ઘડી-પળ, વિકૃતિના યુગોના યુગને ભૂંસી નાખીને, ભારતને એની પોતાની ભાતીગળ ભવ્યતા આપવાનું સોણલું સત્ય નહિં કરી શકે શું?

● ● ●

# કુવલયમાળા માંથી

**ક્રોધજય**

જો કોઇ અજ્ઞાની આત્મા આક્રોશ કરે તો તેમાં લાભ છે એમ માનવું, કારણ કે મહામોહથી મૂઢ મનવાળો તે મને મારતો નથી એટલો તે ભલો છે. કદાચ મારે તો પણ મુનિએ તેને લાભ જ માનવો, કારણ કે એ દયા વગરનો મને કશાથી પ્રહાર તો નથી કરતો. કદાચ તે અજ્ઞાની બાળક જેવો કશાથી પ્રહાર કરે તોપણ લાભ જ માનવો, કારણ કે એ અવિવેકી મારો પ્રાણવિયોગ તો નથી કરતો. કદાચ પ્રાણવિયોગ કરે તો પણ લાભ જ માનવો, કારણ કે તે ભલે મારા દ્રવ્યપ્રાણનો વિયોગ કરે, પણ ભાવપ્રાણ રૂપી મહાવ્રતોનો તો નાશ કરતો નથી ને ? આમ ડાહ્યા પુરુષે પૂર્વાપર લાભ ચિંતાવવા અને પ્રભુઆજ્ઞાથી ક્રોધ એ ભયંકર ફળ આપનાર છે એમ વિચારવું.

**માનજય**

એવી રીતે માન પણ ન કરવું અને સંસારમાં એવી ભાવના ભાવવી કે પહેલાં આ રિદ્ધિવાળો હતો ત્યારે હું લાંબા કાળ સુધી દુઃખી અને દરિદ્ર હતો. આ ચતુર હતો ત્યારે હું લોકમાં અજ્ઞાની હતો. આ જ્યારે સ્વરૂપવાન હતો ત્યારે હું દેખાવ વગરનો હતો. આ જ્યારે ઉત્તમ કુળમાં હતો ત્યારે હું ચંડાળકુળમાં હતો. આ જ્યારે બળવાન હતો ત્યારે હું નિર્બળ હતો. આ જ્યારે તપસ્વી હતો ત્યારે હું દીર્ઘ સંસારમાં કયાંક હોઇશ. આ ઘણું મેળવતો હતો ત્યારે હું બીજાથી ઠગાતો હતો.

સંસારમાં મનોહર કુંડળ, પુષ્પની માળા અને રત્નથી શોભાયમાન દેવ થયા પછી તે જ દેવ વળી અશુચિમાં કીડા રૂપે ઉત્પન્ન થાય છે. ભવ પરંપરામાં કર્મયોગે લાંબો કાળ કીડો થઇને તે જ વળી સ્વર્ગમાં વજ્ર ધારણ કરનાર ઇન્દ્ર પણ બને છે. સંસારમાં એવો કોઇ જીવ નથી કે જે દુઃખ નથી પામ્યો. પોતે કરેલા કર્મોને યોગે દુઃખ ન પામ્યો હોય તેવો કોઇ નથી. આ પ્રકારના અસાર, અસ્થિર ગુણસંયોગ જાણીને તારામાં તે એવા કયા વધારે ચડિયાતા ગુણો છે કે જેથી તું અભિમાન ધારણ કરે છે ?

**માયાજય**

પંડિત પુરુષોએ નિંદેલી એવી માયા કરીને પોતાના જેવા બીજા આત્માને શા માટે પાપમાં મૂઢ બની ઠગવો જોઇએ ? જેમ પોતાને કોઇ ઠગે તો ભયંકર દુઃખ થાય તેમ બીજા માટે પણ તારે વિચારવું જોઇએ અને ઠગવું તે પાપ છે એમ સમજવું જોઇએ. કદાચ તું ન ઠગે, પણ કપટ કરવાના સ્વભાવવાળો હોય તોપણ સર્પથી જેમ દરેકને બીક લાગે તેમ તારાથી પણ લોકો ભય પામે. માટે સર્વને દુઃખ કરનારી માયા તું ન કરતો આ પ્રમાણે માયાના દોષનો ખ્યાલ કરી સરળ ભાવની ભાવના કરવી.

**લોભજય**

એવી રીતે હૃદયમાં વિચારણા કરી લોભનો પણ ત્યાગ કરવો જોઇએ. પહેલાં મારી પાસે જુદા જુદા પ્રકારનું મોટા પ્રમાણમાં દ્રવ્ય હતું. વૈડુર્યરત્ન, પદ્મરાગરત્ન, કર્કેતન, મરકતમણિ મારી પાસે ઘણાં હતાં. પરંતુ અવશપણે મારે તે ત્યાગ કરવાં પડ્યાં. જો ફરી ધર્મ કરીશ તો તે રત્નો તને સ્વાધીન થશે. અને જો પાપમાં આનંદ પામીશ તો આ રત્નો તારા ભાગ્યમાં નથી. ચક્રવર્તિ નવનિધિવાળું સમગ્ર રાજ્ય ભોગવે છે તે દેખી તારું પાપચિત્ત કેમ દુભાય છે ? તું પણ ધર્મ કર કે જેથી તેના જેવી રિદ્ધિ તને પણ મળે પણ જો તું પારકાના વૈભવથી જંખવાણો પડી જશે તો તને રાત્રે નિંદ્રા પણ નહિ આવે. મને વૈભવ પ્રાપ્ત થશે એવી આળપંપાળ ન કર. પૂર્વે કરેલાં કર્મનો નાશ થતો નથી અને પુણ્ય ન કર્યાં હોય તેને સંપત્તિ નથી. હવે તું એમ વિચારે કે ભોજન, વસ્ત્ર વગેરે કેવી રીતે મળે છે ? તો તેમાં પૂર્વે કેટલાં કર્મ અનુસાર

સમગ્ર લોકને ફળ મળે છે. સ્ત્રીવર્ગમાં પણ આવી કહેવત પ્રગટપણે સંભળાય છે કે 'જેણે કેડ આપી તે મને વસ્ત્ર પણ આપશે.' જેણે હંસોને શ્વેત કર્યા છે તેણે જ ચીતરેલાં સુંદર પીછાં બનાવ્યાં છે. તે જ મને ભોજન આપશે. અન્ન ખાનાર ઘાસ ચરવા જવાનો નથી. માટે નકામી વિચારણા કરી લોભ ન કર. જિનવચન અને સંતોષથી લોભને હણી નાખ.

**મોહજય**

મોહના પ્રતિપક્ષ માટે સુવિહિતોએ આમ વિચારવું જોઈએ કે અશુચિ અને મલમૂત્રની ક્યારી સરખી નારીમાં કોણ આનંદ પામે ? અશુચિ, દુર્ગંધથી બીભત્સ અને ઘણા લોકોથી ત્યાગ કરાયેલી સ્ત્રી સાથે જે સંગ કરે તે મૂર્ખ છે. હવે અને બીજે ક્યાં વૈરાગ્ય આવશે ? જે જે ગુપ્ત સ્થાનો સ્ત્રી દેહમાં છે તેને સુજ્ઞ લોકો અસુંદર ગણે છે. પરંતુ મૂઢને તે જ રમ્ય લાગે છે. ખરેખર, તેને ઝેર પણ મધુર લાગે છે. જે વારંવાર શ્વાસ શરૂ કરે, કંપે, નયન બીડી દે, સહન ન થાય તેમ કરે, મરવાનાં બધાં ચિહ્નો બતાવે તોપણ મૂઢાત્માઓ તેનાથી વૈરાગ્ય પામતા નથી અને એને રમણીય માને છે. લોકોમાં લજ્જાસ્પદ તેમ જ ડાહ્યા પુરુષોએ નિંદેલી અશુચિ હોવા છતાં શૂરવીર પુરુષ જે ક્રીડા કરે છે તે પાપાશક્તિથી સમજવી. જો સમુદ્રને બિન્દુઓની ગણતરીથી માપી શકાય તો જ કામરાગથી જગતમાં તૃપ્તિ થાય, એમાં સંદેશ નથી. કાષ્ઠઈન્ધનો અને ઘાસથી અગ્નિને તૃપ્તિ થાય તો જ કામથી જીવોને તૃપ્તિ થાય એ નિઃસંદેહ વાત છે. ઊંચા, પુષ્ટ, કઠણ સ્તનભારથી નમી ગયેલા શરીરના મધ્યભાગવાળી દેવાંગના સાથે હું દેવલોકમાં ઘણું રમ્યો, છતાં સંતોષ ન થયો. મનુષ્યયોનિમાં પણ ઉત્તમ અને મધ્યમ સ્ત્રીઓ સાથે અનેક વખત રમ્યો છતાં આ રાંક જીવને સંતોષ નથી. આ પ્રમાણે હે જીવ ! આ અશુચિ સંબંધવાળા મોહને છોડ અને સુખપરંપરાના કારણભૂત જિનેશ્વર ભગવંતની આજ્ઞાનો વિચાર કર. અહીં ક્રોધ, માન, માયા, લોભ અને મોહ સેંકડો દુઃખના આવાસ રૂપ છે. તે માટે પ્રભુની આજ્ઞા છે કે સર્વથા તે સર્વનો ત્યાગ કરવો.''

## જીવનનાં ભયસ્થાનો

એક દિવસ કલકત્તા શહેરની ધોરી-નસ જેવો હાવરા પુલ તૈયાર થઈ ગયો. એના ઉદ્‌ઘાટન અંગેની તાડામાર તૈયારીઓ ચાલવા લાગી. પુલનું બાંધકામ કરનાર મુખ્ય ઈજનેર ભારતીય હતો.

રાજે અંગ્રેજ ઓફિસરના હાથે ''ઓપનિંગ'' થવાનું હતું. ભારતીય ઈજનેરના આનંદની કોઈ સીમા ન હતી; કેમ કે આ પુલના બાંધકામને તે પોતાના જીવનની એક અનોખી સિદ્ધિ માનતો હતો. સમયસર અંગ્રેજ ઓફિસર આવી ગયો. 'ઓપનિંગ' કરવાની વિધિ પતી જતાં પુલની અધવચમાં ઊભા રહીને અંગ્રેજ ઓફિસરે ઈજનેર સાથે વાતો કરવાનું શરૂ કર્યું. તેમાં તેણે પૂછ્યું કે-પુલના બે કટકાને સાંધતો ભાગ (સંધાન- સ્થાન) કયાં છે ?

મુખ્ય ઈજનેર સિવાય આ ભેદ કોઈ ન જાણે. નહિ તો જો શત્રુને તેની ખબર પડી જાય તો તે જગાએ એક જ બોંબના મારાથી આખા પુલના સીધા બે કટકા થઈ જાય.

ઈજનેરે તે સંધાન-સ્થાન બતાવતાં કહ્યું, ''આ રહ્યો તે ભાગ'' અને... એકાએક રિવોલ્વરની ગોળિઓ ઉપરા-ઉપરી છૂટી. ઓફિસરે ઈજનેરને ત્યાં ને ત્યાં જ મારી નાખ્યો.

સંધિ-સ્થાનને જાણતો ઈજનેર જ કાલે ફૂટી જાય તો ? એ ભયથી સ્તો.

(આપણા જીવનમાં ય ન જાણે આવાં જોખમી સ્થાનો, નબળી કડીઓ કેટલીય હશે, કે જે સમય જીવનને વેરવિખેર કરીને ખતમ કરી શકતી હોય !)

– પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિજયજી મ.

(ટચૂકડી કથાઓમાંથી)

# વલોપાત દુર્જનનો

- પ્રજ્ઞાવિ

મેઘકુમારે શ્રી ચરમ તીર્થપતિ પાસે અસાર એવા ઘોર સંસારનો છેદ ઉડાડનારો ધર્મ સાંભળ્યો. આવીને માતા પાસે વીરવાણીની વાતો કરી. માતા આનંદમાં આવી બોલ્યા, બેટા! તું ધન્ય છે, કૃતપૂણ્ય છે.

ક્ષણ બે ક્ષણ-ઘડી બે ઘડી પછી મેઘકુમાર બોલ્યા હે માતાજી, મારે દીક્ષા લેવી છે. દીક્ષાનો ધ્વનિ સાંભળતાં જ જાણે માથે આભ ફાટયું. કાળાપાણીની સજા થઇ એવી સ્થિતિ- પરિસ્થિતિ સર્જાયી.

મેઘકુમારની માતા પછડાટ ખાઇને પડી (પણ વાગ્યું નથી) વલય તૂટી ગયા, મોતીના હારની સેરો તૂટી ગઇ, બેશુદ્ધ બની ગયા.

પણ આ વખતે મેઘકુમાર રાગમાં તણાઇ જાય તો શું પરિણામ આવે?

દાસીઓએ કેટલા કાળ સુધી પંખો વીંઝયો, પવન નાંખ્યો, બાવનાચંદનના લેપ કર્યા, છંટકાવ કર્યો, કેટકેટલાય યત્ન- પ્રયત્ન કર્યાં ત્યારે માંડ માંડ કળ વળી, સહેજ આંખ ઉઘાડી દીકરા સામે જોયું.

દીકરો અડીખમ ઉભો છે. દઢ મનોબળે સઘળું નાટક જોઇ રહ્યો છે. માતા ફરી પાછા પછડાયા. (કૃત્રિમ) પછડાટ ખાઇને બેસીને સુવે છે. સહીયરોને દૂર ખસેડી નાંખે છે. વલોપાત કરતાં આમતેમ તપાસીને આળોટે છે. કદાચ મને ન વાગી જાય.

આવી દુર્દશામાં પણ સંયમનો વિચાર ઢીલો થાય ખરો? ના મેઘકુમાર જરીયે કરતાં નથી. અનાદર વગર બની શકે નહિં.

**"વિષયાસકતનું વિષપણું જો અંતઃકરણમાં વસેલું ન હોય તો કેવી દુર્દશા થાય?"**

પહેલાંના કાળમાં અને આજના કાળમાં અહીં ફેર છે. માતા રૂદન કરે. આક્રંદ કરે, માથા પછાડે, કપડાં ફાડી નાખે, ધૂણવા મંડે તો દિક્ષાર્થી ઢીલો પડે. સ્વજન કુટુંબ પરીવાર તૂટી પડે પણ અહીં મેઘકુમાર મજબૂત છે.

એ અવસરે માતા ધારણીને એ શબ્દો ઇચ્છતાં નથી, છતાં રજા આપી વરઘોડો ચઢાવીને ભગવાન પાસે લઇ ગયા. દીક્ષાની ક્રિયા વખતે રૂદન, આક્રંદ, વિલાપ અને મોતીના દાણા જેવડા આંસુઓ મુકતી માતાને જોઇને ભગવાન મહાવીર સ્વામીએ કઇ રીતે દીક્ષા આપી? જરા પણ દયા નહિં.

ત્યારે કહેવું પડે કે એક ઉંદરને છોડનારો બીલાડીના વલખાને કીંમતી નથી ગણતો. બીલાડીના હાથમાં આવેલો ઉંદર છટકી ગયો તે વખતે બિલાડી વલખા મારવામાં કાંઇ કેટલું બાકી રાખે? તમે ઉંદરની જીંદગી સામે જૂઓ કે બિલાડીના વલખાં સામું જૂઓ? બીલાડી જમીન પર કેવા નહોર ભરે? ઉંચી નીચી કુદે? આમ તેમ પડે, ધમપછાડા કરે છતાં છોડનારની નજર બીલાડી તરફ નથી પણ ઉંદરડાના જીવ તરફ મીંટ માંડીને બેઠી હોય છે. વલખા તરફ આંખો સ્થિર કરી હોય તો ઉંદર બચી શકત ખરા? ના હરગીઝ નહીં.

એક દ્રવ્યદયા ખાતર અત્યારે ઊંદરને બચાવ્યો. એક ક્ષણના ઊંદરના પ્રાણમાં આટલું લક્ષ્ય છે એથી જ બિલાડીના ધમપછાડા ધ્યાનમાં લેવાયા નથી તેમ શ્રી વીરપ્રભુ એક જીવને સંસાર સાગરમાંથી કાઢવા માંગે છે. સંસારના જીવને કુટુંબીઓ ચાહે છે. આ અમારૂં પોતાનું પેટ ભરનારો, પોષણ કરનારો, વૃદ્ધપણામાં પાલનારો, આવા વચનો બોલી બોલી વલખાં મારે. તો પણ બીલાડી પોતાના પેટ માટે વલખાં મારે છે એવી રીતે દિક્ષીતના કુટુંબીજનો દીક્ષિતના જીવ માટે વલખાં નથી મારતા પરંતુ અમારે નભાવવું કેમ એના માટે વલખાં મારે છે ? બીલાડી પોતાનું ગાય છે ઉંદરનું નથી ગાતી તેમ સ્વજનો માત્ર પોતાનું ગાય છે દીક્ષાર્થીનું નથી ગાતા.

ખરેખર તો મનુષ્યપણું હારી ગયા, પાપની પોટલીઓ બાંધી તેની હાય હાય કરવી જોઇએ, મર્યા પછી પણ શું થશે તેની તપાસ કરવી જોઇએ.

દ્રષ્ટ તમાંથી શું વિચારવું? તપાસ્યું શું? સાવ બીજાનું સત્યાનાશ કાઢે પણ પોતાનું કામ કાઢી જાય એવા સ્વાર્થી આપણે બનવું છે? આવા સ્વાર્થીઓની ભગવાને દયા કે ચિંતા નથી કરી. હૃદયોલ્લાસે દીક્ષા આપી એક જીવને તાર્યો છે.

દુર્જનના સંગમાંથી છોડાવ્યો છે. સજ્જન બનાવ્યો છે. દુર્જનના સંતોષને પોષવાનું કામ ક્યારેય સજ્જનો કરતાં નથી અને જો કરે તો માનવું કે સજ્જન એ સજ્જન નથી પણ સફેદ કપડામાં રહેલો મહાદુષ્ટ દુર્જન છે. આવા દુર્જનોનો પડછાયો લેવો એ પણ મહાપાપ છે.

# સાચું શું ? શોધી જાણો

*(૧) સૂર્યોદય થી ૪૮ મીનીટે આવનાર તપનું નામ શું ?*

(૧. નવકારશી ૨. મુઠસી ૩. ગંઠસી)

*(૨) એક વાર એક આસને બેસી ભોજન કરવું તે તપનું નામ શું?*

(૧. બેયાસણું ૨. એકાસણું ૩. પુરિમુઢ)

*(૩) પાણી સિવાય અન્ન આહારનો ત્યાગ તે તપનું નામ ?*

(૧. ઉણોદરી ૨. ઉપવાસ ૩. પોરિષી)

*(૪) સૂર્યોદયથી ૧ પહોરે આવનાર તપનું નામ ?*

(૧. પોરિષી ૨. ગંઠસી ૩. નીવી)

*(૫) બે વાર એક આસને બેસી ભોજન કરવું તે તપનું નામ ?*

(૧. પાણાહાર ૨. ચોવીહાર ૩. બેયાસણું )

*(૬) પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન કરવું, તે ૬ તપનું નામ ?*

(૧. અભ્યંતર તપ ૨. સાઢ પોરષી ૩. બાહ્ય તપ)

*(૭) એકવાર એકઆસને બેસી બાફેલું વાપરવું તે તપનું નામ ?*

(૧. એકાસણું ૨. આયંબીલ ૩. નવકારશી)

*(૮) સૂર્યોદયથી બરોબર મધ્યાન્હે આવનાર તપ કયું ?*

(૧. સાઢ પોરષી ૨. પુરિમઢ ૩. તિવિહાર)

*(- જવાબ : ૧૪૬૯ માં પાને)*

**પ્રભુ નામ શોધો - જવાબ : ૧૪૭૧ નો**

જિન, અરિહંત, ઈશ્વર, તીર્થંકર, ભગવંત, જિનેશ્વર, દેવાધિદેવ, જગદિશ્વર, જગતારક, ચિદાનંદ, અરિહા, વીતરાગ, પરમેશ્વર, પરમાત્મા, પરમદેવ, નિરંજન, પરમેષ્ઠિ, જગનાથ, પ્રભુજી, અવિનાશી, ગુણરાશી, મુનિનાથ, જિણંદ, જિનેન્દ્ર.

દયા ધર્મનું મુળ છે. ॥ શ્રી મહાવીરાય નમઃ ॥ જીવદયા જીવનનું અમૃત છે.

Trust Act Reg. No. E-379 Kachchh

# શ્રી જીવદયા મંડળ - રાપર

**સ્થાપના સંવત ૨૦૨૮**


-: હેડ ઓફીસ :-
લોહાણા બોર્ડીંગ સામે, પોસ્ટ બોક્સ નં. ૨૩
મુ. રાપર-કચ્છ. પીન ૩૭૦૧૬૫
ફોન : (૦૨૮૩૦) ૨૨૦૦૪૦
પ્રમુખ : ઓ. ૨૨૦૦૭૯ માનદ મંત્રી ૨૨૦૦૭૭

શાખા :- (૧) પાબુસરી વિભાગ
ડાભુંડા રોડ, ફોન : ૨૮ ૦૫૧૭
(૨) બકના વિભાગ
ત્રંબો રોડ, પાંજરાપોળ વિ
ફોન : (૦૨૮૩૦) ૨૮ ૩૧૩


## શ્રી જીવદયા મંડળ (સંચાલિત) રાપર પાંજરાપોળને મદદ માટે નમ્ર અપીલ

સુજ્ઞ જીવદયાપ્રેમી ભાઈશ્રી, સવિનય પ્રણામ !

જીવદયાના ઉમદા ઉદ્દેશથી શ્રી જીવદયા મંડળ-રાપરની સ્થાપના ૧૯૭૨ની સાલમાં કરવામાં આવેલ. આપ સૌનો અનન્ય સહયોગથી બરાબર ૩૦ વર્ષથી કચ્છના વાગડ વિસ્તારમાં અવિરતપણે કાર્ય કરતી આ સંસ્થા હાલે ૪૨૦૦ પશુઓ નિભાવ કરી રહેલ છે. પશુ સંખ્યા અને સગવડની દ્રષ્ટિએ સમગ્ર ગુજરાતની મુખ્ય પાંજરાપોળનું સ્થાન ધરાવે છે. જેના પરિણામ સ્વરૂપ તાજેતરમાં જ તા. ૬/૧૦/૦૨ના રોજ શ્રી ગૌસેવા આયોગ ગુજરાત રાજ્ય તરફથી રાજ્યભરની બેસ્ટ પાંજરાપોળનો એવોર્ડ પણ મેળવી શકી છે. ગમે તેટલી મોટી સંખ્યામાં પશુઓ હોય તો પણ સંસ્થાને દરવાજેથી એક પણ પશુને પાછું ન મોલકતાં સંસ્થામાં દાખલ કરવામાં આવે છે. રાપર વિશાળ તાલુકો હોવાથી કાયમને માટે ખૂબ મોટી સંખ્યામાં પશુઓ આવે છે.

છેલ્લા ૪ વરસમાં વાવાઝોડું, દુષ્કાળ, ધરતીકંપ જેવી કુદરતી આફતોને લઈ સેવાનું કાર્ય કરતી આ સંસ્થાને નિભાવ ફંડમાં તોટો પડતો હોવા છતાં પોતાનું કર્તવ્ય બજાવી રહી છે. આર્થિક ખેંચને લઈ છેલ્લા ૪ વર્ષમાં ફોટો યોજના તિથિ તેમજ વાડ વિકાસ વિ. ખાતાની તમામ બચતો વપરાઈ ચૂકી છે. તેમ છતાં જીવદયાનું આ કાર્ય નિરંતર ચાલુ છે. ધરતીકંપમાં ૬૫ લાખનું નુકશાન અને કાયમ વધારે પ્રમાણમાં રહેતી પશુ સંખ્યાથી નિભાવ ખર્ચનો ભાર ઉપાડી સંસ્થા આર્થિક મુશ્કેલીમાં મુકાઈ જાય છે. હાલે આ સંસ્થા ઉપર ૪૨૦૦ પશુઓના નિભાવની જવાબદારી છે. અને દાતાઓ તરફથી મળતું દાન એ જ એક માત્ર આધાર છે. તેથી મોટી સંખ્યામાં પશુઓને સાચવતી અમારા જેવી સંસ્થાઓ થાકી ન પડે તે માટે તેને સારી રકમનું દાન આપી ટકાવવી ખૂબ જરૂરી છે. લાચાર હાલતમાં તરફડતાં પશુઓ જીવન ટકાવવા હમેશાં માનવ તરફ જ મીટ માંડે છે.

શ્રી સંઘોના તમામ ટ્રસ્ટીશ્રીઓને પણ ખાસ અપીલ કરીએ છીએ કે એક સરખી રકમને બદલે પશુ સંખ્યા તેમજ જરૂરીયાતના ધોરણે જીવદયાની રકમની ફાળવણી કરશો. અમારો દ્રઢ સંકલ્પ છે કે કોઈપણ સંજોગોમાં પશુઓ કતલખાને ન જવાં જોઈએ. આપના દિલમાંથી અનુકંપાનો ધોધ વરસાવી અબોલ-લાચાર જીવોને ઉગારી લેવા ઉદારતાપૂર્વક સહકાર આપશો. આપનું દાન અને અમારી મહેનત બંનેની કસોટી છે. આવો આપણે સહુ સાથે મળીને સાચા અર્થમાં જીવદયાનું પરમ પુણ્ય બાંધીએ.

- આપના દાનની રકમ મોકલવા ઉપર મુજબના એડ્રેસ પર સંપર્ક કરશો એ જ વિનંતી...
- સંસ્થાનું ખાતું દેના બેંક-રાપર, દાદર તથા થાણા શાખામાં "શ્રી જીવદયા મંડળ-રાપર"ના નામે છે.
- રૂા. ૫૧૦૦૦/-ની રકમ મોકલનાર દાતા, સંસ્થા કે સંઘનું નામ વીડ વિકાસ યોજનાના શિલાલેખમાં લખવામાં આવશે.

આપના તરફથી મળતું દાન ઈન્કમટેક્ષમાં ૮૦ જી મુજબ કરમુક્ત છે.

**સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી**

લિ.
**મહેતા વેલજીભાઈ ઈંદરજી - પ્રમુખ**
શ્રી જીવદયા મંડળ - રાપર - કચ્છ ફોન : ૨૨૦૦૭૯

**જીવદયા માટે આપની દુકાન, પેઢી કે ઓફિસમાં દાનપેટી રાખીને આપ આ સંસ્થાને ઉપયોગી થઈ મદદ કરી શકો છો.**

# સમાજ હિતચિંતક બુદ્ધિમાનોએ વિચારવા યોગ્ય જાતીય શિક્ષણ અંગેના માઠાં પરિણામો !

હાલ માં અતિ દુ:ખદાયક એવો કળિયુગ પ્રવર્તી રહ્યો છે, આગ ળ વધી રહ્યો છે ને જામી રહ્યો છે. એના જ પ્રતાપે લોકોની સ દ્બુદ્ધિ (વિવેકબુદ્ધિ) વિનાશ પામી રહી છે અને કબુદ્ધિ વૃ દ્ધિ પામી રહી છે. વધતી જતી કુબુદ્ધિના પ્રભાવે જે સાચું, સારું ને હિતકર છે તે ખોટું, ખરાબ ને અહિતકર લાગે છે, જ્યારે જે ખોટું, ખરાબ ને અહિતકર છે તે સાચું, સારું ને હિ તકર લાગે છે.

પ્રવ ર્તી રહેલા કળિયુગના પ્રતાપે અને લોકોના દુર્ભાગ્યે સાચી, સ ારી ને હિતકર બાબતોનો પક્ષપાતી વર્ગ દિન-પ્રતિદિન ઘટી રહ્યો છે અને ખોટી, ખરાબ ને અહિતકર બાબતોનો પક્ષપાતી વર્ગ વધી રહ્યો છે.

आहार निद्रा भय मैथुनं च, सामान्यमेतत्पशुभिर्नराणाम्।
धर्मो हि ते षामधिको विशेषो, धर्मेण हीनाः पशुभिस्समानाः

ભા વાર્થ : આહાર કરવો, નિંદ્રા કરવી, ભય પામવો અને મૈથુ ન (સેકસ) સેવન કરવું આ ચારેય બાબતોમાં માનવોની ને પશુઓની સમાનતા છે. એમાં માનવ-પશુ વચ્ચે કોઈ ભેદ નથી. માનવોમાં રહેલો ધર્મ (વિવેક) જ માનવોને પશુઓથી જુદા પાડી બતાવે છે. જે માનવો ધર્મરહિત છે તેઓ પશુઓની સમાન છે, અર્થાત માનવના રૂપમાં પશુ છે.

આ હાર, નિંદ્રા, ભય અને મૈથુન આ ચારને 'સંજ્ઞા' કહેવાય છે. આ ચાર સંજ્ઞા સાથે લઈને જ જીવો જન્મે છે. આત્મામાં પરેલા ભવોભવના અનાદિકાલીન સંસ્કારોના બળે જીવો ને જન્મતાંની સાથે જ વગર શીખવ્યે જે આવડી જાય છે એ નું જ નામ સંજ્ઞા છે.

મા તાના સ્તનને મોઢામાં લેવું અને એને દબાવીને એમાંથી દૂધ કાઢીને પીવું-ગળા નીચે ઉતારવું આવું શિક્ષણ ગલુડિયાઓને આપવાની જરૂર પડતી જ નથી. નિંદ્રા કેમ કરવી, ભયભીત કેમ થવું અને મૈથુન સેવન કેમ કરવું એવું શિક્ષણ પણ જીવોને આપવાની જરૂર પડતી નથી.

પાણીમાં કેમ તરવું એવો ઉપદેશ કે એવું જ્ઞાન માછલીને આપવાનું હોય જ નહિ. એ એને શીખવવાનું હોય જ નહિ. તરવાની તાલીમ એને માટે જરૂરી નથી, કેમ કે એને માટે એ તદ્દન સ્વાભાવિક બાબત છે. એવી જ રીતે અનાદિકાળથી મૈથુન સંજ્ઞાથી ઘેરાયેલા જીવોને માટે જે એ તદ્દન સ્વાભાવિક બાબત છે અને જે બાબત અજ્ઞાન પશુ પંખીઓને પણ શીખવવી પડતી નથી એવી બાબત જેને બુદ્ધિ મળી છે અને જેનામાં વય પ્રાપ્ત થતાંની સાથે કુદરતી રીતે જ સૂઝ-સમજ આવી જાય છે એવી માનવજાતને તો જાતીયતાની બાબત શીખવવી પડે જ નહિ, શીખવવાની હોય જ નહિ. આમ છતાં એના શિક્ષણના અભાવે જાતજાતનાં શારીરિક નુકશાનોનો અનુચિત ને અનર્થકારી એવો કાલ્પનિક હાઉ ઊભો કરીને માનવસેવા (ભલાઈ) ના સુંવાળા ઓઠા નીચે જાતીય શિક્ષા એટલે કે પ્રજનન અંગેનું સર્વથા અનર્થકારીને અહિતકર શિક્ષણ આપવાની વાતો વેગ પકડતી જાય છે ત્યારે સમાજ હિતચિંતક બુદ્ધિમાન પુરુષોએ ગંભીરતાથી ગહન રીતે એનાં ખતરનાક પરિણામો જાણી લેવા જરૂરી છે.

સ્વાદના રસિયાઓ દ્વારા ભોજનની કોઈ એક નવી સ્વાદિષ્ટ વાનગી શોધી કાઢવામાં આવી હોય અને એ વાનગી બનાવવાની રીત જ્યારે ખાન-પાનનાં શોખીન સ્ત્રી-પુરુષોને શીખવવામાં આવી રહી હોય ત્યારે ખાવા-પીવાનો રસ આરોગ્યને હાનિકર્તા છે, શરીરને રોગી બનાવનાર છે, સુખદાયક તો ખાન-પાન અંગેનો સંયમ જ છે એવું જાણવા અને અનુભવવા છતાંય નવી સ્વાદિષ્ટ વાનગી બનાવીને ખાવાની અને એના આસ્વાદ માણવાની લાલચને રોકવાનું ખાવા-પીવાનાં રસિયાઓ માટે અતિ મુશ્કેલ બની જાય છે.

જે વખતે માણસના શરીરમાં જુવાનીનાં ઘોડાપૂર ઉમટયાં હોય, જે વખતે જોબનિયું ફાટ ફાટ થતું હોય અને જે વખતે જાતને કાબૂમાં (સંયમમાં) રાખવાનું તદ્દન નિષ્પાપ હૃદયવાળાં કુલીન સ્ત્રી-પુરુષોને માટે પણ મુશ્કેલ બન્યું હોય તેવા વખતે જ માણસને પ્રજનન (જાતીયતા-સેકસ) સંબંધી શિક્ષણ આપવામાં આવે ત્યારે સમાગમ સુખનો શરીર દ્વારા જાત-અનુભવ કરવાની લાલચને રોકવાનું સમજદાર, સુસંસ્કારી ને દૃઢ મનોબળવાળાં સ્ત્રી-પુરુષોને માટે પણ અતિ મુશ્કેલ બની જાય એમાં આશ્ચર્ય નથી.

યોગ્ય વયને પામ્યા પછી અને લગ્ન બાદ જ જે જાતીય સુખનો અનુભવ કરાય છે તેનો અનુભવ કરવાનું યોગ્ય વયને પામતાં પહેલાં અને કુમારાવસ્થામાં જ શરૂ થઇ જાય તેથી કુમારો ને કુમારિકાઓનું કૌમાર્ય લગ્નજીવન પૂર્વે જ ખંડિત થઈ જાય.

અનાદિકાળથી ચાર સંજ્ઞાઓથી ઘેરાયેલા જીવો મૈથુન સેવન તો કરવાના જ છે. એમાં માણસને માટે ખૂબ મહત્ત્વની બાબત તો લાજ-મર્યાદા જળવાય એ છે જાતીયતા સંબંધી શિક્ષણ તો માર્ગના ઢાળ સમાન છે. માર્ગનો ઢાળ પગ-પૈડાંની ગતિને અનિયંત્રિત બનાવે છે. આજની નિયંત્રણ (અંકુશ) વગરની જુવાની એ માનવ-જીવનનો મોટામાં મોટો ઢાળ છે. એમાં જાતીય શિક્ષણ અપાય તો એ મૈથુન સેવનને અનિયંત્રિત બનાવીને માણસને પોતાની માણસાઈ ભુલાવી દે અને એને પશુતા તરફ દોરી જાય એમ બનવાની સંભાવના પ્રવર્તમાન પરિસ્થિતિના આધારે સવિશેષ જણાય છે.

'જાતિય શિક્ષણ' એવો શબ્દ પ્રયોગ રૂપાળો લાગતો હોય તોપણ એ શિક્ષણ સદાચારી પ્રજાને વ્યભિચારના પાપમાર્ગે દોરી જનારું બની રહે. એક વાર પ્રજા સદાચારનો ત્યાગ કરીને દુરાચારભર્યા વ્યભિચારના માર્ગે દોરાઇ જાય પછી તો ગર્ભહત્યાના ભયાનક પાપની જેમ વ્યભિચારનું પાપ પણ કાયદેસરનું બની જાય. વ્યભિચાર કાયદેસર બની જાય એટલે ગર્ભહત્યાના પાપને જેમ પાપ માનવાનું બંધ થયું તેમ વ્યભિચારના પાપને પણ પાપ માનવાનું બંધ થાય. પાપને પાપ માનવાનું જ જયારે બંધ થાય પછી બાકી શું રહે ? પછી તો ભૂંડોના વર્તનમાં અને માણસ જાતના વર્તનમાં ખાસ કોઈ ફરક જોવા મળે નહિ. કરોડો મહાસતીઓથી, પતિવ્રતા સ્ત્રીઓથી પવિત્ર અને યશસ્વી બનેલા આ દેશમાં એકાદ પતિવ્રતા સ્ત્રીને પણ દીવો લઈને શોધવા નીકળવું પડે એવી કલંક્તિ સ્થિતિમાં આપણો આખોય દેશ મુકાઈ જાય એમ બનવા જોગ છે

જાતીય શિક્ષણ આપવા પાછળ પ્રજાનું ચારિત્ર્ય નીચે ઉતારીને પ્રજાના સદાચારનો અને આરોગ્યનો નાશ કરવાના ગર્ભિત ઉદ્દેશો હોવાની કલ્પના તો ઘણી કઠોર લાગે એવી છે.

વ્યભિચારના માર્ગે દોરાયેલી પ્રજા નિર્વીર્ય બને, રોગી બને, સત્ત્વ અને ખમીર રહિત બને. એવી પ્રજાનો નાશ સહેલાઈથી થઈ શકે.

દારૂ અને તમાકુના સેવનથી શરૂઆતમાં તો શરીરમાં તેજી-સ્ફૂર્તિ લાગે, પણ પરિણામ તો અતિ દુ:દખ ને વિનાશકારી જ હોય છે. દારૂ-તમાકુના વ્યસનીઓ એ વ્યસનના સેવન દ્વારા શરીરમાં શરૂઆતમાં અનુભવાતી સ્ફૂર્તિને જ જોનારા હોય છે, વિનાશકારી પરિણામ તો તેઓ જોઈ શકતા જ નથી. દારૂ-તમાકુના વ્યસનીઓને જો વ્યસન સેવન અંગેના અભિપ્રાય પૂછવામાં આવે તો તેઓ 'વ્યસન સેવન કરવાથી ખૂબ લાભ થાય છે, નૂકશાન જરાય થતું નથી, એવા જ અભિપ્રાય આપે. તો એમના આવા અભિપ્રાયોને સાચા અને સુખદ કોણ માને ? ડાહ્યો હોય તે માને કે મૂરખ હોય તે માને ?

એવી જ રીતે જાતીય શિક્ષણ આપવાનું શરૂ કર્યા પછી શિક્ષકો અને એ શિક્ષણ લેનારાઓને એને અંગેના અભિપ્રાયો પૂછવામાં આવે તો તેઓ પણ દારૂ-તમાકુઓના વ્યસનીઓની જેમ વિનાશકારી પરિણામો પ્રત્યે આંખમિચામણા કરીને મનમાં રમી રહેલા જાતીય સુખના રસને કારણે સુંવાળા અભિપ્રાયો જ આપે. પરંતુ અહીં પ્રશ્ન

એ છે કે એમના સુંવાળા અભિપ્રાયો માન્ય ને સ્વીકાર્ય કોના માટે બની શકે ? પ્રજાના હિતચિંતકો માટે કે હિતશત્રુઓ માટે ?

સમાગમ સુખનો એક વાર શરીર દ્વારા જાત અનુભવ કર્યા પછી એનું વ્યસન પડી જાય. દારૂ અને તમાકુના વ્યસનીઓ કરતાં પણ જાતીય સુખનાં વ્યસનીઓની હાલત વધારે દુઃખદાયક ને દયાજનક બની જાય. 'ભોગે રોગભયમ્' એ શાસ્ત્રીય વચન છે. અતિમાત્રામાં કરાતું ભોગોનું સેવન માણસની કાયાને ભરજુવાનીમાં પણ કમજોર ને રોગી બનાવે છે. જોત જોતામાં પ્રાણ હરી લે એવા નવા નવા અનેક અતિ દુઃખદાયક અસાધ્ય રોગો ફાટી નીકળે અને દારૂ, તમાકુ આદિના વ્યસનીઓની જેમ જાતીય સુખ માણવાના વ્યસનીઓ ભયાનક રોગોથી પિડાવા છતાંય જાતીય સુખ માણવાના વ્યસનનો ત્યાગ કરી શકે નહિ એવી અતિ દયાજનક હાલતમાં મુકાઈ જાય; માણસ શારીરિક આર્થિક રીતે અને આત્મિક દષ્ટિએ પણ પૂરેપૂરો બરબાદ થઈ જાય.

કૌમાર્ય જેમનું અખંડિત હોય તેમનું લગ્નજીવન નિર્દોષ ને સુખમય હોય. કૌમાર્ય જેમનું ખંડિત થયેલું હોય તેમનું લગ્નજીવન પતિ-પત્ની બંનેના આડા સંબંધોને કારણે સદોષ, દુઃખમય ને કલેશમય હોય. કુમારાવસ્થાનો સંયમ લગ્નજીવનને સુખમય ને સમૃદ્ધ બનાવે, જ્યારે કુમારાવસ્થાનો અસંયમ લગ્નજીવનને દુઃખમય, કલેશમય ને બરબાદ બનાવી દે. પછી છૂટાછેડા, ભરણપોષણના દાવા ને કોર્ટ-કચેરીના ધક્કામાં જ માણસ જીવનભર અટવાયેલો રહે.

પૂર્વે સંયુકત કુટુંબોમાં અને બારી-બારણાં આખો દિવસ ઉઘાડાં જ રહેતાં હોય એવાં ઘરોમાં સૌ અરસ-પરસ દેખતાં હોય એવી જ રીતે માણસ જીવતો હતો. તેથી એને માટે ભરજુવાનીમાં પણ પોતાની જાતને કાબૂમાં (સંયમમાં) રાખવાનું જરાય મુશ્કેલ બનતું નહોતું.

આજે સંયુકત કુટુંબો રહ્યા નથી અને માણસને જોનાર લગભગ કોઈ ન હોય એવી રીતે ફ્લેટોમાં બંધબારણે વસવાટ છે. ઘરમાં માબાપની ગેરહાજરી હોય ને જુવાન સંતાનો ઘરમાં એકલાં જ હોય, જુવાન જોધ કાયાને કાબૂમાં રાખવાનું મુશ્કેલ હોય એવી પરિસ્થિતિમાં જાતીય શિક્ષણનાં કેવાં માંઠા પરિણામ આવે એ નિષ્પાપ હૃદયવાળા સુજ્ઞ ને વિવેકી આત્માઓએ નિર્મળ બુદ્ધિથી વિચારવા યોગ્ય છે.

જાતીય સુખનું શિક્ષણ કુલીન એવાં સ્ત્રી-પુરુષોને પણ નફફટ ને નિર્લજ્જ બનાવ્યા વિના રહે જ નહિ. જાતીય સુખનું શિક્ષણ લીધેલા સ્ત્રી-પુરુષોની લાજ-શરમ સર્વથા છૂટી જાય. એવા સ્ત્રી-પુરુષો તદ્દન બેશરમ બનીને અજ્ઞાન પંખીની કાયાને પામેલાં કાગડા-કાગડીને પણ સંસ્કારી, સભ્ય ને લાજ-શરમવાળા મનાવે એવું અનુચિત-અસભ્ય વર્તન જાહેરમાં પણ કરવા લાગી જાય અને એમનો ચેપ આખાય સમાજને લાગી જાય. પછી આખાય સમાજની હાલત પશુઓથી પણ બદતર બની જાય એમાં નવાઈ નહિ.

દારૂ અને તમાકુ આદિના વ્યસનીઓ એ વ્યસનોના પ્રતાપે દુઃખી થતા હોય ત્યારે એમની દયા ખાઈને, 'એમને વ્યસનોનું સેવન સારી રીતે કરતાં આવડતું નથી માટે દુઃખી થાય છે' અલ્પમતિથી કે અજ્ઞાનથી આવો અવળો વિચાર કરીને એમનું ભલુ કરવાનાં છેતરામણા બહાને એમને એમનાં વ્યસનોનું સેવન સારી રીતે કરતાં શીખવવું એ એમને દુઃખમુકત કરવાનો કે એમનું ભલું કરવાનો હિતકારી ઉપાય નથી, પણ એમને વધારે ને વધારે દુઃખમાં નાખીઅ એમને રિબાવી-રિબાવીને મારવાનો ને એમનું ભૂંડું કરવાનો જ ઉપાય છે. એક માત્ર હિતકર ઉપાય તો એમને વ્યસનમુકત કરવાનો જ છે.

જાતીય શિક્ષણ આપવાની શરૂઆત થયા પછી કુમારાવસ્થામાં જ છેડતી ને બલાત્કારના કિસ્સા વધવા લાગે. આજે બલત્કારીઓને ફાંસી આપવાની વાતો થાય છે, પણ એ રીતે બલાત્કારના કિસ્સા રોકી શકાય નહિ.

(ક્રમશઃ)

▼ ▼ ▼ ▼ ▼

## સમાચાર સાર

**મહેસાણા :** અત્રે પૂજ્યપાદ શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ.સા. મધુરકંઠી પૂ. મુનિવર શ્રી કુલશીલ વિજયજી મ. આદિનો અષાડ સુ. ૧૦ તા. ૯-૭-૨૦૦૩ના ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો. પૂજ્યશ્રીજી મહેસાણા-સીમંધરમાં તા. ૬-૭-૨૦૦૩ના પધારી ગયેલા. ત્યાં ત્રણ દિવસ પૂજ્યશ્રીના વિવિધ વિષયો ઉપરના પ્રવચનોમાં- લોકોએ ખૂબ સુંદર લાભ લીધેલ. અ.સુ.૧૦ના સવારે ૮-૦૦ કલાકે નાના સીમંધર સ્વામિ જિનાલયની પ્રવેશયાત્રા શરૂ થયેલ. પૂજ્યશ્રીના પ્રવેશ પ્રસંગે મુંબઇ- સુરત- અમદાવાદ- રાજકોટ- જામનગર- પાટણ- કરજણ- બોરસદ આદિ અનેક સ્થાનોથી ગુરુભકતો પધારેલા. મહેસાણા શહેરના વવિધિ માર્ગો ઉપર શોભાયાત્રા ફરી સવારે ૯-૪૫ કલાકે પૂજ્યશ્રીજીનો આઝાદ ચોક ઉપાશ્રયમાં પ્રવેશ થયેલ. વિશાલ સંખ્યામાં માનવમેદની ઉભરાયેલ. પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીજીના મંગલાચરણ બાદ પૂ.મુ. શ્રી હર્ષશીલ વિ.મ.નું માર્મિક પ્રવચન થયેલ. ત્યારબાદ પૂજ્યશ્રીના ગુરૂપૂજનની ઉછામણીનો પ્રારંભ થયેલ. સુંદર સંખ્યામાં ઉછામણી બોલી ગુરુભકત ચેતનભાઇ પ્રવીણચંદ્ર ઝવેરી (મુંબઇ) એ ગુરુ પૂજનનો લાભ લીધેલ. ત્યારબાદ ચાતુર્માસમાં વંચાનાર... શ્રી વિપાકસૂત્ર તેમજ શ્રી કુમારપાળ ચરિત્ર એ બે ગ્રંથો વહોરાવવાની પણ સુંદર ઉછામણી થયેલ. ત્યારબાદ પૂ. આચાર્ય ભગવંતશ્રીજીનું હૃદયસ્પર્શી પ્રવચન થયેલ. પ્રાંતે વિવિધ ભાગ્યશાલીઓ તરફથી ૩૧ રૂા.નું સંઘપૂજન તથા પ્રભાવના આદિ થયેલ. ૨૧ વર્ષ બાદ પૂજ્યશ્રીના ચાતુર્માસનો લાભ મળવાથી સંઘમાં ખૂબ જ આનંદ ઉલ્લાસનું વાતાવરણ છવાયેલ છે.

વિપાકસૂત્ર તેમજ કુમારપાળ ચરિત્ર આધારિત દૈનિક પ્રવચનો- રવિવારીય જાહેર પ્રવચનો- રવિવારીય વાચના શ્રેણી બાળ સંસ્કાર શ્રેણિ આદિમાં વિશાલજનના ખૂબ જ સુંદર લાભ લઇ રહ્યા છે.

અષાડ વદ ૫થી સંઘમાં ગૌતમકમલ તપની આરાધનાનો પ્રારંભ થયેલ છે જેમાં પણ વિશાલ સંખ્યામાં ભાવિકો જોડાયા છે.

અષાડ વદ ૧૪ના પૂજ્યપાદ પરમ ગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની બારમી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે ભવ્ય જિનભકિત મહોત્સવ શ્રાવણ સુ. ૩, ૪, ૫, ૬ના સામુદાયિક અઠ્ઠમની આરાધના આદિનું આયોજન થયેલ છે.

પૂ.સા. શ્રી રાજેન્દ્ર શ્રીજી આદિ ઠા. ૬, પૂ.સા. શ્રી નિર્મળા શ્રીજી મ.પૂ.આ. શ્રી ઇન્દુરેખાશ્રીજી મ.આદિ ઠા. ૧૦ તથા પૂ.સા. શ્રી પ્રશીલયશ શ્રીજી મ. ઠાણા-૪ની નિશ્રામાં બહેનોમાં પણ સુંદર આરાધના ચાલી રહી છે.

પૂજ્યશ્રીના મહાપર્વથી સંઘમાં અનેરી ધર્મજાગૃતિ આવી છે.

**નવસારી - ૨. છ. આરાધનાભવનમાં પર્યુષણાની ભવ્યાતિભવ્ય આરાધના.**

વર્તમાન વર્ષે નવસારી સ્થિત રત્નત્રયી આરાધક જૈન સંઘના ભાગ્ય ખૂલી ગયાં છે. પૂજ્યપાદ મુનિપ્રવર શ્રી ભવ્યવર્ધન વિ. મ., પૂ. મુ. શ્રી મંગલવર્ધન વિ. મ. અને પૂ. મુ. હિતવર્ધન વિ. મ. જ્યારથી ચાતુર્માસ માટે પધાર્યા છે. ત્યારથી આરાધના પ્રભાવવાનો મંગલમય પ્રવાહ વિસ્તરતો ચાલ્યો છે

એમાંય પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વના દિવસોમાં તો સંઘજનોએ એક અલગ જ ઉષ્માનો અનુભવ કર્યો છે.

દેવદ્રવ્યની જંગી વૃધ્ધિ, કલ્પસુત્ર - ગુરૂપૂજન વિગેરેની તોતિંગ બોલીઓ, અનેક અઠ્ઠાઇઓ અને કલ્પધરના દિનથી આરંભીને નિયમિત ચાલેલાં સંઘસ્વામિવાત્સલ્યો આ પર્યુષણાના નોંધપાત્ર પૃષ્ઠો બન્યાં છે તો પર્યુષણાનું અવિસ્મરણીય પૃષ્ઠો બની ગયાં છે. પૂ. મુ હિતવર્ધન વિ. મ. ના ધારદાર પ્રવચનો. જે બરાબર સાડા નવ કલાકે શરૂ થઇને ભાગીરથીના પ્રવાહની જેમ અનેક શાસ્ત્રપાઠો, યુક્તિઓ અને દૃષ્ટાંતોને પોતાના ફલકમાં સમાવી લઇ બરાબર સાડા બારે વિરામ પામતાં. કયારેક આ ક્રમ ૧૨-૪૫ સુધી પણ પહોંચી જતો.

તેમ છતાં પ્રવચનોમાં છેક ૧૨-૩૦, ૧૨ ૪૫ સુધી લોકોની ખાસ્સી ઉપસ્થિતિ ખાસ ધ્યાન ખેંચનારી બની ગઇ હતી. કલ્પસૂત્રના બપોરના પ્રવચનોમાં પણ શ્રાતાઓનો વિશાળ સમૂહ ખેંચાઇ-ખેંચાઇને શ્રવણ માટે ઉમટી પડતો.

સવાર-બપોરના પ્રવચનોમાં એકધારી જોવા મળેલી ભીડ અને શ્રોતાઓની પ્રવચન શ્રવણમાં આટલી-લાંબી-લાંબી સ્થિરતા નવસારી માટે યાદગાર બની રહી હતી.

પર્યુષણા દરમ્યાન ચૈત્યપરિપાટીઓ, ભવ્યાતિભવ્ય મહોત્સવ વિગેરેના આયોજન પણ નિર્ધારિત થયાં હતા. જીવદયા, પાઠશાળા, આયંબિલશાળા, સર્વસાધારણ જેવા ક્ષેત્રોમાં પણ વિપુલવૃધ્ધિ થવા પામી હતી.

આમ, વર્તમાન વર્ષના પર્યુષણા નવસારી માટે એક

યાદગાર સંભારણું બની રહેશે.

વધુમાં, પૂજ્ય મુનિરાજ શ્રી મંગલવર્ધન વિજયજી મહારાજે નવસારિ - રાયચંદ રોડ જૈન સંઘમાં પર્વાધિરાજના આઠે-આઠ દિવસોમાં પ્રવચન પ્રદાન કરી સંઘજનોને ઉપકૃત કર્યા હતાં.

**સ્વીકાર સમાલોચના :**

લબ્ધિ માર્ગ વિહાર સંકલન પૂ.આ. શ્રી વિજય પૂણ્યાનંદ સૂરીશ્વરજી મ.ઠા. ૧૬ પેજી ૩૫૬ પેજ મૂલ્ય રૂા. ૧૦૦ પ.પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આ.ભ. શ્રી વિજયલબ્ધિ સૂરીશ્વરજી મ.ના શ્રી ભગવતી સૂત્ર ઉપરના મનનીય પ્રવચનોમાંથી વાર્તાઓનો સંગ્રહ કરી આ પુસ્તક પ્રગટ થયું છે. સંકલનકાર પૂ. શ્રીનો પ્રયત્ન ઉપયોગી છે. આ મહાન પ્રવચનોના અંશોરૂપ આ વાર્તાઓ ખાસ મનન કરવા યોગ્ય છે. શ્રી ઓંકાર જૈન તીર્થ વડોદરા અમદાવાદ હાઈવે નં. ૮ પદમલા (જી. વડોદરા) ગુજરાત.

**જીવનદર્પણ (હિંદી):** સંકલન કેવલચંદજી જૈન, લાલચંદજી જીવરાજ, ટી. એસ. લેન બેંગલોર - ૫૩૦૦૫૩. ડેમી ૮ પેજ ૨૬૨ પેજ મૂલ્ય પઠનપાઠન. આ પુસ્તકમાં ઘણાં વિષયો વણ્યા છે અને મનન કરવા યોગ્ય છે. શ્વે. માન્ય વિગત જોઈએ દિગંબર ફોટા વિ. મુકવાથી મતિમાં ભેદ થાય.

**લંડન :-** શાહ પ્રભુલાલ નરશી સાવલાના વરસીતપના પારણાનો પ્રસંગ ઉત્સાહથી ઉજવાયો. વડિલશ્રી પ્રેમચંદભાઈએ હોલમાં નવસ્મરણ બોલ્યા બાદ મંડળના ભાવિકોએ સ્નાત્ર પૂજા ભાવથી ભણાવી. પ્રભુલાલભાઈને ખુરશી ઉપર બેસાડી પારણાના સ્ટેજ નજીક લઈ બહુમાન બતાવ્યું. શ્રી પ્રેમચંદભાઈએ પચ્ચક્ખાણ પરાવ્યું પહેલાં પૌત્ર પ્રશાંતના હાથે પારણું કરાવેલ બાદ પારસ દોહિત્ર અખીલ બાદ મંડળના ભાવિકોએ લાભ લીધો હતો. મંડળ વતી શ્રી મણિલાલભાઈએ ભેટ અર્પણ કરી હતી. શ્રી પ્રભુલાલભાઈએ ખુશાલી રૂપે મંડળને ભેટ અર્પણ કરી હતી બાદ સાધર્મિક વાત્સલ્ય થયું જેમાં ૫૦૦ની સંખ્યા થઈ હતી.

**કોટા (રાજસ્થાન) માં સર્વપ્રથમ પ.પૂ. વર્ધમાનતપોનિધિ આચાર્યદેવશ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજાના ગુણાનુવાદ**

પ.પૂ. પ્રવચન પ્રભાવક આ. દેવશ્રીમદ્ વિજયદર્શનરત્ન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શ્રાવણ વદ ૫ રવિવાર દિ. ૧૭-૮-૨૦૦૩ ને પ.પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજાના ગુણાનુવાદ, ગુરુગીત, આજે શ્રી પંચકલ્યાણકપૂજા, જયપાલજી કોચર તરફથી તથા આજે આંબેલ કરાવવામાં આવેલ અને રૂા. ૭૧નું સંઘપૂજન જુદા જુદા ભાગ્યશાલીઓ તરફથી તથા શ્રીફલની પ્રભાવના સત્યપાલજી લોઢા તરફથી થયેલ. અષાઢ વદ ૧૪ દિ. ૨૮-૭-૨૦૦૩ના દિવસે જે પ.પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.નું ચિત્ર જે ઉપાશ્રયમાં રાખવાની બોલી બોલેલ તેનો લાભ ડો. પી. કે. મહેતાએ લીધેલ. ખૂબ ઉત્સાહ- આનંદથી ચાતુર્માસ ચાલી રહેલ છે. ૧૭ ઉપવાસ, સિદ્ધિતપ વગેરે તપસ્યાઓ ચાલી રહેલ છે. પ.પૂ. વાત્સલ્યનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય મહાબલસૂરીશ્વરજી મ.સા.ની કૃપાથી અને પ.પૂ. મારવાડદેશે સદ્ધર્મ સંરક્ષક આ.ભ. શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ.સા.ના આશિર્વાદથી મુનિરાજ શ્રી રજતરત્નવિજયજીના ઉપદેશથી શ્રાવણ વદ ૩ દિ. ૧૫-૮-૨૦૦૩ ને ૨૬ રૂા.નું સંઘપૂજન થયેલ.

**લાખાબાવળ જૈન મિત્ર મંડળ ભીવંડી :-** મુંબઈ તરફથી સાધર્મિક ભક્તિ તથા સંવત્સરી જમણ તા. ૨૧-૯-૨૦૦૩ ને રવિવાર ભાદરવા વદ ૧૦ના રોજ રાખવામાં આવેલ છે તો દરેક લાખાબાવળ ગામ વાસીઓએ અચૂક હાજરી આપવા નમ્ર વિનંતી.

સ્થળઃ ઓશવાળ પાર્ક, ખારવાવ રોડ, અંજુર ફાટા રોડ, ભીવંડી

લાખાબાવળ જૈન મિત્ર મંડળ-ભીવંડી-મુંબઈ

કાર્યકર્તા-ધનજી વેલજી ગોસરાણી-ભીવંડી ટે.નં. ૨૭૯૧૭૩

હંસરાજ મેઘજી ચંદરીયા-મુંબઈ. ટે.નં. ૨૬૦૦૪૮૧૨

**શહાપુરઃ-** (જી. ઠાણા): મહારાષ્ટ્ર-શહાપુરમાં પ્રથમવાર પ.પૂ. આચાર્ય વીરશેખર સૂ.મા. સાહેબજીનો વર્ષાકાલ પ્રવેશ ધામધુમથી ઉલ્હાસથી થયો છે અને થયા પછી સાકલી અઠ્ઠાઈ સાકલી અઠ્ઠમ તથા સાકલી આયંબીલ તેમજ મોક્ષદંડક તપ ચાલુ છે તેમજ રોજ સવારે વ્યાખ્યાનમાં ઉપદેશ માલા ગ્રંથ વાંચન ચાલુ છે. રોજ પ્રભાવના થાય છે. પૂ.પાદઆ.ભ. શ્રી રામચંદ્ર સૂ. મ.ની ૧૨ વાર્ષિક તિથિ નિમિત્તે ગુણાનુવાદ, આયંબીલ તથા પ્રભુ અંગરચના વગેરે થયેલ છે સંઘમાં આનંદીતનું વાતાવરણ છે. સંઘમાં વડીલો કહ્યા મુજબ આચાર્ય ભગવંતનું પ્રથમ ચાતુર્માસ હોઈ આનંદનો માહોલ જામ્યો છે. ❖ ❖ ❖



# સ્નેહના શાહુકાર બનો

એક વર્ષો જૂના સંબંધીએ કહ્યું :

'મારા પિતા ગુજરી ગયા ત્યારે હું દસ વર્ષનો હતો અને માતા ગુજરી ગઇ ત્યારે સોળ વર્ષનો. નાના ભાઈઓને ભણાવ્યા - ગણાવ્યા અને કામધંધે ચઢાવ્યા. બંને બહેનોને યોગ્ય ઘર અને વર શોધીને પરણાવી દીધી. અત્યારે સૌ પોતપોતાના માળામાં સુખી છે. મને માનની નજરે જૂએ છે ખરૂં, પણ મેં જોયું છે કે તેઓ તેમની નાની-મોટી મુંઝવણ મારી પાસે રજૂ કરે છે, પરંતુ મારે પણ કોઇ મુંઝવણ હોઇ શકે છે એવો વિચાર જ એમને આવતો નહીં હોય? કોઇ કોઇ વાર મને એવું થાય છે કે મને આમાં શું મળ્યું? મારે શું બધાને કંઇ ને કંઇ આપવાનું? મારે કોઇની પાસેથી કશું મેળવવાનું જ નહીં?

સંબંધીએ આવું કહ્યું પણ પછી જાણે પોતાનો જ એ પ્રશ્ન તેમને યોગ્ય લાગ્યો અને એ બોલ્યા : 'આ તો કોઇક વાર આવું લાગે! બાકી તો હુંય સમજું છું કે આમાં આવો હિસાબ ના લગાવાય.'

કેટલાક આ વાત સમજે છે અને બીજા ઘણાં આ વાત નથી સમજતાં અને મનમાં ને મનમાં દુઃખ લગાડયા કરે છે. સગા કે મિત્રોને કાંઇ ને કાંઇ આપવાની સ્થિતિમાં જે માણસ હોય તેણે આમાં કશું 'દુર્ભાગ્ય' જોવાની જરૂર નથી. આ લહાવો છે અને સગાવહાલાને આપી આપીને છેવટે પોતાને શું મળ્યું? એવો પ્રશ્ન જ અપ્રસ્તુત છે. લાગણીના તમામ સંબંધોમાં કદી મળતર અને વળતરનો ખ્યાલ કરી જ ન શકાય. કોઇ એક માણસ આપવાની સ્થિતિમાં છે, ઉદાર દિલથી સૌને આપે છે પણ પછી તરત જ તેને ગણાવ્યા કરે છે! ભાઈ મેં, તારા માટે આટઆટલું કર્યું, બહેન, મેં તારા મારે કેટકેટલું કર્યું, મિત્ર મેં તમને કેટલું બધું આપ્યું. તમે જયારે આવું બધુ ગણાવવા બેસી જાઓ છો ત્યારે તમે જેને આપ્યું તેને પણ ખરાબ લાગે છે. તમે તેને કાંઇક આપીને તેમનું માનભંગ કર્યાની લાગણી તેઓને થાય છે. તમે ઘણા બધા ઘણુંબધું કરીને તે બધું ગણાવવા બેસો છો ત્યારે સંભવતઃ તમે તમારી પોતાની પીઠ જ થાબડી રહ્યા છો. તમારું હૃદય ખરેખર તો 'આભાર'નું જ ભૂખ્યું છે. તમને ઉંડે ઉંડે એમ થયા કરે છે કે બધા માટે કેટલું કેટલું કર્યું પણ કોઇના મોંમાં અંતઃકરણ પૂર્વક મારો આભાર માનવાની જીભ જ નથી. ખરેખર હું જે ભોગ આપી રહ્યો છું તેની કોઇ કિંમત જ એમને નહીં હોય? તેઓ શું એમ માનતા હશે કે તેમની લેવાની 'જરૂર' હતી તેના કરતાં મારે આપવાની 'ગરજ' વધારે હતી? એ લોકો શું આમાં મારો કોઇ છુપો સ્વાર્થ જોતાં હશે? માણસ આવા પ્રશ્નો પોતાને જ પૂછે છે અને અંદર ને અંદર કળાય છે.

માણસ જો સ્વસ્થ બનીને આ બધાનો વિચાર કરે તો તેને સમજાયા વગર નહિં રહે કે આપણે જયાં પિતા, માતા, પુત્ર, પુત્રી કે મિત્ર માટે કંઇ કરીએ છીએ ારે હકીકતમાં આપણે આપણાં જ લાગણીનું ઋણ ચૂકવી રહ ા છીએ. આવા ઋણ ચૂકવનારો માણસ જયારે એમ માન ા લાગે કે હું લાગણીનું ઋણ ચૂકવી નથી રહ્યો પણ 'ધિરા ' કરી રહ્યો છું ત્યારે તરત તેને આભાર અને બદલાનું ગણિત સતાવવા માંડે છે. જિંદગીની મીઠાશ આવાં ઋણો ચૂકવ ામાં છે. તેની મીઠાશની તોલે આવે એવું બીજું કશું જ નથી. લ ગણીના આવાં વધુમાં વધુ ઋણો ચૂકવનારો માણસ સ્નેહનો શ હુકાર છે. તેણે માત્ર ધનનો વહેવાર કે ચીજવસ્તુનો વહેવાર ક ો નથી હોતો. તેણે તો કાંઇપણ આપીને જાણે માણસ માણસ વચ્ચેની અતૂટ સગાઇને સાબિત કરી છે.

એક સામાન્ય માણસ ગુજરી ગયો અને તેની સ્મશાન યાત્રામાં અને બેસણામાં બધા માણસો હાજ રહ્યા કે તેના પ્રસિદ્ધ શ્રીમંત પડોશીઓને અચંબો થયો. મ ણસ સામાન્ય સ્થિતિનો હતો. ધનથી ઝાઝું ઘસાઇ શકે તેમ નહો ો પણ મનથી અને તનથી ખૂબ ઘસાતો હતો. કીર્તિબીર્તિ તો ઠીક છે, પણ એક સામાન્ય માણસ મરણોત્તર માનમાં પોતા ી મોટાઇ આ રીતે પ્રગટ કરી જાય છે.

અમેરિકાના પ્રથમ પ્રમુખ જયોર્જ વોશિંગ નનાં રાષ્ટ્રપ્રેમ અને પ્રજાભકિતને કારણે લોકો તેમને 'રાજા' બના વવા તલપાપડ થયા હતાં. પણ વોશિંગ્ટને 'રાજા' બનવાની ા પાડી. તેણે કહ્યું કે હું તમારા સૌના હૃદયમાં છું તે ઓછું છે? લોકશાહીમાં વળી રાજા કેવો? પ્રજા એ જ રાજા! એણે એ બદ ો લીધો હોત તો તેને માટે લાભને બદલે હાનિરૂપ બની જાત. મૃ યુના બિછાને પડેલા એક મહાત્માને ભકતોએ પૂછયું 'લોકો મને કઇ રીતે યાદ કરે તો ગમે?' મહાત્માએ કહ્યું: 'કોઇ ખાસ ાદ તો શું કરે, પણ કયાંય ઉલ્લેખ થાય અને સાંભળનાર એટ ું કહે કે 'એ માણસ માત્ર પોતાને જ માટે જીવ્યો નહોતો' તો એ પણ મારા માટે બસ છે!'

(હલચલ) - ભૂ ત વડોદરીયા

એક વખત ભરત ચક્રવર્તી ભગવાન ઋષભદેવનુ પ્રવચન સાંભળવા આવ્યા. પ્રવચન પછી ભરત ચક્રવર્તીએ પૂછ્યું-







ભગવાનની ભવિષ્યવાણી સાંભળીને સમ્રાટ ભરતના હર્ષનો પાર ન રહ્યા. તે ઉઘાડે પગે જ સમવસરણની બહાર આવ્યા અને મરીચિને ભવિષ્યવાણી સંભળાવી. પોતાનું ભવિષ્ય સાંભળી મરીચિ ખુબજ પ્રસન્ન થયો. તેને પોતાના કુળનો ઘમંડ થવા લાગ્યું.



# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

- કદાચ તેનાથી આજ્ઞા પાલન ન થાય તે બને પણ આજ્ઞાથી વિરૂદ્ધ કામ મરી જાય તો પણ ન જ કરે, તેવો શ્રી સંઘ જ જગતનું શરણ છે!
- ભગવાનનો શ્રી સંઘ એટલે ધર્મનો જ પૂજારી! રત્નત્રયીનો જ સેવક!
- ભગવાનના શ્રી સંઘના વિચાર ભગવાનની આજ્ઞા મુજબના હોય! શ્રી સંઘનો વિચાર એક હોય કે અનેક?
- તમે બધા માતા-પિતાદીની સેવા પ્રેમ વધારવા માટે કરોને? પ્રેમ વધારી મિલ્કતના માલિક થવાની ઇચ્છા તે માતા-પિતાદિની સેવા છે કે લુચ્ચાઇની સેવા છે?
- ભગવાનની ગેરહાજરીમાં ભગવાનનો ધર્મ, શ્રી સંઘથી જ ટકવાનો. શ્રી સંઘ જ ધર્મને સાચવે, માટે તે જગતથી જુદો છે. જગતનું જવાહીર છે, ભગવાનનો શ્રી સંઘ જગતમાં રહેનારો છતાં તે જગતની સાથે નહિં પણ ભગવાનની સાથે, ભગવાનની આજ્ઞા પાળનારા સાધુ-સાધ્વી સાથે!
- જે શરીરનો જ પૂજારી હોય તે સ્વાર્થી હોય!
- શ્રી સંઘ એટલે પ્રવચનનો સેવક! પ્રવચનને માથે હૈયામાં રાખી ચાલનારો! શકિત મુજબ આચરણા કરનારો! આજ્ઞાથી વિરૂદ્ધ નહિં કરનારો! વિરૂદ્ધ કરનારને સાથ પણ નહિ દેનારો!
- તમે સંસારમાં અધિક ને અધિક આગળ વધો, ઉદ્યમ કરો તે તમારી કતલ! તમને સંસારમાં આગળ વધતાં જોઇને અમેય વખાણ કરીએ તો ભેગી અમારી ય કતલ થાય!
- આજના ભણેલા મોટાભાગે વાતો કરવા ભણે છે માટે વિલક્ષણ પાક્યા! દુનિયામાં જ્યારથી જ્ઞાન પેટ અને પદવી માટે થયું ત્યારથી તે જ્ઞાને સત્યાનાશ કાઢ્યું. જે જ્ઞાન સંસારમાં સારી રીતે જીવવાનું શીખવે, સાચું-ખોટું સમજાવે, ખોટું મરી જાય પણ ન કરે, અને ગમે તેવા સંયોગોમાં સારૂ કર્યા વિના ન જ રહે તે જ્ઞાને પ્રપંચાદિ શીખવ્યા!
- દુઃખ ન ગમવું અને સુખ ગમવું તેનું નામ સંસાર ગમ્યો કહેવાય!
- દુઃખના પર દ્વેષ તે દોષ! સુખના પર રાગ તે મહાદોષ!
- દુઃખમાં કાયર બને, સુખસામગ્રીની અનુકૂળતા ગમી જાય તો સમજવું કે મોક્ષ છેટો જાય છે જન્મ-મરણની પરંપરા વધશે, દુઃખ નથી જોઇતું તો પણ મહાદુઃખ આવશે.
- સુખ જોઇએ અને દુઃખ ન જોઇએ- તે જ મોટું ભિખારીપણું છે!
- દુનિયામાં જે રિદ્ધિ-સિદ્ધિ સમૃદ્ધિ દેખાય છે તેમાં મારો રાગ થઇ ગયો, તેનો લોભ જાગી ગયો, તેની મમતા પેદા થઇ ગઇ તો મારે અહીંથી એવી જગ્યાએ જવું પડશે, જ્યાં મારી કલ્પના પણ નહિં હોય. તમને દુનિયામાં જે કાંઇ લાલ-પીળા દેખાય છે તેનાથી તમારી આંખ અંજાતી નથી, તે બધું મારે જોઇએ તેમ થતું નથી, કેમ કે તમે બધા રોજ ભગવાનના દર્શન-પૂજાદિ કરો છો તેથી તે લાલ પીળાથી તમને ભય લાગે છે કે ગભરામણ થાય છે કે રખે આમાં હું ફસાઇ ન જાઉં'!

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 24/10/03
9853

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

**સાચો ભિક્ષુ**

असइं वोसट्ठ च त्तदेहे, अक्कुट्ठे व हए लुसिए वा।
वुढवीसमे मुणी हविज्जो, अनियाणे अकोउहल्ले जेस भिक्खू॥

**(શ્રી દશ. અધ્ય ૧૦. ગા. ૧૩)**

જે શરીરના પ્રત્યે પણ મોહભાવથી રહિત હોય જે આક્રોશ થવાથી, માર પડવાથી કે ઘાયલ થવા છતાં પણ પૃથ્વીની જેમ ક્ષમાશીલ હોય, જે નાચ-ગાનાદિમાં જરાપણ ઉત્સૂકતા બતાવતો ન હોય તેને જ સાચો ભિક્ષુ જાણવો.

**શ્રી જૈન શાસન કાર્યાલય**

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN-361 005
PHONE: (0288) 770963

વર્ષ ૧૫ અંક ૪૭

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૫.



आज्ञाराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૫) * સંવત ૨૦૫૯ આસો વદ - ૧૦ * મંગળવાર, તા. ૨૧-૧૦-૨૦૦૩ (અંક ૪૭

## પ્રવચન પાંસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-દ્વિ.-૫, સોમવાર, તા. ૧૨-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पियमायऽभ्च भज्जा सयणधणा सबलतित्थिमंतिनिवा।
नायर अहमपमाया परमत्थभयाणि जीवाणं ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા સહસાવધાની શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા, આ 'પ્રકીર્ણક ધર્મોપદેશ' નામના ગ્રંથોમાં જે જે વાતો ફરમાવી ગયા છે તેના ઉપર આપણે વિચાર કરી રહ્યા છીએ કે, ભગવાનનો ધર્મ શું છે, તે ધર્મ કોણ કરી શકે, તે ધર્મ શા માટે કરવાનો છે અને કયો ધર્મ મોક્ષને આપી શકે, ધર્મ એક એવી ચીજ છે કે, જે આત્મામાં સાચી યોગ્યતા પેદા થાય તેને જ તે ધર્મ ગમે. દુર્ગતિમાં પડતાં બચાવે અને સદ્‌ગતિમાં આત્માને સ્થાપન કરે તેનું નામ ધર્મ કહ્યો છે. તે માટે ધર્મ કરે તેવા જ આત્માને ધર્મ પરિણામ પામે. ધર્મ પરિણામ પામવા માટે યોગ્યતા પેદા થવી જોઈએ. તે યોગ્યતા કઈ? સંસારની અસારતાનું સાચું ભાન થાય અને મુક્તિના સ્વરૂપનો સાચો ખ્યાલ આવે અને તેને પામવા માટે જ મહેનત કરે.

સંસારને છોડવાનું અને જલ્દીમાં જલ્દી મોક્ષને મેળવવાનું આપણને મન થાય છે ખરું? આવું મન જેને થાય તે આત્મામાં જ ધર્મ પરિણામ પામે, બીજામાં નહિ. બાકી અભવ્યો દુર્ભવ્યો અને ભારકર્મી ભવ્ય જીવો ઘણો ઘણો ધર્મ કરે છે પણ શા માટે? સુખ મેળવવા માટે અને દુઃખથી બચવા માટે પણ ઝટ આ સંસારથી છુટું અને મોક્ષે પહોંચું તે માટે ધર્મ કરવાનો ભાવ પેદા થાય છે ખરો? આવો ભાવ પેદા થાય તો આપણો નંબર પણ શેમાં આવે?

ઝટ સંસારથી છુટી, મોક્ષે પહોંચવા માટે ધર્મ કરવાનું મન થાય તેવા આત્માને આખો સંસાર વિરોધી છે. ધર્મ કરવામાં અંતરાય કરનારા જીવોની વાત ચાલી રહી છે. ધર્મ નહિ સમજેલા માતા-પિતા, સ્નેહી-સંબંધી, ધર્મ કરવામાં અંતરાય કરે તે બને. પણ આ સંસારનો સ્વભાવ એવો છે કે જે માતા-પિતા, સ્નેહી સંબંધી આદિ ન હોય તેવા જીવો પણ કોઈ આત્મા ધર્મ કરે તે ય ગમે નહિ, તેને પાડવાની જ મહેનત કરે.

સંસારની અસારતાનું અને મોક્ષની સુંદરતાનું ભાન

થાય પછી જ ધર્મ વાસ્તવિક થાય. તેવો આત્મા જ સમ્યગ્દર્શન પામે, દશ વિરતિ પામે, સર્વવિરતિ પામે. સારો કાળ હોય તો શ્રેણિય માંડે, મોહને મારે વીતરાગ થઇ કેવળજ્ઞાન પામી, ભવ્ય જીવોને ધર્મ સમજાવી મોક્ષે જાય. આપણે ઝટ મોક્ષે જવું છે ને? વહેલો મોક્ષ મળે તે ધર્મ આપણને બધાને મળ્યો પણ છે અને થોડો કરીએ પણ છીએ છતાંય ઊંડે ઊંડે હજી આ સંસારના સુખની ઇચ્છા થયા કરે છે માટે જ ધર્મના સુખનો અનુભવ થતો નથી. આવી ઇચ્છા થાય છે તે સારી નથી તેવું દુઃખ થાય તેને પણ ધર્મી કહેવા છે. જે જીવોને આ દુનિયાના સુખ મેળવવા જેવા લાગે, ભોગવવા જેવા લાગે, સાચવવા જેવા લાગે, બધી મોજમજા કરવા જેવી, તેમાંજ આનંદ આવે મોક્ષ તો યાદ પણ ન આવે તેવા જીવો કદાચ ધર્મ પણ કરે તો પણ ધર્મ સાથે તેને કોઇ જ સંબંધ હોય નહિ, કશુંય સ્નાન સૂતક પણ નહિ. તેવા જીવો અનંતીવાર ધર્મ કરે તો પણ ધર્મ સાથે મેળ જામે નહિ. પાણી અને તેલ તે બેનો મેળ જામે ? તેવા જીવો ધર્મ કરે છતાં પણ ધર્મની તેના આત્મા પર અસર નહિ. કેમ કે, તે આત્મા ધર્મ માટે ધર્મ નથી કરતો. રોજ આત્માને પૂછો કે, ધર્મ શા માટે કરે છે ? આગળ આગળનો ધર્મ મળે અને પરિણામે મોક્ષ મળે તો સમજવું કે હવે ધર્માત્માને અડવા લાગ્યો છે. દુનિયાના સુખનો વિરાગ ન થાય તો કામ ન થાય.

કયો ધર્મ શિવસુખનું કારણ બને તે અંગે ઉપકારી પરમર્ષિઓએ કહ્યું પણ છે કે

"जत्थ य विसयविराओ कसाय चाओ गुणेसु अणुराओ।
किरियासु अपमाओ सो धम्मो सिवसुहोवा ओ ॥"

જેમાં વિષયનો વિરાગ હોય, કષાયોનો ત્યાગ હોય, આત્મ ગુણો પર અનુરાગ હોય, તે ત્રણેને પમાડનારી ક્રિયાઓમાં અપ્રમત્તભાવ હોય તેવો જ ધર્મ શિવસુખના ઉપાય રૂપ કહ્યો છે.

ધર્મ કરે તે પણ સંસારમાં ભટકે ક્યારે ? હૈયું ન બદલાય તો. મોટાભાગે દુર્ગતિમાં જ જાય. કદાચ સદ્‌ગતિમાં જાય તો ય દુર્ગતિમાં ભટકાવનારા કર્મો ખૂબ જ બાંધે અને ભટકયા કરે. આપણે ય ધર્મ કરીએ છીએ તો આપણી હાલત શી છે ? ત્યાગ ગમે તેટલો કરે પણ દુનિયાની સુખની સામગ્રી મળે તો તેને આધિન થાય તો તે વિરાગવાળો કહેવાય કે વિરાગ વગરનો ? ધર્માત્મા સંસારના સુખ બધા જ ભોગવતો હોય પણ ધર્મ પરિણામ પામેલો હોવાથી તેને કદિ સારું માને નહિ, ભોગવવા જેવું માને નહિ, તેને સાચવવા જેવું ય માને નહિ, તેની સાથે રહેવા જેવું માને નહિ, રહેવું પડે તો સાવચેતી થી રહે, બધાથી નોખોને નોખો રહે. સંસારમાં રહેવું અને સંસારથી નોખા રહેવું તે ધર્મ ભારે છે. પણ શ્રાવક-શ્રાવિકા સંસારમાં બેઠેલા હોવા છતાં પણ આવા જ હોય, તેથી તે સંસારમાં રહ્યા છતાં નહિ રહ્યા જેવા છે, સંસારના સુખને ભોગવવા છતાં તે સુખ કોઇ રીતે સારું લાગતું નથી.

જેને ખરેખર ધર્મ ગમ્યો છે તે સાધુ કેમ થાય નહિ ? તો શાસ્ત્રે કહ્યું છે કે, તેનામાં શક્તિ નથી માટે સાધુ નથી થતા, શક્તિ હોય તો સાધુ થયા વિના રહે જ નહિ. માટે જ શ્રાવક-શ્રાવિકા સાધુ થવાની ભાવનામાંજ રમતા હોય તે વાત બેસે છે ? તેને ગમે તેટલી સુખની સામગ્રી મળે તો ય આનંદ ન હોય, રહેવું ફાવે નહિ, સુખ ભોગવવું ગમે નહિ, કર્મયોગે સુખ ભોગવવામાં ય પીડા હોય. શ્રાવકપણું ય સહેલું નથી કે બધામાં આવી જાય. તે તેનામાં જ આવે જે સર્વવિરતિ માટે તરફડતો હોય. *(ક્રમશઃ)*

## દુઃખાદિ ચાર સહેવા મુશ્કેલ

દુઃખ સહેવું એ ય ઘણું મુશ્કેલ છે. દુઃખમાં જે ડગી ન જાય તેને દુઃખ સહેતા આવડયું કહેવાય.

દુઃખ સહેવા કરતા સુખ સહેવુ એતો અતિ મુશ્કેલ છે. સુખમાં જે છકી ન જાય તેને સુખ સહેતા આવડયું કહેવાય. પણ કોઇના કઠોર વચનોને સહેવા એતો આ બેયથી વધુ મુશ્કેલ છે. ઘણી સ્ત્રીઓ આ બાબતમાં આત્મહત્યા કરી નાંખતી હોય છે.

પણ બીજાના કઠોર વચનોને સહેવા કરતા બીજાના વિચારો (મન્તવ્યો)ને સહેવા એ તો સૌથી વધુ કઠિન છે. અન્ય ધર્મીઓના પાદર્થોને સાંભળીને - તે પોતાના અભિપ્રાયથી વિરુદ્ધ જવા છતાં - શાન્ત રહીને સાંભળવા અને એમ પણ કહેવું કે 'તમે તમારા કોઇ એંગલથી સાચા પણ ઠરી શકો મારે આ બાબતમાં તમારી સામે કોઇ સંઘર્ષ છેડવો નથી.

# પીળી પત્રિકાનું પગેરૂં

*જે પૂજ્યશ્રીએ શાસ્ત્રના પાઠોથી ઝઝૂમી જૈન શાસનને જ્વલંત બનાવ્યું છે. તે પૂજ્યશ્રીના પરિવારના મુખ્યો સિધ્ધાંત ઉત્થલાવવા પ્રતિકાર કરવાને બદલે પીળી પત્રિકા દ્વારા બચાવ કરી સત્યનો અપલાપ કરે છે.*

*દેવ દ્રવ્ય અંગે જેમ પાઠ છે તેમ ગુરુદ્રવ્ય અંગે પણ પાઠ છે એ દ્રવ્યોને જુદે જુદે સ્થળે ખર્ચવાનો કોઈ પાઠ નથી કેતો' તો અને કેતી' તી એમ કહીને પોતેજ કહેલી વાતને દષ્ટાંત બનાવીને અનવસ્થાને વ્યવસ્થા માને છે.*

*પૂ. આ. હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજના બંને બાજુના લખાણો સૂચવે છે તેઓ દ્વિધામાં છે, વિચારે અસ્થિર છે.*

શ્રી જૈન શાસન જયવંતી બનાવનારા પ. પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા જયવંત વર્તે છે. તેઓશ્રીએ તિથિ રક્ષા દેવદ્રવ્ય રક્ષા, લોટરી પધ્ધતિથી સામે સિધ્ધાંત રક્ષા, હરિજન પ્રવેશ સામે સિધ્ધાંત રક્ષા, જમાનાવાદ સામે શાસ્ત્ર વાદની રક્ષા જૈન પવિત્ર ધર્મના સિધ્ધાંતો દ્વારા કરી છે. અને આજે ગમે તે સાધુ કે શ્રાવકો હોય તે પણ કહે છે તેઓ શાસ્ત્ર પ્રમાણે પાઠ સામે રાખીને બોલતા હતા. અને તેવા તેમના સેંકડો લખાણો આજે મોજુદ છે.

જિન ભક્તિ નિમિત્તે આવક થાય તે દેવદ્રવ્ય ગણાય પણ તે આવકને જુદી જુદી રીતે ખર્ચવાનો કોઈ પાઠ નથી.

તેમ ગુરુભક્તિ નિમિત્તેપછી તે ગુરુપૂજન હોય, ગુરુ ને કામળી વહોરાવી હોય, ગુરુના અગ્નિ સંસ્કારની બોલી હોય, ગુરુમૂર્તિની કે પ્રતિષ્ઠાદિ બોલી હોય તે ગુરુ દ્રવ્ય છે અને તે માટે દ્રવ્ય સપ્તતિકામાં ગુરુ દ્રવ્ય જિનમંદિર નિર્માણ જીર્ણોદ્ધાર અને દેવકુલિકા છે. (જીનેશ્વરની દેરી)માં વપરાય પણ કોઈ જુદા ખાતામાં ન જાય.

દેવદ્રવ્યની રક્ષા પ્રાયઃ સમગ્ર સમુદાયોએ કરી છે. એમ ગુરુ દ્રવ્યની વાસ્તવિક રક્ષા દેવ દ્રવ્યમાં લઈ જવામાં ઘણાં સમુદાયો શામેલ હતા અને નવા નવા વિચારોએ તેમા ગડબડ કરી.

પૂજ્યપાદશ્રીએ સિધ્ધાંતની જ વાત કરી છે. પૂજ્ય ધર્મ સાગરજી મ., પૂ. સોમચંદ્ર સૂ. મ., પૂ. વિચક્ષણ સૂ. મ., પૂ. કમલરત્ન સૂ. મ. આદિએ તેમના પુસ્તકમાં દેવદ્રવ્યમાં જાય તેમ સ્પષ્ટ લખ્યુ છે.

સ્મારકની વાત ઉભી કરનારા તે સ્મારકમાં લઈ જવાનું હવે લખે છે અને ઉપાશ્રયોમાં શીલાલેખ મારે છે. પરંતુ તે શિલાલેખોમાં મૂર્તિ પ્રતિષ્ઠા આદિ બોલીઓ સ્મારકમાં જાય તેમ લખ્યુ નથી. તેમની સંપદિત બુકમાં પણ સ્મારક શબ્દ પણ વાપર્યો નથી હવે ૩ વર્ષમાં ૩ ફેરફાર કર્યા છે.

હા, ઉપાધ્યાય કેમ મળે તે અને યષ્ટવ્યંનો અર્થ ભેદ કરીને અજ=ડાંગર ને બદલે અજ=ઘેટા એવું પ્રતિષ્ઠપ્રદાન કરીને પછી પશુ યજ્ઞ શરુ કર્યા તેમ હવે અર્થ ભેદ કરીને ગુરુ મૂર્તિ આદિનું દ્રવ્ય સ્મારકમાં લઈ જવાની યોજના થાય અને તેના શિલાલેખો લાગશે તો તે નવી વાત પણ પ્રાચીન કહેવાશે અને લોકો ભ્રમમાં પડશે.

અગ્નિ સંસ્કારની ૪ (લોટીની) બોલી, આપણે જીવદયામાં શ્રીપાલનગરમાં લઈ ગયા અને એજ વિચારો સંમેલને કર્યા તો વિરોધ કર્યો અને સંમેલનવાળાના વિરોધને ટાળવા તે રકમ દેવદ્રવ્યમાં લઈ ગયા. જીવદયાની પોતાની વાતને કેમ પકડી ન રાખી ?

કોઈ પણ ગુરુ દ્રવ્યની રકમ પછી તે અગ્નિ સંસ્કાર કે ગુરુ મૂર્તિની હશે તે સ્મારકમાં લઈ જવી તે સિદ્ધાંત દ્રોહ, દેવદ્રવ્યનો દ્રોહ અને સમુદાયની પીછે હઠ ગણાશે.

પૂજ્ય ગુરુ દેવને નામે વાતો કરનારાઓ પૂ. શ્રીજી હસ્તગિરિનો રોડ બંધ ન થાય તો પ્રતિષ્ઠા કરવાની ના પાડતા હતા તેના શિષ્યો રોડ બંધ કરવાની વાત તો કરતા નથી પણ પેઢીના વાહનો ઉપર ધકેલે છે. પૂ. ગુરુ દેવના વચનનો પ્રેમ ક્યાં ગયો ? પૂ. આ. હેમભૂષણ સૂરીશ્વરજી મ. ના બે લખાણ અત્રે આપ્યા છે. એક જ પ્રશ્નનાં વિરોધાભાસવાળા જવાબ લખે છે તો તેમનું કયું લખાણ માન્ય કરવું. કોર્ટ તો બન્ને બાજુ વાત કરનારની જુબાની રદ કરે છે.

બો. ૨૦૪૮ જેઠવદ ૧૨

પૂ. પા. ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદય સૂ. મ. સા. તરફથી

વિનયાદિ ગુણગણાયુક્ત મુનિરાજ શ્રી જીવનરત્ન વિ. તથા મુ. શ્રી જીવનરત્ન વિજય યોગ્ય અનુવંદના સુખ-શાતા સાથે લખવાનું કે - તમારો [illegible] મળ્યો છે.

— પૂ. આ.નો ફોટો બોર્ડમાં પધરાવવાનો, તે ફોટાનું પૂજન કરવાની, તેના ઉપર ચઢાવવાની - ભેટની રકમ દેવદ્રવ્યમાં જાય. આધારમાં કે સાધુ-સાધ્વી વૈયાવચ્ચમાં ન જાય.

[illegible]

દ : હેમભૂષણવિ.ની અનુવંદના

૨ — ૩

[illegible]

એક લખાણમાં દેવદ્રવ્યમાં જાય, બીજા લખાણમાં તે સ્મારકમાં જાય તેમ લખ્યુ છે. આ વિકલ્પોમાં મતિ તેવી ગતિ જેવું થયું છે.

ભૂત કાળમાંથી જ જાણે પીળી પત્રિકા આબરૂ હોય તેમ સિધ્ધાંતની વાતને ન પહોંચી શકનારા પીળી પત્રિકા દ્વારા સત્યને દાટી દેવા અને અસત્યનો ઉદય કરવા પ્રયત્નો થાય છે.

સુશ્રાવક કાંતલિલ ચુનિલાલ ભાઈએ તો તે પત્રિકા મુદ્રાને કારણે લખેલું પણ પત્રિકા કોઇ વિદ્વાનની છે તેમ તેમની ધારણા છે. પરંતુ આ પત્રિકા સમુદાય વડિલની ઓફિસમાંથી પગેરુ છે તેમ બતાવે છે અને તે સમાચાર સમુદાયને કલંક રૂપ છે. પ.પૂ. સૂર્ય સમાન તેજસ્વી પૂજ્ય ગુરુ દેવના તેજને ઝાંખુ કરનારા છે અને તે એક નફટ અને અધમ પગલું છે.

આ પગેરા માટે ચંદનબાલામાં બિરાજમાન વડિલોને મૂ. મુ. શ્રી હર્ષવર્ધન વિજયજી મહારાજને તથા ઘાટકોપર બિરાજમાન પૂ. પુણ્યકીર્તિ વિજયજી મહારાજને માલેગામ બિરાજતા પૂ. સંયમકીર્તિ વિજયજી મ. ને અને તેમના નામનું સ્ટીકર લાગે છે તે અમદાવાદ પાલડીના શ્રી બિજલ ગાંધીને પૂછવાય ખ્યાલ આવી જશે. વિશેષમાં મહાન પવિત્ર સંઘ અને તેમશ્રી માલેગામના આગેવાનોને પણ કોણ કરે છે તે ખ્યાલ હોય. આ જુગાર રમવાનો ચાલુ છે અને રહેશે તો સમુદાયને નીચે જોવાનું અને સમુદાયમાં રહેલા હજાર ઉપર પૂ. આચાર્ય દેવાદિ, સાધુ-સાધ્વીજીને અને લાખો પૂ. રામચંદ્ર સૂ. મ. સાહેબના ભક્તોને નીચુ જોવાનું થશે.

આખુ અનામી પત્રિકાનું પગેરુ મળે તો શું થાય તે અમાદાવાદના બીજલ ગાંધી ટીંટોઈવાળાને પૂછવાથી ખ્યાલ આવે. તેમને વકીલની સલાહ પણ લઈ લીધી હોય.

પૂ. હેમભૂષણ સૂ. મ. ના પત્રમાં કાપકુપ ઈ કંઈ છેડતી થઈ તેમ માનનારાઓએ આ પત્રની છ પેઈજની પૂરી નકલ પૂ. આ. શ્રી વિજય મુક્તિપ્રભ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ., પૂ. મુ. શ્રી હિતરતિવિજયજી મ. ની પાસે જોઈ ત્યાંથી શંકા દૂર કરી લે.

જ્યારે સ્થાન, તિથિ, કોના તરફથી લખાઈ, લખનાર કોણ તેની નામ નિશાની વગરની ટપાલ પણ છે છતાં પૂ. હેમભૂષણ સૂ. મ. ના અક્ષરો છે તેથી તેમાં લખનાર તેઓ છે તેમાં શંકા ન થાય પણ કોના તરફથી લખી છે ત્યાં શંકા થાય.

આમ એક જ આચાર્ય બંને બાજુ લખે છે તો સાચું શુ ? અર્થાત્ તે લખાણ શંકા પેદા કરે અને લખનાર પ્રત્યે પણ શંકા પેદા કરે

હજી બગડી ગયું નથી, પૂ. પાદશ્રીના જગત વ્યાપી યશને દ્વિધામાં નાખવાનાં કાવતરાને સમેટી લઈને શાસન સમર્પિત બની જવાય તે હિતકારી છે.

બાકી ૨૦૪૪ના સંમેલન વાળાએ એક આચાર્યનો વિરોધ થયો તે ઠરાવ એક બાજુ મૂકી દીધો હતો. જ્યારે અહીં તો ઘણાનો વિરોધ છે. છતાં સાંભળવા પણ તૈયાર નથી. કોઈ કંઈ લખશે તો તેને દબાવવા કે કલંકનો કે ધમકી શરૂ થઈ જશે.

પૂ. આ .શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજ અને પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ. તેમની માન્યતામાં કેટલા સાધુઓ છે તે જાહેર કરે તો તેમની બહાદુરી કહેવાય. બાકી સમુદાયના મહાત્માઓને અને સત્યને દબાવવાથી કંઈ મહત્તા થશે નહિ. માટે વહેલી તકે તેમના વિચારવાળા મહાત્માઓ યાદી જાહેર કરશે તો તે એક પ્રયત્ન તેમની તરફેણમાં ગણાશે.

સિધ્ધાંત સંરક્ષકનો પરિવાર સિધ્ધાંત મૂકીને વાત કહે તે તેમની પીછેહઠ અને શાસન સિધ્ધાંતના ઉપેક્ષાની પણ ગણાશે.

સુજ્ઞેષુ કિં બહુના ?

# સિદ્ધાંતષ્ઠિ સત્ય પ્રયત્ન

(સાબરમતી સ્મૃતિમંદિરમાં ગુરુદ્રવ્ય વપરાયાનો વિવાદ ચાલે છે. બે વરસ અગાઉ વિવિાદ શરૂ થતાં એક આચાર્યશ્રીને એક સુશ્રાવકે પૂછ્યું કે સ્વદ્રવ્ય કે સાધારણ દ્રવ્ય વાપરવાને બદલે ગુરુદ્રવ્ય - કે જે દેવદ્રવ્ય ગણાય તે-વાપરીને સ્મારક કેમ બનાવાયું ? ત્યારે તે આચાર્યશ્રીએ કહ્યું કે ''ધનજીભાઈ (પૈસા) લાવવા ક્યાંથી ? એ હોત તો ગુરુ દ્રવ્ય વાપરવાનો સવાલ જ ન હતો.'' એ પછી તો વિવાદ વધતો ગયો, ઉકેલ માટે સિદ્ધાંત પક્ષે ઘણા પ્રયત્ન થયા, તો સામે પક્ષે ''અમે જે કર્યું છે તે બરાબર જ છે, અમારે હવે આમાં કાંઈ વિચારવું જ નથી'' આવા ભાવની પકડ પણ મજબૂત બનતી ગઈ. બે વરસથી ચાલતા આ વિવાદનો ઘટનાક્રમ ક્યારેક અવસરે વિચારીશું. હાલ તો વિવાદના સંપૂર્ણ ઉકેલ માટે થયેલા છેલ્લા એક પ્રયત્નનો ખ્યાલ આપતો આ એક પત્ર જોઈએ. પત્ર લખનાર મુનિશ્રી નાના છે, પરંતુ સિદ્ધાંત રક્ષાની તેમની શક્તિ મોટી છે.

સ્મૃતિ મંદિરમાં વપરાયેલા ગુરુ દ્રવ્યનો આંકડો ઘણો મોટો (નવ આંકડાથી વધુ) છે, તો આ મહાત્માનો પ્રભાવે ય ઓછો નથી. મહાત્માએ પોતાની પ્રેરણાથી સ્થપાયેલા એક ટ્રસ્ટના અધિકારી સુશ્રાવકોને આ માટે સૂચન કર્યું. તો તે સુશ્રાવકોએ કલ્પી ન શકાય તેવું સત્ત્વ બતાવ્યું. વપરાયેલા ગુરુ દ્રવ્યની પૂરેપૂરી રકમ પોતાના ટ્રસ્ટમાંથી સ્મૃતિમંદિરને આપવાની બિન શરતી તૈયારી તેઓએ બતાવી. (સ્મૃતિ મંદિર ટ્રસ્ટને ગુરુ દ્રવ્યના ઉપયોગના દોષમાંથી બચાવી લેવા આ રકમ આપવાની હોવાથી, તે રીતની પહોંચની અપેક્ષા આ ટ્રસ્ટ રાખે- તે સ્વાભાવિક છે. આને શરત ન ગણી શકાય) આની અનુમોદનીય ભાવના જાણીને સિદ્ધાંત નિષ્ઠ આરાધકોને શાસન જયવંતુ હોવાની પ્રતીતિ થાય એ આશયથી આ પત્ર પ્રગટ કરીએ છીએ. ખેદની વાત એ છે કે સ્મૃતિમંદિરના પ્રેરક આચાર્યશ્રીઓ તથા ટ્રસ્ટીઓ આ ભાવનાને વધાવી લઈ દોષ મુક્ત બનવા હજી ઉત્સાહિત નથી

'ધનજીભાઈ'ની તકલીફને પોતાના બચાવ માટે આગળ ધરનારા હવે આ ભાવનાને વધાવી લેતા કેમ અચકાઈ રહ્યા છે - તે ચિંતનીય છે. ખોટી પકડ સિવાય બીજુ કારણ દેખાતું નથી. 'ધનજીભાઈ' મળે તો ય 'મનજીભાઈ' માંદા હોય તો તેનો ઉપાય નથી.

-સંપાદક)

बोरीवली - आ. व. द्वि. ६

परम पूज्य परमोपकारी अमारा उद्धार करनार सेंकडो श्रमण - श्रमणी ओनुं [illegible] भवसागरमां तारनार आचार्य भगवंत श्रीमद् [illegible] महाराज साहेब

ना परम पवित्र चरण कमळोमां

सेवक [illegible] भावभरी कोटीशः वंदना!

सुखशाता!

आप [illegible] श्री ना परम पुनित प्रकृष्ट आराधक संयम देहे सुख शाता वर्तती हशे.

[illegible] जणाववानु के - बंधु राजुभाई साथे आपश्रीना कृपा पत्र मळ्या.
[illegible] श्री नी परम पावन निश्रामां थयेल शासन प्रभावना - [illegible]
[illegible] समाचार जाणी आनंद सह अनुमोदना!

[illegible] मारा आमने सांभळीने आपश्री उपर न आवेल FAX आव्यो छे ? ते पत्र जोवा माटे पाठवी शकाय एम होय तो पाठववा कृपा करशो.

मारा उपर पण महात्मा अने पंडितजी ना पत्र आव्या छे.

[illegible] - [illegible] पत्र-पत्रिका आ माटे [illegible] समजातु नथी.
[illegible] मां जे पद्धतिए अपनाववामां आवी रही छे - जे रीतना [illegible] विवाद थई रह्या छे तेथी खूबज दिल दुभाय छे.

[illegible] ने भारे [illegible] भारे ने [illegible] भावना [illegible] [illegible] छे.

[illegible] तरफथी [illegible] [illegible] पण पूर्ण [illegible] [illegible] [illegible] छे.

[illegible] आप पू. [illegible] पाठववा कृपा करशो. जेथी आप पू.श्री जणावशो तेटली पूर्ण रकम [illegible] डि.डे./चे. ड. ना रुपीआ ने सुपरत करी [illegible] करावी शकाय. अने विवादनो [illegible] आवी जाय एम हुं इच्छु छुं.

जाणी [illegible] [illegible] कोई [illegible] आपवामां ते माटे पत्रिका के पत्रक छपाववामां मारा अल्प बुद्धिथी [illegible] [illegible] नथी.

छद्मस्थ मात्र भूलने पात्र छे. हवे पछी नवी भूलो न थाय ते माटे संघ-समुदायनु हित थाय तेवा शुद्ध आशयथी भूतकाळनी थयेली भूलोने [illegible] संघ-समुदायनु भावि [illegible] बनी रहे एवो योग्य मार्ग [illegible] आपश्री काढी आपवा कृपा करशो एम आप पूज्य [illegible] चरणोमां मारी सविनय वारंवार आग्रह भरी विनंती छे.

कोई पण प्रकार विवाद नो अंत आवतो [illegible] पूर्ण रकम डि.डे./चे. ड. ना रुपीआ [illegible] [illegible] [illegible] [illegible] माटे [illegible] [illegible] पाठववा कृपा करशो.

[illegible] [illegible]

# મહાસતી - સુલસા

*લેખાંક- ૨૦મો*

*પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મ.*

*(ગયા અંકથી ચાલુ)*

આમ છતાં તેની જીવન ચર્યાના બાહ્ય લિંગો તો પરિવ્રાજક જેવા જ રહ્યા. એની પાસે પરંપરાગત રીતે મળેલી અને વિકસેલી કેટલીય વિદ્યાઓ હતી. સિધ્ધિઓ હતી. લાખ્ખોના જન સમૂહને હેરત પમાડે તેવી ઈન્દ્રજાળો હતી. આવી ચમત્કારિક શક્તિઓ એમની વંશાવલીમાં જ અવતરી હોવા છતાં પરમાત્માના શ્રીમુખે યથાર્થ મોક્ષમાર્ગ સમજ્યા પછી આ અંબડ પરિવ્રાજકે પોતાની માંત્રિક તાંત્રિક શક્તિઓનો એક યા બીજા હેતુઓથી, થતો ઉપયોગ લગભગ બંધ કરી દીધો. ન લોકોને આવર્જવા માટેની તલપ રહી ન કોઈ પદ- પ્રસિધ્ધિની એષણા રહી.

આવો અંબડ પરિવ્રાજક દિલથી પોતાના વંશાવગત મિથ્યામતને ખૂબ ધિક્કારતો. વિદ્યા-યોગ, મંત્ર-અંજન અને ઈન્દ્રજાળ જેવી તાકાતો તરફ તેને નફરત થઈ ગઈ. જિનપ્રણીત ધર્મતીર્થની યથાર્થતા તરફ એનું દિલ મહેરામણ બનીને ઉભરાતું હતું.

પરમાત્મા વીરને વંદન કરવા તે અહિં આવ્યો હાથમાં ઉંચો ત્રિદંડ બીજા કરમાં કમંડલુ શરીર પર ભગવા વસ્ત્રોનું આચ્છાદન માથે રાપૂચી જટા સાથે છત્ર.

એણે પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા આપી ત્યાર બાદ પરમાત્માની સ્તવના કરી હૃદયની અપીલ તેમાં ભરી હતી. ભકિતનો પ્રકર્ષ તેમાં ઠલવાયેલો હતો.

**આ રહિ એ સ્તુતિઓ.**

नानाधिव्याधिविध्वंस - विधानैक महौषधे ! ।
कलयाण कुम्भ ! नंद त्वं, प्रातिहार्यैर्विशजितः ॥१॥

**અર્થ** :—મનો વ્યથાઓ અને દર્દોને શમાવનારા ઓ જગદીશ, આપ ઔષધ છો. પ્રાતિહાર્યો દ્વારા શોભિત છો. કલ્યાણના મંગલકુંભ છો નાથ, ચિરકાળ સુધી આપ હર્ષ પામો.

श्री गौतम मणाधीश - मुख्यसाधुमधुव्रतै : ।
संसेवितं मुदा नौमि तव पादाम्बुजद्रयम् ॥ २ ॥

**અર્થ** :—

ગૌતમગણધર જેવા મહાન સાધુભ્રમરો દ્વારા પણ આપના ચરણકમળનું આચમન થયું છે એ ચરણોમાં મારા સહર્ષ વંદન છે.

त्वमेव देवो देवानां सूर्यादीनां जिनेश्वरः ।
यतस्त्व चरणोपान्ते लुठन्ति यदिच्छया ॥ ३ ॥

**અર્થ** :—

આપ જ સાચા દેવાધિદેવ છો. સૂર્ય અને ચંદ્ર જેવા તેજસ્વી દેવેન્દ્રો પણ આપના ચરણોમાં સ્વેચ્છાથી દોડી આવે છે.

अज्ञोहं त्पद्गुणान् देव ! कथं स्तौमि गुणाकर ! ।
नक्षत्राणि च मन्दाक्षो - मितान्येव हि पश्यति ॥ ४ ॥

**અર્થ** :—

ઝાંખી આંખો દ્વારા ગગનના કેટલાં નક્ષત્રો જોઈ શકાય ? ઓછા મારી મંદબુધ્ધિ દ્વારા આપના કેટલા ગુણો સ્તવી શકીશ ? અલ્પ અત્યલ્પ.

मम नाथ ! तथाप्येषा जिह्वा त्वद्भक्तिनो दिता ।
ईहते ते गुणान्वक्तुं मनो दुर्गेडपि यात्यहो ॥ ५ ॥

**અર્થ** :—

મન પાસે પાદ નથી છતાંય તે દુર્ગ પર પઢી જાય છે બસ? મારી જિહવા પાસે સામર્થ્ય નથી છતાંય તે તારી ભકિતથી પ્રેરાઈ તારા ગુણોને સ્તવવા તલપાપડ છે.

देवानंदोदरे श्रीमान् श्वेत षष्ठ्यां सदा शुचि : ।
अवतीर्णो डसि मासस्या षाठस्य शुचिता ततः ॥ ६ ॥

**અર્થ** :—

દેવાનંદાની કુક્ષિમાં પૂર્ણપવિત્ર એવા આપ આષાઢ માસની સુદ છઠના દિને અવતર્યા આપની એ શુચિર્ભૂતતા ઉદાહરણ બની અષાઢ માસનું અપર(બીજું) નામ પણ 'શુચિ' હતું.

**લેખાંક - ૨૧**

त्रिशला सर्वसिहोध्ये, त्रयोदश्यामभूद्यतः ।
तवावतार स्तेनैषा, सर्वसिद्या त्रयोदशी ॥ ७ ॥

**અર્થ :–**

ચૈત્રમાસના શુકલપક્ષની ત્રયોદશીના દિને આપે માતા ત્રિશલાની સકળ કામનાઓને સિધ્ધ કરી જન્મ પામ્યા નાહ એ તેરશનું અપરનામ સર્વસિધ્ધા હતું.

शुक्लत्रयोदश्यां यश्चाचलं मेरुं प्रचालयन् ।
चित्रं कृतर्वास्तद्योगाचैत्र मासोऽपि कथ्यते ॥ ८ ॥

**અર્થ :–**

તેરશની એજ રાત્રિએ આપે નિજ પદાંગુષ્ઠ દ્વારા મેરૂ પર્વતને ચલાયમાન કરી એક ભવ્ય આશ્ચર્ય સર્જ્યું. (આશ્ચર્ય એટલે જ સંસ્કુતભાષામાં ચિત્ર,) નાથ એ ચૈત્રમાસનું અપરનામ પણ 'ચિત્ર' હતું.

यस्याद्यदशम्यां दुर्गं मोक्षमार्गस्य शीर्षकम् ।
चारित्रमाद्दतं युक्ता मसोऽस्य मार्गशीर्षता ॥ ९ ॥

**અર્થ :–**

જે માસની વદ દશમે આપે ચારિત્ર સ્વીકારીને મોક્ષનો 'માર્ગ' અપનાવ્યો. પ્રિય, એમાસનું અપરનામ પણ 'માર્ગ' (માગશર) હતું.

दशम्या यस्य शुक्लायां केवलश्री रहो त्वया
ह्यादत्ता तेन मासोऽस्य युक्ता माधवता प्रभो! ॥ १० ॥

**અર્થ :–**

જે વૈશાખસુદ દશમે આપે કેવળજ્ઞાન રૂપી માધવીને (માધવી લક્ષ્મી) પ્રાપ્ત કરી. હૃદયેશ ? એ માસનું અપર નામ પણ માધવ હતું.

तव निर्वाण कल्याणं यदिदनं पावयिष्यति ।
तन्न वेद्मियतो नाथ! माद्दशो ऽध्यक्षवेदिनः ।॥ ११ ॥

**અર્થ :–**

આપનું નિર્વાણ કલ્યાણક કયાં પવિત્ર દિનને પાવિત કરશે, એ હું નથી જાણતો જગદીશ, હું તો કેવળ પ્રગટ સત્યને નીરખી શકુ છું. આમ, અંબડ પરિવ્રાજકે વિશેષ્ટ સ્તુતિ કરી ત્યારબાદ એકતાન ચિતે પ્રભુની દેશના સાંભળી દેશના એના નિયત સમયે પરિપૂર્ણ થઈ ત્યારે અંબડે ત્યાંથી રાજગૃહીનગરીમાં જવાનું વિચાર્યું.

પરમાત્મા મહાવીરે અંબડનો મનો ભિલાષ જાણ્યો અંબડનું સંબોધિનું બીજ ખૂબ નિર્મળ હતું. સ્વચ્છ હતું. આથી કહ્યુ : અંબડ? તમે અહિંથી રાજગૃહિ જવાના છે. તો ત્યાં રહેલી સુલસા શ્રાવિકાને મારા ધર્મલાભ કહેજો.

પ્રભુના મુખે આવી આશ્ચર્યકારી વાણી સાંભળી અંબડ આશ્ચર્યચકિત થઈ ગયો પણ તેણે પરમાત્માને આ અંગે કશુય ન પૂછ્યું. 'તહત્તિ' કહીને પ્રભુનું વચન શિરોધાર્ય રાખ્યુ.

જો લૌકિક ધર્મોમાં એમના લૌકિક કક્ષાના ગુરુઓ માટેય કહેવાયુ હોય, आज्ञा गुरूणा - मविलङ्घनीया = ગુરૂની આજ્ઞામાં તર્ક–વિતર્કને અવકાશ ન અપાય તો લોકોત્તર ધર્મના પરમલોકોત્તર જગદ્ગુરૂના વચનમાં તે પ્રતિતર્ક શે કરાય ? અંબડની આ વિચારણા હતી.

પરમાત્માની અનુમતિ લઈને એ પરિવ્રાજકે વિદ્યાશકિતનું સ્મરણ કર્યુ વિદ્યાના પ્રભાવે તે આકાશમાર્ગે ઉડીને બે – પાંચ પળોમાં તો રાજગૃહીનગરીના ઉદ્યાનોમાં પહોંચી ગયો એક તરફ એનું તન દ્રવ્ય આકાશમાં તેજગતિથી

પસાર થયુ તો બીજી તરફ આજ સમયગાળા દરમ્યાન એનું મન પણ કલ્પનાઓના ભાવ ગગનમાં એટલી જ તેજીથી પસાર થયું.

અંબડ એ નિષ્કર્ષને પામવા મથી રહ્યો હતો કે સાક્ષાત વીતરાગભગવંતે ત્રિજગત્પતિએ કરોડોની સંખ્યામાં એકત્ર થયેલી બાર વર્ષદા વચ્ચે એક સુલસા જેવી સાધારણ સ્ત્રીને કેમ સંભારી ?

ગમ તેમતો સુલસા એટલે એક નારી તે શ્રાવિકા હતી એકબુલ મહાસતી છે એય મંજુર પણ એથી શું? સુરાસુરોથી અર્ચિત અરિહંત દેવે એનેજ ધર્મલાભ કહ્યા એનો હેતુ શો ? રાજગૃહીમાં તો બીજા અનેક પ્રતિષ્ઠિત ધર્માત્માઓ ક્યાં નથી ન પુણિયા શ્રાવકને ન અભયકુમારને ન શ્રેણિક

રાજવીને કેવળ સુલસાને આશિષનો સંદેશો ત્રિભુવનપિતાએ પાઠવ્યો, જરૂર આમાં કોઈ ઘેરૂ સત્ય ધોળાઈ રહ્યું મહાપુરૂષોના પ્રત્યેક કદમ પરમ રહસ્યોથી છાદિત હોય છે.

આમ, અંબડનું દિલ પરમાત્માના સંદેશાનો નિષ્કર્ષ શોધવા મચી પડ્યું. એ માટે એણે મહાદેવી સુલસાની પરીક્ષા લેવાનું નિર્ધાર્યું. જો સુલસાની પરીક્ષા લેવાય અને એ દ્વારા જિનવચનનો મર્મ સમજી શકાય તો જ સુલસાના વાસ્તવિક ગુણોનો પરિચય મળેને?

એક સાધારણ સ્ત્રીની પરીક્ષા લેવી અંબડ પરિવ્રાજક જેવા અસાધારણ કોટીના મંત્રસિધયોગી માટે કયાં મોટી ચીજ હતી એણે રૂપપરાવર્તિની વિદ્યાનો પ્રયોગ કર્યો એ દ્વારા એક મિથ્યામતિ સન્યાસીનું અવ્વલ રૂપ ધારણ કર્યું. ત્યારપછી તે સુલસા દેવીના ઘરે પહોચ્યા ભિક્ષાની યાચના કરી.

જેના શ્વાસે-શ્વાસે અનુકંપાના ધબકારા હતા એવી સુલસાદેવીએ આગંતુક સંન્યાસીને સંન્યાસી જ સમજ્યા એથી અનુકંપા બુધ્ધિથી જે હતા તે ઉત્તમ દ્રવ્યો એમને આપવા માંડ્યા.

ના આમ વિનય-સત્કાર વિહોણી રીતે તમે દાન આપો તો હું ન સ્વીકારુ બહુમાન હીન રીતે દાન ન આપો યાદ રાખો સદ્ગુરૂને તમારે દાન આપવાનું છે સંસાર ત્યાગી સાધુને દાન કરવાનું છે. નહિ કે ભિખારીને ગુરૂનું સન્માન શી રીતે કરાય ખબર નથી ? સૌ પહેલા પાદ પ્રક્ષાલન કરો. પછી ભદ્રાસન મૂકો અને પ્રેમથી જમાડો

અંબડે મર્માળુ હાસ્ય વેરતા જઈને સુલસાદેવીની પરીક્ષા કરી.

ના, એ મારાથી નહિ બની શકે હું સમ્યગ્દષ્ટિ છું. ભકિત અને બહુમાન પૂર્વકનું દાન તે સમ્યગ્દષ્ટિને જ આપી શકુ તમને નહિં. જોઈતું હોય તો અનુકંપા રૂપે આપીશ સુલસાદેવીએ ચોકખે ચોખ્ખું પરખાવી દીધું

અંબડનું મો આ સાંભળીને પીળુ પચ થઈ ગયું તે પાછો ફર્યો રાજગૃહીના પૂર્વ દ્વાર પર પહોચ્યો ત્યાં જઈને એક ભવ્ય ઉદ્યાનમાં પહોંચી પોતાની અતિશય પ્રભાવશાળી ઈન્દ્રજાળ વિદ્યાનો પ્રયોગ કર્યો એ દ્વારા સાક્ષાત બ્રહ્માનું સ્વરૂપ ધારણ કર્યું.

જાણે પ્રત્યક્ષ બ્રહ્માં વેદોમાં વર્ણિત બ્રહ્માં આદિયુગના બ્રહમાં હંસના વાહન પર પદ્માસનમાં આરૂઢ થયેલા બ્રહ્માં ચાર-ચાર ઉજ્જવળ મુખોથી શોભિત વિધાતા હાથમાં કમંડલુને અને કંઠમાં રૂદ્રાક્ષને ધારણ કરનારા વિધાતા ઉત્સંગમાં પત્ની સાવિત્રીને અને માથે જટાને બેસાડનારા વિધાતા સૌથી અધિક વયોવૃધ્ધ પ્રાણી જેવા બ્રહ્માં કપૂરના ચૂર્ણ જેવા શ્વેત બ્રહ્માં દૂધના ફીણ જેવા શુભ્ર બ્રહ્માં

આ બ્રહ્માં રાજગૃહિના પૂર્વપથના ઉદ્યાનમાં અવતર્યા અવતરીને વેદમાર્ગનો બોધ આપવા માંડ્યાં વાતને ફેલાતા વાર કેટલી? સાગને સીઝતા લાગે એટલીય નહિં પૂરી રાજગૃહીમાં એક જ ચર્ચા ધૂમી વળી ચોરે ને ચૌટે ઘર-ઘર અને ઘટ-ઘટમાં. અરે, નગરીનું અહોભાગ્ય જાણ્યું છે. નગરીની બહાર બ્રહ્મમાજી પધાર્યા છે.

શું સાચું બોલો છો ? આવો પ્રતિ તર્ક પણ કોઈ કરતું નથી. લોકો તા ટોળેટોળા બનીને ઉદ્યાનમાં ઉભરાયા. મહેરામણ બનીને બ્રહ્મમાજીના ચરણોમાં ઠલવાયા. દર્શન કરે છે વિધાતાના અને આફરીન પુકારી જાય છે.

એમાંય વૈદક મતમાં શ્રધ્ધા ધરાવનાર નર-નારીઓ તો હીલોળે ચડ્યાં. તમામ માર્ગો પર એક જ દિશાની ભીડ જોવા મળતી એ બે પ્રકારની એકતો બ્રહ્માના દર્શન કરીને પાછા ફરનારાઓની બીજી એ પાછા ફરી રહેલા નગરજનોની જીભેથી પ્રશંસા સાંભળીને કૌતુકથી આતંકિત થઈ જઈ બ્રહ્માદર્શન માટે દોડી જનારાઓની.

દેવીસુલસાની સખીઓ પણ બ્રહ્માજીના ભકતોના વચનો સાંભળી વિધાતાના દર્શન કરી આવી એ સુલસા પાસે આવી સુલસાદેવીને ઉતેજિત કરે છે સુલસા? તું હજી કેમ જતી નથી ? સાક્ષાત વિધાતા છે. ન જોયુ હોય એવું અદ્ભુત રૂપ છે. નિરાળું તત્વ છે બ્રહ્મલોકમાંથી બ્રહ્માજી ને અહીં ઉતરી આવ્યા છે. લગભગ તમામ નગરજનો એમના દર્શન કરી આવ્યા છે. તું ભલે એમને નહિં માનતી પણ દર્શન તો કર !

(ક્રમશઃ)

# આ લોક અને પરલોક ઉભય દ્રષ્ટિએ ફલેટોમાં વાસ અને અહિતકર- અનર્થકારી!

લેખક: પૂ. મુનિશ્રી હિતવિજયજી મ

ઉત્તમ કુળમાં જન્મેલા સદાચારી માણસોના ઘરનાં બારણાં ખાસ કારણ વિના દિવસે બંધ ન હોય ને રાત્રે ખુલ્લાં ન હોય.

કોઈ ખાસ કારણસર દિવસે થોડો સમય ઘરનાં બારણાં બંધ રાખવા પડયાં હોય ને રાત્રે ખુલ્લાં રાખવા પડયા હોય એવા અવસરે પાડોશીઓ બારણાં ખુલ્લાં બંધ રાખવાનું કારણ પૂછી શકે. પાડોશીઓ કારણ પૂછે ત્યારે તેમને સાચો ને સંતોષકારક જવાબ આપવાની ફરજ થઈ પડે એમાં ગલ્લાં-તલ્લાં ચાલે નહિં.

આધુનિક ફલેટોમાં વસનારાઓને આખો દિવસ ઘરના બારણાં બંધ રાખીને જ રહેવું પડે છે. ઘરના બારણાં સતત બંધ રાખીને ઘરમાં પુરાઈ રહેનારાઓને આસપાસવાળા કોઈ જોઈ શકતાં નથી. આ લોક અને પરલોક ઉભય દ્રષ્ટિએ આ બાબત ભારે અહિતકર છે, ખૂબ ખૂબ અનર્થકારી છે, કારણ કે એમાં જૈન કુળના આચાર-વિચારોનું પાલન અને સદાચારનું રક્ષણ મુશ્કેલ બની જાય છે, અને દુરાચારને પોષણ સહેલાઈથી મળી જાય છે. સતત બંધ બારણે વસનારા ઘરના તમામ માણસોના જીવનમાં સર્વ પાપોનો પ્રવેશ સહેલાઈથી થઈ જાય છે. એક બાજુ ધન અને યૌવન આદિનું જોર હોય અને બીજીબાજુ આત્મામાં પડેલા અને નિમિત્ત પામી- પામીને ઉદયમાં આવનારા અનાદિકાળના પાપ સંસ્કારોનું જોર હોય ત્યારે એ પાપ સંસ્કારોને પ્રગટ (જાગ્રત) થવા માટે આપણને કોઈ જોનાર ન હોય એના જેવું બળવાન નિમિત્ત બીજું કયું હોઈ શકે?

શહેરની પોળોમાં આખો દિવસ ખુલ્લાં બારણે વસનારાઓને સાથે વસનારા સાધર્મિકો તરફથી આચાર-વિચાર વિરૂદ્ધની અનુચિત પ્રવૃત્તિઓમાં રોક-ટોક થાય, જ્યારે ફલેટોમાં બંધ બારણે વસનારાઓને આસપાસવાળા ક્યારેય કોઈ જાતની રોકટોક કરી શકે નહિં. આ પણ આત્મિક દ્રષ્ટિએ ભારે અનર્થકારી બાબત છે.

શહેરની પોળોનું વાતાવરણ કાંઈક લાજ-મર્યાદાવાળું અને ઓછી છૂટછાટવાળું હોય, જ્યારે સોસાયટીઓનું વાતાવરણ લાજ-મર્યાદા વગરનું અને નિર્મર્યાદ છૂટછાટવાળું હોય આ બાબત પણ આત્માનું ભારે અહિત કરનારી છે.

આધુનિક ફલેટો વૈભવી હોય, એમાં ભોગસામગ્રી ભરપૂર હોય, એથી આખાય કુટુંબનું જીવન ભોગાસક્ત બનેલું હોય- ભોગાસક્ત જીવન જીવનારાઓને આત્મા, પરલોક, પૂણ્ય, પાપ ભાગ્યે જ યાદ આવે. આ કારણથી પણ ફલેટોમાં વાસ આત્માને સંસારમાં રખડાવી મારનારો બનવા સંભવ છે.

સાધર્મિકો સાથે શહેરની પોળોમાં વસનારાઓને સુપાત્ર દાનનો અને અનુકંપા દાનનો લાભ રોજ રોજ અને વારંવાર મળ્યા કરે. દેરાસર- ઉપાશ્રય નજીકમાં જ હોય તેથી બાળકો, વૃદ્ધો, અપંગો, બીમાર અને અશક્તો આદિ ઘરના તમામ સભ્યોના નિત્ય દર્શન- પૂજન આદિના સંસ્કારો કોઈપણ પરિસ્થિતિમાં અચૂક જળવાઈ રહે. ઉપકારી સાધુ-સાધ્વીજીઓના દર્શન-વંદન પણ નિત્ય થયા કરે. અને જિનવાણી શ્રવણનો લાભ પણ મળ્યા કરે, એથી આત્મા, પરલોક, પૂણ્ય, પાપ આદિ સતત નજર સામે રહ્યા કરે, આ લોક-પરલોક બગડે નહિં ને આત્માનું અહિત થાય નહિં.

ટાવરો અને બહુમાળી બિલ્ડીંગોના ફલેટોમાં ઉપર-ઉપરના માળે વસનારાઓને સુપાત્ર દાનનો લાભ ભાગ્યે જ મળે અને દીનદુ:ખી માનવોને તથા પશુઓને ભોજન આદિ આપવા દ્વારા અનુકંપા દાનનો લાભ પણ લગભગ

મળી શકે નહિં. દેરાસર અને ઉપાશ્રય કાંઈક દૂર હોય તેથી બાળકો, વૃદ્ધો, બીમાર આદિને નિત્ય દર્શન- પૂજન- વંદનાદિના સંસ્કારો જાળવવાનું મુશ્કેલ બને. એના કારણે પૂણ્યોદયે મળેલી સંપત્તિ પણ સફળ બને નહિં અને જૈન કુળમાં મળેલો જન્મ પણ સફળ બની શકે નહિં.

શહેરના પોળોમાં વસનારાઓને સાધર્મિકો સાથેના વસવાટને કારણે અને મર્યાદિત છૂટછાટોને કારણે પોતાનાં દીકરા- દીકરીઓને જૈનેતરોના દીકરા- દીકરીઓના પરિચયમાં આવવાની સંભાવના ઘણી ઓછી રહે, જ્યારે સોસાયટીઓમાં પચરંગી વસતિમાં રહેનારા જૈન કુટુંબોના દીકરા- દીકરીઓના નિર્મર્યાદ છૂટછાટોને કારણે જૈનેત્તર કુળોના દીકરા- દીકરીઓના પરિચયમાં આવવાનું સહજ અને ખૂબ ખૂબ બને. એથી પરસ્પર પ્રેમસંબંધ બંધાઈ જાય તો જૈનેતર કુળોની દીકરીઓને જૈનકુળોમાં આવવાનું બને. પોતપોતાના કુળોના લોહીમાં પડેલાં સંસ્કારો નાબુદ થવા મુશ્કેલ હોય છે. જૈનેતર કુળોની દીકરીઓ લોહીમાં પડેલા પોતાના કુળોના સંસ્કાર સાથે લઈને જ જૈન કુળમાં આવે. એથી આચાર-વિચાર આદિ સર્વ બાબતોમાં જૈનકુળોને ઘણી મોટી હાનિ પહોંચે. જૈન કુળમાં જન્મેલી દીકરીઓને જૈનેતર કુળોમાં જવાનું થાય એથી એને પૂણ્યોદયે જૈનકુળમાં મળેલો જન્મ એળે જાય એટલું જ નહિં, એની કૂખે જન્મેલાં બાળકો અને એ બાળકોની પણ પરંપરા જૈન ધર્મ પામી શકે નહિં. આમ આ બાબત એક જ આત્મા માટે નહિં, પણ અનેક આત્માઓ માટે કેટલી બધી અહિતકર ને અનર્થકારી બની જાય એ ભવભીરુ ને આત્મ કલ્યાણના અર્થી સમજદાર માબાપોએ ખૂબ ગંભીરતાથી વિચારવા યોગ્ય છે.

શહેરની પોળોમાં ચોરી- લૂંટફાટ અને ખૂનખરાબીનો ભય લગભગ હોતો નથી. ભૂકંપ વગેરે કુદરતી આપત્તિના સમયે પણ જાનમાલની ખુવારી નહિંવત હોય છે. ત્યાં ચોવીસેય કલાક સુખશાંતિથી નિર્ભયપણે જીવી શકાય છે. એથી જીવનમ અને મરણમાં પણ સમાધિ સુલભ બને છે.

સોસાયટીઓમાં ચોરી- લૂંટફાટ અને ખૂનખરાબાનું પ્રમાણ ઘણું મોટું હોય છે અને એ દિનપ્રતિદિન વધતું જ જાય છે. દુષ્કાળ જેવા સમયે તો સોસાયટીઓમાં ચોરી- લૂંટફાટનો ભય ઘણો વધી જવાનો. ભૂકંપ, આગ વગેરે કુદરતી આપત્તિના સમયે ત્યાં જાનમાલની ખુવારી ઘણી મોટી હોય છે. એથી ફ્લેટોમાં વસનારાઓ નિર્ભયપણે સુખ શાંતિથી જીવી શકતાં નથી. એમને રાતદિવસ સતત ભયમાં જ જીવવું પડે છે. ત્યાં જાનમાલનું રક્ષણ ઘણું મુશ્કેલ હોવાને કારણે સુખશાંતિ જોખમાય છે અને જીવન- મરણમાં સમાધિ દુર્લભ બની જાય છે.

આમ ફ્લેટોમાં વાસ આ લોક અને પરલોક, શારીરિક અને આત્મિક ઉભય દ્રષ્ટિએ ભારે અનર્થકારી અને અહિતકર છે.

રેલવેના પ્રથમ વર્ગના ડબ્બામાં પ્રવાસીઓ ઓછા હોવાથી જગ્યા ઘણી હોય એથી એમાં આરામથી પ્રવાસ થઈ શકે. અગવડ ઓછી હોય ને સગવડ ઘણી હોય પરંતુ ત્યાં લૂંટાઈ જવા સાથે મોતનો ભય પણ ઘણો મોટો હોય, જ્યારે બીજા વર્ગના ડબામાં ભીડને કારણે સંકડાશ હોય, આરામથી મુસાફરી કરી શકાય નહિં, કદાચ ઉભા ઉભા પણ મુસાફરી કરવી પડે. આમ ઘણી અગવડો વેઠવી પડે, પરંતુ ત્યાં લૂંટાઈ જવાનો ને મોતનો ભય લગભગ ન હોય. માટે ઘણી સગવડોવાળી પણ જાનમાલના જોખમવાળી પ્રથમ વર્ગની મુસાફરી કરતાં ઘણી અગવડોવાળી છતાં જાનમાલની સલામતિવાળી, ભય વગરની બીજા વર્ગની મુસાફરી સારી.

એવી જ રીતે સુખ સગવડભર્યા છતાં આ ભવ- પરભવની દ્રષ્ટિએ ભારે અનર્થકારી એવા સોસાયટીઓના ફ્લેટોના વાસ કરતાં કાંઈક અગવડભર્યા છતાં આ ભવને પરભવની દ્રષ્ટિએ હિતકારી એવો શહેરની પોળોનો વાસ જ સારો.

લબ્ધિ વાર્તા વિહાર

# શ્રી ભરતચક્રવર્તિની વિવેકશીલતા

પ્રવચનકાર :- પૂ. આ. ભગવંત શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.   સંકલન :- પૂ. આ. શ્રી પુણ્યાનંદ સૂરીશ્વરજી મ.



**ચિત્ર પરિચય :** પૂજ્યપાદ જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ આ. શ્રી લબ્ધિસૂરિજી મ. સા. ની વ્યાખ્યાયાનશક્તિ અપૂર્વ હતી. સાથે સાથે કથાશૈલિ પણ અજોડ હતી. જે કથાને સાંભળવા બહારવટિયાઓ, ડાકુઓ, ચોરો તલપાપડ રહેતા. ઉમેટાનગરની આજુબાજુ મહીસાગર નદીના કીનારે જે કોતરો તેમાં પૂજ્યશ્રી સ્થંડિલભૂમિએ જતાં ત્યારે પ્રસિદ્ધ એવા ભૂપત બહારવટિયા જેવા પૂજ્યશ્રીને ઘેરો ઘાલી કથા સંભળાવવા વિનંતી કરતા અને પૂજ્યશ્રી વિનંતી માન્ય રાખી ઝાડ નીચે બેસી કથાસૌરભને ચોરો સમક્ષ કહેતા, તેઓ રાજીના રેડ થઈ જતાં અને જીવનમાં કંઈક પામ્યાનો આંશિક આનંદ માની શકતા...

શ્રી ભરત ચક્રવર્તી અનિત્યાદિ ભાવનાંમાં ઝીલ્યા, એ શું હતું ? શ્રી વીતરાગની ભાવના કહો કે શ્રી જિનસ્તુતિ કહો, એમાં ભેદ કયાં છે ? એ ચક્રી આરિસાભુવનના કેવલજ્ઞાન પામ્યા, સંસારની પ્રશંસા કરીને કે વીતરાગપણાની પ્રશંસા કરીને ? આરિસાભુવનમાં પણ શ્રી ભરત મહારાજાના હૃદયથી શ્રી જિનેશ્વરદેવ દૂર નહોતા, મા ે ત્યાં વીતરાગપણાની સ્તુતિ હતી. હાથની આંગળીમાં ી એક વીંટી નીકળી પડી, એટલા નિમિત્ત માત્રમાંથી ભ નારૂઢ બનવું અને ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈને કેવલજ્ઞા ન પ્રાપ્ત કરવું, એ કયારે બને ? હૈયામાં શ્રી વીતરાગની વાણી ો અને શ્રી વીતરાગની સ્તુતિનો વાસ હોય ત્યારે જ ! તમા ી વીંટી કે આભૂષણ કોઈ વાર નહિ પડી ગયું હોય ? વીંટી કે આભૂષણ પડી જાય, તો શો વિચાર આવે ? ઝટ ધ્રાસ્કો ૧ ડે અને ઉપાડીને લેવાનો વિચાર આવે. શ્રી ભરત મહારાજા ને વીંટી વિનાની આંગળી નિસ્તેજ દેખાતાં, દેહની નિસ્તે જતાની ભાન થયું, દેહની ક્ષણિકતાનું ભાન થયું, પારકી શ ભામાં રાચવાની મૂર્ખાઈનું ભાન થયું અને આત્માની સાચી શોભાનો વિચાર આવ્યો. આત્મસ્વરૂપી વિચારાણામાં એવા ર ઢ્યા કે- ત્યાં ને ત્યાં ચારેય ઘાતી કર્મોને ક્ષીણ કરી નાખીને, મ હાપુરૂષે આત્માના સ્વભાવ રૂપ કેવલજ્ઞાન અને કેવલદર્શનને ( પાર્જ્યું.

**શ્રી ભરત મહારાજની કાળજી :**

શ્રી ભરત ચક્રવર્તીને પોતાના સાધર્મિકોને મ ટે રસોડું ખોલી રાખ્યું હતું. સાધર્મિકો ત્યાં જમે અને ધર્મ કથાઓ કરે, એ સાધર્મિકોને તેમણે એક કામ સોપ્યું હતું. ે એ કે- જ્યારે હું રાજસભામાં સિંહાસને બેસું, તે વખ ત તમારે આવીને મને કહેવું કે-'આપ જીતાએલા છો, આ ને શિરે ભય વધતો જાય છે, માટે હણો નહિ-હણો નહિ !'

છ ખંડનો ધણી, જેની સેવામાં બત્રીશ હજાર મુકુટબદ્ધ રાજાઓ હાજર રહે, જેની આજ્ઞાને જગતનો મોટા માં મોટો ભડવીર પર ઉલ્લંઘી શકે નહિ, એ શ્રી ભરત ચક્રવર્તી, જીતાએલા હતા કે જીતેલા હતા ?

સિંહાસને બેસીને મોટી બીરૂદાવલીઓને સાં ભળવાનું મન થાય કે આવું સાંભળવાનું મન થાય ? ચક્રવ ર્તી જેવો

ભરસભામાં એવું સાંભળી લે કે-તમે જીતાએલા છો અને તમારા માથે ભાર વધતો જાય છે ?

બાહ્ય દૃષ્ટિએ તો, એ જીતેલા જ હતા અને એમને કોઈનોય ભય નહોતો, પણ સૌને એમનો ભય હતો; પરન્તુ આ તો આત્મિક દૃષ્ટિ છે. એ જાણતા હતા કે-આન્તર રિપુઓથી હું જીતાએલો છું. આથી મારે માથે ભય વધતો જાય છે અને એ માટે જ મારે અહિંસક બનવું જોઈએ. સઘળી ય હિંસાઓથી સર્વથા નિવૃત થવાની એમની ભાવના હતી, કારણ કે-ભયનું ખરૂં કારણ હિંસા છે. જે સર્વથા અહિંસક બને છે, તે ભયથી પર બને છે અને તેના આન્તર રિપુઓ ભાગવા માંડે છે.

વિચારો કે-સિંહાસનારૂઢ એવા પણ શ્રી ભરત ચક્રવર્તીમાં કેવી વિવેકબુદ્ધિ હતી ? પોતે ભાનભૂલા બનવા પામે નહિ-તેની તેમને પોતાને કેટલી બધી કાળજી હતી ?

હૈયામાં શ્રી જિનરાજ હતા, એ માટે જ -

-ચક્રરત્નની પૂજા પહેલી કરી નહિ;

અરે, આ તો શ્રી ૠષભદેવ ભગવાનને કેવલજ્ઞાન થયા પછીની, એ તારકની અમૃતવાણી કાને પડયા પછીની વાત છે; પણ તે પહેલાંનો ય એક પ્રસંગ જૂઓ. શ્રી ૠષભદેવ યાને શ્રી આદિનાથ ભગવાન એમના હૃદયમન્દિરમાં કેવા વસ્યા હતા, તે આપણે જોઈએ. શ્રી ૠષભદેવ ભગવાનને કેવલજ્ઞાન પ્રાપ્ત થયાના અને પોતાની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયાના-એમ બન્ને ય સમાચારો શ્રી ભરત મહારાજાને સાથે મળે છે.

ચક્રરત્ન ઉત્પન્ન થાય ત્યારે પૂજા કરવી, એવો ચક્રવર્તીઓનો આચાર છે. બીજી તરફ તાતને જે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેનો મહોત્સવ કરવો, એ ધાર્મિક કર્ત્તવ્ય છે. એક ક્ષણ માટે શ્રી ભરત મહારાજા વિચાર કરે છે કે-'આ બેમાંથી પહેલી પૂજા કોની કરૂં ?' અને તે પછી તરત જ તાતના કેવલજ્ઞાનનો ઉત્સવ ઉજવવાની તૈયારી કરવાની આજ્ઞા આપે છે.

ચક્ર પોતાનું છે, કેવલજ્ઞાન તાતને થયું છે. ચક્રથી છ ખંડ સાધવાના છે, જગતભરમાં વિજયડંકો એના યોગે વાગવાનો છે, ભોગસૃષ્ટિનો વિસ્તાર એનાથી જ થવાનો છે, પણ હૃદયનું વલણ કયી તરફ છે એ જોવાનું છે. ક્ષણભર વિચાર આવી ગયો કે-'પ્રથમ શું કરવું ? તાતના કેવલજ્ઞાન કલ્યાણકનો ઉત્સવ કે ચક્રની પૂજા ? પણ તરત જ થયું કે-અરે, આ વિચાર ? વિશ્વના પ્રાણીમાત્રને અભયના દાતા તાત કયાં અને પ્રાણિઓનું ઘાતક ચક્ર કયાં ? એમાં પહેલી પૂજા કોની કરવી, એમાં વિચાર જ શો કરવાનો ? ચક્ર તો ઉત્પાત મચાવનારૂં છે, એનાથી મને લાભ થાય તો ય તે આ ભવ પૂરતો છે, જ્યારે પરમ તારક તાતની-પ્રભુની પૂજા તો ભવોભવ સુખ આપનારી છે.

ચક્રરત્નમાં ફસાઇ જનારને, એને નહિ તજતાં એના ભોગવટામાં આજીવન ચોંટયા રહેનારને, એ ચક્ર અને એ ચક્રાદિ દ્વારા પ્રાપ્ત સામગ્રી તો નારકીનાં દુઃખોની ભેટ આપે છે. જેના હૈયામાં ભગવાન ન હોય, એને ચક્ર ચકરાવે જ ચડાવી દે. સંસારના સુખની અને જગતમાં વિજયનો ડંકો વગાડવાની હોંશવાળો તો પહેલી પૂજા ચક્રની જ કરે, કેમ કે- એની બધી ય હોંશ એ ચક્રના યોગે જ પૂરાય તેમ હોય છે; પણ આ તો શ્રી ભરત મહારાજા હતા. ચક્રની પૂજાને મોકુફ રાખીને, ચક્રની પૂજાને પછીથી કરવાનું રાખીને, એતો પિતાની પ્રથમ દોડ્યા. પિતાની પાસે જવાને માટે માતાની પાસે ગયા અને માતાને સાથે લઈને બાદશાહી ઠાઠથી ભગવાનની પાસે જવાને નીકળ્યા.

ભોગ સામ્રાજ્યમાં ગળાગળ ખૂંચેલા હોવા છતાં પણ, એમના હૃદયમાં શ્રી જિનરાજ સ્તુતિ હતી જ ! જ્યાં જ્યાં વીતરાગપણાનું બહુમાન છે, તેનો આદર છે, હાર્દિક પ્રેમ છે, ત્યાં ત્યાં શ્રી જિનસ્તવના છે જ. આરિસાભુવનમાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, એટલી જ વાત યાદ રાખવા માત્રથી 'દિ' ના વળે. એ શાથી થયું, તે જાણવું જોઇએ. એ હૃદયમાં શ્રી જિનરાજ કેવા અંકિત હતા તે જોવું-જાણવું જોઇએ અને પોતાના હૃદયમાં શ્રી જિનરાજને અંકિત કરવા જોઇએ. હૈયામાં શ્રી જિનરાજને અંકિત કર્યા વિના સિદ્ધિ મળે નહિ.

# ખોટું નો લગાડતાં હોં ને

ભદ્રંભદ્ર

પુન્યાનુબંધિ પુન્યોદયે ભદ્રંભદ્ર મલ્યા

**પ્રશ્ન ૧:** ભદ્રંભદ્ર! તમે પુન્યાનુબંધિ પુન્યમાં માનો છો?

**જવાબ ૧:** હોવે. દુનિયામાં એ નામનું તત્વ છે ખરૂં, પણ હું એને તમારી જેટલું મહત્વ નો આપું.

**પ્રશ્ન ૨:** પુન્યાનુબંધિ પુન્ય હોય તો ધરમ સારો થઇ શકે ને?

**જવાબ ૨:** ઓહોહોહો...મોટો ધરમ કરીને જાણે ઊંધા વળી ગયા. એકલા પુન્યાનુબંધિ પુન્યવાળા જ મોક્ષે ગયા હશે કેમ?

**પ્રશ્ન ૩:** તીર્થંકર બનીને મોક્ષે જવાનું મળે તો લોકોનો ઉપકાર કેટલો બધો થઇ શકે?

**જવાબ ૩:** તીર્થંકર ભગવંતો ઉપકાર કેટલો સમય કરે છે? દીક્ષા કયારે લે છે? ૮ વર્ષની ઉંમરે લે છે કયારેય? અને દીક્ષા પછી તરત કેવલજ્ઞાન બધાને થઇ જાય છે? અને આખો દિવસ દેશના આપે છે? અને ગામડે- ગામડે બધે ૧-૧ દિવસ માટે પણ જાય છે ખરા? અને તીર્થંકર ભગવાનનો હયાતકાળ કેટલો? આ બધી વાતો તો પછી વિચારીશું પણ તમને એ ખબર છે કે ચૂંટણીનો વિરોધ કરનારા લોકો ચૂંટણીમાં ઉમેદવાર બની શકતા નથી. એમ ભગવાનનું માને નહિં તે ભગવાન કયારેય બની ના શકે. કયા ધર્મગ્રંથમાં તીર્થંકર બનીને જ મોક્ષે જવાનું બતાવ્યું છે બતાવશો? મુક્ત જીવોના ભેદો કેટલા છે તે જાણો છો ને! પંદર ભેદો છે. અને તેમાં તીર્થંકર બનીને મોક્ષે જવાનો એક જ ભેદ છે. બાકીના બધા અરિહંત બન્યા વિના જ મોક્ષે જવાના ભેદો છે. અરિહંત બનીને જવા મળી જતું હોય તો વાંધો નથી. પણ તે માટેની ઇચ્છા રખાય નહિં. જે પણ રીતે મોક્ષે જઈ શકાતું હોય તે રીતે મોક્ષે જવું છે. બાકી તો જો લોકોના ઉપકારની આટલી બધી પડી હોય તો મોક્ષમાં ચાલ્યા ગયા પછી ઉપકાર કયાંથી કરી શકશો? અને તીર્થંકરો લોકોના ઉપકાર માટે દેશના નથી દેતા તે જાણોછો ને? ભગવાન તો એ રીતે એમનું તીર્થંકર નામ કર્મ ખપે છે માટે દેશના દે છે. અને તીર્થંકર નામ કર્મ ખપી જાય અને આયુષ્ય હજી બાકી હોય તો શા માટે અનશન સ્વીકારી લે છે? ત્યાં પરોપકારની વાત કયાં જતી રહી? તેમને ખબર છે- શાસ્ત્રમાં એવું વચન છે કે મહાપુરૂષોને તો જન્મ એ શરમ માટે છે જે તીર્થંકર પરમાત્માની પૂજામાં આપણે 'જન્મ- જરા મૃત્યુ નિવારણાય આ રીતે બોલીને પૂજા કરીએ છીએ અને તીર્થંકરના જન્મની ઇચ્છા રાખીએ એ અરિહંતની આજ્ઞાનું અપમાન જ છે કે બીજું કાંઈ?

મહાપુરૂષોના જન્મ લોકોના ઉપકાર માટે થઈ જાય છે તે વાત અલગ છે. મહાપુરૂષો કયારેય લોકોના ઉપકાર માટે જન્મ લેવાનું સારુ માનતાં જ નથી. જો લોકોના ઉપકાર માટે જન્મ લેવો સારો ગણાતો હોય તો તો અભવ્ય રહેવુ શું ખોટું? તેને ય દીપક સમ્યકત્વ હોય છે તેવું શાસ્ત્રમાં વર્ણન છે. ઉપકાર પણ પાર વગરનો કરી શકાય અને મોક્ષમાં જવાનું પણ નહિં. બસ ઉપકાર કર્યા જ કરો તમતમારે. અને ૮૪ લાખમાં ભટકયા કરો અનંતોકાળ.

અરે! ભદ્રંભદ્ર! તમે તો બધું એક શ્વાસે બોલી નાંખ્યું. તમે તો કમાલ કરી નાંખી જેટલા - જેટલાના જે જે પ્રશ્નો હતા તે બધાને તમે આમાં જવાબો આપી દીધા.

અરે! ભદ્રજન! હજુ તો આ પાશેરામાં પહેલી જ પૂણી છે હવે તું બીજી વાત સાવધાન થઇને સાંભળ- વાંચ.

પુન્યાનુબંધિ પૂણ્ય ગમે તેટલું ઇચ્છીએ તો પણ બંધાતું નથી. પણ આપમેળે જ બંધાઈ જાય છે. વળી પાછું જો એવું ઇચ્છીને ધર્માનુષ્ઠાન કરીએ કે- 'આ ધર્માનુષ્ઠાનથી મને પુણ્યાનુબંધિ પુન્ય બંધાવ' તો બાપ જિંદગીમાં ય બંધાવાનું નથી. એ જોઇતું હોય તેણે નિરાશંસભાવે- પુદ્ગલજન્ય કોઇપણ સુખની ઇચ્છા વગર જ ધરમ કરવો પડે. પુન્યાનુબંધિપુન્ય પણ છેવટે શુભ કર્મ બંધ સ્વરૂપ છે અને તે કર્મવર્ગણા પુદ્ગલ સ્વરૂપ છે. માટે ઔદયિક ભાવનું તે (તે= તે શુભ કર્મના ઉદયથી થનારૂં) સુખ પણ પૌદ્ગલિક છે તેની ઇચ્છાથી ધરમ કરનારાઓ સંસારના સુખની જ ઇચ્છાથી ધરમ કરનારા સમજવા. ધરમ તો સંસારના સુખો માટે નહિં પણ એક માત્ર મોક્ષના જ કે કર્મક્ષયના જ ઇરાદાથી કરવાનો કહ્યો છે. સંસારના સુખ માટે ધર્મ કરવો એ વિષ કે ગર અનુષ્ઠાન કહેવાય છે. અને તેને ત્યાજય ગણ્યા છે.

વીશ સ્થાનક તપની આરાધનાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે ખરૂં પણ તે બાંધવા માટે વીશ સ્થાનક તપની

આરાધન ન જ કરાય. અને આ તીર્થંકર નામ કર્મ તો આ તપથી મ ત્ર બંધાય જ છે. પણ નિકાચિત તો સવિ જીવ કરૂં શાસન રસીની ભાવનાથી જ થાય છે.' એવું મહાન ગચ્છાધિપતિ શ્રી જૈન પ્રવચનમાં કહી ગયા છે. અને એ મહાન પુરૂષે તો એવું પણ કહ્યું છે કે પુન્યાનુબંધિ પુન્ય જીવને મોક્ષમાં જવામાં અટકાવતું નથી પણ વિલંબ જરૂર કરાવે છે અને એવો વિલંબ મોક્ષના અર્થીને સ્હેજે નભાવી શકાય તેવો નથી.'

ભદ્રંભદ્ર! એ મહાપુરૂષના બધા અનુયાયી તો તેમની વાતને માન્ય કરતા જ હશેને?

ભદ્રાના ભાઈ આવી શંકા જ અસ્થાને છે. પણ જો કે હમણાંનું વાતાવરણ જોતાં તારી આવી પણ શંકા=કુશંકા અસ્થાને નથી કેમ કે બધાય તેમની વાતને માને જ છે એવું ચોક્કસ નથી કહી શકતો. ચતુર્વિધ સંઘમાં એમના ભકતો પાર વિનાના છે. એ બધાં પોતાને ફાવે તેમાં તેમના વચનનો ઉપયોગ કરતા આવ્યા છે અને કદાચ કરતા પણ રહેશે તમને એવો અનુભવ થયો છે ખરો?

મને તો નહિં પણ મારા મિત્રના દુશ્મનને થયો છે 'સુવર્ણશેખર' નામના એક મુંબઈમાં બિરાજમાન- ગચ્છ સ્થવિરને જૈન પ્રવચનની- એ લીટીઓ બતાવી તો તેમણે કીધું કે 'આ મને સમજાતું નથી' ભલે પૂ. ગચ્છાધિપતિનું હોય.

મિત્રએ કહેલું કે- આ જૈન પ્રવચનમાં જ છે. પૂજ્યશ્રીએ જ કહેલું છે. ગચ્છ સ્થવિર બોલેલા કે- મારે વિચારવું પડશે.

બસ આટલો જ અનુભવ મારા મિત્રના દુશ્મનને થયેલો છે અને ત્યારથી તેણે તે ગચ્છ સ્થવિરનો પોતાના જીવનમાંથી બહિષ્કાર કરી દીધો છે કેમ કે જૈન પ્રવચનના ઉપરના શબ્દોએ તેમને સડક કરી દીધા છે.

એટલે પુન્યાનુબંધિ પુન્ય આવું છે. મહાન ગચ્છાધિપતિના અમુક ફાવતા વાક્યને માનવું અને ન ગમતાં અમુકને ન માનવું તે ગચ્છાધિપતિના પુન્યનો ઉદય ગણવો કે પાપનો! અથવા પેલા વાક્યોનો પુન્યોદય કે પાપોદય જડનો હોય કે ચેતનનો પણ હોય? તમે લોકો જ આનો જવાબ મોકલજોને!

અરે! ભદ્રંભદ્ર! તમારા આ વચનોથી તો હવે પુન્યાનુબંધિ પુણ્ય હેય બની જાય છે.

અરે ગાંડાના ગોર! તું હજુ સમજી ના શકયો? આ પુન્યાનુબંધિ પુન્ય તો ઇચ્છા જેવું નથી. ધર્મના બદલામાં ઇચ્છવા જેવું નથી. તે દ્રષ્ટિએ તો હેય છે જ પણ તેનાથી પણ આગળ તેવું પુન્ય મળી ગયું હોય તો ય તજી દઈને તીર્થંકરના આત્માઓ દુઃખને વેઠવા સામે ચાલીને જંગલમાં ગયેલા હતા.

જે પુન્યને તીર્થંકરે તજ્યુ, તેને વળગાડી રાખવાનું કામે તેને તીર્થંકર બનવા નો મળે. હમજ્યા. કર્મો કયારેય ઉપાદેય હોય ખરા? ગંગારામ! બહુ ભણવા કરતા ગણવાની જરૂર છે તું ભણ્યો પણ ગણ્યો નહિં. કેમ કે હજી તારા મનમાં પુન્યાનુબંધિ પુન્ય તરફનું મમત્વ ઘટયું નથી.

સનતકુમાર ચક્રવર્તી દીક્ષા લઈ લીધા પછી લોકો કહેતા કે આ સનતકુમાર ચક્રવર્તી છે ત્યારે એમનું માથું શરમનું માર્યું ઝુકી જતું હતું એ માનતા હતા કે મેં ચક્રવર્તી પણું તો કયારનું યે છોડયું પણ આ લોકોના મનમાંથી મારું ચક્રવર્તી પણું ભૂંસાયું નથી મને ધિક્કાર છે.

આ ચક્રવર્તી પુન્યાનુબંધિ પુન્યને વળગી રહ્યા કે વળગાડ સમજીને છોડી ગયા?

પણ ભદ્રંભદ! તીર્થંકર બનીને મોક્ષે જવું સારૂ નહિં!

અરે! લલ્લુભાઈ! ખુદ તીર્થંકર ભગવંતો પણ તીર્થંકર બનવા માટે પ્રયત્ન નથી કરતા સિદ્ધ બનવા માટે પ્રયત્ન કરે છે અને તું તીર્થંકર બનીને મોક્ષે જવા ઇચ્છે છે.

અચ્છા? આનો મતલબ એ થયો કે તીર્થંકર બની જવાય તો અલગ વાત છે પણ તીર્થંકર બનવા માટે આરાધના ન કરાય, બરાબરને ભદ્રંભદ્ર!

હા, હવે બરાબર સારને ગ્રહણ કર્યો. મને કોઈ તીર્થંકર બને તો તેની ઈર્ષ્યા જરાય નથી પણ જે રીતે તીર્થંકર બનતા જાય છે તે રીતે તે બની નહિં શકે તેનું મને દુઃખ હતું, પણ હવે બરાબર થઈ ગયું.

પણ ભદ્રંભદ્ર! એક જ મહાપુરૂષની સાચી વાતને લોકો પોતાના સ્વાર્થની પુષ્ટિ માટે મચડી કેમ નાંખે છે તે નથી સમજાતું.

અરે! ભદ્રજન! ચોકખી વાત છે. સ્વાર્થને સલામત રાખવા ભોળી જનતા અલગ મહાપુરૂષના નામો જ બહુ કામ લાગે છે. તેના નામે બધું જ કહી શકાય, કરી શકાય અને લોકોને તદ્દન આસાનીથી છેતરી શકાય. મહાપુરૂષના નામે કોઈ એમ પણ કહી દે ને કે- એમણે મને સંઘાચાર્ય બનાવવાનું અમુક વ્યકિતને કીધેલું હતું- તો મુર્ખ લોકો ઘેટાંની જેમ કહે સમજ્યા, કર્યા વગર એ વાતને બે હાથ જોડીને ભગવદ્ ગીતાની જેમ તહત્તિ કરી લે એવા છે.

# 'સમ્યક્તત્ત્વની વરમાળા'

જે તીર્થંકરોએ પાણીની, વનસ્પતિની, ત્રસજીવોની દયા પાળવા માટે જેમ જોરશોરથી ઉપદેશ આપ્યો એમ નહિં પરંતુ પોતે પણ આચરણ કર્યું ને પોતાના સેંકડો સાધુઓ પાસે આચરણ કરાવ્યું એના કારણે સેંકડો સાધુઓના ભોગ પણ લેવાયા. સાધુઓ તરસ્યા થયા તે વખતે પાણી હોવા છતાં પાણી પીવાની આજ્ઞા ન આપી.

આપણે કહીશું પાણી સચિત્ત હશે? અચિત્ત હોય ને આજ્ઞા ન આપી એ તો યોગ્ય છે પણ પાણી સચિત્ત હતું. જ્ઞાનીની દ્રષ્ટિએ યોગ્ય હતું, ભગવાને પણ જ્ઞાનમાં નિહાળેલું હતું. છતાંય આજ્ઞા ન આપી. તળાવનું પાણી કોઈ વનસ્પતિના સંયોગથી અચિત્ત થયેલ છે છતાંય આજ્ઞા ન આપી. હું કેવળજ્ઞાનથી અચિત્ત જાણું છું પણ વ્યવહાર શું કરે છે? પછી વ્યવહાર કેવો થાય?

તળાવના પાણી તીર્થંકરના કાળમાં પણ વપરાતા હતા ને વપરાયા પણ છે માટે વાંધો શું? વ્યવહારથી ભવિષ્યમાં કોઈ તળાવના પાણી ન પીએ, ઉપયોગ ન કરે માટે તીર્થંકરોએ ન વાપરવા દીધું, કે ન વાપરવાની ભલામણ કરી અને જ્ઞાન આપી સૌને અનશન કરાવ્યું.

બસ, આ વાત વાંચી સુજ્ઞજનો જરૂરથી સમજી ગયા હશે કે પૂર્વના મહાપુરૂષોએ જીવતા ગુરુ અને મરેલા (મૃતક) ગુરુનો ભેદ પાડયો નથી, જો ભેદ પાડયો હોય તો અત્યારે ઉભી થયેલી બે વિચારધારાને સ્થાન ન મળત. તેઓ જાણતાં હતા કે જો ભેદ પાડીશું તો જે ગુરુદ્રવ્યને દેવદ્રવ્ય તરીકે સૌ ગીતાર્થ મહાપુરૂષોએ માન્યું છે, ગણ્યું છે તેમાં વળી અને જડ આત્મામાં તર્ક-વિતર્ક કરીને અવનવા પેટાભેદો ઉત્પન્ન કરશે. અવનવા પેટાભેદોથી નાના પ્રકારની અનવસ્થાઓ ઉભી થશે માટે ગુરુદ્રવ્ય એ જ દેવદ્રવ્ય છે એમ સ્પષ્ટ પણ ઉલ્લેખ કરી દીધો. જો સ્પષ્ટ ઉલ્લેખ ન કર્યો હોત તો વ્યવહાર કેવો થાય?

આ મહાપુરૂષોએ અમિ કહ્યું છે, એમના સમયમાં આમ થયું છે તેઓની હાજરીમાં ખુલાસો થયો છે. તેઓની નિશ્રામાં આટલી આટલી, જગ્યાએ આ પ્રમાણે કર્યું છે. અમારા પુસ્તકમાં સર્વની સંમતિ લઈને આ પ્રમાણે છાપ્યું છે, આ સઘળું શાસ્ત્રને નજર સમક્ષ રાખીને કર્યું. પૂજય ગુરુદેવે પણ કરાવ્યું છે, કરાવવાની રજા આપી છે તેથી કરવામાં શો વાંધો?

એવું બોલનારા સામે લાલબત્તી ધરી દીધી ભાઈ, ગુરુ નિમિત્તક આવેલું દ્રવ્ય (દ્રવ્યગુરુ સિવાય) દેવદ્રવ્ય જ ગણાય. નહિંતર પૂર્વના મહાપુરૂષો જ કહીને- કરીને ગયા હોત કે ગુરુ નિમિત્તક આવેલા દ્રવ્યમાંથી ગુરુ મ.ના અને મારા સ્મારકો સુંદર- અદ્દ્ભૂત બનાવજો. એ અંગે ઉપદેશ પણ જોરશોરથી આપ્યો હોત પરંતુ એવું કાંઈ જોવા કે જાણવા મળતું નથી. મહાપુરૂષોએ એવું કોઈ આચરણ પણ કરાવ્યું હોય અથવા અન્ય પાસે કરાવ્યું પણ હોય એવું પણ જોવા મળતું નથી. (વિ.સં. ૨૦૫૮ના ચાતુર્માસમાં થયેલ ત્રિદિવસીય વાચનામાં કોઈ પત્રો કે પુરાવા બતાવ્યા નથી. પૂછવા છતાં મૌખિક વાતો કરી છે.) છતાંય કાળધર્મ પછી ગાવું તે કેટલું ઉચિત છે?

કહેનારા કહે છે કે અસત્ય વાતમાં ગુરુ અભિયોગના કારણે વિ.સં. ૨૦૨૦ના પટ્ટકમાં સહિ કરવી પડી ત્યારે આખી રાત બેચેની અનુભવી, તરફડીયા માર્યા, તો ગુરુદ્રવ્યથી (દેવદ્રવ્યથી) ગુરુ મ.ના ફોટા, સ્મારક આદિ થાય એવું બોલવામાં, બોલાવવામાં, કરાવામાં કે કરાવવામાં તેઓનું હૃદય રડતું ન'તું? આનંદ પામતું હશે? કારણ કે આવું કરવાથી, કરાવવાથી, બોલવાથી, બોલાવવાથી, લખવાથી કે લખાવવાથી મારૂં સ્મારક અજોડ અદ્દ્ભૂત, સુંદર, બેનમુન બનશે. મારી ખ્યાતિ વધશે.

ના, આવું આ મહાપુરૂષ માટે વિચારવું તે યોગ્ય નથી. જો વિચારીએ તો પણ દોષ લાગે. કર્મનો બંધ થાય એ મહાપુરૂષના નામે જેઓ વાતો કરે છે તેઓને ગલગલીયા

થાય છે. જો ગુરુદ્રવ્યથી સ્મારક આદિ બનાવવાનો રાજમાર્ગ ખુલ્લો થઇ જાય તો ભવિષ્યમાં મારા શિષ્યો - પ્રશિષ્યો મારું સ્મારક સુંદર બનાવી શકે.

માટે, આવો વ્યવહાર ચાલુ કરવો કેટલો ઉચિત છે? જે વ્યવહારથી નજર સમક્ષ નુકસાન દેખાઇ રહ્યું છે તે વ્યવહાર કઇ રીતે ચાલુ કરવો એ પણ એક વિચારણીય વાત છે.

અને બીજી વાત એ છે કે, સંઘની આબાદી ચુસી લઇને પોતાની આબાદી ઉભી કરનારાઓની કુટિલ રાજરમતની બદમાશ ચાલ સમજો. ખરેખર, સંઘ અનભિજ્ઞ અને અશિક્ષિત વર્ગથી વ્યાપ્ત હોવાથી સ્વાર્થલંપટ કપટી વાચાલ શક્તિવાળાઓને વશ થઇને તેઓ હુકમો બહુ જ આસાનીથી ઉઠાવે છે. મેલા મુત્સદીઓ કદરૂપી, લુચ્ચી નઠારી બુદ્ધિથી ઉભા કરેલા પોતાના નવા નવા દ્રષ્ટિકોણ સંઘ સમક્ષ રજૂ કરે છે. સમ્યકતત્ત્વથી અનભિજ્ઞ સંઘ પણ શ્રેષ્ઠ માની અપનાવે છે અને એવાઓની કપટ જાળમાં સપડાઇને અંતે નાશ પામે છે.

સ્મારકોના ઉપદેશકો અને ટ્રસ્ટીઓએ ગયા બે પ્રશ્નનો ઉત્તર આપ્યો નથી કે જિનવાણી કે જૈન શાસન ઉપર ખુલાસો મોકલ્યો નથી હવે નવા બે પ્રશ્નોના ઉત્તર આપશે?

મુમુક્ષુ કે મૃતકને વન્દનાદિ ક્રિયામાં વર્તમાન પર્યાય બાધક છે તેથી વન્દનાદિ ક્રિયા થતી નથી તેવી રીતે સ્થાપના મૂર્તિને ભાવ ગુરુ તરીકે સ્વીકારવામાં કે માનવામાં કયો પર્યાય બાધક છે જેથી તમો સ્થાપનાનું દ્રવ્ય ભાવથી જુદું માનો છો?

- ખટપટીયો

## શ્રી જૈન શાસનમાં ખુશીભેટના

| રૂા | નામ | |
|---|---|---|
| ૨૫૦-૦૦ | શ્રીમતી સંતોકબેન પદમશી ગુઢકાની ૨૪ મી વર્ષગાંઠ પ્રસંગે પૂજા ભણાવતા | -બેંગ્લોર |
| | **પ. પૂ. આ. ભ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા. આદિ બેંગ્લોર પધારતા ખુશીભેટના** | |
| ૨૦૦-૦૦ | શાહ નેમચંદ કાલીદાસ નગરીયા | - બેંગ્લોર |
| ૫૦૦-૦૦ | શાહ સોજપાર મેપાભાઇ નાગડા પરિવાર | - બેંગ્લોર |
| ૨૫૧-૦૦ | રમેશભાઇ જેન્તીલાલ જાખરીયા | - બેંગ્લોર |
| ૫૦૧-૦૦ | છગનલાલ પોપટલાલ બીદ | - બેંગ્લોર |
| ૫૦૧-૦૦ | અમૃતબેન રતિલાલ ગડા | - બેંગ્લોર |
| ૫૦૧-૦૦ | ધીરેન હિરજીભાઇ સુમરીયા | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | અમિત દીનેશચંદ્ર નગરીયા | - બેંગ્લોર |
| ૨૫૦-૦૦ | હસમુખભાઇ સોનછત્રા | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | લખમશીભાઇ મુળજીભાઇ દોઢીયા | - બેંગ્લોર |
| ૨૫૧-૦૦ | રામજીભાઇ લાલજીભાઇ ખીમસીયા | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | મીતલ ચંદ્રેશભાઇ નગરીયા | - બેંગ્લોર |
| ૨૫૧-૦૦ | ભારતીબેન પ્રદિપભાઇ કરણીયા | - બેંગ્લોર |
| ૨૫૧-૦૦ | જીતેશ સોમચંદ માલદે | - બેંગ્લોર |
| ૫૦૧-૦૦ | જેન્તીલાલ લાલજીભાઇ નગરીયા | - બેંગ્લોર |
| ૫૦૧-૦૦ | રતિલાલ ખેતશીભાઇ હરણિયા | - બેંગ્લોર |
| ૧૦૦-૦૦ | નગીનદાસ ભાઇ | |
| ૧૦૦-૦૦ | સુરેશભાઇ લાલજીભાઇ હરણિયા | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | ધીરેશ પ્રભુલાલ હરિયા | - બેંગ્લોર |

| રૂા. | નામ | |
|---|---|---|
| ૧૦૧-૦૦ | કેતનભાઇ વિનોદભાઇ શાહ | - બેંગ્લોર |
| ૧૦૦-૦૦ | રતિલાલ વેલજીભાઇ શાહ | - બેંગ્લોર |
| ૫૦૧-૦૦ | રમણિકલાલ તથા ચુનિલાલ હીરજીભાઇ | -બેંગ્લોર |
| ૨૫૦-૦૦ | રમેશકુમાર સાકરચંદ પરિવાર | - બેંગ્લોર |
| ૨૫૦-૦૦ | શશીબેન મહાવીરભાઇ | - બેંગ્લોર |
| ૧૦૦-૦૦ | પ્રેમચંદભાઇ દેવશીભાઇ વોરા | - બેંગ્લોર |
| ૧૦૦-૦૦ | સજ્જનરાજની ગૌતમચંદજી ખોરાળા | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | અશ્વિન ખીમજીભાઇ ગોસરાણી | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | અનોપચંદ ન્યાલચંદ શાહ | - બેંગ્લોર |
| ૨૫-૦૦ | સોમચંદ હંસરાજભાઇ ગોઇંજ | - બેંગ્લોર |
| ૧૦૦-૦૦ | જયેશ નથુભાઇ ગલૈયા | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | દિલીપભાઇ પાનાચંદ | - બેંગ્લોર |
| ૫૦૧-૦૦ | જયંતિલાલ હિરજીભાઇ દોઢીયા | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | અરવિંદભાઇ નેમીદાસ શાહ | - બેંગ્લોર |
| ૧૦૦-૦૦ | દિલીપભાઇ હકાણી | - બેંગ્લોર |

### જૈન શાસનના આજીવન સભ્ય

| | | |
|---|---|---|
| ૧૦૦૦-૦૦ | શૈલેષ પ્રેમચંદ લાધાભાઇ ગુઢકા | - બેંગ્લોર |
| ૧૦૦૦-૦૦ | જીતેશ સોમચંદ માલદે | - બેંગ્લોર |
| | શ્રી રતિલાલ દેવચંદ ગુઢકાની પ્રેરણાથી (લંડન) | |
| ૬૦૦૦-૦૦ | કાન્તાબેન છગનલાલ ખીમજીભાઇ-મીઠોઇવાળા | - નાઇરોબી |
| ૧૦૦૦-૦૦ | જીતેન્દ્રકુમાર એચ. શાહ - મારકુંડી | - ચીપલન |

## સમાચાર સાર

**રાજકોટ રૈયા રોડ વૈશાલીનગર સંઘમાં** પરમારાધ્યપાદ જિનશાસન શીરતાજ તપાગચ્છાધિરાજ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના દિવ્ય આશિષ દ્વારા તથા નૂતન ગચ્છાધિપતિ આચાર્ય દેવશ્રીમદ્ વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી અમારા સંઘની ભાવભરી વિનંતી સ્વીકારી પ.પૂ. સ્વ. વિદુષી સાધ્વી ભગવંત શ્રી ત્રિલોચનાશ્રીજી મ.સા.ના શિષ્યા પ્રશાંતમૂર્તિ, મધુરભાસી પ.પુ. સાધ્વી ભગવંત શ્રી ભદ્રપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૮ પધારતાં અમારા હૈયા પુલકિત થયા છે. ઉલ્લાસમય વાતાવરણ વચ્ચે પ.પુ. સાધ્વીજી ભગવંતનો અષાઢ સુદ ૭ના પ્રવેશદિને નિરૂપમાબેન લલીતભાઈ મહેતાને ત્યાં પ્રથમ પધરામણી કરી મંગલાચરણ કરેલ. બાદ તેઓશ્રી તરફથી કેસરીયા દૂધની ભક્તિ અને સંઘપૂજન થયેલ. બાદ પ્રવેશ દરમ્યાન અનેક ગંહુલીઓ તથા રૂા. ૧૪નું સંઘપૂજન તેમજ બુંદીના લાડુ-પતાસા આદિ પ્રભાવના થયેલ. પ્રવેશના દિને સામુદાયિક આયંબીલ થયેલ. જેમાં રૂા. ૧૫ની પ્રભાવના થયેલ હતી. પ્રવેશના દિવસથી જ શ્રાવીકાઓમાં વ્યાખ્યાન ચાલુ છે. સારી સંખ્યામાં લાભ લ્યે છે. શ્રાદ્ધવિધિ ગ્રંથ તથા યશોધર ચરિત્રનું વાંચન ચાલે છે.

અષાઢ સુદ ૧૪થી જ તપનું વાતાવરણ સર્જાયેલ. જેમાં શ્રી ગૌતમ કમલતપ (૧૮ દિવસનું)નુ સમુહ આયોજન થતાં ઘણી સારી સંખ્યામાં તપસ્વીઓ જોડાયા હતાં. રૂા. ૧૪૦થી બહુમાન થયેલ. સાંકળી આયંબીલ તપ ચાલુ છે. પ.પુ. ગચ્છાધિપતિશ્રીની ૧૨મી સ્વર્ગારોહણ તીથીના રોજ પ.પુ. મુનિરાજશ્રી સંયમપ્રભવિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં ગુણાનુવાદ થયેલ તથા સામુદાયિક ઉપવાસ થયેલ. સંઘપૂજન- પ્રભાવના સારી થયેલ.

શ્રાવણ સુદ ૫-૬-૭ના શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ થયેલ. જેમાં રૂા. ૧૧૫ની પ્રભાવના થયેલ તથા ચંદનબાળાના અઠ્ઠમ પ્રસંગે રૂા. ૨૦૫/- ચાંદીની સીક્કા- પાયલ- નવકારવાળી આદિથી બહુમાન થયેલ.

અમારે ત્યાં પર્યુષણ પર્વમાં બાદ પુ. મુની ભગવંત શ્રી સંયમપ્રભવિજયજી મ.સા.ની શુભ નિશ્રા મળતાં સંઘમાં અનેરો ઉલ્લાસ છવાયો. તેઓશ્રીની શુભ નિશ્રામાં શ્રાવકના વાર્ષીક ૧૧ કર્તવ્યો પૂર્ણ થયા. સાધર્મીક ભકિત- મહાપૂજા તપની હેલી વરસી - ઉપવાસ ૧૧-૨ / ૯-૨ / ૮-૧૪/ ૬-૧ તથા બાકી તપમાં મોટી સંખ્યામાં જોડાયા. ચૈત્ય પરીપાટી ૩ જિનાલયએ ગઈ. રસ્તામાં અનેક ગહુલીઓ તથા ૧૮ સંઘપૂજન થયા. શ્રી દર્શન અશોકભાઈ હીંગવાલાની અઠ્ઠાઈ તપની તપશ્ચર્યા નિમિત્તે ચતુર્વિધસંઘ તેમના ઘેર ભા.સુદ-૬ના પધારેલ. રસ્તામાં ગહુલીઓ - સંઘપૂજનો- સાકરના પડાની ભકિત બાદ વિશાળ મંડપમાં વ્યાખ્યાન રાખેલ બાદ સાધર્મિક ભકિત શાહ છગનલાલ ઉત્તમચંદ હીંગવાલા પરિવાર તરફથી રાખેલ હતી. ભા.સુદ-૧૨ના ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. ભા. સુદ ૧૨થી શેત્રુંજય મોદક તપ ભા. સુદ ૧૫ સુધી પાંચ દિવસનો તપ શરૂ થયો છે. પૂ. સાધ્વી ભગવંત શ્રી ભદ્રપૂર્ણાશ્રીજી મ.સા. તથા સા. શ્રી ઈન્દ્રમાલાશ્રીજી ની શુભ પ્રેરણાથી પરમાત્માની ભક્તિમાં વપરાતા દ્રવ્યોનો નકરો ૧ વર્ષ માટેના આદેશ અપાયેલ. આમ તેઓશ્રીના ચાતુર્માસ પ્રવેશથી આનંદની હેલી જામી છે.

**ઉપધાન તપના રંગે રંગાયુ અમદાવાદ મણીનગર**

મણીનગર વાસુપૂજ્ય દાદાની છાયામાં તપ જપ સાધનાનો ત્રિવેણીસંગમ લબ્ધિ ભુવન તિલક ભદ્રંકર સૂરીજી મ.ની કૃપાવૃષ્ટિથી આચાર્યશ્રી પુણ્યાનંદ સૂરિ મહારાજ. આચાર્યશ્રી વારિષેણ સૂરિજી મ.ઠાણા ૧૨ની નિશ્રામાં ઉપધાન તપ પ્રારંભ આસો સુદ ૧૦ રવિવાર ને સુદ ૧૨ મંગળવાર જાહેર થતાં નગરના પુણ્યાત્માઓ વ્રત તપ સાધના માટે ઉલ્લસિત બની ગયા છે. અત્રે ભગવતી સુત્ર પ્રવચનો, રવિવારીય શિબિર, સંધ્યા ભકિત, ભક્તામર પાઠ, સંઘ પૂજનો, સમુહ સામાયીક ૫૦૦ સૌભાગ્ય સુંદરતપ ૧૭૦, મુગના આયંબિલ, ૧૫૦ ભક્તામર અઠ્ઠમ, ૭૦ માસસમણ ૩, ૧૬ ઉપવાસ ૮ ૧૧-૩ / ૯-૨ / ૮-૮૦ પૌષધ ૨૦૦ તપસ્વી બહુમાન, રથયાત્રા ચૈત્ય પરિપાટિ, સ્વામિ વાત્સલ્ય, પાઠ શાળા ઈનામી સમારોહ સંસ્કૃતિક કાર્યક્રમ સાથે સંસદસભ્ય હરિન પાઠકના હસ્તે થયેલ. પં. વિજયસેન વિજય મ. પ્રવર્તક ૩૦-૩૧ ઓળી આરાધક વ્રજસેન વિ. પ્રવચનકાર મુનિ વલ્લભસેન મ., મુનિ વિરાગસેન મ., સાધ્વી વિજ્ઞાન શ્રીજી મ., ૬૦, ૬૧ ઓળી આરાધક સાધ્વી ભક્તિદર્શિના શ્રીજી, આ. કિર્તીપૂર્ણાશ્રી આરાધના પ્રભાવનામાં પ્રેરણા સારી આપે છે.

આ. લબ્ધિસૂરિ મ., આ. જયંત સૂરિ મ., આ. સ્થુલભદ્ર સૂરિ. મ., સિદ્ધિસૂરી મ. બાપજી મ., આ. વિક્રમ સૂરી મ.ની પૂણ્યતિથિ, ગુણાનુવાદ, જિન ભક્તિ પૂજનો, સ્પર્ધા વિ. ભવ્ય આયોજન થયેલ હતું. પૂ.આ. શ્રી વારિષેણ સૂરિ મ. ચાર માસ ત્રણ ત્રણ એકાંતરા આયંબિલથી અરિહંત આરાધના કરી રહ્યા છે, ૧૦૦ ઓળી અથવા અખંડ ૫૦૦ આયંબિલ આરાધકો બહુમાનનો લાભ આપવા વિનંતી છે. સરનામું જણાવશો. રાજેશ એન. શાહ, કાપડ બજાર છાણી ૩૯૧૭૪૦

❖ **શ્રી વસ્તિતીર્થ યુ.પી. :** સંભવનાથ પ્રભુના ચાર કલ્યાણકને પ્રભુ મહાવીર શાંતિનાથ પ્રભુના વિચરણ ચાર્તુમાસની પાવન ભૂમિમાં વિશાળ શિખરબંધ જિનાલય મનમોહક પ્રભુ બિંબોના દર્શનપૂજા કરી ધન્ય બનવું જરૂરી છે. ઉત્તમ સગવડતા સુવિધાયુક્ત ધર્મશાળા ભોજનશાળા તથા દર્શનીય પ્રાચીન જિનાલય છે. ભાવિકો ભાવથી ભકિત કરે છે.

❖ **મલાડ ઇસ્ટ ધનજીવાડી** પૂ. મુ. શ્રી હિતદર્શન વિજયજી મ. આદિની નિશ્રામાં ૩૭ વર્ષના ઇતિહાસમાં ચાતુર્માસ તથા પર્યુષણની ભવ્ય આરાધના થઇ છે. ૨ માસ ક્ષમણ આદિ તપસ્યા થઇ છે. આરાધનાના અનુમોદનાર્થે ભા. સુ. ૧૦- ૧૧- ૧૨ ત્રણ દિવસ શાંતિસ્નાત્ર આદિ ભવ્ય મહોત્સવ યોજયો હતો.

**ઘોરી (મહા) :** અત્રે પૂ. મુ. શ્રી ભવ્યચંદ્રવિજયજી મ. આદિ તથા પૂ. સા. શ્રી પદ્મલતાશ્રીજી મ. આદિની નિશ્રામાં પર્યુષણની ભવ્ય આરાધના નિમિત્તે શ્રી નંદીશ્વર દ્વીપની રચના સાથે પૂજા સહિત પંચાહ્નિકા મહોત્સવ ભાદરવા વદ પ્રથમ ૬થી ભાદરવા વદ ૧૩ સુધી ભવ્ય મહોત્સવ યોજાયો છે.

**સમ્મેતશિખરજી મહાતીર્થ** - અત્રે પૂ. આ. શ્રી વિજયજયકુંજર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયમુક્તિપ્રભ સૂરીશ્વરજી મ.,પૂ. ઉ. શ્રી અક્ષયવિજયજી મ., આદિની નિશ્રામાં ૨૦૬૧માં શુભ મુહુર્તે ભોમીયાજી ભવનમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ દેવકુલિકાઓ સહિત અંજનશલાકા પ્રતિષ્ઠા થશે. ત્રિપલજિનબિંબ ભરાવવા માટે નકરા વિ. જાહેર થયા છે લાભ લેવા માટે સંપર્ક શ્રી જૈન શ્વે. શ્રે. સંઘ ભોમીયાજી ભવન મધુવન શિખરજી ૪ મીર બોહાટ ઘાટ સ્ટ્રીટ કોલકત્તા શ્રી કેવરલાલ કોચરફોન : (૦૩૩) ૨૨૫૯૨૧૭૪.

**પાલીતાણાઃ** અત્રે ઓસવાળ યાત્રિક ગૃહમાં પૂ. પં. શ્રી ભવ્યરત્ન વિજયજી મ., પૂ. મુ. શ્રી ક્ષમાવિજયજી મ., પૂ. મુ.શ્રી વિરામદર્શન વિજયજી મ.,પૂ. મુ. શ્રી રમ્યદર્શન વિજયજી મ.ની નિશ્રામાં તેમજ પૂ.સા. શ્રી રવિચંદ્રાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી અરણપ્રભાશ્રીજી મ. આદિની નિશ્રામાં પૂ. સા. શ્રી કલ્પશીલાશ્રીજી મ.ની ૯૭મી ઓળી તથા પૂ.સા. શ્રી રાજદીપિકા શ્રીજી મ.ના ૧૧ ઉપવાસના અનુમોદનાર્થે ભાદરવા સુદ ૫થી સુદ ૧૩ સુધી લંડન આદિના ભાવિકો તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયું.

**બેંગલોરઃ** અત્રે બસસેશ્વર નગરમાં બિરાજમાન **પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** આદિની તથા પૂ.સા. શ્રી સ્વયંપ્રભા શ્રીજી મ. આદિની નિશ્રામાં શાહ વીરપાર પુંજા ગડા પરિવાર ચેલાવાળા તરફથી શ્રી રતિલાલ વીરપાર ગડાને ત્યાં તેમના ધર્મપત્ની શ્રીમતી અમૃતબેન રતિલાલ સુકૃતની અનુમોદનાર્થે શ્રાવણ વદ ૯થી ૧૧ સુધી શાંતિસ્નાત્ર સહિત ત્રણ દિવસનો મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. હાજરી ભાવિકોએ સારી રીતે આપી હતી. જીવદયાની ટીપ સારી થઇ હતી.

**બેંગલોરઃ** અત્રે બસસેશ્વર નગરમાં શ્રી વિમલનાથ જૈન દેરાસર, ૨૪૨, આશીર્વાદ ખાતે પૂ.આ. શ્રી વિજયસિદ્ધિ સૂરીશ્વરજી મ.ની ૪૪મી પૂણ્યતિથિ તથા પૂ. આ. શ્રી વિજયમેઘ સૂરીશ્વરજી મ.ની ૬૦મી પૂણ્યતિથિ નિમિત્તે પૂ.આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી** **મ.**આદિની નિશ્રામાં તેઓશ્રીના ઉપદેશથી ચંગા હાલ લંડન નિવાસી શ્રીમતી રમાબેન લાલજી હેમરાજ, પુત્રો પ્રદીપ, મુકેશ, સ્મિતા, નિશા, કુનલ તથા રક્ષાબેન અરવિંદ લંડન હ. ભાઇ ઝવેરચંદ લાધાભાઇ જામનગરવાળા તરફથી ભા. વ. ૧૩ તા. ૨૪, વદ ૦)) +૧ તા. ૨૬ સુધી ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ યોજાયો. વદ ૧૪ના પૂ.શ્રીના ગુણાનુવાદમાં પૂ. બાલ મુનિશ્રીજીએ દાદાનું ગીત ગાયું. શ્રી પુલીનભાઇ રાજેન્દ્રભાઇ અમદાવાદવાળાએ ગીત ગાયું. પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિ.મ.એ ગુણાનુવાદ કર્યા પછી પૂ. આચાર્ય મહારાજે પૂ. દાદાના જીવનની મહત્તા અને મહાન ઉપકારોનું વર્ણન કરેલા. પૂ.આ. શ્રી વિજયમેઘ સૂરીશ્વરજી મ.એ પણ તે કાળમાં ડીપ્લોમા થયેલ અને આગમના મહાન અભ્યાસી હતાં.

દાદાની મૂર્તિ પુલીનભાઇ લાવેલા તેનું ગુરુપૂજનનું ઘી શ્રીમતી રમાબેન લાલજી હેમરાજ લંડન વતી બોલ્યા અને પુલીનભાઇ, દિનેશભાઇએ તેમજ સકલ સંઘે ગુરુપૂજનનો લાભ લીધો હતો.

**ભાભરતીર્થ :** અત્રે પૂ. આ. શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વરજી મહારાજાદિની નિશ્રામાં ઉપધાન નક્કી થયા છે. પ્રથમ પ્રવેશ ૨૦૫૯ આસો સુદ ૧૪ તથા બીજો પ્રવેશ આસો વદ ૧ છે. (જિ. બનાસકાંઠા ફોન- ૨૨૨૪૬૮૯.

**બિજાપુર (કર્ણાટક) :** અત્રે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. આરાધક સંઘ નૂતન ધર્મશાળા જૈનભવન ગુલાબપ્લાઝા પાસે ગુરુકુલ રોડ ખાતે પૂ.આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી વિજય મુક્તિ પ્રભ સૂરીશ્વરજી મહારાજ, પૂ. ઉ. શ્રી અક્ષય વિજયજી મ. આદિની નિશ્રામાં ઉપધાન શરૂ થાય છે. પ્રથમ પ્રવેશ આસો સુદ ૧૫, દ્વિતિય પ્રવેશ આસો વદ ૨, માલારોપણ માગશર સુદ ૫ છે. ઉપધાન કરવા માટે આમંત્રણ છે.

**વીરાનગર (ઉ.ગુ.)** : અત્રે પૂ. પ્રવચનકાર મુ. શ્રી ભાવેશરત્ન વિજયજી મ.ના ૧૧ વર્ષના માસિક ૧૩૦ અઠમની સુદીર્ઘ તપસ્યાની અનુમોદનાર્થે ૧૧ દિવસીય જિનેન્દ્રભક્તિ મહોત્સવ ભાદરવા વદ ૯થી આસો સુદ ૫ સુધી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન આદિ ભવ્ય રીતે ઉજવાયો.

**શિવણસઇ (તા. વસઇ):** અત્રે પૂ. વર્ધમાન તપોનિધિ આ. શ્રી વિજય કમલ રત્ન સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય અજિત રત્ન સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ભંવરલાલ હરખચંદ સુરાણા દાદર (પૂર્વ) મું.-૧૪ તરફથી ઉપધાનતપ થશે. પ્રથમ મુહુર્ત કારતક વદ ૬ શનિવાર તા. ૧૫-૧૧-૨૦૦૩ તથા બીજુ મુહુર્ત કારતક વદ ૮ સોમવાર તા. ૧૭-૧૧-૨૦૦૩ છે. શ્રી આદીશ્વર ધામ જૈન મહાતીર્થ શેષ પાવેલી જૈન રિલીજીયસ ટ્રસ્ટ વજ્રેશ્વર રોડ મુ. ગાંવ શિવણસઇ તા. વસઇ ફોન- ૨૫૦-૨૫૭૧૨૬૮.

**બોરસદ શહેરમાં અકલ્પીત આરાધના - પ્રભાવના :-**

શ્રી બોરસદ નગરમાં શ્રી વિશાઓસવાળ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ કાશીપુરામાં વર્ધમાન તપોનિધિ ઉગ્ર તપસ્વી પૂજ્ય આચાર્ય ભગવંત ''શ્રી પ્રભાકર સૂરીશ્વરજી'' મહારાજ સાહેબની પાવન નીશ્રામાં જૈન શાસનની અપૂર્વ પ્રભાવન થઇ રહી છે. પાંચ વર્ષથી માંડીને સીત્તેર વર્ષના વૃધ્ધ ઉંમરે અઠ્ઠાઇ અને તેથી ઉપરની અનેક તપસ્યાઓ તથા ચૌદથી અધિક અનુષ્ઠાનો સાધર્મિક ભક્તિ અને અનુમોદનીય તપસ્વીના બહુમાન પૂર્વકની ભક્તિ તેમજ વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્ય ભગવંત પ્રભાકર સૂરી મહારાજએ આઠેય દિવસ ઉપવાસ કરી ''અઠ્ઠાઇની તપશ્ચર્યા ''સાથે આઠેય દિવસના વ્યાખ્યાન વાંચી જૈનોને ભાવ વિભોર અને ધર્મમાં પ્રભાવિત બનાવી દીધા. વિવિધ બાળકોની તથા પૂજ્ય મહારાજ સાહેબની અઠ્ઠાઇ નિમિત્તે વિવિધ આરાધના નિમિત્તે સમુહ સંઘના પારણા, સાધર્મિક વાત્સલ્ય તેમજ વરઘોડાનો લાભ ઠાકરશીભાઇ ચંદુલાલ શાહના પરિવારે લઇને સંઘનો રંગ રાખ્યો છે. ''સિદ્ધિચક્ર પૂજન'' સહીત એકાદશાહિનકા મહોત્સવ નક્કિ થઇ ગયેલ છે. પાંચ પાંચ સાધર્મિક વાત્સલ્ય થયેલ છે. ''આયંબિલ ભુવન'' તથા ''ઉપાશ્રયનો'' જીર્ણોધ્ધાર કરી નવો બનાવવાનો છે. ખૂબ સુંદર રીતે આવકાર મળેલ છે. પરમ પૂજ્ય ગુરુદેવના પ્રવેશ નિમિત્તે સમગ્ર બોરસદના કતલખાના બંધ રહ્યા છે. ભાદરવા વદ દશમથી સામુદાયિક વર્ધમાન તપનાં પાયા નાંખવાના નક્કી થયેલ છે. બારસા સૂત્રની, કલ્પસુત્ર તેમજ સુપનોની બોલી રેકોર્ડ રૂપ બની છે. તેમજ અઠ્ઠાઇ અને અઠ્ઠાઇ ઉપરની તપસ્યા કરનારને ૨૨ થી ૨૫ ઠામ વાસણ, ચાંદિના વાટકા અને ચાંદિની વસ્તુઓ તેમજ ૩૦૦ રૂપીયાની ઉપર પ્રભાવના થયેલ છે. પર્યુષણ પછી સાધર્મીક વાત્સલ્યમાં અનેક યુવાનીયા આદિની મહેનતથી હા વાગે રસોડુ બંધ થઇ જતું. બુફે અંગે પૂજ્ય શ્રી ખુબજ કડક છે. જૈનશાસન મહાન પ્રભાવના રૂપ રથયાત્રાનો વરઘોડો આદિ થશે કે નહિ થાય? સવંત્સરીના દિવસે કોમવાદીનું તોફાન તથા વરસાદ પડુ કે ન પડુ તેમ થાય અહીના સમ્રાટ તીર્થંકર દેવની કૃપાથી હેમખેમ પાર પડી ગયું. અનેક બગીઓ, મોટરો, શણગારેલી રચનાઓ તેમજ બંદોબસ્ત માટે ઉતરેલો ડી.એસ.પી. તેમજ પોલીસનો કાફલો અને લાખોપતિ, કરોડપતિઓ મનમૂકીને નાચ્યા છે. રસ્તાની અંદર નવકાર મંત્રનું નૃત્યો, પૂજ્યશ્રીની આજુબાજુ જુવાનીયાનું ટોળું નાચે તેમજ નારા પોકારે આદિ નારા ખેલ જોઇ પૂજ્યશ્રી બોરસદ સંઘની ભક્તિ પ્રત્યે ખૂબ જ પ્રભાવીત બની ગયા હતા. પંદર વર્ષ પહેલા પૂજ્યશ્રીની નિશ્રામાં નાની ઉંમરે ઉપાધન કરેલા જુવાનીયા મોટા થઇ ગયા. પૂજ્યશ્રી બોરસદમાં પધાર્યા ત્યારથી સંઘમાં ખૂબ જ આનંદ મંગલ વર્તાઇ રહ્યો છે. સાધ્વી રમ્યકચંદ્રાશ્રીજી આદિ ઠાણા - ૪ તેમજ સૌમ્યગીરાશ્રીએ બહેનો આદિને ખૂબ આરાધના કરાવી છે. અગિયાર દિવસના મહોત્સવ દરરોજ સવારના પ્રભાતિયા તથા બંને દહેરાસરમાં બેન્ડ વાજાની સલામી અગિયાર દિવસ અપાઇ હતી. સિધ્ધચક્રપૂજન તથા સાધર્મિક વાત્સલ્ય સહીત ભવ્ય મહોત્સવ ઉજવાઇ ગયો. ભાતપાણીના આયંબીલ જેને કર્યા તે દરેકને સ્ટીલના વાસણ તેમજ ૨૮ રૂપીયાની પ્રભાવના થઇ છે. પોલીસો, ડી.એસ.પી., ડો. આદિના ઘરે ભગવાન ભક્તિના પ્રસાદ તરીકે મીઠાઇના બોકસ વહેંચાયા છે. આમ જૈન શાસનનો જય જયકાર વર્તાઇ ગયો છે. શાંતિનાથ જિનાલયના જીર્ણોદ્ધાર છરી પાર્લત સંઘ અંગેના ઉપાશ્રયના જીર્ણોધ્ધારની વાત ચાલી રહી છે. પૂજ્યશ્રીની અઠ્ઠાઇ તપસ્યા નિમિત્તે નવકારશી જમણ સ્થાનકવાસી, દેરાવાસી, તેરાપંથ, દિગંબર સાથે જમ્યા. નવકારશી કાશીપુરા વિશા ઓશવાલ સંઘના અમૂક ભાઇઓ તરફથી થયેલ તેમજ પૂજ્યશ્રીની તપના પ્રભાવે સકળ સંઘના પારણા ખૂબ અનુમોદનીય રૂપે બનેલ છે.

**મણિનગર જૈન સંઘના આંગણે**
**પૂ. આ. શ્રી વારિષેણસૂરીશ્વરજી મ. સા. ની પાવન નિશ્રામાં ઉજવાયેલા પંચાહિન્કા મહોત્સવ**

મણિનગર જૈન સંઘના આંગણે પૂજ્ય આચાર્ય શ્રી વારિષેણ સૂરીશ્વરજી મહારાજ સાહેબ તેમજ પંન્યાસપ્રવર શ્રી વિનયસેન વિજયજી મહારાજ સાહેબ, મુનિશ્રી વજ્રસેન વિજયજી મહારાજ સાહેબ, મુનિશ્રી વલ્લભસેના વિ. મહારાજ સાહેબ, મુનિશ્રી વિરાગસેન વિજય મહારાજ સાહેબ સૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના સાધ્વીવર્યાશ્રી કિર્તીપૂર્ણાશ્રીજીની શુભ પાવન નિશ્રામાં શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસર રેલ્વે સ્ટેશન સામે મણિનગરે શ્રી નેમિનાથ પ્રભુનાં જન્મકલ્યાણક પૂ. આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૪૨મી પૂણ્યતિથિ તથા આમનવાળા સ્વ. બાબુભાઇ નાગરદાસ શાહ તથા તેમના ધર્મપત્ની સ્વ. ડાહીબેન બાબુભાઇના આત્મશ્રેયાર્થે શ્રી સિધ્ધચક્ર મહાપૂજન સહિત પંચાહિન્કા મહોત્સવ શ્રાવણ સુદ ૧ બુધવાર તા. ૩૦-૭-૨૦૦૩ થી શ્રાવણ સુદ ૬ રવિવાર તા. ૩-૮-૨૦૦૩નાં વિશાળ શ્રાવક શ્રાવિકાઓ અને જૈનેતરોની હાજરીમાં સંપન્ન થયો

પૂજ્યશ્રીના ચાતુર્માસ પ્રવેશ થતા જ ૨૩૦ સમુહ આયંબીલ સાંકળી અઠ્ઠમ આયંબિલ પ્રારંભ પ્રાતઃ ભકતામર પાઠ દ્વારા પ્રભુભક્તિ શ્રી ભગવતી સુત્ર, વીરભાણ, ઉદયભાણ ચારિત્રના પ્રવચનો ચૌમાસી ૧૪નાં ૮૦ પૌષધ પ્રભુમિલન, સંધ્યાભક્તિ, સરસ્વતી પૂજન સૌભાગ્ય સુંદરત્ ૧૨૫ બાળકોનાં જ૫ આગમનો આરાધન ની હેલી વર્ષા રહી છે.

**અમદાવાદ મધ્યે મહાસુખનગરે શાસન પ્રભાવના :-**

પૂ. ૐકારતીર્થ સ્થાપક, સૂરિમંત્રઆરાધક આ. શ્રી પુણ્યાનંદ સૂરિજી મ., પં. મહાસેન વિ. મ., સાધ્વી આત્મપ્રભાશ્રીજી, સા. સરસ્વતી શ્રીજી મ. આદિની પાવન નિશ્રામાં સુંદર શાસનના કાર્યો થઇ રહ્યા છે.

અ.સુ. ૩ ચોમાસા પ્રવેશ, ૨૦ રૂા. સંઘ પૂજન. ૧૫૦ મંગલ આયંબિલ, ૧૮ રૂા. પ્રભાવના

અ.સુ. ૧૨ સ્વ. આ. શ્રી સ્થૂલભદ્ર સૂ. મ.ના ગુણાનુંવાદ - સમૂહસામાયિક ૨૦ રૂા. પ્રભાવના. રત્નત્રયી ઉત્સવમહાપૂજન સહ.

અ. વ. ૨ ધર્મરત્ન પ્રકરણ, ભીમસેનચરિત્રના ગ્રંથના વાંચનનો પ્રારંભ, શ્રી ૐકાર લબ્ધિતપ - ૩૫ દિનનો, પંચપરમેષ્ઠીની આરાધના પ્રારંભ ૬૧ ભાવિકો જોડાયા, ૨૨, એકા.,૨ આયંબિલ, પારણા કરાવવાનો લાભ ભાગ્યશાળીઓએ લીધો.

શ્રા. સુ. ૫ પૂ. દાદાગુરૂદેવ લબ્ધિ સૂ. મ. પુણ્યતિથિ નિમિત્ત ગુણાનુવાદ, મહાપૂજન, સમૂહ સામાયિક - ૨૦ રૂા. પ્રભાવના.

શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુના સમૂહ અઠ્ઠમની આરાધના - ૧૨૦ ભાવિકો જોડાયા. ૧૦૮ રૂા. પ્રભાવના. ઉત્તરપારણા - પારણા શ્રી કાંકરેજી વીશ શ્રીમાળી સમાજ પરિવારે લીધો.

શ્રા. સુ. ૧૪ સાધ્વી વિરાગનંદિતાશ્રીને ૩૧ ઉપવાસ પૂર્ણાહુતિ, સંસારી પરિવાર તરફથી ગુરૂદેવના પગલા, સાકરના પડાની પ્રભાવના. સજી -આંગી આદિ,

શ્રા. વ. ૨ સાધ્વી પુનિતરસાશ્રી, સાધ્વી પ્રશમરસાશ્રીને માસક્ષમણ તપની પૂર્ણાહુતિ, સંસારી પરિવાર તરફથી સાકરની પ્રભાવના. સજી-આંગી.

શ્રી સંઘ તરફથી તપની અનુમોદનાર્થે શ્રી ભકતામર મહાપૂજન, આંગી.

શ્રા. વ. ૭ ના સાધ્વી ચિત્તપ્રજ્ઞાશ્રીના ૫૦૦ આયંબિલ એકાંતરા પૂર્ણાહુતિ નિમિત્ત ગુરૂદેવશ્રીના પગલા, ૨ રૂા. સંઘ પૂજન તથા શ્રી ૐકાર લબ્ધિતપના તપસ્વીઓને પારણાનો લાભ તેઓશ્રીના ગુરૂભકત પરિવારે અનુમોદનીય લીધેલ.

શ્રા. વ. ૧૦ સાધ્વીજી કમલપ્રભાશ્રીના શિષ્યાને ૮૯મી ઓળી પૂર્ણાહુતિ નિમિત્ત ગુરૂદેવશ્રીના પગલા, સંઘપૂજન આદિ ઠાઠથી થયેલ.

દર ૨ વેવારે જાહેર પ્રવચન તથા બાલક-બાલિકાઓની સામાયિક શિબિર વિશિષ્ઠ સંસ્કારદાન દ્વારા પૂર્ણ થયેલ. સંખ્યા ૧૮૦ હતી.

શ્રી સંઘમાં પર્યુષણ પર્વની ઉજવણી ઉલ્લાસભેર થઈ.

**મુંબઈ - ચંદનબાળા :-**

અત્રે શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ આરાધના ભવન મધ્યે ૫ પૂજ્ય સૌમ્ય મૂર્તિ નૂતન ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રી હેમભૂષણ સૂરીશ્વરજી મ. સાહેબ ચાતુર્માસ બીરાજમાન છે. પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ચાતુમાર્સની આરાધના ખૂબ સરળ પ્રમાણમાં થવા પામી. પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના પણ ખૂબ સુંદર થવા પામી. આ નિમિત્તે ભા. સુ. ૧૨ થી અષ્ટાન્હિકા મહોત્સવ પંદરછોડના ઉદ્યાપન સહ શ્રી પીસ્તાલીસ આગમના પૂજનના રચના સહિત બે દિવસ તેમજ અઢાર અભિષેક, શાંતિ સ્નાત્ર યુકત ભવ્ય જિન ભક્તિ મહોત્સવ શ્રી સંઘ તરફથી ભવ્ય રીતે ઉજવાયો. દરરોજ પરમાત્માને ભવ્ય આંગરચના, ફળ-નૈવેદના અનુપમ ગોઠવણી, પ્રભાવના વગેરે સુંદર રીતે થતું હતું. જીવદયાની ટીપ ખૂબ સુંદર થવા પામી. વિધિ વિધાન જામનગરવાળા સુશ્રાધ્ધવર્ય શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ. સંગીતમાં સમીરભાઈ પત્રાવારા તેમજ પોપટલાલ ભોજક આદિએ સુંદર જમાવટ કરી હતી.

**દાવણગેરે (કર્ણાટક) :**

અત્રે પૂ. સા. શ્રી નિર્મલગુણાશ્રીજી મ. ઠા. ૯ની નિશ્રામાં શાહ મણિલાલ મીતાલાલજી તરફથી માતુશ્રી ખૂમીબાઈ મીતાલાલજી તથા પોતાના સુકૃતની અનુમોદનાર્થે તથા પોતાના ધર્મ પત્ની શ્રીમતી ફુલવેલીબેન મણિલાલના આત્માશ્રેયાર્થે શ્રી શાંતિ સ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ આ. સુ. ૧૦ થી આ. સુ. ૨ ભવ્ય રીતે ઉજવાયો. આ. વ. ૧ શનિવારના સાધર્મિક વાત્સલ્ય રાખ્યું હતું.

**ભોરોલતીર્થે ઉપધાન :-**

અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયકીર્તિયશ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઉપધાન ચંચલબેન તારાચંદ વોહાર પરિવાર તરફથી નક્કી થયા છે. મુહર્ત (૧) મૂળ વિધિ દ્વારા ઉપધારાણ કરનારા માટે મા. સુ. ૧૦ બુધવાર (૨) પ્રથમ પ્રવેશ મા. સુ. ૧૮ રવિવાર, (૩) દ્વિતિય પ્રવેશ મા. વ. ૧ મંગળવાર (૪) માળા રોપણ તપ ઉદ્યાપન યાત્રા મ. સુ. ૪ રવિવાર (૫) માળારોપણ સમારોહ મા. સુ. ૫ સોમવાર

**મુલુંડ વેસ્ટ :- સર્વોદય નગર**

અત્રે પૂ. આ. શ્રી વિજય લલિતશેખર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂરીશ્વરજી મ. ના ૫૦ વર્ષના દીક્ષા પર્યાય નિમિત્તે તથા પર્યુષણ મહા પર્વની આરાધનાના ઉદ્યાપન નિમિત્તે ભાદરવા વદ તથા વદ ૧૧ સુધી શ્રી સિધ્ધચક્ર મહાપૂજન, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, ૫૬ દિક્કુમારી મહોત્સવ, શાંતિ સ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ યોજાયો. લાભ લેનાર - પ્રથમ દિવસ શ્રીમતી મધુબેન નથુભાઈ ગોસરાણી, બિજા દિવસે શ્રીમતી જયાબેન રમણીકલાલ પદમશી, ત્રીજે દિવસ એક સદગ્રહસ્થ હ. હિમાંશુભાઈ ચોથો દિવસ કસ્તુરબેન કેશવજી, પાંચમો દિવસ શ્રીમાન હિરજી રાયશીભાઈ.

**શ્રી લક્ષ્મેશ્વરનગરમાં શ્રી પર્યુષણ પર્વની આરાધના :-**

પૂ. પા. શ્રી લબ્ધિજીવન તિલક સૂરીશ્વરજી પટ્ટાલંકાર પૂ.

આ. શ્રી વિજય અશોકરત્ન સૂ. મ. અને પૂ. આ. શ્રી અમરસેન સૂ. મ. તથા પૂ. સા. શ્રી જીતેન્દ્રશ્રીજી મ.ની નિશ્રામાં શ્રી પર્યુષણ પર્વની આરાધના ઉલ્લાસથી થઇ હતી. પહેલા ત્રણ દિવસ પૂજા આદિ અને નવ દિવસ પ્રભુજીની સુંદર આંગી બનાવી હતી.

પર્વના વ્યાખ્યાનો પૂ. આ. શ્રી અમરસેન સૂ. મ. એ અને બારસાસૂત્ર નું પૂ. આ. શ્રી અને શ્રી અજિતસેન વિ. મ. એ વાંચન કર્યું હતું. શ્રી કલ્પસૂત્ર શ્રી વિરભગવાનનું પારણુ ઘેર લઇ જવાનું વર ઘોડો ચડયો હતો. રાત્રિ જોગો પ્રભાવના થઇ હતી. સૂત્ર વાંચન સમયે પાંચ જ્ઞાન પૂજા થઇ હતી. વીર જન્મ વાંચન સમયે સ્વપ્ના - પારણા આદિ અને બાર માસના સાધારણના ચડાવા થયા હતા. શ્રી બારસાસૂત્ર વહોરાવવાના પાંચ જ્ઞાન પૂજાના અને ગુરૂપૂજનનો ચડાવો થયો હતો.

શ્રી સંવત્સરી પ્રતિક્રમણ સમયે બહાર ગામથી જનતા પણ આવી હતી.

સાધ્વીજી શ્રી મલયકીર્તિશ્રીજી મ. ને વ. તપની ૧૦૦ મી ઓળી ચાલુ છે અન્ય સાધ્વીજી મ. ને વીસ સ્થાનક તપ અને વર્ધમાન તપની ઓળી ચાલુ છે.

શ્રી સંઘમાં માસક્ષમણ ૩, બૃહત્ શંખેશ્વર તપ, ૩૦ અઠાઇ, ૨૫ અન્ય અઠમ છઠ સંવત્સરિના દિવસે ૧૪૦ ઉપવાસ થયા હતા. અત્રે જૈનોનાં ૨૦ ઘર છે.

ભા. સુ. ૫ ના શ્રી સકલ સંઘના પારણા અને બે સ્વામી વાત્સલ્ય થયું હતું. પર્યુષણ પછી જૈનતરો માટે અનુકંપા દાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

શ્રી સંઘમાં થયેલી તપશ્ચર્યા નિમિત્તે સાધ્વીજી મ. ની ૧૦૦મી ઓળી અને નાકોડા ભૈરવજી અને શ્રી પદ્માવતી માતાજીની આ. સુ. ૭ ના પ્રતિષ્ઠા નિમિત્તે શ્રી શાંતિ સ્નાત્ર સાથ મહોત્સવ થવાનો છે. આયંબિલની ઓળી અને પારણા -પ્રભાવના પણ થશે. સાધ્વી જી મ. ની ૧૦૦મી ઓળીનું પારણા આ. વ. ૧ ના થશે તે નિમિત્તે વદ ૨ ના શ્રી ઉવસગ્ગહરં પૂજન અને સ્વામી વાત્સલ્ય થશે. પૂ. આચાર્ય મહારાજને શ્રી હોસ્પેટ, હિરીયુર અને સીકંદરાબાદ જૈન સંઘે આગામી ચોમાસાની વિનંતી કરી હતી. પૂ. ગુરૂ મહારાજને હોસ્પેટ હિરીયુર કોટ્ટુર ગદગ હુબલી તુમકુટ હાવેરી દાવણગિરિ આદિ પચ્ચીસેક ગામથી જૈન સંઘોને પધારી ગુરૂ સંઘ પૂજન કરી આપને અપને ગામ પધારવા વિનંતી કરી હતી. શ્રી સંઘ સર્વ આવનાર સંઘની ઉલ્લાસવન ભક્તિ કરી રહ્યા છે.

**ભેટ મળશે**

નિલક તરણી વાર્તા સંગ્રહ બૂક ૨૦૦ પેજની ચાર રૂા. નો એમ. ઓ. કરીને તુરતજ ભેળ મેળવો.

પત્તા : ઉમિયાનંદ પ્રકાશન જૈન, જૈન ટેમ્પલ સ્ટેશન સામે, મણીનગર, અમાદાવાદ - ૩૮૦૦૦૮.

**જામનગર :**

ઓશવાળ કોલોનિ : અત્રે પૂ. પં. શ્રી વજસેન વિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણની આરાધના તથા નવપદ ઓળીનું આરાધના નિમિત્તે આ. સુ. ૭ થી આ. સુ. ૧૫ સુધી શ્રી સિધ્ધચક્ર મહાપૂજન આદિ સહિત નવાહિનકા મહોત્સવ યોજાયો. સુદ ૭ શ્રીમતી રૂપાબેન નરશી પોપટ મારૂ તરફથી પંચ કલ્યાણક પૂજા, સુદ પરેશ ફુલચંદ ગોસરાણી તથા ચંદ્રીકા દીપક મારૂની અઠ ઈ નિમિત્તે પાનીબેન આણંદ મારૂ તથા વાલીબેન દેવશી તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, સુદ ૯ લખમશી રાયચંદ તરફથી અંતરાય કર્મ નિવારણ પૂજા, ૨ સુદ પંચપરમેષ્ઠી વંદન. સુદ ૧૧ રૂશીલાબેન શાંતિલાલ જુઠાલાલ ગુઢકા તરફથી હ. ભાનુબેન મગનલાલ વેદનીય કર્મ નિવારણ પૂજા, સુદ ૧૫ ધર્મવિદના, સુદ ૧૩ ઓળીના તપસ્વીઓ તરફથી નવપદની પૂજા, સુદ ૧૪ સોમચંદ વીરપાર તથા વેલજી વીરપાર ચંદરીયા તરફથી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, સુદ ૧૫ શ્રીમતી રૂપાબેન નરશી પોપટ મારૂ તરફથી શ્રી સિધ્ધચક્ર મહાપૂજન. વિધિ માટે શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ તથા પૂજા ભક્તિ માટે વિક્રમભાઇ સંગીત મંડળ પધારેલ.

**શાસનપ્રભાવના :**

પૂના કેમ્પ મધ્યે પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ., પૂ. મુ. પુનયધન વિ. મ. અ. સુ. ૧૦ ના ભવ્ય પ્રવેશ થયો હતો. ૧૦ રૂા. નું સંઘ પૂજન, નાળિયેરની પ્રભા. બપોરે પૂજા, ભવ્ય અંગરચના. અ. વ. ૨ થી ૨ ગ્રંથ વાંચવાની શરૂઆત થઇ હતી. રોજ વ્યાખ્યાનમાં ઘણી સારી સંખ્યામાં લોકો લાભ લઇ રહ્યા છે. રોજ વ્યાખ્યાનમાં સંઘ પૂજનો થાય છે. સંઘમાં સામુદાયિક ચતુર્વિધ સંઘ તપમાં ૬૦ જણા જોડાયા હતા. ત્યાર પછી શ્રી ગૌતમકમલ તપમાં ૪૫ જણા જોડાયા હતા. બધા બેસણા અહિં થતાં હતાં. અ. વ. ૧૪ ના પૂ. ગચ્છાધિપતિ શ્રીજીની તિથિ નિમિત્તે ૯૬ વર્ષના ૯૬ આયંબિલ, આ. ના ૩૬ ગુણને આવરી લેતી ૩૬ ભગવાનને આંગી પૂના શહેરના બધા દેરાસરોમાં આંગી, ગુણાનુવાદ. ૨૭ રૂા. નું સંઘ પૂજન, પૂજા, શ્રા. સુ. ૪+૫ના શ્રી વિસસ્થાનક મહાપૂજન થયેલ. શ્રા. સુ. ૧૨ ના પૂ. પન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદ વિ. મ. ની તિથિ નિમિત્તે રચના, ફુલનો શણગાર, ૪૫ આગમના છોડ, ફળનૈવેધની ગોઠવણ સાથે ૪૫ આગમની મહાપૂજા થયેલ. ૪૫ આગમનો તપ થયેલ, શ્રા.મુ. ૧૩ના સ્વામી વાત્સલ્ય સાથે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન થયેલ. ૨ રવિવારે જાહેર પ્રવચનો, શ્રા. વ. ૧૨ થી ૪ સુધી પર્યુષણ મહાપર્વની ઉજવણી ભવ્ય થયેલ, દેવદ્રવ્યની ઉપજ જોરદાર થયેલ. પાંચમના એક ઉપવાસ વાળા તથા તેની ઉપરની બધી તપશ્ચર્યાના પારણા થયેલ. ભવ્ય ચૈત્ર પરિપાટી, નવકારશી, સ્વામી વાત્સલ્ય વિ. થયેલ. ખૂબ જ સારી સંખ્યામાં લોકો લાભ લઇ રહ્યા છે.

[illegible] ભગવાન મહાવીરના જીવ રાજગૃહ નગરના રાજા વિશ્વનંદીના [illegible] પુત્રના રૂપમાં ઉત્પન્ન થયા. નામ [illegible] આપ્યું 'વિશ્વભૂતિ'. એક વાર વિશ્વભૂતિ રાજકીય ઉદ્યાનમાં પોતાની રાણીઓની સાથે વન ક્રીડા કરી રહ્યો હતો. ત્યારે [illegible] કાકાના દીકરા ભાઈ વિશાખાનન્દી [illegible] આવી પહોંચ્યા.







વિશાખાનન્દી આ અપમાનથી [illegible] વિશ્વભૂતિને ઉદ્યાનમાંથી [illegible]

વિશ્વભૂતિ [illegible] પાછા ફરી ઉદ્યાનમાં [illegible] જાણવા મળ્યું કે ત્યાં કુમાર વિશાખાનન્દી ક્રીડા કરી રહ્યા છે. એમણે ગુસ્સામાં આવી પાસેના [illegible] પર જોરદાર [illegible] મારી. વૃક્ષના ફળ ખરી ને પડી ગયા. [illegible]







પરન્તુ [illegible] વિશ્વભૂતિનું હૃદય પોતાના ભાઈ વિશાખાનન્દીની સાથે [illegible] માટે તૈયાર નથી થતું.

વિશ્વભૂતિ સંસાર ત્યાગીને "સંભૂતિ" [illegible] પાસે [illegible] દીક્ષા [illegible] તપસ્યા કરવા લાગ્યા.

# પરિમલ

- પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

- આજે મોટાભાગને દાન ઝેર જેવું લાગે છે કમાવું તે અમૃત જેવું લાગે છે.
- સમજ કોનું નામ? શકિત મુજબ કરવાનું મન થયા વગર રહે નહિં. શકિત મુજબ ન થાય તો દુઃખ થયા કરે.
- ધર્મ એક એવી ચીજ છે જે વર્તન માગે છે. સમજ આચરણાવાળી ન હોય તો કામ શું આવે?
- સાધુના દલાલ તેનુ નામ શ્રાવક!
- સંસારની કોઈપણ ચીજની લાલચ ભૂંડી છે, તેવી લાલચમાંથી બધા પાપ આવે.
- સંઘને સમાધિ આપવી એટલે સંઘને સન્માર્ગમાં સ્થિર કરવો, ઉન્માર્ગથી બચાવવો, આપત્તિ આવે તો વેઠતાં શીખવું, સુખની આશા રાખવી નહિં અને પરસ્પરને મોક્ષ માર્ગમાં સહાય કરવી.
- દુનિયામાં આગળ વધવા પાપ કરવું તે આપણા આત્માને હાથે કરીને ઘાત કરવા જેવું છે.
- ઘરને પાપ માને તે ભગવાનનો ભગત! ઘરમાં મજેથી રહે તે ભગવાનનો ભગત નથી.
- ધન અને ભોગ ભૂંડા જ છે. તેની પ્રશંસા કરે તે સાધુ, સાધુ નહિં.
- કોઈનો પ્રેમ આપણે જોઈતો નથી. બધાનું સારૂ થાય તેટલું કરવું છે. કોઈ સારુ કરે કે ભૂંડુ તેની દરકાર નથી.
- સંસારના સુખનો રસ જ જીવને ધર્મ નથી ક-વા દેતો, ધર્મ નથી પામવા દેતો.
- અમે પણ આજ્ઞાથી આડાઅવળા ચાલીશું તા અમારા પણ બાર વાગી જવાના છે. કર્મ અમને કે તમને ય છોડશે નહિં.
- સુખને ભૂંડું સમજો, દુઃખને આશીર્વાદરૂપ સમજો, દુઃખ આપણા પાપને ધોવા આવે છે, સુખ આપણા પૂણ્યને લૂંટવા આવે છે.
- દુઃખમાં દિલગિરિ થાય, સુખમાં આનંદ આવે તો આત્મા ડુબી જશે.
- શાસ્ત્ર પર રતિ થાય તો દુર્ગતિ ન આપે, પણ દુનિયાના પદાર્થો પર રતિ થાય તો તે મૂઓ જ છે.
- દુનિયામાં ડિગ્રી પામવા ભણો- ભણાવો છો તેમ તમે આ બધું બરાબર સમજ્યા હોત, ધર્મ કર્યા હોત તો આજે સાધુ હોત અને સાધુ સંસ્થાની ઝલક ઓર હોત!
- દુઃખ પાપના ઉદયથી આવે અને પાપ કરવાથી દુઃખ જ મળે , આવી શ્રદ્ધા કેટલામાં જોવા મળે ? આવી શ્રદ્ધા હોય, તો પાપ કરતાં કંપારી પેદા ન થાય શું ? અને દુઃખ આવે, ત્યારે પોતાના ગુનાની જ સજા મળી, એમ ન થાય શું?
- જેને મરતાં મરતાં મૂકીને જ જવાનું છે, એને જીવતા જીવતા સહર્ષ સમજણ પૂર્વક છોડી દે, એ જૈન શાસનનો સાધુ ગણાય.

જૈનશાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.